
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૨)


વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી


ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧૩-૨૮ શ્લોક ૫-૨૪) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૩૩-૬૮)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૨)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૧૩ થી ૨૮, શ્લોક-૫ થી ૨૪,
પ્રવચન-૩૩ થી ૬૮)

પ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૪ | ૨૫૪૪ | ૨૦૧૮ |


**પ્રકાશન તિથિ**


ભાદરવા વદ-૧, તા.૨૫-૯-૨૦૧૮, મંગળવાર
ક્ષમાવણી પર્વ

**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | સ્વ. અંજુબેન માણેકલાલ શાહ (ડેલીવાળા)<br>હ. શ્રીમતી નૈનાબેન હર્ષદભાઈ શાહ (ડેલીવાળા), મુલુંડ, મુંબઈ |
| ૧૧,૦૦૦/- | શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા, રાજકોટ<br>શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ |
| ૯૦૦૦/- | નલિનભાઈ રતિભાઈ ઘીયા |
| ૯૦૦૦/- | કલાબેન નલિનભાઈ ઘીયા |
| ૯૦૦૦/- | નિમિષ નલિનભાઈ ઘીયા |
| ૯૦૦૦/- | પૂર્વિ નિમિષ ઘીયા |
| ૯૦૦૦/- | અવનિ નિમિષ ઘીયા |
| ૯૦૦૦/- | પ્રાચી નિમિષ ઘીયા |

ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ




# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૬ પ્રવચનનાં
સંકલનરૂપ આ ‘ભાગવત શાસ્ત્ર’ ભાગ–૨ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૧૩ થી ૨૮ ગાથા તથા તેના ૫ થી ૨૪ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૩૩ થી ૬૮ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૨માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી.

ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન–દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી  એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ ‘શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર’નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦30માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ‘‘સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.’’ ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે ‘..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.’ ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં–વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૩ | ૦૨–૦૧–૧૯૭૬ | શ્લોક–૫, ૬ | ૦૦૧ |
| ૩૪ | ૦૩–૦૧–૧૯૭૬ | શ્લોક–૬ | ૦૧૩ |
| ૩૫ | ૦૪–૦૧–૧૯૭૬ | શ્લોક–૬ | ૦૨૪ |
| ૩૬ | ૦૫–૦૧–૧૯૭૬ | શ્લોક–૬, ૭, ગાથા–૧૩ | ૦૩૮ |
| ૩૭ | ૦૬–૦૧–૧૯૭૬ | ગાથા–૧૩ | ૦૫૦ |
| ૩૮ | ૦૭–૦૧–૧૯૭૬ | ગાથા–૧૩, શ્લોક–૮ | ૦૬૨ |
| ૩૯ | ૦૮–૦૧–૧૯૭૬ | શ્લોક–૮ | ૦૭૩ |
| ૪૦ | ૦૯–૦૧–૧૯૭૬ | શ્લોક–૮–૯ | ૦૮૩ |
| ૪૧ | ૧૦–૦૧–૧૯૭૬ | શ્લોક–૯, ૧૦ | ૦૯૬ |
| ૪૨ | ૧૧–૦૧–૧૯૭૬ | શ્લોક–૧૦, ગાથા–૧૪ | ૧૦૭ |
| ૪૩ | ૧૨–૦૧–૧૯૭૬ | ગાથા–૧૪ | ૧૧૮ |
| ૪૫ | ૧૪–૦૧–૧૯૭૬ | ગાથા–૧૪ | ૧૨૯ |
| ૪૬ | ૧૫–૦૧–૧૯૭૬ | ગાથા–૧૪ | ૧૪૧ |
| ૪૭ | ૧૬–૦૧–૧૯૭૬ | ગાથા–૧૪ | ૧૫૧ |
| ૪૮ | ૧૭–૦૧–૧૯૭૬ | ગાથા–૧૪ | ૧૬૩ |
| ૪૯ | ૧૮–૦૧–૧૯૭૬ | ગાથા–૧૪, શ્લોક–૧૧ | ૧૭૬ |
| ૫૦ | ૧૯–૦૧–૧૯૭૬ | શ્લોક–૧૨, ૧૩ | ૧૮૯ |
| ૫૧ | ૨૦–૦૧–૧૯૭૬ | ગાથા–૧૫ | ૨૦૨ |
| ૫૩ | ૨૨–૦૧–૧૯૭૬ | ગાથા–૧૫ | ૨૧૫ |
| ૫૪ | ૨૩–૦૧–૧૯૭૬ | ગાથા–૧૫, શ્લોક–૧૪, ૧૫ | ૨૨૬ |
| ૫૫ | ૨૪–૦૧–૧૯૭૬ | ગાથા–૧૬, શ્લોક–૧૬ | ૨૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૫૬ | ૨૫–૦૧–૧૯૭૬ | શ્લોક–૧૭, ૧૮ | ૨૫૦ |
| ૫૭ | ૨૬–૦૧–૧૯૭૬ | શ્લોક–૧૯, ગાથા–૧૭–૧૮ | ૨૬૧ |
| ૫૮ | ૨૭–૦૧–૧૯૭૬ | ગાથા–૧૭–૧૮ | ૨૭૩ |
| ૫૯ | ૨૮–૦૧–૧૯૭૬ | ગાથા–૧૭–૧૮, શ્લોક–૨૦ | ૨૮૫ |
| ૬૦ | ૨૯–૦૧–૧૯૭૬ | શ્લોક–૨૦ | ૨૯૭ |
| ૬૧ | ૩૦–૦૧–૧૯૭૬ | શ્લોક–૨૦, ગાથા–૧૯ | ૩૦૯ |
| ૬૨ | ૩૧–૦૧–૧૯૭૬ | ગાથા–૧૯ થી ૨૨, શ્લોક–૨૧ | ૩૨૨ |
| ૬૩ | ૦૧–૦૨–૧૯૭૬ | ગાથા–૨૦ થી ૨૨ | ૩૩૩ |
| ૬૪ | ૦૨–૦૨–૧૯૭૬ | શ્લોક–૨૨, ગાથા–૨૩ થી ૨૫ | ૩૪૫ |
| ૬૫ | ૦૩–૦૨–૧૯૭૬ | ગાથા–૨૩ થી ૨૫ | ૩૫૭ |
| ૬૬ | ૦૪–૦૨–૧૯૭૬ | ગાથા–૨૩ થી ૨૫ | ૩૬૮ |
| ૬૭ | ૦૫–૦૨–૧૯૭૬ | ગાથા–૨૩ થી ૨૬, શ્લોક–૨૩–૨૪ | ૩૮૦ |
| ૬૮ | ૦૬–૦૨–૧૯૭૬ | ગાથા–૨૭–૨૮ | ૩૯૩ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**પોષ સુદ-૧, શુક્રવાર, તા. ૦૨-૦૧-૧૯૭૬,**
**શ્લોક-૫, ૬,**
**પ્રવચન નં. ૩૩**

સમયસાર, જીવ-અજીવ અધિકાર, શ્લોક-૫મો છે.

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं।
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

શ્લોકાર્થ :- 'व्यवहरणनयः' 'જે વ્યવહારનય છે તે જોકે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે,...' શું કહ્યું ઈ? કે આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ એનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું. પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન... છઠ્ઠીમાં કહ્યું કે જ્ઞાયકભાવ ભૂત-ભવિષ્ય-વર્તમાન પર્યાયથી રહિત એવા ચૈતન્ય સ્વભાવનું સમ્યગ્દર્શન-અનુભવ થયો, પણ હજી પૂર્ણ ચારિત્રની કે પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ નથી. તેમાં વચમાં એ પર્યાયમાં અશુદ્ધતા કે શુદ્ધતાના અંશો એ વ્યવહારનયને જાણવું પ્રયોજનવાન છે. એટલી વાત છે.

**'આ પહેલી પદવી...'** એટલે જ્યાં સુધી પૂર્ણ પદવી થઈ નથી (અર્થાત્) કેવળજ્ઞાનાદિ પૂર્ણ દશા થઈ નથી ત્યાં સુધી... શરૂઆતમાં ચોથે ગુણસ્થાનથી વ્યવહારનય અભૂતાર્થ હોવા છતાં, વ્યવહારનય આશ્રય કરવાલાયક ન હોવા છતાં આત્માનો અનુભવ થયા પછી પણ એ વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે, છતાં તે હોય છે. તેથી, તેને જાણેલો હસ્તાવલંબ તુલ્ય-નિમિત્ત ગણીને તેને જાણવો એમ કહ્યું છે. આહા..હા..! આટલી બધી શરતું વચમાં નાખી. સમજાણું કાંઈ? વ્યવહારનય એટલે? ભેદ. વર્તમાન પર્યાય છે એ ત્રિકાળથી ભિન્નરૂપ ભેદ છે. એ ભેદ અને રાગાદિ એને જાણે તેને વ્યવહારનય કહેવામાં આવે છે. છે તો તે અસત્યાર્થ. અસત્યાર્થ એટલે? ગૌણ કરીને તે નથી એમ કહ્યું છે, છતાં સમ્યગ્દર્શન ચૈતન્યનું ભાન થયું, છતાં પૂર્ણ દશા નથી ત્યાં અશુદ્ધતાના અંશો અને શુદ્ધતાના અંશો હોય છે, તે જાણેલો પ્રયોજનવાન છે. આવી વ્યાખ્યા અને આ બધું... સમજાણું કાંઈ?

જેને આત્માનું હિત કરવું છે એની વાત છે અહીં. હિતની શરૂઆત થઈ ગઈ છે. સ્વ ચૈતન્યના આશ્રયે હિતની-સુખની દશાના પંથે પડ્યો છે એ. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં હજી અપૂર્ણતા છે, પૂર્ણ ચારિત્ર વીતરાગતાની પ્રાપ્તિ નથી, તેથી પર્યાયમાં અપૂર્ણતાના અંશો જે અશુદ્ધતાના કે શુદ્ધતાના એ હોય છે (તે) હસ્તવાલંબ નામ નિમિત્ત તરીકે વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..!

**'શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી. જેમણે...'** શુદ્ધ માર્ગનો... માર્ગ તો શરૂ થઈ ગયો છે. **'निहित-पदानां'** છે? **'જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને,...'** વસ્તુની સ્થિતિની દૃષ્ટિ થઈ ગઈ છે, પણ હજી વ્યવહારની દશા પૂર્ણ નથી એટલે કે દશા છે તો પર્યાય વ્યવહાર, પણ પૂર્ણ થાય તોપણ વ્યવહાર, પણ એ પૂર્ણ નથી અને અપૂર્ણ દશામાં વર્તે છે તેથી તેને જાણવી જોઈએ. જાણવા જોઈએ એટલું પ્રયોજનવાન કીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે,...'** કહ્યું ને? અરેરે! **'हन्त'**ની વ્યાખ્યા એ કરી. ખેદ છે. આહા..હા..! જેમ માણસ નીસરણીએ ચડે. ચડે છે પોતાના ઓલાથી, પણ કઠોડો હોય છે ત્યાં હાથ મૂકે છે હસ્તાવલંબ-નિમિત્ત તરીકે. સમજાણું કાંઈ? એમ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યને આશ્રયે ચડે છે આગળ, પણ અપૂર્ણતા છે તેથી તેના પર્યાયોના ભેદોને હસ્તાવલંબ -નિમિત્ત તરીકે કહીને વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ નય નિશ્ચય અને વ્યવહારના મોટા ઝઘડા.

**'હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે,...'** પણ ખેદ છે કહે છે. આહા..હા..! પરમ અધ્યાત્મ તરંગિણીમાં તો ..નો એવો અર્થ કર્યો છે. આ ખેદનો. અમારું ચાલે તો વ્યવહારનો આશ્રય.. પણ શું થાય? વચ્ચે એ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. નહિતર તો વ્યવહાર ઉપર ઝાંક કરીને પણ જોઈએ નહિ અમે. કેમકે વ્યવહાર તો અભૂતાર્થ કહ્યો છે ભગવાન કુંદકુંદાચાર્યે.

ત્રિકાળની અપેક્ષાએ હોં! સમજાણું કાંઈ? પણ આવ્યા વિના રહેતો નથી વચમાં, અપૂર્ણતા છે ને. કળશટીકાકારે અજ્ઞાની લીધો છે શરૂઆતમાં આના અર્થમાં. મૂળ તો ચોથેથી શરૂઆત છે. બારમાનો મેળ છે ને.

સમ્યગ્દર્શન થવા પહેલાં જે વ્યવહાર હોય એ વાત કરી એ વ્યવહાર નથી યથાર્થ. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શન સીધું નિમિત્તની અને રાગની અને પર્યાયની અપેક્ષા રાખ્યા વિના એ પર્યાય સીધો દ્રવ્યનો આશ્રય કરે છે, એને વ્યવહાર હોય તો નિશ્ચય થયો એમ નથી. એ સીધો એ આત્માનો આશ્રય કરે છે. એ આશ્રય કર્યો છતાં પર્યાયમાં-અવસ્થામાં પૂર્ણતા નથી, તેથી અપૂર્ણતા અને રાગનો ભાગ થયા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? આ બધું શું હશે આવું?

**શ્રોતા :-** ગુરુ વગર કેવી રીતે..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્મા ગુરુ વિના આત્મા જાણે છે સીધો, એ વાત એમ કહે છે. એ ગુરુ અને ગુરુએ કહેલું જે જ્ઞાન એને જે જાણે એનો પણ આશ્રય સમ્યગ્દર્શન માટે નથી. આવી વાત છે. ગુરુ તો નથી, પણ ગુરુએ કહ્યું અને એને સાંભળીને જ્ઞાન થયું એને પોતાની પર્યાયમાં પરલક્ષી, એ જ્ઞાન પણ સમ્યગ્દર્શનના આશ્રય માટે કામ નથી. આહા..હા..!

**શ્રોતા :-** દેશનાલબ્ધિ નિરર્થક થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો, પણ એને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. દેશનાલબ્ધિ પરલક્ષી જ્ઞાન છે અને સ્વલક્ષી જ્ઞાન કરવા માટે જ્ઞાયકમાત્રનો આશ્રય લેતા સ્વલક્ષી જ્ઞાન થાય. આવી વાત છે. આહા..હા..! સત્યની શરૂઆત જ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? તેથી જ ત્યાં કહ્યું ને?

છઠ્ઠી ગાથામાં એમ કહ્યું '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. ભગવાન આત્મા જે દૃષ્ટિનો વિષય અથવા નિશ્ચયનયનો વિષય કહો, એમાં નથી પ્રમત્ત પર્યાય, નથી અપ્રમત્ત પર્યાય. આહા..હા..! એવો જે જ્ઞાયકભાવ તે આશ્રય કરવાલાયક છે અને તેને આશ્રયે એ ૧૧મીમાં ખુલાસો કર્યો. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. સમ્યગ્દૃષ્ટિ નિમિત્તથી થયેલું જ્ઞાન, ઉપાદાન પોતાનું શુદ્ધ ઉપાદાન, એનાથી કે પર્યાયના આશ્રયથી સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**भूदत्थमस्सिदो खलु**' આ મહાસિદ્ધાંત આખો. ત્રિકાળી ભૂતાર્થ સત્યાર્થ વસ્તુ એને આશ્રયે... ભલે પર્યાય આશ્રય લે પણ જે ભૂતાર્થ છે તેમાં પર્યાય નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે.

અરે..! એણે ચોર્યાસી લાખના અવતારમાં કદી.. કાલે નહોતું આવ્યું શબ્દ ઓલો? 'તે દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' ભગવાન દિવ્યશક્તિ અનંત આનંદ... આનંદ... આનંદ... અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા એવો આખો દિવ્ય શક્તિમાન

પ્રભુ આત્મા. એને એ જંજીર કેદમાંથી નીકળે એ કર, ભાઈ! આહા..હા..! રાગની એકતા અને પરના અવલંબે આત્માનું જ્ઞાન થાય એ બધું કેદ છે. આહા..હા..! દિવ્ય શક્તિમાન! પ્રભુ અંદર દિવ્ય શક્તિમાન. આહા..હા..! ચૈતન્યના તેજથી દિવ્યપણે જે બિરાજે છે પ્રભુ પોતે. આહા..હા..! જુઓને, શ્રીમદ્દે ૧૬ વર્ષે કહ્યું. દિવ્ય શક્તિમાન. ભગવાનની આત્માની શક્તિ, ભગવાન એટલે આ. જેની દિવ્યશક્તિ છે. આહા..હા..! પ્રધાન સામર્થ્ય છે, ઉત્કૃષ્ટ સામર્થ્ય છે. આહા..હા..! એકલા સામર્થ્યનું બળ અને દળ જ છે એ તો. આહા..હા..! પણ એને વિશ્વાસમાં ન લીધો એટલે એને માટે નથી. સમજાણું કાંઈ? એવું દિવ્યશક્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જેણે પ્રતીતમાં-વિશ્વાસમાં આશ્રય લઈને લીધો એને એ દિવ્ય શક્તિમાન છે. સમજાણું કાંઈ? આહા..! આવી વાત છે.

લ્યો, આ ત્રિભુવનભાઈએ નહોતો પ્રશ્ન કર્યો? ખબર છે? કારણપરમાત્મા કેમ કહો છો તમે? એમ કહે. એમ કે કારણ હોય તો કાર્ય આવવું જોઈએ. આ બેઠા અત્યારે, લ્યો. આત્માને કારણપરમાત્મા કહો છો તો કારણ છે તો કાર્ય આવવું જોઈએ. ભાઈએ પ્રશ્ન કર્યો હતો. કારણપરમાત્મા કહો, જ્ઞાયકભાવ કહો, ધ્રુવભાવ કહો, ભૂતાર્થભાવ કહો. એને કારણ ભગવાન કીધો તો કારણ તો કાર્ય લાવે જ તે, પણ કોને? જેણે કારણ ભગવાનને માન્યો એને. સમજાણું કાંઈ? કારણ તો કારણ વસ્તુ છે જ ત્રિકાળ જ્ઞાયક પ્રભુ ધ્રુવ. દિવ્ય શક્તિનો પિંડ પ્રભુ, દિવ્ય શક્તિનો પુરુષ પોતે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યના નૂરના તેજના પૂરથી ભરેલો ભગવાન છે, પ્રકાશમય છે. આવ્યું હતું ને. આહા..! સમજાણું કાંઈ? પણ કોને? માન્યતામાં અથવા જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે પર્યાયમાં જણાણો, જ્ઞાયક ત્રિકાળ એક પર્યાય જ્ઞાયકમાં ભળ્યા વિના પર્યાય પર્યાયમાં રહીને પર્યાયમાં જ્ઞાયકની પ્રતીત થઈ એને જ્ઞાયક છે. ડાહ્યાભાઈ! છે? આહા..હા..! ઓહો..હો..!

એમાં એમ કહ્યું ને છઠ્ઠીમાં? કે શુદ્ધ ઈ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? છઠ્ઠી ગાથાનો ઉપોદ્ઘાત. એ તે શુદ્ધ કોણ છે કે જેના સ્વરૂપને જાણવું જોઈએ? એમ કહ્યું છે. એ શુદ્ધ એ છે કે જેમાં પ્રમત્ત અને અપ્રમત્તની પર્યાય વિનાનો એકલો જ્ઞાયકભાવ. ચૈતન્યસૂર્ય, ચૈતન્યસૂર્ય, પૂર્ણ સૂર્ય. જેમ સૂર્ય હજાર કળાએ ખીલે એ તો પર્યાયમાં ખીલે છે, આ તો અનંત કળાથી ખીલેલી શક્તિ પડી છે અંદરથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી જે અનંત અનંત કળા અને અનંત જેની તાકાત, અનંત જેના તેજ અને અનંત જેના સામર્થ્ય અને અનંત જેનું વીર્ય, આહા..હા..! અનંત જેની શ્રદ્ધા શક્તિરૂપે, હોં! અનંત જેનો આનંદ અને અનંત જેની વીર્યતા, આહા..હા..! અનંત જેની સ્વચ્છતા, અનંત જેની ઈશ્વરતા. ઈશ્વર એકલો નહિ, અનંત જેની ઈશ્વરતા એવો જે ભગવાન આત્મા તો છે! પણ 'છે' એ જેને પ્રતીતમાં આવ્યો એને છે. ચંદુભાઈ! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

સસલાના શીંગડા નથી-ખરગોશ, તો નથી એની પ્રતીતિ પણ ક્યાંથી હોય એની. એમ આ વસ્તુ છે એ ખ્યાલમાં-પ્રતીતિમાં આવ્યા વિના છે એમ ક્યાંથી આવ્યું એને? આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! એવી વાતું ઝીણીયું છે ત્યાં. તમારે બધું ચાલ્યું અત્યાર સુધી કેટલાય ગપ્પા આડા અવળા હોય. ભાષણ કરનારા હોય તો ભાષણ કરવું જોઈએ એને તો. આ તો વાત છે હોં. એ તો બધાને માટે છે ને, એકને ક્યાં? આહા..હા..!

ભગવાન આત્મા છે તો કૃતકૃત્ય પરિપૂર્ણ અનંત-અનંત શક્તિના તેજનું પૂર છે ઈ. આહા..હા..! એમ ને એમ તો પૂર રહે છે પ્રવાહ? ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સમજાણું કાંઈ? પણ કોને? જેણે જ્ઞાનની પર્યાયમાં સ્વસન્મુખ થઈને જેનું જ્ઞાન કર્યું, 'છે' એવું જેના ખ્યાલમાં આવ્યું, 'છે આ' એની જેને પ્રતીતિ આવી એને એ છે. ચંદુભાઈ! આવી વાતું છે, ભાઈ! આહા..હા..! આ તો જન્મ-મરણ રહિતની વાતું, બાપા! આહા..હા..! એ કેટલા અડચણમાં, કેટલામાં દુઃખી થયો છે ઈ. આહા..હા..! એ કેદમાં પડ્યો. છતી ચીજ છે એ નથી, એ નથી પણ 'હું રાગ અને અલ્પ પર્યાય તેટલો હું છું' એ કેદમાં નાખી દીધો છે એણે. સમજાણું કાંઈ?

આ તો વ્યવહાર હોય છે, પણ વ્યવહાર કોને હોય છે? કે જેને આવી શક્તિનું ભાન થયું છે તેને અપૂર્ણતા અને શુદ્ધતા છે તેને વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ? કળશમાં અજ્ઞાનીને પહેલું લીધું છે. સમજાવવાનો ભેદ લીધો છે ને! ગુણ ગુણીનો સમજાવવો પડે ને. એ વિના (સમજે નહિ). 'ચેતના તે આત્મા' એટલો ભેદ પાડે છે ને વ્યવહાર, એમ. એટલે એને સમજાવવું છે અજ્ઞાનીને દ્રવ્ય-ગુણ-પર્યાય, એમ લીધું. પણ આ વધારે વાત છે. ૧૨મી ગાથાની શૈલીની આ ગાથાઓ છે ને. સમજાણું કાંઈ? અથવા ૧૩ની શરૂઆતનો ઉપોદ્ઘાત છે આ. આહા..હા..!

આ તો પ્રભુ માર્ગ એવો છે ને, આ તો ધીરાના કામ છે. આહા..હા..! એ તો ઓલો શ્લોક યાદ આવી ગયો. એક સજ્ઝાયમાં છે. આ વાંચ્યું હતું ને બધું પહેલું? સજ્ઝાયમાળા. સજ્ઝાયમાળા કીધીને? શું કીધું? હા, સજ્ઝાય. 'ધીરજ ધરને અરે.. અધીરા...' એવું આવે છે. એક સજ્ઝાય આવે છે આખી હોં મોટી. એ દુકાન ઉપર બધું વાંચતાને ત્યાં. 'ધીરજ ધરને અરે.. અધીરા' હે અધીર! પર્યાયમાં ધીરજ ધરને! અંદર ધીરજથી જો ચીજ શું છે. આહા..હા..! એ જોવાને ધીરો થા ને. સમજાણું કાંઈ? આહા..હા..! એવા જીવને—આવું ભાન થયું એને અહીં તો વ્યવહાર કહેવો છે, હોં!

'**જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય...**' એને. '**निहितपदानां**' એણે હજી વ્યવહારમાં પગ મૂક્યો છે. શુદ્ધની શરૂઆત થઈ ગઈ છે. એવા પુરુષોને ખેદ છે... ઓલા '**हन्त**' નો વ્યાખ્યા-અલંકાર કર્યું છે. અધ્યાત્મ તરંગિણીમાં, શુભચંદ્ર. જયચંદ્રજીએ '**हन्त**' કર્યું છે. ગિરજાધરલાલે '**हन्त**' એના

પક્ષમાં છે. કારણ કે વ્યવહારનયને અભૂતાર્થ કીધી છે ને? માટે ખેદ છે કે વ્યવહાર આવો લક્ષમાં આવે છે. સમજાણું કાંઈ?

**'અરેરે! હસ્તાવલંબ...'** હસ્ત-આલંબન. હાથનો જેમ ટેકો મળે એટલું. ચડે છે તો પોતાથી આમ. દાદરે ચડે, કઠોડો હોય છે ને, એ કાંઈ કઠોડો હલાવતો નથી. ફક્ત આમ હાથ અવલંબન રૂપે નિમિત્ત છે. **'એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તોપણ...'** આહા..હા..! **'चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां'** આહા..હા..! **'જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર,...'** એકલો ભગવાન ચૈતન્યચમત્કાર, પ્રકાશનો પુંજ, ચૈતન્યના પ્રકાશનો પુંજ. **'પરદ્રવ્યભાવોથી રહિત...'** પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવો અને રાગાદિ પોતામાં (થાય) એનાથી રહિત છે. આહા..હા..! **'(શુદ્ધનયના વિષયભૂત) પરમ અર્થને...'** પરમપદાર્થ ધ્રુવ પદાર્થ, જ્ઞાયકભાવ, પરમપારિણામિકભાવ એવો શુદ્ધનયનો વિષય છે ઈ. વિષય સમજાય છે ને? શુદ્ધનયનું એ ધ્યેય છે આખી ચીજ. આહા..હા..!

**'પરમ અર્થને...'** આહા..હા..! છેલ્લી ગાથામાં એમ આવ્યું ને? ૪૧૫. નહિ? 'તત્ત્વ અર્થથી જાણીને અર્થમાં જે ઠરશે.' ભાઈ! ૪૧૫. આહા..હા..! જાણે, એનો ભાવ જાણે, દ્રવ્ય જાણે, જાણે ભલે, પણ અર્થમાં જે અર્થ નામ પદાર્થ છે ત્રિકાળ એમાં ઠરશે તે મોક્ષને પ્રાપ્ત કરશે. આહા..હા..! અને પરમસુખરૂપ થશે એમ કીધું છે. પરમસુખરૂપ પરિણમશે એમ કીધું છે. છે ને? પરમસુખરૂપ થાશે (-પામશે) એમ નહિ, પરમસુખરૂપ પરિણમશે એમ કહ્યું. ૪૧૫. છે ને? **'પરમાનંદ.. ઉત્તમ છે એવા સુખરૂપ પોતે થઈ જશે.'** આહા..હા..! છે? ૪૧૫. **'તત્ત્વથી જાણીને,...'** છે? **'અર્થથી અને તત્ત્વથી...'** ચોથી લીટી છે. છે? ક્યાં છે? ચંદુભાઈને હાથ નથી આવ્યું. **'અર્થથી અને તત્ત્વથી...'** અર્થથી એટલે વસ્તુ, તત્ત્વથી એટલે એનો ભાવ. ભાવવાન અને ભાવથી **'જાણીને, તેના જ અર્થભૂત...'** અર્થ (એટલે) પદાર્થભૂત **'ભગવાન એક પૂર્ણવિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (-આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) પરમાનંદ શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા-લક્ષણવાળું છે એવા સૌખ્યરૂપ પોતે જ થઈ જશે.'** સુખને પામશે એમ નહિ. એ અર્થ નામ પદાર્થ જ્ઞાયક ધ્રુવ સ્વરૂપ, એમાં જે ઠરશે તે આનંદરૂપે પરિણમી જશે, એ આનંદરૂપે થઈ જશે. આહા..હા..!

**શ્રોતા :-** આ સમયસારનો સાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો અહીં અર્થ આવ્યો છે ને? અર્થ આવ્યો ને અર્થ? જુઓને! **'चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं'** આ તો યાદ આવતા આવતા આવી જાય અંદરથી. આ કાંઈ તૈયાર કર્યું નથી કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..! આ પોપટભાઈ હતા ને પોપટભાઈ? વઢવાણવાળા નહિ? ભગત. શું કહેવાય? ભગત નહોતા કહેવાતા. સંત

કહેવાતા. એ ચૂરમુ હોય તો ચૂરમાના લાડવા એકલા ખાય. શાક નહિ, દાળ નહિ, ભાત નહિ કાંઈ નહિ. એવી એની ટેવ હતી. પોપટભાઈ વઢવાણવાળા. ચૂરમુ હોય તો એકલું ચૂરમુ જ ખાય. દાળ નહિ, શાક નહિ, ભજીયા નહિ, પાપડ નહિ. એમ અહીં કહે છે, વ્યવહારને અડવું નહિ. અંદર ભગવાન માલ છે તેને ખાવો. વઢવાણવાળા નહોતા? ભાઈ! વઢવાણના હતા. છબીલભાઈ આવે છે, એના દીકરાના દીકરા. એ ઘણી વાર આવતા ને અહીંયાં. ત્યાં પણ ઘણી વાર આવતા. એવું હોય તો બસ, એકલું એ જ ખાય. લાપસી હોય તો એકલી લાપસી જ ખાય. વળી દાળ ને કઢી તો દરરોજ ખવાય છે ત્યાં. માલ ને પાણી, બસ! બીજું કાંઈ નહિ.

અહીં કહે છે, આહા..હા..! વસ્તુ તે વસ્તુ. પરમ-અર્થ. છે? શુદ્ધનયનો વિષય પરમ અર્થ, પરમ પદાર્થ. આહા..હા..! જેની સામું જોતાં આનંદ આવે એવો પદાર્થ છે એ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સામું જોતાં સમજો છો? સન્મુખ થતાં. '**પરમ અર્થને અંતરંગમાં અવલોકે છે,...**' જોયું! એને અંતરંગમાં અનુભવે છે. એ વસ્તુ ત્રિકાળી અર્થ છે તેને અંતરંગમાં અનુભવે છે. આહા..હા..! આ બાજુ પર્યાય તરફ ન જોતાં ત્રિકાળી જ્ઞાયકને જે અનુભવે છે, આહા..હા..! પ્રત્યક્ષ તેની શ્રદ્ધા કરે છે, અનુભવ કરીને. '**તથા તદ્રૂપ લીન થઈને ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે...**' સ્વરૂપમાં લીન થઈ વીતરાગતાને પ્રાપ્ત થાય છે, '**તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.**' વ્યવહાર કાંઈ છે નહિ પછી. આહા..હા..! એ કાંઈ નથી એટલે પછી વ્યવહાર રહેતો નથી. પહેલો વ્યવહાર હોય છે એમ કહેવું છે. એ વ્યવહાર મદદગાર કરે છે એમ અહીં નથી, હોં! હસ્તાવલંબ તરીકે કહેવામાં આવ્યો છે, પણ એ કાંઈ મદદ કરે છે એમ નથી. સમજાણું?

બનારસીદાસે તો એમ કહ્યું જે માણસ પડતો હોય ને તો હાથથી આમ ઊંચો કરે. ઊંચો તો એ એનાથી થાય છે પણ ઓલો હાથ નિમિત્ત છે, એમ ભગવાન આત્મા પૂર્ણાનંદના આશ્રયમાં પોતે જ તૈયાર છે, પણ પૂર્ણ આશ્રય ન હોય ત્યારે આવો વ્યવહાર હોય છે એ જાણવા લાયક છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! એમ છે. પણ જેને અંતરમાં ભગવાન આત્મા સચ્ચિદાનંદ ચિત્ચમત્કાર વસ્તુના જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતા થઈ ગઈ, જ્ઞાન-શ્રદ્ધા થયા પણ સ્થિરતા થઈ નથી ત્યાં સુધી વ્યવહાર વચ્ચે જાણેલો પ્રયોજનવાન છે, પણ પૂર્ણ થઈ ગયું એને પછી વ્યવહાર રહેતો નથી. આહા..હા..! 'કાંઈ પણ...' છે ને? '**વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.**' એટલે કે એને વ્યવહાર હોતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે. શરૂઆતની ગાથાઓ બહુ માખણ છે, શરૂઆતની. ૧૬, ૧૭, ૧૮.

'**ભાવાર્થ :-**' શું કીધું જોયું? '**चिच्चमत्कारमात्रं**' એકલો ચૈતન્યમાત્ર સ્વભાવ ધ્રુવ. '**परविरहितमन्तः**' આ અસ્તિ કીધી અને પરથી નાસ્તિ એવો '**परममर्थं**' એવો પરમ પદાર્થ

'अन्तः पश्यतां' અંતરથી અનુભવનારને વ્યવહાર કાંઈ નથી. સમજાણું કાંઈ? છે ને ઓલા શબ્દો? 'चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां' આહા..હા..! ચિત્‌ચમત્કારમાત્ર એમ કેમ કહ્યું? એકલો જ્ઞાનમાત્ર એટલે કે બીજી ચીજ કઈ નહિ જરીએ, એમ. 'पर-विरहितं' રાગાદિથી પણ રહિત પરમ પદાર્થ ભગવાન આત્મા. આહા..હા..! ત્રિકાળ ધ્રુવ એકરૂપ. એને 'अन्तः पश्यतां' એવી ચીજને અંતરમાં અનુભવનારને વ્યવહાર-બ્યવહાર છે નહિ. સમજાણું કાંઈ? એમાં પાછા અર્થમાં ફેર કરે છે. સમજ્યાને? એમ કે જ્યાં સુધી તરવું છે ત્યાં સુધી ન્હાવા જોઈએ, પછી તરી ગયો પછી ન્હાવાનું શું કામ છે? પણ એ 'તરવામાં કામ આવે છે' એમ કહીને વ્યવહાર કામ આવે છે એમ કોઈ કહે તો એમ નથી. સમજાણું કાંઈ? એમાં દાખલા આપે છે આમાં.

અહીંયાં તો પર્યાયમાં પૂર્ણતાનો આશ્રય જ્યાં સુધી નથી ત્યાં સુધી આશ્રય શરૂ થઈ ગયો છે અને પૂર્ણતા નથી એને આવો પર્યાયમાં વ્યવહાર હોય છે એ જાણેલો પ્રયોજનવાન છે, તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. આમ છે એનાથી આઘુપાછું કરે તો સત્ય નહિ રહે. સમજાણું કાંઈ? અને જેને એ વ્યવહાર રહ્યો નથી, અપૂર્ણતા રહી નથી અને સ્વરૂપમાં સ્થિર થઈ ગયો છે, નિર્વિકલ્પ આનંદમાં પૂર્ણ થઈ ગયો એને કાંઈ છે નહિ વ્યવહાર. એને વ્યવહાર પ્રયોજનવાન નથી એટલે કે એને વ્યવહાર હોતો નથી. સમજાણું કાંઈ? આવા અર્થમાં બહુ ફેર કરી નાખ્યો છે માણસે. આહા..હા..! અર્થમાં કાંઈના કાંઈક, કાંઈકના કાંઈક. પ્રયોજનવાન છે, વ્યવહાર કાર્યકારી છે. કાર્યકારી એટલે શું પણ? કાર્યકારી એટલે જાણવા માટે કાર્યકારી છે. આહા..હા..!

એક-એક કળશ અને એક-એક ગાથાએ ભાવ તો આખો ભરી દીધો છે. '**શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન,...**' શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનનું જ્ઞાન. આ શુદ્ધ સ્વરૂપનું '**શ્રદ્ધાન તથા આચરણ...**' એટલે ચારિત્ર '**થયા બાદ...**' જોયું! વ્યવહારનયને અહીં અશુદ્ધ શબ્દ વાપર્યો પાછો. કેમ? કે ત્રિકાળી જ્યારે શુદ્ધનય છે અને શુદ્ધનયનો વિષય (છે) તો પર્યાય અશુદ્ધનયનો વિષય છે એમ. વ્યવહાર જે કીધો હતો એને વ્યવહારને અશુદ્ધ કરી નાખ્યો. શું કીધું સમજાણું આમાં? એ તો આત્મામાં ત્રણ—દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાયને જોવી એ પણ અશુદ્ધનય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ એ પોતે છે એ વસ્તુ થઈ. આહા..હા..! અને એની શ્રદ્ધા અને જ્ઞાન થયા, છતાં પૂર્ણ થયો નથી એટલે વ્યવહાર વચમાં આવે. અરે..! ત્રિકાળને જોવાથી તો નિશ્ચય થયો શુદ્ધનય પણ પર્યાયના ભેદને જોવે એ અશુદ્ધનય થઈ એમ કીધી. ઓલા વ્યવહારનો અર્થ જ અહીં અશુદ્ધ શબ્દ વાપર્યો. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. આમાં શું અમારે કરવું? અમારે ધર્મ કેમ કરવો? પણ આ શું કરવું નથી આવતું? આહા..હા..! ચંદુભાઈ! ઓલું તો કહે કે સામાયિક

કરો, પોષા કરો, પડિક્કમણા કરો, ભક્તિ કરો, દાન કરો. સવંત્સરીને દિ' નથી ખરડા કરતાં? તે દિ' કાંઈક પારેવાની જાર ને... લખે છે કે નહિ? પોષામાં બેઠો હોય તો લખાવે. આટલા પૈસા, સો રૂપિયા ને પચાસ રૂપિયા ને પચ્ચીસ રૂપિયા એમ કરીને લખાવે. હવે ત્યાં એમાં એ હોય નહિ, સાંભળને. સામાયિક.. તારી સામાયિકના ઠેકાણા નથી વ્યવહારના.

અહીં તો વીતરાગ સ્વરૂપે ભગવાન બિરાજે છે એવા વીતરાગ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગ સ્વભાવમાં લીનતા પૂર્ણ થઈ—જેવો ભાવ છે વીતરાગ એવી પર્યાય થઈ ગઈ એને હવે વ્યવહાર રહેતો નથી. બસ, એમ કહેવું છે. જેને પૂર્ણતા નથી તેને વ્યવહાર કાર્યકારી જાણેલો (પ્રયોજનવાન છે). ઓલામાં આવ્યું હતું ને? પોતપોતાના સમયમાં બંને નયો કાર્યકારી છે. એ ભાઈએ નાખ્યું છે-જયચંદ્ર પંડિતે. છે ને? 'તે પોતપોતાના સમયમાં બંને નયો કાર્યકારી છે.' પણ પાછો એનો અર્થ થવો જોઈએ ને. એટલે કે જ્યારે વ્યવહાર છે તે વ્યવહારે જાણેલો કાર્યકારી, બસ. નિશ્ચય ત્રિકાળ છે તે આદરણીય અનુભવેલો કાર્યકારી છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! વીતરાગનો માર્ગ એવો ઝીણો. જૈનદર્શન એટલે તો એક આખું પરમાત્મદર્શન! આહા..હા..! પોતે પરમાત્મસ્વરૂપ એને દેખાડનાર જૈનદર્શન છે. પર્યાય. જૈન એટલે? રાગરહિતની શ્રદ્ધાની પર્યાય તેને દેખે, તેને માને. સમજાણું કાંઈ?

જેને પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા જેવી છે, જેવું એનું વીતરાગ સ્વરૂપ છે એવી વીતરાગતા પર્યાયમાં થઈ ગઈ એને વ્યવહાર રહેતો નથી. એથી એને વ્યવહાર કાર્યકારી નથી, એમ. અને નીચલી દશામાં પૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન થયા, કાંઈક સ્થિરતા પણ થઈ પણ પૂર્ણ વીતરાગતા, જેવો એનો વીતરાગ સ્વભાવ એવો જ વીતરાગભાવ પૂર્ણ પર્યાયમાં ન થાય, ત્યાં સુધી અધૂરી પર્યાયમાં રાગાદિ છે એ જાણેલો કાર્યકારી છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. ચંદુભાઈ! ઝીણી વાતું બહુ બાપુ! આહા..! છે ને?

**'શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ...'** થયા પછી **'અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી.'** એટલે વ્યવહારનય કાંઈ પ્રયોજનકારી નથી. વ્યવહારનય કહો કે અશુદ્ધ કહો. આહા..હા..! ત્રિકાળી શુદ્ધનયનો વિષય જે શુદ્ધ ત્રિકાળી કહો કે શુદ્ધનય કહો એને. એમ અહીં પર્યાયને હવે અશુદ્ધ કહો કે વ્યવહાર કહો, એમ કહે છે. એ તો આવી ગયું છે ને મેચકની વ્યાખ્યા નહિ? ૧૬મી ગાથામાં આવે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાય નિર્મળ હોં! એની ઉપર લક્ષ જવું એ પણ મેચક અને મલિનતારૂપ વ્યવહાર છે. પર્યાય છે ને! અભેદમાંથી ભેદના લક્ષે જાવું એ પણ મલિનતા છે. મેચક છે ને? આવશે ૧૯મી ગાથામાં. આહા..હા..! અને ૭મીમાં પણ આવી ગયું ને એ? એમ કે છઠ્ઠીમાં તો તમે કીધું કે આ ઠીક, પણ એમાં દર્શન-જ્ઞાનના ભેદ પડે એ પણ અશુદ્ધનય છે, અશુદ્ધતા આવે છે. છે પહેલાં ૭મી ગાથાની શરૂઆતમાં. એ અશુદ્ધતા આવે છે એમ કીધું છે. એનો અર્થ કે ઓલો ત્રિકાળી શુદ્ધ છે એની અપેક્ષાએ ભેદને અશુદ્ધ કીધો. સમજાણું કાંઈ? ત્રિકાળીને

નિશ્ચય કહ્યો તો પર્યાયને વ્યવહાર કહ્યો. ત્રિકાળીને શુદ્ધ કહ્યો તો આને અશુદ્ધ કહ્યો. આહા..હા..! અરે..! વસ્તુની સ્થિતિ જ આવી છે ને, ભાઈ! કોઈ કચડી-મચડી કરે ફેરફાર એ કાંઈ નહિ થાય. સમજાણું કાંઈ?

**'થયા બાદ અશુદ્ધનય...'** માથે વ્યવહાર શબ્દ વાપર્યો હતો. અહીંયાં અશુદ્ધ શબ્દ વાપર્યો છે. વિશેષ સ્પષ્ટ માટે ભિન્ન શબ્દ વાપરીને વ્યવહારને અશુદ્ધ કીધો. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા... જરૂર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધ છે ને પર્યાય. ત્રિકાળી જ્યારે શુદ્ધ છે અથવા શુદ્ધનયનો વિષય છે, ત્યારે વર્તમાન પર્યાય છે તે અશુદ્ધ છે, ભેદ છે માટે. તેથી અશુદ્ધનયનો વિષય છે. ડાહ્યાભાઈ! આહા..હા..! આવી વાતું મળવી જગતને મુશ્કેલ. સાંભળવું મળે નહિ, ભાઈ! આહા..હા..!

**'હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :-'** છઠ્ઠો.

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

'न'માં નકાર થાય છે, અહીં 'न'માં હકાર થાય છે. અમને, અમને આ હો. નવ સંતતિની પરિપાટી છોડ પણ એકલો ભગવાન અમને આ હો. સમજાણું કાંઈ? એ જ છે ને? છઠ્ઠો નહિ? એ છઠ્ઠાનું ઓલું આવશે. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, ઓલી કોર છે. એમ કેમ કહ્યું? કે અહીં એમ કહે છે કે અમને તો આત્મા જ એકલો પ્રાપ્ત થાઓ. ધ્રુવ સ્વરૂપ એકલું પ્રાપ્ત થાઓ. એ વીતરાગતાની પ્રાર્થના છે. એકલો નિશ્ચય-નિશ્ચયનો દ્રવ્યનો જ એકાંત કરવા જાય તો તો મિથ્યાત્વ થઈ જશે, એમ કહે. છે ને ઓલી કોર પાઠ? **'નવતત્ત્વની પરિપાટીને છોડી,...'** શુદ્ધનયનો વિષય **'આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.'** છેલ્લી લીટી છે. **'બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, કોઈ નયપક્ષ નથી.'** નિશ્ચયનો એકલો પક્ષ આ જ છે અને બીજો પક્ષ લક્ષમાંથી છૂટી જાય છે એમ નથી. એકલો નિશ્ચયનો પક્ષ કર્યા કરે તો મિથ્યાત્વ થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? અમને એક જ હો... એક જ હો... એક જ હો... પણ એમાં અનેકપણું પણ પર્યાય છે. એ તો વીતરાગપણાની પ્રાર્થના છે. અમે વીતરાગ થાઓ. આહા..હા..! કેમકે રાગી છીએ, ભેદ ઉપર લક્ષ જતાં રાગ થાય છે, એથી અમે અભેદની એકાંત પ્રાર્થના કરીએ છીએ. અભેદ અમને પ્રાપ્ત થાઓ એટલે વીતરાગભાવ પ્રાપ્ત થાઓ, એમ. સમજાણું કાંઈ આમાં?

જો આ અમને એક જ પ્રાપ્ત થાઓ તો પછી એમાં પર્યાય જે છે એ તો ભેદરૂપ ન

રહી. એમ કરવા જશો તો એ તો એકાંત થઈ ગયું. પણ અહીં કહે છે કે અમને એક પ્રાપ્ત થાઓ, વીતરાગભાવ અમને પ્રાપ્ત થાઓ એમ. એથી એનો પક્ષ કરીને વીતરાગભાવ પ્રાપ્ત થાઓ. 'પર્યાય નથી અને એકાંત તત્ત્વ જ છે' એમ પક્ષ કરવા જાય તો મિથ્યાત્વ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પોતાને આશ્રયે પૂર્ણ પદ મને પ્રાપ્ત થાઓ એવી વીતરાગતાની પ્રાર્થના છે. સમજાણું કાંઈ? આહા..હા..! અર્થ કર્યા છે ને! આ શ્લોકના અર્થમાં છે.

'**શ્લોકાર્થ :- 'अस्य आत्मनः' આ આત્માને...**' આ આત્માને. આ પ્રત્યક્ષ આત્માને એમ કહે છે. આ. 'આ' વિદ્યમાનતા બતાવે છે, હયાતી બતાવે છે. 'આ' આ વિદ્યમાન હયાતીવાળો ભગવાન. '**यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम**' '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો...**' દ્રવ્યાંતર છે ને? દ્રવ્યાંતર-પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યો, એનાથી જુદો. સમજાણું કાંઈ? કળશો પણ ઊંચા છે ને! આ '**अस्य आत्मनः**' એમ છે ને? '**આ આત્માને...**' આહા..હા..! '**यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम**' '**અન્ય દ્રવ્યો...**' '**द्रव्यान्तरेभ्यः**' દ્રવ્યથી અનેરા દ્રવ્યો, એનાથી જુદો, એમ. ભાવાંતર નથી આવતું નિયમસારમાં? પોતાના ભાવથી અનેરા ભાવ, એમ પોતાના દ્રવ્યથી અનેરું દ્રવ્ય. આહા..હા..!

'**આ આત્માને...**' આ તો મંત્રો છે. આ તે કાંઈ એક-એક શબ્દમાં સંતોની વાણી રામબાણ વાણી છે. એક-એક અક્ષર નિરર્થક નથી. સમજાણું કાંઈ? '**આ આત્માને અન્ય દ્રવ્યોથી...**' એટલે '**द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम**' જુદો અનુભવવો. જ્ઞાયકભાવ, ધ્રુવભાવને પોતાના દ્રવ્યથી અનેરા ભાવથી જુદો અનુભવવો. સમજાણું કાંઈ? શું આવ્યું? ત્રણ ન્યાય આવ્યા એમાં. એક તો સ્વદ્રવ્ય જે છે એનાથી અનેરા દ્રવ્યો છે રાગાદિ બધું. એનાથી પૃથક્ અનુભવવો એ પર્યાયમાં. સ્વદ્રવ્ય આ આત્માને આ દ્રવ્યથી અનેરા દ્રવ્યો, '**द्रव्यान्तरेभ्यः**' બીજા દ્રવ્યોથી ભિન્ન. બે થઈ વાત. હવે એને અનુભવવો. પર્યાયમાં એનો અનુભવ કરવો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**एतत् एव नियमात् सम्यग्दर्शनम्**' જોયું! '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' આહા..હા..! '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' બરાબર છે? સ્વદ્રવ્યને પોતાના દ્રવ્યોથી અનેરા દ્રવ્યો આદિ બધા એનાથી પૃથક્ થઈને, ભિન્ન પડીને એ દ્રવ્યને અનુભવવું, આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? '**द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम**' અનેરા દ્રવ્યો નિશ્ચયથી તો ખરેખર પર્યાયથી પણ એ દ્રવ્ય છે એ ભિન્ન છે, આહા..હા..! એને અનુભવવો. આહા..હા..! અનુભવ થયો એ પર્યાય છે, પણ જેને અનુભવે છે એ દ્રવ્ય ત્રિકાળ છે. ત્રિકાળી દ્રવ્યને પરથી ભિન્ન પાડીને દ્રવ્યને અનુભવવો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું તે... ઓલા બિચારા સામાયિક પોષા કરતાં હોય, પડિક્કમણા એને કોઈ દિ' સૂઝ પણ ન હોય અર્થની. ભક્તિ કરતાં હોય ભગવાન પાસે લ્યોને. બાપુ! મારગડા જુદાં, ભાઈ! આહા..! દેવ-ગુરુથી પૃથક્ ભિન્ન અનુભવવો એમ કહ્યું.

**શ્રોતા** :- આ બધી ગાથાઓમાં ઇંજેક્શન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઇંજેક્શન છે.

**શ્રોતા** :— પહેલા ગુરુ પાસે જઈને સાંભળવું એમ પણ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ તો ઓલામાં આવ્યું હતું વ્યવહાર, પણ અનુભવવામાં પરદ્રવ્યનો આશ્રય છોડી દેવો. દ્રવ્યાન્તરથી-પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યો તેનાથી સ્વદ્રવ્યને ભિન્ન અનુભવવો. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાતું મળવી મુશ્કેલ છે અત્યારે. બહુ ફેરફાર થઈ ગયો. એવું કચરડી-મચરડીને કરી નાખ્યું છે ને. આહા..હા..! આ તો વીતરાગ માર્ગ બાપા! અરે..! અનાદિ કેવળીઓએ કહેલો, અનાદિ સંતો અનુભવીને કેવળ પામીને ચાલ્યા ગયા છે. આહા..હા..! કોણ હતા એની ખબરેય નથી અહીં તો. સિદ્ધ થઈ ગયા, લ્યો!

**શ્રોતા** :- અનંતના નામ જ ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નામ નથી. આહા..હા..! કામ કરીને ચાલ્યા ગયા છે.

**'एतत् एव नियमात् सम्यग्दर्शनम्'** 'एतत्' **'તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.'** જોયું! તે જ નિયમથી, એમ, નિશ્ચયથી. **'एतत् एव नियमात्'** નિશ્ચયથી, નિયમથી એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે **'કેવો છે આત્મા?'** એ હજી આત્માની વ્યાખ્યા કરે છે. વિષય કેવો છે એ પછી કહેશે. આત્મા કેવો છે? **'પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.'** આત્મા પરમાં વ્યાપનારો નથી, પોતાના ગુણ અને પર્યાયમાં વ્યાપનારો છે. એ આત્માની વ્યાખ્યા કરી. જે આત્મા ત્રિકાળ છે એ અહીં નથી લેવું હવે. એ આત્મા પોતાની શક્તિઓ અને પર્યાયમાં વ્યાપનારો છે.

**'વળી કેવો છે?'** હવે એમાંથી. **'शुद्धनयतः एकत्वे नियतस्य'** **'શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.'** આહા..હા..! ઈ શું કહ્યું? કે આત્મા પોતાનું અસ્તિત્વ છે એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલું છે એટલું અસ્તિત્વ છે. પરમાં એનું અસ્તિત્વ કાંઈ છે નહિ. પોતાનું જે દ્રવ્ય છે એ દ્રવ્ય વસ્તુ ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે, બસ એટલું. હવે એમાંથી શુદ્ધનયે એને ભેદ પાડીને કાઢ્યો. **'શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.'** એકરૂપે છે એ શુદ્ધનયથી નિર્ણય કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે લ્યો, આ આત્મા પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપ્યો છે એ આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે, એમ નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મા પોતાના ગુણ અને પર્યાયમાં એટલામાં એના અસ્તિત્વની સત્તા પૂરી થાય છે, બસ એટલું. હવે એમાંથી શુદ્ધનયનો વિષય કેવો? સમજાણું કાંઈ?

**'शुद्धनयतः एकत्वे'** ઓલામાં ભેદ પડ્યા બધા. હવે **'एकत्वे'**. આહા..હા..! **'શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.'** એમાંથી શુદ્ધનયથી તો સ્વરૂપમાં એકાગ્રતામાં નિર્ણય કર્યો છે અથવા શુદ્ધનયથી એકપણામાં પ્રસિદ્ધ કર્યો છે એને. આહા..હા..! એકરૂપ વસ્તુ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એમાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વિશેષ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૨, શનિવાર, તા. ૦૩-૦૧-૧૯૭૬,
## શ્લોક-૬,
## પ્રવચન નં. ૩૪

સમયસાર, જીવ-અજીવ અધિકાર, છઠ્ઠો શ્લોક. નિશ્ચય સમકિતનું સ્વરૂપ.

શ્લોકાર્થ :- 'अस्य आत्मनः' '**આ આત્માને...**' 'यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम' '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો)...**' 'एतत् एव नियमात् सम्यग्दर्शनम्' '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' ટૂંકી વ્યાખ્યા કરી પહેલી. ભગવાન આત્મા એને અન્ય દ્રવ્યથી જુદો શ્રદ્ધવો એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન. હવે કહે છે, છે કેવો એ આત્મા? કે '**પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.**' દ્રવ્ય છે એ પોતાના ગુણ અને દરેક પર્યાયમાં વ્યાપે છે એવો આત્મા છે. હવે એમાંથી શુદ્ધનયનો આત્મા કેવો?

'**વળી કેવો છે?**' 'शुद्धनयतः एकत्वे नियतस्य' '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.**' છે આત્મા દ્રવ્ય પોતે એના ગુણ અને પર્યાયમાં રહેલો-વ્યાપેલો છે, છતાં '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.**' ત્રિકાળી જ્ઞાયકભાવ એકલો. અહીં પૂર્ણજ્ઞાનઘન કહેશે. પૂર્ણજ્ઞાનઘન. શુદ્ધનયથી એકપણું એટલે સ્વરૂપમાં એકાગ્રતા કરવામાં આવે એવો જે શુદ્ધ ચૈતન્યઘન એને નિર્ણય કરવામાં આવ્યો કે એક પૂર્ણજ્ઞાનઘન છે. પર્યાય અને ગુણમાં વ્યાપેલો હોવા છતાં શુદ્ધનયથી તેને એકત્વ નિર્ણય કરાવ્યો. પરથી પર્યાયના અને ગુણના ભેદથી રહિત અભેદ એક અખંડાનંદ એકલો. અહીં જ્ઞાનની પ્રધાનતાથી વર્ણન છે. શુદ્ધ ચૈતન્યઘન. ચૈતન્ય પૂર્ણ.. ચૈતન્ય પૂર્ણ. એવા શુદ્ધનયથી તેને એકપણું એટલે પૂર્ણજ્ઞાનઘન એમાં નિશ્ચિત કરાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી કેવો છે? પૂર્ણજ્ઞાનઘન છે.**' પૂર્ણજ્ઞાનઘન છે. શક્તિ ચૈતન્યઘન એ પૂર્ણજ્ઞાનઘન છે. 'तावान् अयं आत्मा' '**જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.**' પૂર્ણજ્ઞાનઘન જે આત્મા એની પ્રતીત-શ્રદ્ધા એ સમ્યગ્દર્શન તે આત્માના પરિણામ છે. જેટલો આત્મા છે તેટલું સમ્યગ્દર્શન છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.**' પર્યાય એટલી છે ને? આખા દ્રવ્ય પ્રમાણે પર્યાય વ્યાપે છે. જેટલું સમ્યગ્દર્શન તેટલો આત્મા. કેમકે એનાથી પરિણામ (ભિન્ન નથી). સમ્યગ્દર્શનના પરિણામ આત્માથી ભિન્ન નથી. સમજાણું કાંઈ?

'**તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે...**' 'इमाम नव-तत्त्व-सन्ततिं मुक्त्वा' '**આ નવતત્ત્વની પરિપાટીને છોડી,...**' ભેદરૂપ નવતત્ત્વ કહે છે. એવો પરિપાટી નામ ક્રમ નવના

એને છોડીને. '**अयम् आत्मा एकः अस्तु नः**' '**अयम्**' એટલે '**આ આત્મા એક જ...**' પૂર્ણજ્ઞાનઘન જે એક જ '**અમને...**' '**नः**' છે ને '**नः**'? '**नः**'ની વ્યાખ્યા એ છે. સમજાણું કાંઈ? '**अस्तु नः**' છે ને છેલ્લે? '**नः**' એટલે અમને. '**नः**'નો અર્થ અમને. '**આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.**' પૂર્ણજ્ઞાનઘન આત્મા એ સમ્યગ્દર્શનનો વિષય, એ જ સમ્યગ્દર્શન આત્માના પ્રમાણમાં એ અમને પ્રાપ્ત હો. સમજાય છે કાંઈ? આહા..હા..! ઘણી ટૂંકી ભાષામાં આખું રહસ્ય મૂક્યું છે. આ આત્મા દ્રવ્યાંતરથી પૃથક્. દ્રવ્યાંતર એટલે? આ દ્રવ્યથી અનેરા દ્રવ્યોથી જુદો, એમ. દ્રવ્યાંતર એટલે આ દ્રવ્યથી અનેરા દ્રવ્ય એનાથી જુદો, છે ને? એને શ્રદ્ધવો એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સર્વ સ્વભાવિક અને નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો...**' કેવો છે આત્મા? પોતાના સ્વભાવિક ગુણ અને પર્યાય અને નૈમિત્તિક પોતાની અવસ્થા. પોતાનો સ્વભાવ જે ગુણ અને તેની નિર્મળ અવસ્થા અને નૈમિત્તિક પોતાની અવસ્થા, બેય. નિમિત્તના સંબંધે થયેલી વિકારી અવસ્થા એ નૈમિત્તિક અવસ્થા. એ રૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો. સ્વભાવિકપર્યાય અને વિભાવિકપર્યાય-નૈમિત્તિક, એના એવા ભેદોમાં વ્યાપનારો. આહા..હા..!

'**આ આત્મા...**' એવા ભેદોમાં વ્યાપનારો આ આત્મા '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-**' શુદ્ધનયથી ત્રિકાળી જ્ઞાયકભાવ. નય છે ને? '**એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-**' એટલે? '**શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...**' આહા..હા..! શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એકસ્વરૂપ, જ્ઞાનઘન જ્ઞાયકભાવ એકસ્વરૂપ. આહા..હા..! એ દેખાડવામાં આવ્યો. સમજાણું કાંઈ? શ્લોક ઝીણો બહુ છે, ભઈ! આ મૂળ ચીજ મુદ્દાની રકમ અહીં છે. આહા..હા..!

'**તેને સર્વ અન્યદ્રવ્યો...**' દ્રવ્યાંતરો. '**અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો,...**' આહા..હા..! અન્યદ્રવ્ય અને અન્યદ્રવ્યના ભાવ-વિભાવ એનાથી ભિન્ન દેખવો- શ્રદ્ધવો '**તે નિયમથી સમ્યગ્દર્શન છે.**' અહીં એની પર્યાયથી જુદો એમ ન કહ્યો. કારણ કે એ પર્યાય તો શ્રદ્ધે છે. પર્યાય ત્રિકાળી જ્ઞાયકભાવને શ્રદ્ધે છે. પરથી જુદો અને એ પર્યાય ત્રિકાળી જ્ઞાયકભાવને શ્રદ્ધે છે તેથી તે નિયમથી સમ્યગ્દર્શન છે. આ નિયમથી એટલે નિશ્ચયથી એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ પરદ્રવ્યથી ભિન્ન અને સ્વદ્રવ્યની દૃષ્ટિ કરતાં અખંડમાં પ્રતીત થાય તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...**' શું કહે છે? વ્યવહારનય તો નવતત્ત્વની શ્રદ્ધા, દ્રવ્ય જ્ઞાયક અને એની સાથે એક સમયની પર્યાય એની શ્રદ્ધા, એ બધું વ્યવહારસમકિત અનેક ભેદને કહે છે. '**વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...**' સમ્યગ્દર્શનને પણ અનેક

ભેદરૂપ કહે છે વ્યવહારમાં. આહા..હા..! નવતત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન ભેદરૂપ, દ્રવ્ય અને શુદ્ધ પર્યાયની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન—એવા અનેક ભેદરૂપ અનેક સમ્યગ્દર્શનને એ કહે છે. વ્યવહારના પ્રકાર પડ્યા ને આટલા. નવના ભેદ કહ્યા અને એક દ્રવ્ય અને એની સાથે પર્યાય ભેળવીને શ્રદ્ધવી એ પણ વ્યવહાર છે. અનેક ભેદરૂપ સમ્યગ્દર્શનને કહે છે એ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે,...'** જોયું! ત્યાં નિશ્ચયસમ્યગ્દર્શન થતું નથી. વ્યભિચાર આવે છે. શું કહ્યું ઈ? કે આત્મા પૂર્ણજ્ઞાનઘન જે.. આગળ કહેશે કે જ્ઞાનગુણ દરેક પર્યાયમાં વ્યાપેલો છે. અમથું આવે છે ને? ગુણ કોને કહે? જૈન-સિદ્ધાંત-પ્રવેશિકામાં. ગુણ કોને કહે છે? આવડે છે છોકરાઓ? દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં વ્યાપે તેને (ગુણ) કહે છે. આવે છે ને? દ્રવ્યમાં ગુણ-ગુણ. ગુણ કોને કહીએ? દ્રવ્યના સર્વ ભાગ એટલે ક્ષેત્ર, સર્વ હાલત એટલે પર્યાય. સમજાણું કાંઈ? અહીં કહે છે કે એ બધી હાલતો જે છે એને ભેગો શ્રદ્ધવો એ અનેક ભેદ થઈ ગયો અને સમ્યગ્દર્શન પણ અનેક ભેદરૂપ થઈ ગયું. નવતત્ત્વને ભેદરૂપ શ્રદ્ધવો, એક દ્રવ્યને પર્યાયસહિત શ્રદ્ધવો, અનેક પર્યાયસહિત દ્રવ્યને શ્રદ્ધવો એ બધો વ્યવહાર. છે?

**'વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...'** સમજાણું કાંઈ? આત્મા પૂર્ણજ્ઞાનઘન એકરૂપ એની શ્રદ્ધા થવી તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. એટલે આમ એક આવ્યો અને સમ્યગ્દર્શન પણ નિશ્ચય એક થયું. અને એ વિના વ્યવહારનય ત્રિકાળી આત્માને ઘણા તત્ત્વસહિતની શ્રદ્ધા કહે, અનેક ભેદરૂપ કહે અને અનેક ભેદરૂપ વ્યવહારસમકિત થઈ ગયું. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ઠીક તમારે શાંતિભાઈ ને આમાં અધિકાર .. છે આમાં. આ અધિકાર એવો છે જરી. ઓલું સાંભળ્યું પણ નથી કેટલુંક તો કેટલાકે. અહીં આવ્યા પછી સાંભળ્યું હોય પહેલું. સમજાણું કાંઈ? આહા..હા..!

બે વાત કરે છે. એક તો પૂર્ણજ્ઞાનઘન અન્ય દ્રવ્યથી ભિન્ન અને પૂર્ણ પાછું, એવો જે આત્મા, એની જે શ્રદ્ધા એનું નામ નિશ્ચય, નિયમથી નિશ્ચયસમ્યગ્દર્શન અને વ્યવહારનય આત્માને પૂર્ણજ્ઞાનઘનમાં પર્યાય ભેળવીને, નવતત્ત્વ ભેળવીને અનેક ભેદથી (કહીને) સમકિતના પણ અનેક પાડી નાખે છે વ્યવહારનય. સમજાણું કાંઈ? છે? કેટલો ખુલાસો કર્યો, જુઓ! પંડિતે પણ ખુલાસો કર્યો. હજી તો નીચે ખુલાસો આવશે બહુ.

**'ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે,...'** એટલે એકરૂપતા નિયમથી નિશ્ચયતા રહેતી નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? નવતત્ત્વને ભેદરૂપ કહીને વ્યવહારસમ્યગ્દર્શન કહે, એક સમયની પર્યાય આદિ જ્ઞાનની પર્યાય આદિ ભેળવીને જ્ઞાયકને ભેળવીને સમ્યગ્દર્શન કહે, અનેક ભેદ અહીં થયા અને અનેક ભેદ દર્શનના થયા. ત્યાં નિશ્ચયસમ્યગ્દર્શનનું નિયમપણું એ નથી રહેતું, એ વ્યભિચાર આવે છે, દોષ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હળવે

હળવે કહેવાય છે. જરી વિચાર પણ મૂકી શકે છે એમાં. આહા..હા..!

**'વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ...'** જોયું! નિશ્ચયનય આત્માને એકરૂપ કહે છે પૂર્ણજ્ઞાનઘન અને તે નિયમથી સમ્યગ્દર્શન (છે) એ નિર્દોષ સિદ્ધ થાય છે, પણ વ્યવહારનય, આત્માને એકરૂપ જે નિશ્ચયનય કહે છે, એ વ્યવહારનય અનેકરૂપ કહે છે. પર્યાય સહિત, ભેદસહિત, ગુણભેદસહિત, નવતત્ત્વના ભેદસહિત એવા અનેક ભેદરૂપ **'કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...'** એ વ્યવહારસમ્યગ્દર્શનના પણ અનેક ભેદ પડી ગયા. ભાઈ, નવનીતભાઈ! આવું. સમ્યગ્દર્શનનો વિષય.. ભાઈ કહે છે ને કેટલાક. નવીનતભાઈ કહે છે, ક્યાંય બીજે નથી લાગતો આવો. એક ફેરી કહ્યું હતું ભાઈએ. બાપુ! માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પા કલાક તો થઈ ગઈ. શું થયું? આજ તો અમારા છોટાભાઈને કહ્યું. તમારા છોકરાને. જીતુને કહ્યું શું? જ્યોતિ-જ્યોતિ. આ પા કલાક થઈ, મોડું થયું હમણાં આવ્યો. કેટલી વસ્તુ વઈ ગઈ અંદર.

કહે છે.. આહા..હા..! ત્યાં દોષ આવે છે. ઓલામાં નિયમથી સમ્યગ્દર્શન યથાર્થ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, નવલચંદભાઈ! આ તો ધીમે-ધીમે ચાલે છે. આમાં કાંઈ વિચાર પણ મૂકતો જાય છે ને. આહા..હા..! **'નિયમ રહેતો નથી.'** જોયું! ઓલામાં નિયમથી સમ્યગ્દર્શન થાય. એ નિયમ આમાં રહેતો નથી. આહા..હા..! આત્મા પૂર્ણજ્ઞાનઘન ગુણથી લીધો છે એને. પૂર્ણજ્ઞાનઘન. જ્ઞાયકભાવ લીધો હતો ને એમાં? તો અહીં જ્ઞાયક પૂર્ણજ્ઞાનઘન લીધો. પૂર્ણજ્ઞાનઘન એકરૂપ તેની શ્રદ્ધા કરવી, તેમાં દૃષ્ટિને પ્રસાર કરવી એનું નામ નિયમથી સત્ય સમ્યગ્દર્શન છે. કહો, શાંતિભાઈ!

વ્યવહારનય એ એકરૂપતાના ભાવને છોડી દઈને અનેકરૂપે દ્રવ્ય ને પર્યાયને, દ્રવ્યને ગુણને, દ્રવ્યને નવતત્ત્વને ભેળવીને અનેક ભેદરૂપ કહી વ્યવહારસમકિતના અનેક ભેદ કહે છે એટલે એમાં નિયમ રહેતો નથી, વ્યભિચાર આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હરિભાઈ! આવી વસ્તુ છે. આહા..હા..! **'નિયમ રહેતો નથી.'** ઓલામાં નિયમથી સત્ય રહે છે. સત્ય વસ્તુ જે પૂર્ણજ્ઞાનઘન સત્ય એકરૂપ છે એની શ્રદ્ધા એટલે નિશ્ચય નિયમ રહે છે. સમજાય છે કાંઈ? આહા..! અને આત્માને અનેક ભેદરૂપ કરીને, અનેક ભેદરૂપ સમ્યગ્દર્શનને બતાવે ત્યાં વ્યભિચાર આવે છે, ત્યાં એકરૂપ શ્રદ્ધા થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે, જુઓને! પંડિતોએ કેટલા અર્થ કર્યા છે! આ તો કેટલી વાર વંચાય છે? સુજાનમલજી!

**શ્રોતા :-** મૂળ રકમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂળ રકમ છે. વાત સાચી. આહા..હા..!

**'શુદ્ધનયની હદે પહોંચતાં...'** જોયું! **'શુદ્ધનયની હદે પહોંચતાં...'** મર્યાદાએ. ત્રિકાળ એકરૂપ વિજ્ઞાનઘન છે એ શુદ્ધનયની હદે પહોંચતાં... આહા..હા..! **'વ્યભિચાર રહેતો નથી...'** નિર્વિકલ્પતા થાય છે ત્યાં વ્યભિચાર-રાગ રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધનયની**

**હદે પહોંચતાં...'** એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવ જે પૂર્ણજ્ઞાનઘન ત્યાં મર્યાદાએ જતાં નિયમથી સમ્યગ્દર્શન થાય છે, ત્યાં વ્યભિચાર-દોષ-ભેદ રહેતો નથી. સામે છે ને પુસ્તક સામે, જુઓને! આ તો ભગવાનની વાણી છે, બાપા! આ કાંઈ આલી-દુઆલીની વાત નથી. એ તો પાઠ છે અમૃતચંદ્રાચાર્યનો એનું સ્પષ્ટીકરણ કરે છે. પાઠને, સામાન્યપણે જે છે ગંભીર એને આ વિશેષ સ્પષ્ટ કરીને ખુલાસો કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'શુદ્ધનયની હદે પહોંચતા વ્યભિચાર...'** એટલે દોષ **'રહેતો નથી તેથી નિયમરૂપ છે.'** એકરૂપની શ્રદ્ધા થતાં એ નિયમરૂપ સમ્યગ્દર્શન છે—યથાર્થ સમ્યગ્દર્શન. આહા..હા..! **'કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા?'** હવે કહે છે કે કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા? **'પૂર્ણજ્ઞાનઘન છે-'** પાઠમાં છે ખરું ને. એનું સ્પષ્ટીકરણ કરે છે. પૂર્ણજ્ઞાનઘન છે એ તો. પર્યાય પણ નહિ, પૂર્ણજ્ઞાનઘન એકલો જ્ઞાયકભાવ ઘન. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા? પૂર્ણજ્ઞાનઘન છે—સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે.'** એનો સ્વભાવ જ જ્ઞાનસ્વરૂપ છે. લોકાલોક, ત્રણકાળ, ત્રણલોકને જાણવાનો એનો જ્ઞાનસ્વભાવ છે. આહા..હા..! આ પૂર્ણજ્ઞાનઘનની વ્યાખ્યા કરી. એ આ પર્યાય નહિ. ત્રિકાળી જ્ઞાનઘન જે લોકાલોકને જાણવાનો, પૂર્ણ જાણવાનો સ્વભાવ એવો પૂર્ણજ્ઞાનઘન છે. સમજાણું કાંઈ? **'સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે.'** પૂર્ણજ્ઞાન કીધું ને? પૂર્ણજ્ઞાનઘન. એટલે શું? કે પૂર્ણજ્ઞાનઘન આત્મા એટલે કે લોકાલોકને જાણવાની શક્તિવાળું એ તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પૂર્ણજ્ઞાનઘન છે એટલે શું? એમ લીટી કરીને. **'સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માના...'** એટલે? સમજાણું? પૂર્ણજ્ઞાનઘન આત્મા એવા આત્માના. પૂર્ણજ્ઞાનઘન આત્મા એવા આત્માના. સમજાણું કાંઈ? આહા..હા..! **'શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.'** હજી સમ્યગ્દર્શન કેમ થાય એની ખબરું ન મળે અને ચાલી નીકળ્યા વ્રત ને તપ ને આચરણને (કરવા). આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'તે કાંઈ જુદો...'** હવે ઓલું આવ્યું છેલ્લું. સમ્યગ્દર્શન તેટલો આત્મા એમ કહ્યું હતું ને? એ વાત લીધી. **'તે કાંઈ જુદો પદાર્થ નથી-'** સમ્યગ્દર્શન પૂર્ણજ્ઞાનઘન એવા આત્માની શ્રદ્ધા-સમ્યગ્દર્શન એ કાંઈ આત્માથી જુદી દશા નથી, આત્માથી જુદો એનો ભાવ નથી બહાર. **'આત્માના જ પરિણામ છે,...'** પૂર્ણજ્ઞાનઘન એવા આત્માનું નિશ્ચયસમ્યગ્દર્શન એ આત્માના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મુદ્દાની રકમ ચાલે છે. આવી વાત છે. બધું મૂકને પડતું. હવે આ શું છે એને સમજને. આહા..હા..! **'તેથી આત્મા જ છે.'** શું કીધું?

**'તે કાંઈ જુદો પદાર્થ નથી—આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે. માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.'** સમજાણું કાંઈ? પણ એ સમ્યગ્દર્શન

છે એ આત્મા છે એ કોણ? ઓલા પરિણામ થયા તે. એનો વિષય છે એ તો પૂર્ણજ્ઞાનઘન (છે). એનો વિષય જે છે એ તો આત્મા પૂર્ણજ્ઞાનઘન (છે). હવે એ નિશ્ચયસમ્યગ્દર્શન થયું એ આત્માથી કોઈ જુદા પરિણામ નથી, આત્માના પરિણામ છે. સમજાણું કાંઈ? પંડિત લોકોએ પણ જુઓને ટીકા સ્પષ્ટ કેટલી કરી છે! હવે બીજો પેરેગ્રાફ ભાવાર્થનો.

'**અહીં એટલું વિશેષ જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' હવે શુદ્ધનય કીધીને, શુદ્ધનય એ છે શું? '**કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' નય છે તે શ્રુતપ્રમાણ નહિ. શ્રુતપ્રમાણમાં તો એકસાથે બધું જાણે અને નય છે તે શ્રુતપ્રમાણનો એક અવયવ છે. શ્રુતપ્રમાણ એ અવયવી છે, ત્યારે નય છે તે એનો એક અંશ-અવયવ છે. '**તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' સમજાણું કાંઈ? '**નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' બરાબર છે? શું કહ્યું? અહીં તો દાખલા-બાખલા બહારના.. આનો ને આનો અર્થ સમજે તોપણ ઘણું છે. આહા..હા..!

'**અહીં એટલું વિશેષ જાણવું કે...**' ખાસ જાણવું કે નય જે છે શુદ્ધનય કીધી અને એ પૂર્ણજ્ઞાનઘનને શ્રદ્ધે છે કીધી, તો '**નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' શ્રુતપ્રમાણ એટલે જ્ઞાનની પર્યાય જે શ્રુતપ્રમાણરૂપ છે. છે તો શ્રુતપ્રમાણ પર્યાય પણ એ શ્રુતપ્રમાણ પર્યાય દ્રવ્યને, પર્યાયને, સ્વ ને પરને બધાને જાણે. હવે એ શ્રુતપ્રમાણનો એક અંશ ભાગ છે. એક વ્યવહારનય, નિશ્ચયનય એમ શ્રુતપ્રમાણના ભાગ છે. શ્રુતપ્રમાણનો એ અંશ છે. શ્રુતપ્રમાણ એ અવયવી છે તો નય તેનો અવયવ છે. જેમ શરીર આખું અવયવી છે, હાથ-પગ એના અવયવ છે. એમ શ્રુતપ્રમાણ તે અવયવી છે, નય તે તેનો એક અંશ છે. સમજાણું કાંઈ? હવે બીજું કહેવું છે.

એ '**શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે...**' અહીં વાત એ લેવી છે. શ્રુતપ્રમાણ છે એ પરોક્ષ પ્રમાણ છે, પ્રત્યક્ષ નથી જ્ઞાનની અપેક્ષાએ હોં! અનુભૂતિના વેદનની અપેક્ષાએ અહીં અત્યારે વાત નથી. અહીં તો જ્ઞાનની અપેક્ષાએ વાત છે તો શ્રુતપ્રમાણ છે એ તો પરોક્ષ પ્રમાણ છે. '**કારણ કે વસ્તુને સર્વજ્ઞના આગમનાં વચનથી જાણી છે;...**' શ્રુતપ્રમાણે વસ્તુને સર્વજ્ઞના આગમ. સર્વજ્ઞે કહેલું આગમ એનું જે જ્ઞાન થયું એનાથી જાણ્યું છે, આમ સીધો આત્મા પ્રત્યક્ષ જણાણો નથી. આહા..હા..! જાણવાની અપેક્ષાએ વાત છે, હોં! અનુભૂતિની અપેક્ષાએ અનુભવપ્રત્યક્ષ છે એ જુદી વસ્તુ. આનંદનું વેદન (છે). આહા..! અહીંયાં કહે છે.. આહા..હા..!

'**શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે;...**' સીધો આત્મા પ્રત્યક્ષ જોયો નથી ત્યાં શુદ્ધનયમાં કે શ્રુતપ્રમાણમાં. શ્રુતપ્રમાણમાં અહીં લેવું. '**તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...**' તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા. એટલું રાખો અત્યારે. સર્વ દ્રવ્યથી જુદા એટલું. હવે બીજું. જુદા શું? '**અસાધારણ**

**ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.'** ત્યાં એનો છેડો છે. ક્યાં? ક્યાં છે? ત્રીજી. **'સર્વ દ્રવ્યોથી જુદા,...'** **'અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.'** છે? ક્યાં?

**શ્રોતા :-** અસાધારણ ચૈતન્યદ્રવ્યને પરોક્ષ દેખાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું? **'સર્વ દ્રવ્યોથી જુદા...'** સર્વ દ્રવ્યથી જુદો. હવે શું? કેવો છે એ ગુણ? કે **'આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...'** કોણ? પૂર્ણજ્ઞાનઘન. પૂર્ણજ્ઞાન જે છે એ સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, આત્માની દરેક પર્યાયમાં એ ગુણ વ્યાપ્ત છે. હમણાં આવ્યું નહિ? કીધું નહિ? ગુણ કોને કહેવા? સમજાણું? **'આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-'** શું? આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત શું? કે પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ. કેવળજ્ઞાન એટલે ઓલી પર્યાય નહિ. કેવળજ્ઞાનરૂપ ત્રિકાળ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બહુ ઝીણો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણો છે. આ તો હળવે-હળવે ચાલે છે. એક-એક શબ્દનો અર્થ ચાલે છે. આહા..હા..!

**'આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...'** ઓલામાં એમ કહ્યું હતું ને કે નય શ્રુતપ્રમાણનો અંશ છે અને શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. એમ કહ્યું ને? શું કહ્યું? **'નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...'** પહેલી લીટી. **'તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.'** થયું? હવે **'શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે;...'** તેથી શુદ્ધનય પણ પરોક્ષ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? સિદ્ધાંતના શબ્દો કેવા નીકળે છે! આહા..હા..!

'કારણ કે **વસ્તુને સર્વજ્ઞના આગમનાં વચનથી જાણી છે; તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...'** હવે એનો અંશ જે છે... **'આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...'** કોણ? **'પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-'** એ પૂર્ણ ચૈતન્યરૂપ ગુણ જે ત્રિકાળ હોં! એ સર્વ પર્યાયોમાં વ્યાપ્ત અને કેવળજ્ઞાનરૂપ એટલે? **'સર્વ લોકાલોકને જાણનાર,...'** એમ. એનો જ્ઞાનસ્વભાવ સર્વ લોકાલોકને જાણવાનો સ્વભાવ છે એનો. ચંદુભાઈ!

હવે **'સર્વ દ્રવ્યોથી જુદા,...'** એ શુદ્ધનય સર્વ દ્રવ્યથી જુદા **'અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.'** જેમ શ્રુતપ્રમાણ પરોક્ષ હતું, એમ આ શુદ્ધનય પણ પરોક્ષ દેખાડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા સાદી છે. ભાષામાં કાંઈ ઓલું નથી. કાંઈ ન સમજાય એવું નથી. સમજાણું કાંઈ? એને ખ્યાલમાં તો આવવું જોઈએ કે વસ્તુ આ રીતે છે. પછી પ્રયોગ કરવો એ તો એને પોતાને આધીન છે. સમજાણું કાંઈ? શુદ્ધનય પણ પરોક્ષ છે એમ સિદ્ધ કરવું છે. જેમ શ્રુતપ્રમાણ પરોક્ષ પ્રમાણ છે. કેમકે વસ્તુને સર્વજ્ઞનાં આગમના વચનથી જાણી છે. હવે તેથી આ શુદ્ધનય એ પણ પરોક્ષ છે એમ સિદ્ધ કરવું છે.

**'સર્વ દ્રવ્યોથી જુદા, આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-'** આત્માના

સર્વ પર્યાયોમાં વ્યાપ્ત કોણ? ગુણ. કેવળજ્ઞાનરૂપ ગુણ સર્વ પર્યાયોમાં વ્યાપ્ત છે. દરેક પર્યાયમાં ગુણ છે. ગુણ દ્રવ્યના સર્વ ભાગમાં-સર્વ ક્ષેત્રમાં અને સર્વ હાલતમાં રહે છે. એથી એ સમ્યગ્દર્શનનો વિષય છે એમ અહીં વાત નથી. સમજાણું કાંઈ? એ પર્યાયમાં વ્યાપ્ત છે માટે પર્યાયો શુદ્ધનયનો વિષય છે એમ નથી. અહીંયાં તો એ જ્ઞાન, કેવળજ્ઞાનરૂપ એકલો જ્ઞાનગુણ એ પર્યાયમાં વ્યાપ્ત છે. દરેક પર્યાયમાં એ ગુણ હોય છે એટલું. એવો જે પૂર્ણજ્ઞાનઘન ચૈતન્ય એને જે શ્રદ્ધે છે એને સમ્યગ્દર્શન હોય છે અને એ પરોક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.'** આહા..હા..! આખી પૂર્ણજ્ઞાન વસ્તુ એ શુદ્ધનયમાં પ્રત્યક્ષ ક્યાં થાય છે? કારણ કે પ્રમાણ પોતે છે એ પરોક્ષ છે, તો એનો અંશ જે નય એ પણ પરોક્ષ છે. સમજાણું કાંઈ? તો નીચે શુદ્ધનય પૂર્ણજ્ઞાનઘન આત્માને પરોક્ષ રીતે શ્રદ્ધે છે, પ્રત્યક્ષ નથી એને. સમજાણું કાંઈ? અનુભૂતિની અત્યારે વાત નથી લેવી. અહીં તો અત્યારે જ્ઞાનની વાત લેવી છે. આહા..હા..! હવે આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ. માણસને લૂખોલહ લાગે. ડાહ્યાભાઈ! આહા..હા..!

**'આ વ્યવહારી છદ્મસ્થ જીવ...'** હવે લે છે. છે ને? આ વ્યવહારી છદ્મસ્થ જીવ છે ને? એ ક્યાં પૂર્ણ કેવળજ્ઞાન પામ્યો છે. **'જીવ આગમને પ્રમાણ કરી,...'** ભગવાનના શાસ્ત્રો છે તેનું જ્ઞાન અને પ્રમાણ લક્ષમાં લઈ **'શુદ્ધનયે દર્શાવેલા...'** શુદ્ધનયે દેખાડેલાં **'પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે...'** છે? આત્મા પૂર્ણજ્ઞાનઘન એની શ્રદ્ધા કરે. **'તે શ્રદ્ધાન નિશ્ચયસમ્યગ્દર્શન છે.'** છે? આહા..હા..! **'વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી,...'** ભગવાને કહેલા આગમ છે. આત્મા પૂર્ણજ્ઞાનઘન છે એમ એણે આગમથી જાણ્યું. સમજાય છે કાંઈ? સીધું પ્રત્યક્ષ (નથી જાણ્યું), આગમથી (જાણ્યું છે). અને તે **'શુદ્ધનયે દર્શાવેલાં...'** આગમથી પ્રમાણ કરી **'શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે...'** આહા..હા..! આ ઘરે વાંચવું પાછું. શેઠ!

**શ્રોતા :-** એકલા વાંચે તો સમજાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ કીધું અત્યારે એ તો સમજાય ને કે કઈ રીતે કહેવાણું છે. પરોક્ષ શ્રુતને કીધું તો નયને પરોક્ષ કેમ કીધું? પરોક્ષ હોવા છતાં એ પૂર્ણજ્ઞાનઘન એવો પ્રભુ એને એ માને-શ્રદ્ધે છે એમ આવી જવું જોઈએ. ભાવમાં એને ખ્યાલમાં આવવું જોઈએને. એમ ને એમ ધારી લેવાની વાત નથી, આ તો ભાવમાં ભાસન થવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે...'** તો શુદ્ધનય પણ **'અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.'** એમ. **'આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચયસમ્યગ્દર્શન છે.'** આહા..હા..!

આજનો વિષય જરી ઊંચો છે? પણ આ તો સાદું છે ને. થોડા પ્રકાર પડે એટલે .. વાતું. પ્રત્યક્ષ અને પરોક્ષ, વળી પૂર્ણજ્ઞાનઘન, વળી સર્વ પર્યાયમાં વ્યાપ્ત; પણ એ તો ગુણની વ્યાખ્યા કરી. સમજાણું? એમાંથી એકરૂપ શુદ્ધનય છે તે પૂર્ણજ્ઞાનઘન આત્માને શ્રદ્ધાન કરે. **'શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચયસમ્યગ્દર્શન છે.'** આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત...'** એકલા વ્યવહારનયના વિષયભૂત **'જીવાદિક ભેદરૂપ તત્ત્વો...'** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર વગેરે **'ભેદરૂપ તત્ત્વોનું...'** ભેદરૂપ તત્ત્વોનું **'જ શ્રદ્ધાન રહે...'** આહા..હા..! એકલો જ્ઞાયકભાવ અને એની સાથે નવતત્ત્વને ભેળવે. કહ્યું હતું ને પહેલું તે દિ'? નિયમસારમાં. ભાઈ? અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહારસમ્યગ્દર્શન છે. જુઓ, કેટલી વાત કરી છે! એ તો વળી ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવ છે. એકલો જ્ઞાયકભાવ એ અંતઃતત્ત્વ, જ્ઞાયકભાવ અને પર્યાય છે એ બાહ્ય તત્ત્વ છે. ચાહે તો સંવરની પર્યાય હોય, નિર્જરાની પર્યાય હોય, જ્ઞાનનો અંશ ઉઘાડ (હોય) એ બધા પર્યાય છે એ બહિર્તત્ત્વ છે, તો અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ બેની શ્રદ્ધા એ વ્યવહારસમ્યગ્દર્શન છે. નિયમસારમાં છે. શું છે આ? સમયસાર છે. છે ને?

તત્ત્વો—બહિરતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ. બહિર્તત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એ બે ભેદોવાળા તે વ્યવહારસમકિત છે. ભેદ બે પાડ્યા છે. બહિરતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા બે ભેદવાળાં અથવા બે પ્રકાર પાડ્યા છે. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ ભેદોને લીધે સાત પ્રકારના છે. તેમનું-આપ્તનું, આગમનું અને તત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમકિત છે, વિકલ્પ રાગ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શન નથી.'** એને સાચું સમ્યગ્દર્શન નથી. જ્ઞાયકભાવ પૂર્ણ એક અંતઃતત્ત્વ પરમાત્મા અને એની સાથે બીજો કોઈપણ પર્યાય ભેળવીને નવતત્ત્વને ભેળવીને, પર્યાય ભેળવીને શ્રદ્ધા (કરે) એ વ્યવહારસમકિત છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ આવ્યું,

સ્વચ્છંદ મતિ આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખ્યું કારણ ગણી પ્રત્યક્ષ.

એ ઓલું સમકિત પ્રત્યક્ષ... એ વ્યવહાર કીધો ત્યાં અને અહીં તો વ્યવહાર આ કે ત્રિકાળી પરમાત્મતત્ત્વ અંતઃતત્ત્વ-અંતઃતત્ત્વ વસ્તુ જે છે આખી નિરાવરણ નિર્દોષ પૂર્ણ અને એની સાથે કોઈપણ એક પર્યાયને ભેળવીને શ્રદ્ધા કરવી એ વ્યવહાર-રાગ છે. વ્યવહાર શ્રદ્ધા એટલે એ રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં**

**સુધી નિશ્ચયસમ્યગ્દર્શન નથી.'** તેને સાચું સમ્યગ્દર્શન-સત્યદર્શન નથી. આહા..હા..! **'તેથી આચાર્ય કહે છે કે એ નવતત્ત્વોની સંતતિને (પરિપાટીને) છોડી...'** એ નવ— આ જીવ, અજીવ, પુણ્ય ને (પાપ), આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, (મોક્ષ). **'શુદ્ધનયનો વિષયભૂત...'** શુદ્ધનયનો ધ્યેય જે આખો વિષય **'એક આત્મા જ અમને પ્રાપ્ત હો;...'** લ્યો! સમજાણું કાંઈ? શુદ્ધનયે પરોક્ષ છે. આગમથી પ્રમાણ કરીને શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણનું શ્રદ્ધાન કરે તે શુદ્ધનયના વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મા જ...'** એમ શબ્દ છે ને? **'શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી.'** આહા..હા..! બીજી કોઈ ચાહના જ-અભિપ્રાય જ નથી, કહે છે. અમારે તો એક ભગવાન પૂર્ણજ્ઞાનઘન (તે જ હો). ઓહોહો..! ધીરાનું કામ છે ભાઈ આ! પૂર્ણજ્ઞાનઘન એવો જે શુદ્ધનયનો વિષય એ એક જ અમને પ્રાપ્ત હો. આહા..હા..! હવે જરી એકદમ 'એક જ આત્મા પ્રાપ્ત હો' એમ કહ્યું તો એમાં બીજી પર્યાયો છે એ વાત રહી જાય છે. ત્યારે કહે છે એમ કેમ માગણી કરી? એવી ભાવના કેમ રહી?

**'આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...'** અંતરમાં એકાગ્ર થઈને વીતરાગતા થાય એની ભાવના છે. એક જ છે અને પર્યાય નથી એમ એકાંત નથી. પર્યાય નથી એમ નહિ. અહીં તો એકરૂપ દ્રવ્ય જ પ્રાપ્ત થાઓ. પર્યાય-બર્યાય જેને ભેદ વસ્તુ છે જ નહિ. એ તો વીતરાગપણાની પ્રાર્થના માટે એકપણે પ્રાપ્ત થાઓ એમ કહ્યું, પણ સર્વથા એક જ છે અને પર્યાય નથી એમ જો થાય તો તો મિથ્યાત્વ થઈ જાય છે. પર્યાય નથી પર્યાયમાં હોં! દ્રવ્યની સાથે પર્યાય નથી એ વાત નહિ. (કારણ કે દ્રવ્યમાં તો પર્યાય છે જ નહીં.) આહા..હા..! શું વળી એ કહ્યું?

**'એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી.'** ઓહોહો..! એકલો મેસુબ છે. મેસુબ કહે છે ને? મેસુબ નથી કહેતા? મેસુબપાક. આહા..હા..! પંડિતોએ પણ કામ કર્યા છે ને! સ્પષ્ટ વાત આમ દીવા જેવી, સૂર્ય જેવી દેખાડે છે. આહા..હા..! પરોક્ષ કહ્યું, શ્રુતપ્રમાણને પરોક્ષ કહ્યું, શુદ્ધનયને પરોક્ષ કહ્યું અને એનો વિષય પૂર્ણજ્ઞાનઘન કીધો એ જ્ઞાનઘન સર્વ પર્યાયમાં વ્યાપે તેને જ્ઞાનગુણ કહેવો છતાં પર્યાયનો વિષય એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...'** એટલે? અમને એકરૂપ થાઓ એટલે વીતરાગતા પ્રગટ થાઓ એમ પ્રાર્થના છે. **'કોઈ નયપક્ષ નથી.'** એકલો નિશ્ચયનો જ પક્ષ છે અને એકલો જ છું એમ નથી. સમજાણું કાંઈ? પર્યાય નથી જ બીજો પક્ષ વ્યવહારનયનો, ગુણભેદ નથી જ એમ નથી. ફક્ત એક અમને પ્રાપ્ત થાઓ અને વિષય એક જ છે એનો એટલે વીતરાગતાની પ્રાર્થના છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નહિતર એક જ

પ્રાપ્ત થાઓ તો એક નયનો પક્ષ અને બીજી નય છે જ નહિ જાણે. પર્યાય જ નથી, ગુણભેદ પણ નથી અને નવતત્ત્વ પણ નથી. પણ અહીંયાં તો અમને વીતરાગપણું પ્રગટ થાઓ એ વાત છે. વીતરાગ થયા પછી ભેદાભેદને જાણે એ તો એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સાતમી ગાથામાં આવી ગયું છે. ભેદાભેદને વીતરાગ થયા પછી ભેદને જાણે, પણ જ્યાં સુધી રાગી પ્રાણી છે એ ભેદ ઉપર લક્ષ કરશે તો રાગી છે માટે રાગ થાશે. ભેદને જાણે માટે રાગ થાશે એમ નહિ, આહા..હા..! પણ રાગી છે એટલે ભેદના લક્ષે રાગ થાય છે. એટલે જ્યાં સુધી અભેદ કરીને પૂર્ણજ્ઞાન વીતરાગ ન થાય ત્યાં સુધી અભેદનો આશ્રય કરાવ્યો છે. સમજાણું કાંઈ? પણ ભેદ નથી જ કાંઈ વસ્તુ એમ નથી. વીતરાગતા... વીતરાગતા પ્રગટ થઈ એ વીતરાગની પ્રાર્થના છે. એકલો શુદ્ધનયનો પક્ષ જ છે એમ નથી અને બીજું નથી એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ભાવાર્થમાં આટલું ભર્યું છે. આહા..હા..!

એ શું કહ્યું? કે '**નવતત્ત્વોની સંતતિને (પરિપાટીને) છોડી...**' પર્યાયના ભેદોને છોડી '**શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...**' એકપણામાં આવવું અને ભિન્નપણું છૂટી જવું એ વીતરાગની પ્રાર્થના છે. વીતરાગપણું પ્રગટ થાય એ માટે વાત છે, પણ ભેદરૂપ વસ્તુ જ નથી અને આ એક જ અમને પ્રાપ્ત થાઓ એટલે એક જ વસ્તુનો વિષય છે તે જ છે એમ નથી. આહા..હા..! '**બીજું કાંઈ ચાહતા નથી.**' એટલે કે બીજી ચીજ છે ખરી. પર્યાયો નથી? ભેદ નથી? નવ તત્ત્વ નથી? પણ અમે તો વીતરાગ એકપણામાં રહેવા માગીએ છીએ. એ વીતરાગપણાની ભાવના છે અમારી. એથી કરીને એક જ શુદ્ધનયનો વિષય છે તે જ વસ્તુ છે અને બીજી પર્યાય ભેદ નથી, તો તો મિથ્યાત્વ થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એમ મિથ્યાત્વ થઈ જશે માટે સમકિતમાં પાછો દ્રવ્યની સાથે પર્યાય લઈને સમકિત નિશ્ચય (માને તો) એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હરિભાઈ! એવો તો વીતરાગ માર્ગ તો જુઓ! ઓહોહો..! જિનેશ્વરનો પંથ તો જુઓ! આહા..હા..! એના જ્યારે શ્રુતજ્ઞાનના પડખાં અને કેવળજ્ઞાનમાં (કેવળીઓ અને), આહા..હા..! એ શ્રુતકેવળીઓ કહેતા હશે. જેની શક્તિઓનો અપાર વિકાસ થઈ ગયો છે, આહા..હા..! એ આનું જ્યારે વર્ણન કરતાં હશે. ગંભીર પેટ ખોલતા હશે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**અહીં કોઈ પ્રશ્ન કરે કે આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?**' આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?

'**સમાધાન :- ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે;...**' સમજાણું કાંઈ? ઓલું કીધું હતું ને? પૂર્ણજ્ઞાનઘન છે આત્મા. '**ચૈતન્યમાત્ર તો**

**નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યકૃત્વ સિદ્ધ થઈ જશે.'** એમ નહિ. **'તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...'** ભાષા જોઈ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા, એની **'વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું...'** આહા..હા..! **'શ્રદ્ધાન થવાથી જ નિશ્ચયસમ્યકૃત્વ થાય છે એમ સમજવું.'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## પોષ સુદ-૩, રવિવાર, તા. ૦૪-૦૧-૧૯૭૬, શ્લોક-૬, પ્રવચન નં. ૩૫

જીવ-અજીવ અધિકાર, છઠ્ઠો શ્લોક છે. ઓલા બધા કહે ખુશી થયા છીએ. ફરીને લઈએ. કોઈ બોલ્યું નહિ પણ વિચાર સાંજનો હતો. કીધું, કોઈ બોલે છે? છઠ્ઠો.

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

એનો શ્લોકાર્થ. **'अस्य आत्मनः'** જુઓ, જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંત કાળમાં એણે પરિભ્રમણમાં કદી સમ્યગ્દર્શન કેમ થાય એ સમ્યગ્દર્શનની ખબર નથી એને. સમજાણું કાંઈ? અનંત-અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં, આત્મા તો અનાદિનો છે, એ ચોર્યાસીની યોનિમાં અનંતવાર જન્મ-મરણ કરીને દુઃખી છે. દુઃખી છે એ આ પૈસાવાળા કહેવાય છે ને ધૂળના ધણી. પાંચ-પચાસ લાખ ને બધા દુઃખી છે બિચારા. આત્માના આનંદના ભાન વિના એ પ્રાણી રાજા, રંક કે દેવ બધા દુઃખી છે, એને ભાન નથી. દુઃખ છે કે નહિ એની પણ એને ખબર નથી. આહા..હા..! કેમકે આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, સચ્ચિદાનંદસ્વરૂપ છે આખું. એવા આત્માના ભાન વિના એ ચોર્યાસીમાં અનંત અવતાર કરી ચૂક્યો છે એ. દુઃખના-દુઃખના અવતાર. હવે એને સમ્યગ્દર્શન કેમ થાય એની વાત છે આ. એ આનંદમૂર્તિ પ્રભુ આત્મા એનું એને ભાન, અનુભવ, સમ્યક્ સુખનો પંથ કેમ થાય એ વાત છે. પુસ્તક આવી ગયા લાગે છે? હીરાલાલ આવી ગયા? આ બધું તમારા માટે ફરીને

લીધું છે-આ બધા ભાવનગરવાળા માટે. છે પુસ્તક આપ્યું? ઘણાં નવા આવ્યા છે ને જરી. જરી આ શ્લોક સમજવા જેવો છે. ઘણો જ અમૂલ્ય છે. સમજાણું કાંઈ?

'**આ શ્લોકમાં નિશ્ચયસમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :-**' એટલે? કે આ શ્લોકમાં આ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદઘન કેવડો કેમ છે તેની પ્રતીત કેમ થાય? અને એ પ્રતીત એટલે સમ્યગ્દર્શન—ત્રિકાળી સત્ય વસ્તુનું સત્ય દર્શન—સત્ય પ્રતીતિ એનો આ અધિકાર છે કે જે ધર્મની શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ? '**આ આત્માને...**' '**अस्य आत्मनः**' છે ને? '**अस्य आत्मनः**'. 'આ' અસ્તિ બતાવે છે. આ હયાતી મોજૂદગીવાળું તત્ત્વ છે ભગવાન. ભગવાન એટલે આત્મા. '**अस्य आत्मनः**' '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો)...**' અનેરા પદાર્થ છે. આત્મા સિવાય અન્ય આત્માઓ, અન્ય રજકણો છે. એનાથી જુદો જીવને દેખવો અંદર. છે? અન્ય દ્રવ્ય નામ પદાર્થો. એનાથી જુદો શ્રદ્ધવો.

'**एतत् एव नियमात् सम्यग्दर्शनम्**' બહુ ટૂંકું. ભગવાન આત્મા અસ્તિ છે, મોજૂદગી છે, હયાતીવાળું તત્ત્વ છે. બીજા હયાતીવાળા આત્માઓ અને શરીરાદિ બીજા તત્ત્વોથી આને જુદો દેખવો. બીજામાં ભેળવીને દેખવો એમ નહિ. સમજાણું કાંઈ? અનાદિથી એને રાગવાળો, દયાવાળો, પુણ્યવાળો, આ પુણ્યના પૈસા મળે ધૂળના કાંઈક પાંચ-પચાસ લાખ એ વાળો, એમ અન્ય દ્રવ્યવાળો એણે માન્યો છે એ મિથ્યાભ્રમ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એને અન્યદ્રવ્યોથી-અનેરી ચીજથી જુદો શ્રદ્ધવો. '**एतत् एव नियमात् सम्यग्दर्शनम्**' એ સમ્યગ્દર્શન છે. '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' એટલે તે નિશ્ચયથી સત્યદર્શન છે. જેવું સત્ય સ્વરૂપ છે ત્રિકાળ જ્ઞાયકભાવ, સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ એવું સ્વરૂપ એનું છે. એ શાશ્વત છે તેવું એને પ્રતીતમાં આવે ત્યારે નિયમથી સત્યદર્શન-સમ્યક્પ્રતીતિ- સમ્યક્ અનુભવ કહેવામાં આવે છે.

'**કેવો છે આત્મા? પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપનારો છે.**' એ શું કહે છે? કે આ આત્મા છે એનામાં જ્ઞાન-દર્શન-આનંદ એવી શક્તિઓ-ગુણ છે અને એની વર્તમાન અવસ્થા છે-હાલત-દશા, તો એ આત્મા, અનંત ગુણો, અનંત ગુણ છે અને એની વર્તમાન અનંતી પર્યાય છે, વિકારી કે અવિકારી, એમાં એ વ્યાપેલો-રહેલો છે. આહા..હા..! એ '**પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપનારો...**' એટલે વ્યાપીને ટકીને રહેલો છે. પોતે વસ્તુ છે ભગવાન આત્મા અને એની શક્તિઓ-ગુણ અને એની અવસ્થાઓ એમાં એ રહેલો છે, પરમાં નથી રહેલો. સમજાણું કાંઈ?

કેવો છે? હવે એવો છે એને '**શુદ્ધનયથી એકપણામાં...**' શુદ્ધનયથી એકપણામાં '**નિશ્ચિત કરવામાં આવ્યો છે.**' આહા..હા..! એવી ત્રિકાળી ચીજ છે એની શક્તિ પણ.. શક્તિ કહો કે સ્વભાવ કહો કે ગુણ કહો. જેમ સાકરમાં ગળપણ આદિ (છે), એમ આત્મામાં જ્ઞાન, દર્શન આદિ એ શક્તિઓ અને એની અવસ્થાઓમાં વ્યાપનારો હોવા છતાં શુદ્ધનયથી તેને

એકરૂપે બતાવ્યો. શુદ્ધનયના નિશ્ચયસમ્યગ્જ્ઞાન એ દ્વારા એને એકપણામાં નિશ્ચિત (કરી બતાવ્યો). એકરૂપ ત્રિકાળ છે, જેમાં ગુણ-ગુણીના ભેદ પણ નહિ અને જેમાં અવસ્થાઓનો પણ ભેદ નહિ. આવી વાત શું હશે! બાપુ! આ માર્ગની રીતિ જુદી છે. દુનિયાએ ધર્મ માની લીધેલો છે એ ધર્મ નથી. સમજાણું કાંઈ? એ આત્મા પોતાની શક્તિઓ અને એની દશાઓ એમાં રહેલો છે, વ્યાપેલો છે. એનું પૂર્ણ સત્ત્વ એટલું છે. હવે એમાંથી શુદ્ધનયે એને એકપણે બતાવ્યો. એકરૂપ ત્રિકાળી આનંદનો નાથ જ્ઞાયકભાવ એમ શુદ્ધનયે તેને પૂર્ણ એકરૂપ બતાવ્યો, ભેદ નહિ. છે ગુણ અને પર્યાયના ભેદમાં, પણ શુદ્ધનય યથાર્થ જ્ઞાન એને એકપણાને બતાવ્યો. 'ત્રિકાળ જ્ઞાયકભાવ છું' એમ બતાવ્યો. સમજાણું કાંઈ?

**'વળી કેવો છે? પૂર્ણજ્ઞાનઘન છે.'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે ને ચૈતન્ય? જાણનાર છે ને એ? જાણનાર છે ને? એ જાણનાર પૂર્ણજ્ઞાનઘન છે. એ પૂર્ણજ્ઞાનઘનસ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જાણકશક્તિ છે, જ્ઞ-સ્વભાવ છે, સર્વજ્ઞ સ્વભાવ છે. જ્ઞ-સ્વભાવ વસ્તુ પોતે જાણકસ્વભાવ છે. જાણકસ્વભાવ છે તે સર્વજ્ઞ સ્વભાવ છે. સર્વજ્ઞસ્વભાવ છે તે પૂર્ણજ્ઞાનઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! આહા..હા..!

એ પૂર્ણજ્ઞાનઘન છે. પૂર્ણ જ્ઞાનનો ઘન-પિંડ આખું જ્ઞાનનું સત્ત્વ છે. સત્ જે પ્રભુ આત્મા એનું જ્ઞાનઘન સત્ત્વ છે. સત્ત્વ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલું સમ્યગ્દર્શન તેટલો આત્મા છે. હવે શું કહ્યું એ? કે જે પૂર્ણજ્ઞાનઘનસ્વરૂપ એકરૂપ છે એનો સમ્યગ્દર્શનનો ભાવ પ્રગટ કરતાં તે સમ્યગ્દર્શનની દશા આત્માના પ્રમાણમાં છે. એ આત્માના પરિણામ છે, આત્માની દશા છે, એ કંઈ પરની દશા નથી.

**'આચાર્ય પ્રાર્થના કરે છે...'** આહા..હા..! શું શ્લોક મૂક્યો છે! જેમ ઓલી છઠ્ઠી ગાથા, છઠ્ઠીના લેખ એવો આ છઠ્ઠો કળશ છે. આહા..હા..! **'જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.'** જેટલો આત્મા છે તેટલું સમ્યગ્દર્શન છે એમ ન લેતાં જેટલું સમ્યક્ પ્રતીતિ થઈ, ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ એવી એની પ્રતીતિ નામ પરિણામમાં આ પૂર્ણ શુદ્ધ છે એવું જે ભાન થયું એ એની પર્યાય છે અને એ એના પરિણામ છે. એ પરિણામ તે સમ્યગ્દર્શન તેટલો આત્મા. એ પરિણામ તેટલો આત્મા છે. એ પરિણામથી આઘો આત્મા અને ઓછો આત્મા એમ નથી. આહા..હા..! આ શું હશે! થોડો અભ્યાસ જોઈએ ભાઈ! આ તો અનંત કાળમાં એણે ધર્મ શું છે એ પામ્યો નથી. ખરેખર તો એને ધર્મ શું છે એ સાંભળવા મળ્યું નથી. આ દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા ભગવાનની (કરો). ધૂળેય નથી એમાં. એ તો બધો રાગ છે. સમજાણું કાંઈ? અહીંયાં આત્મા સમ્યગ્દર્શન જેટલો આત્મા છે એમ કીધું ને?

**'આચાર્ય પ્રાર્થના કરે છે કે આ નવતત્ત્વની પરિપાટીને છોડી,...'** એટલે એમ સિદ્ધ કર્યું કે નવતત્ત્વ છે—જીવ છે; દયા, દાનના પરિણામ છે એ પુણ્ય છે; હિંસા,

જૂઠું, ચોરી, વિષય-ભોગ-વાસના એ પાપ છે, એ પુણ્ય-પાપ બે ભાવ નવા કર્મને આવવાનું કારણ છે, એને રોકે તો સંવર થાય છે-શુદ્ધિ, વધારે શુદ્ધિ ઊપજે તો એને નિર્જરા કહે છે, પૂર્ણ શુદ્ધિ થાય તેને મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? એવા ભાવો છે ખરાં, પણ એ '**નવતત્ત્વની પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.**' આહા..હા..! એવા ભેદરૂપે ન થતાં અમે ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ એકલો એ અમને પ્રાપ્ત હો. એ વીતરાગભાવની પ્રાર્થના છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે એ તો ઠીક પણ ભાવાર્થ બહુ સરસ છે ને. કાલે બધો વાંચ્યો હતો ને. આ તો એકલી લોજિક-ન્યાયથી વાત છે, અંતરની અધ્યાત્મની વાત છે. સમજાણું કાંઈ? હવે એ આત્મા '**સર્વ સ્વભાવિક...**' સ્વભાવિક એટલે ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ છે એની પર્યાયો-અવસ્થાઓ-હાલતો વર્તમાન... જેમ સોનું છે એની વર્તમાન કુંડળ, કડા આદિ અવસ્થાઓ છે અને સોનામાં પીળાશ, ચિકાશ એ એની શક્તિ-ગુણ છે અને સોનું તે દ્રવ્ય છે. સોનું તે દ્રવ્ય એટલે પદાર્થ, એમાં પીળાશ, ચીકાશ, વજન તે એની શક્તિ-ગુણ અને કુંડળ, કડા અવસ્થા થવી તે તેની પર્યાય-હાલત છે. આહા..હા..! એમ ભગવાન આત્મા ગુણ જે છે એની શક્તિઓ, એની જે વર્તમાન અવસ્થાઓ અને નૈમિત્તિક પોતાની અવસ્થા અને કર્મના સંગે એને નૈમિત્તિક પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, લોભ અને રાગાદિ ભાવ થાય એ નૈમિત્તિક અવસ્થા છે. નૈમિત્તિક એટલે? નિમિત્તના સંગે થયેલી નૈમિત્તિક, એનો મૂળ સ્વભાવપર્યાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ...**' ભાષા દેખો! આહા..હા..! એ આનંદસ્વરૂપ ભગવાન, એની વર્તમાન અવસ્થા એટલે જ્ઞાનની જાણવાની વગેરે અને કેટલીક કર્મના સંગે ઉત્પન્ન થયેલી દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, લોભ આદિ એ નૈમિત્તિક પોતાની અવસ્થા કીધી. એ '**ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો...**' એની શક્તિઓ અને એની વર્તમાન દશાઓ એમાં રહેનારો, એમાં વ્યાપનારો, એમાં પ્રસરનારો. છે? '**આ આત્મા...**' એવો એમાં આ આત્મા '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-**' છે તો આવો. વસ્તુ છે, પદાર્થ છે, એની શક્તિઓ છે અને એની વર્તમાન સ્વભાવિક અવસ્થા અને કેટલીક વિકારી અવસ્થા એમાં રહેલો છે એ. એ નથી કર્મમાં ગયો, નથી શરીરમાં ગયો. એ તો પોતે ભિન્ન રહેલો છે. એને '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-**' આહા..હા..! શુદ્ધનય એટલે? એ કહેશે ખુલાસો.

શ્રુતપ્રમાણજ્ઞાન છે, જ્ઞાનની પર્યાય જે અવસ્થા છે ને? એમાં શ્રુતપ્રમાણ એટલે ત્રિકાળી દ્રવ્યને જાણે, પર્યાયને જાણે એવા બધાને જાણે એનું નામ અહીં શ્રુતપ્રમાણ કહે છે. આહા..હા..! ભાઈ, ઝીણી વાત છે બાપા! એણે કોઈ દિ' સાંભળી નથી. આહા..! એ જ્ઞાનની પર્યાય જે અવસ્થા છે એ અવસ્થાને શ્રુતપ્રમાણ કહે છે. કેમ એને એ પ્રમાણ કેમ કહ્યું? પ્ર-માણ,

માપમાં. એને દ્રવ્ય અને પર્યાય બધું માપમાં એના જ્ઞાનમાં આવી જાય છે, એથી એને પ્રમાણ કહે છે. એ પ્રમાણનો એક ભાગ તેને નય કહે છે. એક ભાગ એટલે એક નય તેને ત્રિકાળને જોવે છે અને એક નય વર્તમાનને જોવે છે. એવા નયને અહીંયાં શુદ્ધનયને કહીને ત્રિકાળને જોનારની વાત શુદ્ધનય કહેવામાં આવે છે. આહા..હા..! એ શું કહ્યું ઈ? શું કીધું આ ફરીને.

આ આત્મા છે ને વસ્તુ? આત્મા છે ને? એનો જ્ઞાનસ્વભાવ છે ત્રિકાળ. જાણવું... જાણવું... જાણવું... જ્ઞાયકભાવ છે. જ્ઞાયક છે. આ જડમાં એ નથી. આ તો પરમાણુ માટી છે. એનો જાણવું... જાણવું... સ્વભાવ (છે). એની વર્તમાન પર્યાય, વર્તમાન દશા એને અહીં શ્રુતપ્રમાણ, જ્ઞાનની પર્યાયને શ્રુતપ્રમાણ કહે છે. પ્રમાણ કેમ? કે એ પર્યાય ત્રિકાળ દ્રવ્યને જાણે, વર્તમાન દશાને જાણે, રાગને જાણે, પરને જાણે એટલે બધું જાણે તેને અહીંયાં શ્રુતજ્ઞાનપ્રમાણ કહેવામાં આવે છે. એનો એક ભાગ નય છે. એક ભાગ નય છે કે જે એક ભાગ ત્રિકાળ શુદ્ધને જોવે અને એક ભાગ વર્તમાન પર્યાય રાગાદિને જોવે. સમજાણું કાંઈ? આ કાલે ચાલી ગયું છે. દાસ! આ તો લીધું પછી તમારા માટે, આ નવા જે આવ્યાને થોડાક.

**શ્રોતા** :- આવું નહોતું, આજનું નવું (આવ્યું).

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એ વખતે ચાલી ગયું હોય એ કાંઈ (ફરીને ન આવે). હજી એક વાત થોડી રહી ગઈ હતી. કઈ? આગમથી જાણે છે એ બહુ સ્પષ્ટ નહોતી થઈ. આગમથી જાણે છે લક્ષમાં રહી ગયું હતું.

એને '**શુદ્ધનયથી...**' આહા..હા..! એકપણું ત્રિકાળી જ્ઞાયકભાવ એકલો ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એને જોનારી જ્ઞાનની દશાને શુદ્ધનય કહેવામાં આવે છે. નય તે જ્ઞાનનો અંશ છે, પણ એ નયનો અંશ ત્રિકાળને-જ્ઞાયકને એકલાને જોવે માટે એને શુદ્ધનય કહેવામાં આવે છે. પૂર્ણ શુદ્ધને જોવે છે માટે શુદ્ધનય કહેવામાં આવે છે. આહા..હા..! યાદ રહેવું મુશ્કેલ આવું. જગતની મજૂરી કરી-કરીને મરી ગયો છે અનાદિથી. મજૂરી હશે આ બધી? પાંચ-દસ લાખ, વીસ લાખ, કરોડ, બે કરોડ પેદા કરે તોપણ મજૂર? મોટા મજૂર છે બિચારા. ઓલા મજૂર તો ચાર કલાક કામ કરે, આ તો બિચારો બાર કલાક. સવારે ઊઠે છથી તે રાતના આઠ સુધી. કો'ક તો વળી દસ વાગ્યા સુધી હશે. ફૂલચંદભાઈ! મજૂર મોટા. ભલે બે લાખ પેદા કરતાં હોય કે દસ લાખ પેદા કરે. મોટા મજૂર. આહા..હા..! એને આત્મા શું ચીજ છે એની ખબરું ન મળે. સમજાણું કાંઈ?

કહે છે, એવો '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-**' છે તો અનંત ગુણ અને અનંતી પર્યાયવાળો, પણ તેને ત્રિકાળને જોનારી જે જ્ઞાનની દશા એના દ્વારા એને એકપણામાં દેખાડ્યો કે એકરૂપ છે આ વસ્તુ. સમજાણું કાંઈ? '**શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...**' પાછો એક દેખાડ્યો શું? કે '**શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર**

**એક-આકાર દેખાડવામાં આવ્યો,...'** એનો ખુલાસો કર્યો. એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો એટલે શું? એમ. કે **'શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...'** એકરૂપ ચૈતન્યબિંબ પ્રભુ ધ્રુવ સામાન્ય અભેદ એક. આહા..હા..! એની વર્તમાન દશાઓ અને ગુણભેદનું લક્ષ છોડાવી અને ત્રિકાળ જ્ઞાયકમાત્ર વસ્તુ નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ એ જ્ઞાયકમાત્રને એક આકાર દેખાડ્યો. એક આકાર એટલે એકસ્વરૂપ. ત્રિકાળી એકસ્વરૂપ સામાન્ય ધ્રુવ. જેમ સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનાના જે કુંડળ આદિ કે સોનાની શક્તિઓ જે છે પીળાશ શક્તિ એ ન દેખતા, એકલું સોનું દેખવું; એમ આત્મામાં ગુણ અને પર્યાયોને ન દેખતા એકલો આત્મા ધ્રુવ, એવા સ્વરૂપને શુદ્ધનયે દેખાડ્યો. આ નિશ્ચયસમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. જે અનંત કાળમાં એણે એક સેકન્ડ પણ કર્યું નથી.

**'તેને સર્વ અન્યદ્રવ્યો...'** એ શુદ્ધનયથી એટલે જે જ્ઞાનનો અંશ જે ત્રિકાળીને જોવે તેને શુદ્ધનય કહે છે. એ શુદ્ધનય (દ્વારા) ત્રિકાળી એક જ્ઞાયકમાત્રને દેખાડવામાં આવ્યો. **'તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો,...'** અન્ય વસ્તુઓ કર્મ, શરીર, વાણી આ ધૂળ બધી ચીજ અને એના નિમિત્તે થયેલા વિકારીભાવ, એનાથી ન્યારો દેખવો. દેખવાની પર્યાય નિર્મળ, પણ દેખે ત્રિકાળને. શ્રદ્ધામાં પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી, પરવસ્તુ અને એના ભાવથી ભિન્ન પડી ત્રિકાળી જ્ઞાયકભાવમાં જોડ્યો ત્યારે નિર્મળ પર્યાય ત્યાં થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે.'** આહા..હા..! તે નિશ્ચયથી સત્યદર્શન છે કે જેવું સત્ય એકરૂપે છે એને એકરૂપે પ્રતીત કરી માટે તેને યથાર્થ સમ્યગ્દર્શન-સત્યદર્શન-સત્યપ્રતીતિ કહેવામાં આવે છે. આહા..હા..! આ ઓલા પ્રોફેસર હોય છે ને એલ.એલ.બી. ભણેલા આ બધા. મેટ્રિકના એક કલાક ભાષણ કરે, બધા સાંભળે બિચારા બેઠા કોલેજવાળા. એવું નથી હોં આ. ડાહ્યાભાઈ! ઓલા એક કલાક દીધે રાખે. પછી ઓલા બેઠા-બેઠા સાંભળે. પછી એ વખતે પૂછાઈ નહિ કાંઈ એને. એક કલાક પ્રોફેસર આવીને ભાષણ કરે. એ તો બધા ગપ્પ મારેલા હોય ભાષાના.

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું સત્ય તત્ત્વ, એને અહીંયાં ન્યાયથી કહેવામાં આવે છે, એને સાંભળનારે બરાબર ધ્યાનથી સાંભળવું જોઈએ. સમજાય છે કાંઈ? આહા..હા..! આ કોલેજ જુદી જાતની છે. વીતરાગની (કોલેજ છે).

**શ્રોતા :-** સિદ્ધ ભગવાન થવાની ફેક્ટરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધ થવાની ફેક્ટરી છે આ. આ અમારે ભાઈ નથી આપણે ઓલા? જુગરાજજી કરોડપતિ, મુંબઈમાં દુકાન છે, બેંગ્લોરમાં દુકાન છે, કરોડપતિ છે, સ્થાનકવાસી. હમણાં ચાર લાખ આપ્યા ને. જુગરાજજી, સ્થાનકવાસી છે. બાર લાખ કીધાને? બેંગ્લોરમાં મંદિર થયું એમાં ચાર લાખ એણે નાખ્યા. અહીંયાં આવી જાય. બહુ નરમ માણસ

છે. સાદા દેખો તો બે-પાંચ હજાર હશે એવું લાગે, છે કરોડપતિ. એ કહે છે.. સ્થાકનવાસી હતા. પણ અહીંયાં સાંભળીને કહે ઓહો..! ભવના અભાવ કરવાની ફેક્ટરી હોય તો અહીં સોનગઢમાં છે, બાકી ભવભ્રમણના કારણો આખી દુનિયા સેવી રહી છે. આહા..હા..!

કહે છે... હમણાં બેંગ્લોર રહ્યા હતા ને ૧૬ દિવસ. ચાર લાખ એણે આપ્યા અને એક બે કરોડવાળો છે ને ઓલો ભભુતમલ, બે કરોડ છે, એણે આઠ લાખ આપ્યા. બાર લાખનું મંદિર બનાવ્યું. ત્યાં ૧૬ દિ' રહ્યા છીએ અમે. એ તો બધી વાતું શુભભાવ છે. એ પૈસા-બૈસા ખર્ચે એમાં ધર્મ-બર્મ છે, મંદિર બનાવ્યું માટે ધર્મ (છે), એ કાંઈ છે નહિ, ધૂળેય નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સીધો ધર્મ ન થાય પણ પરંપરા તો થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ન થાય પરંપરા. લસણ ખાતા પરંપરા એને કસ્તુરીનો ઓડકાર આવતો હશે. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવતો હશે? એમ પુણ્ય કરતાં કરતાં ધર્મ થાતો હશે ત્રણકાળમાં! ત્રણકાળમાં નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે, આત્મા '**અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે.**' તે સાચું સમ્યગ્દર્શન છે. આહા..હા..! '**વ્યવહારનય...**' હવે ભેદવાળી નય. પર્યાય આદિને ભેદથી જોનારું જ્ઞાન એ આત્માને '**અનેક ભેદરૂપ કહી...**' એ આત્માને પર્યાયવાળો ને રાગવાળો ને નવતત્ત્વવાળો એવું કહી '**સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...**' વ્યવહારસમ્યગ્દર્શન અનેક ભેદે કહે છે, પણ એ સાચું છે નહિ. '**ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે,...**' આહા..હા..! ભગવાન આત્મા એકરૂપ ચૈતન્યમાં એને નવતત્ત્વના પર્યાયવાળો કહીને જે શ્રદ્ધા કરે એ વ્યવહારસમ્યક્ એટલે રાગ છે એ તો. આહા..હા..! એ ભગવાન આત્મા એકરૂપમાં નિર્મળ પર્યાયનો અંશ છે એને ભેળવીને શ્રદ્ધા કરે તોપણ એ વ્યવહારસમકિત-રાગ છે, વ્યવહારસમકિત છે, નિશ્ચય નહિ, એ રાગ છે. આહા..હા..! ભારે વાતું બાપા! આ તો સર્વજ્ઞના પેટ છે, ભાઈ! સર્વજ્ઞના અંતર કહેલા રહસ્યો છે. એને પહોંચવા માટે તૈયારી જોઈએ કેટલી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વ્યવહારનય...**' એટલે ભેદને કહેનારી નય એટલે જ્ઞાનનો અંશ, એ આત્માને અનેક ભેદરૂપ કરી પર્યાયવાળો ને રાગવાળો ને ગુણભેદવાળો ને નવતત્ત્વવાળો એમ કહીને '**સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...**' એટલે ત્યાં વ્યભિચાર આવે છે, દોષ આવે છે, ત્યાં યથાર્થ આવતું નથી. '**નિયમ રહેતો નથી.**' વ્યવહારથી સમકિત પર્યાયસહિત દ્રવ્યને માનવું અને ગુણસહિત દ્રવ્યને ભેદસહિત માનવું એમાં નિયમ સમ્યગ્દર્શન થતું નથી. ત્યાં સમ્યગ્દર્શનનો નિયમ નામ નિશ્ચય રહેતો નથી. ભેદ પડી જાય અને વિકલ્પ થાય છે એકલો, રાગ થાય છે, બસ.

'**શુદ્ધનયની હદે પહોંચતા...**' આહા..હા..! પણ જે જ્ઞાનનો અંશ ત્રિકાળીને પકડનારની

મર્યાદાએ જતાં **'વ્યભિચાર રહેતો નથી...'** આહા..હા..! તેમાં ભેદ દેખાતો નથી. એકલો અભેદ જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિ. આહા..હા..! એ શુદ્ધનયની હદ-મર્યાદા એ છે ત્યાં. વ્યવહારની મર્યાદા તો ભેદવાળી, પર્યાયવાળી, રાગવાળી માનવો ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! **'શુદ્ધનયની હદે પહોંચતાં...'** પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા નિત્યાનંદ શાશ્વત અવિનાશી વસ્તુ છે એ. આ કાંઈ આત્મા નવો થયો નથી, છે તેનો નાશ થતો નથી. નવો થતો નથી કેમકે છે. છે તેનો નાશ થતો નથી, છે તે નવો થતો નથી. છે.. છે... છે.. અનાદિઅનંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે અનાદિઅનંત આત્મા એને દેખનારો શુદ્ધનયે પહોંચતા શુદ્ધનય એને જોવે છે. એમાં વ્યભિચાર રહેતો નથી, દોષ આવતો નથી. નિયમથી સત્યદર્શન થાય છે.

**'કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા? પૂર્ણજ્ઞાનઘન છે'** આત્મા-આત્મા કહ્યો, પણ છે કેવો એનો સ્વભાવ? પૂર્ણજ્ઞાનઘન છે. જ્ઞાનનો પિંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘન ચીજ હોય છે ને મજબૂત? એમાં આંગળી પ્રવેશી ન શકે. પહેલાં તો ઘી એવા થતાં ઘી. હવે તો બધું બગાડ ભેળસેળ કરી નાખ્યું. પહેલાંના જે ઘી થાતાં શિયાળાના. ૫૦ વર્ષ પહેલાંના જોયેલા અમે ચેલારમાં તમારે. ચેલારમાં દેશી ઘી. આંગળા તો પેસે નહિ પણ તવેથો વળી જાય. તવેથો હોય ને લોઢાનો? એવું ઘી. કારણ કે ભેળસેળ વિનાનું એકલું ચોખ્ખું. કપાસિયા. કપાસિયાની વખાર ભરી હોય ને. એ વિરજીભાઈ કહેતા. એય.. ત્રિભુવનભાઈ વીરજીભાઈ કહેતા. તમારા બાપનું મોસાળ ત્યાં ખરું ને? ચેલાર. ખબર છે ને. એ તો બધી ખબર છે. ૯૨ વર્ષે ગુજરી ગયાને વકીલ? એના બાપ. એ કહેતા કે અમારી મા ત્યાં અમે રહેતા તો અમને અધમણ-પોણોમણ દૂધ હોય અને ઓલું કરીને પછી દહીં કરે ને? છાશ. માથે એકલું માખણ આવે એ આપતા. અત્યારની બાયું તો ન આપે. એ વખતે જરી સોંઘું હતું ને. એ ઉપરથી આપતા પા શેર કે દોઢ શેર. પણ એ કહે, વખાર કપાસિયાની ભરી હોય એમાં ભેંસુંને છૂટી મૂકી દે. વખારુમાં ભેસુંને છૂટી મૂકી દે ખાવા. તે દિ' તો કપાસ પણ સોંઘા. હવે બધું મોંઘું (થઈ ગયું). એના ઘી જે થાય એ એવા કઠણ હોય (કે) આંગળા તો પેસે નહિ પણ તાવેથો વળી જાય.

એમ ભગવાન આત્મા જ્ઞાનઘન છે. આહા..હા..! કે જેમાં શરીર અને વાણી, મન તો પ્રવેશ કરે નહિ, પણ જેમાં દયા, દાન અને વ્રતનો વિકલ્પ ઊઠે રાગ એ પણ એમાં પ્રવેશ કરી શકે નહિ. આહા..હા..! શું કહે છે આ? સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મની કળા જુદી છે, બાપા! એ ધર્મ શું ચીજ છે અને એના વિના જન્મ-મરણ મટે એવા નથી, મરી જાય તોય. ક્રિયા કરે ને દાન કરે ને વ્રત કરે ને ભગવાનની ભક્તિ કરે ને મરી જાય નહિ. એ રખડવાના બધા રસ્તા છે. સમજાણું કાંઈ?

આ આત્માને **'શુદ્ધનયની હદે પહોંચતા...'** પૂર્ણજ્ઞાનઘન છે એમ જાણવામાં આવે

છે કહે છે. એટલે એનો અર્થ કર્યો પૂર્ણજ્ઞાનઘનનો. **'સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે.'** આખું જગત છે અને ખાલી ભાગ છે. આવું જગત તો અમુક સ્થાનમાં છે. જડ અને ચૈતન્ય સંગ્રહાત્મક દેખાય છે આ એ તો અસંખ્ય યોજનમાં છે આવું જગત, અસંખ્ય યોજન. એ સિવાય ખાલી... ખાલી... ખાલી... ખાલી આકાશ છે જેનો ક્યાંય અંત નહિ. દશે દિશાએ ખાલી... ખાલી... ખાલી... જેમાં આ જડ ચૈતન્યનો સંગ્રહ નથી એને અલોક કહે છે. લોક અને અલોકને જાણવાની શક્તિવાળો આ ભગવાન આત્મા છે. આહા..હા..! કરનારો કોઈનો નહિ અને જાણનારો બધાને. આહા..હા..! સમજાણું કાંઈ? એ સર્વ લોકાલોક. આ તો લોકાલોકની વ્યાખ્યા કરી જરી ટૂંકી. જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એ તો પ્રભુ ચૈતન્ય સ્વરૂપ ચૈતન્ય હીરલો જ્ઞાનનો હીરો છે એ તો.

**'એવા આત્માના...'** આવા આત્માના. પૂર્ણજ્ઞાનઘનસ્વરૂપ છે એવા આત્માના **'શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.'** આવા આત્માનું શ્રદ્ધાન કરવું એનું નામ સમ્યગ્દર્શન-સત્યપ્રતીતિ-સત્યદર્શન, ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. સમજાણું કાંઈ? **'તે કાંઈ જુદો પદાર્થ નથી-'** એ સમ્યક્ પ્રતીતિ થઈ એ કાંઈ વસ્તુથી પરિણામ જુદા નથી. એના પરિણામ છે, એની દશા છે. **'આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે.'** સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી એ આત્મા જ છે. **'માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.'** કહો, સમજાણું કાંઈ?

**'અહીં એટલું વિશેષ જાણવું...'** હવે જરી ન્યાય ઝીણા આવે છે. ન્યાય નામ નિ-ધાતુ છે. લોજિક છે ને ન્યાય? ન્યાયમાં નિ છે, નિ-ધાતુ. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેમ જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. આ તમારા ન્યાય નહિ હોં! આ જજ છે ને જજ ત્યાં અમદાવાદના. ઓલા જજ છૂટી ગયા ભાઈ હોં. વજુભાઈ! એ રિટાયર્ડ થઈ ગયા. આવ્યા હતા, હમણાં રહી ગયા. અહીં છ દિ' રહ્યા. જજ. છે તો આપણા અમદાવાદના. બધા આવતા જજો આવતા ને વ્યાખ્યાનમાં આવતા. આ પણ જજ હતા ત્યાં ભાઈ. એ ન્યાય જુદા સરકારે કરેલા. આ તો સર્વજ્ઞ પરમેશ્વર, જેને સર્વજ્ઞપણું જે સ્વભાવમાં શક્તિ સર્વજ્ઞ હતી, સર્વજ્ઞ કહો કે પૂર્ણજ્ઞાનઘન કહો, એમાં અંતર એકાગ્ર ધ્યાન કરીને દશામાં સર્વજ્ઞપણું આવ્યું એના કાયદા છે આ બધા. આહા..હા..!

**'અહીં એટલું વિશેષ જાણવું કે...'** ખાસ જાણવા જેવું આમાં એ છે કે, એમ. **'અહીં એટલું વિશેષ જાણવું કે નય છે...'** એ જ્ઞાનનો જે ભાગ છે કે જે ત્રિકાળને જોવે અને એક વર્તમાનને જોવે એવો જે જ્ઞાનનો નય છે **'તે શ્રુતપ્રમાણનો અંશ છે...'** શ્રુતપ્રમાણ એટલે જ્ઞાનની પર્યાયમાં જે સ્વદ્રવ્યને જાણે, પર્યાયને જાણે, બધાને જાણે એવી જે પર્યાય છે એ શ્રુતપ્રમાણજ્ઞાન છે. શ્રુતપ્રમાણ. પ્ર-માણ જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું માપ આવી જાય-જણાઈ જાય. સમજાણું કાંઈ? શ્રુતપ્રમાણ છે એ તો પર્યાય છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે એની વર્તમાનદશા જેણે ત્રિકાળને જાણી એવી જે શ્રુતપ્રમાણ દશા એ છે પર્યાય-અવસ્થા, પણ

તે શ્રુતપ્રમાણ.. છે ને? અને એ શ્રુતપ્રમાણનો નય છે તેનો એક ભાગ છે. કારણ કે શ્રુતપ્રમાણ છે એ તો દ્રવ્ય, પર્યાય અને બધાને જાણે અને એનો એક ભાગ નય છે કે જે ત્રિકાળને દેખે. સમજાણું કાંઈ? અહીં શુદ્ધનયની વ્યાખ્યા કરવી છે ને.

શ્રુતપ્રમાણની શક્તિથી '**શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' શું કીધું એ? આહા..હા..! '**અહીં એટલું વિશેષ જાણવું કે નય...**' નામ જ્ઞાનનો જે અંશ છે ત્રિકાળને જોનાર, તે નય છે તે શ્રુતપ્રમાણનો એક અંશ છે. આખું જે શ્રુતજ્ઞાનપ્રમાણ તેનો એક ભાગ છે અંશ એટલે. '**તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' સમજાણું કાંઈ? શું કીધું? કે '**અહીં વિશેષ જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે. તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' બરાબર છે? પ્રવિણભાઈ! આ બધું તમારા માટે થઈને લેવું પડ્યું હોં! આહા..હા..! બાપુ! આવી વાત છે ને ભાઈ! અરે..! શું થાય?

જગત લુંટાઈ જાય છે આખું. ખબર નથી કે અમે શું કરીએ (છીએ)? લુંટાઈએ છીએ કે નહિ એનું પણ ભાન ક્યાં છે. એમ ને એમ આ જરી બહારમાં પાંચ-પચ્ચીસ લાખ મળ્યા અને કાંઈક નોકરી પાંચ-દસ હજાર પગારની મળી મહિને, બાયડી-છોકરા કાંઈક ઠીક થયા અને દુકાન થઈ અને છોકરા સારા રહ્યા તો હું પહોળો અને શેરી સાંકડી. આપણે કાંઈક વધી ગયા. ધૂળમાંય નથી વધ્યા, સાંભળને. મરી ગયો છો સમુકો. પરને પોતાનું માનીને જીવતી જ્યોત ચૈતન્યમૂર્તિ એની હયાતીનો સ્વીકાર ન કરતાં આની હયાતીનો સ્વીકાર કરી આને મારી નાખ્યો છે તેં! સમજાણું કાંઈ? આહા..હા..! ડોક્ટર! આહા..હા..!

અહીં હવે શું કહેવું છે? કે '**નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' એક વાત. '**તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' બે વાત. '**શ્રુતપ્રમાણ છે તે પરોક્ષપ્રમાણ છે...**' હવે અહીં પરોક્ષ સિદ્ધ કરવું છે. એ શ્રુતજ્ઞાન તે પરોક્ષ છે, એમાં આત્મા પ્રત્યક્ષ પૂર્ણ આમ પ્રત્યક્ષ ન દેખાય. કેવળજ્ઞાનમાં જેમ ભગવાન પૂર્ણજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ દેખાય, કેવળજ્ઞાન-પૂર્ણજ્ઞાન-એક જ્ઞાન-પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન એવું થતાં આત્મા પ્રત્યક્ષ દેખાય, એમ આ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ ન દેખાય.

કહે છે કે '**શ્રુતપ્રમાણ છે તે પરોક્ષપ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે;...**' એ તો ત્યાં કાંઈ બહુ સ્પષ્ટ નહોતું થયું. મેં ફરીને વાંચ્યું. મેં કીધું, આ કાલે સ્પષ્ટ નહોતું થયું. એ તો થતા આવું આવે ત્યારે આવે. એ કાંઈ ત્યાં તૈયાર કરી રાખ્યું છે? શું કહે છે એ? વસ્તુ જે છે ભગવાન આત્મા એ તો અરૂપી છે. આત્મા કાંઈ રૂપ, ગંધ, રસ, સ્પર્શ નથી એમાં તો. એ તો અરૂપી અગંધ, અરસ, અસ્પર્શ છે એ વસ્તુ અનંત ગુણનો પિંડ અરૂપી ચૈતન્યઘન છે. એ '**વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે;...**' આગમની ઉપાસનાથી જન્મ (થયો છે). આવ્યું છે ને? ભાઈ! પહેલો બોલ એ આવ્યો હતો ને? એટલે નિમિત્ત આગમના વચનો હોય છે અને એના ખ્યાલમાં આવે

કે આગમ આ કહે છે કે આત્મા પૂર્ણ શુદ્ધ છે અને શુદ્ધનય એ કહે છે. આગમ પહેલું કહે છે એ એને ખ્યાલમાં આવ્યું છે. 'સર્વજ્ઞના આગમ' પહેલી એ ભાષા છે. અજ્ઞાનીઓના કહેલા આગમો એ નહિ. સમજાણું કાંઈ? આ આગમનું પ્રમાણનું વચન આ છે કે જે ત્રિકાળ આત્મા આનંદનો નાથ પ્રભુ સર્વજ્ઞ દશાએ પ્રાપ્ત થયો, એની જે ૐની ધ્વનિ-ૐકારની ધ્વનિ નીકળી એને શાસ્ત્ર કહે છે-એને આગમ કહે છે-એને પરમાગમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! એ સર્વજ્ઞના આગમ, સર્વજ્ઞ પરમેશ્વર એના આગમ. સર્વજ્ઞના આગમ. ભાષા જુઓ! આટલું પહેલું ... અને એના વચન. સર્વજ્ઞના આગમના વચન. ત્રિકાળી જેને જ્ઞાન થયું છે સર્વજ્ઞ પરમાત્મા, એની જે ૐ ધ્વનિ ઊઠે છે અંદરથી ઈચ્છા વિના, એનું વચનથી જાણી છે કે આ પૂર્ણ અખંડ છે, જ્ઞાયક છે, તેમ પ્રત્યક્ષ જોઈને જાણી નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પરોક્ષ કેમ છે એ સિદ્ધ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરોક્ષ કેમ છે એ સિદ્ધ કરે છે.

'**વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે;...**' જોયું! સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણી છે એનાથી જાણી છે કે આ વસ્તુ પૂર્ણ શુદ્ધ છે. તે એકરૂપ છે કે અખંડ છે એ સર્વજ્ઞનું આગમથી લક્ષમાં આવ્યું છે એટલું જ નહિ. એ લક્ષમાં આવ્યું-વીતરાગે કહ્યું એ લક્ષમાં આવ્યું, પણ તે લક્ષમાં એમ આવ્યું કે આ વસ્તુ પૂર્ણ અખંડ આનંદ છે એમ લક્ષમાં હજી પરલક્ષી જ્ઞાનમાં આવ્યું. એમાં એ કહ્યું હતું એણે. શ્રીમદ્‌માં આવે છે ને? લક્ષ. 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી'. શ્રીમદ્‌માં આવે છે. ઈ આગમ છે એ સર્વજ્ઞના. સર્વજ્ઞ પરમેશ્વર. સર્વજ્ઞ કોણ છે, ક્યાં છે, એની વાણી શું છે એનો એણે નિર્ણય કરવો પડશે પહેલો. આહા..હા..!

'**સર્વજ્ઞનાં આગમનાં...**' સર્વજ્ઞના આગમનાં '**વચનથી જાણી છે;...**' ધ્વનિ સાંભળી ગુરુ પાસે તો એ સર્વજ્ઞની વાણી છે. સર્વજ્ઞની વાણી છે કે આગમ છે કે ગુરુ કહે છે એ પણ સર્વજ્ઞની વાણીથી કહે છે. કારણ કે એણે કાંઈ પ્રત્યક્ષ આત્મા તો જોયો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત કાલે રહી ગઈ હતી થોડી.

**શ્રોતા :-** બાકી રહી ગઈ હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાકી રહી તો આવી હવે.

ભાઈ! શું થાય? દુનિયા શું સ્વરૂપ છે અને શું માર્ગ છે એની એને ખબરું ન મળે અરેરે...! ક્યાં જશે? આંખ મીંચીને... આહા..હા..! આત્મા તો અનાદિઅનંત અવિનાશી છે. એ જાશે કાગડે-કૂતરે અવતાર કરશે. એ વસ્તુનું ભાન નહિ કરે અને અનુભવ શું છે એની ખબર પણ નથી. એ બધા કાગડા-કૂતરા એમાં અવતરવાના! આહા..હા..! ભલે અહીં અબજોપતિ હોય ધણી મોટા. સમજાણું કાંઈ? તિરછા, મિથ્યાત્વનું સેવન કરનારા તિરછા તિર્યંચમાં અવતરનારા. આહા..હા..! મિથ્યાત્વ છે એ આડોડાઈ છે. વાસ્તવિક તત્ત્વથી વિરૂદ્ધ શ્રદ્ધા

એની ખબર નથી એને અને એ આડોડાઈમાં એના ભવ તિર્યંચ છે કે નહિ? આ મનુષ્ય છે તો આમ હોય ઊંચા અને આ ગાય, ભેંસ આડા હોય છે આમ. એ આડોડાઈ કરેલી તે આડોડાઈમાં અવતર્યા છે એ. સમજાણું કાંઈ? મિથ્યાત્વનું ફળ પશુ કીધું હતું ને, ભાઈ! કારણ છે કહ્યું છે. મિથ્યાત્વના ચૌદ બોલ નથી? મિથ્યાત્વના. પશુ જ કહ્યા છે. એ પશુ જ છે અને પશુમાં જવાના. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...**' શું કીધું હવે? શુદ્ધનય પણ પરોક્ષ છે. જેમ શ્રુતપ્રમાણ પરોક્ષ છે તેનો અંશ પણ પરોક્ષ છે. એથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા. એટલું રાખો એક કોર હમણાં. '**સર્વ દ્રવ્યોથી જુદા,...**' એ ત્યાં રાખો. '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' બીજો ભાગ. '**પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-**' પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ. કેવળજ્ઞાન પર્યાય નહિ. પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાન. કેવળ જ્ઞાન એકલું જ્ઞાન, ધ્રુવજ્ઞાન, ધ્રુવજ્ઞાન. આત્મા જેમ ધ્રુવ છે તેમ એનો જ્ઞાનગુણ પણ ધ્રુવ છે ત્રિકાળ. '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-**' શું કીધું ઈ? ચૈતન્ય જે જ્ઞાનગુણ છે એ સર્વ પર્યાયોમાં વ્યાપ્ત છે. શું કીધું એ? ગુણ છે એ મતિ, શ્રુત, અવધિ આદિ પર્યાયમાં વ્યાપ્ત છે. એ કાલે કહ્યું હતું. ગુણ કોને કહીએ? જૈન-સિદ્ધાંત-પ્રવેશિકા. સર્વ દ્રવ્યમાં વ્યાપે અને સર્વ પર્યાયમાં વ્યાપે. એટલા ન્યાયથી-લોજિકથી વાત કરી છે. સર્વ દ્રવ્યોથી જુદા '**અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.**' એમ લેવું પાછળથી. આવશે હવે. પણ અહીં તો શુદ્ધનય જે ત્રિકાળ જ્ઞાન, ત્રિકાળી વસ્તુને જોનારી નય એ સર્વ દ્રવ્યથી જુદા. એટલું.

'**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' કોણ? એનો જ્ઞાનગુણ. હજી તો જ્ઞાનગુણ કેવડો છે એ બતાવવા (કહે છે કે) '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' એ ગુણ છે એ બધી અવસ્થામાં વ્યાપે છે. એક વાત. '**પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-**' છે. પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ છે. ચૈતન્ય ચૈતન્ય આત્મા. ચેતન આત્મા, એનું ચૈતન્ય કેવળજ્ઞાન. સાકર વસ્તુ અને એની મીઠાશ તે એનો ગુણ, એમ આત્મા દ્રવ્ય-પદાર્થ, ચૈતન્યગુણ એનો ગુણ. આવી વાતું છે બાપા! બધી ખબર છે હોં! દુનિયા ભલે પકડી ન શકે પણ વસ્તુ તો આવી છે. આ પકડ્યે એને સંસારના અંત આવે એવા છે, નહિતર મરી જાય તોય આવે એવું નથી, લ્યો! એ ક્રિયાકાંડ કરીને વ્રત ને તપ ને ભક્તિ ઈશ્વરની કરીને મરી જાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે. શું કીધું?

'**શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...**' એટલું ત્યાં રાખ્યું. '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' કોણ? કે '**પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-**' સમજાણું કાંઈ? આહા..હા..! આ તો બાપા સર્વજ્ઞના નિયમો છે, આ કાંઈ આલીદુઆલીના કથન નથી. આ સરકાર કાયદા કરે તેને દેખીને કરે બધા. બીજા જજો એના કાયદા પ્રમાણે વાતું કરે. આ તો ભગવાનના કાયદા છે. આહા..હા..!

કહે છે, આ શુદ્ધનય પરોક્ષ છે એ સર્વ દ્રવ્યોથી જુદા, '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' કોણ? '**પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાન...**' ગુણ-ગુણ. એટલે કે '**સર્વ લોકાલોકને જાણનાર,...**' એમ. પૂર્ણ ચૈતન્ય. સર્વ પર્યાયમાં વ્યાપ્ત અને પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ. એટલે શું? કે સર્વ લોકાલોકને જાણે. જેને જાણવાનો સ્વભાવ જગતના ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો એનો સ્વભાવ છે. ભગવાન ચૈતન્ય સૂર્ય છે. આત્મા ચૈતન્યના નૂરના તેજનું પૂર છે. આહા..હા..! આ રાકાંને કેમ બેસે? અહીં બે સીગારેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાનામાં દસ્ત ઉતરે. આવા તો અપલક્ષણ. હવે એને કહેવો આવો (તું છો). અને એક બાયડી જરી ઠીક મળે અને બોલે ત્યાં રાજી-રાજી થઈ જાય. આહા..હા..! ભિખારા. સમજાણું કાંઈ? બહારમાં માગે ભિખારી. અહીંથી સુખ... અહીંથી સુખ... અહીંથી સુખ... માગણ છે મોટા!

અહીં તો કહે છે કે પ્રભુ! આહા..હા..! તારો સ્વભાવ-ગુણ જે છે, આત્માનો જ્ઞાનગુણ છે એ સર્વ પર્યાયોમાં વ્યાપ્ત છે અને પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ એકરૂપ છે. પર્યાયમાં વ્યાપ્ત છે, પણ ગુણ છે તે એકરૂપ છે. આહા..હા..! આ પાગલ જેવું કહે એવું છે, હોં દુનિયા. બાપુ! તને ખબર નથી, ભાઈ! તારા કાળજા ખબર છે તું ક્યાં છો, પણ આ વસ્તુ કાંઈક જુદી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**લોકાલોકને જાણનાર,...**' હવે ત્યાં કહીને શું કીધું હવે? કે જે '**શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા,...**' હવે અહીં લેવું. '**અસાધારણ ચૈતન્યધર્મને...**' કે જે ચૈતન્યધર્મ કેવો છે? કે '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' એક વાત. '**પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-સર્વ લોકાલોકને જાણનાર,...**' અને એ અસાધારણ છે. એ એક જ ગુણ એવો છે કે જે આત્મામાં હોય છે, બીજામાં એવા ગુણ હોતા નથી. અને અનંત ગુણમાં પણ આ ચૈતન્યગુણ જે છે જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર. એવા '**અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.**' કોણ? '**આ શુદ્ધનય...**' ત્રીજી લીટીનો શબ્દ. '**સર્વ દ્રવ્યોથી જુદા, અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.**' કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! માણસપણા મળ્યા અને ઢોરને માણસપણા મળ્યા નથી, પણ એમાં માણસપણામાં જો આત્મા શું અને એનું ભાન નહિ કરે તો એ ઢોર જેવા છે. ઢોરને માણસપણું નથી મળ્યું અને આને મળ્યું એ બધા સરખા છે. કહો, અહીં તો આ વાત છે. એય.. હરિભાઈ! આ બધા મોટો-મોટા બેઠા, ડોક્ટર ને જજ ને. આ બાજુ ડોક્ટર આવ્યા છે. આહા..હા..!

ભાઈ! આહા..હા..! તું કેવડો, ક્યાં, કેટલો છો? અને તને જોનારની દૃષ્ટિ જે છે એ દૃષ્ટિને શું કહેવું? એ નય છે, કહે છે. જે નય પૂર્ણને દેખે છે. એને દેખનારને સમ્યગ્દર્શન થાય છે. એને સાચું દર્શન, સત્યદર્શન, સત્યપ્રતીતિ એને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! દિલીપ! તું આવ્યો ને બધું આવ્યું છે આવું. આહા..હા..! શું કીધું ઈ? શ્રુતપ્રમાણ

છે એ જ્ઞાનની પર્યાય-અવસ્થા. એ પ્રમાણ છે એટલે તું દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણે. માટે તેને પ્ર-માણ—પ્રમાણ. પ્રત્યક્ષ માપમાં બધું આવી જાય એના જ્ઞાનમાં. પણ એનો એક નય ભાગ છે એમાં પુરું બધું બહારનું ન આવે. એને પૂરો એક અખંડ આત્મા એ એના જ્ઞાનમાં આવે. આહા..હા..! તેથી તેને શ્રુતપ્રમાણનો એક ભાગ અંશ-નય કહેવામાં આવે છે. આહા..હા..!

હીરાલાલજી! આ એનું પુસ્તક આજે આવ્યું. આ છે ને? દસ રૂપિયે પડ્યું છે એને, સાડા સાતે આપે છે. ૮૦ હજાર કાઢ્યા હતા ને એણે? સસ્તું સાહિત્ય કરવા ૮૦ હજાર કાઢ્યા છે એણે. એમાંથી આ દસે પડ્યું, સાડા સાતે આપે છે. સમજાણું કાંઈ? આ હીરાલાલ. ૮૦ હજાર કાઢ્યા હતા ને પોર. સસ્તું સાહિત્ય માટે ૮૦ હજાર કાઢ્યા. દોઢેક લાખ થયા. શાસ્ત્રને માટે કીધું હતું. ઓલું ૧૭ હજારનું આવ્યું ને ચાંદીનું? સમવસરણ આવ્યું છે ને ચાંદીનું ૧૭ હજારનું આપ્યું. એને કીધું કે કોઈપણ હવે ચાંદીનું કરીને અહીં લાવશો નહિ. અહીં પૈસાવાળા ઘણા હોય તો ઘણા લઈને આવે. ચાંદી નાખે ક્યાં આમાં? એક તો ૧૦ હજારનું, ૧૧ હજારનું ફર્નિચર આવ્યું આગમનું. પાંચ હજારનું બીજું ઓલું પડ્યું છે, બે હજારનું બીજું આવ્યું છે, ૧૭ હજારનું આ આવ્યું છે. સભાને કહી દીધું, કોઈ ચાંદીનું કરીને લાવશો નહિ, લેવામાં નહિ આવે. જેને પૈસા ખર્ચવા હોય એને શાસ્ત્ર ઓછી કિંમતે થાય તેમાં ખર્ચવા. આવા બધામાં નાખવાની હવે જરૂર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, એ અસાધારણ ચૈતન્યને પરોક્ષ દેખાડે છે. પરોક્ષ લેવું છે ને? શ્રુતપ્રમાણ પરોક્ષ છે તો નય પણ પરોક્ષ છે. '**આ વ્યવહારી છદ્મસ્થજીવ આગમને પ્રમાણ કરી,...**' આટલું કહ્યું. સર્વજ્ઞના આગમો છે ત્રિકાળી ભગવાનના, એને પ્રમાણ કરે કે એ વાણી સત્ય છે. એને લક્ષમાં લે. આ '**આગમને પ્રમણ કરી શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે...**' પૂર્ણ આત્માનું શ્રદ્ધાન. પૂર્ણસ્વરૂપ ભગવાન પૂર્ણ એકરૂપ. '**તે શ્રદ્ધાન નિશ્ચયસમ્યગ્દર્શન છે.**' કહો, સમજાણું કાંઈ? એને શાંતિ અને સુખના પંથની પહેલી કણિકા મળી. સમજાણું કાંઈ? બાકી બધા દુઃખના પંથે પડ્યા છે. શાસ્ત્રના જાણનારા પણ જ્યાં સુધી અંતર દૃષ્ટિ ન કરે ત્યાં સુધી એ પણ દુઃખને પંથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે.

'**જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શન નથી.**' જીવ ને અજીવ ને પુણ્ય ને પાપ ને સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ બધી ભેગી વ્યવહાર ભેદવાળા એને નિશ્ચયસમ્યગ્દર્શન નથી, ખોટું દર્શન છે એને-વ્યવહાર. અસત્યાર્થ કહો કે વ્યવહાર કહો. '**તેથી આચાર્ય કહે છે કે એ નવતત્ત્વોની સંતતિને (પરિપાટીને) છોડી...**' નવના ભેદોના પર્યાયનું લક્ષ છોડી '**શુદ્ધનયનો વિષયભૂત...**' એક અખંડાનંદ પ્રભુ જ્ઞાયકભાવ ધ્રુવ એવો એક આત્મા જ અમને

પ્રાપ્ત હો. બીજું કાંઈ ચાહતા નથી.

'**આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...**' એટલે શું કહે છે? કે નવ પર્યાયો છે એને નિષેધ કરે છે અને એકલો અમને આત્મા હો. એનો અર્થ વીતરાગ ભાવની પ્રાર્થના છે. એ નવ પર્યાયો છે એ પર્યાયનો નિષેધ થઈ જાય અને એકલો આત્મા (જ છે) એમ નથી. અહીં તો વીતરાગ ભાવને માટે નવ પર્યાયનો ભેદ છોડી ને આમ (ભાવના ભાવે છે), પણ પર્યાયો નથી જ એમ એકાંત માનવા જાય તો મિથ્યાત્વ થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**કોઈ નયપક્ષ નથી. જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.**' એકલો આત્મા, એકલો આત્મા અને પર્યાય નથી જ એમ નથી. આ તો વીતરાગપણું પ્રગટ કરવા માટે એકરૂપ છું એમ કહે છે, પણ પર્યાયો નથી જ, વેદાંત કહે છે કે પર્યાય નથી એકલો કૂટસ્થ આત્મા છે એમ નથી. એમ માનવા જાય તો મિથ્યાત્વ થશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૪, સોમવાર, તા. ૦૫-૦૧-૧૯૭૬, શ્લોક-૬, ૭, ગાથા-૧૩, પ્રવચન નં. ૩૬

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૨મી ગાથાનો છેલ્લો ભાવાર્થ છે ને છેલ્લો? '**અહીં કોઈ પ્રશ્ન કરે કે-**' ત્યાંથી શરૂ છે. તમે તો મોટી બહુ વાત કરી કે આત્મા આવો ને આત્મા આવો. હવે કોઈ આત્મા એમ જ માને કે '**આત્મા ચૈતન્ય છે...**' આત્મા છે એ જ્ઞાયક ચૈતન્ય છે. જાણક... જાણક... જાણકસ્વભાવ છે. આ આત્મા છે એ જાણક, દેખવું-જાણવું એવું ચૈતન્યસ્વરૂપ છે. '**એટલું જ અનુભવમાં આવે,...**' એટલું જ એના જ્ઞાનમાં અનુભવમાં આવે '**તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?**' એટલી શ્રદ્ધા એ સાચી શ્રદ્ધા, સાચું દર્શન, સાચી પ્રતીતિ એને સાચો આત્મા હાથ લાગ્યો એમ કહેવામાં આવે કે નહિ? આવી વાત છે.

'**તેનું સમાધાન :-**' શું પ્રશ્નનું રૂપ છે? પ્રશ્નનું રૂપ શું? કે એમ એ કહે છે કે આ આત્માને તમે અનંત ગુણ ને અનંત પર્યાય ને વ્યાપેલો ને બધું બહુ કહી તમે વાત. એમાંથી

એકરૂપે શુદ્ધનય કાઢવો અને એને સમ્યગ્દર્શન, સાચું દર્શન, સાચી પ્રતીતિ અને ધર્મનો પંથ એને હાથ લાગ્યો એમ તમે કહો તો હું એમ કહું છું કે એ આત્મા ચૈતન્ય છે. હવે અનંતા ગુણ અને અનંતી પર્યાયમાં વ્યાપેલો ને એમાંથી પાછા શુદ્ધનય એકરૂપે જાણવો. શાંતિભાઈ! આવું છે. તો એટલું જ સમ્યગ્દર્શન છે કે નહિ? એને સમ્યગ્દર્શન કહેવાય કે નહિ?

'**તેનું સમાધાન :- ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે;...**' એક ચાર્વાકમત છે એ ચૈતન્ય આત્માને માનતા નથી. બાકી બીજા બધા આત્મા ચૈતન્ય છે એમ તો બધાય માને છે. '**જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે.**' આહા..હા..! ચૈતન્યમાત્ર... ચૈતન્યમાત્ર... ચૈતન્યમાત્ર... તો એ તો એમ કહે કે આ જાણક છે. જાણનાર... જાણનાર... જાણનાર તે આત્મા. એવું તો નાસ્તિક સિવાય ઘણાં માને છે બધાય. તો એ બધાને સમ્યક્ થશે. એમ છે નહિ.

'**તેથી સર્વજ્ઞની વાણીમાં...**' જુઓ, આ વસ્તુ. કેમકે આ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. ઝીણી વાત બાપુ જરી. ઓહો..! હું કોણ છું એની એને ખબર ન મળે અને જગતની માંડી બધી પડ. એ પોતે આત્મા સર્વજ્ઞ જ્ઞ-સ્વભાવ, જ્ઞ-સ્વભાવ એટલે કે સર્વજ્ઞસ્વભાવ એટલે કે એમાં અનંતા ગુણો અને પર્યાય અને પર બધાને જાણે એવી એની શક્તિ છે. સમજાણું કાંઈ? એવી શક્તિ જેને પ્રગટ થઈ છે (એ) '**સર્વજ્ઞની વાણીમાં...**' જેને એ સર્વજ્ઞપણું એની વર્તમાન દશામાં-વર્તમાન હાલતમાં, જે અત્યારે અલ્પજ્ઞ છે, બધા પ્રાણીને જ્ઞાનની દશામાં અલ્પજ્ઞ ઓછી જાણવાની શક્તિ છે, એને પૂર્ણ સર્વજ્ઞશક્તિ પ્રગટ થઈ ગઈ છે. ભગવાનને. આત્મા સર્વજ્ઞસ્વરૂપે પૂર્ણસ્વરૂપ જણાણું છે. એની '**વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...**' સર્વજ્ઞની વાણીમાં, આગમમાં એણે જોયો આત્મા, એણે કહ્યો આત્મા એવો જે આત્મા પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું. પૂર્ણસ્વરૂપ જુઓ! પૂર્ણજ્ઞાનઘન હતું ને. એકલો ચૈતન્ય-ચૈતન્ય નહિ, પૂર્ણજ્ઞાનઘન. હતો ને માથે શબ્દ? આહા..હા..!

'**સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...**' પૂર્ણ શબ્દ વાપર્યો છે. પૂર્ણસ્વરૂપ છે. આહા..હા..! શરીર પ્રમાણે લાગે. આ શરીર પ્રમાણે છે આમ તો. જેવું શરીર છે એને આકારે અંદર આત્મા છે. છે ભિન્ન, પણ એના પ્રમાણમાં છે, એમાં વળી પૂર્ણજ્ઞાનઘન. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય, દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે હાલત-અવસ્થા, એને જાણવાનો એનો સ્વભાવ-પૂર્ણ જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી...**' આહા..હા..! આમ તો બધા ઘણાં આત્મા-આત્મા તો કરે છે, નાસ્તિક સિવાય બધાય, પણ આ સર્વજ્ઞે જોયો જે આત્મા અને સર્વજ્ઞે કહ્યો જે આત્મા—અસંખ્ય પ્રદેશી, અનંત ગુણનું ધામ અને પૂર્ણ

ગુણના સમર્થવાળો. આહા..હા..! એવા આત્માનું શ્રદ્ધાન થવાથી જ. આહા..હા..! પૂર્ણ આત્માનું સ્વરૂપ-સ્વરૂપ સ્વભાવ એની શ્રદ્ધા થતાં અને એનો એને અંતરમાં વિશ્વાસ આવતાં એ પૂર્ણજ્ઞાનઘન ભગવાન આત્મા, એની એને રુચિ અને પ્રતીતિ અનુભવમાં થઈને આવતાં.. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહેવાય છે, એ નિશ્ચયસમકિત થાય છે. આહા..હા..!

જે અનંત કાળના પરિભ્રમણમાં ચોર્યાસીના અવતાર અનંત કર્યા. અનાદિનો છે. રહ્યો ક્યાં? આ રખડવામાં, ભવ કરવામાં રહ્યો—ઢોરના, માણસના, દેવના, નારકીના, કીડાના ને કાગડાના. આહા..હા..! એવા અનંત... અનંત... અનંત... આદિ વિનાનો કાળ પરિભ્રમણમાં ગયો એમાં ક્યાંય એ સમકિત પામ્યો નહિ. સમજાણું કાંઈ? એથી કહે છે કે આ તો અપૂર્વ ભગવાન પૂર્ણજ્ઞાન, પૂર્ણઆનંદ, પૂર્ણસ્વચ્છતા, પૂર્ણઈશ્વરતા. એવું પૂર્ણજ્ઞાન, પૂર્ણ આત્માનું સ્વરૂપ. પૂર્ણજ્ઞાનનું સ્વરૂપ એમ ન કહ્યું, પૂર્ણ આત્માનું સ્વરૂપ, બધાનું. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણસ્વરૂપ ભગવાન. જ્ઞાને પૂર્ણ, જાણવાએ પૂર્ણ, શ્રદ્ધાએ પૂર્ણ, ત્રિકાળી શક્તિ આનંદ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ, એની સ્વચ્છતાની નિર્મળતાથી ભગવાન પૂર્ણ, એની ઈશ્વર શક્તિથી દરેક પૂર્ણ, આહા..હા..! એની શાંતિથી શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતરસ એનાથી પૂર્ણ, આહા..હા..! એની પર્યાયને કરે એવો જે કર્તાગુણ એનાથી પૂર્ણ, આહા..હા..! એનું જે કાર્ય થાય આનંદ આદિ એવું જે કર્મ, એ કર્મગુણથી પૂર્ણ, આહા..હા..! ચંદુભાઈ! આવી વાતું છે, ભાઈ! આ તો જન્મ-મરણ મટાડવાની ચીજ શું એ બહુ આકરી વાત છે. આહા..હા..! એનો કરણગુણ પણ પૂર્ણ છે. જે સાધન થઈને નિર્મળ દશા પ્રગટ થાય છે એનો કરણગુણ છે એ પણ પૂર્ણ છે. આહા..હા..! અને એ પોતે નિર્મળ દશા કરીને પોતે રાખે એવો એનામાં એક સંપ્રદાન નામનો ગુણ પણ પૂર્ણ છે. આહા..હા..! કાંતિભાઈ! આવી વાતું છે, બાપા! આ ઈંજેક્શન જુદી જાતનું છે, આ ડોક્ટરનું (નહિ). આહા..હા..!

'**સર્વજ્ઞની વાણીમાં...**' અહીં વજન છે જરી. કેમકે એણે જાણ્યું અને એને જે વાણી આવી. આહા..હા..! સર્વજ્ઞ—ત્રણકાળ, ત્રણલોક જેણે જોયા એવો જ એનો સ્વભાવ આત્માનો છે એવો પ્રગટ્યો. આહા..હા..! સર્વજ્ઞની વાણીમાં... સર્વજ્ઞ થાય તેને ઈચ્છા હોતી નથી, પણ વાણી નીકળે ૐ ધ્વનિ. ૐ એવો ધ્વનિ ઊઠે. એ વાણીમાં '**જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...**' આહા..હા..! શબ્દ વાપર્યો છે ને એક-એક. ભગવાન આત્મા ક્ષેત્રે શરીર પ્રમાણે હોવા છતાં એની એક-એક શક્તિ પૂર્ણ છે અને એવા અનંત ગુણનું પૂર્ણ જેનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચયસમ્યક્ત્વ થાય છે...**' સાચી પ્રતીતિ, સાચો વિશ્વાસ, સાચા ધર્મના પંથની ઓળખાણ એને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ સમજવું.**' લ્યો! એ ગાથા ૧૨ પૂરી થઈ.

'**હવે ત્યાર પછી શુદ્ધનયને આધીન,...**' એટલે? જે જ્ઞાયક પૂર્ણસ્વરૂપ છે એને જોનારી જે નય એટલે જ્ઞાનનો ભાગ એ શુદ્ધનય. એટલે નિર્મળ જ્ઞાનની દશા જે આખા પૂર્ણને

જોવે, પૂર્ણને માને એવા '**શુદ્ધનયને આધીન,...**' એવો ભગવાન આત્મા પ્રગટ થાય છે કહે છે. '**સર્વ દ્રવ્યોથી ભિન્ન,...**' બીજા બધા પદાર્થો છે એનાથી જુદો '**આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે...**' આહા..હા..! આત્મ ચૈતન્યજ્યોતિ જ્ઞાનજ્યોતિ ઝળહળ જ્યોતિ. પરદ્રવ્યથી ભિન્ન શુદ્ધનયને આધીન—ત્રિકાળી સ્વભાવને આધીન તે શુદ્ધનયને આધીન પ્રગટ થાય છે. આહા..હા..! '**એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છે :-**' ચોથો શ્લોક. સાતમોને? એટલે આનો ચોથો, હોં! આનો ચોથો આવ્યો ને? આનો ચોથો છે ને. ચાર, પાંચ, છ અને સાત. ત્રણ પહેલાં કળશ ગયા શરૂઆતમાં. આ ચાર પાછળથી આવ્યા છે, ૧૨ ગાથા પછી. પહેલી ગાથા પહેલાં ત્રણ આવી ગયા અને ૧૨ ગાથા પછી આ ચાર. એમ. સમજાણું કાંઈ?

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

'**શ્લોકાર્થ :- ત્યારબાદ શુદ્ધનયને આધીન...**' એટલે પવિત્ર દૃષ્ટિને આધીન. પવિત્ર દૃષ્ટિને આધીન આખું તત્ત્વ જણાય છે. આહા..હા..! પ્રત્યક્ષ '**ભિન્ન આત્મજ્યોતિ છે...**' પ્રત્યક્ષ છે ને પ્રત્યક્ષ? પ્રત્યક્ષ એટલે ભિન્ન. જ્યોતિ, ચૈતન્ય જ્યોતિ. આ અગ્નિ ને દિવાસળીની જ્યોતિ એ તો બધી જડજ્યોતિ. આ તો ચૈતન્યજ્યોતિ. આહા..હા..! '**શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ છે તે પ્રગટ થાય છે...**' અનુભવમાં આવે છે. આહા..હા..! '**કે જે નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં...**' એ જીવ, અજીવનું જ્ઞાન, રાગાદિના ભાવ, સંવર-નિર્જરા આદિ મોક્ષની પર્યાય એમાં નવમાં વ્યાપ્ત હોવા છતાં, પર્યાય નવની છે એમાં રહેલ દેખાતો છતાં, આહા..હા..! '**પોતાના એકપણાને છોડતી નથી.**' નવમાં હોવા છતાં, એકપણું જ્ઞાયકપણું શુદ્ધ છે, અભેદ છે, એને એ જ્યોતિ છોડતી નથી. આવો ધર્મ શું હશે! આ બધા મોટા થઈને ભેગા થાય, જીવમંડળીના નાયક ને ઢીકણાના નાયક. એ સમજાય પણ ખરું. હો..હા... હો..હા થાય. એમ આ ડોક્ટર ને બધા ભેગા થાય. નથી થતાં? શું કહેવાય એ? ડોક્ટર ભેગા થઈને કાંઈક. અમારી મંડળી ભેગી થઈ હતી હમણાં. ઘણાં આવે છે, અહીં ભાવનગર ભેગા થાય છે.

**શ્રોતા :-** કોન્ફરન્સ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોન્ફરન્સ મંડળી. ભેગા થાય એમ કહે છે. નામ ભૂલી ગયો તમારું. અહીંયાં આવે છે ઘણા આવે. અમારા ડોક્ટરની મંડળી ભેગી થઈ છે.

**શ્રોતા :-** પરિષદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિષદ કે એવો બીજો શબ્દ કાંઈક કહે છે. એ તમારી ભાષા બીજી છે કાંઈક.

**શ્રોતા :-** કોન્ફરન્સ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોન્ફરન્સ પણ નહિ, મિટિંગ. મિટિંગ હશે કાં તો. અહીંયાં આવે છે મિટિંગ ભેગી થઈ છે. અમારા ઓલા કહે, વકીલોની મિટિંગ ભેગી થઈ, ઓલા ફલાણાની મિટિંગ ભેગી થઈ છે. ઘણા આવે અહીં તો વચમાં ગામ ખરું ને. આહા..હા..!

અરે..! આ વસ્તુ બીજી બાપા! શું થાય? આ વસ્તુ એણે અનંત કાળમાં એણે પરમાર્થ રીતે ખરી રીતે તો સાંભળી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન અંદર ચિદાનંદની જ્યોત પ્રભુ. ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે એનું હોવા છતાં. પાણીનો લોટો છે એ લોટામાં પાણી હોય છે, એ પાણીનો આકાર લોટા જેવો જ આકાર એનો હોય છે, પણ એ આકાર પાણીનો લોટો હોય છે ને કાશી ઘાટનો? આ કાશીઘાટનો લોટો છે આ જુઓને. એ લોટો હોય છે ને? એમાં પાણી હોય છે. એ લોટાનો આકાર જુદો અને પાણીનો આકાર છે એના પ્રમાણે પણ એ આકાર જુદો. બે આકાર એક નથી. એમ આ કાશીઘાટનો કળશો છે–આ જડ માટી ધૂળ. આનો આકાર જુદો અને અંદર જ્ઞાનજળ ભગવાન જ્ઞાન એનો આકાર જુદો છે. સમજાણું કાંઈ? કહો, હરિભાઈ! લ્યો, એ પણ ડોક્ટર છે, આ પણ ડોક્ટર છે. ઘણાં ડોક્ટર (ભેગા થયા છે).

**શ્રોતા :–** ડોક્ટરોની મિટિંગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડોક્ટરોની મિટિંગ. એ અહીં આવે છે, ભાવનગર મિટિંગ ભેગી થઈ હોય ને પાલિતાણે થઈ હોય કેટલાક મોટાઓની. અહીં આવે. રસ્તામાં ખરું ને. અને આ પ્રસિદ્ધ થઈ ગયું છે કે ભાઈ, ત્યાં જોવા તો ચાલો, શું છે ત્યાં? વળી આ મકાન થતાં લોકો જોવા બહુ આવે. કોણ જાણે કેમ થઈ ગયું! આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ! તેં તને જોયો નથી, હોં! તું કેવડો અને ક્યાં અને કેટલામાં? આકારે ભલે તારો શરીર આકારે પણ એમાં પૂર્ણસ્વરૂપ શું છે? વસ્તુ એક હોવા છતાં એની એક-એક શક્તિએ પૂર્ણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી અનંત શક્તિનું પૂર્ણ રૂપ તે આત્મા. આહા..હા..! એને નવતત્ત્વમાં આ સંવર ને નિર્જરા ને.. એટલે? જ્ઞાયક છે ને એ જાણે રાગમાં દેખાય, દ્વેષમાં દેખાય, એની શુદ્ધતાના અંશમાં દેખાય, શુદ્ધતાની વૃદ્ધિ થાય એમાં દેખાય, પણ ઓલો છે તો એકનો એક જ્ઞાયક કાયમ.. કાયમ. સમજાણું કાંઈ? એવો જે '**નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં પોતાના એકપણાને છોડતી નથી.**' કોણ? જ્યોતિ. ચૈતન્યજ્યોતિ ભગવાન આત્મા. આહા..હા..! પ્રકાશ. એ નવમાં ભેદમાં દેખાય છતાં પોતાનું એકપણું કદી છોડતી નથી. આહા..હા..! જેમ અગ્નિ લાકડાની, છાણાની, અડાયાની એવી અગ્નિરૂપ પરિણમે ને અગ્નિ? તે એ રૂપે, ભેદરૂપે થઈ દેખાય છે, છતાં અગ્નિએ અગ્નિપણું છોડ્યું નથી. અગ્નિ ઉષ્ણપણું તો કાયમ રહીને એ પણે દેખાય છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ છે, બાપા!

આ તો કોલેજ છે. આત્માની કોલેજ છે આ. આહા..હા..! કહે છે, ભગવાન અંદર

ચૈતન્યજ્યોત. ક્ષેત્ર નાનું એનો કાંઈ હિસાબ નહિ. આ સાકર નથી થાતી? શું કહેવાય? સેક્રિન. સાકર ગાંગડો આવડો મોટો હોય છતાં મીઠાશ થોડી હોય અને સેક્રિન હોય આટલી થોડી પણ મીઠાશ બહુ હોય. એટલે ક્ષેત્ર જાજું તો જ એની શક્તિ જાજી એવું કાંઈ નથી. શું કીધું ઈ? સાકરનો આવડો ગાંગડો હોય, મીઠાશ થોડી હોય અને સેક્રિન થોડી આટલી હોય પણ મીઠાશ બહુ હોય. એટલે ક્ષેત્ર મોટું તો એની શક્તિ મોટી એમ ન આવ્યું. ક્ષેત્ર નાનું છતાં એની શક્તિનું સામર્થ્ય કેટલું? એ ઉપર એની કિંમત છે. શાંતિભાઈ!

એમ ભગવાન આત્મા આ શરીર પ્રમાણે હોવા છતાં. શરીર પ્રમાણે હોવા છતાં, શરીરપણે નહિ. શરીરપણે નથી અંદર, શરીરના પ્રમાણમાં છે. જેમ લોટામાં પાણી, પાણીને આકારે પાણી છે. લોટાના આકારે પાણી છે, પણ લોટાપણે આ પાણી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમ આ કાશી ઘાટનો કળશો છે આ જડ. એને આકારે છે, પણ એ પણે નથી. શરીરપણે નથી. એ છે પણે ક્યુ એનું? કે જ્ઞાનપણું, દર્શનપણું, આનંદપણું એવાપણે એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પોતાનું એકપણું છોડતી નથી. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકભાવ સામાન્ય સળંગ પડ્યો છે એ. દરેક અવસ્થાઓ હોવા છતાં સામાન્યપણું તો સળંગ એકરૂપે પડ્યું છે. એ એકપણું એ કોઈ દિ' છોડતી નથી. આહા..હા..! ચૈતન્યજ્યોત. અરે..! આવો શું આત્મા! આવો ધર્મનો ઉપદેશ, લ્યો! ઓલા તો કહે ડોક્ટર આવા... શું કહેવાય? ઓનરરી કામ કરે. એય.. કાંતિભાઈ! પહેલાં ઓનરરી કામ કરે. વાત તો એ પણ ત્યાં કામ કરે તો આબરૂ વધે. ડોક્ટરપણું ચાલે. હોય તો ઈ. મફતનો કાંઈ ત્યાં ન જાય. મોટા ડોક્ટર પાસે જાય છે ને? મહિનો, બે મહિના, છ મહિના કામ કરે. ઓનરરી કામ કરે. ઓનરરીમાં હેતુ તો બીજો હોય. પ્રસિદ્ધિ. એટલે જુદું દવાખાનું કરે તો ચાલે. આ એવું નથી. આ તો જુદી ચીજ છે. એમાં તો લોભ રહે છે. આહા..હા..!

ભગવાન આત્માની પ્રસિદ્ધિ કરવી હોય તો એને નિર્મળાનંદ પૂર્ણસ્વરૂપ છે, આ પૂર્ણ સ્વરૂપ છે, એ અનેક દશાઓમાં વ્યાપેલો દેખાય છતાં તેનું જ્ઞાયકપણું સામાન્ય છે તે કોઈ દિ' અનેકપણું થયું નથી. આહા..હા..! અને એકપણું જે સામાન્ય છે તેની દૃષ્ટિ કરવી ત્યારે તેને પૂર્ણસ્વરૂપ પ્રતીતમાં આવે છે. એને સમ્યગ્દર્શન, સાચું દર્શન, આત્માનો સાક્ષાત્કાર એને પ્રતીતિ સાચી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા...**' કીધું ને? જેમ ઓલા છાણાની અગ્નિ, અડાયાની અગ્નિ એમ કહેવાય, પણ અગ્નિ તો અગ્નિપણે છે. એને આકારે ભલે થઈ, પણ એ આકાર અગ્નિનો છે હવે, એ છાણાનો આકાર નથી. સમજાણું કાંઈ? એમ આત્મા જ્ઞાયકસ્વરૂપ પરને જાણવા કાળે અજીવને જાણે, રાગને જાણે, દ્વેષને જાણે, શરીરને જાણે. એ જાણવાપણે એ જાણે આકાર થયો એનો, પણ છે પોતે જ્ઞાયકપણે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી સ્થિતિ કેવી? આવો ધર્મ! જ્યાં હોય ત્યાં સાંભળ્યું છે કે દયા પાળવી, આ

ડોક્ટરે આમ કામ કરવા.

**શ્રોતા :-** આવું ક્યાંય સાંભળ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવું શું હશે? બાપુ! માર્ગ એવો છે, ભાઈ! તેં સાંભળ્યો નથી. તારી જાત શું છે અને કેવડો અને કોણ છે એની તને ખબર નથી. આહા..હા..!

અગ્નિ બળવાલાયક ચીજને આકારે એ દેખાય છતાં એ અગ્નિપણે અગ્નિ રહી છે, એ લાકડાપણે થઈ નથી; એમ (જ્ઞાન) અન્ય પદાર્થને જાણવા કાળે પણ અન્યને જાણવાની પર્યાયપણે પરિણમ્યું પણ એ જ્ઞાનપણે રહીને જ્ઞાન પરિણમ્યું છે, પરપણે થઈને એ જ્ઞાન પરિણમ્યું છે એમ છે નહિ. શરીરને જાણતા, જ્ઞાન શરીરને જાણે પણ શરીરપણે થઈને જાણતું નથી, એ શરીરને જાણતા જ્ઞાનપણે થઈને જ્ઞાનને અને શરીરને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું હશે? જજમાં પણ આવા કાયદા નહિ આવતા હોય ત્યાં, નહિ? સરકારે કર્યા હોય એમાં આ નોકરી. બે હજારનો પગાર. જાવ કરો. મળે એક મહિને બે હજાર. રાજી રાજી થઈ જાય. આહા..હા..!

અહીં કહે છે, બાપુ! તારો આત્મા કેવડો કેમ એ તેં જાણ્યું નથી, ભાઈ! અને તને જાણ્યા વિના બધું આંધળું છે. બધું પરનું જાણવું એ તને મૂકીને વર વિનાની જાન. આહા..હા..! **'નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે; જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી.'** આહા..હા..! અગ્નિ ભિન્ન-ભિન્ન બળવાલાયક લાકડા, છાણા, અડાયાને આકારે દેખાય છતાં અગ્નિએ અગ્નિપણાનું ઉષ્ણપણું કોઈ દિ' છોડ્યું નથી. આહા..હા..! એમ ભગવાન આત્મા પરને જાણવા કાળે પરને જાણવાની પર્યાયપણે છે પર્યાય પોતાની, પણ જ્ઞેયાકારે જ્ઞાન થયું કહેવાય, છતાં તે જ્ઞાનપણું છોડીને જ્ઞેયાકાર થઈ ગયું છે એમ નથી. સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આવો ધર્મ. બિચારા સમજે શું આમાં? બાઈયું જરી સાધારણ સામાયિક અને પોષા કરતી હોય. એય..! ભગવાનની મૂર્તિ ને પૂજા ને જાત્રા કરે, લાખો રૂપિયા ખર્ચે એ સમજાય. ધૂળેય નથી ત્યાં ધર્મ, સાંભળને. તારા મંદિર શું લાખ કરોડ કરને. સમજાણું કાંઈ? આ મંદિરમાં દેહ મંદિરમાં ભગવાન આત્મા, એની ખબર વિના તારા બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત પૂર્ણસ્વરૂપ. આહા..હા..! એ જણાવાલાયક પદાર્થને આકારે તેનું જ્ઞાન થવા છતાં એ જ્ઞાન જ્ઞાનગુણપણે રહેલ છે, પરને આકારે થવા છતાં પરપણે થયેલ નથી. આહા..હા..!

**'એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે...'** લ્યો! **'એમ સૂત્રકાર ગાથામાં કહે છે :-'** એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવને જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... સામાન્ય એને જાણવું એનું નામ સમ્યગ્દર્શન છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે.

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

ગાથાર્થ. આ તો ૧૮મી વાર ચાલે છે સભામાં. ૧૭ વાર આ તો દરેક ગાથાનો દરેક અર્થ અને શબ્દ ૧૭વાર તો સભામાં પૂરો થઈ ગયો. આ ૧૮મી વાર ચાલે છે. એટલે આ ગાથાનો અર્થ બધું લઈએ છીએ. પહેલાં ગાથાર્થ મૂકી દેતા, ટીકા લેતા.

'**ગાથાર્થ :- ભૂતાર્થ નયથી જાણેલ...**' એટલે કે છતી શક્તિ જે ત્રિકાળ છે તેને જાણનારી નયથી જાણેલ '**જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ...**' દયા, દાન, વ્રત, ભક્તિ એ પુણ્ય પરિણામ છે-પુણ્ય છે; હિંસા, જૂઠું, ચોરી, વિષય-વાસના, આ રળવું, ભોગવવું વિકલ્પ એ બધો પાપ છે—એમાં બે થઈને એ આસ્રવ છે. પુણ્ય-પાપ બે થઈને આસ્રવ. એટલે જે ભાવથી નવા આવરણ આવે, આસ્રવ-આવવું. જેમ વહાણમાં છિદ્ર હોય તો પાણી આવે, એમ આત્મામાં આવા પુણ્ય અને પાપના ભાવ હોય તો નવા કર્મ આવરણ આવે એને અહીંયાં આસ્રવ કહેવામાં આવે છે.

'**સંવર,...**' આત્માની શુદ્ધિની પર્યાય ઉત્પન્ન થવી. શુદ્ધિની પર્યાય ઉત્પન્ન થવી-શરૂઆત એને સંવર કહે છે. શુદ્ધિની વિશેષ વૃદ્ધિ થવી તેને નિર્જરા કહે છે અને રાગમાં અટકવું, દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પમાં અટકવું તેને બંધ કહે છે. '**મોક્ષ...**' શુદ્ધિની પૂર્ણ શુદ્ધિ, શુદ્ધિની પૂર્ણ શુદ્ધિ થઈ જવી એને મોક્ષ કહે છે. '**એ નવતત્ત્વ સમ્યક્ત્વ છે.**' એટલે? **નવમાંથી એકલો જાણવો ત્રિકાળ એનું નામ સમકિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! જાણનાર..** જાણનાર નવમાંથી તારવીને એકલો જાણનાર.. જાણનાર દૃષ્ટિમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. એણે આત્મા છે તેવો બરાબર માન્યો, જાણ્યો અને અનુભવ્યો. આહા..હા..! થોડો ઘણો ભાઈ આ અભ્યાસ જોઈએ તો આ બધું બેસે, નહિતર આ તો શું કહે છે આ પણ? (એમ લાગે). આહા..હા..! દુનિયાના અભ્યાસ એલ.એલ.બી. ને એમ.એ.ના પૂંછડા મોટા વળગાડે. એય.. બિચારા વખત ગાળે. કેટલાક સંસ્કૃત ભણવામાં જ વખત ગાળે. આ .. ફલાણું ને ઢીંકણું. સંસ્કૃતમાં રાતે નહોતી વાત થઈ? ... વિજય કરીને છે. લાતુર. કેટલા શ્લોક મોઢે. શું ધૂળમાં? એ સંસ્કૃતમાં. સંસ્કાર તો આ સંસ્કૃત છે. જ્ઞાયકપણું ત્રિકાળ છે તેના સંસ્કાર નાખવા, અનુભવ કરવો એ સંસ્કૃત-સંસ્કારનું જ્ઞાન છે એને. સમજાણું કાંઈ? ટીકા. ટીકા છે ને?

'**ટીકા :- આ જીવાદિ નવતત્ત્વો...**' જીવ આદિ છે ને? એ નવ થયા ને નામ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. જીવ અને અજીવ બે પદાર્થ છે. જીવ છે અને આ અજીવ શરીર આદિ, કર્મ આદિ. બેના સંબંધમાં પુણ્ય-

પાપ, આસ્રવ અને બંધ કર્મના નિમિત્તના સંબંધમાં થાય છે અને સંવર, નિર્જરા અને મોક્ષ નિમિત્તના અભાવમાં થાય છે; પણ એ નવને નિમિત્તની અપેક્ષા આવે છે. સમજાણું કાંઈ? તે અપેક્ષાને છોડી દઈને. આહા..હા..! એકલો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકભાવ છે. પૂર્ણ પૂર્ણજ્ઞાનઘન છે તેની દૃષ્ટિ કરવી, એ પૂર્ણજ્ઞાનઘન છે તેનો સ્વીકાર કરવો, પૂર્ણજ્ઞાનઘન છે તેનો સત્કાર કરવો, સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન છે. ઓલા કહે, દેવ-ગુરુ-શાસ્ત્રને માનો એ સમ્યગ્દર્શન. જાવ. નવતત્ત્વને ભેદથી માનો એ સમ્યગ્દર્શન. હવે વ્રત લ્યો. વ્રત લઈ લ્યો. સમ્યગ્દર્શન છે, વ્રત લઈ લ્યો.

**શ્રોતા :-** સમ્યગ્દર્શનનો ઉપચાર કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દર્શનનો ઉપચાર કરે. વળી એ અમારે ચેતનજીને.. સંપ્રદાયમાં નહિ? દ્રવ્યસમકિતનો ઉપચાર કરે. આહા..હા..!

અહીંયાં ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાંથી સમજીને જેણે આત્મા અનુભવ્યો છે અને જેને અંતરમાં આનંદની દશા, અતીન્દ્રિય આનંદની રમણતાની લીનતા ચારિત્ર પ્રગટ્યું એ ચારિત્ર. ચારિત્ર એટલે કોઈ આમ નહિ. ચારિત્ર તો આત્મા અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, એનું ભાન થઈને પછી અતીન્દ્રિય આનંદમાં લીનતા (થાય), પ્રચુર આનંદનું વેદન, અતીન્દ્રિય આનંદનો જે પૂર્ણ સ્વભાવ ભગવાન આત્મામાં છે એને વર્તમાન દશામાં પૂર્ણ આનંદમાં લીનતા કરીને પ્રચુર આનંદનું વેદન થવું એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? પહેલું તો આવું સમ્યગ્દર્શન થવું જોઈએ, પછી ચારિત્ર થાય. સમ્યગ્દર્શન નથી અને પાધરા વ્રત લઈને બેસી ગયા. અપવાસ ને વ્રત ને એ બધા મીંડા છે એકડા વિનાના. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અનેકાંત સ્વરૂપ છે માટે આ સિવાય બીજું હોવું જોઈએ ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે શું? આ સિવાય બીજું શું? મિથ્યાત્વ છે. આ જ સમ્યગ્દર્શન અને એ સિવાય નહિ એનું નામ અનેકાંત છે. આ પણ સમ્યગ્દર્શન અને બીજી રીતે પણ સમ્યગ્દર્શન એમ નહિ. નવતત્ત્વમાંથી એકલો આત્મા શુદ્ધ ભૂતાર્થ કાઢવો પ્રગટ. બીજી રીતે નહિ અને આ રીતે છે એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! ઘરેથી બાયડી ન આવી હોય અને સાંભળવા આવ્યો હોય પછી ઘરે કહે શું કીધું? કોણ જાણે કાંઈક કહેતા હતા. આનું આમ છે ને આનું આમ છે. એય.. ડોક્ટર! શું સાંભળીને આવ્યા તમે? કાંઈક કહેતા હતા કે આમ છે, જ્ઞાયક છે એમાં આમ છે. નવમાં થાય છતાં એકપણું છોડતો નથી. પણ શું? અરેરે.. શું થાય? અનાદિથી આંધળે-આંધળા ચાલ્યા છે.

ભગવાન ચૈતન્ય જ્યોત છે અંદર. આહા..હા..! એવું નવતત્ત્વમાં ભૂતાર્થ નયથી એટલે કે નવના ભેદોમાંથી સાચી નયથી-ત્રિકાળ ભૂતાર્થ વસ્તુને જાણવાની જે નય છે, આહા..હા..! એના નયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે. એ નિયમ કહ્યો. એ નિયમ છે, નિશ્ચય છે. એ જ એનો નિયમ છે કે ત્રિકાળી જે નવતત્ત્વ છે ભાવ એમાંથી એકલો જ્ઞાયકભાવને જાણવો

ભૂતાર્થનયથી, છતી ચીજ જે શુદ્ધનયનો વિષય આખો અખંડ... આહા..હા..! એને જાણવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ઓહોહો..! પહેલી ગાથાઓ બધી ઊંચી બહુ. મેટ્રિકનો અભ્યાસ કરવા માટે પહેલાં... સાંભળ્યું હતું નાની ઉંમરમાં. ચોટલી બાંધે. ખેંચાય તો ઊંઘ ન આવે. હવે ધૂળ માટે મેટ્રિક જેવી સાધારણ એના માટે આટલી મહેનત. એમ આ આત્મા કોણ છે એના માટે કાંઈ નહિ. આત્મા.. આહા..હા..! ત્રણલોકનો નાથ ચૈતન્ય હીરલો અંદર છે, અનંત જેમાં ગુણોના પાસા પડ્યા છે. એ અનંત પાસા પણ પૂર્ણ પૂર્ણપણે પડ્યા છે. પાસા ઉપર હોય આ બધા પાસા એકસાથે-એકસાથે વણાયેલા એકસાથે હોય. આહા..હા..!

'**જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે...**' એમાંથી એકલા ત્રિકાળી જ્ઞાયકભાવને જાણવાથી '**સમ્યગ્દર્શન જ છે...**' આહા..હા..! સામાન્ય સ્વભાવ એકરૂપ ત્રિકાળ, જેમાં ભેદ નથી એવો જે અભેદ સ્વરૂપ ત્રિકાળ ભૂતાર્થ છતો ભાવ. આહા..હા..! એને જાણ્યે ભૂતાર્થનયથી જાણ્યે. નય ભૂતાર્થ? એ શુદ્ધનયને અહીં ભૂતાર્થનય કહેવામાં આવે છે. અથવા ત્રિકાળી વસ્તુ તે જ નય છે. ૧૧મી ગાથામાં આવી ગયું ને? '**देसिदो दु सुद्धणओ**' '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ ત્રિકાળ ભૂતાર્થ વસ્તુ. એ નય છે અને એ નયનો વિષય છે એમ ભેદ ન પાડતા એ જ પોતે નય છે. આહા..હા..! જેને જાણ્યે અનંતા જન્મ-મરણનો અંત આવી જાય અને જેને જાણ્યે અનંત અનંત આનંદની પૂર્ણ પ્રાપ્તિ જેને જાણ્યે થઈ જાય એ વસ્તુ કેવી હોય, ભાઈ! જેના ફળ તરીકે અનંત અતીન્દ્રિય આનંદ એટલે મુક્તિ (પ્રગટ થાય). જેને જાણ્યે અનંત આનંદ, અતીન્દ્રિય અનંત આનંદની પ્રાપ્તિ એ મુક્તિ, એ મોક્ષ. જેના કારણે આવી પ્રાપ્તિ થાય એ કારણ કેવું હોય, બાપુ! આહા..હા..! એ આવું કારણ છે. પૂર્ણસ્વરૂપ છે, પૂર્ણસ્વરૂપ છે. એને પૂર્ણ તરીકે અંદર જ્ઞાનમાં, પ્રતીતમાં લેવું, નિર્વિકલ્પ દૃષ્ટિએ એને પ્રતીતમાં લેવું, રાગની અપેક્ષાને છોડી દઈને, વિકલ્પનો ભેદ છોડી દઈને. આહા..હા..! ઝીણું ભારે ભાઈ!

એકલો જ્ઞાયકભાવ ઝળહળ જ્યોતિ પૂર્ણસ્વરૂપ, જેમાં રાગ તો ન આવે પણ જેમાં પર્યાય ન આવે અંદરમાં. આહા..હા..! એવો જે પૂર્ણ જ્ઞાયકભાવ ભૂતાર્થનયથી તેને જાણ્યે, આહા..હા..! '**સમ્યગ્દર્શન જ છે...**' ઓહોહો..! આ મુદ્દાની રકમની વાત છે આ. માણસે બે-પાંચ-દસ લાખ આપ્યા હોય ને આઠ આના તરીકે. પહેલાં, અત્યારે કાંઈક ટકો-દોઢ ટકો હશે. વીસ વર્ષ વ્યાજ ખાધું હોય, પછી કહે હવે મુદ્દાની રકમ તો લાવ. વ્યાજ તો ખાધા હવે. પણ મુદ્દાની રકમ છે નહિ. હાય.. હાય..! આપતા ને? આ દરબારો બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ. વ્યાજ ... વ્યાજ ઉપજાવવા ગૃહસ્થ હોય ને પૈસાવાળો. બબ્બે લાખ દરબારને આપે. આઠ આના તે દિ' હતા. હવે વધી ગયું. ટકો, દોઢ ટકો એમ કહે છે. સાંભળેલી વાત છે ને તમારી અહીં ક્યાં? બેંકમાં ત્રણ આના હતા પહેલાં, હવે આઠ આના ત્યાં થઈ

ગયા છે, કહે છે. શું કહેવાય આપે એ બેંકમાં પૈસાનું...? વ્યાજ. વ્યાજ લીધું પણ હવે મૂળ રકમ છે એ તો લાવ. અનાદિની આ પુણ્યની ક્રિયા કરી-કરીને મરી ગયા, પણ મુદ્દાની રકમ શું છે એ તો લાવ. આહા..હા..!

મુદ્દાની રકમ તો ચૈતન્યજ્યોત પૂર્ણજ્ઞાનઘન નવમાં પરિણમેલી પર્યાયપણે દેખાય છતાં જ્ઞાયકપણું એકરૂપ છે, આહા..હા..! સમજાણું કાંઈ? એને જાણ્યે, માન્યે એને સમ્યગ્દર્શન, સમ્યક્ નામ સત્યદર્શન, સમ્યક્ નામ જેવું એનું પૂર્ણસ્વરૂપ સત્ છે તે જ સત્‌ની પ્રતીતિ (થાય). આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મની શરૂઆત અહીંથી થાય છે. આ ન હોય ત્યાં સુધી થોથે થોથા બધા છે. ગમે એટલા અપવાસ કરીને મરી જાય, દાન કરે કરોડોના, મોટા મંદિરો બનાવે લાખો-કરોડો ને... સમજાણું કાંઈ? એ બધા મીંડા છે એકડા વિનાના. એય..! ત્યારે આ કરવું નહિ ને? ભાઈ! એ ભાવ શુભ હોય છે એ આવે. શુભભાવ હોં! બસ એટલું. થાય તો એને કારણે આ બધું. આ કોણ કરે? આહા..હા..! પણ એ શુભભાવ ધર્મ નહિ, સંસાર છે એ. એ પણ સંસારનો ભાવ રખડવાનો ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો રખડનાર નથી એવી જે ચીજ તેને જાણતા રખડવું મટે એવું છે. પુણ્યથી રખડવું મટે? પુણ્ય પોતે રખડાવ છે, સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોણ પુણ્ય? આ પૈસા મળે એ નહિ. જેનાથી શુભભાવ થાય અને જેનાથી પુણ્ય બંધાય અને પછી આ ધૂળાદિ મળે એ શુભભાવ પોતે સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ બધા જેમાં પડ્યા હોય ને એમાં ને એમાં મશગુલ થઈને એય.. જિંદગી ગાળે. કોણ છે તું? બાપુ! તું કોણ છો? કેવડો છો? આહા..! તારી વાત કરતાં કેવળી પણ પૂરી (વાત) કહી શક્યા નથી. સમજાણું કાંઈ? આ વાણી દ્વારા ચૈતન્યનું સ્વરૂપ કેટલું કહે? વાણી છે એ જડ છે આ તો. ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. વાણીથી કેટલુંક આવે? સમજાણું? ઈશારા આવે. આહા..હા..! ભાઈ! પૂર્ણજ્ઞાનઘન શબ્દ વાપરીને આચાર્યે એક-એક શક્તિ, એક-એક સ્વભાવ, એક-એક ગુણ પૂર્ણ છે અને એવા અનંત ગુણનું એકરૂપ પૂર્ણજ્ઞાનઘન પ્રભુ છે એને જ્ઞાનમાં લઈને એને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને, જાણીને પ્રતીત કરવી, આહા..હા..! એ સમ્યગ્દર્શન ધર્મનું એ મૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ વિના કુતો શાખા? મૂળ ન હોય ને પાંદડા અને ડાળ થઈ ઈ કોઈ કહે? એમ આ સમ્યગ્દર્શન મૂળ નથી અને ચારિત્ર અને વ્રત ને તપ થઈ ગયા? આહા..હા..!

'**જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે...**' એમાંથી એકલું સામાન્યનયથી જાણ્યે '**સમ્યગ્દર્શન જ છે (-એ નિયમ કહ્યો);...**' ઓહોહો..! વસ્તુની સ્થિતિનો નિયમ આ છે. '**કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર)નયથી કહેવામાં આવે છે...**' સંવર ને નિર્જરા ને આસ્રવ ને બંધ ને એ બધા ભેદો વ્યવહારનયની તીર્થની પ્રવૃત્તિ બતાવે છે. પર્યાય અશુદ્ધ આવી હોય, શુદ્ધ આવી હોય, પૂર્ણ આવી હોય, અપૂર્ણ

શુદ્ધ આવી હોય. અપૂર્ણ શુદ્ધ એટલે સંવર-નિર્જરા, પૂર્ણ શુદ્ધ મોક્ષ આવો હોય, બંધ રાગમાં અટકવું, વસ્તુ ભગવાન બંધરહિત સ્વરૂપ છે. એ રાગમાં અટકે છે તે બંધનું આવું સ્વરૂપ છે—એમ વ્યવહારનયથી તીર્થની પ્રવૃત્તિ અર્થે. વ્યવહારનય કહો કે અભૂતાર્થ કહો. અભૂતાર્થનયથી. જુઓને છે ને કૌંસમાં? અભૂતાર્થ એટલે વ્યવહાર, એમ. આહા..હા..!

**'તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ(વ્યવહાર)નયથી કહેવામાં આવે છે એવાં નવતત્ત્વો—જેમનાં લક્ષણ જીવ,...'** એક સમયની પર્યાય આ નવમાં. **'અજીવ,...'** અજીવ, અજીવ. અજીવનું જ્ઞાન થાય ને અહીંયાં એને અત્યારે ... **'પુણ્ય,...'** દયા, દાનના ભાવ, ભક્તિ-પૂજાનો ભાવ એ પુણ્યભાવ. **'પાપ,...'** હિંસા, જૂઠું, ચોરી, ભોગ, રળવાનો ભાવ, દુકાનને ચલાવવાનો ભાવ. ભાવ હોં! એ પાપ. આ ડોક્ટરનો ઈંજેક્શન દેવાનો, દવા દેવાનો ભાવ એ બધો પાપ. આ જજને કોર્ટમાં દલીલ દેવાનો ભાવ, સાંભળવાનો ભાવ એ બધો પાપ. હેં?, પાપ? એના ખ્યાલમાં તો વાત આવવી જોઈએ ને. આહા..! એ પાપ. એ પુણ્ય-પાપ બે થઈને **'આસ્રવ,...'** શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ પુણ્ય અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધના રાગ એ પાપ. બે થઈને આસ્રવ કહેવાય. કેમ? કે બે ભાવ નવા આવરણનું-આસ્રવ-આ (એટલે) મર્યાદાએ સ્રવવું-આવવું. પૂર્ણ કરવું આવવું એવું તો હોય જ નહિ કે તદ્દન આવરી નાખે, મર્યાદામાં (આવરે). શુભ અને અશુભભાવ એને આસ્રવ કહે. જેમ વહાણમાં છિદ્ર પડ્યું હોય તો એને લઈને પાણી અંદર આવે, એમ આત્મામાં પુણ્ય અને પાપ થાય તો એમાં નવા આવરણના પાણી આવે. કાંતિભાઈ! આહા..હા..! એ આસ્રવ કહેવાય.

**'સંવર,...'** આત્મા શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે, પૂર્ણ શુદ્ધ છે એમાંથી શુદ્ધિનો અંશ પ્રગટવો એનું નામ સંવર, પણ છે એ પર્યાય. **'નિર્જરા,...'** અશુદ્ધતાનું ખરવું, કર્મનું ગળવું અને શુદ્ધતાનું વધવું એ ત્રણેને નિર્જરા કહે છે. એમાં આ નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ થાય તે. સમજાણું કાંઈ? આ શું બધું હશે? આવી ભાષા અને આ બધું નવું ક્યાંથી કાઢ્યું? નવું નથી, બાપુ! તને લાગે છે નવું. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! તારી ચીજ એકરૂપ શું અને એ ચીજમાં દશાઓ શું થાય? એકરૂપ શું અને પછી એની દશાઓ-હાલતો શું થાય? એ તેં જોઈ નથી, ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

**'બંધ,...'** રાગ, દયા, દાનનો વિકલ્પ ઊઠે છે ને એ બંધ છે. કારણ કે ત્યાં અટક્યો છે. ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ અબંધસ્વરૂપ છે. વસ્તુ અબંધસ્વરૂપ છે. એ રાગમાં અટકે છે પર્યાયમાં એ બંધ છે. આહા..હા..! **'મોક્ષ...'** પૂર્ણ નિર્મળ દશા શુદ્ધિ થવી, પૂર્ણ શુદ્ધતા પ્રગટ થવી તેનું નામ મોક્ષ અથવા પૂર્ણ દુઃખથી મોક્ષ નામ મૂકાઈ જવું, પૂર્ણ દુઃખની રાગ-દ્વેષની દશાથી મૂકાઈ જવું અને પૂર્ણ શુદ્ધિ આનંદની પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એણે ઘરની વાતું કોઈ દિ' સાંભળી નહિ. પરઘરની માંડી બધી. સંસારની વાતું કરવા

બેઠા હોય તો ડાહ્યા-ડાહ્યાના દીકરા જાણે આમ ઉતર્યા. ઓહોહો..! આનું આમ હોય ને આનું આમ હોય ને આનું આમ હોય. તું કોણ છો? ક્યાં છો? એ ખબર છે? એ આપણને કાંઈ ખબર નથી. પણ તને તારી ખબર ન મળે? આહા..હા..!

**'આ નવતત્ત્વો-તેમનામાં...'** આ નવ પ્રકાર કહ્યા. **'તેમનામાં એકપણું પ્રગટ કરનાર...'** જોયું! એ નવ પ્રકારની ભેદ દશાઓમાં. આહા..હા..! એ નવ પ્રકારની અનેકતામાં. આમાં એકપણું કહેવું છે ને? **'તેમનામાં એકપણું પ્રગટ કરનાર...'** એવી અનેક અવસ્થાઓમાં એકપણું પ્રગટ કરનાર **'ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...'** આહા..હા..! તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, એમ. **'તેમનામાં એકપણું પ્રગટ કરનાર...'** કોણ? કે ભૂતાર્થનય. આહા..હા..! ભૂત એટલે છતો પદાર્થ-છતો. અસ્તિ... અસ્તિ.. અસ્તિ.. છતો. કાયમ ધ્રુવ સ્વરૂપે ભગવાન બિરાજે છે આ આત્મા, તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી. ભૂતાર્થનયથી એકપણું પ્રગટ કરનાર, એકપણું પ્રાપ્ત કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધનયપણે સ્થપાયેલા...'** એટલે કે ત્રિકાળી એકરૂપ છે એ રીતે રહેલા **'આત્માની અનુભૂતિ-'** એવો આત્માનો અનુભવ **'કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે'** લ્યો. એ આત્મખ્યાતિ-પ્રસિદ્ધિ. આત્મા પ્રસિદ્ધ થયો. જે અંધારે હતો, રાગની આડમાં હતો એ પ્રસિદ્ધ થયો. આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ-૫, મંગળવાર, તા. ૦૬-૦૧-૧૯૭૬,**
**ગાથા-૧૩,**
**પ્રવચન નં. ૩૭**

વેદાંત કહે છે તેમ 'પર્યાય નથી' એમ નહિ. નવેય તત્ત્વ છે, વ્યવહારનયે ભૂતાર્થ છે. એમાંથી એકલો આત્મા જ્ઞાયક.. જ્ઞાયક.. ધ્રુવ.. એ ભેદના ભાવમાં ઢંકાયેલો જે ભગવાન આત્મા એને જોતાં શુદ્ધનયનો અનુભવ થાય છે, એને આત્મખ્યાતિ કહેવામાં આવે છે, એ આત્મા પ્રસિદ્ધ થયો. નવતત્ત્વમાં આત્મા પ્રસિદ્ધ નહોતો થાતો. સમજાણું કાંઈ? દ્રવ્ય જે જ્ઞાયક પ્રકાશક ચૈતન્યમૂર્તિ એને પર્યાયસહિત જોતાં એ પ્રકાશ નહોતો થાતો, ઢંકાઈ જતો. એને એકરૂપ ચૈતન્યને જોતાં ચૈતન્યનો પ્રકાશ આત્મખ્યાતિરૂપે પ્રસિદ્ધ થાય છે કે આ આત્મા. ઝીણી વાત છે. નવના ભેદને જોતાં નવ ભેદ છે ખરાં, વ્યવહારનયે તે ભૂતાર્થ છે, પણ એ આશ્રય કરવાલાયક નથી. એમાંથી એકલો જ્ઞાયકભાવ... એ આવ્યું ને છેલ્લે?

'**તેમનામાં એકપણું પ્રગટ કરનાર...**' છે ને છેલ્લું? '**ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...**' સ્વભાવસન્મુખ થઈને એકલા ભૂતાર્થનયને જાણવાથી એકપણું પ્રાપ્ત થાય છે, ત્યાં નવનું અનેકપણું પ્રાપ્ત થતું નથી. '**શુદ્ધનયપણે સ્થપાયેલા...**' ત્રિકાળી જ્ઞાયકને જોનારી દૃષ્ટિથી થયેલાં '**આત્માની અનુભૂતિ...**' આત્માનો જે અનુભવ, આહા..હા..! '**કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે–**' આત્માની અનુભૂતિ કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે, જેમાં આત્મા પ્રસિદ્ધ થાય છે, આનંદની અનુભૂતિવાળો આત્મા પ્રસિદ્ધ થાય છે કે આ આત્મા. સમજાણું કાંઈ? નવતત્ત્વમાં રાગની ઉત્પત્તિ પ્રસિદ્ધિ થાય છે, એમાં અનાત્માની પ્રસિદ્ધિ થાય છે. આવું. એમાં એકપણે જોતાં ત્રિકાળી જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... એને જોતાં એ શુદ્ધનયનો અનુભવ થતાં તેને આનંદનો અનુભવ થાય છે અને તે આત્મખ્યાતિ છે, એનું નામ આત્મપ્રસિદ્ધિ છે, એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ!

હવે એ નવ ઊભા કેમ થયા એની વાત કરે છે. નવ. '**ત્યાં, વિકારી થવાયોગ્ય...**' જીવની પર્યાયમાં વિકાર થવાયોગ્ય. સમજાણું કાંઈ? '**અને વિકાર કરનાર–**' કર્મનું નિમિત્ત છે એ વિકાર કરનારમાં લેવું. કારણ કે આનો સ્વભાવ છે એ તો વિકાર થવા લાયક નથી. પર્યાયમાં વિકાર થવા લાયક જીવની દશા છે. એમાં કર્મનું નિમિત્ત છે એ કર્મ એ વિકારનો કરનાર છે. સમજાણું કાંઈ? કરનારનો અર્થ? વિકારી થવાયોગ્ય પર્યાય તો પોતાથી ઉપાદાનથી થઈ છે, પણ એમાં કર્મનું નિમિત્ત છે એને વિકારી થવાયોગ્યમાં નાખ્યું, નિમિત્ત.

'**વિકારી થવાયોગ્ય...**' એની પર્યાયની લાયકાત બતાવવી છે. દ્રવ્યસ્વભાવ એવો નથી. જીવની વર્તમાન પર્યાય વિકારી થવાલાયક, એમાં નિમિત્ત કર્મ. વિકાર કરનાર એ કર્મ-નિમિત્ત. '**એ બન્ને પુણ્ય છે,...**' વિકારી થવાયોગ્ય એ ભાવપુણ્ય અને કર્મનું ત્યાં નિમિત્ત છે તે દ્રવ્યપુણ્ય. અહીં ભાવપાપ થવાલાયક છે ને? પાપ થવાને લાયક જીવની પર્યાય અને કર્મનું નિમિત્ત તેને પાપ કરવામાં નિમિત્ત.

**શ્રોતા :–** એટલે એને કરનાર કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરનાર કીધો. વસ્તુ પોતે સ્વભાવમાં છે એ વિકારનો કરનાર પોતે નથી. વિકાર થવાને લાયક છે પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**વિકારી થવાયોગ્ય...**' એ જીવની પર્યાય ભાવપુણ્ય અને વિકાર કરનાર કર્મનો ઉદય દ્રવ્યપુણ્ય. વિકાર થવાયોગ્ય ભાવપુણ્ય-શુભભાવ થવાલાયક જીવ અને એનો જે કર્મનો ઉદય છે તેને દ્રવ્યપુણ્ય કહ્યું. એ કરનાર કહીને દ્રવ્યપુણ્ય કહ્યું. ઝીણી ગાથા છે આ. બધી ગાથાઓ ૧૩, ૧૪, ૧૫ બધી. સમજાણું કાંઈ? અને એ પાપના ભાવ હિંસા, જૂઠું, ચોરી, થવા લાયક તો જીવ છે, પર્યાયમાં એ લાયકાત છે. કર્મનું જે નિમિત્ત છે તેને દ્રવ્યપાપ કહીએ અને આને ભાવપાપ કહીએ. સમજાણું કાંઈ?

**'એ બન્ને પુણ્ય છે,...'** શુભભાવ-ભાવપુણ્ય થવાને લાયક જીવની પર્યાય, એથી એને જીવ કહીએ. આખો જીવ નહિ પણ એ પુણ્યને જીવ કહીએ. જીવની પર્યાય છે ને? અને કર્મનો જે ઉદય છે એને અજીવપુણ્ય કહીએ. આ જીવપુણ્ય અને ઓલો અજીવપુણ્ય. આત્મામાં પાપના થવાને લાયક ભાવ એ જીવભાવ અને કર્મનો એ ટાણે ઉદય છે તે અજીવપાપ. આહા..હા..! કર્મનો જે ઉદય છે મોહનો એ તો પાપ જ છે, છતાં અહીંયાં ભાવપુણ્યપણે-ભાવપણે પરિણમ્યો તે ભાવપુણ્ય-જીવ અને કર્મનો ઉદય છે તેને દ્રવ્યપુણ્ય કહ્યું. પછી ઉદય ગમે તે પ્રકારનો હોય એનું નહિ.

**શ્રોતા :-** કર્મનો ઉદય તે અજીવપાપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અજીવપુણ્ય પહેલું કહ્યું. એ અજીવપર્યાય એ અજીવની પર્યાય જડની એ નિમિત્ત. પહેલાં પુણ્યની વાત લીધી. બે છે ને બોલ? પુણ્યના બે બોલ અને પાપના બે બોલ. એટલે કે આત્માની પર્યાય શુભરાગરૂપે-પુણ્ય ભાવપણે થવાને લાયક છે. તે જીવપુણ્ય-પર્યાય અને તે વખતે કર્મનો ઉદય છે તે અજીવપુણ્ય-દ્રવ્યપુણ્ય. આ તો એમ ન કહ્યું કે જ્યાં શુભભાવનો ઉદય હોય તો દ્રવ્ય... આ તો આને નિમિત્ત થયું તો એને દ્રવ્યપુણ્ય કીધું. આહા..હા..! શું કહ્યું એ સમજાણું?

જીવ પોતાના શુભભાવને યોગ્ય-લાયક જ છે તે જીવપુણ્ય. એટલે જીવની પર્યાય એ પુણ્ય થવાલાયક કીધી. સ્વભાવ એવો નથી પણ પર્યાયની લાયકાત એવી છે; અને જે નિમિત્ત થાય કર્મનું એને દ્રવ્યપુણ્ય-અજીવપુણ્ય કીધું. બે કહેવું છે ને? એકને આવા બે ભાવ ન હોય એકલા ચૈતન્યને. એને બે ભેગા થાય ત્યારે આવો ભાવ હોય. આહા..હા..! ધીમેથી સમજવા જેવી વાત છે ભાઈ આ.

**શ્રોતા :-** ઘાતિનો ઉદય પણ પુણ્ય કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય કહેવાય. એ જ કીધું. પહેલાં કહ્યું હતું. વ્યાખ્યાનમાં પહેલાં કહ્યું હતું. આ હિસાબે તો એમ થયું કે નહિ?

શું કહ્યું એ? પહેલાં આવી ગયું છે વ્યાખ્યાનમાં. છપાઈ ગયું છે. ઘાતિકર્મ છે.. શાતાનો ઉદય છે એ કાંઈ પુણ્યભાવમાં નિમિત્ત ન થાય, એ તો અઘાતિ છે. હવે ઘાતિકર્મ જે છે મોહ. અહીંયાં ભાવપુણ્યને થવા લાયક જીવ છે એને જીવપુણ્ય, ભાવપુણ્ય કહ્યું-પર્યાય. એને કર્મનું નિમિત્ત થાય તેને દ્રવ્યપુણ્ય કહ્યું, અજીવપુણ્ય કહ્યું. પછી ત્યાં અજીવપુણ્યને કાંઈ શાતાનો ઉદય છે એમ નથી ત્યાં. અહીં તો શાતાનો ઉદય કાંઈ પુણ્યભાવને નિમિત્ત ન થાય, પણ કર્મનો ઘાતિનો ઉદય જે છે એને પણ દ્રવ્યપુણ્ય કીધું આ ભાવપુણ્યની અપેક્ષાએ. આહા..હા..!

**શ્રોતા :-** તીવ્ર ઉદય હોય તોપણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તીવ્ર ઉદય હોય અને મંદ હોય તોપણ પાપ છે ને. ત્યાં ભલે તીવ્ર હોય અને અહીં મંદ કરે છે તો ઓલાને દ્રવ્યપુણ્ય કહેવાય છે. એ તો આવે

છે ને કળશમાં નહિ ટીકામાં? કે ત્યાં તીવ્ર ઉદય હોવા છતાં આત્મા ન કરે ભાવ એવો. ભાઈ! જયસેનાચાર્યની ટીકામાં ૪૫. છે, છે ને એ વાત. આહા..હા..! ચંદુભાઈ! આવી વાત છે ઝીણી. ઠીક બધા હમણાં ભેગા થયા છે. આહા..હા..!

ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ છે એ તો એકલો શુદ્ધ ત્રિકાળ છે. ચાહે તો એકેન્દ્રિયની પર્યાયમાં હો, પંચેન્દ્રિયમાં પર્યાયમાં હો, પણ એ તો દ્રવ્ય તો શુદ્ધ જ છે. હવે એને કહે છે કે દ્રવ્ય શુદ્ધ હોવા છતાં એની પર્યાયમાં બે ભાગ ઊભા થાય છે. એક પુણ્યભાવ, એક પાપભાવ, એક આસ્રવભાવ, એક બંધભાવ એ બધી વાત લેશે ને. એ શું ચીજ છે? ત્યારે કહે છે કે જે પર્યાયમાં રાગની મંદતારૂપ પુણ્યભાવ છે એ જીવની લાયકાતથી ઉત્પન્ન થયેલો પુણ્યભાવ છે. શેઠ! આ તો આ પુણ્યને લઈને પૈસા મળે એની વાત અત્યારે નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો નવતત્ત્વ કેમ ઊભા થયા? વસ્તુ એક અને નવ કેમ ઊભા થયા? જે હેય છે અને એકલો જ્ઞાયકભાવ તે ઉપાદેય છે સમ્યગ્દર્શનમાં, એ કેમ થયા એનું આ વર્ણન કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ દ્રવ્યસ્વભાવ ચૈતન્યસૂર્ય એ તો આનંદઘન. હવે જેને એ દૃષ્ટિમાં આવ્યો નથી, અનુભવ્યો નથી એને પર્યાયમાં વિકાર થાય છે ને? અનાદિનો એ વિકાર થવાને લાયક કોણ? કે જીવ. પર્યાયમાં વિકાર-પુણ્ય થવાને લાયક જીવ છે એને ભાવપુણ્ય કહીએ, એને જીવપુણ્ય કહીએ અને તેને ઘાતિકર્મનું નિમિત્ત છે એ તો પાપ જ છે બધા. મંદ હોય તોપણ એ તો પાપ છે ને. આહા..હા..! પણ અહીંયાં મંદ છે માટે શુભભાવ થયો એમ નહિ. શુભભાવ થયો એ ભાવપુણ્ય છે અને ઉદય જે છે એને દ્રવ્યપુણ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બધું વેપારીઓને વાણિયાઓને આ બધું મગજ કેળવવું પડે એવું છે આમાં. ભગવાનજીભાઈ! આહા..હા..!

આ તો આ નવતત્ત્વ કેમ ઊભા થયાં? એકને નવ ન હોઈ શકે. એકને બીજાનો સંગ હોય અને સંબંધ હોય તો નવ ઊભા થાય. સમજાણું કાંઈ? વિકારી થવાયોગ્ય-થવાને લાયકાતવાળી અવસ્થા, સ્વભાવ એનો નથી, પણ વિકાર થવાને લાયક જીવ છે એમાં એ પુણ્યભાવ થાય છે. આહા..હા..! **'અને વિકાર કરનાર-'** એટલે નિમિત્ત, એને કરનાર કહ્યું છે, એ દ્રવ્યપુણ્ય છે અને આત્મામાં ભાવપાપ (થાય)—મિથ્યાત્વ, રાગ, દ્વેષ એવો જે ભાવ થવાને લાયક જીવ છે અને એનો ઉદય જે છે એને દ્રવ્યપાપ કહીએ. નિમિત્તને, આ ભાવ છે ત્યારે એને દ્રવ્ય કહીએ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કરનાર દ્રવ્યપુણ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરનાર દ્રવ્યપુણ્ય. કરનાર એમ કહ્યું ત્યાં. કરનારનો અર્થ? નિમિત્તપણે કરનાર એમ. ઉપાદાન તો આનું પોતાનું છે, પણ કરનાર એને નાખ્યું. સ્વભાવ નથી ને એનો એટલે કરનાર કર્મ છે એમ નાખ્યું. કરનારનો (અર્થ) નિમિત્તપણે કરનાર, હોં! ઉપાદાનપણે

કરનાર તો પોતે છે. પણ અહીંયાં તો જીવનો સ્વભાવ એવો નથી તેથી.. વિકાર થવાનો સ્વભાવ નથી. પુણ્ય-પાપ ને વિકાર થવાનો કોઈ ગુણ નથી, કોઈ શક્તિ નથી કે વિકારપણે ગુણ છે તે વિકારપણે થાય. આહા..હા..! એથી એની પર્યાયમાં વિકાર થવાને લાયક છે એમ વર્ણવ્યું, પર્યાયમાં. ગુણ એવો નથી કે વિકાર થાય. તો તો વિકાર થાય એવો ગુણ હોય તો કોઈ દિ' વિકાર ટળે નહિ અને વસ્તુનું સ્વરૂપ એમ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આ બધું સાંભળ્યું પણ નથી આ બધું. ઠીક આ આવી ગયા છે બરાબર. આહા..હા..!

ભગવાન આત્મા એનો જે સ્વભાવ છે અનંત ગુણ, અનંત-અનંત સંખ્યાએ એમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે, એવો ગુણ નથી કોઈ. ત્યારે પર્યાયમાં થાય છે એ પર્યાયની યોગ્યતાથી એમાં થાય છે ભાવ, બસ. પર્યાયબુદ્ધિથી પર્યાયમાં યોગ્યતાથી થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયબુદ્ધિવાળાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયબુદ્ધિવાળાને, દ્રવ્યબુદ્ધિવાળાને તો એનો નિષેધ થઈ ગયો છે, એ તો જ્ઞાતા થઈ ગયો છે. સમજાણું કાંઈ? ધીમે-ધીમે પકડો, બાપુ! આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રનો માર્ગ એ તો અલૌકિક છે. એનો વ્યવહાર પણ અલૌકિક રીતે છે. આહા..હા..! આ વ્યવહાર હોં! અત્યારે ભેદ પડ્યો ઈ, ભૂતાર્ત છે એ, વ્યવહારનયથી એ છે, એ આશ્રય કરવાલાયક નથી અથવા તેને આશ્રયે સમકિત થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પુણ્યનો ઉદય હોય અને જીવ ન જોડાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદય ક્યાં? ઉદય ક્યાં? પુણ્યનો ઉદય ક્યાં છે? પુણ્યનો ઉદય તો શાતા છે એ ઉદય છે. એ તો સંયોગ આપે. એમાં જોડાવું, ન જોડાવુંનો પ્રશ્ન નથી. શું કહ્યું સમજાણું? શાતાવેદનીયનો ઉદય હોય પુણ્યનો ઉદય એમાં જોડાવું, ન જોડાવું પ્રશ્ન નથી. એ તો ઉદય આવે એનો સંયોગ આવે એટલું. આ તો ઘાતિનો ઉદય એમાં જોડાવું, ન જોડાવાની વાત છે. આહા..હા..!

એટલે અહીંયાં વાત તો એ છે કે અહીંયાં ભાવપુણ્યને લાયક જીવ છે એની પોતાની લાયકાતથી ઉપાદાનની લાયકાતથી તે ભાવપણે થયો છે અને તેમાં નિમિત્ત ઘાતિકર્મ છે, અઘાતિ એમાં નિમિત્ત હોઈ શકે નહિ. ઘાતિકર્મ નિમિત્ત છે, જે અહીં ભાવપુણ્ય કીધું એટલે એ નિમિત્તને પણ દ્રવ્યપુણ્ય કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? એમ અહીંયાં ભાવપુણ્ય કહ્યું તો એને દ્રવ્યપુણ્ય કહ્યું. ભાવપાપ કહ્યું તો ઉદયને નિમિત્ત છે તેને ભાવપાપ-દ્રવ્યપાપ કહ્યું, અજીવપાપ કહ્યું. આહા..હા..! છે?

**'બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે,...'** યોગ્યતાવાળો ભાવ તે ભાવપુણ્ય અને ભાવપાપ. નિમિત્તપણે છે દ્રવ્યપાપ અને દ્રવ્યપુણ્ય. સમજાણું કાંઈ? **'આસ્રવ થવાયોગ્ય...'** જીવ. ભાવઆસ્રવ થવાયોગ્ય જીવ-પર્યાય. પુણ્ય-પાપના ભાવપણે-આસ્રવપણે

થવાલાયક આ જીવ. આસ્રવ કરનાર, કર્મનું નિમિત્ત તે આસ્રવ કરનાર. સમજાણું કાંઈ? ઓલા બે જુદા પડ્યા છે. બે ભેગા થઈને આવશે. એ બન્ને આસ્રવ છે. જીવ, પુણ્ય-પાપના ભાવપણે થવાલાયક એ ભાવઆસ્રવ-એ ભાવજીવ. આહા..હા..! અને જે કર્મનું નિમિત્ત છે જ્યાં એ દ્રવ્યઆસ્રવ. નવા કર્મ આવે એ દ્રવ્યઆસ્રવ એમ નહિ. આ તો જૂના કર્મ આસ્રવને જે નિમિત્ત થાય તેને દ્રવ્યઆસ્રવ કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! એને નવતત્ત્વ સમજવામાં પણ એને ઝીણવટ પડે છે.

**'આસ્રવ કરનાર—એ બન્ને આસ્રવ છે,...'** એટલે કે એક ભાવઆસ્રવ, એક દ્રવ્યઆસ્રવ. **'સંવરરૂપ થવાયોગ્ય...'** સંવર થવાયોગ્ય જીવ છે. સંવર થવાયોગ્ય જીવનો પર્યાય છે. છે? **'(સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક)'** સંવર કરનાર એટલે નિમિત્ત સામે. કર્મનો એટલો ઉદય નથી, એટલો ઉદય થઈ જાય છે એટલો એને સંવારક-દ્રવ્યસંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'સંવરરૂપ થવાયોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક)—એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય...'** અશુદ્ધતા નિર્જરવા યોગ્ય, શુદ્ધતા થવાયોગ્ય એ જીવની પર્યાય છે. **'અને નિર્જરા કરનાર'** નિમિત્ત છે. નિર્જરાને કરનાર નિમિત્ત છે. થવા લાયક ભાવ આમ. એક જીવ છે અને એક અજીવ. સમજાણું કાંઈ?

**'બંધાવા યોગ્ય...'** જીવ છે. રાગ, દ્વેષ, મિથ્યાત્વ, વિષય-વાસના એમાં અટકવા યોગ્ય, બંધાવા યોગ્ય પર્યાયની લાયકાત એની છે. ભાવબંધ. ભાવબંધ તે જીવબંધ છે. **'અને બંધન કરનાર'** કર્મનું નિમિત્ત સામે એ બંધન કરનાર છે. પૂર્વનું પડ્યું છે ઈ, હોં! નવું બંધન થાય એ અહીં વાત નથી. આહા..હા..! શું ટીકા! ગંભીર ભાવ છે, ભાઈ! ભગવાન આત્મા તો અબંધ છે-અબદ્ધસ્પૃષ્ટ, પણ એની પર્યાયમાં બંધાવા યોગ્યની લાયકાત છે. આહા..હા..! બંધાવા યોગ્યનો કોઈ ગુણ ન હોવા છતાં, બંધાવા યોગ્ય એવો કોઈ શક્તિ-સ્વભાવ-ગુણ ન હોવા છતાં પર્યાયમાં બંધાવા યોગ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં તો મગજને કેળવવું પડે એવું છે.

**'બંધાવાયોગ્ય અને બંધન કરનાર—એ બન્ને બંધ છે અને મોક્ષ થવાને યોગ્ય...'** પર્યાય છે. આહા..હા..! ત્રિકાળી તો મોક્ષસ્વરૂપ જ છે. ત્રિકાળી ચીજ છે એ તો મોક્ષસ્વરૂપ છે. હવે આ મોક્ષ પર્યાયમાં થવાલાયક જીવની પર્યાય છે. સમજાણું કાંઈ? આવી સ્થિતિ! આવું વર્ણન! આ સમયસારમાં આવું વર્ણન છે. વાસ્તવિક નવતત્ત્વ કેમ ઊભા થયા ઈ વાત કહે છે. અને એમાંથી તારવીને... નહિતર નવતત્ત્વમાં .. આત્મા ઢંકાઈ ગયો છે. ભેદમાં ભગવાન જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. માટે ભેદ છે એવું જ્ઞાન કરીને એની દૃષ્ટિ છોડી દેવી. છે એનું જ્ઞાન કરવું, પણ તેની દૃષ્ટિ છોડી દઈને એકલો જ્ઞાયકભાવ ત્રિકાળ એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને આત્મખ્યાતિ છે. આહા..હા..!

**'મોક્ષ થવાયોગ્ય અને મોક્ષ કરનાર—એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ**

**પોતાની મેળે...**' જોયું! '**એકને જ પોતાની મેળે...**' એટલે પોતાની એકલી અપેક્ષાએ '**પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ** (સિદ્ધિ) **બનતી નથી.**' નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વિના એકલાને આવું બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું એને કરવાનું છે. સમજવાનું ઘણું સમજવાનું છે. આહા..હા..! કહો, હરિભાઈ! '**કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ** (સિદ્ધિ) **બનતી નથી.**' એકને નવ સાબિત થતા નથી. એકની પર્યાયમાં બીજાનું નિમિત્ત છે તેનાથી આ નવ ઊભા થાય છે. જીવ-અજીવ બે અને સાત પર્યાય. આહા..હા..! '**તે બન્ને જીવ અને અજીવ છે...**' છે ને? એક જીવ છે ભાવ, એક અજીવ છે દ્રવ્ય. '**(અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).**' આ તો ૧૮મી વાર વંચાય છે. શાંતિભાઈ! આમાં ભેગા થયા છે કેટલાક. અહીં તો આ ૧૭ વાર વંચાઈ ગયું છે. એ નવના ભેદ પાડ્યા. એકલાને નવ ન હોય. બેકલો એના બગડે. પર્યાય ઊભી થાય, એમ. કેટલા વાગ્યા? ૧૮. ૧૮મું ચાલે છે, ૧૮ વાગ્યા. એ કીધું આ તો. નવ થયા.

હવે કહે છે કે '**બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો :-**' આમ બાહ્ય સંબંધી. '**(સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તોઃ— જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની...**' જીવ અને કર્મના અનાદિ બંધપર્યાયથી જોઈએ '**સમીપ જઈને...**' એટલે બેના સમીપ જઈને. અહીં યોગ્યતા અને નિમિત્ત બેની અંતરદૃષ્ટિ કરીને એમ કહે છે. અંતર એટલે પર્યાયદૃષ્ટિથી. એનાથી '**સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવતત્ત્વો ભૂતાર્થ છે...**' પર્યાયનયે, ભૂતાર્થનયે, વ્યવહારનયે નવતત્ત્વ છે, નથી જ એ વસ્તુ એમ નથી. એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું વર્ણન! વેદાંત કહે કે પર્યાય નથી, એમ નથી. નવની ભેદપર્યાય છે. છે એ અપેક્ષાએ ભૂતાર્થ છે વ્યવહારનયે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અનાદિ બંધપર્યાયની સમીપ જઈને...**' સમીપ જઈને એટલે પર્યાયબુદ્ધિ કરીને, એમ. આહા..હા..! વ્યવહારનયથી એની સામું જોઈને. '**એકપણે અનુભવ કરતાં નવતત્ત્વો ભૂતાર્થ છે,...**' એકપણે એટલે? બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં, એમ. આમ એકલો આત્મા એમ નહિ. બંધપર્યાયની સમીપ જઈને અનુભવ કરતાં. સમજાણું કાંઈ? એની સાથે એકપણે અનુભવ કરતાં, એમ. એકપણે અનુભવ કરતાં એમ નહિ, પણ એના સહિત એકપણે અનુભવ કરતાં. રાગની પર્યાય નિમિત્ત, એની પર્યાયને એકપણે અનુભવ કરતાં... આહા..હા..! આ નવતત્ત્વો ભૂતાર્થ છે, યથાર્થ છે, પર્યાયદૃષ્ટિએ તે સત્યાર્થ છે, વસ્તુ નથી એમ નહિ. આહા..હા..!

'**અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...**' હવે આ અનુભવની વાત થઈ. '**અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...**' આહા..હા..! ઓલો જીવ-પુદ્ગલના બંધપર્યાયની સમીપ જઈને હતું. બેને સમીપ જઈને બેને એકપણે અનુભવવા, એમ. સમજાણું

કાંઈ? આહા..હા..! **'એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** એકલો જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્યસ્વભાવ. છે ને? તેથી **'જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** એમ શબ્દ છે ને? જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને. ઓલી પર્યાયમાં લાયકાત હતી પોતાની અને નિમિત્ત એ તો બેને એકપણે અનુભવતાં, એકપણે. બેને એકપણે અનુભવતા નવ છે. આહા..હા..! પણ એકને એકપણે અનુભવતાં.. સમજાણું કાંઈ? સામે છે કે નહિ? પુસ્તક રાખ્યું છે ને? શશીભાઈ! આ ઝીણું છે આ.

**'એક જીવદ્રવ્યના...'** ઓલામાં એકપણે તો અનુભવ હતો, પણ બેનો એક હતો. આ એકનો એક છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'એક જીવદ્રવ્યના સ્વભાવ...'** એક જીવદ્રવ્યનો સ્વભાવ એ તો જ્ઞાયક, આનંદ, શાંતિ, સ્વચ્છતા પૂર્ણ પ્રભુ એવા સ્વભાવની એક્તા થતાં. હવે અહીં સમીપ જઈને કહીને શું કહ્યું? સમજાણું કાંઈ? એ ભૂતાર્થનો આશ્રય થયો. જે ભૂતાર્થનો આશ્રય કીધો હતોને ૧૧મીમાં? **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** એ આ થયું. આનો આશ્રય કરતાં ભૂતાર્થનો આશ્રય થાય છે. એને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, નવ છે તે સાચાં નથી. સમ્યગ્દર્શનના વિષયમાં નવતત્ત્વો આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એક જીવદ્રવ્યના સ્વભાવ...'** ત્રિકાળી, એના સમીપ એટલે આશ્રય કરતાં, એમ. કોઈ કહે કે એમાં ભૂતાર્થનો આશ્રય ક્યાં આવ્યો? આ સમીપ જઈને કીધું. એટલે એનો અર્થ જ ઈ થયો, એનો આશ્રય લીધો. એક જીવદ્રવ્યનો આશ્રય લીધો. એનું નામ સમીપ જઈને કીધું. સમજાણું કાંઈ? **'એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** આહા..હા..! ઓલામાં એમ હતું સમીપ જઈને એટલે કે એનો આશ્રય કરીને. આનો આશ્રય કરીને કહ્યું, એનો આશ્રય કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો શબ્દે-શબ્દે મંત્ર છે. આ કાંઈ કથા-વાર્તા નથી. આહા..હા..! ઓહોહો..!

નવ છે એનું પછી તાત્પર્ય શું? કે એને છોડીને એક સ્વભાવ તરફ જવું એ એનું તાત્પર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ...'** નવ પ્રકારનાં, જે વ્યવહારે સત્ય હતું તેઓ જૂઠાં છે. **'અભૂતાર્થ છે, અસત્યાર્થ છે;...'** એમ ભાષા નાખી છે. (અત્યારે) એમ (કહે છે કે) અભૂતાર્થ કહેવું, અસત્યાર્થ ન કહેવું. રતનલાલ જોડે એમ તકરાર કરતાં હતા.

**શ્રોતા :-** ... સંસ્કૃતમાં નથી

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સંસ્કૃતમાં ભલે હોય પણ એ અભૂતાર્થને અભૂતાર્થ કહેવું. અસત્યાર્થ ન કહેવું. અરે.. સાંભળને! ત્રિકાળની અપેક્ષાએ તે પર્યાય અસત્યાર્થ છે. ત્રિકાળની ભૂતાર્થની અપેક્ષાએ, ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ પર્યાય તે અસત્યાર્થ છે. સમજાણું કાંઈ?

**'(જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી;)'** જીવના એકાકાર સ્વરૂપમાં નવતત્ત્વનો

ભેદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક આકાર-એક જ સ્વરૂપ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, અભેદભાવ, સદશ્યભાવ નિત્યાનંદ પ્રભુ તેઓ એકાકાર સ્વરૂપમાં, અનેકપણાના ભેદો એકાકાર સ્વરૂપમાં નથી. અનેકપણાના સ્વરૂપમાં અનેકાકાર છે. એકાકાર સ્વરૂપમાં એ અનેકાકાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ભાઈ ધર્મ કરવો અમારે (એમાં) આ શું? આ ધર્મ કેમ થાય એની વાત ચાલે છે આ. નવ છે તેને આશ્રયે અને તેને લક્ષે ધર્મ ન થાય, તેને લક્ષે રાગ અને અધર્મ થાય. આહા..હા..! અને ત્રિકાળને આશ્રયે સ્વભાવમાં અનુભવ કરતાં તેને ધર્મ થાય. માટે આ સમજવા માટે કહ્યું છે આ. આહા..હા..! સાધારણ બુદ્ધિવાળા વેપારમાં હોય ને એમ ને એમ કર્યા કરે આખો દિ'. ઓલા કહેતા હતા ને આપણા માસ્તર નહિ? શું કહેતા હતા? પંતુ-પંતુ. એનું એ શીખવવું હોય સવારથી સાંજ. વેપાર એના એ હોય, એમાં કાંઈ નવા તર્ક નહિ. વકીલોને નવા તર્ક હોય ને નવું-નવું હોય.

**શ્રોતા :-** એ શુભભાવ પણ ક્યાં હતો, એ તો અશુભભાવ. ધર્મ તો ભૂલાઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં તો એમ કે તર્ક એને નવા-નવા ગોતવા પડે. ઓલામાં તર્ક શું? કે દરરોજ એકડો, બગડો, ત્રગડો.. એક.. આવે છે ને. ઊઠા શીખવે. એ ઊઠા જ છે બધા. ઊઠા નહોતા? આવતા પહેલાં. પાવ ના અડધા પોણા. ઊઠા. એ ઊઠા છે બધા. આહા..હા..!

આ તો ભગવાન આત્માને એકલો ચૈતન્યને જે પર્યાયની આડમાં દૂર હતો. આહા..હા..! નવતત્ત્વની પર્યાયની આડમાં દૂર હતો એને પર્યાયની આડ છોડી અને જ્ઞાયકભાવની સમીપ જતાં તેમાં નવ ભેદ હોતા નથી. એનું નામ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત! અન્યમાં તો નથી પણ શ્વેતાંબરમાં આવી શૈલી આ એક ગાથાના આ બોલ છે એવી શૈલી નથી. આહા..હા..! વિકાર થવાને યોગ્ય અને વિકાર કરનાર. આહા..હા..! વ્યવહારને સમજાવ્યો એમાં પણ અહીં યોગ્યતા છે અને અહીં નિમિત્ત છે એમ કહ્યું. હવે યોગ્યતા અને નિમિત્તની દૃષ્ટિ છોડી દઈને એકલા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં એ એકાકારમાં ભેદો છે નહિ, અભેદમાં એ ભેદ નથી. આહા..હા..!

**'તેથી આ નવતત્ત્વોમાં ભૂતાર્થનયથી...'** સત્યાર્થદૃષ્ટિથી, સત્યાર્થનયથી, નિશ્ચયનયથી કહો કે શુદ્ધનયથી કહો કે ભૂતાર્થનયથી કહો **'એક જીવ જ પ્રકાશમાન છે.'** આહા..હા..! એકલો જીવ પ્રકાશમાન છે. જ્ઞાયકભાવ પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? ભાવ છે ઊંડા પણ ભાષા બહુ સહેલી છે. ટીકા ઘણી સ્પષ્ટ છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા. આહા..હા..! આ સિદ્ધાંત કહીએ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે ને, તમારા શાસ્ત્રમાં કોઈ એવી ગંભીર ભાષા (નથી), સાધારણ ભાષા છે. ગણધરની ભાષા હોય એ તો બહુ ગંભીર હોય. કહ્યું છે ને, ભાઈ! તમારી ભાષા આ થઈ ગયું, ઢીંકણું આ થયું એવી કથાઓ બધી માથાકૂટ. ગણધરના વાક્ય છે એ કંઈ? જુઓને આ વાક્યો. મુનિના વાક્ય છે આ. કેટલી ગંભીરતા છે એમાં! સમજાણું કાંઈ?

**'ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.'** એટલું લીધું. બાહ્યદૃષ્ટિથી એટલે? અનાદિ બંધપર્યાયની એક્તાથી-સમીપતાથી જોતાં તે છે એટલું, પણ અંદરમાં જોતાં-સ્વભાવની સમીપ જોતાં એ નવ છે નહિ. હવે **'એવી રીતે અંતરદૃષ્ટિથી જોઈએ તોઃ— જ્ઞાયકભાવ જીવ છે...'** જોયું! બાહ્યમાં પર્યાયની યોગ્યતા અને બંધપર્યાયનો સંબંધ એટલે બાહ્ય થયું. હવે અંતરથી જોવે તો જ્ઞાયકભાવ જીવ છે એકલો જાણનાર... જાણનાર... **'અને જીવના વિકારનો હેતુ અજીવ છે;...'** એ જે ભેદ પડ્યા એ અજીવ એમાં નિમિત્ત છે. જીવના વિકારનો હેતુ અજીવ-કર્મ છે. આહા..હા..!

**'વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે...'** કેવળ જીવના વિકારો પોતાની પર્યાય છે કહે છે. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ તો કેવળ જીવના વિકારો છે. વિકારો એટલે વિશેષ પર્યાય. વિકાર એટલે વિશેષ પર્યાય. વિકાર એટલે દોષ એમ અહીં ન લેવું. સમજાણું કાંઈ? જીવના વિકારો છે. આહા..હા..! **'પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ...'**

**'આવાં આ નવતત્ત્વો,...'** કેવા? કે પર્યાય જીવની છે, વિકારનો હેતુ અજીવ છે. છે ને? અંતરદૃષ્ટિએ જોઈએ તો જ્ઞાયકભાવ જીવ છે, જીવના વિકાર એ તો અજીવ છે. **'આ નવતત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને,...'** ભાષા દેખો! ઓલામાં એમ હતું એકપણાનો અનુભવ કરતાં, એમ હતું. અહીં **'જીવદ્રવ્યના સ્વભાવને છોડીને,...'** આહા..હા..! **'પોતે અને પર જેમનાં કારણ છે...'** પોતે પણ ઉપાદાન કારણ છે અને નિમિત્ત પર કારણ છે. **'એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં...'** ઓલામાં બંધપર્યાયની સમીપ જઈને એકપણે બંધની પર્યાયનો એકપણે અનુભવ કરતાં. અહીં પર્યાયોને અનુભવ કરવામાં આવતા, એમ. એક દ્રવ્યની પર્યાય છે એમ અનુભવ કરવામાં આવતા. આહા..હા..! દ્રવ્યની પર્યાયો છે બધી આસ્રવ, પુણ્યાદિ. ભૂતાર્થ છે, એ અપેક્ષાએ વ્યવહાર ભૂતાર્થ છે. પર્યાયની અપેક્ષાએ પર્યાય છે. સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે. એનો વિષય છે અને વ્યવહારનય છે. આહા..હા..!

**'પોતે અને પર જેમનાં કારણ છે...'** પોતાને કારણે પોતાની પર્યાય અને ઓલું નિમિત્ત. **'એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં...'** પોતે અને પર જેમનાં નિમિત્ત છે, પણ પર્યાય તો પોતાની છે ને એ બધી? **'એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં...'** **'એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** આહા..હા..! સમીપ કીધું ત્યાં આશ્રય કીધો છે એના અર્થમાં. આહા..હા..! **'સર્વ કાળે અસ્ખલિત...'** એકરૂપ જેની ચીજ છે ત્રિકાળ. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ...

પ્રવાહ ચાલ્યો જાય છે એમ ને એમ. આહા..હા..! પર્યાય છે એ પલટતો પ્રવાહ છે અને આ ધ્રુવ.. ધ્રુવ.. એકરૂપ પ્રવાહ છે એમ ને એમ. સમજાણું કાંઈ? હવે આવું બધું .. કરવા ક્યાં જાય માણસ? ઘડિયાળનું કરવું કે આવું કરવું કે કોનું કરવું? સહેલામાં સહેલી તો આ ભાષા છે. ઓલા ધંધા કરવા સાદડીના બધા અને ફલાણા-ઢીંકણા એમાં આ સમજવા વખત લીધો નહિ. આહા..હા..! આવો માર્ગ છે. જે પ્રકારે છે તે પ્રકારે જાણવું એનું નામ જ્ઞાન કહેવાય કે વિરૂદ્ધ જાણવું એનું નામ જ્ઞાન કહેવાય? આહા..હા..! જ્ઞાન તો જેમ છે તેમ યથાર્થ જાણે તે જ્ઞાન કહેવાય. વ્યવહારે ભૂતાર્થ છે તેને જ્ઞાન કહ્યું. વ્યવહારનય જાણે છે, બરાબર છે, પણ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! છે ખરો, વ્યવહારનયનો વિષય છે, નય છે. આહા..હા..!

**'સર્વ કાળે અસ્ખલિત...'** સ્ખલના નથી, ઘટ-વધ નથી, ઓછું-અધિક નથી. **'સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં...'** આહા..હા..! પર્યાય તો ભિન્ન-ભિન્ન યોગ્યતાથી થાય છે અને આ તો એક અસ્ખલિત એક જીવદ્રવ્યસ્વભાવ. સામાન્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, નિજસ્વભાવ, સદૃશ્યસ્વભાવ એનાથી જોતાં.. આહા..હા..! એના સ્વભાવની સમીપ જઈને એટલે એનો આશ્રય કરતાં, **'અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે,...'** નવ જૂઠાં છે. નવ તરીકે વ્યવહારનયે સાચા છે, પણ સ્વભાવનો અનુભવ કરતાં તે નવેય જૂઠાં છે. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! આ સમ્યગ્દર્શનનો વિષય કહે છે. નવતત્ત્વ એમ કીધું ને? **'भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च'** એ સમકિત છે એમ કહેવું છે. એને તો નવમાંથી તારવીને એકલું તે સમકિત. આહા..હા..!

**'સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** જીવદ્રવ્યનો આશ્રય લઈને. આહા..હા..! **'અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.'** નવના ભેદ જ જૂઠાં છે. આહા..હા..! એક કોર સાચાં કીધા અને એક કોર જૂઠાં કીધા. પર્યાય તરીકે સાચા છે અને સ્વભાવ તરીકે જૂઠાં છે. આ અનેકાંત છે. આહા..હા..! ઓલામાં તો એ સામાયિક કરો, પોષા કરો થઈ ગયું લ્યો. પડિક્કમણા કરવા સાંજ-સવાર બે વાર, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા. જાધવજીભાઈ! આ બધું સાંભળ્યું હતું ત્યાં. આ તો પરમસત્ય વીતરાગની ચૈતન્ય નિધાનની વાતું છે. આહા..હા..! નિધાનની સમીપ જતાં નિધાનથી ઓલા છે તે જૂઠાં છે કહે છે. નિધાનને લક્ષમાં ન લ્યો અને પર્યાયને લક્ષમાં લ્યો તો એ સાચા છે, વ્યવહાર છે. આહા..હા..! ઘડીકમાં સાચા કહે અને ઘડીકમાં ખોટા કહે તો આમાં નિર્ણય શું કરવો? અમારે ફાવાભાઈ એમ કહેતા. સવારમાં કાંઈક કહે અને બપોરે કાંઈક કહે. અહીં તો તરત ને તરત કાંઈક કહે.

**શ્રોતા :-** સવારનું માંડ-માંડ બેસાડ્યું હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યાં વળી બીજું આવે કે એ ખોટાં છે. સવારમાં કહે હોય છે, સાચા છે. અહીં તો તરત ને તરત ખોટા અને તરત ને તરત સાચાં કીધા. કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએને, ભાઈ! પર્યાયથી જોવે તો ભેદ બંધની સમીપ જતાં બંધને પોતામાં એકપણે માનતા અથવા દ્રવ્યનો સ્વભાવ છોડીને (જોતાં તે છે). સમજાણું કાંઈ? '**પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે...**' એની પર્યાય તરીકે છે. આહા..હા..! પણ દ્રવ્ય તરીકે જ્યાં અનુભવ કરતાં... આહા..હા..! '**અસત્યાર્થ છે.**' '**તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.**' એટલે કે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક.. એમ બધે. આહા..હા..! '**તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.**' આહા..હા..!

'**એમ તે, એકપણે પ્રકાશતો,...**' આ રીતે તે એકપણે જણાતો '**શુદ્ધનયપણે અનુભવાય છે.**' આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધનયથી અનુભવમાં આવે છે. આહા..હા..! '**અને જે આ અનુભૂતિ...**' '**એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ જ છે,...**' આત્મ પ્રસિદ્ધિ છે એ. એકપણાનો અનુભવ થતાં આત્મા આવો છે એમ પ્રસિદ્ધિ થઈ. જ્ઞાયકભાવને-દ્રવ્યના સ્વભાવને એકપણે અનુભવતો આત્માની પ્રસિદ્ધિ (થઈ કે) આત્મા એવો છે. સમજાણું કાંઈ? પાછું વાંચવું ઘરે, ન બેસે તો. આહા..હા..!

શ્રોતા :— આ ગાથાની એટલી મહિમા છે કે બધા જ સંતો... અહીંયા સમજી જાય તો પછી ક્યારે પણ સમજવાની જરૂર ન પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :— '**આ અનુભૂતિ તે આત્મખ્યાતિ છે...**' એકપણાનો સ્વભાવનો અનુભવ તે આત્મખ્યાતિ અને તે અનુભૂતિ. એમાં બેપણાનો અનુભવ તે અનુભૂતિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**(આત્માની ઓળખાણ) જ છે,...**' ખ્યાતિનો અર્થ કર્યો. આત્માની ઓળખાણ. એકરૂપે અનુભવતા આત્માની ઓળખાણ છે. આહા..હા..! એને પર્યાય અને ભેદને અનુભવતા એ આત્માની ઓળખાણ થતી નથી, એમ કહે છે. '**ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.**' આહા..હા..! વસ્તુનો સ્વભાવ એકપણે ધ્રુવ છે એને અનુભવતાં આત્મખ્યાતિ થાય છે અને એ આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન છે. '**આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે**' આહા..હા..! કેવી ટીકા કરી! એ.. વાણિયા! એ વાણિયા ... આ બધું આવું ક્યાં? વાંચો છો ઘરે કે નહિ પછી? આહા..હા..! '**આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.**' અનુભૂતિ તે આત્મખ્યાતિ અને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન, એમ પાઠ છે. આહા..હા..!

'**એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે,...**' આહા..હા..! '**ને આત્મખ્યાતિ તે**

**સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધારહિત છે.'** એમાં બિલકુલ બાધા છે નહિ. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**પોષ સુદ-૬, બુધવાર, તા. ૦૭-૦૧-૧૯૭૬,**
**ગાથા-૧૩, શ્લોક-૮,**
**પ્રવચન નં. ૩૮**

(સમયસાર), ૧૩મી ગાથાનો ભાવાર્થ, જીવ-અજીવ અધિકાર.

'**ભાવાર્થ :- આ નવતત્ત્વોમાં,...**' પર્યાયથી જુઓ તો નવતત્ત્વરૂપે જીવ પર્યાયમાં પરિણમ્યો છે. એ પર્યાયથી જોઈએ તો તે બરાબર છે, પણ '**શુદ્ધનયથી જોઈએ તો,...**' એનો એકલો જ્ઞાયકભાવ, ચૈતન્યપ્રકાશ સ્વભાવભાવ એકરૂપ ચૈતન્ય છે એ દૃષ્ટિએ જોઈએ તો '**જીવ જ એક ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે,...**' નવતત્ત્વમાં પર્યાયે ભેદરૂપે પરિણમન હોવા છતાં વસ્તુની સ્થિતિ પ્રકાશમાન છે એ શુદ્ધનયથી જોઈએ તો ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ છે. એકલો જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપે પ્રત્યક્ષ છે. '**તે સિવાય જુદાં-જુદાં નવતત્ત્વો કાંઈ દેખાતાં નથી.**' આહા..હા..! જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... પ્રકાશ ચૈતન્યજ્યોત એ જોતાં નવ જુદાં-જુદાં દેખાતા નથી. આહા..હા..! ઝીણી વાત બહુ ભાઈ!

'**જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી...**' એટલે? એકરૂપે ચૈતન્ય જ્ઞાયકભાવ પ્રકાશમાન શુદ્ધનયની દૃષ્ટિએ જોવે નહિ અને એ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી '**ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે,...**' પર્યાયને, ભેદને માને તે ભેદદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? '**જુદાં-જુદાં નવતત્ત્વોને માને છે.**' જીવ, પર્યાય, આ પુણ્ય, આસ્રવ, નિર્મળ પર્યાય વગેરે ભિન્ન-ભિન્ન એવા તત્ત્વને ભિન્ન-ભિન્નપણે જાણે છે '**ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે, જુદાં-જુદાં નવતત્ત્વોને માને છે.**' આહા..હા..! ખરેખર ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..!

'**જીવ-પુદ્ગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદાં-જુદાં દેખાય છે;...**' જીવ ભગવાન જ્ઞાયકસ્વરૂપ અને પુદ્ગલ જે કર્મ એના બંધપર્યાયથી, બંધરૂપ અવસ્થારૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદાં-જુદાં દેખાય છે. પર્યાય પુણ્ય છે, પાપ છે, આસ્રવ છે, બંધ છે—એમ ભિન્ન-ભિન્ન પર્યાયદૃષ્ટિથી દેખાય છે. '**પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદ્ગલનું નિજસ્વરૂપ જુદું-જુદું જોવામાં આવે...**' એટલે દ્રવ્ય હવે કહ્યું. બે દ્રવ્ય. જીવ અને પુદ્ગલ

બે પદાર્થ ભિન્ન. **'જીવ-પુદ્‌ગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદાં-જુદાં દેખાય છે, પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદ્‌ગલનું નિજસ્વરૂપ...'** એકલું જ્ઞાયક આત્માનું સ્વરૂપ. પુદ્‌ગલ-પુદ્‌ગલનું સ્વરૂપ, એમ. એવું **'નિજસ્વરૂપ જુદું-જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાતતત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી;...'** આહા..હા..! કેમકે એકલો જ્ઞાયકભાવ ભિન્ન અને પુદ્‌ગલ-કર્મ ભિન્ન એમ જોતાં એ નવેય ત્યાં દેખાતા નથી, નવ હોતા નથી, નવ જૂઠાં છે. આહા..હા..!

**'નિમિત્ત-નૈમિત્તિકભાવથી થયાં હતાં...'** એટલે શું? કર્મ નિમિત્ત અને આત્માની પર્યાય નૈમિત્તિક. યોગ્યતા નિમિત્ત ... પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ભિન્ન. પુણ્ય, પાપ, આસ્રવ, બંધમાં નિમિત્તની અપેક્ષા અને સંવર, નિર્જરા, મોક્ષમાં નિમિત્તના અભાવની અપેક્ષા, પણ એ નિમિત્ત આવ્યું એ બેયમાં. સમજાણું કાંઈ? આસ્રવ, બંધ. આસ્રવમાં પુણ્ય-પાપ આવ્યું. એ આસ્રવ અને બંધની હયાતીની પર્યાયમાં નિમિત્તની હયાતી એવો સંબંધ, સંવર, નિર્જરા, મોક્ષમાં નિમિત્તના અભાવની અપેક્ષા, પણ એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થયો એ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો...'** એકલો જ્ઞાયકભાવ દૃષ્ટિમાં રહ્યો ત્યારે નિમિત્તનું લક્ષ છે એ છૂટી ગયું અને નિમિત્તથી થતાં ભાવોનું પણ લક્ષ છૂટી ગયું. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાતું, બાપા! વીતરાગમાર્ગ એટલો ઝીણો છે. અપૂર્વ છે અને ઝીણો છે. ઝીણાનો અર્થ અપૂર્વ છે. આહા..હા..! એકલો જ્ઞાયક ચૈતન્ય અનુભવમાં દેખવામાં જો આવે, આહા..હા..! તો ભેદ બધા જૂઠાં છે, ભેદ રહેતાં નથી; પણ ભેદની દૃષ્ટિએ જોવે તો ભેદ સાચા જ છે. છે ખરા, પણ એ ભેદને જોવું હોય તો વ્યવહારદૃષ્ટિ થઈ જાય. આહા..હા..! અંતર ભગવાન જ્ઞાયકભાવ ચૈતન્ય જ્યોત ધ્રુવ જ્ઞાયકભાવને જોતાં નિમિત્ત-નૈમિત્તિક ભાવ રહેતાં નથી. કારણ કે આ બાજુ જોતાં નિમિત્તની અપેક્ષાવાળા ભાવ થતાં નથી અને નૈમિત્તિક રહેતું નથી. વસ્તુ વસ્તુમાં રહી ગઈ. આહા..હા..! આવી ઝીણી વાતું બિચારાને પકડાય નહિ. સામાયિક અને પોષા કરતાં હતા, ભક્તિ. વસ્તુસ્થિતિ જાણ્યા વિના બાપુ, એ બધું નિરર્થક છે.

સહજાત્મસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન. સહજ-આત્મસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ એને જોતાં નવ ભેદ દેખાતા નથી એટલે ભેદ ત્યાં રહેતા નથી. સમજાણું કાંઈ? આ વસ્તુ કરવા જેવી આ છે. બાકી થોથાં છે બધાં. આહા..હા..! **'જીવ-પુદ્‌ગલ જુદાં-જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિદ્ધ થઈ શકતી નથી.'** પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે, જ્ઞાયક જ્ઞાયકરૂપે. જ્ઞાયકનો ભાવ અભિન્ન તદ્દન થઈ ગયો, ભેદ રહ્યો નહિ કંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ વાત તો આખી ઢંકાઈ ગઈ અને ઉપરના ફોતરા રહી ગઈ બધી વાતું. આહા..હા..!

અહીં કહે છે કે નવને જોવાની ભેદદૃષ્ટિ છે એ તો અનાદિની મિથ્યાદૃષ્ટિ છે. છે ખરા હોં! એ પર્યાય છે ખરી, પણ ત્રિકાળ જ્ઞાયકભાવને જોતાં, એકલું દ્રવ્ય જોતાં... બે દ્રવ્ય થઈ ગયા ને? જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્ય. બેના સંબંધે જે ભેદવાળી પર્યાય હતી એ જ્ઞાયકભાવ જોતાં પર્યાય રહેતી નથી. સમજાણું કાંઈ? આ તો હજી પહેલાં સમ્યગ્દર્શનની વાત છે ધર્મની શરૂઆત. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે...'** જ્ઞાયકભાવ. સમજાણું કાંઈ? વસ્તુ દ્રવ્ય છે અને એનો ભાવ છે તે સાથે છે. એ તો જ્ઞાયક ચૈતન્યપ્રકાશ. ધ્રુવ પ્રકાશ ચૈતન્ય. આહા..હા..! સમજાણું કાંઈ? **'તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે,...'** અભેદ થતાં ભેદ ત્યાં રહેતા નથી. એટલે નિમિત્ત અને નિમિત્તના સંબંધમાં જે ઊભા થતાં ભાવ ત્યાં સ્વભાવની દૃષ્ટિમાં રહેતા નથી, દ્રવ્યની દૃષ્ટિમાં એ રહેતા નથી, એમ કહે છે. આહા..હા..! દ્રવ્ય એટલે જ્ઞાયકભાવ, ધ્રુવભાવને જોતાં નિમિત્ત-નૈમિત્તિકના સંબંધવાળા ભાવ ત્યાં રહેતા નથી અને પર્યાયના ભેદને જોતાં એ પર્યાય છે પણ દ્રવ્ય ઢંકાઈ ગયું એમાં. પર્યાયના પ્રેમમાં, પર્યાયની રુચિમાં દ્રવ્ય ઢંકાઈ ગયું અને પર્યાયના ભેદની રુચિ છોડીને એકલા જ્ઞાયકભાવની (દૃષ્ટિ) કરી (તો) પ્રકાશમાન થયો ચૈતન્ય, ઢંકાણો હતો એ પ્રગટ થયો એમ કહે છે. આહા..હા..! ડાહ્યાભાઈ! આહા..હા..! આ તો ત્રણલોકના નાથ ચૈતન્યની દૃષ્ટિનો વિષય છે અહીં તો. સમજાણું કાંઈ? એ ભલે લાખ મંદિરો બનાવે ને કરોડો રૂપિયા ખર્ચે, એઈ..! એમાં ધર્મ નથી. આહા..હા..!

એ ચીજો જે થાય છે તેને જ્ઞાયકભાવે જીવને જાણતા તે જ્ઞાનનો વિષય રહી જાય છે, બસ. બસ! જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ, આહા..હા..! એનો અનુભવ થતાં, તેને દેખતાં ચૈતન્યજ્યોતિ પ્રકાશમાન થાય છે. આહા..હા..! ત્યાં કાંઈ ભેદબેદ રહેતા નથી, એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવમાંથી એકલો ચૈતન્ય જાણક... જાણક... જાણક... જાણક... એવા સ્વભાવને જુદો તારવી લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા કહે, દેવ-ગુરુ-શાસ્ત્રને માને એ સમ્યગ્દર્શન છે. નવતત્ત્વને ભેદથી માને એ સમ્યગ્દર્શન. અહીં તો એ ના જ પાડે છે. આહા..હા..! ટીકામાં તો ત્યાં સુધી કહ્યું છે ને કે નવતત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે, કળશટીકામાં. ભેદ છે પર્યાયમાં તેથી નવના (ભેદ) ઊપજે તેને સંવર, નિર્જરા, મોક્ષ સાચા નથી. એને જોવે એ જાતના, અનાદિના નવતત્ત્વ (પણે) જે પરિણમ્યો છે ને. અપેક્ષિત સંવર, નિર્જરા, મોક્ષ. મૂળ સંવર, નિર્જરા, મોક્ષ નહિ આમાં. એને જોતાં તો મિથ્યાત્વ જ થાય છે કહે છે. આહા..હા..! ભેદને જોતાં. આહા..હા..!

**'માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ...'** લ્યો, અહીં તો એકાંત કર્યું છે. પર્યાયથી પણ જાણવો તો અનેકાંત થાય એમ નથી, કહે છે. પર્યાય છે એ વાત બરાબર છે. નવના

ભેદ છે એ બરાબર છે, પણ એનો આશ્રય લેવો અને એને જાણવા, એ છે એને માનવા એટલા એ તો મિથ્યાદૃષ્ટિ છે. આખો જ્ઞાયક ભિન્ન ચૈતન્ય પ્રકાશની મૂર્તિ તો રહી ગયો આખો. સમજાણું કાંઈ? કહો, રસિકભાઈ! આવ્યા છે ને. અરે..! ભાઈ! આ કરવા જેવું છે, હોં! અરે..! જિંદગી ચાલી જાશે. આવા મનુષ્યના અવતાર પાછા મળવા... આહા..હા..! એમાં સત્યની વાત સાંભળવા મળવી... આહા..હા..! અને એ સાંભળીને પાછી અંતરદૃષ્ટિમાં પેસવી અલૌકિક વાત છે. આહા..હા..! બાકી ધૂળધાણી થઈ જશે. શરીર રાખ થઈ જશે. પૈસા, બાયડી, છોકરા બધા પડ્યા રહેશે અને એકલો ચાલ્યો જશે. આહા..હા..!

**'શુદ્ધનયથી જીવને જાણવાથી જ...'** આહા..હા..! **'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.'** લ્યો! વ્યવહાર-પર્યાયથી જોવે તો સમ્યગ્દર્શન થઈ શકતું નથી એમ કહે છે. દ્રવ્યની સાથે પર્યાયથી જોવે તો સમ્યગ્દર્શન થઈ શકતું નથી. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ ચૈતન્ય પ્રકાશની મૂર્તિ ધ્રુવ, એ **'શુદ્ધનયથી જીવને જાણવાથી જ...'** આહા..હા..! પંડિતજીએ પણ.. ત્યારે અમારા શાંતિભાઈને એમ થાતું હતું ને આ બધું સંસ્કૃતમાં છે એ સંસ્કૃત કેમ ન મૂક્યું? સંસ્કૃત હતું નહિ એનું પણ. આ તો હિન્દીથી બનેલું છે. ઓલું ન્યાયવાળું ઘણું ને એટલે (એમ કે) સંસ્કૃત હશે, એમ કહે. એ પોતે ન્યાયથી હિન્દીમાં જ મૂક્યું છે એણે. સંસ્કૃત ટીકા નથી એની. આહા..હા..! બહુ સરસ. આહા..હા..!

**'માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ...'** આ તો એકાંત થઈ ગયું. સમ્યક્ એકાંત થયું. આહા..હા..! શ્રીમદ્દે ન કહ્યું? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય (અન્ય હેતુએ કાર્યકારી નથી). આહા..હા..! સમ્યક્ એકાંત અંદર ઢળે છે ત્યારે એને અનેકાંતનું સાચું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ અનાદિ સંસારનો અંત, અનાદિ આત્માના આનંદની ઉત્પત્તિ અંદરમાં.. આહા..હા..! એ તો અલૌકિક માર્ગ હોય ને ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અભેદ છે, ભેદ નહિ. એકવચન છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં સાતના નામમાં જીવ એ નામમાં એકવચન છે. ભેદ નહિ અભેદ છે. સમજાણું કાંઈ? એમાંથી એકલું દ્રવ્ય તારવે ત્યારે એને નવનું જ્ઞાન યથાર્થ થયું કહેવાય. આહા..હા..! બીજામાં છે ને આ **'भूदत्थेणाभिगदा'**. નવમાંથી ભૂતાર્થ એકલો જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય બધામાં પણ વસ્તુ દ્રવ્ય તો જ્ઞાયકભાવપણે જ છે. એ કાંઈ એકેન્દ્રિયની પર્યાયપણે દ્રવ્ય થયું છે? આહા..હા..! એમ આસ્રવની પર્યાયપણે દ્રવ્ય થયું છે? આહા..હા..! એમ બંધભાવની પર્યાયપણે દ્રવ્ય થયું છે? દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પપણે દ્રવ્ય થયું છે? આહા..હા..! પંચેન્દ્રિય તિર્યંચના પંચેન્દ્રિયપણે થતાં જીવ પંચેન્દ્રિયપણે થયો છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... દ્રવ્યસ્વરૂપ તો અનાદિ એકરૂપ જ રહ્યું

છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય એ કંઈ જીવ નથી. જીવ તો અંદર જ્ઞાયકભાવ તે જીવ છે. આહા..હા..! છે ને '**एयत्तणिच्छयगदो**' એમાં. આહા..હા..! ધીરાના કામ છે ભાઈ, આ તો. આહા..હા..! જેને એકરૂપ ચૈતન્ય જ્ઞાયક.. કળશમાં આવશે. બે બોલ આવશે. દશ્યમાનં અને ઉદ્યોતમાનં. કળશમાં એનો સાર જ્ઞાનનો કહેશે. ટીકાનો સાર થોડા શબ્દોમાં ગજબ વાત છે! અમૃતચંદ્રાચાર્ય...

'**માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.**' આ સમ્યક્ એકાંત છે, ભગવાન! આહા..હા..! એ અનેકાંત એમાં યથાર્થ હોય છે. સમ્યક્ એકાંતવાળાને જ અનેકાંતનું યથાર્થ જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? '**જ્યાં સુધી જુદાં-જુદાં નવ પદાર્થો જાણે,...**' આહા..હા..! આ પુણ્ય છે ને આ પાપ છે ને આ સંવર છે ને આ નિર્જરા છે એમ ભિન્ન-ભિન્ન જાણે. '**શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.**' જુઓ આવ્યું. આ કહ્યું હતું ને, રાત્રે કહ્યું હતું. આ પર્યાયબુદ્ધિ. ભિન્ન.. ભિન્ન... ભિન્ન... જાણે પર્યાય ને દ્રવ્ય ને આ ને આ, ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે, દ્રવ્યબુદ્ધિ નથી એને. આહા..હા..! અને એક શુદ્ધનયથી દ્રવ્યબુદ્ધિને જાણ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ કોઈ દિ'. આહા..હા..! સમ્યક્ નામ સત્ય પ્રશસ્ત દર્શન તો તેને કહીએ કે જે એકાકાર જ્ઞાયકભાવને જાણે તેને. સમજાણું કાંઈ? આ તો જાણવું... જાણવું... જાણવું... એક (માંડી છે). જાણવું એ કરવું નથી? આહા..હા..!

'**શુદ્ધનયથી આત્માને જાણે નહિ...**' એટલે કે દ્રવ્યદૃષ્ટિએ જ્યાં સુધી આત્માને જોવે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નહોતું કહ્યું નિયમસારનું? પાંચમી ગાથામાં છે, નિયમસાર, કે અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ અને બહિર્તત્ત્વનો કોઈપણ અંશ ભેળવીને શ્રદ્ધા કરવી એ વ્યવહારસમકિત છે એટલે કે રાગ છે.

**શ્રોતા :-** આપ વ્યવહારસમકિત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વ્યવહારસમકિત એટલે જ રાગ. સમકિત કેવું? વ્યવહારસમકિત સમકિતની પર્યાય છે? એ તો રાગની પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં પાંચમી ગાથામાં બતાવ્યું હતું. નિયમસાર, પાંચમી. '**તત્ત્વો બહિઃતત્ત્વ...**' બહિઃતત્ત્વ એટલે કે પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધા બહિઃતત્ત્વ છે. અંતઃતત્ત્વ પૂર્ણસ્વરૂપ છે. '**બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે...**' એની શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. આહા..હા..! એટલે કે તેની શ્રદ્ધા તે રાગ છે.

**શ્રોતા :-** વ્યવહારે તો સાચી ખરી ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે સાચી એટલે રાગથી સાચી, રાગથી સાચી. આહા..હા..! એ અને પછી નવ ભેગા લીધા છે.

'**જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે**

સાત પ્રકારના છે. **તેમનું સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમકૃત્વ છે.**' વ્યવહારસમકિત એટલે કે વિકલ્પ, એ સમકિત છે જ નહિ, એ તો આરોપિત છે. રાગના ભાવને વ્યવહાર સમકિત કહે છે અને નિશ્ચય વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન તેને નિશ્ચયસમકિત કહે છે. આહા..હા..!

'**જ્યાં સુધી જુદાં-જુદાં નવ પદાર્થો જાણે, શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.**'

'**અહીં, એ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે :-**'

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ।।८।।

બે શબ્દ છે. જોયું! '**दृश्यताम्**' અને '**उद्योतमानम्**'.

'**શ્લોકાર્થ :- આ રીતે...**' '**चिरम् नव-तत्त्व-च्छन्नम्**' અનાદિ કાળથી નવતત્ત્વથી ઢંકાયેલો ભગવાન છે, કહે છે. '**ज्योतिष**' '**ष**' શબ્દ કેમ છે? આમાં નથી. ઓલામાં '**ज्योतिष**' એમ છે. '**ष**' આવતો હશે? આમાં '**ज्योतिष**' છે. '**ज्योतिष**' એવો આમાં શબ્દ હતો આમાં. '**ष**' કે '**ष**'? '**ज्योतिष**'-ष.

**શ્રોતા :-** વિસર્ગનો '**ष**'

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિસર્ગનો '**ष**' થઈ ગયો. જ્યોતિઃ જ્યોતઃ વિસર્ગ થઈ ગયો. '**ष**' કર્યો. વિસર્ગ છે ઈ બરાબર છે.

'**આ રીતે...**' '**चिरम्**' આહા..હા..! એટલે? અનાદિ કાળથી. આહા..હા..! ઘણા કાળથી એમ શબ્દ. અનાદિ કાળથી.. આહા..હા..! '**नव-तत्त्व-च्छन्नम्**' નવના પર્યાયની બુદ્ધિમાં ભગવાન ઢંકાઈ ગયો છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિમાં નવના ભેદથી ભગવાન જ્ઞાયક ઢંકાઈ ગયો છે. '**च्छन्नम्**' આહા..હા..! સમજાણું કાંઈ? એકલા આ તો ન્યાયના વિષય છે. પહેલી પંદર ગાથાઓ તો બહુ સૂક્ષ્મ છે, વસ્તુનું સત્ત્વ છે. આહા..હા..!

'**चिरम्**' '**નવતત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને,...**' જોયું! નવના ભેદની રુચિમાં રહ્યો એને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**चिरम् नव-तत्त्व-च्छन्नम् इदम् आत्मज्योतिः**' ભાષા જુઓ, અનંત કાળથી નવનાતત્ત્વમાં પર્યાયભેદમાં '**इदम् आत्मज्योतिः च्छन्नम्**' આ જ્યોતિ ઢંકાઈ ગઈ છે. આહા..! આ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એકલો. સમજાણું કાંઈ? જ્ઞાયક દ્રવ્યસ્વભાવ શુદ્ધ પરમપરિણામિક જ્ઞાયકભાવ એ નવના પર્યાયના ભેદમાં અનંત કાળથી ઢંકાઈ ગયો છે. ચૈતન્યજ્યોતિ ઢંકાઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયના પ્રેમમાં, પર્યાયની બુદ્ધિની રુચિમાં, એમ કહે છે મૂળ તો. પર્યાયના પ્રેમમાં, પર્યાયની રુચિમાં જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આવી

વાત છે ઝીણી. આહા..હા..! આખો માલ જે છે ચૈતન્યમૂર્તિ ભગવાન, એ વર્તમાન પર્યાયની અવસ્થાની પ્રેમની રુચિમાં ત્યાં અટકી ગયો અને વસ્તુ ઢંકાઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એમાં બાયડી, છોકરા, કુટુંબ ને પૈસા ને ધૂળ એ તો ક્યાંય રહી ગયા. ફક્ત નવના પ્રેમમાં એક ઢંકાઈ ગયો એટલું અહીં કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** નવના પ્રેમમાં બાયડી-છોકરા આવી ગયા ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બાયડી-છોકરા બીજે રહી ગયા. ના, એ બહાર રહી ગયા. એ અજીવમાં રહી ગયા.

એ અજીવ છે. પર છે એ અજીવ છે. ખરેખર તો આ જીવની અપેક્ષાએ બધા જીવો અજીવ છે. આ જીવ નહિ. પરમાણુ અજીવ છે એ જીવસ્વરૂપ નહિ એ અપેક્ષાએ. પર્યાયબુદ્ધિમાં જોતાં—એક અંશને જોતા આખી ચીજ ઢંકાઈ ગઈ છે. આહા..હા..! શું શૈલી! સમજાણું કાંઈ? એક અંશ અને એક કોર આખો અંશી-વસ્તુ. એમાં એ અંશ પર્યાયની રુચિના પ્રેમમાં આખી વસ્તુ ઢંકાઈ ગઈ, એની દૃષ્ટિમાં આચ્છાદન થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે માણસને... એ કરતા સામાયિક કરવી, દેરાસર જાવું, ભક્તિ કરવી, પૂજા કરવી એ ધર્મ હતો. આહા..હા..! એ ધર્મ કે દિ' હતો? આ ઓલા માંગીલાલજી જુઓને, આગ્રા મૂકીને આવ્યા સાંભળવા. કાંઈક નવું સાંભળવું છે ને નવું? આ માર્ગ છે. આહા..હા..!

ભાઈ! પર્યાયને ભૂલી જા એમ કહે છે. આહા..હા..! જેને તેં સત્ત્વ તરીકે રાખી છે પર્યાયને એમાં ઓલું આખું સત્ ઢંકાઈ ગયું છે. આહા..હા..! જેને પર્યાયની હયાતીનો સ્વીકાર છે એને ત્રિકાળી હયાતીનો નકાર છે. ભાઈ! આહા..હા..! પેલા એમ કહે છે. 'કનકને કામની .. આડી શ્યામની રામની રમતને તે જ લુંટે' અન્યમતિમાં વૈષ્ણવમાં આવે છે. અહીં તો બધું (જોયેલું છે). અમારે જોડે વૈષ્ણવ હતા ને પાલેજ. બધું એ પણ જોયેલું. વેદાંતના માણસો આવતા. અનુભવી અમે, અમને અનુભવ છે, એમ કહેતા. એમ આ પર્યાયની બુદ્ધિમાં રામની રમતું અંદર ઢંકાઈ ગઈ છે. આહા..હા..! કંચન અને કામિની બહાર રહી ગયા. આહા..હા..! આ તો ભેદબુદ્ધિમાં અભેદ ભગવાન ઢંકાઈ ગયો. આહા..હા..! શું શૈલી! અને અભેદબુદ્ધિમાં ભેદનો નાશ થઈ જાય છે, ત્યાં ભેદ દેખાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભેદબુદ્ધિ કે પર્યાયબુદ્ધિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કીધું ને પર્યાય. પર્યાયદૃષ્ટિ તે ભેદબુદ્ધિ. એ પર્યાયબુદ્ધિ એ જ ભેદબુદ્ધિ.

**શ્રોતા :-** પર્યાય રાગવાળી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગવાળી, બીજી ક્યાં છે એને? નિર્મળ તો છે જ નહિ એને. નિર્મળ છે એ તો સત્તાગુણ આદિની પર્યાય નિર્મળ છે. આ બીજી નિર્મળ છે નહિ એને. અસ્તિત્વ ગુણની પર્યાય નિર્મળ છે. એ કાંઈ અસ્તિત્વ ગુણમાં મલિન છે? મલિન એટલે

કાંઈ અસ્તિત્વ થોડું થઈ જાય છે? વસ્તુત્વગુણ છે, પ્રમેયત્વગુણ છે એ બધાની પર્યાય તો નિર્મળ છે. આહા..હા..! અગુરુલઘુ સ્વભાવ છે ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ એ બધો નિર્મળ છે. એથી શું? પણ એમાં રુચિ એટલી અંશમાં પ્રેમમાં ભગવાન આખો જ્ઞાયકભાવ તેની દૃષ્ટિમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ નવતત્ત્વોમાં ભેદોમાં, એમ. અનાદિના નવતત્ત્વોમાં આ સાચો સંવર, નિર્જરા, મોક્ષ નથી. અપેક્ષિત એને સંવર, નિર્જરા, મોક્ષ કીધા છે. એટલી પ્રકૃતિ બંધાતી નથી એને. મિથ્યાત્વમાં પણ અમુક પ્રકૃતિ નથી બંધાતીને? એ અપેક્ષાએ અબંધ ગણ્યો. જેટલે અંશે આસ્રવ બીજી .. નથી આવતો એને એક અપેક્ષાએ સંવર ગણ્યો. સંવર એટલે સાચો સંવર એમ નહિ, દ્રવ્યસંવર, વ્યવહારસંવર. એવા નવતત્ત્વનો આખો અનુભવ છે એ તો મિથ્યાત્વ છે. એટલે? એમાં સંવર, નિર્જરા, મોક્ષ સાચા એ નથી એમાં આવતા. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** સાચા પ્રગટ થયા પછી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચા થયા પછી તો એને ભાન થઈ ગયું છે. પછી પર્યાયબુદ્ધિ રહેતી નથી, પણ છે સાચા. સંવર, નિર્જરા, મોક્ષ હોવા છતાં પર્યાયબુદ્ધિ નથી એની. આહા..હા..! એને જ્ઞાયકભાવની બુદ્ધિથી સંવર, નિર્જરા, મોક્ષપર્યાય પ્રગટ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! સાચી વસ્તુ શું છે ઈ એના જ્ઞાનમાં પણ ન આવે, એના ખ્યાલમાં ન આવે, શું એને કરવું છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બધા ફૂ થઈને ઊડી જશે બહારની ચીજો, બાપુ! તું જ્યાં છે ત્યાં તું રુચિમાં રહીશ. સમજાણું? એટલે કે જો પર્યાયબુદ્ધિમાં હઈશ તો ત્યાં રહીશ અને દ્રવ્યબુદ્ધિમાં હશે તો તું ત્યાં રહીશ. આહા..હા..! ભવિષ્યમાં અનંત કાળ રહેવું છે કે નહિ એને? કાંઈ નાશ થાય એવો છે આત્મા? તો જો એની ભેદબુદ્ધિમાં હશે તો પર્યાયબુદ્ધિમાં મિથ્યાત્વમાં રહેશે અનંત કાળ ભવિષ્યમાં. આહા..હા..! રહેશે ખરો, જાશે ક્યાં? આહા..હા..! અને જેને જ્ઞાયકભાવની બુદ્ધિ થઈ છે, આહા..હા..! એને પર્યાયમાં નિર્મળતા થઈ છે, ત્યાં એ રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં વસ્તુ એવી છે કે ભાઈ, વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. એવી વાત છે. સહજનો અંતર ધંધો છે ભાઈ, આ તો. આહા..હા..!

**'નવતત્ત્વોમાં...'** ભેદોમાં-પર્યાયના ભેદમાં **'ઘણા કાળથી છુપાયેલી...'** **'च्छन्नम्'** છે ને? **'આ આત્મજ્યોતિને,...'** **'इदम्'** છે ને? **'इदम्'** એમ શબ્દ છે ને? **'इदम्'** આ આત્મજ્યોતિ. જુઓને શબ્દે શબ્દના અર્થ કર્યા છે. એ તો આપણે હવે આ ભર્યા. નહિ? શબ્દો આ. પહેલાંમાં નહોતા પણ શબ્દો તો આ જ હતા. એને એ રીતે કર્યું અમારે. જેવા શબ્દો છે ને કળશમાં એવો જ અર્થ ભર્યો છે, પણ આ શબ્દો પહેલાં નહોતા મૂકાયેલા. પહેલાં સમયસારમાં. શબ્દો હવે આ ફેરી નાખ્યા. જુઓને! શબ્દે શબ્દનો અર્થ છે. છે?

**'चिरम्'** એટલે ઘણા કાળથી. **'नव-तत्त्व'** એટલે નવતત્ત્વમાં **'च्छन्नम्'** એટલે ઢંકાયેલી

'इदम्' એટલે આ 'आत्मज्योतिः' આત્મજ્યોતિને. આહા..હા..! કેટલી ... '**वर्णमाला–कलापे निमग्नं कनकम् इव**' '**જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને...**' એટલે? સોનાને આમ આંચ આપે ને અગ્નિની? ભિન્ન.. ભિન્ન... ભિન્ન... ભિન્ન.. વર્ણ દેખાય ને એમાં? એ '**વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને...**' પણ એમાં સુવર્ણરૂપ જે એક છે એ તો એકાકાર પડ્યું જ છે. આહા..હા..! આહા..હા..! એના ભલે ભેદ પડે આમ પંદરવલુ ને ચૌદવલુ ને તેરવલુ ને બારવલુ. પણ અંદર વર્ણોના સમૂહમાં... જુઓ! એક જ નહિ, ઘણા ભેદ પડ્યા ને એ રંગભેદ. છુપાયેલા–ઢંકાયેલા છે ને? આહા..હા..! '**એકાકાર સુવર્ણને બહાર કાઢે...**' એકલું સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... એ વર્ણના ભેદોથી ભિન્ન એકલું સોનું-સોનું બહાર કાઢે. બહાર કાઢે તેમ.

'**उन्नीयमानं**' '**શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે.**' આહા..હા..! એમ કે અનુમાનથી (એમ નિર્ણય કરે કે) 'આ ચેતન તે આત્મા' એ પણ એક વિકલ્પ છે, એમ કીધું. ભાઈ! આ કળશટીકામાં. '**उन्नीयमानं**' અનુમાનથી કહેવું કે આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા એ પણ ભેદ છે. આહા..હા..! કળશટીકાકારે .. થયા એક-એક રાજમલજી ને .. આહા..હા..! .. ગૃહસ્થાશ્રમમાં (રહ્યા છે પણ) આત્મા છે ને, ભાઈ! '**उन्नीयमानं**' એટલે કે અનુમાનથી જો કરવા જાવ તો એ નહિ. 'આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા' એમ થાય ને અંદર? એ અનુમાન થયું એ પણ એક વિકલ્પ છે, પણ એ વિકલ્પથી રહિત એકલો જ્ઞાયકભાવ '**શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે.**' આહા..હા..! ચૈતન્ય ચમત્કાર જ્ઞાયકભાવ એને આવા નવતત્ત્વમાં ઢંકાયેલાને જુદો પાડ્યો-જુદો કાઢ્યો. આ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકમાત્ર. છે ને? બહાર કાઢી, શું? જ્યોતિ. ચૈતન્યજ્યોતિ છે ને અંદર? એ આત્મજ્યોતિ.

'**શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. માટે, હવે હે ભવ્ય જીવો!**' આહા..હા..! હે ભવ્ય જીવો! આહા..હા..! જુઓને, લાયક જીવો. '**सततविविक्तं**' '**હંમેશા આને અન્ય દ્રવ્યોથી...**' '**सतत**' એટલે નિરંતર, '**विविक्तं**' એટલે ભિન્ન. '**અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિકભાવોથી...**' એ તો ખુલાસો કર્યો. '**सततविविक्तं**' નિરંતર ભિન્ન. કોનાથી ભિન્ન? '**અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિકભાવોથી...**' પુણ્ય-પાપના વિકલ્પ આદિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનના દરબારમાં ઈન્દ્રો બેઠા હોય ને.. આહા..હા..! હવે એને નવરાશથી સાંભળવાને વખત નથી, સમજવાનો વખત લેતો નથી. આટલી કરુણાથી કહ્યું છે. આહા..હા..! ભાઈ!

'**सततविविक्तं**' અન્ય દ્રવ્યોથી—શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, બાયડી, છોકરા, દેવ-ગુરુ-શાસ્ત્ર એ અન્ય દ્રવ્યો એનાથી (તો) જુદો, પણ કર્મના નિમિત્ત થતાં પુણ્ય-પાપ, આસ્રવ-બંધ એનાથી પણ જુદો. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી આ મારી બાયડી ને આ મારા છોકરા ને મેં એને પરણાવ્યા અને મેં એને પહટાવ્યા. મારી નાખ્યા

છે ને.

**શ્રોતા :-** એના કરતાં વધારે પૈસાનો મોહ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસાનો મોહ ને પૈસા કરતાં પણ જેને કુટુંબમાં બાયડી ઉપર મોહ, એને વધારે મોહ હોય ત્યાં. કારણ કે વિષયમાં મુખ્યતા સ્ત્રીની છે, સ્ત્રીને પુરુષની છે. વિષયમાં મુખ્યતા એ છે, પૈસાની નહિ. સમજાણું કાંઈ? સિદ્ધાંતમાં લેખ છે આ. વિષયમાં મુખ્ય પરદ્રવ્ય નહિ પણ સ્ત્રી છે એની. એના પ્રેમમાં સલવાણો. આહા..હા..! ભાઈએ લખ્યું નથી? હુકમચંદજી. મહાવીરનો લેખ લખ્યો ને, બહુ સરસ લખ્યો છે. બહુ સરસ. હુકમચંદજી. બહુ સરસ માણસ. ઉંમર જોઈએ તો ૩૯ વર્ષની પણ પાક્યો છે ને. ક્ષયોપશમ તો ગજબ છે એનો અને રુચિ પણ આ બધી સરખી હોં! એણે લખ્યું છે કે મહાવીર પ્રભુએ શું કર્યું? કે સર્પને વશ કર્યો, વ્યંતરને આમ કર્યું. કહે ના, એવું તો કાંઈ ભગવાને કર્યું જ નથી. તો મહાવીરને ઓળખ્યા જ નથી તેં. સમજાણું કાંઈ? મહાવીરે તો એ કર્યું હતું (કે) અંદર સ્વભાવની વીતરાગતા પ્રગટ કરીને વીતરાગતાની વૃદ્ધિ કરી અને ઘટના બની હોય એની જિંદગીમાં તો રાગને ઘટાડવી એ ઘટના બની. આ સર્પને આમ થયું, વ્યંતરને આમ કર્યું, ઢીંકણાને આમ કર્યું. આહા..હા..! બહુ સરસ લખ્યું છે. ડાહ્યાભાઈ! વાંચ્યું છે? હમણાં આપણે આવ્યું છે આમાં આત્મધર્મમાં ગુજરાતી. ગુજરાતી આવ્યું, જેઠાભાઈ! હમણાં આત્મધર્મમાં. વાંચ્યું નહિ હોય, બહાર રખડતા હતા ને હમણાં? આત્મધર્મમાં આવ્યું છે. બહુ સરસ. બધા પંડિતોને .. એવું છે. અને પાછો નિર્માની. આહા..હા..! હુકમચંદજી. શેઠ! બહુ સરસ.

એ કહે છે, ભગવાને શું કર્યું? આ યજ્ઞ હતા અને એની સામે એનો દ્રોહ માંડ્યો, એની સામે.. તો કહે છે, એ કાંઈ કર્યું નથી ભગવાને. આહા..હા..! ભગવાને તો વાણી કરી નથી તો પછી બીજું શું કરે? વાણી તો જડ છે. જડ સંબંધમાં હો અને બોલાય કે ન બોલાય એ તો જડની ક્રિયા છે. એના આત્માએ કાંઈ કર્યું જ નથી એમાં. આહા..હા..! એણે કર્યું હોય તો વીતરાગતાની વૃદ્ધિ અને રાગનો ઘટાડો, બસ! આ કર્યું છે.

ત્રીજી વાત આ લીધી છે કે ખરેખર જગતને સ્ત્રીનો સંગ એ મોટી ઘટના. જેને સ્ત્રી વળગીને પરણીને લગન કર્યા એની મોટી ઘટના કે જેને ક્ષણે-ક્ષણે એના પ્રેમમાં ફસાઈ જાય, એના ભોગની વૃત્તિઓ થયા કરે, એને રાજી રાખવાને આમ થાય એ ઘટના અજ્ઞાનીને સ્ત્રી પરણ્યા પછી મોટી ઘટના થાય છે, તે ભગવાનને હતું નહિ. શાંતિભાઈ! આહા..હા..! જ્યારથી સ્ત્રી પરણે ત્યારથી એમ થાય કે આ મારી છે. હવે કેમ એને આમ થાય? હવે આમાં આમ કેમ થાય? એ વિષયની વૃત્તિ કેમ થાય? અને કેમ આમ થાય? ફલાણું-ઢીંકણું. એ ઘટના. પાપની ઘટના ઘટી એને. જયંતિભાઈ! કહો, સમજાણું કાંઈ? એ ઘટના ભગવાનને થઈ નથી એટલું. એ કરી નથી. એ પણ દુનિયાને માટે, ઉપકાર માટે એ પરણ્યા નથી અને ઝટ દીક્ષા લીધી એમ પણ નથી. પોતાના માટે વૈરાગ્ય વધાર્યો અને રાગ ઘટાડ્યો એ વાત છે. આહા..હા..!

ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ગ્રંથમાં અર્થમાં ઘણે ઠેકાણે આવે છે આપણે. કળશટીકામાં ઓલામાં. વિષયોમાં મુખ્ય હોય તો તે સ્ત્રી છે અને જેણે એને જીતી એણે વિષયોને જીત્યા. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** આ સઘળા સંસારની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સઘળા સંસારની, આવે છે ને, 'રમણી નાયક રૂપ, એ જીત્યા સર્વ જીત્યું...' આપણે આમાં આવે છે. ટીકામાં આવે છે. કળશટીકામાં આવે છે. આહા..હા..!

અહીં તો કહે છે કે પર્યાયને ન જોતાં. આહા..હા..! બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા હવે એ તો. '**હંમેશા આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિકભાવોથી ભિન્ન એકરૂપ દેખો.**' અનુભવો. આહા..! સર્વ પ્રકારે એકરૂપને અનુભવો. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો દુનિયાની જાતથી વાત બીજી છે. સંપ્રદાયની વાતથી આવી વાત બીજી છે. આ તો વીતરાગ ત્રિલોકનાથ.. આહા..હા..! જિનેન્દ્રદેવ પરમેશ્વર એનો આ માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવને અન્ય દ્રવ્યથી અને અન્ય દ્રવ્યના નિમિત્તથી થતાં નૈમિત્તિકવિકલ્પો તથા ભેદથી એને ભિન્ન દેખ, ભિન્ન અનુભવ. દેખવું એટલે સર્વસ્વ અનુભવ કર એનો. આહા..હા..! સર્વસ્વ એ ચીજ છે. સર્વસ્વ એ ચીજ છે, સ્વ પોતાનું આ, એને અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા..! નવતત્ત્વમાંથી સમ્યગ્દર્શન કહ્યું છે ને. અહીં તો એની વાત છે ને અત્યારે. આહા..હા..! ચારિત્ર તો પછી હોય. આહા..હા..!

'**એકરૂપ દેખો.**' એટલે? એકરૂપ અનુભવો. ભેદરૂપ છે એ કાઢી નાખીને એકરૂપ અનુભવો. અનેકરૂપ છે એને કાઢી નાખીને એકરૂપ અનુભવો એમ કહે છે. સમજાણું કાંઈ? આ અનાદિ અનેકરૂપનો અનુભવ છે એને કાઢી નાખી-વિવિક્ત કરી-ભિન્ન કરી એક જ્ઞાયકભાવ એને અનુભવો, એને દેખો. આહા..હા..! અનેકને ન દેખો. એકને દેખો, સમજાણું કાંઈ?

'**प्रतिपदम् उद्योतमानम्**' આહા..હા..! '**આ (જ્યોતિ) પદે-પદે અર્થાત્ પર્યાયે-પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.**' આહા..હા..! પર્યાયે-પર્યાયે સામાન્યપણું પ્રકાશમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! આવી વાત પણ સાંભળવા ન મળે એ શું કરે? અરે..! નિરાધાર અશરણ... અશરણ... અશરણ. શરણની ચીજ શું છે એની ખબર ન મળે. આહા..! '**प्रतिपदम्**' ક્ષણે-ક્ષણે, પર્યાયે-પર્યાયે એ ચૈતન્ય તો ભિન્ન પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઉદ્યોતમાન છે, પ્રકાશમાન છે લ્યો.

'**ભાવાર્થ :- આ આત્મા સર્વ અવસ્થાઓમાં...**' જોયું! '**વિધવિધ રૂપે દેખાતો હતો...**' ભિન્ન-ભિન્ન અવસ્થાએ, ભિન્ન-ભિન્ન પર્યાયે ભિન્ન-ભિન્ન દેખાતો હતો, '**તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે;...**' આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવને જોનારી દૃષ્ટિએ એને એક ચૈતન્યચમત્કાર, એકરૂપ ચૈતન્યચમત્કાર દેખાડ્યો. એ વસ્તુ એ સમ્યગ્દર્શનનો

વિષય. આહા..હા..! નિશ્ચયનયનો વિષય કહો, શુદ્ધનયનો વિષય કહો, સમ્યગ્દર્શનનો વિષય કહો બધી એક જ ચીજ છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એમ કીધું છે ને ત્યાં? ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ત્રિકાળી એકરૂપ ચૈતન્યચમત્કારને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રયે નહિ, રાગને આશ્રયે નહિ, ઉઘાડનો ક્ષયોપશમનો અંશ છે એને આશ્રયે નહિ. આહા..હા..! '**શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે; તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો,...**' આહા..હા..!

**શ્રોતા** :- હવે અને સદા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે, સદા. હવેથી. ગયું એ ગયું ભલે, કહે છે. હવે સદાય નિરંતર એકાકાર જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ.. એને અનુભવો. આહા..હા..! એનો અનુભવ કરો.

'**પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો**' પર્યાય છે ખરી, પણ એની બુદ્ધિમાં એકાંતમાં રાખતા મિથ્યાત્વ થાય છે. દ્રવ્યબુદ્ધિ થઈને પર્યાયનું જ્ઞાન કરે, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો. આહા..હા..! નવની પર્યાયમાં રોકાવું એમ ન રાખો. '**એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' લ્યો! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, દિગંબર સંતો તે ગુરુ. આહા..હા..! એ ગુરુઓનો આ ઉપદેશ છે. આહા..હા..! જુઓને, લખે છે અહીં. આહા..હા..! નગ્ન દિગંબર—બાહ્યમાં અને અંતરમાં દિગંબર એવા ગુરુઓનો આ ઉપદેશ છે, એ પ્રમાણે કરો એમ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

## પોષ સુદ-૭, ગુરુવાર, તા. ૦૮-૦૧-૧૯૭૬, શ્લોક-૮, પ્રવચન નં. ૩૯

છે ને? '**व्युदस्त**' એટલે?

**શ્રોતા** :- અસ્ત થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અસ્ત થઈ ગયો. ગૌણ કરી નાખ્યો. '**व्युदस्त**' શબ્દ છે ને. ૧૩મી ગાથાની પાછળની ટીકા.

'**ટીકા** :- **હવે, જેમ નવતત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો...**' શું કહ્યું એ? છે ને અંદર? '**अथैवमेकत्वेन**' નવતત્ત્વોમાં જીવ એક જ જ્ઞાયકભાવ, ભેદ વિનાનો એકલો જ્ઞાયકભાવ જ જીવને જાણવો એ ભૂતાર્થ કહ્યો. સમજાણું કાંઈ? નવતત્ત્વની

અંદર જેટલા ભેદો છે એ બધાને કાઢી નાખીને એક જીવ જ ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? નવતત્ત્વોમાં નવની પર્યાયના ભેદ છે એ ભેદ તરીકે વ્યવહારનયના વિષય તરીકે બરાબર છે, પણ આશ્રય કરવાલાયક, આદરવાલાયક તો એક જીવ જ ત્રિકાળ જ્ઞાયકભાવ એ જ સમ્યગ્દર્શનનો વિષય છે, એ જ એક જાણવાલાયક છે. આહા..હા..! આવી વસ્તુ છે.

**'જેમ નવતત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો...'** હવે એથી વધારે વાત લે છે. **'તેમ, એકપણે પ્રકાશમાન આત્માના...'** આત્મા તો એકપણે પ્રકાશમાન વસ્તુ છે, એમ કહે છે. જ્ઞાયકભાવ નિત્ય આનંદભાવ ગુણ-ગુણીના ભેદ વિનાનો એકલો જ્ઞાયકભાવ એકપણે પ્રકાશમાન છે. એવા એકપણે પ્રકાશમાન આત્માના **'અધિગમના ઉપાયો...'** એકપણે પ્રકાશમાન ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ જે સમ્યગ્દર્શનનો વિષય છે. એકપણે ચૈતન્યબિંબ જ્ઞાયકભાવ પ્રકાશમાન વસ્તુ એક છે પણ તેને જાણવાના ઉપાયો—અધિગમના ઉપાયો, એને જાણવાના ઉપાયનો અર્થ? ત્રિકાળ તો છે જ. એ જ જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળ જણાય એ જ ઉપાય છે, પણ આ તો આત્મા કેવો નિક્ષેપે, નયે એવા અધિગમના ઉપાયો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી તો અભૂતાર્થ છે,...'** પહેલાં જાણવા કાળે એને પ્રમાણથી, નયથી, નિક્ષેપથી જાણે, પણ એ બધા વિકલ્પો ભેદના વિકલ્પો છે. આહા..હા..! એ પણ અભૂતાર્થ છે, વાસ્તવિક તત્ત્વને માટે આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! અનંત કાળમાં એણે સહજ આત્મા પરમાનંદની મૂર્તિ એવો એણે દૃષ્ટિમાં લીધો જ નથી. ભેદને લક્ષમાં લઈને આત્મા જાણ્યો એમ એણે માન્યું અનાદિથી, પણ વસ્તુ જે છે એકપણે પ્રકાશમાન. એમ ભાષા લીધી છે ને? જોયું? છે ને અંદર? **'अथैवमेकत्वेन द्योतमान'** સંસ્કૃત છે. **'अथैवमेकत्वेन द्योतमानस्यात्मनोऽधिगमोपायाः'** આહા..હા..! **'પ્રમાણ, નય, નિક્ષેપ છે...'** પહેલાં એણે સર્વજ્ઞથી કહેલા તત્ત્વને અન્યમતથી કહેલા તત્ત્વથી જુદો જાણવા પ્રમાણ, નય અને નિક્ષેપ હોય છે. સમજાણું કાંઈ? તે પણ ખરેખર અંતર સ્વરૂપના પ્રકાશના અનુભવમાં એ બધા જૂઠાં છે. પ્રમાણ, નય, નિક્ષેપ તેના વિકલ્પ કાળમાં ભેદથી છે તે સત્ય છે વ્યવહારે, વ્યવહારે. આહા..હા..! પણ અંતર અનુભવ દૃષ્ટિમાં એ બધા અભૂતાર્થ જૂઠાં છે. જૂઠાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે...'** જોયું! પ્રમાણ, નય, નિક્ષેપથી ભલે એને ભેદથી જાણે, પણ જાણવાના જે ઉપાય છે તે અંતરના અનુભવની અપેક્ષાએ તો જૂઠાં જ છે. આહા..હા..! એ તો નિર્વિકલ્પ સમાધિમાં જણાય એવો આત્મા છે એમ કહે છે. આવા વિકલ્પથી જણાય એવો આત્મા નથી. આહા..હા..! **'તેમાં પણ આત્મા...'** એટલે? જેમ નવતત્ત્વના ભેદમાં પણ એક જ જીવ પ્રકાશમાન છે તે જ વસ્તુ છે એમ એને જાણવાના ઉપાયો—પ્રમાણ, નય અને નિક્ષેપ એ પણ અંતરના અનુભવમાં 'એક

**જ ભૂતાર્થ છે...'** ભેદ એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

સહજાત્મસ્વરૂપ સહજસ્વરૂપ એ સહજ નિર્વિકલ્પ દૃષ્ટિથી, નિર્વિકલ્પ શાંતિથી જણાય એવો છે. ડાહ્યાભાઈ! આવી વાત છે. આહા..હા..! એમાં પણ આત્મા એક જ સાચો છે. આહા..હા..! પ્રમાણ, નય અને નિક્ષેપથી પહેલાં સર્વજ્ઞે કહેલો આત્માને અન્યમતથી જુદા જાણવા આવા પ્રમાણ, નય, નિક્ષેપ હોય છે, પણ એમાં પણ આત્મા એક જ પ્રકાશમાન છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સહજ સહજાત્મસ્વરૂપ, સહજ આત્મ સ્વરૂપ એ સ્વભાવિક સહજ દૃષ્ટિથી જ જણાય એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'(કારણ કે **જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે).'** અનેક ભેદરૂપ હોય છે. જ્ઞેયના પ્રકાર હોય છે—નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ વગેરે. જ્ઞાનના પ્રકાર અનેક હોય છે—નિશ્ચય, વ્યવહાર આદિથી. '**તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે...'** પ્રમાણજ્ઞાનના બે પ્રકાર છે. એક '**પરોક્ષ અને પ્રત્યક્ષ. ઉપાત્ત અને અનુપાત્ત પર (પદાર્થો) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે...'** ઉપાત્ત એટલે? ઇન્દ્રિય, મન, વગેરે પરપદાર્થો છે તે ઉપાત્ત-મેળવેલા છે એ એમ. ઇન્દ્રિય, મન અને ઉપાત્ત પદાર્થ તેનાથી જણાય તે પરોક્ષ છે. અનુપાત્ત-અણ મેળવેલા પ્રકાશ, ઉપદેશ વગેરે. આહા..હા..! ઉપદેશ વગેરેથી પણ જણાય એ પરોક્ષ છે. આહા..હા..! સર્વજ્ઞની વાણી અને સંતોની વાણી આગમ-પરમાગમ એના ઉપદેશથી જણાય એ પણ પરોક્ષ છે. સમજાણું કાંઈ?

'**અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે...'** એકલા આત્માને આશ્રયે જેમાં મન આદિનો સંબંધ, ઉપદેશ આદિનો પણ સંબંધ જેમાં નથી. આહા..હા..! '**કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. (પ્રમાણ જ્ઞાન છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છે—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ.'** આ પ્રમાણની વ્યાખ્યા કરે છે. જીવને ક્રોધવાળો, માનવાળો, માયાવાળો, લોભવાળો જાણવો એ તો પર્યાયબુદ્ધિ છે, પણ એને મતિ-શ્રુતની પર્યાયના ભેદવાળો જાણવો એ પર્યાયબુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ આત્મા કેવળ પ્રત્યક્ષ પોતાથી પ્રવર્તે એના પ્રકાર જ્ઞાનના પાંચ. એમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ. '**તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ ને મનઃપર્યય એ બે વિકલ-પ્રત્યક્ષ છે...'** અધુરા પ્રત્યક્ષ. '**અને કેવળજ્ઞાન સકલ-પ્રત્યક્ષ છે.'** આહા..હા..! એમ એણે પ્રમાણથી જાણવાનો પ્રયત્ન વિકલ્પથી કર્યો, વિકલ્પથી. સમજાણું કાંઈ? '**તેથી એ બે પ્રકારના પ્રમાણ છે.'** પરોક્ષ અને પ્રત્યક્ષ. '**તે બન્ને પ્રમાતા,...'** જાણનારો '**પ્રમાણ,...'** જ્ઞાન '**પ્રમેય...'** તેના ભેદો જાણવાલાયક. એને '**અનુભવતાં તો ભૂતાર્થ છે,...'** વ્યવહારે તે છે. પ્રમાતા, જાણનારો, પ્રમાણજ્ઞાન, પ્રમેય એના ભેદો એને અનુભવતાં તો છે એ પર્યાયમાં એ છે, વિકલ્પની અપેક્ષાએ એ બધા છે. '**સત્યાર્થ છે;...'** વ્યવહારે પર્યાયદૃષ્ટિએ એ સત્યાર્થ છે, આહા..હા..! પણ એ કંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી.

એવા દ્વારા સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી, એમ કહે છે. આહા..હા..!

**'અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...'** સર્વ ભેદો ભાઈએ કીધું અસ્ત થઈ ગયા છે. અસ્ત-આથમી ગયા છે. છે ને માથે? '**व्युदस्त**', '**व्युदस्त**' આહા..હા..! જેમાં નય, પ્રમાણના ભેદોનું પણ લક્ષ આથમી જાય છે, કહે છે. આહા..હા..! **'એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...'** આહા..હા..! **'એવા એક જીવ...'** એનું અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત ઈશ્વરતા એવું એક એનું રૂપ. આહા..હા..! **'એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...'** એક જીવનો. ઓલા ભેદ નહિ. આહા..હા..! હવે ઓલા તો કહે, રાગની મંદતા કરતાં-કરતાં અનુભવ થાય. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. અહીં તો કહે છે કે આવા ભેદના વિકલ્પથી પણ દૃષ્ટિમાં ન આવે. આહા..હા..! કષાયની મંદતા હોય વ્યવહાર સાધન તો નિશ્ચય આવે—તદ્દન જૂઠી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો પ્રમાણનાં ભેદો વ્યવહાર અને નિશ્ચયના ભેદ છે. નિશ્ચય એટલે? પ્રત્યક્ષ. પણ એ ભેદોનું લક્ષ છે જ્યાં સુધી ત્યાં સુધી એને સમ્યગ્દર્શનનો વિષય અનુભવમાં ન આવે. આહા..હા..! આવા કામ છે ધીરા, બાપા! સમજાણું કાંઈ? **'જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...'** મારે તો એ કાઢવું છે કે મુખ્ય ગૌણ. ભાઈએ લખ્યું છે ને ૧૧મી ગાથામાં? કીધું, અમૃતચંદ્રાચાર્યમાંથી કાંઈ નીકળે છે? તે દિ' કહ્યું હતું ને. તો આમાં '**व्युदस्त**'-આથમી ગયા એમ અપેક્ષાએ નીકળે. કારણ મુખ્ય-ગૌણ જે વાપર્યું છે ને પંડિતજીએ ૧૧મી ગાથામાં, કીધું એની પોતાની ભાષા છે કે આચાર્યોમાંથી નીકળે છે? તો આચાર્યમાંથી નીકળે છે આ અમૃતચંદ્રાચાર્યમાંથી. આહા..હા..!

શાંત જેનો અકષાયસ્વભાવ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા જિનસ્વરૂપી પરમાત્મા ભગવાન સ્વરૂપી પરમાત્મા એના એકરૂપનું જ્ઞાન એ આવા ભેદથી થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાને કહેલો એ આત્માને જાણવા માટે આ ઉપાયો પહેલાં સાચાં છે. કારણ કે બીજા અન્યમતિઓ ગમે એ રીતે આત્માને કલ્પતા હોય એથી ભિન્ન પાડવા માટે આ વાત બરાબર છે, પણ એ દ્વારા આત્મા જણાય (એ વાત બરાબર નથી). આહા..હા..! આવી વાત છે, ભગવાન! સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનનું પ્રત્યક્ષપણું પણ ખ્યાલમાં આવ્યું એમ કહે છે, એય..! વિકલ્પ દ્વારા. આહા..હા..! કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવું કેવળજ્ઞાન પણ વિકલ્પ દ્વારા નિર્ણય આવ્યો કે કેવળજ્ઞાન આવું હોય, અવધિ આવું હોય, મનઃપર્યય આવું હોય, છતાં એ ભેદના વિકલ્પથી આત્માનું જ્ઞાન નહિ થાય. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવી વાતું છે આ. આહા..હા..! કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, અવધિ-મનઃપર્યય દેશપ્રત્યક્ષ છે એવો વિકલ્પથી નિર્ણય કર્યો, સમજાણું કાંઈ? છતાં એ બધા ભેદનો પક્ષ છે. આહા..હા..! ભગવાન આત્મા

એકરૂપ અખંડાનંદ પ્રભુ એના અનુભવમાં-એકપણાના અનુભવમાં ભેદનું કોઈ કારણ છે નહિ, ભેદનું અવલંબન અને આશ્રય છે નહિ. આહા..હા..! આવી વાતું ઝીણી બહુ. માર્ગ તો વીતરાગમૂર્તિ છે. આહા..હા..! વીતરાગની પર્યાયથી ઉત્પન્ન થતો ભાવ છે. આ ભેદો બધા વિકલ્પ છે, રાગ છે. આહા..હા..!

એ સર્વ ભેદો જેમાં અસ્ત થઈ ગયા છે, આહા..હા..! નીકળી ગયા છે. એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ વીતરાગમૂર્તિ, પૂર્ણ એકરૂપ સ્વભાવ. આહા..હા..! એવા એક જીવનો સ્વભાવ, એવા એક જીવનો સ્વભાવ, આહા..હા..! એનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે. પ્રમાણ જે કેવળજ્ઞાન પ્રત્યક્ષ એવા જે વિકલ્પ કર્યા એ બધું જૂઠું છે. આહા..હા..! આ તો અંતરની લક્ષ્મી પ્રાપ્ત કરવાના ઉપાયની વાત છે. ભીખાભાઈ! બહારની ધૂળ નહિ. આહા..હા..!

પર્યાયના ભેદના પ્રત્યક્ષના લક્ષના વિકલ્પેથી પણ એ જણાય એવો નથી. આહા..હા..! ત્યારે ત્યાં કહ્યું છે ને ૮૦માં, '**जो जाणदि अरहंतं**' આ તો.. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं सो जाणदि अप्पाणं**' એ તો નિમિત્તથી કથન કર્યું છે. એ કેવળજ્ઞાન આવું હોય દ્રવ્ય-ગુણ-પર્યાય, એવા વિકલ્પ કર્યો છે એટલું જ, પછી એને છોડીને અંતરમાં જાય છે ત્યારે એ જણાય છે. સમજાય છે કાંઈ? એનાથી જણાય છે એમ નહિ. આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... અંદરથી પ્રગટ થાય, કહે છે કે એ એકપણાના આશ્રયે પ્રગટ થાય. ભેદને આશ્રયે અશાંતિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવા એક જીવના...**' એવા એટલે? જેમાં આવા પ્રત્યક્ષ ને પરોક્ષ ને ઉપાત્ત ને અનુપાત્ત ને એવા ભેદ આવ્યા એ બધા ભેદ જેમાં અસ્ત થઈ ગયા છે—એનું લક્ષ છૂટી ગયું છે, એમ. એવા ભેદનું લક્ષ છૂટી ગયું છે. આહા..હા..! '**એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...**' આ માલ. આહા..હા..! તે ભેદો બધા જૂઠાં ઠર્યા. સત્યના શરણ માટે એ જૂઠાં ઠર્યા. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવું ઝીણું છે આ. આહા..હા..! અપૂર્વ વાત છે, ભાઈ! આહા..હા..! માન્યું હોય એણે, પણ આ વસ્તુ છે એ કોઈ જુદી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પ્રમાણની વ્યાખ્યા કરી.

હવે નય. '**નય બે પ્રકારે છે—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.**' જે નય દ્રવ્યનું લક્ષ કરે તેને દ્રવ્યાર્થિક કહીએ. જે નય પર્યાયનું લક્ષ કરે તેને પર્યાયાર્થિક કહીએ. પર્યાય જેનું પ્રયોજન તે પર્યાયાર્થિક. દ્રવ્ય જેનું પ્રયોજન તે દ્રવ્યાર્થિક. દ્રવ્યાર્થિક—દ્રવ્ય જેનું પ્રયોજન તે દ્રવ્યાર્થિક. આવા તો ચોપડામાં તમારે આવે નહિ કાંઈ, જેઠાભાઈ! આફ્રિકામાં આવે નહિ ક્યાંય. આ શું હશે આ? દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક.

દ્રવ્ય એટલે આ પૈસા હશે? કીધું હતું ને એક ફેરી અહીંયાં. દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. આપણે ત્યાં લખ્યું હતું ને સામે? પેલો આવ્યો થાનવાળો. પોટરી છે. મહારાજ! આ દ્રવ્ય.. કારણ કે અહીં કરોડપતિ બહુ આવે. નાનાલાલભાઈ ને એ બધા એના સગા. આ દ્રવ્યદૃષ્ટિ

તે સમ્યગ્દૃષ્ટિ! દ્રવ્ય એટલે પૈસાવાળા તે સમ્યગ્દૃષ્ટિ? શ્વેતાંબર હતા દેરાવાસી. આવ્યા હતા. ઘણા વર્ષ.. સામે લખ્યું આ શું? અરે..! ભાઈ! તને ખબર નથી. દ્રવ્યદૃષ્ટિ અહીં પૈસાનું ધૂળનું અહીં શું કામ છે? અહીં પૈસાનું કામ શું? અહીં તો વિકલ્પનું કામ નથી ત્યાં (પૈસા તો ક્યાંય રહી ગયા). આહા..હા..! દ્રવ્યદૃષ્ટિ તે. દ્રવ્ય એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ એ દ્રવ્ય તેની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. આ દ્રવ્ય આવે ને તમારા પૈસા ને દ્રવ્ય.. દ્રવ્ય કરે છે કે નહિ? નાનાલાલભાઈ ને કરોડોપતિઓ આવે ને. એ એના સગાવ્હાલા હશે. આવા બધા અહીંયાં માટે એ બધા દ્રવ્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ. ભગવાનજીભાઈ! હવે જૈનમાં જન્મ્યા એને હજી દ્રવ્યદૃષ્ટિ શું એની ખબર ન મળે. આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યાર્થિક હજી તો દ્રવ્ય જેનું પ્રયોજન એ દ્રવ્યાર્થિક. એ પણ આ દ્રવ્યાર્થિકનું જ્ઞાન કરવું એ વિકલ્પથી છે હજી. સમજાણું કાંઈ? **'ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં...'** વસ્તુ છે એ દ્રવ્ય અને પર્યાય બે છે એમાં. ત્રિકાળી દ્રવ્ય છે અને વર્તમાન અવસ્થા છે. એ **'દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં...'** જોયું! દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં. વસ્તુ છે એમાં દ્રવ્ય અને પર્યાય બેય છે. **'દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે...'** દ્રવ્યનો મુખ્ય અનુભવ કરાવે એનો અર્થ? દ્રવ્યને મુખ્યપણે જણાવે. અહીં અનુભવ કરાવે ઓલો ઈ અહીં અત્યારે નથી. સમજાણું કાંઈ? જે દ્રવ્યનય દ્રવ્યને મુખ્યપણે જણાવે, અનુભવ કરાવે એનો અર્થ જણાવાનો અર્થ છે, તે દ્રવ્યાર્થિકનય. દ્રવ્યનો અનુભવ કરાવે એ દૃષ્ટિ છે એ તો આ નયના વિકલ્પથી રહિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ફક્ત દ્રવ્ય આ છે એવો જે નય એ દ્રવ્યને જાણે એનો અર્થ એનો અનુભવ કરે અને સમ્યક્ એ વાત નથી આ. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્યને મુખ્યપણે જણાવે, જાણવાનું કરાવે તે દ્રવ્યાર્થિકનય છે.

**'પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે...'** લ્યો, ત્યાં પાછું આવ્યું. પર્યાયનું મુખ્યપણે જ્ઞાન કરાવે તે પર્યાયાર્થિકનય છે. સમજાણું? ભૂતાર્થનો અનુભવ થાય તે સમ્યગ્દર્શન, ત્યાં જે મુખ્ય કહ્યું તેમાં કોઈ રીતે દ્રવ્ય ગૌણ ન થાય. ભૂતાર્થ જે ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ પ્રકાશમાન એનો અનુભવ તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય. ત્યાં તો મુખ્ય છે એ મુખ્ય જ રહે. સમજાણું કાંઈ? અહીં જાણવામાં મુખ્ય-ગૌણ થાય એ બીજી વાત છે. જે ભૂતાર્થ છે એક સમયમાં ત્રિકાળી ચીજ છે એનો આશ્રય સમ્યગ્દર્શન અને એ જ મુખ્યપણે સત્ય છે. એ જુદું અને આ જુદું. કારણ કે આમાં તો પાછું પર્યાયનું મુખ્યપણે આવે છે. ઓલા અનુભવમાં પર્યાયને મુખ્યપણે કોઈ દિ' હોઈ શકે નહિ. શું કીધું ઈ?

જે ભૂતાર્થ છે, ત્રિકાળી ચીજ છે એક સમયની પર્યાય વિનાની, પુણ્ય-પાપના વિકલ્પ વિનાની, વ્યવહારના વિકલ્પ વિનાની પણ એક સમયની પર્યાય વિનાની એવી જે સત્યાર્થ, ભૂતાર્થ વસ્તુ છે એ જ મુખ્ય સત્ય છે અને પર્યાયાદિ જે છે તે ગૌણ કરીને તેને અસત્

કહી છે, એ કોઈ દિ' મુખ્ય થાય એમ બને નહિ. પણ અહીંયાં જે મુખ્ય મુખ્ય બેયને કહ્યું છે એ જાણવાની અપેક્ષાએ જ્ઞાન કરાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? કેવા પ્રકાર છે!

દ્રવ્યનો મુખ્યપણે અનુભવ નામ જ્ઞાન કરાવે તે દ્રવ્યાર્થિકનય છે અને પર્યાયનો મુખ્યપણે જ્ઞાન કરાવે તે પર્યાયાર્થિક નય છે. '**તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી) અનુભવ કરતાં...**' જુઓ, બંને નયો દ્રવ્ય અને પર્યાયનો બે ભેદથી, દ્રવ્યભેદથી, દ્રવ્ય અને પર્યાયના ક્રમથી જાણવામાં આવે '**તો ભૂતાર્થ છે,...**' એ અપેક્ષાએ પર્યાય લક્ષે તે ભૂતાર્થ છે. બેય ભૂતાર્થ છે. ઓલાપણે ભૂતાર્થ એક છે. આ કહે, બેય ભૂતાર્થ છે. એટલે? ત્યાં જે ભૂતાર્થ કહ્યો ૧૧માં એ તો ત્રિકાળી એક ચીજ ફક્ત એક ધ્રુવ. પર્યાય વિનાની ચીજ જે સામાન્ય તે સત્ય કીધી. એ તો સત્ય તે એ સત્ય છે એમાં તો; અને આમાં જે છે એ તો નય અને પર્યાયનું, દ્રવ્ય-પર્યાયનું જે જ્ઞાન કર્યું એ જ્ઞાન બેને આલિંગન કરીને બે પ્રકારના ભાગને અનુક્રમે કરીને જે જ્ઞાન થાય એ અપેક્ષાએ વ્યવહારે ભૂતાર્થ છે. કીધું? '**દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી અનુભવ કરતાં તો ભૂતાર્થ છે,...**' જોયું! બે છે. એ રીતે એનું જ્ઞાન કરાવે તો એ બેની અપેક્ષાએ બેપણાનું જ્ઞાન અને બેપણું છે એ ભૂતાર્થ (છે એટલે કે) છે એટલું. એ આશ્રય કરવાલાયક છે એ ભૂતાર્થ આ નહિ. સમજાણું કાંઈ? આવા કેટલા પડખાં પડે છે!

'**भूदत्थमस्सिदो खलु**' ૧૧મી ગાથા. ત્યાં તો '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ત્યાં તો ભૂતાર્થ છે તે શુદ્ધનય છે એમ જ કીધું અને પર્યાય છે તે અભૂતાર્થ છે એટલે અસત્ય છે એમ કીધું. એ અસત્ય છે એ કોઈ દિ' સત્ય થાય ત્યાં (એમ નહિ). પર્યાય તરીકે સત્ય છે, પણ ત્રિકાળની અપેક્ષાએ જે અસત્ય કીધી એ સત્યના મુખ્યમાં આવી જાય એમ નહિ. જાણવાની અપેક્ષામાં પર્યાય મુખ્ય આવી જાય. દ્રવ્યને ગૌણ કરીને પર્યાયને જાણવાની મુખ્યતાથી પર્યાયનું જ્ઞાન થાય અને દ્રવ્યને મુખ્ય કરીને જ્યારે દ્રવ્યનું જ્ઞાન થાય ત્યારે પર્યાયને ગૌણ કરાય. આ તો જાણવા માટેની બે અપેક્ષાઓ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બેયને કીધું. '**દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી)...**' જાણવામાં એ બેપણે છે એ ભૂતાર્થ છે. વ્યવહારનયે તે ભૂતાર્થ છે એ બરાબર છે. શેઠ! ઝીણું છે, બાપા! આહા..હા..! આવી વાતું બહુ. સર્વજ્ઞ વીતરાગ એમાં દિગંબર સંતો. ગજબ કામ કર્યા છે! આહા..હા..! એક કોર આ ભૂતાર્થ કહે, એક કોર દ્રવ્ય અને પર્યાય બેને ભેદથી જાણવું એ પણ ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? પર્યાયથી પર્યાયને જાણે એ ચીજ છે કે નહિ? એમ. દ્રવ્યને દ્રવ્યથી જાણવું એ છે કે નહિ? એટલી વાત ત્યાં. આશ્રય કરવાલાયક ભૂતાર્થ છે એ પ્રશ્ન અહીં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે.**' અનુભવ કરાવે એટલે બેયનો અનુભવ તે સત્યાર્થ છે. એનો અર્થ? બેનું જે જ્ઞાન થાય તે પ્રકારે તે સત્ય છે,

એટલું. દ્રવ્યનું જ્ઞાન તે દ્રવ્યાર્થિકનય, પર્યાયનું જ્ઞાન પર્યાયાર્થિકનય, એ છે. એ બધા હવે અહીંયાં ભૂતાર્થ જે કહ્યા એને અભૂતાર્થ ઠરાવી દેશે. ઓલો જે ભૂતાર્થ છે ત્રિકાળી એ કોઈ દિ' અભૂતાર્થ થાય (એમ બને નહિ). સમજાણું કાંઈ? આહા..હા..! શું કહ્યું ઈ? જે ૧૧માં ભૂતાર્થ કહ્યું એ ભૂતાર્થ છે એ કોઈ દિ' અભૂતાર્થ ન થાય અને ત્યાં પર્યાયને અસત્ય કીધી એ ત્રિકાળની અપેક્ષાએ અસત્ય કીધી, પોતાની અપેક્ષાએ સત્ય છે ત્યાં. સમજાણું કાંઈ? અરે..! આવા બધા પડખા પડે. વેપારીને જાડી બુદ્ધિ. હવે એનો એ માલ વેચવો. એમાં કાંઈ બહુ તર્ક કરવા પડે નહિ. અજીતભાઈ! આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણીમાં આ આવ્યું. ભાઈ! એક સમયનો ભગવાન પૂર્ણ તે પૂર્ણસ્વરૂપ તે ભૂતાર્થ અને એ જ સત્ય, એ જ સત્ય છે અને એ સત્ય છે તે જ શુદ્ધનય છે. પછી વળી ભેદ પાડીને કહ્યું. પહેલું તો નય અને નયનો વિષય એક છે એમ કહ્યું. પછી કહ્યું '**भूदत्थमस्सिदो खलु**' જૈનદર્શનનો પ્રાણ છે એ ૧૧મી ગાથા. એ આપણે વંચાઈ ગઈ. એ '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ જે વસ્તુ ત્રિકાળ, તેનો આશ્રય કરવો, દૃષ્ટિને ત્યાં પ્રસરાવવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! આ નિશ્ચયસમ્યગ્દર્શન. સમજાણું કાંઈ?

કાલે આવ્યું નહોતું બપોરે? કે અંતઃતત્ત્વ એવું પરમાત્મતત્ત્વ. અંતઃતત્ત્વ એવું પરમાત્મતત્ત્વ જે ભૂતાર્થ કીધું તે. સમજાણું? અને એની સાથે કોઈપણ જ્ઞાનની પર્યાયનું કે નવતત્ત્વમાંથી કોઈ બીજો ભેખ ભેળવવો એમાં, અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વની સાથે બહિઃતત્ત્વ એટલે પર્યાયનો કોઈ ભાગ ભેળવીને અનુભવ કરવો એટલે કે જાણવું એ તો વ્યવહારસમકિત છે. આહા..હા..! એમાં ભૂતાર્થ તો આવ્યો ભેગો પણ ભેગી બહિઃતત્ત્વ એટલે પર્યાય આવી પાછી. ભલે કોઈપણ પર્યાય જ્ઞાનની નિર્મળ પર્યાય આદિ. એ પર્યાયસહિત જ દ્રવ્યને માનવું એ વ્યવહાર સમકિત એટલે રાગ છે, એ તો વિકલ્પ છે.

અહીં કહે છે કે આવા જે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે ભૂતાર્થ છે, ઈ છે અપેક્ષાએ ભૂતાર્થ કીધા એટલું. સમજાણું કાંઈ? આહા..હા..! એને આશ્રયે સમ્યગ્દર્શન થાય આ ભૂતાર્થ છે માટે, એ ભૂતાર્થ નહિ આ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા...**' બે પ્રકારના ભેદને નહિ સ્પર્શનાર. દ્રવ્યાર્થિકનયે દ્રવ્ય મુખ્ય કરીને જાણ્યું, પર્યાયાર્થિકનયે પર્યાયને મુખ્ય કરીને જાણ્યું, પણ બેને-ભેદને ન સ્પર્શે, '**બન્નેથી નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના...**' આહા..હા..! એકલો શુદ્ધ જીવ ભૂતાર્થ ત્રિકાળ પર્યાય વિનાનો. આહા..હા..! અનુભવની પર્યાય છે એ વિનાનો એ ત્રિકાળ. સમજાણું કાંઈ?

દ્રવ્ય અને પર્યાય બંનેથી નહિ આલિંગીત, નહિ સ્પર્શેલ, નહિ સ્પર્શેલો એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના. આહા..હા..! એવો શુદ્ધવસ્તુમાત્ર, શુદ્ધવસ્તુમાત્ર. વસ્તુમાત્ર કેમ કીધું? કે જેમાં રાગની

અપેક્ષા નહિ, જેમાં પર્યાય ભેગી નહિ, એકલી વસ્તુમાત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને, આ સિદ્ધાંત કહેવાય. કેટલા ગંભીર છે! સમજાણું કાંઈ? બેપણાનું જ્ઞાન (એટલે કે) દ્રવ્યનું જ્ઞાન દ્રવ્યની મુખ્યતાથી, પર્યાયનું જ્ઞાન પર્યાયની મુખ્યતાથી એ છે એટલું, બસ. એ બે ભેદવાળું જ્ઞાન છે, પણ એ બધું વિકલ્પવાળું છે. હવે એ બેને ભેદને નહિ સ્પર્શનાર, બંનેથી નહિ આલિંગન કરાયેલા, બે પ્રકારને નહિ સ્પર્શનાર... આહા..હા..! આવું જ્ઞાન.

**શ્રોતા :-** બે વસ્તુ અભૂતાર્થ થઈ ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અભૂતાર્થ-જૂઠાં છે કહે છે. બેયને ભૂતાર્થ કહ્યા હતા, વર્તમાન છે એ અપેક્ષાએ. આહા..હા..! પણ દ્રવ્ય અને પર્યાય બંનેને નહિ સ્પર્શનાર, નહિ આલિંગન કરતાં બેનું લક્ષ છોડી દઈને એવા એક શુદ્ધવસ્તુમાત્ર. આહા..હા..! એ બેયને શુદ્ધ વસ્તુ સ્પર્શતી નથી કહે છે. દ્રવ્યનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન એના ભેદને (દ્રવ્યવસ્તુ) સ્પર્શતી નથી. આહા..હા..! એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના એટલે ચૈતન્યમાત્ર સ્વભાવનો. આહા..હા..! એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના. આવું સ્વરૂપ છે એ અલૌકિક વાત આ દિગંબર શાસ્ત્રોમાં જ છે. સમજાય છે કાંઈ? આવી વાત ક્યાંય છે નહિ. બીજાને દુઃખ લાગે-ન લાગે એ પ્રશ્ન છે નહિ. શાંતિભાઈ! આહા..હા..! વાત તો આવી છે, ભગવાન! એના (સ્થાનકવાસીના) ૩૨ અને (શ્વેતાંબરના) ૪૫માં ગોતો તો આ હાથ આવે એવું નથી. આ વસ્તુ તો સર્વજ્ઞે કહેલી તે સંતોએ અનુભવીને કહી છે. માંગીલાલજી! આહા..હા..! ધન્યભાગ્ય! જેને આવી સત્ય વાત કાને પડી એ પણ ધન્યભાગ!! એમ કહે છે. આહા..હા..! સૌભાગ્ય આવ્યું છે ને? નિયમસારમાં આવ્યું છે. એવી દિવ્યધ્વનિનો સાર તો સૌભાગ્યપ્રાપ્તને મળે છે. આહા..હા..! અને અંદરનો અનુભવ તો પાત્ર જીવ હોય એને મળે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એની અપેક્ષાએ સૌભાગ્યની કાંઈ કિંમત ન રહી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અપેક્ષાએ (જુદી વાત છે). આ તો એક સાંભળવાની અપેક્ષાએ. આ તો સાંભળવાની અપેક્ષાએ (વાત છે). અહીં જેમ કીધું ને? દ્રવ્ય અને પર્યાય એટલે ભૂતાર્થ, એમ. સાંભળવાની અપેક્ષાએ. આહા..હા..!

બન્નેથી નહિ સ્પર્શાયેલી એવી જે ચીજ. આહા..હા..! શુદ્ધવસ્તુમાત્ર જીવ. શુદ્ધવસ્તુમાત્ર જીવ. શુદ્ધવસ્તુમાત્ર-ચૈતન્યમાત્ર, એમ. એવા '**સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે,...**' ઘડીકમાં સાચા અને ઘડીકમાં ખોટા. કઈ અપેક્ષાએ કહ્યું? વ્યવહાર વ્યવહારની અપેક્ષાએ નથી? પર્યાય પર્યાયપણે નથી? પર્યાયપણે નથી તો દ્રવ્ય એકલું રહી જાય તો એકાંત થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહોહો..! આવો માર્ગ વીતરાગનો! આહા..હા..!

'**શુદ્ધવસ્તુમાત્ર જીવના...**' ચૈતન્યમાત્ર, જેમાં પર્યાયનો ભેદ નથી. આહા..હા..! વિકલ્પો-રાગ તો જેમાં નથી, આવા જે વિકલ્પ કીધા ને બે? એ તો એમાં નથી અને એ રાગને જાણનાર જે પર્યાય છે તે કાળે તે પર્યાય પણ શુદ્ધજીવવસ્તુમાત્રમાં નથી, આહા..હા..! એનો

અનુભવ એટલે પર્યાય. એ જે આવે પર્યાય એનો અનુભવ એ. એનો અનુભવ કરતાં સ્વભાવનો પર્યાયમાં અનુભવ એટલે પર્યાયમાં આખું દ્રવ્ય જણાઈ જાય છે. પર્યાય એક સમયની છે એમાં આખું દ્રવ્ય જણાય છે, પર્યાય દ્રવ્યમાં નથી. અનુભવની પર્યાય વસ્તુમાં નથી, છતાં વસ્તુનું, એક સમયની પર્યાય પૂરી વસ્તુનું જ્ઞાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

કીધું ને? કે '**બન્નેથી નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના સ્વભાવનો...**' ચૈતન્યમાત્ર જ્ઞાયકભાવ સ્વભાવનો '**અનુભવ કરતાં...**' પર્યાયને તે તરફ વાળતાં અને પર્યાયમાં એનો અનુભવ થતાં. દ્રવ્યનો અનુભવ નથી. દ્રવ્યનો અનુભવ તો પર્યાયમાં દ્રવ્ય આવ્યું એ. દ્રવ્ય આવ્યું એટલે? પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવ્યું, પણ કાંઈ દ્રવ્યનો અનુભવ પર્યાયમાં નથી. પર્યાયમાં તો પર્યાયનો અનુભવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું ભાઈ! આહા..હા..!

'**(ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં...**' આ વેદન કરતાં. આ અનુભવ એ છે, ઓલો અનુભવ જાણવાની વાત હતી. આહા..હા..! ચૈતન્યમાત્ર વસ્તુ એને અનુભવમાં વેદન કરતાં, આનંદનું વેદન કરતાં એને ઓલા બધા ભાવો કહ્યા હતા—પ્રત્યક્ષ કેવળજ્ઞાન અને ફલાણું પરોક્ષ ને એ બધું જાણવાનો ભેદ કર્યો એ બધા જૂઠાં ઠરે છે. કહો, સુજાનમલજી! આવું છે. આહા..હા..!

એક સત્ તો વેદાંત પણ કહે છે, પણ આ એક સત્ જુદી જાતનું. આ એક સત્‌ને જાણનારો પર્યાય એક સત્‌ને જાણે છે, એવા બે ભાવ પડ્યા છે ત્યાં. એમ નહિ, તમે બોલો એમાં મેળ ન મળે. આ કહીએ છીએ એને ધ્યાનમાં રાખો તો પકડાય એવું છે. આ એવી વાત છે. દ્રવ્ય જે વસ્તુમાત્ર આખી છે એ સત્, પણ એ સત્‌ને જાણનારી પર્યાય છે ને પાછી? એ જાણનારી પર્યાય છે. વેદાંત એમ કહે છે કે આત્મા કૂટસ્થ છે, પણ કૂટસ્થને જાણ્યું કોણે? કૂટસ્થ કૂટસ્થને જાણે? આહા..હા..! એમ આત્મા છે ધ્રુવ કૂટસ્થ. ધ્રુવ છે એ કૂટસ્થ છે, પણ જાણ્યું કોણે? પર્યાયે. આહા..હા..! પર્યાય અનિત્ય છે તે નિત્યને જાણે છે. પર્યાય અનિત્ય છે તે નિત્યને જાણે છે અને તે પર્યાય દ્રવ્યને સ્પર્શ્યા વિના નિત્યને જાણે છે. આહા..હા..! આવી વાતું છે. આ તો એક ન્યાય ફરે તો આખી ચીજ ફરી જાય. વીતરાગના માર્ગની (રીત) છે. આહા..હા..! જ્યાં ગણધરો, ઈન્દ્રો, એકાવતારી ઈન્દ્રો આદિ સાંભળતા હશે એ વાતું કેવી (હોય), બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વેદાંત એક જ વસ્તુને માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ કહે છે, પણ એક છે એવો નિર્ણય કોણે કર્યો? તો તો પર્યાય રહી નહિ. પણ માયા છે કે નહિ? માયા એ અસ્તિ છે કે નહિ? અસ્તિ છે એ નિર્ણય કરે કે નથી એ નિર્ણય કરે?

**શ્રોતા :-** આશ્રય કરવાયોગ્ય નથી માટે માયા કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ હોય? આશ્રય કરવાલાયક નથી પણ આશ્રય કરનાર કોણ? એ તો પર્યાય છે. આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! એમાં એક ન્યાય જરી ફરે તો આખું ચક્કર ફરી જશે. સમજાય છે? માને ભલે. માની બેસે કે અમે જાણ્યું, પણ એક ન્યાય ફરે ત્યાં આખું ચક્ર ફરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ** છે,...' આહા..હા..! ઘડીકમાં પર્યાયે સાચા છે, ભેદથી સાચા છે અને અભેદથી ખોટાં છે.

**શ્રોતા :-** તેઓ અભૂતાર્થ છે એટલે કાંઈ ન દેખાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદમાં શું ત્યાં દેખાય? ભેદનું લક્ષ કરે તો જાણે. અભેદમાં ક્યાં છે? અભેદમાં દેખાય તો અભેદ રહેતું નથી. અભેદમાં હોય જ નહિ એ. આહા..હા..!

પહેલાં પ્રમાણની વાત કરી, બીજી નયની કરી. પ્રમાણ અને નયના ભેદો ભેદ તરીકે છે, વસ્તુની દૃષ્ટિ કરતાં એમાં એ છે નહિ. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૮, શુક્રવાર, તા. ૯-૧-૧૯૭૬, શ્લોક-૮, ૯ પ્રવચન નં. ૪૦

સમયસાર, જીવ-અજીવ અધિકાર ચાલે છે. સૂક્ષ્મ અધિકાર છે. સમ્યગ્દર્શન કઈ રીતે થાય છે? ધર્મનું પહેલું પગથિયું એ સમ્યગ્દર્શન. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ શું છે એ બતાવે છે. નવતત્ત્વ છે, નવતત્ત્વ. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, (બંધ) અને મોક્ષ—એ નવતત્ત્વ છે તે વ્યવહાર છે. એમાંથી એકલો જ્ઞાયકભાવ... સૂક્ષ્મ વાત છે, ભગવાન! એકલો જ્ઞાયક ચૈતન્યબિંબ, ધ્રુવ સ્વભાવનો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? નવતત્ત્વ છે એ તો ભેદ છે. એમાંથી એકલો જ્ઞાયકભાવ કાઢવો. આહા..હા..! સૂક્ષ્મ વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ, જેને આત્મા ધ્રુવ કહે છે, એવા ધ્રુવ જ્ઞાયકભાવને દૃષ્ટિમાં લેવો અને નવતત્ત્વના વિકલ્પો મટી જવા, છોડી દેવા એનું નામ ભગવાન ધર્મની પહેલી સીઢી-સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? એ વાત ચાલી ગઈ છે.

પછી પ્રમાણની વાત આવી હતી, પ્રમાણની. જ્ઞાનના પાંચ ભેદ છે. એ પાંચ ભેદ છે ઈ પ્રમાણના ભેદ છે. એમાં ભેદનું લક્ષ છોડીને એકલો જ્ઞાયકભાવ—પ્રમાતા-જાણનારો, પ્રમેય-જાણવાલાયક અને પ્રમાણજ્ઞાન—એ ત્રણ ભેદને છોડીને... આહા..હા..! સૂક્ષ્મ વાત છે. એકલો જ્ઞાયકભાવ પર્યાયનું લક્ષ છોડીને, ભેદનું લક્ષ છોડીને એકલા અભેદ જ્ઞાયકની દૃષ્ટિ કરવી એ એનું નામ અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન છે. શ્રીપાલજી! આવી વાત છે, ભગવાન!

પછી નયનો અધિકાર લીધો. દ્રવ્યાર્થિકનય જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે, એને જાણનારી દ્રવ્યાર્થિકનય. દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ જેનું પ્રયોજન છે, એવી નય-દ્રવ્યાર્થિકનયથી જાણો તો દ્રવ્ય ત્રિકાળી છે. પર્યાયનયથી જાણો તો એની પર્યાયમાં-અવસ્થામાં અનેક ભેદ છે. એ દ્રવ્યાર્થિક અને પર્યાયર્થિક બે ભેદથી જાણવું એ વિકલ્પ છે. આહા..હા..! રાગ છે. બે નયના ભેદ કાઢી નાખી એકલો ચૈતન્યબિંબ, જે સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો ઈ, અન્ય લોકો આત્મા-આત્મા કહે છે ઈ નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ, જે એકરૂપ ચૈતન્યસ્વભાવ દ્રવ્યાર્થિકનયથી જાણવું એ દ્રવ્ય છે, દ્રવ્ય નામ વસ્તુ, પર્યાયને જાણવી એ પર્યાય ભેદ છે, બેને ગ્રહણ કરવાથી તો વિકલ્પ થાય છે. આહા..હા..! બેને છોડીને... ઝીણી વાત, ભગવાન! જે એકલા ચૈતન્યબિંબની અંતર અનુભવ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ કહે છે.

હવે આપણે નિક્ષેપનું આવ્યું છે. નિક્ષેપના ચાર ભેદ છે. છે? શ્રીપાલજી! છે? ભાઈને બતાવો. '**નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી** (વ્યવહાર માટે) **વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે.**' જેમ મહાવીર નામ આપવું એ નામ નિક્ષેપ છે. '**આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું (-પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના નિક્ષેપ છે.**' ઈ પહેલાં આવી ગયું છે. '**વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી...**' ભવિષ્યમાં તીર્થંકર થનાર હો, એને વર્તમાન તીર્થંકર કહેવા એ દ્રવ્યનિક્ષેપ છે; અથવા તીર્થંકર થઈ ગયા, જેમકે ભગવાન પરિપૂર્ણ થઈ ગયા. એને લોગસ્સમાં કહે છે ને તીર્થંકરની સ્તુતિ. તીર્થંકર તો અત્યારે છે નહિ, એ તો સિદ્ધ છે. લોગસ્સમાં આવે છે ને? 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મ...' એ તો સિદ્ધ થઈ ગયા છે. ભવિષ્યની પર્યાય (અથવા) ભૂતકાળની પર્યાયથી એને મોક્ષ કહેવો એ દ્રવ્યનિક્ષેપનું કથન છે. છે?

'**વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી...**' વર્તમાન કેવળજ્ઞાન અને પરમાત્મદશા છે તેને વર્તમાન નિક્ષેપથી કહેવું, જાણવું તે ભાવનિક્ષેપ છે. '**એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (-વિલક્ષણરૂપે, જુદાં-જુદાં રૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે,...**' ચાર પ્રકારનું જ્ઞાન કરવું તે જ્ઞાનની અપેક્ષાએ ચાર પ્રકાર બરાબર છે, પણ વસ્તુસ્થિતિ

ઈ નથી. સમજાય છે કાંઈ? આહા..! '**ભિન્ન લક્ષણથી રહિત...**' નામ લક્ષણ નહિ, સ્થાપના નહિ, દ્રવ્ય નહિ અને ભાવ નહિ. એના લક્ષણથી રહિત. '**એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં...**' આહા..! શું કહે છે? '**એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ...**' ચૈતન્યલક્ષણ જ્ઞાયકસ્વભાવ, એવા ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવ. ચૈતન્યલક્ષણસ્વરૂપ જીવસ્વભાવ, તેનો '**અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે,...**' ચાર નિક્ષેપના વિકલ્પ ભેદ છે તે જૂઠાં થઈ ગયા. એકલા ... અનુભવ કરતાં ચાર ભાગ રહ્યા નહિ. આવી વ્યાખ્યા. ઝીણી વાત. આહા..હા..! ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર, એમણે કહ્યો એ માર્ગ અપૂર્વ છે.

એમાં ચાર નિક્ષેપ તો હો—નામ-સ્થાપન-દ્રવ્ય-ભાવ, પણ ચારના ભેદ છે ઈ જ્ઞેયના ભેદ છે. ઈ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયના ભેદ માલૂમ પડવા એ પણ વિકલ્પ છે. આહા..! વિકલ્પ નામ રાગ છે, પણ ચૈતન્યલક્ષણ પોતાના જીવસ્વભાવનો અનુભવ કરતાં, આહા..! એ ચારેય જૂઠાં છે. આહા..! ઘડીકમાં કહે, ચાર ભૂતાર્થ છે-સત્ય છે. ઘડીકમાં કહે અસત્યાર્થ છે. કઈ અપેક્ષાએ? ચાર નિક્ષેપને જ્ઞાનની પર્યાયમાં જાણવા એ અપેક્ષાએ ચાર નિક્ષેપ છે, પણ વસ્તુની દૃષ્ટિ કરવાથી એ ચાર નિક્ષેપ અભૂતાર્થ-અસત્યાર્થ થઈ ગયા. આહા..હા..! શાંતિભાઈ! આવો માર્ગ છે, ભાઈ!

આ તેરમી ગાથા છે. '**भूदत्थेणाभिगदा**' આહા..હા..! ભૂતાર્થ-સત્યાર્થદૃષ્ટિથી જોવે ભગવાન તો એકરૂપ ચૈતન્ય છે, નવ પર્યાયમાં એકરૂપ છે. એકરૂપ જ્ઞાયકભાવ છે તે જ આત્મા છે. એ આત્માની દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહા..હા..! કહો, શેઠ! સમજાય છે કાંઈ? આહા..! '**આ રીતે આ પ્રમાણ, નય, નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.**' આહા..હા..! જાણકસ્વભાવ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યલક્ષણ સ્વભાવ જીવ, એની દૃષ્ટિમાં તો એકલો ચૈતન્યસ્વભાવ જ આવે છે, ભેદ નથી આવતા. આવી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- આ પ્રમાણ,...**' પ્રમાણ સમજ્યાને? જ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણની વ્યાખ્યા આવી ગઈ. '**નય,...**' દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક. '**નિક્ષેપ,...**' ચાર. (તેનું) '**વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયોના ગ્રંથોમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે.**' શું કહે છે? નય, નિક્ષેપથી બરાબર જાણવામાં આવે છે. સર્વજ્ઞ પરમેશ્વરે દ્રવ્ય નામ વસ્તુ અને પર્યાય નામ અવસ્થા-હાલત. જેમ સોનું સોનારૂપે કાયમ (રહે છે), એની હાલત તે કુંડલ, કડા એ પર્યાય. એમ ભગવાન આત્મા ધ્રુવ કાયમ રહે અને આ અવસ્થા થાય છે જ્ઞાનની મતિ-શ્રુત આદિ અવસ્થા એ પર્યાય. આહા..! એ દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ વસ્તુ છે. તો એને સિદ્ધ કરવા માટે પ્રમાણ, નય, નિક્ષેપથી સાધવું તે પ્રથમ દરજ્જામાં બરાબર છે. '**વસ્તુની સિદ્ધિ થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે...**' ત્રિકાળી

જ્ઞાયકભાવ દ્રવ્ય છે. એક સમયની પર્યાય એ ભેદ છે—એમ સાધવું એ વ્યવહારથી એ અવસ્થા સત્યાર્થ છે. સત્યાર્થ નામ પર્યાયદૃષ્ટિથી-વ્યવહારનયથી તે સત્યાર્થ છે. **'કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે.'** જ્ઞાનની વિશેષ દશા છે. આહા..!

દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ. દ્રવ્ય નામ પૈસો નહિ, હોં! દ્રવ્ય એટલે આત્મા ત્રિકાળી વસ્તુ. જે ત્રિકાળ એક સમયમાં ધ્રુવ વસ્તુ. આદિ-અંત વિનાની અવિનાશી ચીજ ભગવાન, એને અહીંયાં આત્મા-દ્રવ્ય કહે છે અને તેની અવસ્થા-હાલત, બદલતી દશાને પર્યાય કહે છે. પેલા તો એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રિઇન્દ્રિયા.. મિચ્છામી દુક્કડમ... થઈ ગયો ધર્મ. ઈ ધર્મ નથી, બાપુ! (ધર્મ એ) ઝીણી વાતું છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ છે. વેદાંત એકલું દ્રવ્ય કૂટસ્થ માને છે. બૌદ્ધ છે તે એકલી પર્યાયને જ માને છે. ભગવાન છે એ તો દ્રવ્ય-પર્યાય બેય માને છે. તો એવા દ્રવ્ય-પર્યાયને સિદ્ધ કરવામાં પ્રથમ અવસ્થામાં એ સાચી વાત છે. જ્ઞાનના વિશેષ-ભેદ છે. સમ્યગ્જ્ઞાનની વાત નથી. અહીં તો જ્ઞાનના અંશનો ભેદ છે. **'તેમના વિના વસ્તુને ગમે વસ્તુને સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે.'** ભગવાને કહ્યા એવા નિક્ષેપથી, નયથી અને પ્રમાણથી સિદ્ધ કરે તો યથાર્થ થશે. તેનાથી વિરુદ્ધ કરશે તો વિપરીત થશે.

**'અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છે : પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી...'** પ્રમાણ, નય, નિક્ષેપથી જાણી **'જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી;...'** ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે તેનું શ્રદ્ધાન તેમાંથી કરવું અને ત્રિકાળી જ્ઞાયકભાવનું સ્વસંવેદનજ્ઞાન કરવું. પ્રમાણ, નય, નિક્ષેપનું સાધન કરીને પહેલાં આ નિશ્ચય કરવો. **'જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી;...'** આત્મજ્ઞાન. ત્રિકાળી જ્ઞાયકભાવ ચૈતન્યબિંબ પ્રભુ... આ આત્મા હોં! પ્રભુ અર્થાત્. ત્રિકાળી ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન કરવું અને એની શ્રદ્ધા કરવી એ પ્રમાણ, નય, નિક્ષેપમાં પહેલું સાધન છે.

**'જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી...'** આહા..! ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ, ચૈતન્યસૂર્ય ચૈતન્યના નૂરના તેજનું પૂર. ભગવાન આત્મા ચૈતન્યના તેજનું પૂર આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એવા આત્માનું જ્ઞાન કરવું... પરિજ્ઞાન આવ્યું છે ને આપણે? જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ વસ્તુનું જ્ઞાન થવું એનું નામ જ્ઞાન કહે છે. બીજી રીતે કહીએ તો એનું નામ આત્મજ્ઞાન (છે). આત્મજ્ઞાન, આત્મજ્ઞાન. પર્યાયમાં આત્મા ત્રિકાળીનું જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, મન આ તો માટી જડ ધૂળ છે, આ કાંઈ આત્મા નથી. આ તો પુદ્ગલ જડ માટી ધૂળ છે. અંદર જે આઠ કર્મ છે—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ પણ ધૂળ છે, જડ છે. એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે એ પુણ્ય-રાગ છે, પુણ્ય-રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ભાવ થાય છે એ પાપ-રાગ છે. એ પાપ-રાગ અને પુણ્ય-રાગથી ભિન્ન ભગવાન

આત્મા છે અંદર. સમજાય છે કાંઈ?

પૂર્ણ આત્મા.. પૂર્ણ આત્મા. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પૂર્ણ આત્માનું જ્ઞાન થવું, પર્યાય દ્રવ્યમાં ભળ્યા વિના, પર્યાય દ્રવ્યમાં ભળ્યા વિના પર્યાયમાં આખા દ્રવ્યનું જ્ઞાન થવું એનું નામ જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે ભગવાનની, ભાઈ! જિનેન્દ્રદેવનો માર્ગ... સંપ્રદાયમાં તો બહારની વાતું કડાકૂટ છે, ભાઈ! પેલો કહે, વ્રત કરો, પેલો કહે, અપવાસ કરો, પેલો કહે કે ભક્તિ કરો ને મૂર્તિ સ્થાપો. મૂર્તિ શુભભાવ છે, ધર્મ નહિ. સમજાય છે કાંઈ? આહા..!

ત્રિકાળી જ્ઞાન, શ્રદ્ધાન વસ્તુની સિદ્ધિ કરવી. આહા..હા..! પ્રમાણ, નય, નિક્ષેપથી વસ્તુને જાણીને. એ તો વ્યવહાર આવ્યો. પછી અંતર જ્ઞાન-શ્રદ્ધાનની સિદ્ધિ કરવી. આહા..! અંતર પૂર્ણસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ વસ્તુ છે ને આત્મા. આત્મા છે ને? તો છે તો પૂર્ણ છે ને? અપૂર્ણ અને વિકાર એ કોઈ ચીજ નથી, એ તો પર્યાયની વાત છે. વસ્તુ છે એ તો પૂર્ણ જ છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી અનંત અનંત ઈશ્વરતા શક્તિથી ભગવાન આત્મા પરિપૂર્ણ છે. આહા..હા..! દેવીલાલજી! આવો માર્ગ છે. લોકોએ સાંભળ્યો નથી. સમજાય નહિ એટલે એમ થાય આ તે શું છે? જૈનમાર્ગ આવો હશે? જૈનમાર્ગ તો દયા પાળવી, લીલોતરી ખાવી નહિ, કંદમૂળ ખાવા નહિ, ચોવિહાર કરવો એવું સાંભળ્યું હતું. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે, ધર્મ નહિ. આહા..!

વસ્તુસ્વભાવ તે ધર્મ છે. વસ્તુ જે ભગવાન આત્મા, એ જ્ઞાયકસ્વભાવ લક્ષણ જે જીવનું, જ્ઞાયકલક્ષણ એનું છે. એવો ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ, એની વર્તમાન પર્યાયમાં પરિપૂર્ણ તત્ત્વનું પર્યાયમાં જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન અને સમ્યક્જ્ઞાનનો માર્ગ કહે છે. આહા..! શાસ્ત્ર-બાસ્ત્ર ભણતર એ ... એ જ્ઞાન નહિ. જ્ઞાયક એવા ચૈતન્યનું, પરિપૂર્ણ વસ્તુનું જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન છે. આહા..હા..! એ આપણે આવ્યું છે ને? પરિજ્ઞાન. નહિ? નિયમસાર, ત્રીજી ગાથા. જ્ઞાન કોને કહીએ? કે આત્માનું પરિજ્ઞાન થવું. પરિ નામ સમસ્ત, પૂર્ણ જેવો આત્મા છે એવું જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન છે. આહા..હા..! આવી વાત, ભાઈ! વીતરાગમાર્ગ... આ સમજે ત્યારે તેને સાચું જ્ઞાન થાય છે. બાકી બધું ભણતર એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે પ્રમાણદિની કાંઈ જરૂર નથી.'** પછી પ્રમાણ, નય, નિક્ષેપથી સિદ્ધ કરવું રહ્યું નહિ. અનુભવમાં આવી ગયો કે આત્મા પૂર્ણાનંદ છે અને એ પૂર્ણસ્વરૂપનું જ્ઞાન થયું, પૂર્ણસ્વરૂપની પ્રતીતિ થઈ. હવે પૂર્ણસ્વરૂપમાં સ્થિરતા કરવી બાકી છે-ચારિત્ર. એ ચારિત્ર છે, હોં! ચારિત્ર કોઈ આ ક્રિયા-વ્યવહાર-મહાવ્રત ને એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! **'પણ હવે એ બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત**

**ચારિત્ર પ્રગટે છે;...'** લ્યો. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી ... એ જ્ઞાન-શ્રદ્ધા થયા પછી જ્યાં સુધી પૂર્ણ ચારિત્ર ન થાય ત્યાં સુધી નય, નિક્ષેપથી ચારિત્રનું જ્ઞાન કરવું. એ વિકલ્પ ઉત્પન્ન થાય તે વ્યવહાર ચારિત્ર છે. અંદર સ્વરૂપમાં સ્થિરતા, આનંદની સ્થિરતા થવી તે નિશ્ચયચારિત્ર છે. આહા..હા..! દેહની ક્રિયા કોઈ ચારિત્ર નથી, આ તો જડ, માટી-ધૂળ છે, પુદ્ગલ છે. અંદર પંચમહાવ્રતના વિકલ્પ ઊઠવા—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પણ એક રાગભાવ છે, આવો નિશ્ચય વ્યવહારથી કરવો. તેનાથી રહિત સ્વરૂપ આનંદમૂર્તિ ભગવાન એમાં પરિપૂર્ણની પ્રતીતિ, પરિપૂર્ણનું જ્ઞાન અને પરિપૂર્ણમાં અવિચળ સ્થિતિ, આહા..! આવા ચારિત્રને પ્રગટ કરવું. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી પ્રમાણ, નય, નિક્ષેપથી જાણીને સ્વરૂપની સ્થિરતા પ્રગટ કરવી. આહા..! ભાષા કઈ જાતની આ? આ તે વીતરાગની હશે? ઘણાંને તો એવું લાગે, આવો જૈનમાર્ગ ....? ઇચ્છામિ ... તસ્સ મિચ્છામી દુક્કડમ. ... લોગસ્સમાં આવે, સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. આ ક્યાંથી આવ્યું? ભાઈ! એ તો બધી વિકલ્પની-રાગની ક્રિયાની વાત છે. સમજાય છે કાંઈ?

સાચું સમ્યગ્દર્શન અને સાચું ચારિત્ર એ બીજી ચીજ છે. આહા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર' આવે છે ને? શ્રીપાલજી! છ-ઢાળામાં. 'મુનિવ્રત ધાર અનંત બૈરે ગ્રૈવેયક ઉપજાયો'. ઉપર નવમી ગ્રૈવેયક છે ને? ત્યાં અનંતવાર ગયો છે જૈન સાધુ થઈને, દિગંબર સાધુ થઈને. વસ્ત્રવાળા સાધુ ત્યાં જઈ શકે નહિ. દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. પંચમહાવ્રત લીધા, પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા એ તો આસ્રવ હતો, રાગ હતો. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. પંચમહાવ્રતના ભાવ આદિ આસ્રવ છે, રાગ છે. સ્વર્ગ મળ્યું. ધૂળ મળી એમાં શું થયું? સમજાય છે કાંઈ? અને ન્યાંથી કંઈક પુણ્ય વિશેષ હોય તો ધૂળના શેઠિયા થાય અહીંયા. કરોડ, બે કરોડ એ ધૂળના શેઠ છે. એમાં શું થયું? શોભાલાલજી! આ બધા કરોડપતિ બેઠા, જુઓને! ધૂળના શેઠ. આહા..હા..!

આ તો આત્મા શ્રેષ્ઠ તત્ત્વ જે આત્મા, એમાં લીન થવું, જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી. સ્વરૂપાચરણ તો જ્ઞાન-શ્રદ્ધાનમાં આવી ગયું છે, પણ વિશેષ એમાં સ્થિરતા-ચારિત્ર (કરવી). એ ચારિત્ર કોઈ ક્રિયા નથી બહારની. દેહની ક્રિયા એ ચારિત્ર નહિ, પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ. ચારિત્ર નામ ચરવું, રમવું, જમવું, આનંદનો નાથ ભગવાન જે જ્ઞાન-શ્રદ્ધાનમાં લીધો છે એમાં લીન થવું. ત્રિકાળમાં લીન થવું, હોં! જ્ઞાન-શ્રદ્ધાનમાં લીન થવું એમ નથી લીધું. જ્ઞાન-શ્રદ્ધાન તો પર્યાય છે. સમજાય છે કાંઈ? ત્રિકાળી ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો ઈ, હોં! અન્યમતિ બીજા કહે છે એને કોઈને આત્માની ખબર નથી. આ તો પરમેશ્વર અરિહંતદેવ, જિનેન્દ્રદેવ સાક્ષાત્ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. મોજૂદ છે પરમાત્મા સીમંધર ભગવાન. સમજાય છે કાંઈ? એમના મુખે કુંદકુંદાચાર્યે સાંભળ્યું છે. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. બે હજાર વર્ષ પહેલાં. પરમાત્મા બિરાજે છે સમવસરણમાં. આઠ દિવસ રહીને આવ્યા

પછી શાસ્ત્ર બનાવ્યા. ભગવાનનો આ સંદેશ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી રાગ-દ્વેષ-મોહનો અભાવ કઈ રીતે થાય છે? કે સ્વરૂપ જે ત્રિકાળી ચૈતન્યબિંબ છે, એ ત્રિકાળીમાં લીનતા કરવાથી રાગ-દ્વેષ-મોહનો અભાવ થાય છે. સમજાય છે કાંઈ? યથાખ્યાત ચારિત્રની વાત છે. યથાખ્યાત, યથાખ્યાત-જેવી સ્વરૂપની સ્થિતિ એવી પ્રસિદ્ધિ થાય છે. ચારિત્રની રમણતાથી એનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અંદર સ્વરૂપની સ્થિરતા યથાખ્યાત થઈ ગયું પછી તો કેવળજ્ઞાન થાય છે. '**કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે...**' કેવળજ્ઞાન થયા પછી સિદ્ધ થાય છે. કેવળજ્ઞાનમાં અરિહંતને ચાર કર્મનો નાશ થાય છે, ચાર બાકી છે. સિદ્ધમાં આઠેય કર્મનો નાશ થઈને સિદ્ધ થાય છે. અનંત સિદ્ધ લોકાગ્રે બિરાજે છે. નમો સિદ્ધાણં. એ સિદ્ધ થયા પછી પ્રમાણના આલંબનની જરૂર નથી. '**ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ-અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.**' હવે કળશ કહે છે.

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-
न्ननुभवनमुपयाते भाति न द्वैतमेव।।९।।

'**द्वैतमेव**'. આહા..હા..!

'**શ્લોકાર્થ :- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે-**' આહા..! છે કળશ? સૂક્ષ્મ વાત છે ભાઈ! બહુ ધ્યાન રાખે તો સમજાય એવી વાત છે. આ તો અપૂર્વ વાત છે. અનંત કાળમાં કદી કરી નથી. આહા..હા..! પંચમહાવ્રત પાળ્યા, બાર વ્રત લીધા, બ્રહ્મચર્ય (પાળ્યું), જાવજીવ બાળબ્રહ્મચારી રહ્યો એ કંઈ વસ્તુ નથી, એ તો શુભ રાગ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન જ્ઞાનબ્રહ્મ આનંદસ્વરૂપ પ્રભુ... આહા..હા..! એના શ્રદ્ધા-જ્ઞાન કરીને લીન થવું એ એણે કદી કર્યું નથી. એણે તો કદી સમ્યગ્દર્શન કર્યું નથી. ચારિત્ર તો ક્યાં? ચારિત્ર તો બહુ દૂર રહ્યું. સમજાય છે કાંઈ?

કહે છે, '**આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે...**' આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાનના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની લીનતા કરીને કહે છે. આહા..હા..! જુઓ, અમૃતચંદ્રાચાર્ય, આ કળશ એમના છે. આ અમૃતચંદ્રાચાર્ય છે ને પહેલાં, મૂળ શ્લોક-ગાથા છે એ કુંદકુંદાચાર્યની છે, વચ્ચે કુંદકુંદાચાર્ય છે, આ બાજુ પદ્મપ્રભમલધારીદેવ છે. સવારે નિયમસાર ચાલશે, બપોરે સમયસાર. કેમકે કોઈ કદાચિત્ સવારે ન આવી શકે તો સમયસાર, પંડિતજી! સવારે સમયસાર ચાલતું હતું, પણ તમે સવારે આવી ન શકો તો બપોરે રાખ્યું છે. કાલથી સમયસાર ચાલશે, બપોરે. સવારે (નિયમસાર ચાલશે). ફૂલચંદજીનો ધર્મ પ્રભાવનામાં મોટો

હાથ છે અને ખાણિયા ચર્ચા કરીને એણે મોટું કામ કર્યું છે એકલાએ. એ તો શરીરની સ્થિતિ છે. આ તો ધૂળ છે. કેમ રહેવું એ કંઈ આત્માનો અધિકાર નથી. આહા..હા..! ખાણિયા ચર્ચામાં ઘણું કામ કર્યું છે.

એક તસુમાં, ભગવાન કહે છે, આ તસુ છે ને, તસુ. આ આમ નહિ, હોં! એક તસુમાં છન્નુ રોગ છે. અષ્ટપાહુડમાં છે, એક તસુમાં છન્નુ રોગ. કુંદકુંદાચાર્ય કહે છે, આખા શરીરમાં કેટલા રોગ હશે, ભાઈ? આહા..હા..! આ તો રોગની મૂર્તિ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. ત્યારે આ તો વેદનાની મૂર્તિ છે, દેહ તો માટી-ધૂળ છે. આહા..! ક્યારે ક્યો રોગ થશે..? એ તો જડની અવસ્થા છે. ભગવાન આત્મા અંદર રાગના રોગથી રહિત પરમાત્મા બિરાજે છે. આહા..! રાગ એ રોગ છે. રાગરહિત ભગવાન આત્મા નિરોગ છે. આહા..હા..! એની દૃષ્ટિ કરીને, અનુભવ કરીને આચાર્ય કહે છે.

'**अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते**'. '**આ સર્વ ભેદોને ગૌણ કરનાર...**' શું કહે છે? કે જીવ ને અજીવ ને પુણ્ય ને પાપ ને આસ્રવ એ નવ ભેદ એનું પણ લક્ષ છોડીને અભેદ અખંડાનંદ પ્રભુ છે એમાં અનુભવ કરવો. આહા..હા..! ભારે જવાબદારી! સમ્યગ્દર્શન કરવું અને .... આ કરવું જોઈએ. આહા..! ... પેલામાં જ્ઞાન કર્યો છે, કળશટીકામાં. શું કહે છે? આ કળશ તો બધાને છે ને. નવતત્ત્વ, નય, નિક્ષેપ, અને પ્રમાણ બધાનો કળશ છે. આત્મામાં અજીવ જડ છે તેનું લક્ષ છોડી દેવું, અંદર પુણ્ય-પાપના ભાવનું લક્ષ છોડી દેવું, અરે..! સંવર, નિર્જરા, મોક્ષ બહિર્તત્ત્વ પર્યાય છે એનું પણ લક્ષ છોડી દેવું. આહા..હા..! એ પર્યાયને ગૌણ કરીને, અભાવ કરીને નહિ, ગૌણ કરીને શુદ્ધનયના વિષયભૂત. આહા..હા..! શુદ્ધનયનો વિષય. નય છે તે વિષયી છે, જાણનાર છે અને વસ્તુ જે ત્રિકાળી તે એનો વિષય છે. સમજાય છે કાંઈ? નય જે છે એ જ્ઞાનની પર્યાય છે. આ જ્ઞાનની અવસ્થા છે ને? એની પર્યાય-જ્ઞાનપર્યાય તે નય છે અને એનો વિષય છે તે ત્રિકાળી જ્ઞાયક છે. સમજાય છે કાંઈ? આહા..!

'**સર્વ ભેદોને ગૌણ કરનાર...**' અર્થાત્ નવતત્ત્વની પર્યાયના ભેદ પણ ગૌણ કરવો એટલે અભાવ નહિ, લક્ષ છોડવું. નય, નિક્ષેપ, પ્રમાણના ભેદનું પણ લક્ષ છોડવું. '**શુદ્ધનયનો વિષયભૂત...**' આહા..હા..! પર્યાય વિષય કરે છે. એનો વિષય ત્રિકાળી ભગવાન ધ્રુવ આત્મા એનો વિષય છે. આહા..! સમજાય છે કાંઈ? આવી વાત ભારે કઠણ. કઠણ નથી, આ તો સહજ છે. અનભ્યાસે કઠણ લાગે છે. વસ્તુનું સ્વરૂપ એવી ચીજ છે, '**ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા...**' છે. જુઓ, ઓહો..હો..! શુદ્ધનયના વિષયભૂત પવિત્ર જ્ઞાનની પર્યાયનો વિષય ચૈતન્યચમત્કારમાત્ર. ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન આત્મા. ચૈતન્યનો ચમત્કાર કે જે ચૈતન્ય ત્રણકાળ, ત્રણલોકને જાણી શકે એવો ચૈતન્યચમત્કાર સ્વભાવ છે ભગવાનનો. ભગવાનનો એટલે આત્માનો, હોં! આહા..હા..!

ચૈતન્યચમત્કાર. લોકાલોકને જાણવાની શક્તિવાળો ભગવાન આત્મા છે. શુદ્ધનયના વિષયભૂત ચૈતન્યચમત્કારમાત્ર. જુઓ, ચૈતન્યચમત્કાર. જ્ઞાનની એટલી શક્તિ છે કે ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જાણે એવી અનંતી પર્યાય જેમાં પડી છે અંદર એવો ચૈતન્યચમત્કાર આત્મા છે. આહા..હા..! આવી વાત, ભાઈ! આ સમ્યગ્દર્શન, જ્ઞાન વિના જે કંઈ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે એ બધો સંસાર છે. સંસાર એટલે? આ સ્વર્ગ મળે, આ ધૂળ મળે, આ પૈસા પાંચ-દસ કરોડ એ ધૂળ છે, સંસાર છે. અહીંયાં તો શુદ્ધનયના વિષયભૂત ચૈતન્યચમત્કારમાત્ર. ચમત્કારમાત્રનો અર્થ? રાગાદિ નહિ, એક સમયની પર્યાય પણ નહિ. પર્યાય તો એને વિષય કરે છે. આહા..! હજી તો પર્યાય શું અને દ્રવ્ય શું, નામેય સાંભળ્યા ન હોય કે જે જૈનદર્શનનો એકડો છે.

ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન જ્ઞાનપ્રકાશમાન જ્યોતિ તેજઃપુંજ આત્મા છે. આહા..! આ એનો સ્વભાવ કહ્યો. શુદ્ધનયના વિષયભૂત ચૈતન્યચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા. એકલા જ્ઞાનના પ્રકાશના નૂરનું તેજ. ચૈતન્યનું તેજ પડ્યું છે એમાં. દયા, દાનના રાગના પ્રેમમાં એ ચૈતન્યચમત્કાર દેખાતો નથી. સમજાય છે કાંઈ? અર્થાત્ એક સમયની અવસ્થાની રુચિમાં ચૈતન્યચમત્કાર તેજઃપુંજ આત્મા અજ્ઞાનીને દેખાતો નથી. સમજાય છે કાંઈ? **'તેનો અનુભવ થતાં...'** ત્રણ વાત કરી. એક તો, ભેદોને ગૌણ કરનાર. પર્યાયાદિના ભેદ છે તેને ગૌણ કરે. શુદ્ધનયના વિષયભૂત, વર્તમાન જ્ઞાનની નિર્મળ પર્યાયનો વિષય-ધ્યેય ચૈતન્યચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા તેનો અનુભવ કરતાં. આહા..હા..! ચૈતન્યપુંજ ભગવાન આત્મા એને અનુસરીને વેદન-અનુભવ કરતાં 'नयश्रीः न उदयति' **'નયોની લક્ષ્મી ઉદય પામતી નથી...'** આ દ્રવ્યાર્થિકનય છે ને આ પર્યાયાર્થિકનય છે એવા ભેદ ઉત્પન્ન થતા નથી. આહા..! ઝીણી વાત છે, ભગવાન! આહા..! કેટલા માહાત્મ્યવાળો પદાર્થ છે આત્મા! પરમેશ્વર પરમાત્મતત્ત્વ છે. આહા..હા..! પરમાત્મતત્ત્વ ન હોય તો પરમાત્મપર્યાય આવશે ક્યાંથી? સર્વજ્ઞ ભગવાન પરમાત્મા થાય છે એ તો પર્યાય છે, તો ક્યાંથી આવશે? બહારથી આવશે? પરમાત્મતત્ત્વમાં એવી અનંતી પર્યાય પડી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ આ છે, ભાઈ! એણે અનંત કાળમાં વાસ્તવિક રીતે સાંભળ્યું જ નથી. આહા..!

**'તેનો અનુભવ થતાં...'** કોનો? શુદ્ધનયનું ધ્યેય-વિષયભૂત, ધ્યાનના ધ્યેયભૂત ચૈતન્યચમત્કારમાત્ર. આહા..! ધ્યાનની જે પર્યાય છે તેનું ધ્યેય પૂર્ણ આત્મા આનંદકંદ ચૈતન્યચમત્કાર તેજઃપુંજ. એવા આત્માનો અનુભવ થતાં **'નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,...'** આ દ્રવ્યાર્થિકનયે દ્રવ્ય છે અને પર્યાયાર્થિકનયે પર્યાય છે એ આથમી જાય છે. ઉદય પામતી નથી એટલે ઉત્પન્ન થતી નથી. વસ્તુનો અનુભવ થતાં નયના વિકલ્પ અને નયના ભેદ ઉત્પન્ન થતા નથી. આવો જૈનધર્મ હશે? ... અત્યાર સુધી છ પરબી પાળવી, બ્રહ્મચર્ય પાળવું, લીલોતરી ખાવી નહિ, કંદમૂળ ખાવા નહિ (એવું સાંભળ્યું હતું). એ તો

વાત છે, ભગવાન! પરના ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. પરનો ત્યાગ કરવો એમ માનવું એ જ મિથ્યાત્વ છે. મેં બધું છોડી દીધું એવું અભિમાન એ મિથ્યાત્વ છે. ... છોડી દીધું, મેં છોડી દીધું. શું છોડી દીધું? અંદર ગરી ગઈ હતી? તારામાં હતી? એ છોડી દીધું એ જ મિથ્યાત્વભાવ છે. કેમકે પરચીજને આત્માએ ગ્રહી જ નથી તો છોડે ક્યાંથી? એ તો પરચીજ છે—શરીર, વાણી, મન, આ બાયડી, છોકરા, કુટુંબ એને ગ્રહણ કર્યા હોય તો ત્યાગ થાય. કદી ગ્રહણ જ કર્યા નથી. આહા..હા..! ગ્રહણ કર્યું હોય તો પર્યાયમાં વિકાર, વિકાર. પર્યાયમાં અજ્ઞાનભાવે વિકારને ગ્રહણ કર્યો છે અને એ વિકારનો ત્યાગ એ પણ કથનમાત્ર છે. આહા..હા..! પરનો ત્યાગ કરવો એમ માનવું એ તો મિથ્યાત્વ છે. આહા..! પણ રાગનો... ગજબ વાત છે, ભાઈ! રાગનો ત્યાગકર્તા માનવું એ કથનમાત્ર છે. રાગનો ત્યાગનો કર્તા, હોં! આહા..હા..! પરમાર્થે આત્મા રાગનો કર્તા છે જ નહિ. રાગના ત્યાગનો, કર્તા હોં! ૩૪મી ગાથામાં આવે છે. સમયસાર, ૩૪ ગાથા. ૩૪મી ગાથા છે ને સમયસારની, એમાં આવે છે. આહા..!

અહીં તો ઉપાદેય ચીજ શું છે ઈ બતાવે છે, બસ! ચૈતન્યચમત્કાર પુંજ ભગવાન આત્મા એનો અનુભવ થયો તો રાગની ઉત્પત્તિ થતી નથી. એને રાગનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! આ તો મેં આવો ત્યાગ કર્યો ને મેં આવો ત્યાગ કર્યો, એ લોકોને ત્યાગી માનવા એ બધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાતું છે. આત્મામાં... કહે છે ને? **'ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા...'** છે. આત્મામાં કોઈ રાગ છે અને રાગને છોડે એવું છે જ નહિ. પરવસ્તુ છે અને પરવસ્તુને છોડી એ તો આત્મામાં છે જ નહિ. આત્મામાં રાગ નથી અને રાગને છોડવો એ પણ નથી. આહા..હા..! ઝીણું બહુ પડે, ભાઈ! એટલે બિચારા કેટલાક કહે છે, સોનગઢવાળા એકલી નિશ્ચયની વાત કરે છે. એમ કહે છે. બધું સાંભળીએ. પણ નિશ્ચય એટલે આ સત્ય. શાંતિભાઈ! આહા..હા..!

ચૈતન્યચમત્કારમાત્ર તેજઃપુંજ પ્રભુ, એમાં તો રાગેય નથી તો રાગનો ત્યાગ કરવો એ ક્યાંથી આવ્યું? આહા..હા..! એ તો તેજઃપુંજ ચૈતન્ય ભગવાન એમાં લીન થતાં **'नयश्री'** નિશ્ચયનયે દ્રવ્યાર્થિકનો વિકલ્પ અને પર્યાયનો વિકલ્પ જ ઉત્પન્ન થતો નથી. ઉત્પન્ન થતો નથી એને નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ બહુ આકરો, ભાઈ! જિનેન્દ્રનો પરમાત્માનો માર્ગ કોઈ અલૌકિક અપૂર્વ છે, ભાઈ! સાધારણ માણસો માની બેસે છે કે આ.. એ માર્ગ નથી, ભાઈ! આહા..હા..! જે જિનેન્દ્રની વાત ભગવાન પાસે ઈન્દ્રો સાંભળવા આવે છે. ઈન્દ્ર એકાવતારી છે. સુધર્મ દેવલોક છે ને, સુધર્મ દેવલોક? બત્રીસ લાખ વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે, એનો સ્વામી શક્રેન્દ્ર છે, એ એકાવતારી છે. શાસ્ત્રમાં લેખ છે કે એક ભવ કરીને મોક્ષ જશે. ત્યાંથી ઈન્દ્રપદ છોડીને મનુષ્યભવ કરીને મોક્ષ જશે; અને એની એક જે મુખ્ય પત્ની છે, પટરાણી, આમ તો હજારો ઈન્દ્રાણી છે,

મુખ્ય જે છે એ પણ એકાવતારી છે. એ સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે અને ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જશે. આહા..હા..! એમ સિદ્ધાંતમાં લેખ છે. એ જ્યારે સમવસરણમાં સાંભળવા આવે છે.. આહા..હા..! ઈન્દ્ર સાંભળવા આવે છે, ગણધર સાંભળે છે, નાગ ને વાઘ ને સિંહ સેંકડો જંગલમાંથી આવીને સમવસરણમાં ભગવાનની વાણી સાંભળે છે. એ વાણી કેવી હશે, ભાઈ! એ કથા સાધારણ દયા પાળો (એવી હશે)? એવી વાત તો કુંભાર પણ  કરે છે.

આ તો કહે છે કે પરની દયા તો પાળી શકતો નથી પણ પરની દયાનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે, એ આત્માની હિંસા છે. આહા..હા..! માંગીલાલજી! આવી વાત છે, ભગવાન! આહા..! અહીં તો બધા ભગવાન છે ને આત્મા. ૭૨ ગાથામાં કહ્યું ને? ૭૨ ગાથા. ૭૨માં આવ્યું છે. 'ભગવાન આત્મા' આચાર્ય એમ કહે છે. શુભ-અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ અશુચિ છે-મેલ છે. આહા..હા..! પરજીવની દયાનો ભાવ એ મેલ છે. આહા..હા..! રાગ છે, વિકલ્પ છે; અને ભગવાન આત્મા નિર્મળાનંદ અંદર ભિન્ન છે. એમ ટીકામાં છે. ૭૨ ગાથા, ૭૨. ૭૦+૨. શ્રીપાલજી! જોઈ છે? ૭૨ છે, ૭૨. ૭૦+૨.

**'જળમાં શેવાળ છે...'** ટીકા છે, ટીકા. **'જળમાં શેવાળ...'** શેવાળ સમજો છો? કાઈ.. કાઈ. **'જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...'** આસ્રવ નામ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ, દયા અને હિંસાના ભાવ બેય આસ્રવ છે, નવા આવરણનું કારણ છે. એમ આસ્રવ **'મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...'** આહા..હા..! ધર્મી તો એમ કહે છે કે એ દયા, દાન, વ્રતનો ભાવ એ મેલરૂપ અનુભવમાં આવે છે. આહા..હા..! પછી **'અશુચિ છે...'** શુભ-અશુભ ભાવ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે છે એ અશુચિ છે-મેલ છે-અશુચિ છે. આહા..હા..! આ શરીરની અશુચિ પેશાબ ને ઝાડા એ તો અશુચિ-જડ છે, પણ પુણ્ય અને પાપના ભાવ એ અશુચિ છે, અપવિત્ર છે. છે?

**'અને ભગવાન આત્મા...'** જુઓ, ટીકા છે. ભગવાન આત્મા. આ ભગવાન, હોં! ભગવાન થઈ ગયા ઈ નહિ. આહા..! **'ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે..'** અનુભવમાં આવે છે. તેથી ભગવાન તો **'અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે).'** આત્મા અંદર પવિત્ર ઉજ્જ્વળ છે. આહા..હા..! ચૈતન્યદળ છે. ચૈતન્યસ્વભાવનો પિંડ છે, આનંદનું દળ છે, એ તો પવિત્ર છે. પુણ્ય-પાપના ભાવ છે ઈ અશુચિ છે. આહા..હા..! ભગવાન આત્મા, કહ્યું આચાર્યે. ભગવાન આત્મા. એ ભગવાન થઈ ગયા એ તો પર્યાયમાં થઈ ગયા અને આ તો દ્રવ્યે ભગવાન આત્મા પવિત્ર અને પૂર્ણ છે. આહા..! એવા ત્રણ બોલ છે.

**'આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...'** એ પુણ્ય અને પાપ જડ છે. આહા..હા..!

દયા, દાન, ભક્તિનો વિકલ્પ જે ઊઠે છે એમાં ચૈતન્યનો અંશ નથી, જ્ઞાનનો અંશ નથી. તેથી, રાગ છે તે અજીવ છે અને જડ છે. આહા..હા..! પેલા કહે, દયા પાળો તો ધર્મ થશે. અહીં કહે છે, દયા પાળવાનો ભાવ છે તે રાગ અને જડ છે. ભારે આકરું કામ, ભાઈ! આહા..હા..! જૈનમાં જન્મ્યા હોય એને પણ સત્ય વાત સાંભળવી મુશ્કેલ પડી ગઈ. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી, ત્યારે શુભ અને અશુભભાવ એ ચૈતન્યસ્વભાવના અભાવરૂપ ભાવ. તેથી દયા, દાન, હિંસા, જૂઠાંના ભાવ એ અચેતન જડ છે. આહા..હા..! આ શરીર, વાણી તો જડ છે, ધૂળ માટી, પણ પુણ્ય અને પાપનો રાગ છે તો રાગમાં ચૈતન્ય નથી. આહા..હા..! શાંતિભાઈ! આ થોડું વિસ્તાર (કરીએ છીએ). નવા માણસ આવ્યા છે ને. ... સાંભળવા આવ્યા છે ને. સાંભળે તો ખરા કે આ શું છે? આ શું કહે છે? સોનગઢ-સોનગઢ બહારમાં ચાલે છે. ભાઈ! અહીં તો આત્માની વાત છે, પ્રભુ! આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે કે શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ હો, પણ છે તો રાગ અને રાગ છે તે અજીવ છે. કેમકે રાગ પોતાને જાણતો નથી અને રાગ બીજાને જાણતો નથી અને રાગ બીજા દ્વારા જાણવામાં આવે છે. રાગ આત્મા દ્વારા જાણવામાં આવે છે, રાગ રાગને જાણતો નથી. તેથી રાગને અચેતન અને અજીવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! વાતે વાતે ફેર છે. આહા..! ભગવાન ચૈતન્યમાત્ર છે. પછી કહ્યું છે કે **'આસ્રવો આકુળતાના ઉપજાવનારા છે...'** આસ્રવ છે ને? એ આકુળતાને ઉત્પન્ન કરનારા છે. પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિકલ્પ છે, એ દુઃખરૂપ છે, રાગ છે, કષાય છે, આકુળતા છે. આહા..! આવી વાત. ભગવાન! માર્ગ તો આવો છે, પ્રભુ! જિનેન્દ્રદેવ એમ કહે છે અને એમ વસ્તુ છે. શુભ-અશુભભાવ જેને લોકો મહાવ્રત-પરિણામ કહે તો પણ એ દુઃખરૂપ છે, કેમકે રાગ છે. આહા..હા..! છે?

**'ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી...'** આહા..! ઈ રાગ છે તો એ કારણ થઈને આત્મા જણાય એવો આત્મા નથી. રાગનું કારણ પણ નથી અને રાગનું કાર્ય પણ નથી. રાગને ઉત્પન્ન કરનારો આત્મા નહિ અને રાગથી આત્મા જણાય એવું કાર્ય નથી. ... વ્યવહારથી નિશ્ચય નથી થતો. વ્યવહાર દયા, દાનના ભાવ કરતાં-કરતાં નિશ્ચય થઈ જશે, ના પાડે છે. બાપુ! એ તો રાગ છે ને, ભાઈ! આહા..હા..! દુકાન છોડે, ધંધા છોડીને દયા પાળવાનો ભાવ કરે, મહાવ્રતનો ભાવ કરે તો પણ કહે છે કે એ તો રાગ છે. પેલો પાપ રાગ હતો, આ પુણ્ય રાગ છે. આહા..! સમજાય છે કાંઈ? એ દુઃખરૂપ છે. આહા..હા..! **'ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી...'** ઈ તો સુખરૂપ છે. આનંદરૂપ ભગવાન છે. ઈ રાગનું કારણ કેમ થાય? અને

રાગનું કાર્ય કઈ રીતે થાય? શુભરાગ હોય તો આનંદની પ્રાપ્તિ થાય છે, એમ નથી. આહા..હા..! આવું વ્યાખ્યાન કઈ જાતનું? જૈનનું હશે આ? બાપુ! આ તો જિનેન્દ્રનો માર્ગ છે! સમજાય છે કાંઈ?

વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર જિનેન્દ્રદેવની દિવ્યધ્વનિનો આ સાર છે. આહા..! આવો માર્ગ ન સાંભળ્યો હોય એને એવું લાગે, આ તે અન્યમતિ હશે કોઈ વેદાંત કે ઈ? એવું લાગે. બાપુ! વીતરાગ પરમાત્મા જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથનું આ કથન છે અને એમનો આ માર્ગ છે.

અહીંયા ઈ કહ્યું, **'નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,...'** આહા..હા..! અંતર્મુખ આત્માનો અનુભવ કરે છે ત્યારે તો નયના વિકલ્પની લક્ષ્મી, નયની લક્ષ્મી ... નય ઉત્પન્ન જ નથી થતા. આહા..! **'પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે,...'** પ્રમાણ આથમી જાય છે. આત્મા જ્ઞાયકસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ એવા એકરૂપ સ્વભાવનો અનુભવ થવાથી અનેક પ્રકારના નયના વિકલ્પ છે તે ઉત્પન્ન નથી થતાં અને પ્રમાણ આ પરોક્ષ છે ને પ્રત્યક્ષ છે એવો પ્રમાણનો ભાવ પણ અસ્ત થઈ જાય છે. આહા..હા..! પેલામાં ઉદય નથી થતું, આ અસ્ત થઈ જાય છે. કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે ને મતિ-શ્રુત પરોક્ષ છે એવા વિકલ્પ પણ ત્યાં અસ્ત થઈ જાય છે. આહા..હા..! આથમી જાય છે.

**'અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી,...'** આ ભાવનિક્ષેપ છે ને આ દ્રવ્યનિક્ષેપ છે ને આ નામ છે, ઈ ક્યાં જતા રહે છે અમને ખબર નથી. અમે તો અનુભવમાં છીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? **'નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી,...'** અમે તો અનુભવમાં છીએ એટલે નથી જાણતા. આહા..!

**શ્રોતા :-** આ શ્રુતજ્ઞાનની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! સમ્યગ્દર્શનની વાત છે. એમ કે આ ઊંચી વાત છે ને ઠેઠની. આ તમારી સાદડીની વાત નથી, લગ્નની વાત છે. સાદડી મૃત્યુમાં હોય. મરી જાય પછી સાદડી કરે ને મુંબઈમાં, ભેગા બેસે. મરી ગયા પછી સાદડીમાં બધા ભેગા થાય. ઈ વાત નથી આ, આ તો જીવતી જ્યોતની વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૯, શનિવાર, તા. ૧૦-૧-૧૯૭૬,
## શ્લોક-૯, ૧૦,
## પ્રવચન નં. ૪૧

૯મો ચાલે છે ને? થોડો બાકી છે. નહિ? શું કહે છે? જુઓ, '**આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે–**' એનો શું અર્થ છે? કે જે આ આત્મા છે એ પૂર્ણજ્ઞાન-આનંદસ્વરૂપ અભેદ એકરૂપ વસ્તુ છે. એવી ચીજમાં ગુણ-ગુણીના ભેદ પણ નથી. એ ચીજની દૃષ્ટિ કરવાથી, અનુભવ કરવાથી એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાથી એમાં દ્વૈત પણ ભાસતું નથી. અખંડ એક જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય-સામાન્યસ્વભાવ ભાસે છે. એમાં પરવસ્તુ તો નથી, પણ નય-નિક્ષેપ-પ્રમાણના વિકલ્પ પણ નથી અને ગુણ-ગુણીના ભેદ પણ અભેદમાં ભાસતા નથી. આહા..! આવી વાત. આ સમ્યગ્દર્શન! માંગીલાલજી! આ સમ્યગ્દર્શન! ભાઈ કહેતા હતા કે સમ્યગ્દર્શન એટલે શું?

પોતાનો આત્મા, પર પદાર્થ જેટલા આત્મા અને જડ શરીર છે તેનાથી ભિન્ન છે. કર્મથી, પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન છે અને પોતાની એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે અને પોતાના અનંત સ્વભાવરૂપ ગુણ-શક્તિ તેનાથી અભિન્ન છે. આહા..હા...! સમજાય છે કાંઈ? પોતાની ચીજ જે છે અનંત શક્તિસંપન્ન, એ અનંત શક્તિથી વસ્તુ અભિન્ન છે, પણ રાગ અને પર્યાયથી ભિન્ન છે. ઝીણી વાત, ભાઈ! એની અંતર દૃષ્ટિ કરવાથી જે અનુભવમાં અદ્વૈત આવે છે તેનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે અંતર અનુભવ કરતાં અમે નથી જાણતા કે નિક્ષેપ ક્યાં ચાલ્યા ગયા. એકરૂપ શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ, સામાન્ય સદૃશ્ય શક્તિરૂપભાવનો અનુભવ કરવાથી—દૃષ્ટિ કરવાથી અનુભવમાં 'किम् अपरम् अभिदध्मः द्वैतम् एव न भाति'. બીજું તો શું કહીએ પણ એ ચીજની દૃષ્ટિ અનુભવ કરવામાં દ્વૈતપણું પણ ભાસતું નથી, એકપણે જે ચીજ અનુભવ છે તે ભાસે છે. આહા..હા..! સૂક્ષ્મ વિષય છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર કહે છે, ઈ જ સંતો મુનિ કહે છે. દિગંબર સંતો, કેવળી કહે છે ઈ જ કહે છે, એમાં એક અક્ષરમાત્ર ફેર નથી. આહા..હા..!

કહે છે કે શુદ્ધનયનો વિષય અથવા સમ્યગ્દર્શનનું ધ્યેય-વિષય-એકરૂપ ચૈતન્યબિંબ પરમાર્થે સામાન્યસ્વભાવ (છે), જેમાં ગુણ-ગુણીના ભેદ પણ અનુભવમાં ભાસતા નથી અને જેમાં અનુભવ કરું છું અને આત્માનો અનુભવ છે એવું દ્વૈત પણ નથી. આહા..! સૂક્ષ્મ છે, ભાઈ! લોકો માની લે ગમે તે કલ્પનાથી. ચીજ કોઈ બીજી છે. આહા..હા..! કહે છે કે '**આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.**'

'**ભાવાર્થ :- ભેદને અત્યંત ગૌણ કરીને...**' છે? '**ભેદને અત્યંત ગૌણ કરીને...**' એનો અર્થ શું? કે આત્મા પર્યાય છે અને દ્રવ્ય છે, એવા ભેદનું પણ લક્ષ છોડી... આહા..હા..! આ પર્યાય છે-અવસ્થા, આ અવસ્થાયી ત્રિકાળ છે, એવા ભેદનું પણ લક્ષ છોડીને... આહા..હા..! છે? '**ભેદને અત્યંત ગૌણ કરીને...**' અભાવ કરીને નહિ, ગૌણ કરીને. પર્યાય નથી એમ નથી. દ્રવ્યને-ત્રિકાળીને સત્યાર્થ કહ્યું તો પર્યાયને અસત્યાર્થ કહી. કઈ અપેક્ષાથી? કે પર્યાયને ગૌણ કરીને પેટામાં રાખીને અસત્ય કહ્યું, અભાવ કરીને અસત્ય કહ્યું છે, એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શરીર, કર્મ, રાગથી તો ભિન્ન છે, પણ વસ્તુ જે નિત્ય ધ્રુવ આદિ-અંત વિનાની ચીજ જે છે પરમ સ્વભાવભાવ જેને પરમપારિણામિકભાવ જ્ઞાયકભાવ, સદૃશ્યભાવ, શુદ્ધભાવ, અભેદભાવ એ ચીજ જે છે તેની પર્યાયમાં અવસ્થા છે, એની દશામાં અવસ્થા છે—પર્યાય કહો, અવસ્થા કહો, હાલત કહો, અંશ કહો, દશા કહો; પણ એ ભેદને ગૌણ કરીને-અત્યંત ગૌણ કરીને પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવાથી પર્યાયનો ભેદ છે તે ગૌણ થઈ જાય છે. આહા..હા..! પર્યાય વિષય કરે છે દ્રવ્યને. સમજાય છે કાંઈ? આ તો ભગવાનનો માર્ગ. સમ્યગ્દર્શન કેવી ચીજ છે કે જેનાથી જન્મ-મરણનો અંત આવી જાય. અહીંયા તો ઈ વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? હમણાં તમારા બધા આવ્યા હતા, ભોગીભાઈના, અમદાવાદથી છોકરા ને વહુરુઓ. આવ્યા હતા ઘણાં બધા ૧૫ જણ. વયા ગયા હશે. ઈ કહે, મહારાજ! અહીંયાં કાંઈક નાખો. શું કહેવાય એને? વાસ્કેફ. પંડિતજી! વાસ્કેફ નાખે છે ને? શ્વેતાંબર લોકો નાખે છે. કેસર નાખે માથા ઉપર. કંઈક નાખો. કીધું, અહીં તો આત્મધર્મ છે, ભાઈ! અહીં વાસ્કેફ-બાસ્કેફ કંઈ નથી. કેસર ને? કેસરનો ભૂકો નાખે. મહારાજ! બહુ માન ખરું ને. ઘણાં લોકો ખાનગી અંદર આવે. મહારાજ! આટલા રોગ છે, હાથ ફેરવો. ભાઈ! અમારી પાસે આત્મા છે. કાલે એક આવ્યા હતા, અમદાવાદના. હતા હુશિયાર માણસ પૈસાવાળા. ... અમે વ્યાખ્યાનમાં આવીએ છીએ અમદાવાદ. એક જરીક ભાષામાં ફેર છે, હાથ ફેરવો. એને કહ્યું કે અહીં તો હાથેય અમારો નથી. અહીં તો વાસ્કેફ પણ નથી. અહીં તો આત્મા શું ચીજ છે એની વાત છે. આહા..હા..!

અહીંયાં ભગવાન ઈ કહે છે, કહે છે કે ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિ કરવાથી શુદ્ધ ચૈતન્યઘનમાં વર્તમાન પર્યાયને ઝુકાવવાથી અભેદ વસ્તુ દૃષ્ટિનો વિષય જે અભેદ એનો અનુભવ થાય છે. એમાં આ દ્રવ્ય અને પર્યાય, આ અનુભવ કરું અને અનુભવ કરનારો હું, આત્માનો અનુભવ કરું છું એવા ભેદ પણ એમાં નથી. ૧૪મી ગાથામાં ઈ આવશે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો અપૂર્વ જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથનો આ હુકમ છે કે ભાઈ! તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, એ સમ્યગ્દર્શન છે તો પર્યાય, પર્યાયને ત્રિકાળની અપેક્ષાથી અસત્યાર્થ કહ્યું. નિર્મળ પર્યાય હોય તો પણ ત્રિકાળની અપેક્ષાથી સત્યાર્થ ત્રિકાળ છે ઈ અપેક્ષાથી નિર્મળ

પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું. ૫૦મી ગાથા, નિયમસાર, પરદ્રવ્ય કહ્યું. ગૌણ કરીને તેને અસત્યાર્થ કહ્યું. આહા..હા..! કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય નથી આવતી, એમ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. તેથી પર્યાયને ગૌણ કરી, પેટામાં રાખીને મુખ્ય ત્રિકાળી સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપને સત્યાર્થ કહીને મુખ્ય કરીને, નિશ્ચય કરીને સત્યાર્થ કહ્યું. સમજાય છે કાંઈ? અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને, ગૌણ કરીને વ્યવહાર કરીને, અભાવ કરીને વ્યવહાર કરી એમ નહિ. ગૌણ કરીને વ્યવહાર કરી અસત્ય કહ્યું. સમજાય છે કાંઈ? આ વીતરાગની વાણી અને વીતરાગનો માર્ગ કોઈ દુનિયાથી જુદો છે. આખી દુનિયા સાથે મેળ ખાય એવો નથી. આહા..હા..!

કહે છે કે '**ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી? શુદ્ધ અનુભવ થતાં...**' શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ પરમાત્મા પોતે પરમાત્મતત્ત્વ સ્વયં, એનો અનુભવ થતાં '**દ્વૈત જ ભાસતું નથી,...**' બેપણું પણ એમાં ભાસતું નથી. '**એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.**' એકાકાર જ્ઞાયકનો જ અનુભવ થાય છે. એકાકાર-એક આકાર-એક સ્વરૂપી ભગવાન, એનો જ અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત માણસને (સમજાય નહિ). આ સમજ્યા વિના પછી વ્રત ને તપમાં ચાલ્યા ગયા બિચારા. આ બધા વળી ભક્તિ ને જાત્રામાં ચાલ્યા ગયા, મૂળ ચીજ પડી રહી. વર વિનાની જાન. આત્મા-વર જે મુખ્ય ચીજ છે એના વિના ક્રિયાકાંડમાં ચડી ગયા અને ક્રિયાકાંડ જરી વિશેષ કરે એને.. ઓહો..હો..! સમજાય છે કાંઈ? આહા..હા...! અજ્ઞાનીને પણ એ ક્રિયાકાંડવાળા ભાસે તો વિશેષ દેખાય છે. સમજાય છે કાંઈ?

પરમાત્મા તો એમ કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! અખંડ આનંદસ્વરૂપ એક વસ્તુ, જેમાં અન્ય દ્રવ્યને કરું, રાગ તો છે જ નહિ, પણ જેમાં પર્યાય કે જે એનો અનુભવ કરે છે એ દ્રવ્યમાં પર્યાય નથી. આહા..હા..! પર્યાયમાં ત્રિકાળનો અનુભવ થાય છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે. આહા..હા..! આ વાત. મણિભાઈ! આવી વાત છે. ઈ બધા છોકરાઓ ત્યાં અભ્યાસ કરે છે. શેઠ! ઘાટકોપર. ભુપતભાઈ છે, એના ભાઈ .. કરીને છે કો'ક. ઈ કો'ક છે પાંચ-છ જણા અભ્યાસ કરે છે. વધારે અભ્યાસ ન્યાલભાઈના દ્રવ્યદૃષ્ટિ પ્રકાશનો, પણ ઈ સમજવું બહુ કઠણ, બાપુ! આહા..હા..! છે તો સત્યની વાત સરળ, પણ અનાદિથી અભ્યાસ નથી અને સ્વભાવનો અભ્યાસ કરવો એવી પ્રરૂપણા પણ ઓછી થઈ ગઈ. ૧૧મી ગાથામાં આવ્યું ને? એ ઉપદેશ વિરલ થઈ ગયો અને પર્યાયનો, ભેદનો અને વ્યવહારનો ઉપદેશ પરસ્પર બધા કરે છે. આહા..હા..!

એકરૂપ ચૈતન્યનો અનુભવ થતાં દ્વૈત ભાસિત નથી થતું. આહા..! એકાકાર જ્ઞાયકસ્વરૂપ ચિન્માત્ર જ્ઞાયકસ્વભાવમાત્ર દેખાય છે. 'જ' કહ્યું, જુઓ! '**ચિન્માત્ર જ...**' એકાંત નથી થઈ જતું? સમ્યક્ એકાંત જ છે. અનુભવમાં સમ્યગ્દર્શનમાં ચિન્માત્ર જ—એકલો જ્ઞાયકસ્વભાવ

જ દેખાય છે એનું નામ સમ્યગ્દર્શન અને અનુભવ કહે છે. આહા..હા..! હવે અહીંયા કહે છે કે દ્વૈત જ ભાસતું નથી. તો દ્વૈત કંઈ છે જ નહિ, દ્વૈત છે જ નહિને?

**'અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી કહે છે—છેવટ તો પરમાર્થરૂપ અદ્વૈતનો જ અનુભવ થયો.'** અમે અદ્વૈત કહીએ છીએ, તમારામાં પણ અદ્વૈત આવ્યું. વેદાંત કહે છે ને, એક જ આત્મા સર્વવ્યાપક અદ્વૈત છે. વિજ્ઞાન (વેદાંતનો) એક મત છે. વિજ્ઞાનાદ્વૈતવાદી. ઈ પણ એમ કહે છે. બધું એક વિજ્ઞાન જ છે, કોઈ બે ચીજ નથી, તો તમે પણ એમ જ કહો છો. સાંભળ! **'એ જ અમારો મત છે.'** અજ્ઞાની કહે છે. **'તમે વિશેષ શું કહ્યું?'** બહુ કહો છો. નવતત્ત્વ ને નય ને નિક્ષેપ, બધી લાંબી-લાંબી વાત કરીને વિશેષ શું કહ્યું તમે?

**'એનો ઉત્તરઃ- તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે.'** તમારા મતમાં અદ્વૈત નામ બે નહિ એમ સર્વથા માનવામાં આવે છે, અજ્ઞાનના મતમાં. **'જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય,...'** આત્મા રાગને જાણે છે, જ્ઞેયને જાણે છે એવી ચીજનો અભાવ થઈ જાય. આહા..હા..! **'અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા મતમાં નયવિવક્ષા છે...'** અહીંયાં તો અપેક્ષાથી કથન છે. **'તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી.'** બાહ્ય ચીજ તો છે. એ ચીજ પોતામાં નથી. બાહ્ય ચીજ બાહ્ય ચીજમાં છે. રાગ રાગમાં છે, પર્યાય પણ પર્યાયરૂપે તો છે. સમજાય છે કાંઈ? **'બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા મતમાં નયવિવક્ષા છે...'** આ તો અપેક્ષા નયથી કથન છે. **'તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી.'** નિશ્ચયનયના વિષયનો અનુભવ કરવાથી દ્વૈત ભાસતું નથી, એમ કહેવાથી બાહ્ય ચીજ નથી, એમ નથી. રાગ નથી, પર્યાય નથી, એમ નથી. આહા..હા..!

**'જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે...'** બસ! આ. પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકભાવ શુદ્ધ પૂર્ણ તરફ ઝુકાવથી જ્યારે અનુભવ થાય છે... આહા..હા..! ત્યારે **'વિકલ્પ મટી જાય છે...'** ભેદના વિકલ્પ મટી જાય છે. ભેદ ચીજ જગતમાં નથી, એમ નહિ. એ ચીજ મારામાં છે કે રાગ મારામાં છે અને ગુણ-ગુણી ભેદના વિકલ્પ તે હું છું, એ ભેદ મટી જાય છે, વિકલ્પ મટી જાય છે. વેદાંત બહુ કહે છે ને, એક જ સર્વવ્યાપક છે, એમ નથી. આત્મા અનંત છે. એક આત્મા શરીર પ્રમાણે છે, સર્વવ્યાપક નથી. એક આત્મામાં અનંત ગુણ છે અને અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય છે. સમજાય છે કાંઈ? એ બધાનું અસ્તિત્વ રાખીને અભેદના અનુભવમાં એના વિકલ્પ મટી જાય છે. વસ્તુ મટી જાય છે, એમ નથી. આહા..હા..! વેદાંતનું બહુ ચાલ્યું છે ને અત્યારે. સુધરેલ લોકો વેદાંતમાં બહુ જાય છે. જૈનના કેટલાક માણસો વેદાંતમાં ચાલ્યા જાય છે. નિશ્ચયની વાત અહીંયાં સાંભળી કે ક્રિયાકાંડથી થતું નથી, એટલે ત્યાં જાય છે; પણ જૈનદર્શન શું છે એને સમજ્યા

વિના? જૈનદર્શનમાં તો આત્મા પૂર્ણાનંદનો નાથ એક સમયમાં અભેદ અનુભવ કરવો, એનું નામ અદ્વૈત કહે છે. એવો અદ્વૈત અનુભવ થવાથી રાગ મટી જાય છે એટલે કે જગતમાં છે જ નહિ, પરદ્રવ્ય છે જ નહિ, એમ નથી. શ્રીપાલજી! આવી વાત છે. અહીંયાં તો શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે.

જે વિકલ્પ નામ રાગની વૃત્તિ ઊઠે છે, ભેદના લક્ષે, પરના લક્ષે, પર્યાયના લક્ષે જે રાગની ઉત્પત્તિ થાય છે (એ અનુભવમાં મટી જાય છે). આહા..હા..! '**ત્યારે આત્મા પરમાનંદને પામે છે...**' એ વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પ્રાપ્ત થાય છે. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન આત્મા પરમાનંદ અનીન્દ્રિય અનાકુળ આનંદ! ભેદનો વિકલ્પ મટે છે (ત્યારે) નિર્વિકલ્પ આત્માના પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આરે..! આવી વાત છે. પરમાનંદ તો મોક્ષમાં થાય છે કે પહેલાં સમ્યગ્દર્શનમાં થાય છે? ... ભાઈ! અહીંયાં પરમાનંદ ભગવાન આત્મા છે. પરમાનંદ અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું ધામ એ આત્મા છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું સ્થાન આત્મા છે. એમાં એકાગ્ર થવાથી ભેદના વિકલ્પ મટી જાય છે અને અત્યંત આત્માના આનંદની પ્રાપ્તિ થાય છે એનું નામ અહીંયાં અદ્વૈત કહે છે. અદ્વૈત નામ બધા આત્મા એક છે, એવી વાત નથી. આહા..હા..!

'**તેથી અનુભવ કરાવવા માટે 'શુદ્ધ અનુભવમાં દ્વૈત ભાસતું નથી' એમ કહ્યું છે.**' જુઓ, આ પંડિતજી ખુલાસો કરે છે. '**જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય...**' કેમ? કે આત્માના જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણવાની તાકાત છે. જો લોકાલોક ન હોય તો પર્યાય પણ નથી. પર્યાય નથી તો પર્યાયને ધરનારું દ્રવ્ય પણ નથી રહેતું. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાયમાં લોકાલોક જાણવાની તાકાતવાળી પર્યાય છે, તો એ લોકાલોક ન હોય તો પર્યાયનો નાશ થાય છે. પૂર્ણ પર્યાયની તાકત એ જ નથી, એમ થઈ જાય છે. તો એ પર્યાય નથી તો જેની પર્યાય છે એવી અનંતી પર્યાયનો પિંડ તો દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

આત્મા જે વસ્તુ છે એનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે અને એ જ્ઞાન-દર્શન સ્વભાવમાં એક-એક સમયની પર્યાય પ્રગટ થાય છે; ચાહે તો શ્રુતજ્ઞાનની હો કે કેવળજ્ઞાનની હો, પણ એ પર્યાયમાં લોકાલોક જાણવાની તાકાત છે. પર્યાયને માને તો એમાં લોકાલોક આવી ગયા, તો લોકાલોક તો છે, પર્યાય લોકાલોકને જાણે છે એ પણ છે અને એવી અનંતી-અનંતી પર્યાયનો સમુદ્ર ભગવાન આત્મા છે. જો લોકાલોક વસ્તુ ન હોય તો તું પણ નથી એમ થઈ જાય. સમજાય છે કાંઈ?

'**જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે.**' શૂન્ય થઈ જશે. આહા..! કેમકે પોતાની શ્રુતજ્ઞાનની પર્યાય હોય એ પર્યાયની તાકાત પણ લોકાલોકને (જાણવાની છે). ભલે પરોક્ષ, પણ જાણવાની

તાકાત છે, તો આવડી પર્યાય છે. જો લોકાલોક ન માને તો પર્યાય આવડી છે એમ પણ ન માન્યું અને એ પર્યાય આવડી છે એવી અનંતી પર્યાયનો એક ગુણ છે, તો ગુણ પણ ન માન્યો, તો અનંતા ગુણનો પિંડ એ દ્રવ્ય છે, તો દ્રવ્યને પણ માન્યું નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! સૂક્ષ્મ ભાઈ! આ તો ન્યાયનો વિષય છે. ભગવાનનો માર્ગ જ્ઞાનનો વિષય છે. ક્રિયાકાંડથી-વ્રત ને ભક્તિ ને પૂજાથી પ્રાપ્ત થઈ જાય એવી વસ્તુ નથી. '**શૂન્યવાદનો પ્રસંગ આવે.**'

'**માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી,...**' તું અદ્વૈત જ કહે છે અને બીજા કોઈ દ્રવ્ય જ નથી અને એકલું દ્રવ્ય જ છે અને પર્યાય પણ નથી (એમ કહે છે તો) દ્રવ્ય છે એનો નિર્ણય કરનાર કોણ? એ તો પર્યાય છે, જે અનિત્ય છે. અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. આહા..હા..! જો તું એકલું નિત્ય માને તો નિર્ણય કરનારી પર્યાયનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? અને પર્યાયમાં લોકાલોક જાણવાની તાકાત છે. લોકાલોક નથી તો ઈ પર્યાય પણ નથી એમ થયું. આહા..હા..! ભારે ભાઈ! આ તો વાણિયાને બેસે એવું છે. વાણિયાને હાથ જૈનધર્મ આવ્યો. સાધારણ બુદ્ધિ, વેપાર કરે ને આ કર્યા ને તે કર્યા. એને આ સમજવું.

ભાઈ! આત્મા નારકીમાં પણ સમજી શકે છે. નારકી-નરકમાં જીવ પડ્યો છે એ પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. આહા..હા..! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. આત્મા ક્યાં નથી પૂર્ણ! બધા પાસે આત્મા પૂર્ણ પરમાત્મા છે. આહા..! એ પરમાત્મા ઉપર દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પતા થાય છે ત્યારે વિકલ્પ મટી જાય છે ત્યારે નિર્વિકલ્પતાનો આનંદ આવે છે, પણ બીજી વસ્તુ મટી જાય છે એમ નથી. આહા..હા..! આ કરવાનું છે-સમ્યગ્દર્શન. નંદલાલજી! ઠીક આવ્યા છે, દિલ્હીથી. આ વાત આવી છે, ભગવાન!

વીતરાગ જિનેશ્વર પરમેશ્વરનો માર્ગ! એક સમયમાં ધ્રુવ નિત્યાનંદ પ્રભુ! આહા..હા..! એની દૃષ્ટિ કરવાથી અભેદ એકલા આત્માનો અનુભવ થાય છે, ભેદનો અનુભવ નથી થતો. ભેદ વસ્તુ છે, પણ ભેદનો અનુભવ નથી થતો. આહા..હા..! આવા અનુભવમાં કોઈ વિશેષ જ્ઞાન હોય તો અનુભવ થાય એવી કોઈ ચીજ નથી. વસ્તુની દૃષ્ટિ થવી જોઈએ. આહા..હા..! સમજાય છે કાંઈ? તિર્યંચ સમકિત પામે છે. અસંખ્ય તિર્યંચ પડ્યા છે અઢી દ્વીપ બહાર. આ અઢી દ્વીપ છેને મનુષ્યનું ક્ષેત્ર, એમાં મનુષ્ય અને તિર્યંચ છે, પણ અઢી દ્વીપ બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રમાં અસંખ્ય તિર્યંચ પંચમ ગુણસ્થાનવાળા છે, સમકિતી અસંખ્ય છે. હજાર હજાર જોજનના મચ્છ, ચાર હજાર ગાઉ લાંબો અસંખ્ય સમકિતી છે. એમાં શું? આત્મા છે ને. શરીર તિર્યંચનું જડ (છે). મનુષ્યનું હો કે તિર્યંચનું હો, એ તો જડ માટી ધૂળ છે. ભગવાન આત્મા તો અંદર પડ્યો છે, પરિપૂર્ણ પડ્યો છે એક સમયની પર્યાય પાછળ! આહા..હા..! દૃષ્ટિ અનાદિની એક સમયની પર્યાયમાં રમે છે. સમજાય છે કાંઈ? તો પર્યાયની પાછળ આખું

દળ પડ્યું છે. આહા..હા..! સમજાય છે?

જેમ સોનું હોય ને સોનું? સોનું-સુવર્ણ. એના કુંડળ, કડા, વિંટી જુઓ તો કુંડળ, કડા તો પર્યાય છે, તો પર્યાયની પાછળ આખું સોનું પડ્યું છે કે નહિ? સોનું સામાન્ય તો આખું પડ્યું જ છે અને એક સમયની પર્યાય જ્ઞાનની જાણવાની પર્યાય જે વર્તમાન દેખાય છે, એ પર્યાયની પાછળ પૂર્ણ જ્ઞાયકભાવ દળ પડ્યું છે ઈ પરમાત્મ તત્ત્વ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પરમાત્મા એકરૂપ છે. છે તો એનામાં અનંત ગુણ, પણ અનંત ગુણના ભેદ કરવાનું છોડી દે. છે અંદર ગુણ, પણ આ ગુણી ભગવાન અને આ ગુણ એમ કરવાથી વિકલ્પ ઊઠે છે, રાગ ઉત્પન્ન થાય છે. રાગ ઉત્પન્ન થાય છે તો એ દુઃખનું કારણ છે, ઈ તો દુઃખ છે. આહા..હા..! આ ગુણી છે અને આ ગુણ છે, એવા ભેદનું લક્ષ છોડી (દે). આહા..હા..! શ્રીપાલજી! આવું છે, ભગવાન! માર્ગ બહુ ઝીણો. આહા..હા..!

લોકો બહારથી આ ક્રિયા કરે ને આ કરે ને આ કરે. અરે.. ભગવાન! બાપા! મારગડા જુદા છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે લોકાલોક જોયા છે. સમજાય છે કાંઈ? 'પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા...' આખું જગત ભગવાન આપ જુઓ છો. 'નિજ સત્તાએ શુદ્ધ તમે અમને પેખો છો.' આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદદળ છે એવો ભગવાને આત્માને જોયો છે. બીજાના આત્મા આવા જોયા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

તું અદ્વૈત એકાંત કહે છે તો '**તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના...**' વસ્તુ જેવી અનંત ગુણરૂપ છે અને એની એક સમયની પર્યાયરૂપ અને એ પર્યાયમાં લોકાલોક જાણવાની શક્તિરૂપ, એવી વસ્તુસ્થિતિ છે. આવી '**વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે અનુભવ કરવામાં આવે...**' અનુભવ કરવામાં આવે '**તે પણ મિથ્યારૂપ છે;...**' સમજાય છે કાંઈ? એ અનુભવ મિથ્યા છે. આહા..! વેદાંત આદિ ઘણાં લોકો અનુભવ કહે છે કે અનુભવ કરીએ છીએ, અનુભવ કરીએ છીએ. શું અનુભવ? અમારે ત્યાં પાલેજમાં આસપાસની દુકાનમાં વેદાંતી ઘણાં છે ગુજરાતમાં, તો ઘણાં વેદાંતી આવતા હતા. સમજ્યા? અદ્વૈત છે, અનુભવ છે અદ્વૈતનો. ધૂળેય નથી.

વસ્તુ તો અનંત આત્મા છે, એનાથી અનંતગુણા પરમાણુ છે, અસંખ્ય કાળાણુ છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ છે. ભગવાને છ દ્રવ્ય જોયા છે. આત્મા અને પરમાણુ અનંત જોયા છે. જેટલા આત્મા છે, એનાથી અનંતગુણા પરમાણુ છે, આ પરમાણુ. અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ. સમજાય છે કાંઈ? કાળ અસંખ્ય છે. ધર્મ, અધર્મ અને આકાશ એક એક છે. બધી વસ્તુ છે અને બધી વસ્તુને જાણનારી પર્યાય પણ છે. એક સમયની પર્યાય માનવા જાય તો લોકાલોક એમાં છે એમ એમાં જણાઈ જાય છે અને એ પર્યાયથી ભિન્ન આખું આત્મદ્રવ્ય દળ પડ્યું છે. આહા..હા..! એ પર્યાયથી

આખા ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરવાથી વિકલ્પ છૂટી જાય છે, વિકલ્પ-રાગ રહેતો નથી અને નિર્વિકલ્પમાં અદ્વૈત જ અનુભવ થાય છે. ત્યારે પરમાનંદ થાય છે એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! ઝીણો.

એને આવું મનુષ્યપણું મળ્યું, જૈન-સંપ્રદાયમાં જન્મ થયો અને જૈન-પરમેશ્વર શું કહે છે એ સમજણમાં ન લે તો શું કર્યું? ધૂળધાણી અવતાર છે. કરોડો મળ્યા-ધૂળ મળી, મરીને ચાલ્યો જશે. આહા..! જ્ઞાનમાં તો પહેલાં એમ નિર્ણય કરે કિ હું તો અનંત ગુણનો પિંડ જે દ્રવ્યસ્વભાવ છે તે હું છું. આહા..! એ નિર્ણય કરે છે પર્યાય, પણ પર્યાય તો એમ જાણે છે કે હું તો ત્રિકાળ ધ્રુવ છું. આહા..હા..! ઈ આવ્યું છે, ૩૨૦ ગાથામાં. સમયસારની ૩૨૦ ગાથા છે ને? જયસેનાચાર્યની ટીકામાં આવ્યું છે. હું ત્રિકાળ નિરાવરણ શુદ્ધ ચૈતન્યઘન છું. એમ કોણ નિર્ણય કરે છે? પર્યાય. પર્યાય એમ નથી કહેતી કે હું પર્યાય છું. આહા..હા..! છે ને એમાં? શેમાં છે? શું કહે છે, જુઓ!

પર્યાય એમ નિર્ણય કરે છે-પર્યાય. ધ્રુવ જે ત્રિકાળી વસ્તુ છે એની પર્યાય. સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, આહા..હા..! પર્યાય એમ જાણે છે કે હું તો આ છું. આહા..હા..! કોણ છું? પર્યાય જાણે છે કે હું કોણ છું? સકળ નિરાવરણ ત્રિકાળ નિરાવરણ પ્રભુ આત્મા દ્રવ્ય અખંડ છે-ખંડ નહિ, એક છે-ભેદ નથી, પ્રત્યક્ષ છે-પરોક્ષ નથી, પ્રતિભાસમય છે-જાણવામાં આવે છે એવો છું, અવિનશ્વર છું, નિત્ય છું, ધ્રુવ છું, શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ-શુદ્ધ પારિણામિકભાવ પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ કહે છે કે આ હું છું. આહા..હા..! આ વ્યાખ્યાન થઈ ગયું છે. રાજકોટમાં થયા હતા. ૩૨૦ ગાથા. ઓહો..હો..! નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ જાણે છે કે હું તો ત્રિકાળી છું, નિત્યાનંદ તે જ હું છું. આહા..હા..!

જાણવું, નિર્ણય કરવો એવું કાર્ય તો પર્યાયમાં થાય છે, એ કાર્ય ધ્રુવમાં નથી થતું. ત્રિકાળ નિરાવરણ ચીજ છે એમાં કાર્ય નથી થતું, એ તો કાર્ય વિનાની ચીજ છે, પર્યાય વિનાની ચીજ છે. એ તો કારણ છે, ત્રિકાળી કારણપરમાત્મા. સવારે આવ્યું હતું. સમજાય છે કાંઈ? 'ત્રિકાળી કારણપરમાત્મા તે હું' એમ વર્તમાન જ્ઞાનની પર્યાય ત્રિકાળી સ્વભાવ તરફ ઝુકવાથી પર્યાય આમ માને છે કે હું તો ત્રિકાળ નિરાવરણ અખંડ આનંદકંદ છું. આહા..હા..! પ્રવિણભાઈ! આને પ્રવિણ કહે છે. આહા..હા..!

'નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું' એમ પર્યાય જાણે છે. આહા..હા..! હું તો સકળનિરાવરણ પૂર્ણ નિરાવરણ. દ્રવ્ય છે ઈ તો પૂર્ણ નિરાવરણ જ છે. અખંડ એક પ્રતિભાસમય છે. અખંડ એકરૂપે જણાય છે અને અવિનશ્વર નિત્ય ધ્રુવ છે. શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ-શુદ્ધ પારિણામિક સહજ પરમભાવ જેનું લક્ષણ છે એવું નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, પરંતુ એમ ભાવતો નથી કે ખંડ જ્ઞાનરૂપ હું છું. આહા..હા..! સમજાય છે કાંઈ? પર્યાય એવી

ભાવના નથી કરતી કે હું ખંડરૂપ છું. હું તો અખંડ છું. એવી પર્યાય પોતાની (એમ જાણે છે કે) પૂર્ણ નિરાવરણ અખંડ જ્ઞાન પ્રતિભાસે છે તે હું છું. આહા..હા..! પર્યાય કહે છે, હું પર્યાય છું એમ નહિ. માર્ગ તો બાપા એવા છે, ભાઈ! પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા એનો માર્ગ તો અલૌકિક હોય ને! સાધારણ હોત તો અનંત કાળમાં કેમ ન મળ્યો? નવમી ગ્રૈવેયક (ગયો ત્યારે) અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની પણ લબ્ધિ થઈ અને શુક્લલેશ્યા એટલી કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી શુક્લલેશ્યા, સ્વર્ગમાં ગયો, તેથી શું થયું? એનાથી જન્મ-મરણ ન મટ્યા. સમજાય છે કાંઈ? સ્વર્ગનો ભવ હો કે નરકનો ભવ હો, ચારેય ગતિ દુર્ગતિ છે. સુગતિ તો એક સિદ્ધ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે હું તો અખંડ જ્ઞાયકભાવ (છું). ઈ અધિકાર આવી ગયો છે. કહે છે કે આવું વસ્તુસ્વરૂપ જેવું છે એવા શ્રદ્ધાન વિના '**જે શુદ્ધ અનુભવ કરવામાં આવે...**' હું તો શુદ્ધ છું, શુદ્ધ છું, શુદ્ધ છું, પણ શું શુદ્ધ છું? શુદ્ધ એ જાણનારી પર્યાય છે. શુદ્ધ ત્રિકાળ છે અને તે પણ શરીર પ્રમાણે છે, સર્વવ્યાપક નથી. સાચી શ્રદ્ધા વિના '**જે શુદ્ધ અનુભવ કરવામાં આવે તે પણ મિથ્યારૂપ છે; શૂન્યનો પ્રસંગ હોવાથી...**' શૂન્યનો પ્રસંગ હોવાથી. શૂન્ય થઈ જાય, શૂન્ય. સમજાય છે કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! લોકો કંઈક ને કંઈક માને છે. આખી ચીજને ભૂલી જાય છે. આહા..હા..! '**તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે.**' જૂઠી શ્રદ્ધા રાખીને જે અનુભવ થયો એ તો આકાશના ફૂલ જેવો અનુભવ છે. આકાશના ફૂલ છે નહિ, એમ તારો અનુભવ સાચો નથી. આહા..હા..!

'**આગળ શુદ્ધનયનો ઉદય થાય છે...**' હવે ૧૪મી ગાથનો ઉપોદ્ઘાત કરે છે. ૧૪મી ગાથાનો ઉપોદ્ઘાત. આ ૧૩મી ગાથા સમાપ્ત કરી.

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसङ्कल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

'**શ્લોકાર્થ :- 'शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति' શુદ્ધનય...**' શુદ્ધનયનો અર્થ—જે જ્ઞાનની પર્યાય ત્રિકાળને વિષય કરે છે એવી જ્ઞાનની પર્યાયને શુદ્ધનય કહે છે. જ્ઞાનની પર્યાય શુદ્ધ ને એનો વિષય શુદ્ધ ને.. આ કઈ વાણી આ તે? વીતરાગની વાણી આવી છે. સમજાય છે કાંઈ? ત્રિકાળી વસ્તુને જ શુદ્ધનય કહે છે. શું કહ્યું? ૧૧મી ગાથામાં તો '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ૧૧મી ગાથાનું બીજું પદ છે કે '**ववहारोऽभूदत्थो**'. પર્યાયમાત્ર અભૂતાર્થ છે. આહા..હા..! ગૌણ કરીને, હોં! '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થને શુદ્ધનય કહ્યું. આહા..! વિષય કરનાર નય-વિષયીને એનો વિષય

દ્રવ્ય એવો ભેદ કાઢી નાખીને ત્રિકાળ સત્યાર્થને જ શુદ્ધનય કહેવામાં આવ્યું છે.

ફરીથી. ભગવાન આત્મા એક સમયની પર્યાય સિવાય આખી ચીજ જે સત્યાર્થ પ્રભુ અનાદિઅનંત શુદ્ધ દ્રવ્ય અખંડ છે તેને જ સત્ય છે-સત્ય છે એમ કહ્યું અને એ જ શુદ્ધનય છે એમ કહ્યું. **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** અમે ભૂતાર્થને શુદ્ધનય કહીએ છીએ, એમ કુંદકુંદાચાર્યે કહ્યું. આહા..હા..! નય-વિષયી અને વિષયનો ભેદ કાઢી નાખ્યો. અધ્યાત્મમાં વિષય અને વિષયીનો (ભેદ કાઢી નાખ્યો). નય તો વિષય કરનારી છે અને વિષય એટલો ભેદ પણ કાઢી નાખ્યો. આહા..! ત્રિકાળ સત્યાર્થ પ્રભુ, પર્યાયને એ હિસાબે અસત્યાર્થ કહી, કઈ અપેક્ષાથી? એના તરફનું લક્ષ છોડવાથી, પર્યાયનું લક્ષ છોડવાથી. પર્યાય હોવા છતાં ગૌણ કરીને વ્યવહાર કહ્યું અને વ્યવહાર કહ્યું તો પરવસ્તુ જેમ સ્વની અપેક્ષાથી અસત્ય છે, સ્વની અપેક્ષાથી પરવસ્તુ અદ્રવ્ય છે, એમ ત્રિકાળની અપેક્ષાથી પર્યાયને ગૌણ કરીને અસત્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત ક્યાં? બાપા! આહા..હા..!

આ તો પરમાત્મા કેવળી પરમેશ્વરની વાત છે. આહા..! ભાગ્ય હોય એને તો આ વાત સાંભળવા મળે છે. જેને એવું સૌભાગ્ય પ્રાપ્ત છે, એમ છે ને? નિયમસારમાં છે. દિવ્યધ્વનિ અમૃતના પ્યાલા સૌભાગ્ય હોય એને મળે. આહા..હા..! વર્તમાનમાં તો ઘણી ગડબડ થઈ ગઈ, ઘણી ગડબડ. આ સત્યને કહીએ તો એમ કહે, એ તો નિશ્ચયાભાસી છે, નિશ્ચયાભાસી છે. અરે..! સાંભળ તો ખરો ભગવાન એકવાર. એમ કહે છે, વ્યવહારને માનતા નથી, વ્યવહારને માનતા નથી. વ્યવહાર છે, પર્યાય છે, પરદ્રવ્ય છે, રાગાદિ છે, પણ પ્રયોજનની સિદ્ધિ માટે, પ્રયોજન સિદ્ધ કરાવવા માટે... પ્રયોજન શું છે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, આનંદની પ્રાપ્તિ એ પ્રયોજન છે. એ આનંદની પ્રાપ્તિનું પ્રયોજન પ્રાપ્ત કરાવવા માટે ત્રિકાળને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને અસત્ય કહી. આહા..હા..! એ વેદાંતમાં તો આવું છે નહિ—ગૌણ કરવું ને પર્યાય ને દ્રવ્ય ને એ તો છે જ નહિ. એ બધી ખોટી વાત છે. સમજાય છે કાંઈ? વેદાંત નિશ્ચયની વાત બહુ કરે. એ તો કહે કે અનુભવ અને અનુભવ કરનાર? બે? આહા..!

કહ્યું હતું ને એકવાર? (સંવત) ૨૦૦૦ની સાલમાં રાજકોટમાં હતા ને. ૨૦૦૦. ત્યાં આ કથન ચાલતું હતું. કોઈ વેદાંતી બાવો હતો. એણે સાંભળેલું કે જૈનના... એ તો સાધુ માને ને, સાધુ તો ક્યાં છીએ? પણ એમ કે ત્યાગી છે અને સાધુ છે. જૈનના સાધુ અધ્યાત્મની વાત કરે છે, આત્માની. ચાલો. આવ્યો. આવ્યો, ચર્ચા થઈ. ચર્ચા કરતાં-કરતાં (કહ્યું), ભાઈ! વસ્તુ છે એ તો ત્રિકાળી નિત્ય છે પણ પર્યાય છે એ અનિત્ય છે. હેં? પંડિતજી! અનિત્ય સાંભળ્યું ત્યાં ભાગ્યો. એમ કે જૈનના એક ત્યાગી સાધુ છે, અધ્યાત્મની (વાત કરે છે). જૈનમાં અધ્યાત્મની વાત ક્યાં છે? એમ. જૈન તો દયા પાળો ને વ્રત કરો ને તપ કરો

ને અપવાસ કરો, ઈ જૈન. લોકો એમ સમજ્યા છે. આહા..હા..!

જૈન તો પરમાનંદના નાથનો અનુભવ કરે ઈ જૈન છે. કોઈ ક્રિયાકાંડ-રાગ કરે છે ને રાગનો કર્તા થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..! માર્ગ આવો છે, ભગવાન! આહા..! સમજાણું? આત્મા અનિત્ય પર્યાયથી? ભાગો. ભાગી ગયો. બાપુ! માર્ગ તો આ છે. જૈનની પ્રસિદ્ધિ બહારમાં એવી થઈ ગઈ છે કે ઈ તો ક્રિયાકાંડ ઈ જૈન. વ્રત કરવા ને તપ કરવા ને અપવાસ કરવા ને... કાંતિભાઈ! આવી અધ્યાત્મની વાત જૈનમાં છે? જૈનમાં છે એવી બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? એને સાંભળવા ન મળે એટલે સત્ય વાત ચાલી જાય? શેઠ! આહા..હા..!

એકવાર ભગવાન! વાત સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! તારી ચીજ અંદર પરમાત્મસ્વરૂપે પડી છે, જેમાં પર્યાયનો સ્પર્શ નથી. આહા..હા..! પર્યાયને અડતું નથી એવું દ્રવ્ય પડ્યું છે. આહા..હા..! ઈ આવે છે ને? અવ્યક્તમાં આવે છે. વ્યક્ત-અવ્યક્તનું મિશ્રિત જ્ઞાન થવા છતાં વ્યક્તને-પર્યાયને દ્રવ્ય અડતું નથી. પાંચમો બોલ છે ને? અવ્યક્તના છ બોલ છે. ૪૯ ગાથા, સમયસાર. છ બોલ છે એમાં પાંચમો બોલ આ છે. સમજાય છે કાંઈ? પાંચમો બોલ છે. કાઢોને.

**'શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.'** પર્યાયમાં પ્રગટ થાય છે કે આત્મા આવો છે. આહા..હા..! હવે આ સાધારણ બૈરા બિચારા સમજે નહિ, પછી સામાયિક ને પોષા ને પડિકમણામાં પડી જાય. દેરાવાસી ભક્તિ ને જાત્રા ને પૂજા, સમેદશિખરની અને શેત્રુંજયની કરો ૯૯ વાર, જાઓ! એઈ! કાંતિભાઈ! દિગંબરમાં આ ખાવું ને આ ન ખાવું એમાં ચડી ગયા. વસ્તુ પડી રહી. સમજાય છે કાંઈ? આહા..હા..! અહીંયાં તો શુદ્ધનય આત્મસ્વભાવ, આત્મસ્વભાવ, જ્ઞાયકભાવ, પરમસ્વભાવભાવ, પારિણામિકભાવ, જ્ઞાનભાવરૂપ પારિણામિકભાવ, શુદ્ધનય પારિણામિકભાવને પ્રગટ કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.'** આહા..હા..!

**'તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?' 'परभावभिन्नम्'.** શુદ્ધનય પોતાના સ્વભાવનો પરભાવથી ભિન્ન અનુભવ કરે છે, પરદ્રવ્યથી ભિન્ન. **'પરદ્રવ્યના ભાવો...'** ઉદય અને ઉદયનો ભાવ એ પરદ્રવ્ય છે. **'તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો...'** ત્રણ બોલ લીધા. પરદ્રવ્ય—કર્મ, શરીર આદિ, પરદ્રવ્યના ભાવ-કર્મના ઉદયનો ભાવ, એનાથી પણ ભિન્ન અને નિમિત્તની અપેક્ષાથી પોતાનો નૈમિત્તિક વિકાર થયો... છે? **'પરદ્રવ્યના નિમિત્તથી થતા...'** નિમિત્તથી થતાનો અર્થ નિમિત્તથી નથી થયા, છે તો પોતામાં. પોતાની પર્યાય પોતામાં થાય છે. સમજાય છે કાંઈ? એ ચર્ચા (સંવત) ૨૦૧૩ની સાલમાં થઈ હતી. બધા હતા. રામજીભાઈ, પંડિતજી. ૨૦૧૩ની સાલ ઈસરી. પંચાસ્તિકાયની ૬૨ ગાથા. વિકાર થવામાં પર કારકની અપેક્ષા નથી. પંડિતજીએ પકડ્યા. બીજું કોઈ ન બોલ્યું, ઈ બોલ્યા કે

સ્વામીજી કહે છે કે નિશ્ચયથી વિકાર પરની અપેક્ષા વિના થાય છે. એવા શબ્દ બોલ્યા હતા. સમજાય છે કાંઈ? શું કહ્યું?

અહીંયાં જે કહ્યું કે 'પરદ્રવ્યના નિમિત્તથી થતા' એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું; પણ વિકાર થાય છે પોતામાં પોતાની અપેક્ષાથી નિશ્ચયથી થાય છે, પર કારકની અપેક્ષા એમાં નથી. એવી ૬૨મી ગાથા છે, પંચાસ્તિકાય. ઈ ચર્ચા વર્ણીજી સાથે ઘણી થઈ હતી. કેટલા વર્ષ થયા? ૧૯. ૨૦૧૩ની સાલ. ૧૯ વર્ષ થયા. શું કહ્યું? પરદ્રવ્ય—શરીર, વાણી, મન, કર્મ તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્યના ભાવ—આ શરીરના ભાવ અને કર્મના ઉદયનો ભાવ, એમાં જે ઉદયમાં ભાવ થાય છે ને જડમાં એનાથી તો ભગવાન ભિન્ન છે આત્મા, પણ પરદ્રવ્યના નિમિત્તના સંબંધે પોતામાં જે વિકાર પર્યાય થાય છે એ થાય છે પોતાથી, પરથી નહિ, પણ એ વિકાર-પર્યાય પણ આત્માથી ભિન્ન છે અથવા વિકારી પર્યાયથી પણ ભગવાન ભિન્ન છે. આહા..હા..! ભાઈ! પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવ અને પરદ્રવ્યના નિમિત્તે થતો પોતાનો વિભાવ. પોતાનો વિભાવ એમ શબ્દ લીધો છે. જુઓ! આહા..હા..!

**'એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.'** શુદ્ધનય તો આત્માને પરવસ્તુથી અને પરદ્રવ્યના ભાવથી, પરદ્રવ્યના ભાવ ઈ આ રાગ નહિ અને પરદ્રવ્યના નિમિત્તે થતા પોતામાં વિભાવ એ પરભાવ, એનાથી પણ આત્મા ભિન્ન છે. આહા..! સમજાય છે કાંઈ? એવા આત્મસ્વભાવને **'ભિન્ન પ્રગટ કરે છે.'** અને કેવો પ્રગટ કરે છે? ઈ વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## પોષ સુદ-૧૦, રવિવાર, તા. ૧૧-૧-૧૯૭૬,
## શ્લોક-૧૦, ગાથા-૧૪,
## પ્રવચન નં. ૪૨

૧૦મો શ્લોક. હવે એકડા ઉપર મીંડાનો શ્લોક આવ્યો. આહા..હા..! સત્ય આ છે. કરવા જેવું આ છે, બાકી બધી વાત છે. આહા..હા..!

**'शुद्धनयः आत्मस्वभावम प्रकाशयन् अभ्युदेति'**. આહા..હા..! શુદ્ધનય નામ ત્રિકાળી જ્ઞાયકભાવ પૂર્ણ આનંદસ્વભાવ. આહા..! **'આત્માના સ્વભાવને પ્રગટ કરતો...'** આહા..! વસ્તુ અનંત આનંદનું ધામ ભગવાન, તેના ઉપર દૃષ્ટિ પડવાથી એ પ્રગટ થાય છે. શુદ્ધનય પ્રગટ (થાય છે). વસ્તુ જે છે, શક્તિરૂપ છે (તે પ્રગટ થાય છે). હિન્દી ચાલે છે. ભૂલી ગયા, હોં! આ હિન્દી છે ને? **'શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ**

**થાય છે.**' આહા..હા..! એકલો ભગવાન જ્ઞાનાનંદસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન, જે પર્યાય વિનાનો છે. આહા..હા..! પર્યાય તો એને વિષય કરે છે અને એમાં પર્યાય નથી. જે વિષય દ્રવ્ય છે એમાં પર્યાય નથી. આહા..હા..! એ પર્યાય-શુદ્ધનય અંતર દૃષ્ટિ થતાં પ્રગટ થાય છે.

'**તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે? પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો...**' આમાં એમ તો ન આવ્યું, પર્યાયથી ભિન્ન દ્રવ્ય છે, એમ તો ન આવ્યું. અહીંયાં તો પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવ અને પરદ્રવ્યના નિમિત્તે થયેલો વિકાર, એનાથી ભિન્ન થઈને પર્યાય નિર્મળ છે તેની સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આ તો અનંત કાળે એને મળ્યું નથી, ભાઈ! અને ટાણા આવે ત્યારે આવું ને આવું કાંઈક કરીને બેસે છે અને ચૂકીને ચાલ્યો જાય છે સંસારમાં રખડવા. આહા..હા..! અરેરે..!

જે એક સમયમાં ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ સહજાનંદ સહજાત્મસ્વરૂપ એમાં શુદ્ધનય નામ તેની દૃષ્ટિ થવાથી આત્મા પ્રગટ થાય છે. પવિત્ર આનંદકંદ હું છું એમ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ વાત છે, ભગવાન! શું થાય? પરદ્રવ્યના ભાવ. અહીં આ પરદ્રવ્યના ભાવમાં એમ કે પરભાવ શબ્દ ભલે નથી, '**પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો...**' એવો પરભાવ. કોઈ પ્રશ્ન કરે કે પરભાવમાં (નિર્મળ) પર્યાય પરભાવમાં આવે કે નહિ એની? ઈ અહીં વાત નથી. શું કહ્યું સમજાણું?

**શ્રોતા** :- પરભાવમાં પર્યાય આવે કે નહીં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ અહીંયાં નહિ. ઈ પ્રશ્ન હતો, ભાઈ! આહા..હા..! પર્યાય તો એને વિષય કરે છે. પર્યાય જે નિર્મળ છે એ ઈ તરફ ઢળે છે. કર્મ, કર્મના ભાવ અને વિભાવ, એનાથી ભિન્ન પડીને પર્યાય દ્રવ્ય ઉપર ઢળે છે. સમજાય છે કાંઈ? છે તો ઈ પર્યાય દ્રવ્યથી ભિન્ન, પણ ઈ પર્યાય અંતરમાં ઢળે છે. આહા..હા..!

'**ભિન્ન પ્રગટ કરે છે.**' આહા..હા..! બહારમાં વાતું આવી ગઈ છે ને. ઈ લોકો વાતું બહુ કરે છે. છોકરાઓ આપણે નથી આ? મણિભાઈ ને ... નથી? ઘાટકોપર બધા છોકરા એના કરતાં ઝીણી વાતું કરે છે. કારણ કે આટલું બહાર આવી ગયું. આત્મધર્મમાં આવ્યું છે, વાંચી વાંચીને; પણ લખણ જોઈએ કે નહિ એના અંદર. આહા..! '**વળી તે,...**' '**आपूर्णम्**'. '**आपूर्णम्**' જુઓ, '**આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે...**' '**आपूर्णम्**'. ભગવાન સમસ્ત પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ છે. જ્ઞાન પૂર્ણ, દર્શન પૂર્ણ, આનંદ પૂર્ણ, શાંતિ પૂર્ણ, સ્વચ્છતા પૂર્ણ, પ્રભુતા પૂર્ણ, કર્તા પૂર્ણ, કર્મ પૂર્ણ, કરણ પૂર્ણ. આહા..હા..! એ બધી શક્તિઓ '**आपूर्णम्**'. આ-સમસ્ત પ્રકારે પૂર્ણ. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે.. ભાઈ! એ ચીજને પહોંચવું એ તો અલૌકિક પુરુષાર્થ છે, ભાઈ! એ કંઈ વાતે, કંઈ શાસ્ત્ર ભણ્યે કંઈ પ્રાપ્ત થાય એવું નથી. આહા..હા..!

'**આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે...**' જોયું? '**आपूर्णम्**' છે ને? '**आपूर्णम्**'. ભગવાન આત્મા સમસ્તપણે જ્ઞાન, દર્શન, આનંદ આદિ કેટલી શક્તિઓ? કે આકાશના પ્રદેશ છે તેનાથી અનંતગુણી શક્તિ આત્મામાં છે, સંખ્યાએ. શું કહ્યું સમજાણું? આકાશ પ્રદેશ છે ને ખાલી? જીવ છે જીવ, જીવની સંખ્યામાં. એનાથી અનંતગુણા તો પરમાણુ છે. આહા..હા..! એનાથી અનંતગુણા ત્રિકાળના પર્યાય છે, એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે, એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. આહા..હા..! એ બધા '**आपूर्णम्**' છે એમ કહેવું છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

આત્મસ્વભાવ સંપૂર્ણપણે પૂર્ણ છે. સ્વભાવ લીધો ને, સ્વભાવ! આત્મા સ્વભાવવાન અને જ્ઞાન, દર્શન, આનંદ એ સ્વભાવ. એ અનંત સ્વભાવથી પરિપૂર્ણ ભગવાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પર્યાયથી ભિન્ન, પર્યાય વિષય કરનાર, પણ પર્યાયથી ભિન્ન એ ચીજ '**आपूर्णम्**' સંપૂર્ણ.. સંપૂર્ણ ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**સમસ્ત લોકાલોકને જાણનાર છે.**' આહા..હા..! સમસ્ત લોકાલોકાને જાણનારી શક્તિવંત ઈ છે. આહા..! '**એમ પ્રગટ કરે છે.**' શુદ્ધનય પૂર્ણસ્વભાવને પ્રગટ કરે છે. આહા..હા..! '(**કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે,...**)' શું કહે છે ઈ? મતિ ને શ્રુત ને અવધિ ને મનઃપર્યય ને કેવળ એ બધી પર્યાય કર્મના નિમિત્તથી અપેક્ષાથી ભેદ છે, વસ્તુમાં ભેદ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '(**કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે**).' કર્મની અપેક્ષા ત્યાં ગૌણ છે, પેટામાં છે. વસ્તુ છે ઈ ત્રિકાળી પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..હા..!

'**आदि-अंत-विमुक्तम्**' છે. આત્મસ્વભાવ.. જેમ આત્મા આદિ-અંતરહિત છે, એમ સ્વભાવ પણ આદિ-અંતરહિત છે. આહા..! છે એની આદિ શું? છે એનો અંત શું? છે એમાં અપૂર્ણતા શું? છે એમાં વિકાર શું? આહા..હા..! સમજાય છે કાંઈ? આ ચીજ છે. નજર તો નાખે ત્યાં, કેવી ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે).**' જુઓ, આત્મસ્વભાવને આદિ-અંતરહિત (પ્રગટ કરે છે). સ્વભાવ શું? પારિણામિકભાવ. પારિણામિકનો અર્થ શું? સહજભાવ. જેમાં કર્મના ઉદયની નિમિત્તની અપેક્ષા આવે અને નિમિત્તના અભાવે થાય છે ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક, એ નથી. નિમિત્તની અપેક્ષા અને નિમિત્તના અભાવની અપેક્ષા એ નથી. એકલો પરમપારિણામિક સ્વભાવભાવરસ. જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ. આહા..! એકરૂપ અનાદિઅનંત રસ છે ઈ. આહા..હા..!

'(**એવા પારિણામિકભાવને તે પ્રગટ કરે છે**).' પારિણામિક તો પરમાણુમાં પણ

પારિણામિકભાવ તો છે, પણ અહીંયાં જ્ઞાયકભાવરૂપ પારિણામિક ભાવને પ્રગટ કરે છે. સમજાય છે કાંઈ? તેથી પહેલાં લીધું ને? સમસ્ત લોકાલોકને જાણે છે. પરમાણુ પણ પરમ પારિણામિકભાવ છે. એક દ્રવ્ય છે ને પરમાણુ? પર્યાય સિવાયનું દ્રવ્ય છે ઈ પણ પરમ પારિણામિકભાવ છે. આ ભગવાન આત્મા પર્યાય સિવાયનો ભિન્ન એ પરમ પારિણામિકસ્વભાવ ખરો પણ જ્ઞાયકભાવ પારિણામિકસ્વભાવ (છે). સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! આ મનુષ્યપણું મળે એમાં સત્યની પરીક્ષા નહિ અને એણે ક્યાં જાવું? આહા..હા..! ઓહો..! સમજાય છે કાંઈ? '**(એવા પારિણામિક ભાવને પ્રગટ કરે છે).**'

'**વળી તે,...**' '**एकम्**' '**આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત...**' આહા..! આત્મા અને પર્યાય એવા દ્વૈતભાવથી રહિત ત્રિકાળ છે. આહા..હા...! કેવી વ્યાખ્યા કરે છે! કેટલાકને એવું લાગે છે કે આ બધું વેદાંત જેવું થઈ જતું નથી ને? અરે..! વેદાંતમાં દ્રવ્ય ને ગુણ ને પર્યાય ક્યાં છે? સમજાય છે કાંઈ? આહા..હા..! '**એકાકાર-પ્રગટ કરે છે,...**' એકરૂપ ચૈતન્ય પ્રકાશનો પુંજ પરમસ્વભાવભાવ શુદ્ધનય પ્રગટ કરે છે. આહા..! આવો માર્ગ ... એવો ઝીણો, ભાઈ! આહા..હા..! '**અને...**' '**विलीनसंकल्पविकल्प-जालं**'. '**જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે...**' આહા..હા..! જેને સમસ્ત સંકલ્પ અને વિકલ્પના સમૂહ વિલીન થઈ ગયા છે '**એવો પ્રગટ કરે છે.**' હવે વ્યાખ્યા કરે છે.

સંકલ્પની વ્યાખ્યા. '**(દ્રવ્યકર્મ,...)**' જડ, '**ભાવકર્મ,...**' વિકલ્પ-વિકાર, '**નોકર્મ...**' શરીર, વાણી આદિ '**પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...)**' મિથ્યાત્વ. આહા..હા..! રાગનો વિકલ્પ છે શુભનો તેમાં પોતાપણું માનવું એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આવી વાત ઝીણી, ભાઈ! અરે..! ભગવાન મહાપ્રભુ છે ને! આહા..હા..! તારી પ્રભુતા સર્વજ્ઞે પૂર્ણ પ્રત્યક્ષ જાણી. વાણીમાં પૂર્ણ કેવી રીતે કહે? જડ વાણી એમાં ચૈતન્યની વાત કરવી... આહા..હા..! અનુભવગમ્ય વાત છે એ તો. સમજાય છે કાંઈ? દ્રવ્યકર્મ નામ જડકર્મ; ભાવકર્મ નામ દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ; નોકર્મ (નામ) વાણી, શરીર આદિ એ પુદ્‌ગલદ્રવ્ય છે. જુઓ, વિકલ્પ—દયા, દાનના ભાવ એ પણ પુદ્‌ગલદ્રવ્યમાં પોતાની કલ્પના કરવી. ઈ શુભાશુભભાવ છે એને પણ પુદ્‌ગલ પરિણામ કહ્યા છે. સમજાય છે કાંઈ?

ઈ પ્રશ્ન કર્યો હતો. મનોહરલાલ વર્ણી છેને? મનોહરલાલજી. પંડિતજી! મનોહરલાલજી વર્ણી. મનોહરલાલજી વર્ણી છેને ઈ જયપુર આવ્યા હતા. એણે આ બે પ્રશ્ન મૂક્યા હતા કે આ પરિણામને પુદ્‌ગલ કેમ કહ્યા? પુણ્ય-પાપના ભાવને પુદ્‌ગલપરિણામ કેમ કહ્યા? કીધું, ઈ ચૈતન્યની જાત નહિ. જે દયા, દાનના વિકલ્પ છે એમાં ચૈતન્યના જ્ઞાનનો અંશ નથી આવતો, ઈ અચેતન છે. ઈ પ્રશ્ન કર્યો હતો. બે પ્રશ્ન કર્યા હતા. પુદ્‌ગલપરિણામ કેમ કહ્યા? જીવના (છે ને). છે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વિકલ્પ એને અચેતન કહ્યા,

પુદ્ગલપરિણામ કહ્યા. કેમકે ચૈતન્ય જ્ઞાયકના નૂરના પૂરનું તેજ છે એનો અંશ રાગમાં આવતો નથી અને રાગ એ ચૈતન્યના અભાવરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

બીજો પ્રશ્ન કર્યો હતો. પંડિતજી! બીજો પ્રશ્ન કર્યો હતો કે આ ઉદ્દેશિક આહારનો ખુલાસા આપ કરી દો તો ઘણું સ્પષ્ટીકરણ થઈ જાય. એમ કે આ ગૃહસ્થો સાધુ માટે કરે છે એમાં ઉદ્દેશિક નથી એવો ખુલાસો (કરી દો). કેમકે એ તો ગૃહસ્થ કરે છે. કીધું, ગૃહસ્થ કરે છે અને લ્યે છે એ ઉદ્દેશિક જ છે. ભગવાનના વિરહ પડ્યા, પ્રભુ! મેં તો એમ કીધું હતું. ત્રણલોકના નાથના વિરહની પાછળ ઉદ્દેશિકની આવી વ્યાખ્યા કરવી કે ગૃહસ્થ કરે એમાં શું છે? એ માર્ગ નહિ ચાલે, ભગવાન! આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા. ભગવાને જે કહ્યું એની વાતને મરડી-કચરડીને કરવી.. આહા..હા..! સમજાય છે કાંઈ? માંગીલાલજી! સાંભળતા હતા, એ વખતે સાંભળતા હતા. મેં તો કીધું, જુઓ, હું તો શાંતિથી મધ્યસ્થથી કહું ને. દ્રવ્યલિંગી કે ક્ષુલ્લક કોઈને હું તો નથી માનતો. દ્રવ્યલિંગી સાધુ તો નહિ પણ દ્રવ્યલિંગી ક્ષુલ્લકને માનતા નથી. એ ક્ષુલ્લક... એ વખતે તો ... અહીં તો સત્યની વાત છે, ભાઈ! કોઈ પક્ષની વાત નથી. આહા..હા..!

એ અહીંયાં કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ આદિ જે છે એ પુદ્ગલદ્રવ્ય છે. આહા..હા..! એ ૭૬માં લીધું ને? ભાઈ! પુદ્ગલપરિણામ કહીને પછી પુદ્ગલ કહી દીધું. ૭૬ ગાથા, કર્તાકર્મમાં. પહેલાં પુદ્ગલના પરિણામ કહ્યા, પછી પુદ્ગલ કીધા. એમ લીધું છે ટીકામાં, અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! અહીંયાં તો સર્વજ્ઞની પર્યાય જે છે એ પણ અંતઃતત્ત્વથી બહિર્તત્ત્વ અથવા પરદ્રવ્ય કહ્યું છે, તો આ રાગની તો વાત શું કરવી! આહા..હા..! એ પુદ્ગલ છે, ભગવાનની જાત નહિ ઈ. ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ ભગવાન એની ઈ જાત નહિ.

એ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ આદિ. આદિમાં બધું (લઈ લેવું). **'પુદ્ગલદ્રવ્યમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે).'** અનંતાનુબંધીનો. સમજાય છે કાંઈ? આ જાણવાથી જાણવાને કારણે મારામાં ભેદ પડી ગયા. અહીં તો જ્ઞાનની પર્યાય પોતાથી છે. અનંતને જાણે છે તો પર્યાય એકરૂપ રહીને અનંતને જાણે છે. એકમાં અનંત ખંડ થઈ જાય છે, એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? **'જ્ઞેયના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.'** આહા..હા..! એવા સંકલ્પ-વિકલ્પથી ભગવાન આત્મા ભિન્ન છે. સમજાય છે કાંઈ? છે ને? **'विलीनसंकल्पविकल्प-जालं'**. એ સંકલ્પ અને વિકલ્પની જાળ વિલીન થઈ જાય છે. આહા..હા..! સમ્યગ્દર્શનના અનુભવમાં, આહા..હા..! પૂર્ણસ્વભાવનો અનુભવ થતાં સંકલ્પ-વિકલ્પ નાશ થઈ જાય છે. માર્ગ એવો છે, ભાઈ! આહા..! **'આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.'** આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. આહા..! હવે ૧૪મી (ગાથા). ડૉક્ટર. ડૉક્ટર કહે ૧૪મી કરો. ગાથા .. લ્યો.

કોઈ એમ કહેતું હતું કે આ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ આવ્યું તો એમાં કેમ ન આવ્યું? આ કળશમાં. આ કળશ છે ને એનો, એમાં આવ્યું કે નહિ? એમાં આવ્યું. કહ્યું ને? '**आत्मस्वभावं परभावभिन्न**'. એમાં આવી ગયું, ડૉક્ટર. ૧૪મી ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ આવ્યું ને? તો કહે છે, અબદ્ધસ્પૃષ્ટ આવ્યું એનો તો ઉપોદ્‌ઘાત છે આ (કળશ), તો એમાં અબદ્ધસ્પૃષ્ટ કેમ ન આવ્યું? એમ પ્રશ્ન હતો. '**परभावभिन्न**' એમાં અબદ્ધસ્પૃષ્ટ આવી ગયું. સમજાય છે કાંઈ? ભાઈનો પ્રશ્ન હતો આ નવલભાઈનો, રાત્રે. છે ને? પ્રશ્ન તો ખ્યાલમાં હોય ને. પ્રશ્ન તો અનેક પ્રકારે સમજાય. આ શ્લોક છે એ ૧૪ ગાથાનો ઉપોદ્‌ઘાત છે, તો ૧૪માં અબદ્ધસ્પૃષ્ટ કહ્યું એ આમાં ક્યાંય આવ્યું કે નહિ? આહા..હા..! અરે..! સંતોની શું વાત કરવી! દિગંબર સંતો તો કેવળીના કેડાયતો છે. આહા..હા..! સહજસ્વરૂપ જેને અનુભવમાં આવ્યું અને પાછું ચારિત્રસહિત. આહા..હા..! જેને પ્રચુર સ્વસંવેદન (પ્રગટ થયું છે). આવ્યું ને? પાંચમી ગાથામાં આવ્યું છે. આહા..હા..! એના તો એક-એક અક્ષરમાં... શ્રીમદ્ કહે છે ને? જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ પડ્યા છે, અનંત આગમ! એમ લખ્યું છે. (લોકોમાં) ઘણી ગડબડ છે.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**
**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

પહેલાં ગાથાર્થ લઈએ.

'**ગાથાર્થ :- જે નય...**' જે જ્ઞાનનો નિશ્ચયનય-શુદ્ધનય '**આત્માને બંધરહિત અને પરના સ્પર્શરહિત,...**' આહા..હા..! નિર્મળ પર્યાય અબદ્ધસ્પૃષ્ટ દેખે છે. અબદ્ધસ્પૃષ્ટને અબદ્ધસ્પૃષ્ટસ્વભાવ નથી દેખતો. અબદ્ધસ્પૃષ્ટ એ તો ત્રિકાળ વસ્તુ છે, એને નિર્મળ પર્યાય એ બાજુ ઢળે છે તો અબદ્ધસ્પૃષ્ટ દેખે છે. સમજાય છે કાંઈ? જેને અહીંયાં શુદ્ધોપયોગ કહ્યો છે અને શુદ્ધોપયોગ એ જૈનશાસનનું રહસ્ય છે. આહા..હા..! જૈનશાસન કહો કે જૈનશાસનનું રહસ્ય કહો. ઓહો..હો..! ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર પરમાત્મા અરિહંતનું જૈનશાસન છે એ શુદ્ધોપયોગ છે. એ શુદ્ધોપયોગ અબદ્ધસ્પૃષ્ટ દેખે છે. અબદ્ધસ્પૃષ્ટને અબદ્ધસ્પૃષ્ટ નથી દેખતો. એ તો દ્રવ્યસ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહા..!

'**બંધરહિત અને પરના સ્પર્શરહિત, અન્યપણારહિત,...**' અનેરા-અનેરા. નારકી આદિ નહિ. ખુલાસો આવશે. '**ચળાચળતારહિત, વિશેષરહિત...**' સામાન્ય. ગુણ-ગુણીના જ્ઞાન ને દર્શન એવા ભેદ પણ એમાં નહિ. '**અન્યના સંયોગરહિત...**' કર્મના નિમિત્તથી જે વિકાર-દુઃખ થાય છે એનાથી રહિત. '**એવા પાંચ ભાવરૂપ...**' એવા પાંચ ભાવરૂપ. પાંચ ભાવ છે ખરા. આ ભાવ કહ્યું ને? પણ ભાવથી દેખે છે. આવા પાંચ ભાવરૂપથી દેખે છે. '**સંયોગરહિત—એવા પાંચ ભાવરૂપ દેખે છે...**' જે દેખનારી પર્યાય છે એ તો શુદ્ધ

છે, એ પરથી ભિન્ન એવા આત્માને દેખે છે, અબદ્ધસ્પૃષ્ટ દેખે છે. આહા..હા..!

'**હે શિષ્ય!**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. '**તું શુદ્ધનય જાણ.**' આહા..હા..! એને શુદ્ધનય જાણ. જુઓ, ગુરુ કુંદકુંદાચાર્ય શિષ્યને આમ આદેશ કરે છે. આહા..! હે શિષ્ય! શુદ્ધનય જાણ. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માને (જાણ). એ તો એક ભાવથી (ભિન્ન) દેખે તો બધા પાંચ ભાવથી ભિન્ન એકસાથે દેખે છે. એક ભાવથી ભિન્ન અને બીજા ભાવથી (ભિન્ન) પછી દેખે છે એમ નહિ. સમજાવવામાં ક્રમ પડ્યો છે. સમજમાં તો એકસાથે પાંચ ભાવથી રહિત (આવે છે). આહા..હા..! '**તું શુદ્ધનય જાણ.**' એને તું શુદ્ધનય જાણ—એમ ગુરુ કુંદકુંદાચાર્ય શિષ્યને કહે છે.

'**ટીકા :- નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ,...**' સ્પર્શ નહિ. વિસ્તા આદિ કર્મનો સ્પર્શ નથી. કર્મનું બંધન તો નથી, પણ વિસ્તા છે ને કર્મરૂપ પરિણામ, પુદ્‌ગલ કર્મની સાથે, એની સાથે અસ્પર્શ છે. '**અનન્ય,...**' અનેરી-અનેરી અવસ્થા નહિ. '**નિયત,...**' અનિયત પર્યાયની અવસ્થા નહિ. '**અવિશેષ...**' વિશેષપણું નહિ, સામાન્ય. જ્ઞાન, દર્શનગુણ એવા વિશેષ નહિ. સામાન્ય એકરૂપ ત્રિકાળ. '**અને અસંયુક્ત...**' વિકારની પર્યાયથી રહિત. '**એવા આત્માની જે અનુભૂતિ...**' એવા આત્માનો અનુભવ. આહા..હા..! '**તે શુદ્ધનય છે,...**' જોયું! આત્માની અનુભૂતિ એ શુદ્ધનય છે. આહા..! એ પર્યાયમાં જે ત્રિકાળ દ્રવ્ય જણાણું એ શુદ્ધનય છે. આહા..હા..!

આત્માની અનુભૂતિ... વિષય તો છે ઈ છે અબદ્ધ દ્રવ્ય, પણ એની અનુભૂતિ છે તે શુદ્ધનય છે. એનું પરિણામ આવ્યું ને અનુભવમાં. આહા..હા..! '**અને તે અનુભૂતિ આત્મા જ છે.**' આત્માના આનંદનું વેદન થયું તે આત્મા જ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! '**અનુભૂતિ આત્મા જ છે.**' અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એમ જે નિર્મળ પર્યાય એને દેખે છે તેને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવ્યું છે. ઈ કહેશે. અનુભૂતિ કહો, આત્મા કહો. સમજાય છે કાંઈ? શુદ્ધનય કહો, આત્માની અનુભૂતિ કહો કે આત્મા કહો. છે ને? કૌંસમાં છે. '**તે અનુભૂતિ આત્મા જ છે.**' આહા..હા..!

જે જ્ઞાન અને આનંદની પર્યાય, જ્ઞાનની પર્યાય ત્રિકાળને અબદ્ધસ્પૃષ્ટ દેખે છે, અનુભવે છે તેને શુદ્ધનય જાણો. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' લ્યો. આત્મા એક જ પ્રકાશમાન થાય છે. રાગાદિ અનાત્મા એ પ્રકાશમાન થતા નથી. '**(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો—એક જ છે, જુદાં નથી).**' આ અપેક્ષાથી, હોં! આનંદની અનુભૂતિ તે આત્મા છે, પણ એ અનુભૂતિ વિષય તો ત્રિકાળને કરે છે. સમજાય છે કાંઈ? તો અભેદથી અનુભૂતિનો વિષય અને અનુભૂતિ બેયને શુદ્ધનય કહી દીધું. આહા..હા..! ભારે વાતું! આવી જૈનદર્શનની વાતું હશે? ભાઈ! જૈનદર્શન એ... કોઈ એમ માને કે આ તો વેદાંત થઈ જાય છે. વેદાંતમાં કે દી' એક આત્મા

ને દ્રવ્ય, ગુણ, પર્યાય ને અનંત આત્મા છે? પર્યાય નથી એમ માને છે. વેદાંત ક્યાંથી થઈ ગયું? આ તો અનુભૂતિ કરે છે પર્યાય. સમજાય છે કાંઈ?

કર્મબદ્ધ-સ્પર્શથી રહિત. આહા..હા..! સામાન્ય. અનેરી-અનેરી પર્યાય (નહિ). દરેકના દૃષ્ટાંત આવશે. એવા આત્માને જે અનુભવે છે તે શુદ્ધનય છે અને તે અનુભૂતિ આત્મા જ છે. નિર્મળ વીતરાગી શુદ્ધોપયોગ પરિણતિ થઈ તે આત્મા છે. સમજાય છે કાંઈ? આહા..! એક બાજુ એમ કહે, ૩૮ ગાથામાં, ખરેખર તો આત્મા ત્રિકાળી જ્ઞાયકભાવને આત્મા કહીએ, એવો પાઠ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ પર્યાય વિનાનો એને આત્મા કહીએ. સમજાય છે કાંઈ? ઘણે ઠેકાણે આવે છે. આત્મા ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ. પણ અહીંયા એની અનુભૂતિ જ્યારે જ્ઞાનમાં આવ્યું ત્યારે આ ખ્યાલમાં આવ્યું ને? અનુભૂતિમાં આત્મા ત્રિકાળી જ્ઞાયક છે એમ ખ્યાલમાં આવ્યું, તો એ અનુભૂતિને પણ શુદ્ધનય કહી દીધું છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

છઠ્ઠી ગાથામાં કહ્યું ને? કે જ્ઞાયકભાવ છે એ શુભાશુભભાવરૂપ થતો નથી. કેમકે શુભાશુભભાવ છે એ અચેતન છે. જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનરસ છે તે અચેતનપણે થતો નથી. તો એમાં પ્રમત્ત-અપ્રમત્ત નથી. શુભાશુભભાવરૂપ, ચૈતન્યરસ જ્ઞાયકભાવ એ શુભાશુભપણે થતો નથી, તેથી પ્રમત્ત-અપ્રમત્ત નથી, એમ ટીકામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! તો જ્ઞાયકભાવ કોણ છે? કે જેમાં પ્રમત્ત-અપ્રમત્ત કોઈ પર્યાય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? પહેલા ગુણસ્થાનથી છઠ્ઠા સુધી પ્રમત્ત, સાતમાથી ચૌદ સુધી અપ્રમત્ત. કોઈ પ્રમાદ એમાં જ્ઞાયકમાં નથી, એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. સમજાય છે કાંઈ? પણ અહીંયાં વિષયનો અનુભવ કર્યો કે આ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે, એ પર્યાયને પણ શુદ્ધનય કહી દીધું છે. સમજાય છે કાંઈ? આહા..!

અરે..! આસ્રવ (અધિકારમાં) તો ત્યાં સુધી કહ્યું છે કે શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાનમાં થાય છે. લ્યો, આમ કહ્યું છે. એનો અર્થ, શુદ્ધનય પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે. કેમકે ત્યારે આશ્રય કરવો રહ્યો નહિ, તો શુદ્ધનયનું પૂર્ણસ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. છે તે કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય, આહા..હા..! પણ શુદ્ધનયનો આશ્રય જે કરવો હતો તે રહ્યો નહિ, તો શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ ત્યાં એમ કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં ઈ અપેક્ષા લીધી છે. અનુભૂતિ તે શુદ્ધનય છે. જેમ કેવળજ્ઞાન થતાં શુદ્ધનય પૂર્ણ થઈ એમ ત્યાં કહ્યું, અહીં શુદ્ધનયનો વિષય જાણ્યો તો પર્યાયને પણ શુદ્ધનય કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ '**(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો—એક જ છે, જુદાં નથી)**.' અનુભૂતિના પરિણામ આત્માથી જુદાં નથી. એક બાજુ કહે કે કેવળજ્ઞાનની પર્યાય પણ આત્માથી ભિન્ન છે. એ કેવળજ્ઞાન બહિર્તત્ત્વ છે. અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ છે. કઈ અપેક્ષા છે? અહીંયાં તો જે વિષય દૃષ્ટિમાં આવ્યો.... છઠ્ઠી ગાથામાં એમ કહ્યું ને? કે પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવનું લક્ષ છોડી સ્વદ્રવ્યની ઉપાસના કરવાથી

શુદ્ધ એમ કહેવામાં આવે છે. શું કહ્યું? પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ. ત્યાં વિકારીભાવ ન લેવા. ત્યાં નહિ. ત્યાં તો પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ-જડનો ભાવ, એનું લક્ષ છોડી દ્રવ્યનું લક્ષ કર્યું તો દ્રવ્યની ઉપાસના કરી. દ્રવ્યની ઉપાસના કરવાથી શુદ્ધતા પ્રગટ થઈ એ શુદ્ધતામાં આ શુદ્ધ છે એમ ભાન થયું. આહા..હા..! સમજાય છે કાંઈ? છે તો છે, પણ ભાન થયા વિના શુદ્ધ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ?

ત્યાં પરથી લીધું છે, અહીં તો પરભાવથી ભિન્ન લીધું છે. ત્યાં તો ફક્ત પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ (લીધો છે), હોં! વિકારી પરિણામ નહિ. એ પરદ્રવ્ય ઉપર લક્ષ છે તેને છોડી સ્વદ્રવ્ય ઉપર લક્ષ કર્યું તો સ્વદ્રવ્યની ઉપાસના કરી. જે રાગની અને પરની ઉપાસના કરતો હતો, એ પરનું લક્ષ છોડીને સ્વદ્રવ્ય ઉપર લક્ષ ગયું તો સ્વદ્રવ્યની ઉપાસના કરી પર્યાયે. પર્યાયમાં શદ્ધ છે એમ ભાન થયું, તો એ પર્યાયવાળાને શુદ્ધતા પ્રગટ થઈ તેને જ ત્રિકાળી શદ્ધ છે. જેને ભાન થયું નથી એને ત્રિકાળી શુદ્ધ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? માણસ કહે છે, ત્રિકાળી શુદ્ધ છે જ. ઈ તો છે જ, પણ છે ઈ કોને? જેને શુદ્ધનયના આશ્રયે પરનું સેવન છોડી પરિણતિ શુદ્ધ થઈ, પર્યાયમાં વીતરાગી પર્યાય થઈ તેને જ ત્રિકાળી શુદ્ધ છે. આહા..હા..! ત્રિકાળી શુદ્ધનું અસ્તિત્વ દૃષ્ટિમાં આવ્યા વિના ત્રિકાળી શુદ્ધ કોણ કહે? આહા..! ડૉક્ટર! રીત ઝીણી છે, બાપુ! આહા..હા..! આ તો વીતરાગ અને તે પણ દિગંબર ધર્મ! ઓહો..હો..! આવી ચીજ ક્યાંય નથી. આહા..!

કહે છે, અહીંયાં ઈ કહ્યું ને? વસ્તુ જે અબદ્ધસ્પૃષ્ટ છે તેનો અનુભવ થયો, અનુભવ થયો તે તો પર્યાય છે. ઈ પર્યાયમાં અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવ્યો તો બેય મળીને શુદ્ધનય કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આવી વાત તે ક્યાં? આહા..! ઝીણી વાત, બાપુ! આહા..હા..! પરમેશ્વર જિનેશ્વરદેવ એનો સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યગ્દર્શન અલૌકિક ચીજ છે. આહા..હા..! બહારથી માની બેસે કે અમે દેવ-ગુરુ-શાસ્ત્રને (માનીએ છીએ).

**શ્રોતા :-** શુદ્ધ તે પ્રમાણ છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણ તો પર્યાય ઉપર લક્ષ જાય છે ત્યારે પ્રમાણ. લક્ષ તો ત્યાં ગયું અને શુદ્ધનય પ્રગટ થઈ, શુદ્ધતા પ્રગટ થઈ. પછી એનું જ્ઞાન કરવા જાય ત્યારે પ્રમાણ થઈ જાય છે. નયના વિષયમાં તો એકલું દ્રવ્ય આવ્યું, પણ જ્યારે શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ તેનું લક્ષ કરવાથી તો પ્રમાણ થઈ ગયું.

**શ્રોતા :-** ભેગા નહીં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેગા નહિ. નયચક્રમાં ઈ કહ્યું. ઈ પણ નાખ્યું છે કે નય જે છે એ ત્રિકાળને જાણે છે અને પ્રમાણ છે તે પર્યાયને પણ સાથે જાણે છે. તો બે ભાગ થઈ ગયા. તો પ્રમાણ તો વધારે થઈ ગયું. શિષ્યનો પ્રશ્ન છે કે એ વધારે થઈ ગયું તો ઈ પૂજ્ય છે કે નહિ? નયચક્ર કહે છે કે નહિ. કેમ? પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી આવતો.

અને નિશ્ચયનયમાં પર્યાયનો નિષેધ આવે છે, માટે નિશ્ચયનય પૂજ્ય છે. આવી વાત છે. અરે..! એને માટે કેટલી તૈયારી જોઈએ, ભાઈ!

**શ્રોતા :-** શુદ્ધનય આત્માને જ પ્રગટ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્માને પ્રગટ કરે છે, રાગને નહિ. ભાઈ, ચીમનભાઈ! ઈ છોકરાને નથી પ્રગટ કરતાં કે આ શામજીભાઈ મારો, એમ કહે છે. પૈસા મારા એમ પ્રગટ નથી કરતો. આહા..હા..! વાત સાચી છે. પ્રશ્ન તો બરાબર છે. એ તો ત્રિકાળી જ્ઞાયકભાવને પ્રગટ કરે છે. એ કંઈ વાતું નથી, ભાઈ! આહા..હા..! સહજ સ્વરૂપ આવું છે.

અહીંયા શિષ્ય પૂછે છે. જ્યારે ગુરુએ એમ કહ્યું ને કે અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવથી ભિન્ન એકરૂપ દેખવું તે શુદ્ધનય છે અને એ જૈનશાસન છે. સમજાય છે કાંઈ? '**અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?**' જુઓ, શિષ્યે એટલું તો લક્ષમાં લીધું. શિષ્યે એટલો પ્રશ્ન કર્યો કે અબદ્ધસ્પૃષ્ટ છે, એ બદ્ધસ્પૃષ્ટરહિત કઈ રીતે અનુભવમાં આવે? '**જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? તેનું સમાધાન :-**' શિષ્યનો પ્રશ્ન સમજાણો? આત્મા બદ્ધસ્પૃષ્ટરહિત છે, સામાન્ય છે તેની અનુભૂતિ કેમ થાય? તો કહે છે કે '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે.**' આહા..હા..! બદ્ધસ્પૃષ્ટ આદિ ત્રિકાળ રહેનારી ચીજ નથી, એ અભૂતાર્થ છે. તેથી પરથી ભિન્ન અનુભૂતિ થઈ શકે છે. આહા..હા..!

ફરીથી. આહા..! શિષ્યનો પ્રશ્ન સમજાણો? શિષ્યે પૂછ્યું કે જેવો ઉપર કહ્યો બદ્ધસ્પૃષ્ટરહિત, સામાન્ય, વિશેષરહિત, સુખ-દુઃખની કલ્પનાથી રહિત એવા આત્માનો અનુભવ કઈ રીતે થઈ શકે? તેનું સમાધાન. '**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ...**' છે. કર્મનાં સંબંધ અને રાગાદિ એ કાયમ રહેનારી વસ્તુ નથી, અભૂતાર્થ છે. તેથી ભૂતાર્થનો આશ્રય કરવાથી અભૂતાર્થનો નાશ થઈ જાય છે. આહા..હા..! આવી ભાષા. શિષ્યનો પ્રશ્ન પહેલાં સમજાણો? કે આપે કહ્યું કે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માની અનુભૂતિ કઈ રીતે થાય? તો કહે છે કે એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અસત્યાર્થ છે. તેથી અબદ્ધસ્પૃષ્ટની અનુભૂતિ થઈ શકે છે. સમજાય છે કાંઈ?

ફરીથી. અહીં ક્યાં વાંધો છે. શિષ્ય પૂછે છે કે આ આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત છે એમ આપે કહ્યું, તો એવી ચીજની અનુભૂતિ કઈ રીતે થાય? અમારા અનુભવમાં તો ઈ આવતો નથી. તો અનુભવ કઈ રીતે થાય છે? તો ગુરુ કહે છે કે એ બદ્ધસ્પૃષ્ટ જે પાંચ ભાવ છે એ ત્રિકાળ રહેનારી ચીજ નથી, એ તો અસત્ય છે. તો અસત્યનું દૂર થઈ જવું અને સત્યનો અનુભવ થવો એ થઈ શકે છે. આહા..!

ફરીથી. પુનરુક્તિ કંઈ નથી લાગતી. આહા..હા..! આ તો ભાવના છે, ભાઈ! અંદર. શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! આત્મા તો દેખાય છે બદ્ધસ્પૃષ્ટ આદિ. અમારી નજરમાં તો આવે

છે રાગ અને બદ્ધસ્પૃષ્ટ આદિ અને તમે કહો છો કે અબદ્ધસ્પૃષ્ટ આદિ છે, તો એનો અનુભવ કઈ રીતે થાય? તો ગુરુ કહે છે કે અબદ્ધસ્પૃષ્ટ આદિ છે, પણ એ અસત્યાર્થ છે, કાયમ રહેવાવાળી ચીજ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**મુમુક્ષુ :-** જે છે એને અસત્યાર્થ કેમ કહેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે ઈ પર્યાય તરીકે છે. ત્રિકાળમાં નથી તેથી અસત્યાર્થ છે. કાયમ રહેનારી ચીજ નથી, એ બદલાઈ જાય છે તો ભૂતાર્થનો અનુભવ થઈ શકે છે. આહા..હા..!

ફરીથી. આહા..હા..! શિષ્યે પહેલા પ્રશ્ન પૂછ્યો ને? આ પાંચ પ્રકારના ભાવથી રહિત એવા આત્માની અનુભૂતિ તે આત્મા છે. એવો એક આત્મા પ્રકાશમાન થાય છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે જેવો ઉપર કહ્યો.. એણે લક્ષમાં તો લીધો કે સામાન્ય, એકરૂપ, અબદ્ધસ્પૃષ્ટ એવા આત્માનો અનુભવ કઈ રીતે થાય? કેમકે અમને તો બદ્ધસ્પૃષ્ટ આદિ દેખાય છે. કર્મનો સંબંધ છે, રાગનો સંબંધ છે એમ દેખાય છે અને તમે કહો છો કે એનાથી રહિત છે એ કઈ રીતે અનુભવમાં આવે? ભાઈ! જે દેખાય છે એ ત્રિકાળી ચીજ નથી, એ અસત્યાર્થ છે. આહા..હા..!

**શ્રોતા :-** છે ને અસત્યાર્થ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એક સમયની ચીજ અસત્યાર્થ છે. આહા..હા..! અસત્યાર્થ કેમ કહ્યું? એ પણ આપણે ૧૧મી ગાથામાં આવી ગયું કે ત્રિકાળને સત્યાર્થ કહી ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કરીને ઈ જ સત્ય છે એમ કહ્યું અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કરીને અસત્યાર્થ કહી. આમાં એક અક્ષર ફરે તો ન્યાય ફરી જાય. સમજાય છે કાંઈ? શું કહ્યું?

પર્યાય છે, રાગ છે અને ત્રિકાળ છે. બેમાં ત્રિકાળી ચીજ છે એને (નિશ્ચય કહ્યું). છે તો ત્રણેય નિશ્ચય. દ્રવ્ય સ્વ છે, ગુણ સ્વ છે, પર્યાય સ્વ છે—ત્રણે નિશ્ચય છે. નિશ્ચય નામ સ્વ અને પર નામ વ્યવહાર. પણ ત્રણ હોવા છતાં પ્રયોજન સિદ્ધ કરવા દ્રવ્ય મુખ્યને નિશ્ચય કહીને ગુણ-પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કરીને અસત્ય કહ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ મુખ્યને નિશ્ચય કરીને-ત્રિકાળીને એ જ સત્ય છે એમ કહીને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કરીને અસત્યાર્થ કહી છે, નથી એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એમ અહીંયાં લેવું કે છે તો ખરા. રાગાદિ પર્યાયમાં ભિન્ન-ભિન્નતા આદિ છે તો ખરું, પણ ઈ છે ઈ ત્રિકાળની અપેક્ષાથી ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કરીને સત્યાર્થ કહ્યું અને એક સમયની પર્યાય છે, ભેદ છે તેને ગૌણ કરીને વ્યવહાર કરીને નથી એમ કહી દીધું છે. આહા..હા..! અરે..! આવી વાત. આહા..હા..! સમયસાર. શિષ્યને એમ કહ્યું કે બદ્ધસ્પૃષ્ટ છે એ કાયમ રહેનારી ચીજ નથી. કાયમ રહેનારી ચીજ તો ત્રિકાળી ભગવાન આત્મા છે. એનો આશ્રય કરવાથી અભૂતાર્થ જે અસત્યાર્થ છે તેનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૧, સોમવાર, તા. ૧૨-૧-૧૯૭૬, ગાથા-૧૪, પ્રવચન નં. ૪૩

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૧૪મી ગાથા. ટીકા ફરીને. થોડું ચાલ્યું છે. જીવ-અજીવ અધિકાર છે ને? તો કેવો જીવ જાણવાથી સમ્યગ્દર્શન થાય છે? અથવા કેવો જીવ જાણવાથી જીવ જાણવામાં આવે છે? ઈ વાત ચાલે છે.

'**ટીકા :- નિશ્ચયથી...**' ખરેખર. નિશ્ચય છે ને? ખરેખર ભગવાન આત્મા અબદ્ધ છે. રાગ અને કર્મના સંબંધ વિનાની એ ચીજ છે. વસ્તુ જે વસ્તુ છે એ તો અબદ્ધસ્વરૂપ છે. પર્યાયમાં રાગની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ તો વ્યવહાર છે. રાગને કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ પણ અસદ્ભુત વ્યવહાર છે. અહીંયાં તો આત્મા એક ક્ષણમાં અબદ્ધ નામ કર્મનો સંબંધ અને રાગના સંબંધ વિનાની ચીજ છે એવી અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્જ્ઞાન અને એનું નામ જીવ જાણવામાં આવ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ? અબદ્ધ છે, અસ્પૃષ્ટ છે. વિસ્તા પરમાણુ છે સાથે એનાથી પણ આત્માને સ્પર્શ નથી. અબદ્ધ, અસ્પર્શ. રાગ અને કર્મથી બંધ નથી અને પરમાણુ બીજા કર્મની સાથે વિસ્તા છે એનો સ્પર્શ નથી. આહા..!

'**અનન્ય,...**' છે. અનેરી-અનેરી જે પર્યાયની ગતિ થાય છે એ સ્વરૂપમાં નથી, એ પર્યાયમાં છે. વસ્તુ જે છે એ અનન્ય છે. અનેરી-અનેરી અવસ્થારહિત વસ્તુ છે. આ દરેકના દૃષ્ટાંત આપશે. '**નિયત,...**' છે. જ્ઞાનની પર્યાયમાં, અનંત ગુણની પર્યાયમાં હિનાધિકતા થાય છે તે અનિયત છે, તેનાથી રહિત ભગવાન આત્મા નિયત છે. સમજાય છે કાંઈ? અને '**અવિશેષ...**' જ્ઞાન, દર્શન, આનંદ એવો જે ગુણી અને ગુણનો વિશેષ-ભેદ તે વિશેષ ભેદ એમાં નથી, સામાન્ય છે. સમજાય છે કાંઈ? આહા..! આ સમ્યગ્દર્શનનો વિષય અથવા વસ્તુનું સ્વરૂપ જૈનશાસનનો આત્મા આને કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે '**અવિશેષ...**' (છે). વિશેષ નથી. ભગવાન આત્મા જ્ઞાન, દર્શન ને આનંદ એવા જે ભેદ પડે છે અનેકપણાનું વિશેષપણું એ વિશેષથી રહિત છે, સામાન્ય એકરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**અને અસંયુક્ત...**' કર્મના નિમિત્તે જે વિકારની જ્વાળા ઉત્પન્ન થાય છે—શુભાશુભભાવ, તે સંયુક્તથી અસંયુક્ત છે. આહા..! શુભ-અશુભરાગ જે વિકલ્પ જે દુઃખરૂપ ઉત્પન્ન થાય છે તેનાથી ભગવાન અસંયુક્ત છે, તેની સાથે સંબંધ નથી. આહા..હા..!

'**એવા આત્માની જે અનુભૂતિ...**' સમજાય છે કાંઈ? અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય.

અનન્ય એટલે અનેરી-અનેરી નહિ. તે.. તે.. તે. નિયત, અવિશેષ એવા આત્માની અનુભૂતિ, એવા આત્માનો પર્યાયમાં અનુભવ થવો. આહા..હા..! અનુભૂતિ. આવા સામાન્ય આત્માના આશ્રયે અનુ નામ અનુસરીને આત્માની શાંતિ, આનંદનો અનુભવ થવો તે અનુભૂતિ, તે ધર્મ. આહા..હા..! કાંતિભાઈ! આ ૧૪મી ગાથા. લ્યો, ત્રણે ડૉક્ટર ભેગા થયા છે. જામનગરથી આવ્યા છે ને. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એટલે સમજમેં આયા? '**એવા આત્માની...**' એવા આત્માની. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત એવા આત્માની અનુભૂતિ. આહા..હા..! '**તે શુદ્ધનય છે,...**' '**એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...**' કેમકે પર્યાયમાં અબદ્ધસ્પૃષ્ટ અનુભવમાં આવ્યો ત્યારે એ પર્યાયને જાણ્યું કે આ તો અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ છે. પર્યાય એ તરફ ઢળી નહોતી ત્યાં સુધી તો અબદ્ધસ્પૃષ્ટ છે એ પ્રતીતિમાં નહોતો આવ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ? '**એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...**'

૧૧મી ગાથામાં એમ કહ્યું કે '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. જે સત્યાર્થ અબદ્ધસ્પૃષ્ટ ત્રિકાળી ચીજ છે તે જ શુદ્ધનય છે. નય અને નયના વિષયનો ભેદ છોડી દીધો. ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયકભાવ જે છે, અબદ્ધસ્પૃષ્ટ જે છે, સામાન્ય જે છે તે જ સત્યાર્થ છે અને તે અનુભૂતિ છે. અનુભૂતિનો અર્થ સત્યાર્થ ત્રિકાળી ચીજ છે તે જ શુદ્ધનય છે. સમજાય છે કાંઈ? કેમકે નય અને નયનો વિષય એવા, અભેદમાંથી બે ભેદ કાઢી નાખ્યા. આહા..! ભૂતાર્થ સત્યાર્થ એક સમયમાં એક સમયની પર્યાય સિવાય પૂર્ણાનંદસ્વરૂપ નિત્યાનંદ સામાન્ય એકરૂપ સ્વભાવ તે જ સત્યાર્થ કહીને તેને જ શુદ્ધનય કહ્યું. અહીં તો કહે છે કે આવા આત્માની અનુભૂતિ તે શુદ્ધનય છે. એઈ..! ચંદુભાઈ!

એ તો ત્યાં પણ કહ્યું ને? પહેલાં કહ્યું બીજા પદમાં '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ત્રિકાળી સત્યાર્થ પદાર્થ છે તે જ શુદ્ધનય છે. ત્રીજા પદમાં લીધું, '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. એવી ત્રિકાળી ચીજ જે એક સમયની પર્યાય સિવાય પૂર્ણાનંદ પ્રભુના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પહેલાં કહ્યું કે શુદ્ધનય ઈ છે. પછી કહ્યું કે એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ઈ અહીંયાં કહ્યું કે '**એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...**' આહા..! આવી વાત. શું કરવું ઈ તો આમાં આવતું નથી. વ્રત પાળવા કે આમ કરવું... ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. વ્રતાદિ તો વિકલ્પ છે, એ તો રાગ છે, તેનાથી તો રહિત આત્મા છે. રહિત છે તે સહિતને કેમ પાળે? રાગને પાળવો અને રાગને કરવો એ સ્વરૂપમાં નથી. આહા..હા..! આવી ચીજ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...**' અને તે જ સમ્યગ્દર્શન છે અને તે જ સમ્યગ્જ્ઞાન છે અને તે જ જૈનશાસનનું રહસ્ય છે અને તે જ જૈનશાસન છે. આહા..! આવો માર્ગ ભારે, ભાઈ! માર્ગ એવો છે, ભાઈ! એકલું ધારણામાં લઈ લેવું

એ વસ્તુ નથી. ધારણામાં લઈ લેવું એ તો ધારણ કર્યું કે આત્મા આવો છે, એ તો વિકલ્પથી ધારણ કર્યું, એ વસ્તુ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ત્રિકાળી સત્યાર્થ ભગવાન નિત્યાનંદ પ્રભુ, એ તરફ પર્યાય ઢળીને એકાગ્ર થાય છે તો આ અનુભૂતિ થાય છે અને તે યથાર્થ છે. અનુભૂતિમાં યથાર્થ નિર્ણય થાય છે. સમજાય છે કાંઈ? વિકલ્પથી આવો નિર્ણય કરવો, પહેલાં એવું આવે છે. ઈ તો આવ્યું ને ૧૩મી ગાથામાં કે નય, નિક્ષેપ, પ્રમાણથી પહેલાં ભગવાને કહી તે વાતને સિદ્ધ કરવી, અજ્ઞાની જે કહે છે તેનાથી દૂર થવા માટે; પણ નય, નિક્ષેપ, પ્રમાણથી વિકલ્પથી નિર્ણય કરે એ કંઈ વાસ્તવિક નિર્ણય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તેનો અનુભવ કરીને નિર્ણય કરવો અને એ નિર્ણયમાં અને અનુભૂતિમાં એ ચીજ જે છે તેનો ભાસ થયો, તેને અહીંયા આત્માની શુદ્ધનય કહેવામાં આવે છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ આવો. લોકોને તો એવું લાગે.. આહા..! કેવો આ તે માર્ગ હશે? જૈન-માર્ગ આવો હશે? આ તો વેદાંતનો હશે. મનોહરલાલજી! સાંભળ્યું ન હોય ને. ક્રિયાકાંડ કર્યા હોય. વેદાંત કહે છે ને? આત્મા શુદ્ધ છે ને.. ઈ વસ્તુ આ નહિ. શુદ્ધ છે એવો પર્યાયમાં અનુભવ થવો તેને શુદ્ધ છે. સમજાય છે કાંઈ? વેદાંતમાં તો પર્યાય-ફર્યાય કંઈ માનતા નથી. વેદાંતની સાથે શું સંબંધ છે? કહે છે ને, ઈ કહેતા હતા ને? .. નાથુરામ પ્રેમી. નાથુરામ પ્રેમી ને? મુંબઈમાં હતા ને. નાથુરામ પ્રેમી એક પંડિત હતા, દિગંબર. ઈ કહેતા હતા કે કુંદકુંદાચાર્યે સમયસારને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. કંઈ ખબર નહિ, વેદાંત શું છે. આ તો વીતરાગ સર્વજ્ઞની વાત છે. વેદાંતમાં આવી વાત છે જ ક્યાં? સમજાય છે કાંઈ? પણ એમાં એમ આવ્યું ને કે જે ત્રિકાળ છે તે સત્ય છે અને પર્યાય અસત્ય છે, એમ આવ્યું ને? પર્યાય અસત્ય છે તો વેદાંત થઈ ગયું કે પર્યાય નથી, એમ નથી. એ પર્યાય અસત્ય છે, એ તો ત્રિકાળી જ્ઞાયક સત્ય પૂર્ણસ્વરૂપ છે તેને મુખ્ય કરીને, નિશ્ચય કરીને ઈ જ સત્યાર્થ છે, એમ કહ્યું; અને પર્યાય છે એ પર્યાયનો અભાવ કરીને, વ્યવહાર કરીને અસત્ય કહ્યું છે, એમ નથી. પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને પછી અસત્ય કહ્યું. એ વાત છે ક્યાં બીજે! આહા..હા..! સમજાય છે કાંઈ?

**'અને એ અનુભૂતિ આત્મા જ છે,...'** ઈ આત્માની પર્યાય છે. રાગાદિ એ આત્માની પર્યાય નહિ, એ તો અનાત્મા છે. અનુભૂતિ-જેવો જ્ઞાયક શુદ્ધ ધ્રુવ છે એવી અનુભૂતિ થઈ તો તે શુદ્ધની અનુભૂતિ શુદ્ધ થઈ તો એ શુદ્ધ છે ઈ આત્મા છે. શુદ્ધનયનો વિષય છે એ તો ધ્રુવ છે, પણ ધ્રુવનો અનુભવ થયો એ આત્માની જાત પ્રગટ થઈ તો એને આત્મા કહેવામાં આવ્યો. સમજાય છે કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે, ભાઈ! આહા..હા..! એ અનુભૂતિ આત્મા જ છે. જુઓ, 'જ' શબ્દ વાપર્યો છે. છે? **'स शुद्धनयः, सा त्वनुभूतिरात्मैवः'** સંસ્કૃતમાં છે. સંસ્કૃતમાં **'त्वनुभूतिरात्मैवः'** સંસ્કૃતમાં બીજી લીટીમાં છે. આ તો અલૌકિક અમૃતચંદ્રાચાર્યની ટીકા! આહા..હા..!

બીજે ઠેકાણે એમ કહે કે ઈ પર્યાય એ આત્મા નહિ, ત્રિકાળી ભાવ તે જ આત્મા. નવરંગભાઈ! ૩૮ ગાથામાં આવ્યું, ૩૮. ત્રિકાળ સત્યાર્થ ધ્રુવ અવિનાશી તે આત્મા. એ તો ત્રિકાળી ચીજ છે તે જ આત્મા-નિશ્ચય આત્મા કહ્યો, પણ એનો અનુભવ થયો, એ જાતનો શુદ્ધ આનંદનો અનુભવ (થયો) એ એની જાત છે, એમ કહીને તે આત્મા છે એમ કહેવામાં આવ્યું. એ રાગાદિ કે વિકારાદિ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' લો, એક જ પ્રકાશમાન છે વેદાંત થઈ ગયું. એકરૂપ પર્યાયમાં પ્રકાશમાન છે. સમજાય છે કાંઈ? પર્યાય જ્ઞાનની દશામાં એકરૂપ પ્રકાશમાન છે, એમાં પર્યાય આવી ગઈ. સમજાય છે કાંઈ? '**(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી).**' જુઓ, નિયમસારમાં ૫૦મી ગાથામાં એમ લીધું કે નિર્મળપર્યાય પણ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? કેમ કહ્યું? જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય પોતાની નથી આવતી, એમ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. પર્યાય નવી આવે છે એ દ્રવ્યમાંથી આવે છે, તો જેમાંથી આવે છે એને સ્વદ્રવ્ય કહ્યું અને જેમાંથી નથી આવતી એને પરદ્રવ્ય કહ્યું. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી. આમ ખાવું ને આમ ન ખાવું એમ બિચારા કરતાં હોય એને વળી આ (સમજવું). અરે..! વસ્તુની સ્થિતિ ખાવું, ન ખાવું કોણ કરે? એ ખાવા, ન ખાવાની ક્રિયા તો જડની છે. સમજાય છે કાંઈ? અને અંદર વિકલ્પ ઊઠે કદાચ શુભભાવ કે આમ ખપે ને ન ખપે, એ પણ શુભરાગ છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પૂર્ણ વીતરાગસ્વરૂપ પ્રાપ્ત કરી સર્વજ્ઞ થયા, એમના કથનમાં વીતરાગભાવથી ધર્મ થાય છે એમ આવ્યું છે. એ વીતરાગભાવ ક્યારે થાય છે?

આજે આવ્યું છે. એઈ.. ચેતનજી! તમારા ... આજે જ આવ્યું છે. કાગળ ભાઈ લખે છે ને હર વખતે. તમે ચોથે ગુણસ્થાને નિશ્ચયસમકિત માનો છો એ બધી મોટી ભૂલ છે. ચોથે ગુણસ્થાને સરાગસમકિત-વ્યવહારસમકિત હોય. એક શ્વેતાંબર સાધુ થયા હતા, હવે દિગંબર થઈ ગયા. પહેલાં સ્થાનકવાસી સાધુ હતા. પછી શ્વેતાંબર થયા, હવે દિગંબર. જયસેનાચાર્યનો મારા ઉપર મહાઉપકાર છે. મોટો કાગળ આવ્યો છે. શું કહેવાય ઓલું? અંતર્દેશિ. અંતર્દેશિ છે ને કાગળ? ...

અહીં તો કહે છે કે ચોથે ગુણસ્થાને નિશ્ચયસમ્યગ્દર્શન (હોય છે). વ્યવહારસમ્યગ્દર્શન તો વિકલ્પને કહે છે. આહા..હા..! સરાગસમકિત, રાગ અને સમકિત વીતરાગી પર્યાય. સમજાય છે કાંઈ? બેય એક નથી, ભાઈ! બહુ લખે છે બિચારા. દયા કરવા જેવી છે. એની ભૂલ છે. વારંવાર મને ઉપકારનો ભાવ આવે છે, અમારા ઉપર ઉપકાર જયસેનાચાર્યનો છે—એમ લખ્યું છે. એક કોઈ સાધુ છે, બ્રહ્મચારી છે, વિકાસવિજય કરીને, મળ્યો ને. પહેલાં સ્થાનકવાસી સાધુ હતા, પછી દેરાવાસી થઈ ગયા, પછી બ્રહ્મચારી રહ્યા. વારંવાર લખે છે. તમે ચોથે ગુણસ્થાને વીતરાગી સમકિત કહો છો એ શાસ્ત્રથી વિરુદ્ધ છે, જયસેનાચાર્યમાં એમ છે નહિ;

અને એ ભૂલ તો શ્રીમદ્‌ની પણ છે, ટોડરમલજીની પણ છે, બનારસીદાસજીની પણ છે. એમ લખ્યું છે. લખે, લખે. એને બેઠું હોય એમ લખે ને.

**શ્રોતા :-** પોતાની ભૂલ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ નહિ. આચાર્યને કહેવું છે એ સમજ્યા નથી. બનારસીદાસ, ટોડરમલજી, ત્રીજું કોણ કહ્યું? શ્રીમદ્ અને તમે પણ સમજ્યા નથી. 'જામે જિતની બુદ્ધિ હૈ, જામે જિતની બુદ્ધિ હૈ ઉતનો દિયો બતાય, વાંકો બુરો ન માનીયે ઔર કહાંસે લાય?' વાત તો એવી છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે '**એ અનુભૂતિ આત્મા જ છે;...**' '(**શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી**).' જુદાં નથી એ અપેક્ષાએ વાત છે. અનુભૂતિના પરિણામ આત્માથી ભિન્ન નથી. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ જે અનુભવ, સમ્યક્ થયા એ પરિણામ આત્માથી ભિન્ન નથી. રાગ ભિન્ન છે એમ આ પરિણામ ભિન્ન નથી. આખી ચીજની અપેક્ષાએ કહેવામાં આવ્યું. નિશ્ચયથી તો દ્રવ્યથી અનુભૂતિના પરિણામ ભિન્ન છે. આહા..હા..! વીતરાગમાર્ગ, ભાઈ! આ તો જિનેશ્વરદેવનો માર્ગ, ભાઈ! એવો જ તારો ત્રિકાળ માર્ગ છે. આ જિનેશ્વર છે આત્મા. જિનસ્વરૂપી ભગવાન. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' આહા..હા..!

'**અહીં શિષ્ય પૂછે છે...**' શિષ્યએ લક્ષમાં તો વાત લીધી કે આ અબદ્ધસ્પૃષ્ટ ભૂતાર્થને જ આત્મા કહે છે અને એ આત્માની અનુભૂતિને અનુભવ કહે છે, ધર્મ કહે છે. તો શિષ્ય પૂછે છે કે '**જેવો ઉપર કહ્યો...**' જુઓ, આટલું તો એણે લક્ષમાં લીધું. આપ જે કહો છો એ ખ્યાલમાં આવી ગયું છે. '**જેવો ઉપર કહ્યો...**' આપે ઉપર કહ્યો '**તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?**' કેમકે બદ્ધસ્પૃષ્ટ તો દેખાય છે. રાગથી સંબંધ, કર્મથી સંબંધ દેખાય છે અને આવા ભૂતાર્થની અનુભૂતિ કેમ થઈ શકે? એવો શિષ્યનો પ્રશ્ન છે.

'**તેનું સમાધાન :- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...**' કર્મનો સંબંધ અને રાગનો સંબંધ એ કાયમ રહેવાવાળી વસ્તુ નથી, એ ક્ષણિક છે, અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! બદ્ધસ્પૃષ્ટ સાથે સંબંધ, રાગ સાથે સંબંધ, અનેરી-અનેરી અવસ્થા, અન્ય-અન્ય અવસ્થા અને અનિયત પર્યાય જે એકરૂપ નથી રહેતી એ, એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અભૂતાર્થ છે, સત્યાર્થ નથી. સત્યાર્થનો અર્થ ત્રિકાળ રહેવાવાળી ચીજ નથી. એક સમયની પર્યાય કાયમ નથી રહેતી, એ તો નાશવાન છે. આહા..હા..! બદલી જાય છે. સમય-સમયની પર્યાય એક સમય રહે છે એ અપેક્ષાથી અસત્યાર્થ કહ્યું. સત્યાર્થ તો ત્રિકાળી ચીજ છે તે સત્યાર્થ છે. આહા..હા..! ઈ કાલે કહ્યું હતું ને? કેવળજ્ઞાન, સંવર, નિર્જરા પણ નાશવાન છે, એક સમયની પર્યાય છે ને. ૩૮મી ગાથામાં કહ્યું હતું, નિયમસાર. આહા..હા..! કેવળજ્ઞાન હો, એ પણ એક સમયની પર્યાય છે. વસ્તુ છે એ તો ત્રિકાળ છે, અવિનાશી છે, પર્યાય

તો નાશવાન છે. આહા..હા..!

નાશવાન અવિનાશીનો નિર્ણય કરે છે. આહા..હા..! ચિદ્‌વિલાસમાં આવે છે, અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. નિત્ય નિત્યનો નિર્ણય શું કરે? અભૂતાર્થ ભૂતાર્થનો નિર્ણય કરે છે. અભૂતાર્થ તો ત્રિકાળ નથી એ અપેક્ષાથી, બાકી વર્તમાન પર્યાયની અપેક્ષાથી તો સત્ય છે. પર્યાયપણે પર્યાય નથી? ઈ આવશે આમાં વ્યવહારથી વ્યવહાર સત્ય છે, નિશ્ચયથી તેનું લક્ષ કરવાથી એ છૂટી જાય છે, અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ ધર્મની પહેલી સીઢી અહીંથી શરૂ થાય છે. સમજાય છે કાંઈ?

**'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે.'** એ પાંચ—બદ્ધસ્પૃષ્ટ, અન્ય-અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એ ભાવ અસત્યાર્થ છે, કાયમ રહેવાવાળી ચીજ નથી. તેથી અનુભૂતિ થઈ શકે છે. **'આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :-'** હવે એક-એક ઉપર દૃષ્ટાંત દે છે.

**'જેમ કમલિનીનું પત્ર...'** કમલિનીનું પત્ર હોય છે ને? કમલિની વેલ થાય છે, વેલ. એમાં કમલિની સુંવાળુ-સુંવાળુ અને બહારમાં ... હોય છે. એ કમલિની જે પત્ર છે એ **'જળમાં ડૂબેલું હોય...'** જળમાં-પાણીમાં કમલિની પત્ર ડૂબેલું હોય તો **'તેનો જળથી સ્પર્શાવારૂપ...'** જળની સાથે સંબંધ હોવારૂપ **'સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** એ કમલિનીનું પત્ર છે બહારમાં એની સુંવાળી રૂંવાટી હોય છે, સુંવાળી, તો એને પાણી અડતું જ નથી, પણ પાણીમાં ડૂબેલું છે ત્યાં સુધી સંબંધ છે. એવી અવસ્થાથી જોવામાં આવે તો, સમજાય છે કાંઈ? **'અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે...'** જળની સાથે એ કમળનો વર્તમાન અવસ્થાથી સંબંધ જુઓ તો છે, વ્યવહારથી છે. આરે..! આવી વાત. આહા..!

પાણીમાં કમલિનીનું પત્ર સંબંધરૂપે ડૂબેલું (દેખાય છે). એમ કીધું ને? ડૂબેલું એમ કહ્યું ને? પાણીમાં ડૂબેલું, એવા જળથી સ્પર્શાવારૂપ. **'તેનો જળથી...'** તેનો કોણ? કમલિનીના પત્રનું. કેવું પત્ર? જળમાં ડૂબેલું. તેનો જળથી સ્પર્શાવારૂપ. ડૂબેલું હોય તો, એમ. ડૂબેલું હોય તો. **'તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી...'** જુઓ, જળ સાથે સંબંધરૂપ અવસ્થાથી જુઓ તો છે, એ સત્યાર્થ છે. અવસ્થાદૃષ્ટિએ જુઓ તો એ અવસ્થા સત્ય છે. સમજાય છે કાંઈ? **'તોપણ...'** આમ હોવાથી ભૂતાર્થ છે, સત્યાર્થ છે. જળ અને કમલિનીના પત્રનો વ્યવહારસંબંધ અવસ્થાથી જુઓ તો છે.

**'તોપણ...'** તથાપિનો અર્થ તોપણ. **'જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** આહા..હા..! પત્રનો સ્વભાવ જુઓ તો સુંવાળી રૂંવાટી હોય છે. રૂંવાટી સમજ્યા? શું કહે છે રૂંવાટીને? નાની-નાની સુંવાળી હોય છે, એને પાણી સ્પર્શતું જ નથી. કમળ પાણીને જરીયે અડતું નથી. **'તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** ઓહો..હો..! એનો

સ્વભાવ જુઓ અને સ્વભાવની દૃષ્ટિમાં જાઓ તો **'જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...'** એના સ્વભાવનું લક્ષ કરીને, એમ. સમીપ જવાનો અર્થ આમ છે ને આમ જાઓ. કમલિનીના પત્રનો સ્વભાવ લક્ષમાં લ્યો તો, એ સ્વભાવની સમીપ ગયો. આહા..હા..! **'અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે...'** આહા..હા..! પર્યાયદૃષ્ટિથી ભૂતાર્થ છે, પણ વસ્તુદૃષ્ટિથી અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? એ પર્યાય છે જ નહિ, કર્મના સંબંધમાં વ્યવહાર છે એ છે જ નહિ, એમ નથી. આહા..હા..! એવી વાત છે, ભાઈ! આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન-ધર્મનું પહેલું પગથિયું-પહેલું સોપાન, એની વાત ચાલે છે. કહો, કાંતિભાઈ! આજે આવ્યા નથી, ગયા હશે ભાવનગર, પંડિતજી. ભાવનગરથી આવી ગયા હશે. થાકી ગયા હોય.

બે વાત કરી. કમલિનીના પત્રને જળમાં ડૂબેલું જોતાં જળની સાથે વ્યવહારથી અવસ્થા જુઓ તો સંબંધ છે તે ભૂતાર્થ છે, પણ કમલિનીના પત્રના સ્વભાવ ઉપર દૃષ્ટિ દ્યો તો કમલિનીનો જળ સાથે બિલકુલ સ્પર્શ થયો નથી. જળમાંથી કમળ ઉપર લઈ લ્યો, એમ અધિક-પર્યાયથી અધિક-ભિન્ન આત્માને જુઓ. **'णाणसहावाधियं मुणदि आदं'** ૩૧ ગાથા. આહા..હા..! ઊંચો કરવાનો અર્થ પર્યાયની દૃષ્ટિ છોડી તેનાથી અધિક નામ ભિન્ન આત્મા છે એ દૃષ્ટિથી જુઓ. આ કમલિનીનું દૃષ્ટાંત છે. કમલિનીને ઊંચુ કરી એના સ્વભાવથી જુઓ તો કમલિનીનું પત્ર જળથી બિલકુલ સ્પર્શાયેલું નથી. આહા..!

**શ્રોતા :-** પાણીની અંદર ભિન્ન છે કે કાઢ્યા પછી ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહાર કાઢો ત્યારે પણ ભિન્ન છે, ત્યાં (અંદર) પણ ભિન્ન છે સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો. ઈ કહ્યું ને? જુઓ!

**'જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે...'** છે? **'અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે...' 'તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** નહિ સ્પર્શાવાયોગ્ય **'કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...'** સ્વભાવનું જો લક્ષ કરો, ભલે પાણીમાં હો. છે? આહા..હા..! **'કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...'** સમીપનો અર્થ તારું લક્ષ જે પરના સંબંધ ઉપર છે (તેને છોડીને) સ્વભાવનું લક્ષ કર. આહા..હા..! **'કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.'** જળથી સ્પર્શ થયો જ નથી. સમજાય છે કાંઈ? આ તો હજી દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો પછી કહેશે. આહા..હા..! આ વીતરાગ માર્ગ. પહેલાં દર્શનશુદ્ધિના ભાવ વિના ગમે તેટલા વ્રત ને નિયમ ને તપ કરીને મરી જાય, નગ્ન થઈ જાય, જરીયે આત્માના ધર્મનો લાભ એને નથી થતો. સમજાય છે કાંઈ? પહેલી ચીજ તો દર્શનશુદ્ધિ કરવી એ ચીજ છે. દર્શનશુદ્ધિ કેમ થાય છે? એ કમલિનીના દૃષ્ટાંતે બે વાત કરી. જળમાં ડૂબેલું જોઈએ તો અવસ્થાથી છે, પણ એનો સ્વભાવ જુઓ તો જળથી બિલકુલ સ્પર્શાયેલું નથી.

આહા..હા..! જળમાં ડૂબેલું છે ત્યારે પણ કમલિની પત્ર સાથે પાણીનો સંબંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? એ દૃષ્ટાંત થયો.

**'એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે...' 'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ...'** નિમિત્ત સંબંધ **'અવસ્થાથી...'** એ અવસ્થાથી અનુભવ કરો, અનુભવ નામ જાણવું, એ અવસ્થાથી જ્ઞાન કરતાં **'બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે...'** બદ્ધસ્પૃષ્ટ પર્યાયથી છે, નથી એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું કેવું? નવરાશ હોય નહિ, નિવૃત્તિ ન મળે અંદરમાં નિર્ણય કરવાની. **'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...'** પર્યાયનો. **'પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** એ નિમિત્ત-નૈમિત્તિકની અવસ્થાથી અનુભવ કરતાં, આહા..હા..! **'બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે.'** બદ્ધસ્પૃષ્ટ વ્યવહારનયથી છે. વ્યવહારનયથી બદ્ધસ્પૃષ્ટ નથી એમ નહિ. સમજાય છે કાંઈ?

સ્યાદ્‌વાદ છે. કઈ અપેક્ષાથી બદ્ધસ્પૃષ્ટ છે અને કઈ અપેક્ષાથી નથી? કે વ્યવહારનયની અપેક્ષાથી બદ્ધસ્પૃષ્ટ છે, નિશ્ચય સ્વભાવની દૃષ્ટિથી બદ્ધસ્પૃષ્ટ નથી. સમજાય છે કાંઈ? **'તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** આહા..હા..! દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરો તો **'પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય... '** ઓહો..હો..! **'આત્મસ્વભાવની સમીપ જઈને...'** અવસ્થાની દૃષ્ટિને છોડી આત્માના ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરવાથી. સમીપ જઈને, જે દૂર હતો. પર્યાયદૃષ્ટિથી દ્રવ્યસ્વભાવથી દૂર હતો એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી સ્વભાવની સમીપ થયો. આહા..હા..!

**શ્રોતા :-** આમાં ધર્મ ક્યાં આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ધર્મ. એ બદ્ધસ્પૃષ્ટ છે એમ નયથી જ્ઞાન કરવું, પણ એ ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરવાથી તે ભૂતાર્થનો અનુભવ થાય છે, સમ્યગ્દર્શન થાય છે ઈ ધર્મ છે. આવો ધર્મ ભારે. પેલા કહે, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, રસત્યાગ કરો. હવે ધૂળેય નથી, સાંભળને. એ તો બધી ક્રિયાકાંડની વાત છે. ...લાલજી! આહા..! લોકોને ક્રિયાકાંડનો વિશેષ ભાસ થાય છે.

**શ્રોતા :-** ક્રિયાકાંડથી પ્રચંડ જ્ઞાનકાંડ થાય છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને, એ તો નિમિત્તના કથન છે. એ તો આવી ગયું છે. પ્રચંડ કર્મકાંડથી પ્રચંડ જ્ઞાનકાંડ ઉત્પન્ન થાય છે. એ તો વ્યવહારનયનું કથન બતાવ્યું કે રાગની મંદતા... એ તો ૪૭ નયમાં ન આવ્યું? ક્રિયાનય, જ્ઞાનનય. એ તો એવી એક યોગ્યતા ગણવામાં આવી. તે જ સમયે અનુભવથી મુક્તિ થાય છે ઈ તે જ સમયે છે. ક્રિયાનયથી મુક્તિ થાય છે, એવો શબ્દ પડ્યો છે. એનો અર્થ શું? કે તે જ સમયે અનુભવથી મુક્તિ

થાય છે એ વાત અને રાગની મંદતાનું નિમિત્તનું લક્ષ એવો એક યોગ્યતા ધર્મ ગણવામાં આવ્યો, પણ એ જ સમયે. કોઈને ક્રિયાનયથી થાય છે અને કોઈને જ્ઞાનનયથી (મુક્તિ) થાય છે એમ નહિ. એ ૪૭ નયના વ્યાખ્યાન થઈ ગયા છે. વ્યવહાર સર્વથા હેય નથી, એમ આવ્યું છે. સર્વથા હેય નથી, છે ઈ જાણવા માટે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, ૧૨મી ગાથામાં આવ્યું. છે ખરો, પણ જાણેલો પ્રયોજનવાન છે. આદરણીય પ્રયોજનવાન છે, એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'આત્મસ્વભાવની સમીપ જઈને...'** એનો અર્થ શું? ભૂતાર્થની દૃષ્ટિ કરવાથી. એ ભૂતાર્થની સમીપ જઈને. સત્યાર્થ ભગવાન સ્વભાવ ધ્રુવ ત્રિકાળ છે તેના ઉપર દૃષ્ટિ જવાથી, એ સમીપ ગયો. આહા..હા..! પર્યાયની રુચિમાં-પર્યાયદૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવથી દૂર હતો. પર્યાયદૃષ્ટિને છોડીને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરવાથી સ્વભાવની સમીપ ગયો. આમાં એક અક્ષર ફરે તો ફેરફાર થઈ જાય. આ તો સિદ્ધાંત છે. સમજાય છે કાંઈ? **'પુદ્ગલથી...'** પહેલાંમાં પુદ્ગલકર્મથી એમ હતું. **'बद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां बद्धस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः पुद्गलास्पर्शय'** છે ને? **'आत्मस्वभावमुपेत्याभूयमानतायामभूतार्थम्।'** એ તો પુદ્ગલ લીધા ત્યાં. **'पुद्गलास्पर्शयमात्मस्वभावमुपेत्या'**. ત્યાં પુદ્ગલ શબ્દ નથી. અહીં પુદ્ગલ નાખ્યું. એ તો બેયમાં આવી ગયું ને? પહેલાંમાં શબ્દ નથી. જુઓ સંસ્કૃત.

**'आत्मनोऽनादिबद्धस्य बद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां बद्धस्पृष्टत्वं भूतार्थ '** બસ એટલું. એટલે ત્યાં પુદ્ગલ શબ્દ ન લીધો. ચંદુભાઈ! ત્યાં પુદ્ગલ (શબ્દ) પહેલાં નથી લીધો. અર્થમાં લીધું પુદ્ગલકર્મ, સ્પષ્ટ કરવા. પછી લીધું, **'कान्ततः पुद्गलास्पर्शयमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।'** ત્યાં પુદ્ગલ લીધું. અહીં જ લીધો છે. શું કહ્યું? આત્માની વર્તમાન પર્યાયમાં રાગનો અને કર્મનો સંબંધ વર્તમાન વ્યવહાર જોવામાં આવે તો છે. જેમ પાણીમાં ડૂબેલું કમળ છે, પાણીનો સ્પર્શાવારૂપ સંયોગસંબંધ વ્યવહાર (છે ખરો), પણ સ્વભાવની દૃષ્ટિ કરવાથી પાણીને જરાય અડ્યું નથી; એમ ભગવાન આત્મા કર્મના વર્તમાન સંબંધથી જુઓ તો અવસ્થાદૃષ્ટિથી પુદ્ગલથી બદ્ધસ્પૃષ્ટ છે, પણ એના સ્વભાવને જુઓ તો બદ્ધસ્પૃષ્ટ એ અસત્યાર્થ છે. સ્વભાવદૃષ્ટિ કરવાથી બદ્ધસ્પૃષ્ટપણું રહેતું નથી. આરે.. આવું સમજવું. આવો માર્ગ છે, ભાઈ! દિગંબર સંતોએ આટલી ટીકા કરીને કરુણા કરીને જગતને હિત માટે (સત્ય જાહેર કર્યું છે) જંગલમાં રહીને. આહા..હા..!

**શ્રોતા :-** કમળનું પાન છે એ ભીનું થયું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભીનું થયું જ નથી. ભીનું થયું જ નથી. ઈ આમ સંબંધથી જુઓ તો છે એટલો સંબંધ, ભીનું તો થયું જ નથી. ફક્ત કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું છે, એટલું બસ. એના સ્વભાવમાં પાણીનું એકત્વ થયું છે, એમ છે જ નહિ, પર્યાયમાં પણ. ફક્ત વ્યવહારનો સંબંધ છે એટલું ભૂતાર્થ કહેવામાં આવ્યું. આહા..હા..!

'પુદ્‌ગલથી જરાય...' વ્યવહાર છે એટલું માન્યું છે એણે. છે, વ્યવહારથી બદ્ધ છે, પણ એ માન્યતા દૃષ્ટિની વિપરીતતા છે. પર્યાયમાં છે, પણ એની સ્વભાવદૃષ્ટિથી જુઓ તો રાગ અને કર્મથી બિલકુલ સ્પર્શસંબંધ નથી. આહા..! દ્રવ્યસ્વભાવ જુઓ, ભગવાન જ્ઞાયક-સ્વભાવ ચૈતન્યમૂર્તિ પરમપ્રકાશરૂપ ચૈતન્યના નૂરના તેજના પ્રકાશની પૂર્ણતા ઉપર દૃષ્ટિ દેવાથી એ રાગનો અને કર્મનો સંબંધ અસત્યાર્થ છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઈ સમયે અહીં જુઓ તો નથી. દૃષ્ટિ ત્યાં કરો તો નથી, પર્યાયમાં છે. વ્યવહાર છેને, બિલકુલ નથી એમ તો છે નહિ. રાગ થાય છે અને રાગની સાથે કર્મનો નિમિત્તસંબંધ છે અને રાગનો પણ પર્યાય સાથે વ્યવહારસંબંધ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે, ભાઈ! ભાઈ! તારી ચીજ તો અંતર કર્મના સંબંધે વર્તમાન અવસ્થાથી જુઓ તો છે, પણ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવની સમીપ જતાં અર્થાત્ પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, શાંતભાવ, વીતરાગભાવ, પરમાનંદભાવ, અભેદભાવ, સત્યાર્થભાવની સમીપ (જવાથી) નામ દૃષ્ટિ કરવાથી એ વ્યવહાર બંધ છે તે અસત્યાર્થ છે. આહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. હજી તો આ એક બોલ થયો. અબદ્ધસ્પૃષ્ટનું વ્યાખ્યાન ચાલે છે. હજી તો આવા ચાર બીજા છે. પાંચ બોલ છે ને. આહા..હા..! સમજાવવામાં ક્રમ પડે છે, સમજવામાં એકસાથે છે. પહેલો અબદ્ધસ્પૃષ્ટ જણાય અને પછી અનન્ય જણાય એમ નથી, પણ સમજાવવામાં કેમ સમજાવે?

કર્મના સંબંધથી અવસ્થાથી જુઓ તો છે, જાણવાલાયક છે, પણ ત્રિકાળી સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી પર્યાયથી અધિક અર્થાત્ ભિન્ન એવા સ્વભાવની સમીપ જઈને જોતાં એ પર્યાયદૃષ્ટિનો સંબંધ છે તે અસત્યાર્થ થઈ ગયો. આહા..હા..!

**શ્રોતા** :- દૃષ્ટિમાં અભાવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એટલો અસત્યાર્થ છે, બધો અભાવ છે. થોડો સંબંધ રહ્યો એનો ત્રિકાળમાં તો અભાવ જ છે. સમજાય છે કાંઈ? એકસાથે દૃષ્ટિમાં અભાવ થયો. પછી થોડો સંબંધ છે એ વ્યવહારનયથી જાણવામાં આવે છે, ગૌણ કરીને. આહા..હા..! એ તો એમ કહ્યું કે સમ્યગ્દર્શન થયું એ તો અનંતાનુબંધી કર્મનો અભાવ થઈ ગયો, પણ બીજો ભાવ છે કે નહિ? પણ એ બીજો ભાવ પર્યાયમાં છે. પર્યાયદૃષ્ટિથી છોડીને જુઓ તો અંદરમાં કંઈ સંબંધ નથી. ઈ વાત છે. દ્રવ્યસ્વભાવ સાથે શું સંબંધ? વસ્તુ ત્રિકાળી નિરાવરણ નિર્લેપ ચીજ અંદર પડી છે આખી. આહા..હા..! જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનના તેજના નૂરના તેજનો પુંજ. તેજઃપુંજ આપણે આવ્યું હતું, નિયમસારમાં.

ચૈતન્યના પ્રકાશનું તેજઃપુંજ એની દૃષ્ટિ કરવાથી પર્યાયનો ભાવ ગૌણ થઈ ગયો, અસત્યાર્થ થઈ ગયો. ગૌણ થઈને અસત્યાર્થ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્રિકાળી ભગવાન

આત્મા નિત્યાનંદ પ્રભુના સ્વભાવ સમીપ જઈ—સ્વભાવ ઉપર દૃષ્ટિ જવાથી સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્જ્ઞાન ત્યારે થાય છે, સાચું જ્ઞાન ત્યારે થાય છે. શાસ્ત્ર ભણ્યો હોય, અગિયાર અંગ ભણ્યો હોય, ગમે તો હો, એ જ્ઞાન નહિ. સવારે આવ્યું હતું ને? સમંતભદ્રાચાર્ય. ન્યૂન, અધિક અને વિપરીત. સંશયરહિત. રત્નકરંડ શ્રાવકાચાર છે ને? સમંતભદ્ર મહારાજ, જે ભવિષ્યમાં તીર્થંકર થવાના છે એવું કથન આવે છે. એ પોતે કહે છે, વસ્તુનું જ્ઞાન એવું સત્ય હોવું જોઈએ કે ન્યૂન અર્થાત્ ઓછું પણ નહિ, વિપરીત નહિ અને અધિક નહિ. સવારે આવ્યું હતું ને? ભાઈ! આહા..હા..! ઓછું, અધિક અને વિપરીત. એ આવે છે ૨૫ મિથ્યાત્વમાં, સ્થાનકવાસીમાં. ૨૫ મિથ્યાત્વ આવે છે ને, એમાં આવે છે. જેવી વસ્તુ છે તેથી ઓછું ન માનવું, જેવી છે તેનાથી અધિક નહિ માનવી, જેવી છે તેનાથી વિપરીત નહિ માનવું. જેવી છે, જેવો પૂર્ણ અખંડાનંદ પ્રભુ તેની તેવી દૃષ્ટિ કરવાથી વ્યવહારની અવસ્થા અભૂતાર્થ થઈ જાય છે, દૃષ્ટિમાં રહેતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.'** એક બોલ થયો. ક્યો એક બોલ? અબદ્ધ-અસ્પૃષ્ટ, અબદ્ધ-અસ્પૃષ્ટ. આહા..હા..! બીજી રીતે કહીએ તો બદ્ધ નથી એમ કહ્યું નાસ્તિથી, અસ્તિથી કહીએ તો ઈ મુક્તસ્વરૂપ છે. વસ્તુ છે એ મુક્તસ્વરૂપ જ છે. આહા..! 'તું છો મોક્ષસ્વરૂપ' એમ આપણે આવે છે ને? ૩૨૦માં. શક્તિરૂપ તો મોક્ષ જ છે ત્રિકાળ. એની વાત અહીં નથી ચાલતી. ક્યા ઉપાયે મોક્ષ થાય? એ તો પ્રગટ પર્યાયની અપેક્ષાએ શું ઉપાય છે. શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાળ છે જ. પ્રથમથી જ શક્તિરૂપ ન હોય તો વ્યક્તતા ક્યાંથી થશે? શક્તિમાંથી વ્યક્તતાનો વિસ્તાર થાય છે કે નહિ?

લીંડીપીપરનો દૃષ્ટાંત આપ્યો હતો ને? છોટીપીપર. એમાં ચોસઠ પહોરી-રૂપિયો, ચોસઠ પૈસા, સોળ આના-રૂપિયો-પૂર્ણ-સર્વ, પૂર્ણ તીખાશ અંદર પડી છે શક્તિરૂપ, તો વ્યક્તરૂપે પૂર્ણ ચોસઠ પહોરી પ્રગટ થાય છે. છે એમાંથી, પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમ ભગવાન આત્મામાં પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ મોક્ષસ્વરૂપ પડ્યું છે. આહા..હા..! ત્યારે કહે, અત્યારે? અત્યારે, અત્યારે. આહા..હા..! સ્વરૂપ જ મોક્ષ છે. તું છો મોક્ષસ્વરૂપ. અબદ્ધ તો નાસ્તિથી વાત કરી. અનુભવ થયો છે અસ્તિથી. આહા..! મોક્ષસ્વરૂપ ભગવાન પૂર્ણસ્વરૂપ. આહા..હા..! આવો કાયમી અસલી સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી વર્તમાન અવસ્થા ત્યાં ગૌણ થઈ જાય છે અથવા અસત્યાર્થ થઈ જાય છે. ભલે અવસ્થા હો થોડી, સમજાય છે કાંઈ? વસ્તુમાં એ નથી. આહા..!

એ અબદ્ધસ્પૃષ્ટ એક વાત કરી. હવે અનન્ય. અનન્ય છે ને બીજો બોલ? **'વળી, જેમ માટીનો, કમંડળ,...'** માટી-માટી. **'કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે,...'** માટીનો કમંડળ, ઘડો, ઝારી આદિ પર્યાયોથી અનુભવ કરતાં અનેરી-અનેરી અવસ્થા, અવસ્થાની અપેક્ષાથી સત્યાર્થ છે. આહા..હા..! માટીનો દૃષ્ટાંત આપ્યો. અશુદ્ધનય, શુદ્ધનય આવ્યું ને? ૪૭ નય. ત્યાં એમ લીધું છે કે

માટીને ભિન્ન-ભિન્ન પર્યાયથી જોવી એ અશુદ્ધનય છે. ૪૭ નયમાં છેલ્લી નય છે ને? ૪૬, ૪૭ બે. ૪૬ અશુદ્ધનયમાં એમ લીધું છે... પ્રવચનસાર, કે માટીની ભિન્ન-ભિન્ન અવસ્થા છે, એ અવસ્થાથી જોવી તો એ અશુદ્ધનય છે, વ્યવહારનય કહો કે અશુદ્ધનય કહો. સમજાય છે કાંઈ? ભિન્ન-ભિન્ન પર્યાયથી જુઓ તો એ અશુદ્ધનય છે અથવા વ્યવહારનય છે અથવા એને મલિન કહેવાનો વ્યવહાર છે; અને માટીને માટીરૂપ જોવી, પર્યાયનો ભેદ ન જોવો... આહા..હા..! માટીને માટીરૂપ જોવી એ શુદ્ધનય છે, એ નિશ્ચયનય છે.

એમ આત્મામાં ભિન્ન-ભિન્ન પર્યાયથી જોવું તે અશુદ્ધનય છે. આહા..! વ્યવહારનય કહો, અશુદ્ધનય કહો, પર્યાય કહો, બધું એક જ છે. ભગવાન આત્માને... જુઓ, '**તોપણ સર્વતઃ અસ્ખલિત...**' માટીની કોઈ પર્યાયમાં માટી.. માટી સદાય છે. આહા..હા..! છે? '**એક માટીના સ્વભાવની સમીપ જઈને...**' માટી.. માટી.. માટી એક સ્વભાવ એકરૂપની દૃષ્ટિ કરવાથી '**અનુભવ કરતાં...**' માટીની અનેક પર્યાય છે તે અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આત્માનું વિશેષ લેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

**નોંધ :- પ્રવચન નં. ૪૪ ઉપલબ્ધ નથી.**

## પોષ સુદ-૧૩, બુધવાર, તા. ૧૪-૦૧-૧૯૭૬, ગાથા-૧૪, પ્રવચન નં. ૪૫

આ ૧૪મી ગાથા ચાલે છે. આ આત્મા જે છે, આત્મા એ વસ્તુ સ્વભાવે ચૈતન્યસ્વભાવ અસલી સ્વભાવ, ધ્રુવસ્વભાવ એ અબદ્ધસ્પૃષ્ટ છે. કર્મનો, રાગનો સંબંધ પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિક છે, વસ્તુની સાથે સંબંધ નથી. આહા..હા..! બદ્ધસ્પૃષ્ટ કર્મનો સંબંધ જે નિમિત્તપણાથી બંધની અવસ્થા થાય છે એ દૃષ્ટિથી જુઓ તો પર્યાયમાં ઈ છે, પર્યાય એની છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનયની પર્યાય એની છે, પણ એટલામાં આત્માનો અનુભવ નથી થતો. આત્મા તો ત્રિકાળી જ્ઞાયકભાવ અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એની સમીપ જઈને એમાં એકાગ્ર થાય ત્યારે આત્માનો અનુભવ-અનુભૂતિ-સમ્યગ્દર્શન થાય છે. આહા..! સમજાય છે કાંઈ? પર્યાયનયથી

જુઓ તો એ છે. વર્તમાન, વર્તમાન. કર્મ અને રાગનો સંબંધ પર્યાયમાં છે. એ અપેક્ષાથી વર્તમાન વ્યવહારનયના વિષયથી ભૂતાર્થ છે, પણ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવાથી અથવા ત્રિકાળી જ્ઞાયક શુદ્ધજ્ઞાનઘન, જ્ઞાનરસ એમ અંતર દૃષ્ટિ કરવાથી એ અભેદમાં ભેદ નથી. ભેદ-પર્યાય ત્યાં ગૌણ થઈ ગઈ, અભાવ નહિ. ગૌણ થઈને એને અસત્યાર્થ કહ્યું અને ત્રિકાળી ચૈતન્યસ્વભાવ શુદ્ધ ધ્રુવની સમીપ જવાથી એ બદ્ધસ્પૃષ્ટ આદિ અસત્યાર્થ છે. આહા..હા..! મૂળ રકમની વાત છે. એક વાત એ થઈ.

બીજી વાત. આત્મામાં નરકગતિ, મનુષ્યગતિ, દેવગતિ, અન્ય-અન્ય કાર્યરૂપ પર્યાય છે. એ અપેક્ષાથી નરક-મનુષ્યગતિ આદિ પર્યાયની દૃષ્ટિથી તે સત્યાર્થ છે. સત્યાર્થનો અર્થ એ છે. સમજાય છે કાંઈ? જેમ પોતાની અપેક્ષાથી બીજા આત્મા અને બીજા શરીરાદિ અસત્યાર્થ છે. શું કહ્યું સમજાણું? પોતાના સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય એ પોતાના અસ્તિત્વથી સત્ છે અને પોતાના અસ્તિત્વની અપેક્ષાથી બીજા આત્મા અને જડ તે અસત્ છે કેમકે પર છે. એમ અંતરમાં ભિન્ન-ભિન્ન પર્યાય જોવાથી ઈ છે, પરંતુ ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ કરવાથી અન્ય-અન્ય ભાવ ગૌણ થઈ ગયા, અસત્ય થઈ ગયા. છે છતાં સત્યના અનુભવમાં એ આવતા નથી તેથી તેને અસત્ય કહેવામાં આવ્યા છે. આવી વાત છે. આહા..! સમજાય છે કાંઈ? ઈ બે બોલ તો ચાલી ગયા.

ત્રીજો બોલ. દૃષ્ટાંત ચાલ્યો છે. '**જેમ સમુદ્રનો વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે-સત્યાર્થ છે,...**' પાણીમાં ભરતી આવે છે અને બીજું શું કહે છે? ઓટ. ઈ અપેક્ષાથી સમુદ્રની પર્યાય આવે છે-જાય છે એ અપેક્ષાથી તો સત્ છે, ઈ પર્યાયદૃષ્ટિથી જુઓ તો એમ છે. '**તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્ર સ્વભાવ...**' નિત્ય-ધ્રુવ. અહીં સમુદ્ર (છે). નિત્ય-સ્થિર આત્મામાં જાય છે. નિત્ય-સ્થિર. નિત્ય એટલે સ્થિર '**સમુદ્ર સ્વભાવની સમીપ જઈને...**' ભાષા જુઓ! એ સમુદ્ર ધ્રુવ એકરૂપ છે એમ દૃષ્ટિ કરવાથી અનિયતપણું અસત્યાર્થ થઈ ગયું. પર્યાયનું લક્ષ છોડવું અને ત્રિકાળનું લક્ષ કરવાથી પર્યાયનું સત્યપણું પર્યાયથી હતું, તે અહીંયાં અસત્ય થઈ ગયું. આવી વાત છે. સમજાય છે કાંઈ?

'**એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ...**' પર્યાયમાં હિનાધિક દશા થાય છે. ઓહો..હો..! નવ પૂર્વની લબ્ધિરૂપ જ્ઞાનની પર્યાય થાય છે અને ઘટીને અક્ષરના અનંતમા ભાગે પર્યાયમાં ક્ષયોપશમ નિગોદમાં રહે છે, ઈ અપેક્ષાથી અનિયતપણું છે, પર્યાયમાં એકપણું ન રહ્યું. હિન-અધિક, હિન-અધિક એ અપેક્ષાથી '**અનુભવ કરતાં...**' એટલે કે જાણવાથી '**અનિયતપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે,...**' આહા..હા..! પહેલા તો બદ્ધસ્પૃષ્ટ લીધું હતું. એની અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિ... અબદ્ધસ્પૃષ્ટનો અર્થ છે ઈ તો નકારથી આવ્યું. હકારથી જુઓ તો અબદ્ધ નામ મુક્તસ્વરૂપ આત્મા છે. આહા..હા..! શક્તિરૂપ-સ્વભાવરૂપ તો મુક્ત જ છે. એ મુક્તની દૃષ્ટિ કરવાથી

બદ્ધસ્પૃષ્ટપણું ગૌણ થઈ જાય છે, ગૌણ કરીને વ્યવહાર કરીને અસત્ય કહ્યું છે. સમજાય છે કાંઈ?

એમ અહીંયા આત્મામાં પર્યાયમાં હાનિવૃદ્ધિ (થાય છે). ક્યાં અક્ષરનો અનંતમો ભાગ અને ક્યાં નવ પૂર્વની લબ્ધિ—એમ પર્યાયમાં હિનાધિકતા થાય છે, એ અપેક્ષાથી અનિયતપણું સત્ય છે, પર્યાયની અપેક્ષાથી સત્ય છે; પણ એમાં ત્રિકાળી આત્મા અનુભવમાં ન આવ્યો, તો પર્યાયનો અનુભવ થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ વ્યવહાર થયો. ત્રિકાળ જ્ઞાયકભાવ અનુભવમાં આવતાં આત્માની સાચી શ્રદ્ધા અને અનુભવ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? છે?

**'તોપણ નિત્ય-સ્થિર નિશ્ચલ એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** સમીપનો અર્થ જે પર્યાયની રુચિ હતી ત્યારે તો જ્ઞાયકભાવ દૂર હતો. અનિયતપણાની પર્યાયની રુચિ દૃષ્ટિ હતી ત્યારે તો જ્ઞાયકપણું દૂર હતું, પરંતુ એ અનિયતપણાની દૃષ્ટિ છોડીને ત્રિકાળી નિત્યની દૃષ્ટિ કરવાથી એ સત્યાર્થ થયો, પર્યાય અસત્ય થઈ ગઈ. આહા..હા..! અસત્યનો અર્થ ગૌણ કરીને 'નથી' એમ કહેવામાં આવ્યું છે, અભાવ કરીને નથી એમ 'નથી' કહેવામાં આવ્યું નથી. આહા..હા..! આવો માર્ગ. આત્મસ્વભાવ, નિશ્ચલ આત્મસ્વભાવ, ધ્રુવસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, પરમપારિણામિક નિત્યાનંદ પ્રભુ એવા સ્વભાવની સમીપ જઈને. સમીપ જઈને કહો કે મુખ્યપણું કરીને કહો. ભાઈ! ૩૧ ગાથામાં આવ્યું ને? ઈ સવારમાં કહ્યું હતું.

**'णाणसहावाधियं मुणदि आदं'** ૩૧ ગાથા. પર્યાયમાં ઈન્દ્રિયનો ક્ષયોપશમ ભાવેન્દ્રિય છે, ભાવેન્દ્રિયનો ક્ષયોપશમ છે. એક-એક ઈન્દ્રિય એક-એક વિષયનું જ્ઞાન કરે છે એ ભાવઈન્દ્રિય, આ જડ ઈન્દ્રિય પાંચ અને ઈન્દ્રિયનો વિષય. ચાહે તો સ્ત્રી, કુટુંબ હો અને ચાહે તો ભગવાન અને ભગવાનની વાણી હો, એ બધા ઈન્દ્રિયના વિષયને પણ ઈન્દ્રિય કહી દીધું છે. આહા..હા..! **'णाणसहावाधियं'**. આ તો આપણે સમીપ-અધિક-મુખ્ય (એકાર્થમાં લેવું છે). ભાઈ! સવારમાં કહ્યું હતું જંગલ જાતા. **'णाणसहावाधियं'** જ્ઞાયકભાવની પર્યાયમાં હિનતાનું લક્ષ છોડી, પેટામાં રાખી ત્રિકાળી જ્ઞાયકભાવ અધિક છે, પર્યાય જેવડો નથી એ તો અધિક છે. બીજી ભાષાએ કહ્યું કે અધિક નામ ભિન્ન છે, ટીકમાં એવો અર્થ કર્યો છે. આહા..હા..! ત્યાં અધિક કહ્યું, ૧૧મી ગાથામાં પૂર્ણ મુખ્ય સત્યને નિશ્ચય કરીને સત્યાર્થ કહ્યું. અહીં સમીપ જઈને સત્યાર્થ કહ્યું. શું કહ્યું સમજાણું? આહા..હા..!

વર્તમાન પર્યાયમાં હિનાધિક અવસ્થા જ્ઞાનની, દર્શનની, વીર્ય આદિની થાય છે એ અપેક્ષાથી તો બરાબર છે, પણ એમાં આત્માનો ત્રિકાળી અનુભવ ન આવ્યો. એક સમયની પર્યાય એ તો વ્યવહાર થઈ ગયો. ત્રિકાળી જ્ઞાયકભાવ જે ધ્રુવ છે એની સમીપ જવાથી, પર્યાયથી અધિક-ભિન્ન પડવાથી, પોતાના સ્વભાવથી પર્યાય દૂર હતી એ પર્યાયને અનુભૂતિને દ્રવ્યસ્વભાવ તરફ ઢાળવાથી અનિયતપણું અસત્ય છે. છે? **'અનિયતપણું અભૂતાર્થ છે...'** રતનચંદજી

એમ કહે છે કે અભૂતાર્થ છે ઈ બરાબર છે. અભૂતાર્થનો અર્થ અસત્યાર્થ છે એમ ન કહો. પંડિતજી! રતનચંદજી છે ને? મુખ્ત્યાર. ઈ કહે છે કે વ્યવહાર અભૂતાર્થ બરાબર છે, પણ અભૂતાર્થનો અર્થ અસત્ય કરે છે એ જૂઠો કરે છે, એમ કહે છે. આ તો જયસેનાચાર્યે ટીકામાં કહ્યું છે. અભૂતાર્થ કહો, અસત્યાર્થ કહો. અરે..! લોકોને આગ્રહ થઈ જાય છે ને. એમ કે અસત્ય નહિ. અભૂતાર્થનો અર્થ શું થયો? અ (એટલે) નહિ. ભૂત નામ નહિ. અ નહિ. ઈ કહો કે અસત્ય કહો. ગૌણ કરીને અસત્ય કહ્યું છે, અભાવ કરીને અસત્ય કહ્યું છે, એમ નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં કહ્યું કે ભગવાન આત્મા...! આ સમ્યગ્દર્શનનો વિષય. પર્યાયમાં અનિયતપણું, અનિશ્ચિતપણું, હિનાધિક પર્યાય થવા છતાં પર્યાયના લક્ષે તો એ સત્ય છે, પણ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરવાથી જ્ઞાયકભાવની સમીપ જવાથી, એને મુખ્ય કરીને ત્યાં દૃષ્ટિ જવાથી એ અનિયતપણું ગૌણ કરીને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? આ પૈસા કમાવામાં આવી મહેનત નથી કરવી પડતી. કેમકે પૈસા તો પૂર્વના પુણ્ય છે તો મળે છે. બુદ્ધિ વિનાના માણસો હોય તો પણ અત્યારે કરોડો રૂપિયા છે અને બુદ્ધિ હોય તો પણ પરસેવા ઉતરે છે, પેદા નથી થતા. એ કંઈ પુરુષાર્થથી લક્ષ્મી મળે છે એમ નથી. આહા..હા..! આ ધર્મ તો પુરુષાર્થથી થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

નિત્ય-સ્થિર એકરૂપ ધ્રુવ નિશ્ચલ એક સ્વભાવ, એની દૃષ્ટિ કરવાથી, ત્યાં દૃષ્ટિ મૂકવાથી તેની સમીપ જવાથી અનિયતપણું અસત્યાર્થ થઈ ગયું. આહા..હા..! અસત્યાર્થ એટલે લક્ષમાં રહ્યું નહિ. અભેદમાં ભેદ દેખાતા નથી. અભેદમાં અંદર પર્યાય નથી. આહા..! સમજાય છે કાંઈ? અર્થમાં વિશેષ ખુલાસો કરશે. ત્રણ બોલ થયા, ત્રણ. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અનિયત. ત્રણ બોલ લીધા.

ચોથો. '**જેમ સુવર્ણનો,...**' સોનું, સોનું-સુવર્ણ. '**ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે...**' કેમકે સોનામાં પીળાશ, ચીકાશ અને વજન. વજન છે ને? તોલદાર. એ વિશેષતા એનામાં છે. એવી વિશેષતા બીજા પદાર્થ સિવાય એમાં એ વિશેષતા છે. સમજાય છે કાંઈ? '**ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં...**' વિશેષતા છે. પર્યાય-વિશેષતા-કાર્ય છે. પીળાપણું, ચીકાશપણાની દશાભેદ છે. '**તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' બીજા કરતાં એમાં વિશેષતા જે ભેદથી દેખાતી હતી—પીળાશ, ચીકાશ, વજન એ એકલા સોના ઉપર દૃષ્ટિ પડવાથી... છે? '**સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' સામાન્ય સુવર્ણમાં વિશેષ જે ચીકાશ આદિ ભેદ હતા તે અસ્ત થઈ ગયા અને દૃષ્ટિમાં સામાન્ય સોનું રહ્યું. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આવી મોંઘી ઝીણી. સમજાણું કાંઈ?

પહેલા કર્મનો સંબંધ બંધ આદિ એમાં છે, પરમાણુમાં છે અને બીજામાં નથી, પણ

આમાં છે, પણ એમાં આખા આત્માનો અનુભવ નથી થતો. તેથી તેને અસત્યાર્થ કહીને ત્રિકાળી અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ થવો તે જ અનુભૂતિ અને સમ્યગ્દર્શન છે. એમ નરકગતિ આદિ ગતિ જીવમાં છે, પરમાણુમાં એ વિશેષતા નથી. સમજાય છે કાંઈ? નરકગતિ, મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચગતિ એ ગતિ છે, બીજામાં-પુદ્ગલમાં એવું નથી ઈ અપેક્ષાએ વિશેષ એનામાં છે, પણ એ વિશેષમાં અંશ આવ્યો, ત્રિકાળી વસ્તુ ન આવી. તેથી ત્રિકાળી વસ્તુની સમીપ દૃષ્ટિ કરવાથી એ અન્ય- અન્ય ગતિ અસત્યાર્થ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

એમ સમુદ્રમાં હિનાધિકતા થાય છે. બીજા પથરામાં આમ-આમ નથી થતું. સમુદ્રમાં ભરતી આવે છે એવી વિશેષતા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પણ એ સમુદ્રને નિશ્ચલ ધ્રુવ સ્થિર દૃષ્ટિથી જુઓ તો સમુદ્રમાં એ અનિયતપણું જૂઠું છે. એમ ભગવાન આત્મામાં પર્યાયમાં જ્ઞાનની પર્યાય હિણી અને અધિક એમ છે, જડમાં એવું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એમ જ્ઞાન, દર્શન, વીર્ય આદિ પર્યાયમાં હિનાધિકતા થાય છે તો એ અપેક્ષાથી બીજી ચીજ કરતાં એ હિનાધિકની અવસ્થા વિશેષ અંદર છે, પણ ત્રિકાળી જ્ઞાયકનો અનુભવ કરતાં, આહા..! અંતર્મુખ વસ્તુ તરફ દૃષ્ટિ કરવાથી, અંતરાત્મા પૂર્ણાનંદ પ્રભુની દૃષ્ટિ કરવાથી એ અનિયતપણું જૂઠું થઈ ગયું. સમજાણું કાંઈ?

એમ સુવર્ણની ચીકાશ, વજન આદિ લોઢામાં નથી, લાકડીમાં એવી વિશેષતા નથી. સમજાય છે કાંઈ? પીળાશ, વજન એવી વિશેષતા સોનાની પર્યાયમાં છે એ અપેક્ષાથી સત્યાર્થ છે, પણ ત્રિકાળ સોનાનો નિશ્ચળ સ્થિર સ્વભાવ જોવાથી (વજન આદિ) અભૂતાર્થ-અસત્યાર્થ થઈ ગયું. આહા..! મુખ્ય ગૌણની વાત છે. સમજાય છે કાંઈ? '**જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' વિશેષ વિલય થઈ ગયા છે એનો અર્થ સોનાની દૃષ્ટિમાં પર્યાયની પીળાશ, ચીકાશ હતી તે દૃષ્ટિમાં ન રહી, એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભગવાન! આ વાત લોકોને સત્ય શું છે એ વસ્તુ તરફ કોઈ દી ઝુકાવ થયો નહિ. માની લીધું. સમજ્યા? અને વ્રત ને નિયમ ને તપમાં ચાલ્યા ગયા મિથ્યાત્વસહિત. આહા..! આ ચીજ હાથ ન આવી. સવારે કહ્યું હતું ને? મુનિવ્રત ધાર અનંત બૈર. તમે કહ્યું હતું. આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. આહા..! આત્મજ્ઞાન.

ઈ આપણે આવ્યું હતું ને, ભાઈ? નિયમસાર, ત્રીજી ગાથા. પરિજ્ઞાન એવો શબ્દ આવ્યો હતો. આત્માના જ્ઞાનમાં 'પરિજ્ઞાન' શબ્દ આવ્યો હતો. પરિજ્ઞાનનો અર્થ પૂર્ણ-આત્મા જેવો પૂર્ણ છે એવું પર્યાયમાં જ્ઞાન થવું એનું નામ પરિજ્ઞાન છે. બીજી ભાષાએ કહીએ તો આત્મજ્ઞાન, આત્મજ્ઞાન, પર્યાયનું જ્ઞાન ને રાગ એ નહિ. આહા..હા..! પરિપૂર્ણનું જ્ઞાન એને જ પરિજ્ઞાન અને એને જ સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. પરિપૂર્ણની પ્રતીતિ એને જ સમ્યગ્દર્શન અને શ્રદ્ધા કહેવામાં આવે છે અને પરિપૂર્ણમાં સ્થિરતા. સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં સ્થિરતા એમ નહિ. પરિપૂર્ણ વસ્તુ છે એની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. પરિપૂર્ણ તત્ત્વ છે તેનું જ્ઞાન-પરિજ્ઞાન

તેનું નામ આત્મજ્ઞાન. આહા..હા...! આત્મજ્ઞાનનો અર્થ આખો આત્મા જ્ઞાનમાં આવ્યો. જ્ઞાનમાં આવ્યો, હોં! વસ્તુ પર્યાયમાં નથી આવતી. પરિજ્ઞાન જે છે એ પર્યાય છે, તો પર્યાયમાં જેવો છે તેવું જ્ઞાન થયું, પણ આત્મા પર્યાયમાં આવ્યો નહિ. સમજાય છે કાંઈ? નવરંગભાઈ! ઝીણી વાત છે, ભગવાન! પરિજ્ઞાન શબ્દ વાપર્યો હતો.

અહીંયા આત્મવસ્તુ જે અખંડ પરિપૂર્ણ નિત્ય વસ્તુ છે, એનું સંપૂર્ણ જ્ઞાન થયું, સંપૂર્ણનું જ્ઞાન થયું, આખા આત્માનું જ્ઞાન થયું એનું નામ જ્ઞાન કહે છે. શાસ્ત્રનું જ્ઞાન ઈ જ્ઞાન નહિ. એક સમયનું જ્ઞાન એ જ્ઞાન પણ નહિ. આહા..હા..! આત્મજ્ઞાન શું? એનો અર્થ, જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ પૂર્ણ વસ્તુનું જ્ઞાન થાય છે. પૂર્ણ વસ્તુ પર્યાયમાં આવતી નથી, પણ પૂર્ણનું જ્ઞાન આવે છે. આહા..હા..! આવી વાત છે. એક સમયની પર્યાયમાં પૂર્ણ વસ્તુ છે એને જ્ઞેય બનાવીને પર્યાયમાં જ્ઞાન થયું, પણ એ પર્યાયમાં જે દ્રવ્ય છે તે પર્યાયમાં આવ્યું નહિ. પર્યાયમાં એનું જ્ઞાન આવ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? પર્યાયમાં આખા દ્રવ્યનું જ્ઞાન ન આવ્યું? એને જ આત્મજ્ઞાન કહે છે. ઝીણી વાત, ભાઈ!

પર્યાયમાં એની સન્મુખ થયો તો એનું જ્ઞાન થઈ ગયું. પર્યાય છે ને? ભાઈ! જ્ઞાનની અવસ્થા એ રાગ ઉપર ઢળતી હતી તો એમાં દ્રવ્યનું જ્ઞાન નહોતું, એમાં રાગનું જ્ઞાન હતું, શાસ્ત્રનું જ્ઞાન હતું. સમજાય છે કાંઈ? પણ એ જ્ઞાન પર તરફનો ઝુકાવ છોડીને.. જે પર તરફનો ઝુકાવ જે પર્યાયનો છે એ પર્યાય અંતર્મુખ નથી થતી, એ તો પર તરફ ઢળેલી છે, પણ પછી... સૂક્ષ્મ વાત છે, હોં! પછી દ્રવ્ય તરફ લક્ષ કરવાથી જે પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયે એનો આશ્રય લીધો અને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! જુઓને, વીતરાગમાર્ગ આવો ક્યાંય છે? આહા..હા..! શ્રીપાલજી!

એમ અહીંયા '**સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી...**' કેમકે જ્ઞાન, દર્શન પર પદાર્થમાં નથી એ અપેક્ષાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એ વિશેષતા એની પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? વિશેષ નામ પરમાં તો એવી વિશેષતા છે નહિ. જે આ જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ એ વિશેષતા તો પરમાં છે જ નહિ, તો ઈ અપેક્ષાથી આત્માની પર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ-વિશેષતા છે. આહા..હા..! '**ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે...**' બીજામાં એવું નથી. એની પર્યાયમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તોપણ...**' પર્યાયમાં આવા જ્ઞાન, દર્શનના ભેદ વિશેષરૂપ પ્રકાર હોવા છતાં '**જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' એનામાં વિશેષ છે, પણ સામાન્ય જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડવાથી.. ભાષા એમ લીધી છે, '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' એમ ભાષા લીધી છે એનો અર્થ કે ભૂતાર્થનો આશ્રય કરવાથી. સમીપ જઈને કહો, મુખ્ય કરીને કહો,

આશ્રય લઈને કહો, બધી એક જ વાત છે. આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો પૂર્ણ આત્મા, એ અલૌકિક વાત છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પર્યાય છે, એવી પર્યાય પરમાણુ પુદ્‌ગલ કે બીજા પાંચ દ્રવ્યમાં નથી એ અપેક્ષાથી વિશેષ ભેદ છે ઈ છે. બીજા કરતાં એનામાં આ વિશેષ પર્યાયભેદ છે. આહા..હા..!

'**તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' લ્યો, અસ્ત થઈ ગયા, ગૌણ કરી નાખ્યા. '**એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' ચૈતન્યસ્વભાવ, ચૈતન્યરૂપ સ્વભાવ. ચૈતન્ય આકાર આવ્યું હતું ને? આકાર નહોતું આવ્યું? ચૈતન્ય આકાર. આવ્યું હતું? આહા..હા..! '**એક ચૈતન્યાકાર સ્વભાવની સમીપ જઈને...**' ઈ કાલે આવ્યું હતું. આહા..હા..! સોનામાં પીળાશ, ચીકાશ, વજન બીજા પદાર્થ કરતાં એનામાં વિશેષતા છે, એમાં વિશેષપણું છે અને વિશેષપણું એનામાં છે. બીજા કરતાં વિશેષ છે અને વિશેષપણું પણ એનામાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ સોનું, સોના ઉપર દૃષ્ટિ પડવાથી અર્થાત્ સોનાની સમીપ દૃષ્ટિ રાખવાથી એ ભેદ ગૌણ થઈ ગયા, અસ્ત થઈ ગયા, અસત્યાર્થ થઈ ગયા. એકલું સોનું સત્યાર્થ રહ્યું. એમ ભગવાન આત્મામાં વિશેષતા—જ્ઞાન, દર્શન આદિ ભેદ છે. એ સાતમી ગાથામાં આવ્યું.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

આહા..હા..! સમયસાર તો ભાગ્ય જગતના કે રહી ગયું ભરતમાં, ભરતક્ષેત્રે આ પુસ્તક રહી ગયું. આહા..! વાણી કેવળજ્ઞાનના કેડાયતની વાણી છે. કેવળજ્ઞાનનો વિરહ ભૂલાવે એવી વાત છે. આહા..હા..!

સમુદ્રને હાનિવૃદ્ધિની અપેક્ષાથી... ઈ નહિ, આ તો સાનું (ચાલે છે). પીળાશ, ચીકાશ, વજનની અપેક્ષાથી વિશેષ છે. આવી વિશેષતા લોઢામાં, લાકડીમાં, આત્મામાં નથી. સમજાય છે કાંઈ? આમ હોવા છતાં એમાં આખું સોનું દૃષ્ટિમાં ન આવ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? સોની-કારીગર દાગીના બનાવે છે ને? દાગીના કહે છે ને? ઝેવર. સોનીને દાગીના બનાવીને આપો તો એ કારીગરની કિંમત નહિ આપે. કારણ કે કારીગર તો પોતે છે. એમાં સોનું કેટલું છે એની કિંમત આપશે. સમજાય છે કાંઈ? આ અત્યારે આપણે આવ્યું ને? ૧૭૦૦૦નું સમવસરણ. જોયું ને? સોનીને દે તો સોની ૧૭૦૦૦ આપે ઈ? કારીગરી નથી જોતો, વસ્તુ કેવી પૂર્ણ છે એમ સોની જોવે છે. ઈ આવ્યું ને હમણાં? નથી જોયું? સમવસરણ ચાંદીનું છે ને. સ્વાધ્યાય મંદિરમાં છે ને. ૬૦૦૦ની કારીગરી છે, ૧૧૦૦૦ની ચાંદી છે. એ સોનીને આપે તો ઈ ૬૦૦૦ કારીગરીના પૈસા આપે? કારીગર તો ઈ છે જ. કિંમત ૧૧૦૦૦ દે, બસ! મૂળ ચીજની. એમ આત્મામાં પર્યાયભેદ છે, સમજાણું કાંઈ? તો જ્ઞાનીના જ્ઞાનમાં એની કિંમત નથી. એઈ..!

એક ભાઈ લાવ્યા હતા. પછી મેં તો ના પાડી, બધાને ના પાડી, આખી સભાને ના

પાડી દીધી. હવે અહીંયા કોઈએ લાવવું નહિ. ચાંદીનું બનાવીને કોઈએ લાવવું નહિ. લાવ્યા હતા ત્યારે સભામાં કહી દીધું, હવે અહીંયાં ચાંદીનું લાવવું નહિ. અહીં ચાંદીને રાખે ક્યાં? પૈસા ખર્ચવા હોય તો શાસ્ત્રની મૂળ (કિંમત) ઘટાડી દેવી. દસ રૂપિયે પડ્યું હોય તો પાંચ-છ રૂપિયે આપવા. એમ શાસ્ત્રમાં નાખો. આમાં નાખીને શું કામ છે? સમજાય છે કાંઈ? સભામાં કહ્યું હતું. અહીં ક્યાં જોખમ (રાખવું)? અહીં તો અમે જંગલમાં આવી ગયા છીએ, રહ્યા છીએ. આ જગ્યામાં આ બધા મઠ ને એ થઈ ગયું છે. આહા..હા..!

અહીંયા કહે છે કે કારીગર એની કારીગરની કિંમત નથી આપતો, મૂળગી મૂડી છે ૧૧૦૦૦ની ચાંદી ઈ આપે; એમ કારીગર-સમ્યગ્દૃષ્ટિ જે છે એની પર્યાયમાં ગુણના ભેદ છે, તેની એને કિંમત નથી. એને કિંમત તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે એની ઉપર એની કિંમત છે. આહા..હા..! સાતમી ગાથા છે ને? સમયસારની.

ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।
ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।

ઈ એક સ્થાનકવાસી સાધુએ વાંચ્યું. આ શું? જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી? તો શું જડને છે? કેમકે એનામાં ઈ વાત છે નહિ એટલે સમજાણી નહિ. જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી એમ સાતમી ગાથામાં આવ્યું.

ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।
ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।

સાતમી છે ને? બસ, જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી? તો શું જડને છે? અરે.. ભાઈ! સાંભળ તો ખરો, કઈ અપેક્ષાથી કહ્યું છે! ભેદ છે એની કોઈ કિંમત નથી. સમજાય છે કાંઈ? કેમકે એમાં પૂર્ણ આત્મા આવ્યો નહિ. સામાન્યપણું જે ચીજ એકરૂપ ત્રિકાળ રહેવાવાળી ચીજ દૃષ્ટિમાં આવી નહિ. તેથી પર્યાયમાં નથી, જ્ઞાનીને ભેદ નથી એમ કહેવામાં આવ્યું છે. જ્ઞાનીને તો એકલો જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો એ જ જ્ઞાયકભાવની કિંમત છે. આહા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત છે. બાપુ! આ તો પરમાત્મા... આહા..! શું વાત! એનો વ્યવહાર પણ... આ બધું કેમ કહ્યું? જેવો વ્યવહાર દ્રવ્યની પર્યાયમાં છે એ પર્યાયનો વ્યવહાર, એવો વ્યવહાર તો અન્ય મતમાં ક્યાંય છે જ નહિ. ભાઈ! જે પર્યાયની વિશેષતાઓ જૈનદર્શનમાં છે એ વર્ણવીને પછી નિષેધ કરે છે. સમજાય છે કાંઈ? ૨૯ બોલમાં પણ ઈ લીધું ને. ભિન્ન-ભિન્ન શુભભાવ નથી, અનુભૂતિથી ભિન્ન છે, ગુણસ્થાનના ભેદ અનુભૂતિથી ભિન્ન છે. ગુણસ્થાન આદિ પર્યાય તો જૈનદર્શનમાં છે, બીજામાં છે ક્યાં? એ જૈન દર્શનના કેવળજ્ઞાનમાં જોયા એવા ભેદરૂપ ભાવ, વ્યવહારરૂપ ભાવ બતાવીને પછી નિષેધ કરવામાં આવ્યો છે. ત્રિકાળીને જોવાથી એમાં વ્યવહાર-ફ્યવહાર નથી. ભગવાનજીભાઈ! આહા..હા..!

સોનામાં ચીકાશ, વજન છે એ ખાસ (છે), બીજા કોઈ પદાર્થમાં નથી. લોઢામાં પણ આવી ચીકાશ અને વજન નથી. સોનાના દાગીના હોય એ તોલદાર હોય છે. પગમાં નાખે ને? શું લોઢાની? બેડી. લોઢાની બેડી કરતાં સોનાની બેડી નાખે તો ભારે પડે. વજન છે. બીજા કરતાં આમાં બીજી વિશેષતા છે, પણ એ વિશેષની કિંમત નથી. આહા..હા..! એ તો પર્યાયદૃષ્ટિ છે. દ્રવ્યદૃષ્ટિ કરવાથી પર્યાયદૃષ્ટિની કોઈ કિંમત નથી. આહા..!

ઈ કહે છે, જુઓ! **'જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** વિશેષતાઓ-ભેદો એ બધા નાશ પામી ગયા. **'એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** ભગવાન આત્મા જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક... જ્ઞાયકનું પૂર, ધ્રુવનું પૂર એમ ને એમ, એમ ને એમ વહે છે. આનાદિઅનંત ધ્રુવ.. ધ્રુવ.. (પ્રવાહ છે). એ ધ્રુવનો પ્રવાહ ચાલે છે, પર્યાયનો નહિ. સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ (છે). સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય બહુ સૂક્ષ્મ છે. એનો પત્તો લાગી ગયો તો ખલાસ થઈ ગયું. એના સંસારનો અંત આવી ગયો. પછી ચારિત્ર ભલે ન હો. સમજાય છે કાંઈ?

શાસ્ત્રમાં આવે છે, દંસણ ભટ્ટા ન સિઝંતિ—સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ મુક્તિ નથી પામતો. ચરિત્ત ભટ્ટા સિઝંતિ. ચારિત્ર ન હોય કે ચારિત્ર ભ્રષ્ટ હોય, પણ એના ખ્યાલમાં છે કે આ સ્થિરતા મારામાં નથી. એ ચરિત્ત ભટ્ટા સિઝંતિ—ચારિત્ર ભ્રષ્ટ છે એ મુક્તિ પામશે કેમકે સમ્યગ્દર્શન હાથમાં છે. દંસણ ભટ્ટા, જ્ઞાન ભટ્ટા, ચરિત્ત ભટ્ટા.. ભટ્ટામાં બધા ભટ્ટા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓહો..! વિલય થઈ ગયા છે, લ્યો. નાશ થઈ ગયા છે? આ દૃષ્ટિમાં એકરૂપ આત્મ સ્વભાવની સમીપ જવાથી, દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં ભેદ રહ્યો નહિ એટલે વિલય થઈ ગયા, એમ કહે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન અને એનો વિષય, અલૌકિક વાત છે, ભાઈ! ટીકામાં લેશે. જુઓ, ભાવાર્થમાં.

**'આ દૃષ્ટિ (અપેક્ષાથી) જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે, પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** છે ભાઈ? ભાવાર્થ છે, ભાવાર્થ. **'પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** ભાવાર્થમાં આઠમી લીટી છે. છે? **'સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે.'** એ આવશે ત્યારે કહેશું. **'આ દૃષ્ટિ (અપેક્ષાથી) જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે, પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** પર્યાયનયથી, અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી, વ્યવહારનયથી ત્રિકાળી જ્ઞાયકભાવ દૃષ્ટિમાં નથી આવતો. આહા..હા..! **'અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય?'** જુઓ, ભેદ-બેદ જાણ્યા એ નહિ. આહા..! પંડિતજીએ ખુલાસા બહુ સરસ કર્યા છે. એકરૂપ ત્રિકાળ સ્વભાવ જાણ્યા વિના આત્માને જાણવું કદી સાચું હોતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? પેલામાં ચિહ્ન કર્યા હશે. આ તો ચિહ્ન વિનાનું છે ને, આ નવું છે ખરું ને. મૂળ વાંચ્યું હશે એમાં ચિહ્ન કર્યું

હશે. આ મુદ્દાની રકમ છે ને! પેલામાં પણ એમ છે. સ્વામી કાર્તિકેય છે ને? સ્વામી કાર્તિકેયમાં.. આણે જ અર્થ કર્યા છે, જયચંદ્રજી પંડિતે. પર્યાય, રાગથી, પુણ્યથી, દયાથી, દાનથી, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ પર્યાયથી તો અનાદિથી જાણ્યું છે, પણ એમાં ત્રિકાળી એક સ્વભાવ જણાતો નથી અને એકરૂપ સ્વભાવ જાણ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. સ્વામી કાર્તિકેય, ટીકા છે ને? એ જયચંદ્ર પંડિતે કરી છે.

જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન.. વજન કહે છે ને? ભારી. એ વિશેષતા છે, બીજા કરતાં એનામાં વિશેષતા છે અને એની પર્યાયભેદમાં એ વિશેષતા છે, પણ આખું સોનું એમાં દૃષ્ટિમાં ન આવ્યું, અંશ આવ્યો; અને આખું સોનું દૃષ્ટિમાં આવ્યા સોનાનું જ્ઞાન યથાર્થ થતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન આદિ ગુણ ભેદ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? છે ને? આત્માનો જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષતા છે, બીજામાં નથી એવી છે અને પર્યાયમાં વિશેષતા છે. **'તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** આહા..હા..! ગુણભેદ પણ નહિ. અલિંગગ્રહણમાં આવ્યું ને ભાઈ? ૧૮મો બોલ. અલિંગગ્રહણના ૨૦ બોલ, ૧૭૨ ગાથા, પ્રવચનસાર. ૨૦ અર્થ, એક (શબ્દના) વીસ અર્થ. અલિંગગ્રહણના ૨૦ અર્થ. એમાં ૧૮મો બોલ છે. આત્મા ગુણી અને ગુણના ભેદને સ્પર્શતો જ નથી. આહા..હા..! આત્મા ગુણી અને ગુણ એવા ભેદને સ્પર્શતો જ નથી. ઝીણી વાત છે. ૧૯માં એ લીધું કે આત્મા પર્યાયને સ્પર્શતો નથી, અડતો નથી, આલિંગન કરતો નથી. આહા..હા..! ૨૦માં (એમ લીધું), આત્મા દ્રવ્યને આલિંગન કરતો નથી. આહા..હા..! એ આત્મા દ્રવ્ય પોતાના સામાન્યને...

દૃષ્ટિ તો દ્રવ્ય પર છે... સમજાય છે કાંઈ? પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું સામાન્યદ્રવ્ય એને આત્મા **'अनालीढ' 'अनालीढ'** શબ્દ છે. આલિંગન કર્યા વિનાનો પર્યાયરૂપ આત્મા છે. પર્યાયરૂપ આત્મા છે. કેમકે અનુભવ છે એ પર્યાયનો છે. ૨૦મો બોલ છે. આહા..હા..! લેવું છે? **'લિંગ એટલે કે ગુણ એવું ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી...'** એને નથી. ગુણભેદ આત્મામાં નથી. ૧૮મો બોલ છે. અલિંગગ્રહણ— લિંગ નામ ગુણભેદ, અ નામ નહિ. આત્મામાં ગુણભેદ નથી. આહા..હા..! છે? ગુણ એવું જે વિશેષ અર્થાવબોધ.. અર્થાવબોધને જ્ઞાનનું નામ આપ્યું છે, પણ બધા ગુણ લેવા, અર્થાવબોધ શબ્દે જ્ઞાન. ગુણી એવો ભગવાન, ગુણભેદ જેને નથી, ગુણભેદ એમાં નથી. **'આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** ગુણના ભેદથી નહિ સ્પર્શિત **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** આહા..હા..! સમજાય છે કાંઈ? ૧૭૨ ગાથા છે. એના ઉપર તો ઘણા વ્યાખ્યાન થઈ ગયા છે ને, ઘણી વાર. અમારે એક અમૃતલાલભાઈ હતા. પાછળ મકાન છે ને. એણે શું કહેવાય? માસિક કાઢતા હતા ને? પ્રવચન-પ્રસાદ. મહિનાના નવ રૂપિયા. એમાં અલિંગગ્રહણના બોલ નાખ્યા છે. અમૃતલાલભાઈ હતા. સ્વાધ્યાય મંદિરની પાછળ મકાન છે. ગુજરી ગયા.

એમણે નાખ્યું હતું, અલિંગગ્રહણ. આત્મા ગુણભેદને નહિ સ્પર્શતો એવો આત્મા અલિંગગ્રહણ છે. લિંગ નામ ગુણભેદ, લિંગ નામ ગુણભેદ, અ નામ નહિ, ગ્રહણ—ગુણભેદનું જેમાં ગ્રહણ નથી. આહા..હા..! સૂક્ષ્મ બહુ ભાઈ! છે? અહીં લીધું ઈ.

'**લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...**' ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ પર્યાયને સ્પર્શતો નથી કેમકે એક સમયની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં એ સંબંધનું જ્ઞાન આવે છે, પણ દ્રવ્ય પર્યાયમાં આવી જાય છે, એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો અપૂર્વ વાત છે. આ તો સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવના માર્ગની સૂક્ષ્મતા છે, ભાઈ! અપૂર્વતા છે. એવી બીજે ક્યાંય છે નહિ. અમારા બેન પૂછતા હતા ને, તમારા ઘરેથી કે ૩૨ સૂત્રમાં આવું કોઈ સૂત્ર છે? એમના પિતાજી ૩૨ છપાવ્યા છે ને એટલે બિચારા બેન ઘરેથી પૂછતા હતા. ૩૨ સૂત્રમાં આવું સૂત્ર ક્યાં છે? મેં કીધું, ૩૨ સૂત્ર કલ્પિત છે. એમને .... સ્થાનકવાસીમાં જ્વાલાપ્રસાદ .. દિલ્હી. જેમાં આ સ્થાનકવાસીના ૩૨ સૂત્ર છે ને? એણે ૧૦૦૦-૧૧૦૦ છપાવ્યા હતા. બધાને મફત આપ્યા. ૩૨ સૂત્ર છે ને સ્થાનકવાસીમાં, એ મફત છપાવ્યા. આ એના જમાઈ અહીંયાં છે. એના જમાઈ અહીંયા છે. મનુમલજી, દિલ્હીથી આવ્યા છે. દીકરી પણ આવી છે. એટલે એણે મને પૂછ્યું, ત્યાં ભાઈ હતા, ઊભા હતા. એમ કે ૩૨ સૂત્રમાં ક્યુ સૂત્ર વાંચવું? મેં કીધું, ૩૨ સૂત્ર તો કલ્પિત છે, ભગવાનના કહેલા નથી. વાત તો એમ છે, ભાઈ! મેં ૩૨ સૂત્ર ૧૭ વાર (વાંચ્યું છે). ભગવતી સૂત્ર છે ને? ભાઈ! એના ૧૬૦૦૦ શ્લોક છે અને સવા લાખની સંસ્કૃત ટીકા છે. દસ ને સાત, સત્તર વાર વાંચ્યું છે. એ કંઈ ચીજ નથી. એ વસ્તુ કલ્પિત બનાવી છે. શ્વેતાંબર સાધુ જે થયા એમણે એ બધા બનાવ્યા છે. એ વીતરાગની વાણી નથી. પણ શું કહે? સંપ્રદાય બંધાઈ ગયો, આકરું પડે. ભગવાનના નામે ચલાવ્યું. જુઓ, આ વાત છે ક્યાંય?

આત્મા ગુણભેદને સ્પર્શતો નથી એનું નામ અલિંગગ્રહણ ૧૮મો બોલ છે અને આત્મા પર્યાયને સ્પર્શતો નથી એનું નામ ૧૯મો બોલ છે અને આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી, પર્યાયનો અનુભવ કરે છે એ દ્રવ્યને સ્પર્શતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...**' સામાન્યપણું જેને નથી. અનુભવમાં તો પર્યાય આવે છે. એ અનુભવમાં સામાન્ય ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? માંગીલાલજી! સૂક્ષ્મ વાત છે, ભગવાન! માર્ગ સૂક્ષ્મ છે, ભગવાન! એણે સાંભળ્યું નથી, સમજ્યો નથી ને એમ ને એમ ક્રિયાકાંડમાં ચડી ગયો—અપવાસ કરો ને તપસ્યા કરો, બધી લાંઘણ છે. શું કહેવાય ઈ? ત્રાગા. પેલા બાવા માંગવા નથી આવતા? દુકાન ઉપર જે માંગવા આવે ને? બાવા નહિ? માંગવા આવે. શહેરામાં આવે. પૈસો, બે

પૈસા લેતા. .. પછી ન આપે તો ચીરે, શરીરને ચીરે છરીથી ન આપે તો. પછી આપે તો પૈસા લઈને લોહી હોયને લોહી, એની દુકાન ઉપર નાખી દે. તમારે તો એવું ક્યાં બન્યું છે? અમારે તો આ બધું બન્યું છે. દુકાન ઉપર એક ફકીર આવ્યો હતો. એક પૈસો હું તો તરત દઈ દઉં. પણ અમારે શિવલાલભાઈ જરી... દુકાન ઉપર બેઠા હતા. ફકીર દરેક દુકાને જાય. પૈસો-પૈસો કરીને રૂપિયો, બે રૂપિયા મળે. એમાં પૈસો ન લીધો અને કપડું બાળ્યું. કપડું હોય ને?

... એમ આત્માના ભાન વિના જે આ ક્રિયાકાંડ છે ઈ ત્રાગા છે. ... કાપે. પૈસો દે તો દુકાન ઉપર નાખી દે. લઈ ન જાય. અમથા પૈસા દે તો લઈ જાય, પણ કાપીને જો કરે તો પૈસા એને અડાડીને દુકાન ઉપર નાખી દે. તમારે તો નહિ આવતું હોય એવું.

**શ્રોતા** :- છરી દેખાડીને માંગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છરી દેખાડો તમે?

**શ્રોતા** :- નહિ, છરી દેખાડીને માંગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં કહે છે... આહા..હા..! '**આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે...**' શું કહે છે? આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે, અનુભવની અપેક્ષાએ વાત છે. અનુભવ પર્યાયનો થાય છે, દ્રવ્યનો અનુભવ થતો નથી. સમજાય છે કાંઈ? બધા વ્યાખ્યાન થઈ ગયા છે, છપાઈ ગયા છે. હમણાં ચાલી ગયા છે.

'**જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' સમજાય છે કાંઈ? 'उपेति' એ ને? 'उपेति' શબ્દ છે? સમીપ. 'उपेति' છે ને પાઠમાં. '**स्वभावउपेति**', 'उपेति' છે સંસ્કૃતમાં. સ્વભાવની સમીપ જવાથી જ્ઞાયકભાવ નિત્ય પ્રભુ, એની દૃષ્ટિ કરવાથી ભેદભાવ બધા વિલય થઈ જાય છે. દૃષ્ટિમાં ભેદભાવ—આ જ્ઞાન ને દર્શન એમ રહેતું નથી. આહા..હા..! ભારે ભાઈ માર્ગ! આવો તો સાંભળ્યો પણ નહિ હોય કોઈએ. જૈન નામ ધરાવ્યા, એમાં જન્મ લીધો હોય. સાંભળ્યો નથી આવો માર્ગ. આહા..હા..! જુઓને, આચાર્યે કેટલા કામ કર્યા છે! આહા..હા..!

વિશેષતા. આત્મસ્વભાવની 'उपेति' સમીપ-ઉપ-સમીપ. ઉપ છે ને? અંતર ભગવાન સ્વભાવ પૂર્ણ છે, એની દૃષ્ટિ કરવાથી જે ભેદભાવ છે એ લક્ષમાં નથી રહેતા-વિલય થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! મૂળ ચીજ છે. અત્યારે તો બધી ગડબડ બહુ થઈ ગઈ છે. લ્યો, એ કેટલામો બોલ થયો? ચોથો. ચાર બોલ થયા ને? બદ્ધસ્પૃષ્ટરહિત, અનેરા-અનેરા રહિત, અનિયતથી રહિત અને એક ભેદથી રહિત—ચાર બોલ લીધા.

પાંચમો બોલ. '**જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ-તપ્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ**

સંયુક્તપણું ભૂતાર્થ છે...' શું કહે છે? જળ છે ને? જળ. ઈ છે તો ઠંડુ, પણ અગ્નિના નિમિત્તે પોતાની યોગ્યતાથી ઉષ્ણ થાય છે. અગ્નિ તો નિમિત્ત છે, પણ ઉષ્ણતા પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. એ ઉષ્ણપણું જે જળનું છે, એ ઉષ્ણપણારૂપ સંયુક્તપણું છે, ઉષ્ણ અવસ્થા છે. પાણીમાં ઉષ્ણ અવસ્થા પર્યાયદૃષ્ટિથી છે. સમજાય છે કાંઈ? એ નિમિત્તથી ઉષ્ણ અવસ્થા થઈ એમ નહિ. પાણીમાં ઉષ્ણ અવસ્થા થવાની તે સમયે જન્મક્ષણ હતી, એવો પાઠ છે. પ્રવચનસાર, ૧૦૨ ગાથા. એ ઉષ્ણ થવાનો જન્મ-ઉત્પત્તિ થવાનો એ કાળ હતો, અગ્નિથી ઉષ્ણ થયું છે એમ નહિ. આહા..હા..! જળમાં ઉષ્ણતાનો સ્વભાવ નથી, પણ ઉષ્ણતા પોતાની પર્યાયમાં પોતાથી થઈ છે ત્યારે અગ્નિને નિમિત્ત કહેવામાં આવે છે. અગ્નિ નિમિત્તથી ઉષ્ણતા થઈ છે, એમ નથી. એની સ્પર્શગુણની પર્યાય ઉષ્ણ થવાને લાયકનો કાળ હતો. જન્મકાળ એવો શબ્દ છે, જન્મક્ષણ. પ્રવચનસારની ૧૦૨ ગાથા. જન્મક્ષણ. પ્રત્યેક પદાર્થની પર્યાયની જન્મ-ઉત્પત્તિનો એ કાળ છે તો ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ઈ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

## પોષ સુદ-૧૩, ગુરુવાર, તા. ૧૫-૦૧-૧૯૭૬,
## ગાથા-૧૪,
## પ્રવચન નં. ૪૬

... વિકાર-પુણ્ય છે, તેનાથી ધર્મ થાય? શેઠ! એવા પુરાવા સિદ્ધાંતમાં છે કે વિકાર હોવા છતાં સ્વભાવસમીપ જવાથી આત્માના આનંદનો અનુભવ થાય છે, તેનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. શેઠ! આવી વાત છે. આજ તો શેઠનો એક પ્રશ્ન ઊઠ્યો મગજમાં. શેઠ એટલે આત્મા શ્રેષ્ઠ છે. એ શ્રેષ્ઠ એ જ શેઠ છે. સમજાય છે કાંઈ? બહારના શેઠિયા એ તો બધા વેઠિયા (છે). અંતર ભગવાન.. છે ને? બોધરૂપ-જ્ઞાનરૂપ, જ્ઞાનરૂપ. જેને એકાંત સ્વભાવ પક્ષે જુઓ, એકાંત બોધરૂપ જીવસ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી જીવસ્વભાવની સમીપ જવાથી, જીવસ્વભાવની સન્મુખ થવાથી, જીવસ્વભાવમાં અંતરમાં ઊંડા ઊતરવાથી, અનુભવ કરતાં 'સંયુક્તપણું અભૂતાર્થ છે...' વિકારની પર્યાય, એ ત્રિકાળ સ્વભાવનો અનુભવ કરતાં એ અસત્યાર્થ-જૂઠી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પાંચેય દૃષ્ટાંત આપ્યા ને, ભાવાર્થમાં.

બહુ જ ઊંચી વાત અને પરમસત્ય વાત. સમજાય છે કાંઈ? લોકો નથી કહેતા? કાગળમાં લખે છે ને? 'થોડું લખ્યું ઘણું કરી જાણજો'. લખે છે ને? ટપાલમાં લખે ને. લગ્ન પ્રસંગ હોય, દીકરીને, જમાઈને બોલાવવા હોય (તો એમ લખે) ... મંડપની શોભા (વધશે). થોડું લખ્યું ઘણું કરી જાણજો.

એમ આ ભગવાન કહે છે, ભાઈ! થોડું કહ્યું ઘણું કરીને જાણજો. આહા..હા..! ભગવાન! તારી ચીજ તો બોધરૂપ છે ને, પ્રભુ! જ્ઞાનસ્વરૂપ જ્ઞાનરૂપ જ્ઞાનભાવરૂપ જ્ઞાનસ્વભાવરૂપ એવી સ્વભાવની દૃષ્ટિ કરવાથી અથવા સ્વભાવ સન્મુખ થવાથી, એકલા જ્ઞાનરૂપ સ્વભાવની સમીપ જવાથી આનંદનો અનુભવ થાય છે તે અપેક્ષાથી વિકાર છે તે અસત્ય છે. સમજાય છે કાંઈ?

**'જે પોતે એકાંત બોધરૂપ...'** ભાષા કેવી છે? સ્વયં જ્ઞાનરૂપ છે. કોઈએ બનાવ્યો છે? જ્ઞાનસ્વભાવ કોઈ ઈશ્વરે બનાવ્યો છે? એમ નથી. આહા..હા..! સ્વયં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન. જેમ જળનો શીતળ સ્વભાવ કોઈએ બનાવ્યો છે? સહજ છે જ. એમ ભગવાન આત્માનો જ્ઞાનસ્વરૂપ બોધરૂપ, જ્ઞાનરૂપ સહજ સ્વયં એકાંત સ્વયં એકાંત એનો જ્ઞાયકસ્વભાવ, જ્ઞાનરૂપ સ્વભાવની સમીપ જઈને. જે પર્યાયબુદ્ધિ છે એ જ્ઞાયકભાવથી દૂર છે. આહા..હા..!

શીતળતા પર્યાયમાં છે. એક અપેક્ષાએ ઉષ્ણતા છે. દશ શેર-પંદર શેર પાણીનું બેગડું હોય, ઉનાળો હોય, નીચે અગ્નિ છે. આમ નાખો તો ... દેશે. આહા..હા..! બરાબર છે? અધમણ પાણી બેગડામાં હોય ને. બેગડાને શું કહે છે? એમાં હોય. ઉષ્ણ હોય. અગ્નિનું નિમિત્ત છે. અંદર શીતળતા ભરી છે. આમ કરો તો અગ્નિને ઓલવી નાખે એવો એનો શીતળ સ્વભાવ અંદર છે. આહા..! સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા પર્યાયમાં વર્તમાન અવસ્થામાં અનાદિ કર્મના નિમિત્તનો સંબંધ કર્યો તેથી એમાં, જળમાં જેમ ઉષ્ણતા છે તેમ ભગવાન આત્મામાં દોષરૂપ દશા છે, વિકારી દશા છે એ અવસ્થાદૃષ્ટિથી બરાબર છે, પણ એનો શીતળ આનંદસ્વભાવ અને શીતળ સ્વભાવ, બોધરૂપ સ્વભાવ, બોધબીજરૂપ સ્વભાવ, બોધરૂપ સ્વભાવ, એકલો જ્ઞાનરૂપ સ્વભાવ એની દૃષ્ટિ કરવાથી, જ્ઞાનરૂપ સ્વભાવની સમીપ જવાથી આનંદનો અનુભવ થાય છે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ? એ અપેક્ષાથી દુઃખરૂપ દશા અસત્યાર્થ છે, જૂઠી છે. ... પર્યાયમાં થાય છે એ જૂઠી છે, સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત, ભગવાન! આહા..! મોટો ફેરફાર.

... અંતરના સ્વરૂપની દૃષ્ટિ કરવી, એનો આશ્રય લેવો તે જ સમ્યગ્દર્શન છે એ વાત આખી ગુલાંટ ખાઈ ગઈ છે, ભૂલાઈ ગઈ છે. આમ કરો ને તેમ કરો, પૂજા કરો, ભક્તિ કરો, મંદિર બનાવો એનાથી તમારું કલ્યાણ થશે. ત્યારે બનાવવા નહિ ને? કોણ બનાવે? ભાઈ! બનાવવાના ભાવ હોય તો શુભભાવ છે, બંધન છે. ભગવાને ત્યાં સુધી કહ્યું, બનારસીદાસે, છઠ્ઠે ગુણસ્થાને સાચા ભાવલિંગી મુનિ (જેને) આત્માના પ્રચુર આનંદનું વેદન

(છે), પ્રચુર સ્વસંવેદન છે. કેમકે ત્રણ કષાયનો અભાવ છે ને, સાચા મુનિને. દ્રવ્યલિંગીની વાત નથી. અંદર સત્ય મુનિ છે એને તો ત્રણ કષાયનો અભાવ અને પ્રચુર નામ ઘણું અતીન્દ્રિય આનંદનું વેદન પર્યાયમાં થાય છે, એને શુભભાવ મહાવ્રતનો વિકલ્પ ઊઠે તો કહ્યું કે એ જગપંથ છે. છે અહીંયા? નાટક-સમયસાર, મોક્ષ-અધિકાર. કેટલામું છે? ૪૦.

**તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર,**
**પરમાદી જગકૌં ધૂકૈ, અપરમાદિ સિવ ઓર. ૪૦.**

આહા..હા..! ૪૦મું પદ. સિદ્ધાંતમાંથી કાઢીને બનારસીદાસે (બનાવ્યું છે). મુનિ સાચા છે. અંદર આત્માના આનંદનો અનુભવ થયો અને રાગના કર્તા પણ નથી. ક્રિયાના-જડના પણ એ કર્તા નથી, પણ અંદર શુભભાવ આવે છે, મહાવ્રતનો, એ જગપંથ છે. ભાઈ! પુણ્ય છે એ સંસારમાં દાખલ કરાવે છે. પહેલાં કહ્યું ને? પુણ્ય સંસારમાં દાખલ કરે એ પુણ્યને ભલું કેમ કહીએ? કુંદકુંદાચાર્ય (કહે છે). હો, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા હો, પણ શ્રદ્ધામાં તો એ હેય છે. આહા..હા..! કેમકે એ જગપંથ છે. મુનિ સાચા સમકિતી અનુભવી, એમને જે શુભભાવ આવે છે પંચમહાવ્રતનો.. આહા..! કહે છે, '**તેથી પ્રમાદ સંસારનું કારણ છે...**' આહા..હા..! એ જગપંથ છે, ભાઈ!

જ્ઞાયક શુદ્ધ સ્વરૂપ ભગવાન જીવ સ્વભાવ, એ સિવાય જે રાગ ઉત્પન્ન થાય છે, ચાહે તો ભગવાનની ભક્તિનો હો, મહાવ્રતનો હો, દયાનો હો, દાનનો હો, ભગવાન ત્રિલોકનાથના સ્મરણનો હો એ બધો શુભભાવ છે, એ જગપંથ છે. આહા..હા..! કાયરના તો કાળજા કંપે એવું છે. સમજાય છે કાંઈ?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

આહા..! ભાઈ! ભગવાન તો મોક્ષસ્વરૂપ છે. આત્મા મોક્ષસ્વરૂપ જ છે. અબદ્ધ કહો કે મોક્ષસ્વરૂપ કહો. આહા..! શક્તિરૂપે તો એ મોક્ષસ્વરૂપ જ છે. એની પર્યાયમાં નિજ સ્વભાવનો આશ્રય લઈને જેટલી વીતરાગતા-નિર્મળ દશા, નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થઈ હોય તે મોક્ષપંથ છે. આહા..હા..! અને જેટલું પર ઉપર લક્ષ કરીને શુભભાવ ઉત્પન્ન થાય.. મુનિને તો શુભભાવ થાય છે, અશુભ તો છે જ નહિ, તો કહે છે કે એ શુભભાવ પણ જગપંથ છે, જગપંથ. '**ઉત સિવ મારગ જોર.**' અંતર સ્વભાવના આશ્રયમાં જે અપ્રમત્તભાવ થયો એ શિવનો મોક્ષમાર્ગ છે.

'**પરમાદી જગકૌં ધુકૈં**' છઠ્ઠે ગુણસ્થાને સાચા સંત જે પંચપરમેષ્ઠીમાં ભળેલા છે, ણમો લોએ સવ્વ સાહૂણં. આહા..હા..! એવા અંતર ભાવલિંગી અનુભવી આનંદનું વેદન કરનારા, એને પણ શુભરાગ ઉત્પન્ન થાય તે સંસારપંથ છે. એટલા કારણથી ભવ થશે. આવી વાત છે. આકરી વાત, ભાઈ! લોકોએ ધર્મ શું છે એ એણે સાંભળ્યું નથી, ખબર જ નથી.

આંધળે આંધળી .. દૃષ્ટાંત નહોતું આપ્યું પાંડવનું? પાંડવ, પાંચ પાંડવ. આ શેત્રુંજય. શેત્રુજંય પાંચ પાંડવા આવ્યા હતા અને ધ્યાનમાં ઊભા હતા. દુર્યોધનનો ભાણેજ આવ્યો. લોઢાના મુગટ પહેરાવ્યા. રાજ જોઈએ છે ને? રાજ. અમારા દુર્યોધનની સામે તમારે રાજ જોઈતું હતું, લો રાજ. લોઢાના ધગધગતા આભુષણ... પાંચેય પાંડવો આત્મજ્ઞાની, આત્મ અનુભવી સાચા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા. સહદેવ અને નકુલને એવો વિકલ્પ આવ્યો, છે તો શુભરાગ, મોટા ભાઈને શું થાતું હશે? કેમકે એ તો સહોદર છે. એક માતાની કૂંખે જન્મ્યા છે અને સાધર્મી છે, પોતાથી મોટા છે, તો એવો વિકલ્પ આવ્યો. ... એ તો આનંદમાં હતા, પણ આને જરી વિકલ્પ આવ્યો કે શું હશે? ત્રણ તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પધાર્યા, પણ એને જરી શુભવિકલ્પ આવ્યો કે શું હશે? એમાં તેંત્રીસ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. તેંત્રીસ સાગરોપમ કેવળજ્ઞાન દૂર થઈ ગયું. ચંદુભાઈ! આહા..હા..! અરે..! દુનિયાને ક્યાં ખબર છે. એ તો શુભરાગ હતો, એ પણ સાધુ સંત માટે હતો. શું કહ્યું?

આ તો ડૉક્ટર ચંદુભાઈ છે મોટા. આહા..હા..! ભાઈ! માર્ગ તો એવો છે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે તો આ માર્ગ કહ્યો છે. જેટલા પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે, સાધુ ધર્માત્મા હતા એના ઉપર લક્ષ ગયું. ત્રણે તો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. (બે ને) તેંત્રીસ સાગરનું સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. તેંત્રીસ સાગરોપમ. એક સાગરમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ... કાંઈ ખબર ન મળે. આવામાં તેંત્રીસ સાગર?

**શ્રોતા :-** મોટો દંડ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટો દંડ નથી, એ શુભભાવનું ફળ જ સંસાર છે. કાકડીના ચોરને.. નથી કહેતા? કાકડીના ચોરને ફાંસીની સજા, એમ નથી. .. આહા..હા..! અને તેંત્રીસ સાગરે તો ગયા, ત્યાંથી પછી મનુષ્ય થશે. ત્યાં પણ હજી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં કેટલોક કાળ જશે. આઠ વર્ષ પછી થશે, થોડામાં થોડો (એટલો કાળ છે).

કહે છે કે શુભભાવ જગપંથ છે. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ દેવાધિદેવ સંતને કહેતા હતા, ભગવાન! તારી અંતરંગદશા સ્વભાવના અવલંબને જેટલી નિર્મળ થઈ એ મોક્ષનો પંથ છે. એ મોક્ષનો માર્ગ છે અને એમાં જેટલો પરલક્ષી શુભરાગ આવે છે એ જગપંથ છે. પેલો શિવપંથ છે, આ જગપંથ છે. બેય લીધું ને?

**તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર,**
**પરમાદી જગકૌં ધૂકૈ, અપરમાદિ સિવ ઓર. ૪૦.**

આહા..હા..! સાચા મુનિ છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતનો, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ ઊઠે છે એ સંસાર છે; આહા..હા..! લોકો સંસાર એમ માને છે કે આ બાયડી, છોકરા કુટુંબ એ સંસાર છે, એ તો જૂઠ છે, એ સંસાર છે જ નહિ. આત્માનો સંસાર બહાર નથી

રહેતો. સ્ત્રી, કુટુંબ, મકાન, પૈસા, ધૂળ એ તો પર ચીજ છે, ત્યાં ક્યાં સંસાર છે. સંસાર તો એની દશામાં મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષ થાય છે તે સંસાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે જો સ્ત્રી, કુટુંબ, પૈસા, દુકાન આદિ સંસાર હો તો મૃત્યુ વખતે એને છોડીને ચાલ્યો જાય છે, તો સંસાર છૂટી ગયો? એ સંસાર નહિ.

સંસરણ ઈત સંસારઃ. ભગવાન એમ કહે છે કે તારી ચીજ જે આનંદઘન છે એમાંથી ખસી જેટલા મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ થયા એ સંસાર છે. મૃત્યુકાળે એ સંસાર લઈને ચાલ્યો ગયો. આ બાયડી, છોકરા સંસાર ક્યાં હતો! એ તો પર ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**જે પરમાદી આલસી, જિન્હકૈ વિકલપ ભૂરિ,**
**હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ. ૪૧.**

મુનિરાજ છઠ્ઠે ગુણસ્થાને સાચા સંત. આહા..! '**હોઈ સિથલ અનુભૌવિષૈ**' '**જે પરમાદી આલસી**' છઠ્ઠે ગુણસ્થાને આવે છે એ પ્રમાદી છે, વિકલ્પ છે, આલસી છે. આહા..હા..! '**જિન્હકૈ વિકલપ ભૂરિ**' જેને રાગનો ભાવ ભૂરિ-વારંવાર આવે છે. '**હોઈ સિથલ અનુભૌવિષૈ**' એ આનંદના અનુભવમાં ઢીલા થઈ ગયા-શિથિલ થઈ ગયા. આહા..હા..! '**હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ**' એને શિવપંથ દૂર છે હજી. આહા..હા..! આહા..હા..! આવી વાત, ભગવાન! તારી માન્યતામાં તો લે, ભાઈ! સમજાય છે કાંઈ? શ્રદ્ધામાં સુધારો તો કર. આહા..! શ્રદ્ધામાં ગોટાળા કર્યા છે. ભાઈ! તારો આરો નહિ આવે. દુનિયા માનશે, પાગલ દુનિયા તો માનશે કે બાહ્ય ત્યાગ કર્યો છે, આમ કર્યું છે, ઓહો..! ભારે છે. પાગલની પરીક્ષાના રિપોર્ટ શું કામના? શું કહેવાય ઈ? સર્ટિફિકેટ. પાગલના સર્ટિફિકેટ. સમજાય છે કાંઈ?

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રો અને ગણધરની વચ્ચે આ ફરમાવતા હતા. આહા..હા..! ભાઈ! પ્રભુ! તારી ચીજ, જેટલો શિવપંથ નિજ સ્વભાવનો આશ્રય લઈને નિર્વિકલ્પ વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ એ જ શિવપંથ છે અને જેટલો એમાં પણ રાગ અને શિથિલતા થાય છે પ્રમાદની, એ અનુભવ વિષે શિથિલ (થયા છે). અંતર આનંદના અનુભવમાંથી ખસીને શિથિલ થઈ ગયા. આહા..હા..! '**તિન્હકૌં સિવપથ દૂરિ**'. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ! કોઈ માખણ ચોપડે અને હા પાડે એ માર્ગ નહિ આ. સમજાય છે કાંઈ? બહુ લીધું છે.

**જે પરમાદી આલસી, તે અભિમાની જીવ,**
**જે અવિકલપી અનુભવી, તે સમરસી સદીવ. ૪૨.**

આહા..હા..! આ બનારસીદાસનું છે. સિદ્ધાંતમાં છે એની .. '**જે પરમાદી આલસી,...**' ભગવાન આનંદમાં નહિ રહીને, પ્રભુ! જે વિકલ્પમાં આલસી થાય છે '**તે અભિમાની જીવ,...**'

આહા..હા..! '**જે અવિકલપી અનુભવી,...**' અંદરના આનંદના અનુભવમાં જે નિર્વિકલ્પી છે '**તે સમરસી સદીવ.**' પેલો રાગ છે તે વિષમભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! નીચલા દરજ્જામાં લગાવી દે કે આ પણ માર્ગ છે. ... મનુષ્ય દેહ ચાલ્યો જશે, ભાઈ! આહા..! કરવાનું હતું એ કર્યું અને નહિ કરવાનું કર્યું, જિંદગી નીકળી જશે. સમજાય છે કાંઈ? આ તો પહેલેથી છે ઘણાં વખતથી ચર્ચા થઈ હતી.

અમારે (સંવત) ૧૯૯૦માં ચોમાસુ હતું ને? ... મૂળીમાં મોટી ચર્ચા થઈ. એક ભવાનજીભાઈ કચ્છી હતા. ભવાનજી કચ્છી હતા એની સાથે ચર્ચા થયેલી, ૯૦ની સાલ. તમે ઓળખતા હતા? ભવાનજીભાઈ હતા. ... કચ્છી હતા. સ્થાનકવાસી હતા. પછી તો એને પ્રેમ થઈ ગયો હતો. અમારું આ બધું ખોટું છે.

અહીં કહે છે કે જળનો સ્વભાવ જુઓ તો શીતળ છે અને વર્તમાન પર્યાય-અવસ્થા-હાલત જુઓ તો ઉષ્ણ છે. એ ઉષ્ણ અવસ્થાની દૃષ્ટિથી સત્યાર્થ છે. જળના ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિથી તે ઉષ્ણતા અસત્યાર્થ છે. એમ ભગવાન આત્મામાં જેટલો કર્મના નિમિત્તનો સંબંધ કરીને વિકાર ઉત્પન્ન થાય છે, આહા..હા..! એ પર્યાયદૃષ્ટિથી-વર્તમાન દૃષ્ટિથી સત્યાર્થ છે. વેદાંતની પેઠે નથી કે પર્યાય છે જ નહિ, રાગ છે જ નહિ. વેદાંત તો કહે છે કે આત્મામાં પર્યાય કેવી? એ તો ધ્રુવ છે; પણ એ ધ્રુવ છે એનો નિર્ણય કરનાર કોણ? પર્યાય નિર્ણય કરે છે, ધ્રુવ નિર્ણય કરે છે? આહા..હા..! સમજાય છે કાંઈ? દુનિયા દુનિયાની જાણે. તું તારું કરી લે. આહા..હા..!

એમ '**જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવ...**' આહા..હા..! શીતળ શાંત વીતરાગમૂર્તિ પ્રભુ અનાકુળ આનંદનો સાગર ભગવાન આત્મા. આહા..હા..! અરે..! કેમ બેસે? મૃગની નાભિમાં કસ્તુરી. કસ્તુરીમૃગની નાભિમાં કસ્તુરી, કસ્તુરીની કિંમત નહિ એને. એને કસ્તુરીની કિંમત નથી. બહાર શોધે છે. આ ગંધ ક્યાંથી આવે છે? અંદરમાં છે એને જોતો નથી અને બહાર ગોતે. એમ અજ્ઞાની જાણે પરમાંથી આવે છે, આનંદ પરમાંથી આવે છે એમ અજ્ઞાની બહાર ગોતે છે, પણ જ્ઞાન અને આનંદ અંદર પડ્યા છે ત્યાં જોતો નથી. આહા..હા..! બાકી લક્ષ્મી-બક્ષ્મી બધી ધૂળ અને બાયડી, છોકરા ક્યાંય મરીને મસાણની રાખ થઈ જશે. ચાલ્યો જશે એકલો. આહા..! સમજાય છે કાંઈ? હમણાં મરી ગયો નહિ? ચીનનો મોટો કો'ક મરી ગયો. મરીને નરકે જવાના બધાય. માંસના ખાનારા, દારૂ પીનારા. અહીં અત્યારે મોટો બાદશાહ કહેવાય. આંખ વિંચાણી ત્યાં હેઠે-નીચે. લોઢાનો વજનદાર ગોળો પાણી ઉપર મૂકો તો તળિયે નીચે જાય, ઉપર ન રહે ઈ; એમ પાપી પ્રાણી પાપથી ભારે થયેલો એ નીચે નરકને તળિયે જવાનો છે. આહા..હા..!

ભગવાન આત્માનો ઊર્ધ્વસ્વભાવ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ... ઊર્ધ્વ નામ મુખ્ય ભાવ લેવો છે એમાં જરી. આહા..હા..! આનંદ અને અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવ ભગવાન અતીન્દ્રિય બોધરૂપ

આત્મા, એમાં દૃષ્ટિ દેવાથી અર્થાત્ અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવરૂપ ભગવાનની સમીપ જવાથી, પર્યાયબુદ્ધિમાં દૂર હતો (ત્યાંથી ખસી) અંતર સમીપ જવાથી એ દુઃખની દશા અને રાગ-દ્વેષ પર્યાય બધી જૂઠી છે. ધુમાડો થઈને ઊડી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ, ભાઈ! બહુ (આકરો) લાગે. સોનગઢમાં આમ છે, સોનગઢનું એકાંત છે એમ કરીને ઘણા કહે છે. શું થાય?

**શ્રોતા :-** અનેકાંતનું આવ્યું, હવે એકાંત કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તે એકાંત ન આવ્યું? ભગવાન કહે છે.. સમજાય છે કાંઈ? '**અસત્યાર્થ છે.**' લ્યો.

'**ભાવાર્થ :- આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :**' છે? અનેકરૂપ દેખાય છે, એકરૂપ નહિ. પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે. '(૧) **અનાદિ કાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે,...**' જાણે કર્મનો સંબંધ હોય અને કર્મના સ્પર્શવાળો હોય એમ દેખાય છે. '(૨) **કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન-ભિન્ન સ્વરૂપે દેખાય છે,...**' ઘડીકમાં મનુષ્ય ને ઘડીમાં પશુ, નારકી ને દેવ, ભિન્ન-ભિન્ન.. આહા..હા..! સમજાય છે કાંઈ?

બ્રહ્મદત્ત ચક્રવર્તી, છન્નું હજાર રાણી, છન્નું કરોડ પાયદળ, છન્નુ કરોડ ગામ, બોંત્તેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ, સાતમી નરકે ગયો અને હીરાના ઢોલિયામાં સૂતો. એક ક્ષણમાં દેહ છૂટ્યો, સાતમી નરકમાં છે અત્યારે. રવરવ નરકે સાતમી નરકમાં છે, અપરિઠાણા નરક છે.

**શ્રોતા :-** અહીંનું આયુષ્ય કેટલું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંનું આયુષ્ય ૭૦૦ વર્ષનું. એ તો ... ૭૦૦ વર્ષના શ્વાસ થાય. કેટલું કહ્યું? અગિયાર લાખ છન્નુ હજાર નવસો પંચોત્તેર હજાર પલ્યોપમ. એક શ્વાસનું એટલું દુઃખ. આ એક શ્વાસ. એક શ્વાસનું અગિયાર લાખ પંચોત્તેર હજાર પલ્યોપમ. એ.. ચંદુભાઈ! ભગવાનની વાણીમાં આવ્યું છે. અહીં તો ૭૦૦ વર્ષ રહ્યો. ૭૦૦ વર્ષના આવા શ્વાસ ગણો તો એક શ્વાસના ફળ તરીકે સાતમી નરકમાં અગિયાર લાખ આદિ પલ્યોપમના દુઃખ! એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ભાઈ! આ તો ભગવાનનો માર્ગ છે, ભાઈ! એની ગણતરી પણ જુદી જાતની છે. આવા આવા... એ કાકડીના ચોરને ફાંસી નથી. સમજાય છે કાંઈ? વાસ્તવિક... આહા..હા..! મિથ્યા શ્રદ્ધાનું ઘૂંટણ અને અનંતાનુબંધી કષાયનું ... કરતાં-કરતાં દેહ છૂટીને સાતમી નરકે ગયો છે અત્યારે. અત્યારે સાતમી નરક છે અપરિઠાણા. રવરવ નરક જેને ભગવાન કહે છે. આહા..! ભાઈ! કુદરતના નિયમ પ્રમાણે એ થાય છે. કોઈ ખેંચીતાણીને કરે એમ હોતું નથી. આહા..હા..!

'**કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ...**' આહા..! એક ક્ષણે રાજા હો, બીજી

ક્ષણે નરકમાં, ઘડીકમાં ગરીબ હોય, પુણ્યભાવ હોય તો બીજી ક્ષણે સ્વર્ગ થાય, એવું અનંત વાર થયું છે, એ કંઈ આત્માની ચીજ નથી. આહા..હા..! '**ભિન્ન-ભિન્ન સ્વરૂપે દેખાય છે. (૩) શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે,...**' પર્યાયમાં. જ્ઞાનની પર્યાય હિણી થાય છે, અધિક થાય છે તો નવ પૂર્વ સુધી જાય. '**વધે પણ છે-એ વસ્તુનો સ્વભાવ છે...**' પર્યાયનો સ્વભાવ છે. પર્યાયમાં હિનાધિકતા થાય છે એ વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાનની પર્યાય હિણી અને અધિક થાય છે એ પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..! '**તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી,...**' આહા..હા..!

'**વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...**' બીજામાં નથી એવા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પોતામાં સામાન્યમાં નહિ એવા ભેદરૂપ. આહા..હા..! આ જ્ઞાન છે ને દર્શન છે જો આનંદ છે એવા ભેદ, એ ભેદની દૃષ્ટિથી છે. સમજાય છે કાંઈ? '**અને (૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ...**' એ રાગ-દ્વેષના '**પરિણામો સહિત સુખદુઃખરૂપ દેખાય છે. એ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે.**' ભાષા જુઓ! પંડિતનો ખુલાસો જોયો! પહેલાંના પંડિત તો યથાર્થ... બનારસીદાસ, ટોડરમલ, જયચંદ્રજી... શું કહે છે? '**એ સૌ...**' એ સૌ શું? કર્મના નિમિત્તથી સંબંધવાળા દેખાય છે ઈ, કર્મના નિમિત્તે ભિન્ન-ભિન્ન ગતિ દેખાય છે ઈ, શક્તિના અવિભાગ પર્યાયમાં જે ભિન્ન-ભિન્ન દેખાય છે ઈ અને કર્મના નિમિત્તે થતાં રાગ-દ્વેષ આદિ, ભેદ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ. '**એ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...**' અશુદ્ધદ્રવ્યાર્થિક કેમ કહ્યું? કે દ્રવ્યની પર્યાય અશુદ્ધ છે ને? તેથી એને અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. એ પર્યાય પોતાથી થઈ છે, પરથી નથી થઈ અને પોતામાં છે તેથી અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. સમજાય છે કાંઈ?

વસ્તુ જે છે ત્રિકાળી આનંદરૂપ ભગવાન જ્ઞાનરૂપ પોતે, એની પર્યાયમાં.. દ્રવ્ય શુદ્ધ છે, એ જ દ્રવ્યને પર્યાયની અશુદ્ધતાથી અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. કેમકે દ્રવ્યનું પોતાની પર્યાયનું પરિણમન છે. પોતામાં છે, પરમાં નહિ, પરથી નહિ. આહા..હા..! આહા..હા..! પંડિતે પણ ગજબ કામ કર્યું છેને! અશુદ્ધદ્રવ્યાર્થિકનય. છે?

'**એ સૌ અશુદ્ધદ્રવ્ય...**' અશુદ્ધદ્રવ્ય. દ્રવ્ય તો અશુદ્ધ હોય નહિ, પણ પર્યાયમાં એ દ્રવ્ય અશુદ્ધ થયું તે અપેક્ષાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહ્યું. એ પરમાં નહિ અને પરથી નહિ એમ બતાવવા અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહ્યું છે. આવું કોને કરવું? ઈ કરતાં દુકાને બેસે તો પાંચ-પચાસ લાખ પેદા થાય. મરી જઈશ, સાંભળને. દુકાન કે દી તારી હતી? આહા..હા..! તારી સત્તામાં પર્યાયમાં એ પાંચ બોલ છે એ અપેક્ષાથી દ્રવ્યને અશુદ્ધદ્રવ્યાર્થિક કહીને વ્યવહારનયનો વિષય કહ્યો. એ વ્યવહારનયનો વિષય છે એટલે પર્યાયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિક કહો, વ્યવહારનય કહો કે પર્યાયનય કહો. આહા..હા..! સમજાય છે કાંઈ? નહિતર તો અશુદ્ધ પર્યાયનો વિષય છે, પણ અહીંયાં અશુદ્ધદ્રવ્ય કેમ લીધું? કે દ્રવ્ય પોતે તો છે ત્રિકાળ શુદ્ધ, પણ દ્રવ્યની

પર્યાય પોતાથી અશુદ્ધ થઈ છે, પોતામાં થઈ છે, કર્મમાં કે કર્મથી થઈ છે એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! થોડો અભ્યાસ જોઈએ. એ વિના (સમજાય નહિ).

આ તો ભગવાનનો માર્ગ છે, ભાઈ! આહા..! ઈન્દ્રો, ગણધરો પણ ભગવાનની વાણી સાંભળવા બેસે, એ વાણી કેવી હોય? ભાઈ! એ કોઈ ચકલી લાવી ચોખાનો દાણો ને ચકલો લાવ્યો મગનો દાણો, એની થઈ ખીચડી. નાની ઉંમરમાં નહોતા કહેતા? પછી કુંભારને આપી, એણે ઘડુલો આપ્યો, ખજૂર આપ્યો.. એવું આવે છે. નાની ઉંમરના છોકરાઓ (સાંભળે). એવી આ નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જેની પાસે ઈન્દ્રો ગલુડિયા (જેવા થઈને બેસે). ગલુડિયા સમજ્યા? પિલ્લા. કૂતરીનું બચ્ચુ અને વાઘ ને સિંહ જંગલમાં ત્રાડ નાખતા હોય ઈ સમવસરણમાં શાંત.. શાંત.. શાંત.. (થઈ જાય). પાસે હરણ હો તો ત્યાં નજર નહિ. વાઘ હોય ને સર્પ હોય ને વચ્ચે ઉંદર હોય. ભાઈ! એ વાણી સાંભળવા મળે એ વાણી અલૌકિક છે. એ વાણી આ આચાર્યોની છે. સમજાય છે કાંઈ? આડતિયા થઈને આ કહે છે. ભગવાનનો માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! તને ન રુચે એથી કરીને જૂઠો થઈ જાય માર્ગ, એમ નથી. સમજાય છે કાંઈ?

**'એ દૃષ્ટિ (અપેક્ષાથી) જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે.'** પર્યાયમાં અશુદ્ધ દ્રવ્ય થયું છે એ દૃષ્ટિથી બરાબર છે. આહા..! **'પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** જોયું! એની શૈલી છે. સ્વામી કાર્તિકેયના પાઠમાં લીધું છે. સ્વામી કાર્તિકેયમાં લીધું હતું ને? બે-ત્રણ મોટા પાઠ ભર્યા છે. પર્યાય મતિ ને શ્રુત ને અવધિ ને રાગ ને દ્વેષ ને ક્રોધ એનાથી જુઓ તો તેનો એક સ્વભાવ દેખાતો નથી. ત્રિકાળી એક સ્વભાવ નજરમાં આવ્યા વિના આત્માનું સાચું જ્ઞાન થતું નથી. સ્વામી કાર્તિકેયમાં છે, એની ટીકા આમણે કરી છે-જયચંદ્ર પંડિતે. એ લોકો પંડિત લખે તેને માન્યતા નથી આપતા. દિગંબર લોકોએ સત્યધર્મ નથી સાંભળ્યો એમાં જન્મ થયો અને એમાં સત્ય... આહા..હા..! કેવી છે પર્યાય? જુઓ!

પર્યાયમાં કર્મનો સંબંધ, નર, નારક આદિ ગતિ અનેક... સમજાણું? ભેદરૂપ ગુણ, અનિયત પર્યાય, પર્યાયમાં વધ-ઘટ થવી, એ અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવાથી, વ્યવહારનયથી ઈ છે. **'પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહા..! એ અશુદ્ધદ્રવ્યાર્થિક નય નામ વ્યવહાર નયમાં પર્યાય દેખાય છે અને પર્યાયનું અસ્તિત્વ દેખાય છે, પરંતુ ત્રિકાળી એકરૂપ સ્વભાવ દેખાતો નથી. આહા..! **'આત્માનો એક સ્વભાવ...'** ભાષા જુઓ! માથે કહ્યું હતું ને? અનેક. છે ને? **'આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે.'** પહેલી લીટી. છે ને? એ પાંચ પ્રકારમાં અનેકરૂપ દેખાય છે. અહીંયાં, **'આત્માનો એક સ્વભાવ...'** એકરૂપ સ્વભાવ **'આ નયથી ગ્રહણ નથી થતો,...'** એ વ્યવહારનયથી એકરૂપ સ્વભાવ જ્ઞાનમાં આવતો નથી. આહા..હા...! આવો માર્ગ. માણસને.. એની કરતાં

દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો સહેલુંસટ હતું એને મોંઘુ કરી દીધું. એમ કેટલાક કહે છે. સોનગઢવાળાએ મોંઘું કરી દીધું. આ કોનું છે આ? સુજાનમલજી! આહા..!

'પરંતુ...' પાંચ ભાવથી, અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયથી—વ્યવહારનયથી જુઓ તો છે, પણ એ નયથી ત્રિકાળી એકરૂપ સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી. આહા..હા..! આત્માનો એકરૂપ ત્રિકાળી સ્વભાવ એનાથી ગ્રહણ નથી થતો. **'અને એક સ્વભાવને જાણ્યા વિના...'** ભાષા જુઓ! એકરૂપ જ્ઞાયક ચિદાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એવા એક સ્વભાવને જાણ્યા વિના **'યથાર્થ આત્માને કેમ જાણી શકાય?'** જુઓને ભાષા. આહા..હા..! સમજાય છે કાંઈ? પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે એ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહારનયથી છે, પણ એમાં આત્માનો એક સ્વભાવ દેખાતો નથી. **'અને એક સ્વભાવ જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય?'** આહા..હા..! કહો, છોટાભાઈ! આહા..! દુનિયા દુનિયાની જાણે. તારી ચીજ અંદર છે ત્યાં નજર કર ને. ભાષા તો જુઓ!

**'આત્માનો એક સ્વભાવ...'** એકરૂપ ત્રિકાળી ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ આ નયથી-અશુદ્ધનયથી વ્યવહારનયથી જણાતો નથી. **'એક સ્વભાવને જાણ્યા વિના...'** ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ જ્ઞાનબોધરૂપને જાણ્યા વિના.. આહા..હા..! **'સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય?'** જુઓ! એ યથાર્થ આત્મા છે. વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં કર્મનો સંબંધ, નર-નારકી ગતિ, પર્યાયમાં હિનાધિકતા ઓછું જ્ઞાન, વિશેષ એવી દશા છે અને એમાં ભેદ છે ઈ છે અને વિકારનું દુઃખ છે ઈ છે, પણ ઈ નયથી આત્માનો ત્રિકાળી સ્વભાવ જણાતો નથી અને ત્રિકાળી સ્વભાવને જાણ્યા વિના આત્મા યથાર્થ જાણ્યો નહિ, એમ કહે છે. આહા..હા..! કહો!

**'આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...'** અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ **'વ્યવહારનયનો વિષય છે.' 'એ સર્વ સત્યાર્થ છે, પરંતુ આત્માનો એક સ્વભાવ...'** ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ, અભેદસ્વભાવ **'આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહા..હા..! **'અને એક સ્વભાવ જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય? આ કારણે બીજા નયને...'** બતાવી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૪, શુક્રવાર, તા. ૧૬-૦૧-૧૯૭૬, ગાથા-૧૪, પ્રવચન નં. ૪૭

ભાવાર્થ છે. ૧૪મી ગાથાનો છે ને? આત્મા પાંચ પ્રકારથી વ્યવહારથી જોવામાં આવે છે, ઈ વાત ચાલે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહા..હા..! ભગવાન આત્મા પર્યાયમાં કર્મ સંબંધમાં બંધરૂપ દેખાય છે તો ઈ નયથી તો એ યથાર્થ છે; અને નર, નારકી, મનુષ્ય આદિની ગતિ અનેક-અનેક પ્રકારે અન્ય-અન્ય ગતિ થાય છે એ વ્યવહારનયથી-પર્યાયદૃષ્ટિથી બરાબર છે; અને અનિયત ભાવ છે—એની પર્યાયમાં જ્ઞાન, દર્શન આદિની હિનાધિક પર્યાય અનિયતપણે થાય છે એ વ્યવહારનયથી બરાબર છે; અને ગુણભેદ દેખાય છે. ભગવાન આત્મા અભેદ છે, છતાં એમાં જ્ઞાન, દર્શન એવા ગુણવિશેષ-ભેદ—બીજામાં નથી એવા જ્ઞાન, દર્શન, આનંદ આદિના ભેદ દેખાય છે એ અપેક્ષાથી-વ્યવહારથી બરાબર છે; અને કર્મના નિમિત્તના સંબંધમાં રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના પણ દેખાય છે એ વ્યવહારથી બરાબર છે, પણ એ દૃષ્ટિથી આત્મા જણાતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, જુઓ! '**આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહારનયનો વિષય છે.**' કાલે આવ્યું હતું ને, ભાઈ! '**એ દૃષ્ટિ (અપેક્ષાથી) જોવામાં આવે તો તે સર્વ સત્યાર્થ છે.**' પર્યાય તરીકે છે. આહા..હા..! '**પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...**' આત્માનો એકરૂપ સામાન્ય અભેદસ્વભાવ એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ છે. આહા..હા..! જ્ઞાનનો પુંજ છે એ એકરૂપ સ્વભાવ છે ઈ આ દૃષ્ટિથી જોવામાં નથી આવતો-વ્યવહારથી. સમજાય છે કાંઈ? '**એક સ્વભાવને જાણ્યા વિના...**' આહા..હા..! એકરૂપ ચૈતન્ય જ્ઞાયક પુંજ ચૈતન્યસૂર્ય એકલો પૂર્ણસ્વભાવ પ્રકાશમય એવી વસ્તુને જાણ્યા વિના આત્માનું સાચું જ્ઞાન, સમ્યગ્દર્શન આદિ થતાં નથી. બહુ ઝીણી વાત છે, ભગવાન! આ તો અંતરમાં ઊતરવાની વાત છે. આહા..હા..! પર્યાયથી એ પાંચ ભાવ દેખાય છે. '**પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...**' આહા..હા..! વ્યવહારનયથી ત્રિકાળી જ્ઞાયકભાવ સચ્ચિદાનંદ પ્રભુ એ વ્યવહારનયથી જણાતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ કારણે બીજા નયને...**' વ્યવહારનયથી જે બદ્ધસ્પૃષ્ટ છે, અન્ય-અન્ય છે, અનિયત છે, ભેદ છે અને સુખ-દુઃખની કલ્પના છે, એ નયથી ત્રિકાળી સ્વભાવ જણાતો નથી અને ત્રિકાળી સ્વભાવને જાણ્યા વિના સમ્યગ્દર્શન અને સમ્યજ્ઞાન થતાં નથી. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? '**આ કારણે બીજા નયને...**' બીજો નય અર્થાત્ વર્તમાન પર્યાયનય છે તેનાથી બીજી નય છે. આહા..હા..! છે? '**તેના પ્રતિપક્ષી...**' વ્યવહાર

નયથી બદ્ધસ્પૃષ્ટ, અન્ય-અન્ય આદિ છે ઈ અપેક્ષાથી બરાબર છે, પણ ઈ નયથી એકરૂપ ચૈતન્યનો અનુભવ નથી થતો. આહા..હા..! અને એકરૂપ ચૈતન્યના અનુભવ વિના સમ્યગ્દર્શન થતું નથી અને સંસારનો નાશ થતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિકનયને...'** ભાષા જુઓ! પેલાને કહ્યું હતું કે અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહારનય. આહા..હા..! પર્યાયનય. કેમકે આત્મા જ પર્યાયમાં વિકારી થાય છે, અન્ય અન્ય થાય છે તો એ પર્યાય એની છે, એ કોઈ કર્મની છે કે કર્મથી થઈ છે એમ નથી. એ અપેક્ષાથી પર્યાયદૃષ્ટિથી વર્તમાન દૃષ્ટિથી જુઓ તો એ છે, પણ એ નયથી ત્રિકાળી જ્ઞાયક એકરૂપ સ્વભાવ જણાતો નથી અને એને જાણ્યા વિના આત્મા યથાર્થપણે જણાતો નથી. આહા..હા..! આવી વાત છે. ક્યાં ગયો તમારો બેઠો હતો ઈ? ત્યાં છે? ઠીક. રસ લે છે, રસ લે છે ને. આહા..! આ ચીજ ક્યાં છે, ભાઈ? આહા..હા...!

પરની તો અહીંયા વાત જ નથી. પરનું કરવું અને પરને સુધારવું એ તો વસ્તુમાં છે જ નહિ. એની ચીજમાં કર્મનો સંબંધ અને પર્યાયમાં અન્ય-અન્યપણું છે, પણ એ પણ હેય કરીને.. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવમાં ઝુકવાથી (સમ્યગ્દર્શન થાય છે). સમજાય છે કાંઈ? વર્તમાન પર્યાય પર તરફના લક્ષવાળી છે એ પર્યાય તો એમ રહી, પણ પછી બીજી પર્યાય જે અંતરમાં ઢળે છે, જેમાં એકરૂપ ચૈતન્યસ્વભાવ સામાન્ય અભેદ દૃષ્ટિમાં આવે છે તેને આત્મા જાણ્યો અને આત્માનું સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે. બાકી લાખ ક્રિયા કરે અને બધું કરે એમાં કાંઈ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** આપ ક્રિયાની ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધર્મ નહિ, ઈ ભાવ હોય છે. શુભભાવ હોય છે. કહ્યું ને? પર્યાયનયના વિષયમાં શુભભાવ છે. આહા..હા..! પણ ઈ ભાવ તો ઉપર-ઉપર છે, અંતરમાં સ્વરૂપમાં-અંતરમાં એ ચીજ નથી. આહા..હા..! અગમ્ય વાતું છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગનો માર્ગ અથવા આત્માનો! ચૈતન્યબિંબ જ્ઞાનનો પુંજ, એકલો જ્ઞાનનો પુંજ સ્વભાવભાવ એ પર્યાયદૃષ્ટિથી જણાતો નથી. એની દૃષ્ટિ અંતર્મુખ થાય અને પર્યાયદૃષ્ટિને ગૌણ કરી નાખે ત્યારે એકરૂપ સ્વભાવ ધ્રુવ ચૈતન્યગંજ, ચૈતન્યનું.. સમજ્યા? આહા..હા..! ચૈતન્યસ્વભાવનું ગોદામ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ મુંબઈમાં ગોદામ હોય છે ને. અમે તો માલ લેવા જતા ને પહેલાં. નાની ઉંમરમાં, ૧૮-૧૯ વર્ષની ઉંમરે. ગોદામ હતું. એવા ગોદામ હોય કે પચાસ-પચાસ બોરી (હોય). પહેલી એક બોરી, પછી બે બોરી, પછી ત્રીજી એમ કરતાં-કરતાં મજૂર પચાસ સુધી લઈ જાય, પચાસ સુધી; પછી ૪૯માં એક નાખે, પછી ૪૮માં બે નાખે, એમ કરતાં-કરતાં અહીં સુધી લઈ જાય. પણ એ ગોદામમાં લાખોના માલ. અરે..! કેસરના ડબ્બાનું ગોદામ એક ફેરી જોયું હતું. આ કેસર નથી આવતું? એ વખતે સોંઘુ હતું. કેસર અત્યારે મોંઘુ થઈ

ગયું. કેસરના ડબ્બાનું ગોદામ હતું. અમે તો માલ લેવા જતા હતા ને. (સંવત) ૧૯૬૪-૬૫ની સાલ. નાની ઉંમરમાં. પિતાજી ગુજરી ગયા હતા, દુકાનના ધંધામાં ભાગીદાર સાથે હતા. એ ગોદામ કેસરના ડબ્બાથી ભરેલું હતું.

એમ અહીંયા કેસર નામ આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલું ગોદામ આત્મા છે. આહા..હા..! ભાઈ! એ વાતથી નથી થતું. સમજાય છે કાંઈ? ઈ કહે છે કે એ ચીજ છે એ પર્યાયમાં જે મલિનતા, રાગ, દયા, દાન આદિ દેખાય છે, ઈ છે, હો, પણ એ અંશ-દૃષ્ટિથી, પર્યાયદૃષ્ટિથી, ભેદદૃષ્ટિથી ત્રિકાળી જ્ઞાયકભાવ આત્માનું જ્ઞાન નથી થતું. તો એ પર્યાયદૃષ્ટિથી પ્રતિપક્ષ વ્યવહારનયથી પ્રતિપક્ષ નિશ્ચયનયને મુખ્ય કરીને આત્માનો એક સ્વભાવ (ગ્રહણ કરાવ્યો છે). **'પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને-ગ્રહણ કરી,...'** આહા..હા...! **'એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ,...'** જ્ઞાયક જ્ઞાન, જ્ઞાન-સમજણનો પિંડ, એકલી જળહળ જ્યોતિ. જ્ઞાનની જ્યોતિ, ચૈતન્યબિંબ આખો. ક્યાં એને ખબર નથી કોઈ દી. આહા..હા..! **'અસાધારણ જ્ઞાયકમાત્ર...'** ઈ શું કહ્યું? એક અસાધારણ જ્ઞાયકમાત્ર. આહા..હા..! દ્રવ્યાર્થિકનયને. દ્રવ્ય નામ પદાર્થનું જેને પ્રયોજન છે એવી નયથી જોતાં એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈને. એનામાં એકમાં જ જ્ઞાયકભાવ છે, બીજા કોઈમાં નથી અને અનંત ગુણમાં પણ જ્ઞાયકભાવ છે ઈ અસાધારણ છે. આહા..હા..!

**'અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ....'** અંદરમાં અસાધારણ એકરૂપ જ્ઞાયકભાવ ધ્રુવ છે, એનો ભાવ દૃષ્ટિમાં લઈ.. આહા..હા..! **'તેને શુદ્ધનયની દૃષ્ટિથી...'** શુદ્ધનયની દૃષ્ટિથી.. ત્રિકાળીને જોવાવાળી નય એ શુદ્ધનય છે. આહા..હા..! ભાષા જુદી, બધું જુદું. પેલું તો દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી સહેલુંસટ હતું, લ્યો. કાંઈ એમાં જન્મ-મરણ ન મટે એવી ચીજ નથી. ભગવાન! અહીં તો એ ચીજ છે. જેમાં જન્મ-મરણ ન મટે એ ચીજ શું? પછી ભલે સ્વર્ગ મળે. સ્વર્ગની ગતિમાંથી નીકળીને ચાર ગતિમાં રખડે છે. સમજાય છે કાંઈ? મનુષ્યગતિ મળે, કરોડો, અબજોપતિ હોય છે, એમાં શું થયું? એક વાર અબજોપતિ થશે અને બીજી વાર ગરીબ ભિખારી થશે. ભવભ્રમણમાં તો એવી દશા અનંતવાર થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જુઓને, આ કેટલું વૈરાગ્યનું કારણ છે. શેઠિયાને તમે નહિ જાણતા હો. સદામીલાલ નામ સાંભળ્યું છે? બિચારા બહુ.. અમે ત્યાં ગયા હતા. તે દી ત્યાં ભાઈ હતા, રાજેન્દ્રકુમાર. પંડિત નહિ? મોટા રાજેન્દ્ર. રાજેન્દ્રને? મુછવાળા. મોટા વાવટા લગાવ્યા હતા. સ્વાગત કર્યું હતું ને. મોટા પંડિતો ... મોઢાઆગળ ચાલતા હતા અને એના મકાન આગળ માનસ્તંભ બનાવ્યો છે. ત્યાં અહીંયાનો ફોટો મૂક્યો છે, ચિતરામણ. આહા..! અહીંયા પણ સાંભળ્યું હતું, જ્ઞાનચંદજી ગયા હતા. અહિંયાનું બહુ... જ્ઞાનચંદજી બહુ હુશિયાર છે. વ્યાખ્યાન સંભળાવ્યું તો લોકો રાજી-રાજી થઈ ગયા. જ્ઞાનચંદજી છે, વિદિશા. બહુ શાંત છે, શાંત છે. અહીંની વાત એને એવી બેસી ગઈ

છે તો ત્યાં પ્રરૂપણા કરતાં હતા, લોકો રાજી-રાજી થઈ ગયા એમ સાંભળ્યું હતું, આખો સમાજ. બાહુબલીજીની બહુ મોટી પ્રતિમા લાવ્યા છે. લાંબી છે, નહિ? કેટલી લાંબી છે? ૪૨ ફૂટ. લાવવામાં બહુ ખર્ચો થયો. અનેક હજાર. પચાસ, સાંઈઠ હજાર. એ બિચારા.. એનો માણસ.. લાખ ઉપર ખર્ચ છે. સાચી વાત છે. લાવવાનો ખર્ચ. બહુ પૈસા વાપરે છે. કરોડોપતિ છે ને. આહા..! પૈસા બહુ ખર્ચે છે. અનેક લાખો ખર્ચ્યા છે.

**શ્રોતા :-** મિલનસાર માણસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં બેંગ્લોર આવ્યા હતા. આહા..હા..! આ ચીજ સાંભળી નહોતી ત્યાં સુધી જરી મધ્યસ્થ.. ઠીક નહોતી પડતી, પણ આ સાંભળ્યા પછી થયું, ઓહો.! બાપુ! અહીં તો જન્મ-મરણ મટવાની વાત છે. પૈસા મળે ને ધૂળ મળે ને સ્વર્ગ મળે એ ગતિ તો દુર્ગતિ છે. આહા..હા..! દુર્ગતિ છે? મોક્ષપાહુડમાં લીધું છે, '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ**'. એવો પાઠ છે. '**परदव्वादो**' ચાહે તો ત્રણલોકના નાથ પરદ્રવ્ય છે, એનું લક્ષ કરવાથી તો રાગ જ થાય છે અને દુર્ગતિ થાય છે. દુર્ગતિ નામ સિદ્ધગતિ નહિ. આહા..હા..! માંગીલાલજી! આવી વાત છે. માણસને કોણ જાણે એવા કાપી નાખવાના ભાવ આવે. ગજબ છે ને. એકેન્દ્રિય પ્રાણીને મારવામાં ધ્રુજારી થાય એમાં આ..! ઓહો..હો..! એ પણ અનંતવાર કર્યું છે ને.

અહીંયા તો કહે છે કે જ્યાં સુધી તને ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ ન થાય ત્યાં સુધી જન્મ-મરણ ત્રણકાળમાં નહિ મટે. આહા..હા..! વર્તમાન જ્ઞાનપર્યાયમાં વર્તમાન જે રાગાદિ દેખાય છે તે હો, પણ એ નયથી તો અંશ લક્ષમાં આવ્યો, ત્રિકાળી જે વસ્તુ છે એ દૃષ્ટિમાં આવી નહિ. ત્રિકાળી જે વસ્તુ છે એ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. શુદ્ધદ્રવ્યનું પ્રયોજન—ત્રિકાળી દ્રવ્યનું જેને પ્રયોજન છે એ દૃષ્ટિનો વિષય છે. આહા..હા..!

'**શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' આહા..હા..! સમજાય છે કાંઈ? ક્યાં ગયા તમારા દાદા? ભાવનગર ગયા છે? અહીં નથી. અહીં બેસે છે ને. '**સર્વ પર્યાયોમાં એકાકાર,...**' પહેલાં બદ્ધસ્પૃષ્ટનું લીધું ને? સર્વ પરદ્રવ્યથી ભિન્ન. પરદ્રવ્ય સાથે સંબંધ હતો. '**સર્વ પર્યાયોમાં એકાકાર,...**' ત્યાં હતું ને? અન્ય-અન્ય ગતિ. એ અન્ય-અન્ય ગતિમાં એકાકાર વસ્તુ ભિન્ન. આહા..હા..! '**હાનિવૃદ્ધિથી રહિત,...**' અનિયત. અનિયત જે પર્યાયમાં વધઘટ થતી હતી તેનાથી રહિત ત્રિકાળ વસ્તુ. આહા..! '**વિશેષોથી રહિત,...**' ગુણભેદ—જ્ઞાન ને દર્શન એવા વિશેષ હતા એ પર્યાયનયનો વિષય અને શુદ્ધનયના વિષયમાં વિશેષોથી રહિત એકલું સામાન્ય. સૂક્ષ્મ માર્ગ છે, ભગવાન! બાપુ! એની પર્યાયનું એ તરફ અંદર ઢળવું. નવરંગભાઈ! આહાહા...!

પોતાની જે વર્તમાન પર્યાય ચાલે છે એ પર્યાયનું લક્ષ પર ઉપર છે. એ પર ઉપર છે. પછી ચાહે તો દયા, દાન હો, વ્રત હો, ભક્તિ, પૂજા ચાહે તો હો, એ બધું પર ઉપર

લક્ષ છે. એને તો મોક્ષપાહુડમાં ભગવાન કુંદકુંદાચાર્યે એમ કહ્યું કે **'परदव्वादो दुग्गइ'**. જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જશે એટલું, ચાર ગતિથી ભિન્ન પોતાની સિદ્ધગતિ નહિ થાય, ચાર ગતિ થશે, તો ચારેય ગતિ દુર્ગતિ છે. આહા..હા..! મોક્ષપાહુડ ૧૬મી ગાથા. સમજાય છે કાંઈ? છે ને? અહીંયા છે કે નહિ? અષ્ટપાહુડ ૧૬મી ગાથા છે. કુંદકુંદાચાર્ય. મોક્ષપાહુડ.

**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गई होइ।**
**इय णाऊण सदव्वे कुणइ रई विरह इयरम्मि।।१६।।**

આહા..હા..! સમજાય છે કાંઈ? **'પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે અને સ્વદ્રવ્યથી સુગતિ થાય છે...'** બે શબ્દમાં તો આખો સિદ્ધાંત કહી દીધો. જેટલું પોતાના દ્રવ્યથી ખસીને પરદ્રવ્ય ઉપર જશે એટલો રાગ થશે અને રાગ છે એ પોતાની ગતિ નહિ. રાગમાં પુણ્યબંધ થશે અને પુણ્યથી સ્વર્ગ આદિ મળે એ દુર્ગતિ છે. આહા..હા..! કહો, અજીતભાઈ! આ પૈસાવાળાને દુર્ગતિ છે એમ કહે છે. પૈસાવાળા એ મનુષ્યપણું છે અને મનુષ્યપણું એ દુર્ગતિ છે, એ આત્માની ગતિ નહિ. આહા..હા..! આ તો અજર પ્યાલા છે, ભાઈ!

**શ્રોતા** :- કહેવામાં નિમિત્ત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એમાં શું છે! એમાં ધૂળમાં કાંઈ નથી. આહા..હા..! જુઓને, અર્થ પણ કેવો સાદી ભાષામાં ભર્યો છે. આહા..!

**'અને નૈમિત્તિક ભાવોથી...'** ઈ પાંચમો બોલ. કર્મના નિમિત્તે જે સુખ-દુઃખની કલ્પના અને રાગ-દ્વેષના ભાવ થાય છે એ નૈમિત્તિક. એનાથી રહિત **'જોવામાં આવે તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.'** આહા..હા..! અંતર જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, એકરૂપ સ્વભાવ, સામાન્યસ્વભાવ, સદશ્યભાવ, નિત્યભાવ.. આહા..હા..! એવી ચીજની દૃષ્ટિ કરવાથી આ પાંચ ભાવ જે બંધ આદિ કહ્યા, તે અસત્યાર્થ થઈ ગયા. સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ. આ કઈ જાતનો ઉપદેશ! ભાઈ! સત્યનો માર્ગ તો આવો છે. આહા..હા..! (તેનાથી રહિત) જોવામાં આવે તો અનેક પ્રકારપણું છે તે (અસત્યાર્થ છે). એક સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી અનેકપણું ત્યાં અસત્ય થઈ ગયું, એમાં અનેકપણું રહેતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મારી નાખે છે ને માણસને. જુઓ, આપણા ભાઈ કુંડલાવાળા નહિ? કુંડલાવાળા અનુપચંદભાઈ. એનો દીકરો ૨૫ વર્ષનો. અને શું કહેવાય એમાં? ઈજનેર હતો, એન્જીનિયર. આપણને બહુ શબ્દ ન આવડે તમારા. એ ઈજનેર હતો બિચારો, મારી પાસે આવ્યો હતો. પચીસ વર્ષનો જુવાન, ગૃહસ્થ માણસ. શેઠ! આ કુંડલાના શ્વેતાંબર, પણ આપણે અહીંના પક્ષમાં આવી ગયા છે. આવ્યો હતો એક-બે મહિના પહેલાં, પણ ન્યાં ગયા પછી કોઈ પત્તો નહિ, કો'ક ઉપાડી ગયું. ખૂન કરી નાખ્યું કો'કે એમ લાગે છે. કપડા ન્યાં જંગલમાં પડ્યા હતા. આહા..હા..! માણસની દશા.. બાપુ! આવું અનંતવાર થયું છે, હોં! એની વાત નથી અહીં. આ જીવને

અનંત સંસાર અને અનંત ભવમાં અનંતવાર આવું થઈ ગયું છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..!

અહીંયા કહે છે કે જે આત્મા અંદર પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાનદળ ધ્રુવ જ્ઞાયક જળાહળ ઝળહળ ચૈતન્યજ્યોતિ ધ્રુવ, એની દૃષ્ટિથી જોવાથી એ બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવ છે તે જૂઠા થઈ જાય છે. આહા..હા..! મુખ્ય આની દૃષ્ટિ કરવાથી જૂઠા. આહા..હા..!

'**અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે,...**' હવે ઈ પર્યાયમાં છે એ વાત સિદ્ધ કરવી છે. '**તે સ્યાદ્વાદથી...**' અપેક્ષાથી. સ્યાદ્ નામ અપેક્ષાથી કહેવું. એ સ્યાદ્વાદ અપેક્ષાથી કહેવું. છે? ભાવાર્થનો બીજો પેરેગ્રાફ છે. '**અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ...**' આત્મદ્રવ્યનું સ્વરૂપ અનંત ધર્મસ્વરૂપ છે, તે સ્યાદ્વાદ-અપેક્ષાથી '**સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે.**' ધર્મ નામ એનામાં રહેલી શક્તિ અને પર્યાય આદિ. એની શક્તિ છે એ પણ ધર્મ છે, પર્યાયની શુદ્ધતા પણ એનો ધર્મ છે. ધર્મ નામ ધારી રાખે ઈ; અને અશુદ્ધતા ઉત્પન્ન થાય છે તે પણ પર્યાયમાં દ્રવ્યએ ધારી રાખી છે. અનંત ધર્મવાળા.

'**તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે...**' શું કહે છે? આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ તો સ્વાભાવિક છે. '**અને કેટલાક તો પુદ્ગલના સંયોગથી થાય છે.**' કર્મના નિમિત્તથી પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ આદિ. '**જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે...**' આહા..! આ વાત સર્વજ્ઞ સિવાય આવી શૈલીની પદ્ધતિ ક્યાંય નથી, પણ સર્વજ્ઞના વાડામાં જન્મ્યા એને પણ ખબર નથી. નંદલાલજી! ખબર નથી. આહા..હા..! '**આત્માને સંસારી પ્રવૃત્તિ થાય છે...**' ત્યાં તો ગતિ મળે છે. દ્વેષ તીવ્ર હોય તો નરક મળે, મંદ હોય તો સ્વર્ગ મળે, પણ એ તો બધી સંસારપ્રવૃત્તિ છે. '**તે સંબંધી સુખદુઃખાદિ થાય છે...**' જીવમાં એ સંબંધી જે સુખ-દુઃખની કલ્પના થાય છે એ આત્મા ભોગવે છે, નરકમાં, સ્વર્ગમાં. સ્વર્ગમાં પણ સુખ નથી. સ્વર્ગની અનુકૂળતામાં લક્ષ જાય છે તો એ પાપપ્રકૃતિ છે, પાપભાવ છે. આહા..હા..! એ દુઃખ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મનુષ્ય કરતાં ત્યાં સ્વર્ગમાં અનુકૂળ સામગ્રી ઘણી છે, પણ અનુકૂળ સામગ્રી ઉપર લક્ષ જાય છે ત્યારે પાપભાવ થાય છે, સમજાય છે કાંઈ? એ દુઃખી છે. સ્વર્ગના જીવ પણ દુઃખી છે. આહા..હા..!

**શ્રોતા :-** એક પણ ભવ ઓછો થતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગતિનો રાગ છે ને ત્યાં. આહા..!

'**તે સંબંધી સુખ-દુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે;...**' છે? એ આત્માની અનાદિ કાળથી અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે. વર્તમાન રાગાદિને જોવા એ તો પર્યાયબુદ્ધિ અનાદિની છે. '**અનાદિઅનંત**

**એક આત્માનું જ્ઞાન તેને નથી.**' આ વાત કેટલી સરસ લીધી, જુઓને! એને અનાદિઅનંત ભગવાન આત્મા છે.. છે.. છે.. છે.. ધ્રુવ, ધ્રુવ આત્મા અનાદિઅનંત છે. પ્રવાહ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. એવા '**અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન...**' અજ્ઞાનીને પર્યાયબુદ્ધિવાળાને એ જ્ઞાન હોતું નથી.

'**તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે.**' જુઓ, બીજામાં સર્વજ્ઞ નથી અને એમણે જે બતાવ્યું એ કોઈ સમજી શકતા નથી, પણ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે જ્ઞાનમાં જે સર્વજ્ઞસ્વભાવ હતો, જ્ઞ-સ્વભાવ હતો, જ્ઞાયકસ્વભાવ હતો, જ્ઞ-સ્વભાવ પૂર્ણ હતો એના અવલંબનથી સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી. આહા..હા..! એ સર્વજ્ઞની વાણી આગમ છે. સમજાય છે કાંઈ? કહ્યું ને? '**તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે...**' સર્વજ્ઞના આગમમાં એ બતાવ્યું છે. શુદ્ધદ્રવ્યાર્થિક (અર્થાત્) શુદ્ધ દ્રવ્યનું પ્રયોજન ત્રિકાળી ધ્રુવ, એનું જે જ્ઞાનમાં પ્રયોજન છે તેવી નયથી બતાવ્યું છે કે '**આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે...**' આહા..હા..! અસાધારણ—બીજામાં નથી એવો એક અસાધારણ જ્ઞાયકભાવ આત્મામાં ચૈતન્ય જ્ઞાયકભાવ પૂર્ણ ભરેલો છે, એ ભગવાનના આગમ બતાવે છે. આહા..હા..!

'**તે અખંડ છે,...**' આહા..હા..! જ્ઞાયકભાવ સ્વભાવભાવ ધ્રુવભાવમાં ખંડ નથી. પર્યાયમાં ભિન્ન-ભિન્ન ભેદ પડે છે એવું નથી, ત્યાં તો એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ છે. સમજાય છે કાંઈ? '**નિત્ય છે,...**' શુદ્ધદ્રવ્યાર્થિકનયથી બતાવનારા સર્વજ્ઞના આગમે શું બતાવ્યું છે? કે એક અસાધારણ ચૈતન્યભાવ પ્રકાશ પુંજ, ચૈતન્ય ભાવ.. ભાવ.. ભાવ આત્મા છે કે જે '**અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે, તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે.**' લ્યો. પર્યાય છે ખરી. પક્ષપાત છે કે હું આવડો છું, એ મટી જાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવમાં દૃષ્ટિ કરવાથી વર્તમાન પર્યાય જેવડો જે જાણ્યો છે એ પક્ષપાત મટી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ તો જ્ઞાયકભાવ ચૈતન્ય પુંજ છે. એમાં આવે છે ને? ચિદો અહં. શુદ્ધ ચિદ્રૂપો અહં. શેમાં? તત્ત્વજ્ઞાન તરંગિણીમાં આવ્યું છે, શુદ્ધ ચિદ્રૂપો અહં. બસ! હું તો શુદ્ધ જ્ઞાનરૂપ જ છું. આહા..હા..! સમજાય છે કાંઈ?

પર્યાયનો પક્ષપાત મટી જાય છે. પર્યાય નથી રહેતી એમ નહિ, પણ પર્યાયનો પક્ષપાત કે હું આવડો છું, એ મટી જાય છે. ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયક માત્ર હું છું. આહા..હા..! કેટલો પુરુષાર્થ છે એમાં! પક્ષપાત મટી જાય છે. પર્યાય જેવડો છું, વર્તમાન અવસ્થા પ્રગટ છે એવડો જ છું—એ પક્ષપાત ત્રિકાળને જાણવાથી મટી જાય છે. કહો, સમજાય છે કે નહિ? સુજાનમલજી! આ તો અનંત કાળથી નથી કરી એ વાત છે, ભગવાન! આહા..હા..! પરિપૂર્ણ ભગવાન બિરાજે છે બધા. સ્વભાવ તો દરેક જીવનો-આત્માનો સ્વભાવ પરિપૂર્ણ કૃતકૃત્ય પડ્યો છે. આહા..! એના ઉપર નજર કરવાથી .. માનવાથી 'વર્તમાનમાં રાગાદિની પર્યાય

છે, એવડો હું છું' એ પક્ષપાત મટી જાય છે. સમજાય છે કાંઈ?

'**પરદ્રવ્યોથી,...**' કર્મ, શરીરાદિ પરદ્રવ્યોથી, '**તેમના ભાવોથી,...**' પરદ્રવ્યના ભાવથી '**અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી...**' પોતાની પર્યાયમાં પણ રાગ, દ્વેષ, દયા, દાનના વિકલ્પ ઊઠે છે એ વિભાવભાવ છે. તેનાથી '**પોતાના આત્માને ભિન્ન જાણી...**' સમજાય છે કાંઈ? પરવસ્તુ અને પરવસ્તુના ભાવ—બેય અને પરવસ્તુના નિમિત્તે પોતામાં થયેલા વિભાવભાવ—એ ત્રણથી ભિન્ન જાણી. આહા..હા..! '**તેનો અનુભવ જીવ કરે...**' છે? '**વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે...**' આત્માનો (અનુભવ કરે છે), ત્યારે આનંદનો અનુભવ થાય. આહા..હા..! એકરૂપ જ્ઞાયકભાવનો અનુભવ.. અનુભવ છે તો પર્યાય, કંઈ દ્રવ્યનો અનુભવ નથી થતો, પણ દ્રવ્ય તરફ ઝુકવાથી એ દ્રવ્યનો અનુભવ છે એમ કહેવામાં આવે છે. અનુભવ તો દશા છે-પર્યાય છે. ધ્રુવનો અનુભવ નથી થતો. ધ્રુવ તો કૂટસ્થ પડ્યો છે, પણ ધ્રુવમાં જે આનંદ આદિ જ્ઞાયકભાવ હતો એનો અંદર સ્વીકાર થયો તો પર્યાયમાં ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** બહુ ઝીણી વાત છે. આપે તો એકમાં જ સ્પષ્ટ કરી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો સાદી કરી દીધી ને, ભગવાન!

બે વાત. પરની સાથે એક કોર રાખો. આત્મામાં બે પ્રકાર. એક, પર્યાયમાં રાગ-દ્વેષ આદિ હતા અને ત્રિકાળમાં જ્ઞાયક ધ્રુવ ભાવ. હવે પર્યાયભાવની દૃષ્ટિ છે એ તો વ્યવહારદૃષ્ટિ છે, પર્યાયદૃષ્ટિ છે, બીજી રીતે કહીએ તો મિથ્યાદૃષ્ટિ છે. એ દૃષ્ટિને છોડી એની દૃષ્ટિથી પ્રતિપક્ષ જે શુદ્ધનયનો વિષય છે એ શુદ્ધનય જે વ્યવહારથી પ્રતિપક્ષ છે, એ નયથી જુઓ તો એકરૂપ ચૈતન્યમાત્ર ભગવાન આનંદકંદ છે. આહા..હા..! એ જ્ઞાયકભાવ ધ્રુવભાવ અનંત-અનંત ગુણનું ગોદામ ભાવ આત્મા છે. ક્ષેત્ર નાનું એમ ન જોવું, એના સ્વભાવનું સામર્થ્ય અનંત છે, એવા એક ભાવને જોવાથી.. છે?

'**ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**' પોતાના જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ હોવાથી જ્ઞાયકભાવનો અનુભવ થાય છે. કર્મના સંબંધથી જે રાગાદિ થાય છે તેનો અનુભવ નથી થતો. '**પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**' રાગરૂપે પર્યાયમાં પરિણમતો નથી. આહા..હા..! અસ્થિરતાના પરિણામ છે એ પણ પરલક્ષી અંદર થાય છે. આહા..હા..! વસ્તુ ચૈતન્યસૂર્ય જ્ઞાનપ્રકાશનો પુંજ... આહા..હા..! ધોકડું છે. ધોકડાને શું કહે છે? બોરી. પચીસ મણનું, પચાસ મણનું આખું ધોકડું, એમાંથી નમૂનો કાઢે; એમ પૂર્ણ ગુણનું ધોકડું આત્મા છે, એમાં એકાગ્ર થાય છે તો થોડો નમૂનો આવ્યો. આખી ચીજ તો પર્યાયમાં આવતી નથી. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનમાં પણ આખું દ્રવ્ય તો આવતું નથી. આહા..હા..! આ તો કાયરના કામ નથી, બાપુ! આ તો વીરોના કામ છે. ગાયું હતું ને? વીરના મારગડા

આ તો. આહા..હા..! ... પુરુષાર્થ ઉપાડી ત્રિકાળ જ્ઞાયકની દષ્ટિમાં જાય છે ત્યારે એ પર્યાયદષ્ટિ છૂટી જાય છે. આહા..હા..! આ કરવાનું છે અને આ આચરણ છે. સમજાય છે કાંઈ?

'**ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**' પર્યાયમાં રાગરૂપ નથી થતો. કેમકે અરાગી જ્ઞાયકભાવની દષ્ટિ થઈ તો પરિણમનમાં શુદ્ધતા આવી, અશુદ્ધતા નથી થતી. આહા..હા..! '**તેથી કર્મ બંધાતા નથી...**' જ્ઞાયકભાવની દષ્ટિ હોવાથી પરદ્રવ્યરૂપ પરિણમન થતું નથી, તેથી કર્મ બંધાતા નથી. આહા..હા..! '**અને સંસારથી નિવૃત્ત થઈ જાય છે.**' આહા..હા..! વિકારની પર્યાયથી નિવૃત્તિ થઈ જાય છે. સ્વભાવમાં પ્રવૃત્તિ પુષ્ટ થઈ જાય છે. આવો માર્ગ. આહા..! એટલે બિચારા પેલા બહારથી ક્રિયા કરતાં હોય એને એવું લાગે કે આ તો કંઈ ઊંચેની વાત છે, આ તો એલ.એલ.બી.ની વાત છે. એલ.એલ.બી.ની નથી, ભગવાન! તને ખબર નથી. આ તો હજી પહેલા એકડાની વાત છે. જૈન ધર્મ એણે સાંભળ્યો નથી. જૈન ધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુના સ્વભાવની દષ્ટિ કરીને અજ્ઞાન અને રાગ-દ્વેષને જીતવા એનું નામ જૈન છે. સમજાય છે કાંઈ? કહે છે, '**સંસારથી નિવૃત્ત થઈ જાય છે.**' પરિભ્રમણનો વિકલ્પ છે તેનો નાશ થઈ જાય છે, એકલો સિદ્ધ થઈ જાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયથી પરદ્રવ્યનું પરિણમન-રાગનું થતું નથી, તેથી કર્મ બંધાતા નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. આહા..! સમજાય છે કાંઈ?

'**માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી...**' જુઓ, અભાવ કરીને નહિ. પર્યાય નથી એમ નહિ, એ દષ્ટિનો વિષય નથી, દ્રવ્યાર્થિકનયનો એ વિષય નથી. પર્યાય નથી એમ નહિ. પર્યાય નથી એમ માને તો વેદાંત થઈ જાય. સમજાય છે કાંઈ? પણ પર્યાયનય-વ્યવહારનયને ગૌણ કરીને... ભાષા કેવી લીધી છે? પર્યાયાર્થિકરૂપ (અર્થાત્) વર્તમાન અવસ્થાને દેખનારી નયથી. એ વ્યવહારનયને ગૌણ કરી નાખી. ગૌણ કરી અસત્યાર્થ કહ્યું છે. '**અને શુદ્ધનિશ્ચયનયને સત્યાર્થ કહી...**' શુદ્ધનિશ્ચયના વિષયને જ સત્યાર્થ કહી. આહા..હા..! '**શુદ્ધનિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે.**' ત્રિકાળનું આલંબન લેવાનું જ કહ્યું છે. આહા..હા..! લ્યો, આ તો ભગવાનની મૂર્તિનું આલંબન એ બહારનું થઈ ગયું. આ તો ત્રિકાળી જ્ઞાયકભાવનું આલંબન શુદ્ધનયના વિષયને દીધું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવું ઝીણું માણસને પડે ને. નવરાશ ન મળે. સંસારના પાપ આડે નવરાશ ક્યાં છે એને. કો'ક માટે કરવામાં રોકાઈ ગયો બિચારો. બાયડી ને છોકરાનું. કો'ક પદાર્થ કો'કના જગતના.

**શ્રોતા :-** જગતના કાંઈ કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જગતના નહિ તો કોના પદાર્થ? એનો છે? સુમનભાઈ તમારો છે?

**શ્રોતા :-** એના ઘરમાં કેમ આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘર ક્યાં હતું એનું? એનું ઘર તો અહીં છે. અસંખ્ય પ્રદેશી

અનંત ગુણનું ધામ. સ્વયં જ્યોતિ સુખધામ. ઈ ધામ એટલે સ્થાન. ઈ તો અહીં છે. આ ધામમાં કોણ આવ્યું છે? આવ્યું છે કોઈ? ભગવાનજીભાઈ! અહીં તો એવી વાત છે, ભાઈ! પરદ્રવ્ય-પરવસ્તુ એને અને તારે સંબંધ શું? મુસાફર ફરતો-ફરતો અહીંયા આવ્યો અને વચ્ચે આ બધું દેખાય છે એની ચીજ તારી ક્યાં છે? આહા..હા..! તારી પર્યાય પણ લક્ષ કરવાની ચીજ નથી, તો પરદ્રવ્યનું લક્ષ કરવું તો દૂર રહી ગયું. સમજાય છે કાંઈ? સ્ત્રી, પુત્ર. કોના પુત્ર? કોની સ્ત્રી? આત્માનો પુત્ર હોય? આત્માની સ્ત્રી હોય? આહા..હા..!

શાસ્ત્રમાં ઈ આવ્યું છે ને? પ્રવચનસાર. જ્યારે વૈરાગ્ય થાય છે, આત્મજ્ઞાન થાય છે, ચૈતન્યજ્યોતિનું ભાન થયું, ચૈતન્ય આનંદકંદ છું. પછી જ્યારે દીક્ષા લેવાના સાધુપણાના ભાવ થયા તો કુટુંબ પાસે જાય છે. હે પિતા! આ શરીરના પિતા. એમ કહ્યું છે. છે? પ્રવચનસારમાં છે. ચરણાનુયોગના અધિકારમાં છે. હે શરીરના પિતા! તમે મારા આત્માને જન્મ નથી આપ્યો. આહા..હા..! મારો અનાદિઅનંત આનંદકંદ મારા પિતા છે એની પાસે હું જવા માંગુ છું. મારી પ્રજા નિર્મળ (પર્યાય), એના પિતા દ્રવ્ય છે. મારા આત્માની પર્યાય ઈ પ્રજા. પર્યાય કહો કે પ્રજા કહો. એ પર્યાયનો પિતા દ્રવ્ય. એ મારા દ્રવ્ય પાસે હું તો જાઉં છું. આહા..! રજા આપો, પિતાજી! શરીરના પિતાજીને કહે છે. મારા આત્મ-પિતા શુદ્ધ આનંદઘન પાસે હું જાઉં છું. સ્ત્રીને કહે છે. પાઠ છે, પ્રવચનસાર.

હે આ શરીરને રમાડનારી સ્ત્રી! શરીરને રમાડનારી. મને શું રમાડે? હું તો આત્મા છું. તું રજા દે. હું તો મારી અનાદિઅનંત શુદ્ધ અનુભૂતિ જે ધ્રુવ, એ અનુભૂતિ પાસે હું જવા માંગુ છું. સમજાય છે કાંઈ? જુઓ, ત્યાં ત્રિકાળી અનુભૂતિ લીધી છે, પર્યાય નહિ. ત્રિકાળી અનુભૂતિ એવો મારો સ્વભાવ એ મારી સ્ત્રી છે. એની પાસે હું જાઉં છું. આહા..હા..! હું વનવાસ જાઉં છું, પિતા, માતા! આહા..હા..! મારી ચીજ મારી પાસે છે એની પાસે હું જવા માંગુ છું. બહારથી દૂર-દૂર વિકલ્પ આદિ ઊઠ્યા છે એ મારી ચીજ નથી. આહા..હા..!

અને ત્યાં સુધી વૈરાગી હોય છે, રાજકુમાર હો, હજારો સ્ત્રી હો. માતા, પિતા, લાદી.. લાદી હોય ને? નિલમની લાદી હોય, બંગલાની-મકાનની. માતા! મને ક્યાંય રુચિ લાગતી નથી. મારો આત્મા બહારમાં ક્યાંય ઠરતો નથી. મારી ચીજ મારી પાસે છે, હું ત્યાં જવા માંગુ છું. આહા..હા..! એકવાર એમ પણ કહે, માતા! હું તો રાજને છોડવા માંગુ છું અને મારા સ્વભાવમાં જવા માંગુ છું. માતા! એકવાર તારે રોવું હોય તો રડી લે. હું કોલ કરાર કરું છું, માતા! હું ફરી જનેતા નહિ કરું. આહા..હા..! હું ફરીને અવતાર નહિ લઉં. હું તો અશરીરિ થઈ જઈશ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે કે પોતાનો જે ત્રિકાળ સ્વભાવ છે એનું આલંબન દીધું. **'વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી.'** જ્યાં સુધી ત્રિકાળનો આશ્રય કરવાનો છે ત્યાં સુધી આલંબન છે, પૂર્ણ થઈ ગયા પછી આલંબન રહ્યું નહિ, પછી તો જ્ઞાતા દૃષ્ટા

થઈ ગયો. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કહ્યું ઈ? **'શુદ્ધનિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે.'** ઈ શું કહ્યું? પર્યાયના ભેદનું લક્ષ છોડાવી ત્રિકાળીનો આશ્રય કરવા આલંબન દીધું છે, 'ત્રિકાળનો આશ્રય લે. ત્રિકાળમાં ઘુસી જા. ત્રિકાળમાં ઊંડે-ઊંડે ચાલ્યો જા.' આહા..હા..!

**શ્રોતા :-** ઊંડે ઊંડે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવમાં ચાલ્યો જા. જે પર્યાયમાં તું છો, ધ્રુવમાં ચાલ્યો જા. આ તો જન્મ-મરણરહિતની વાત છે, ભગવાન! વીતરાગનો માર્ગ તો આ છે. આહા..હા..!

જુઓને, આ સંસારમાં કેવી-કેવી ચીજ બને છે. આહા..હા..! એક બીજાનો કો'કનો કાગળ આવ્યો છે. ભાઈ! ઈ નક્કી થયું કાંઈ? કો'કનો કાગળ જયપુરથી આવ્યો છે. કોણ? મલકાપુર? ચેતનજી? ગણેશ જૈન. કાગળ આવ્યો છે અમારા ઉપર. હું જયપુર ગયો હતો હુકમચંદજીને મળવા, તેઓ ન મળ્યા. પછી હું રેલમાં ગયો તો મને ધક્કો લાગ્યો તો બધું તૂટી ગયું છે, હાડાકા તૂટી ગયા છે, એમ કરીને બહુ લખ્યું છે બિચારાએ. મને આશીર્વાદ આપો, એમ કરીને લખ્યું છે બિચારાએ. હું તો જાણતો નથી. કોઈ હશે, પ્રેમી હશે. ત્યાં છે ને? ટોડરમલ સ્મારક, જયપુરમાં પાંચ લાખનું બનાવ્યું છે ને ભાઈએ, પુનમચંદ ગોદિકાએ. ત્યાંના માણસ એની સેવામાં ગયા હશે. જાણતા હશે એવું લાગે છે. લખ્યું છે એમાં. હાડકા તૂટી ગયા છે, આમ તૂટી ગયું છે, ટાંગો તૂટી ગયો છે. આહા..હા..! આવે છે ને કાગળ? અંતર.. શું કહેવાય ઈ? અંતર્દેશી. ઈ કાગળ આવ્યો છે. હું તો જાણતો નથી, પણ બિચારો આવ્યો હશે. હું હોસ્પિટલમાં છું, બધું તૂટી ગયું છે, આશીર્વાદ આપો—એમ લખ્યું છે બિચારાએ. એ તો આયુષ્યની સ્થિતિ હોય ત્યાં સુધી અંદર રહેવાનું છે.

**શ્રોતા :-** આપ તો આશીર્વાદ આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈના આશીર્વાદથી રહેતો નથી. આહા..હા..! ગયા હશે કંઈક કામે અને એમાં હુકમચંદજી મળ્યા નહિ. ત્યાં રેલની ટક્કર લાગી હશે. આહા..હા..! બે-ચાર ઠેકાણે ટાંગામાં ને આમ ને તેમ લખ્યું છે. અરે.. ભાઈ! જડની અવસ્થા ક્યારે કેવી થશે એ તને ખબર નથી, પણ જે થવાની તે થવાની જ. એ સમયે તો એ અવસ્થા થવાની છે તે થવાની. અકસ્માત કંઈ નથી. આહા..હા..! જડ દશાની અવસ્થા-પર્યાય જે સમયે (થવાની તે તેનો) જન્મક્ષણ છે, તે પર્યાયનો જન્મક્ષણ છે, એમ (પ્રવચનસારની) ૧૦૨ ગાથામાં છે. જન્મ નામ એ ઉત્પત્તિનો કાળ છે, તેને કોણ ફેરવી શકે? પોતાના પરિણામની જ્યારે દ્રવ્યદૃષ્ટિ થઈ પછી જે સમયે જે પરિણામ થવાના તે થાય છે, તે પરિણામને કોણ ફેરવે? આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત.

એક દિશા બદલી, પર્યાયની દૃષ્ટિ છૂટી દ્રવ્યદૃષ્ટિ થઈ એટલું બદલાયું, પણ પર્યાય તો તે સમયે એવી થવાની હતી, આહા..હા..! અને પછી પણ જે પરિણામ જે સમયે જે પ્રકારના

થવાના તે થશે, એ પરિણામનો કાળ પોતાના સ્વરૂપને જાણનારો પણ ફેરવી શકે નહિ. આહા..હા..! આકરું લાગે લોકોને, ક્રમબદ્ધ. વસ્તુ એમ છે, ભાઈ! જડ અને ચૈતન્યમાં સમયે-સમયે જે ક્રમસર પર્યાય થાય છે એ ક્રમબદ્ધ થાય છે, આઘીપાછી નહિ. આઘીપાછીને શું કહે છે? આગે-પીછે. આહા..હા..!

અહીંયા કહે છે, સ્વરૂપનું '**આલંબન દીધું છે.**' પછી. '**વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી...**' અભેદ પૂર્ણાનંદ થઈ ગયો '**તેનું પણ આલંબન રહેતું નથી.**' તે તરફ ઝુકવાનું રહ્યું નહિ, આલંબનનો અર્થ. આહા..હા..! પર્યાયમાં જ્યાં સુધી ઓછપ હતી ત્યાં સુધી દ્રવ્યમાં ઢળવાનું હતું, પણ દ્રવ્યમાં ઝુકવાથી પૂર્ણ પર્યાય થઈ ગઈ પછી ઝુકવાનું રહ્યું નહિ, આલંબન રહ્યું નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? પંડિતજીએ પણ કેવો ખુલાસો કર્યો છે, જુઓને! પહેલાંના પંડિત પણ... આહા..! હવે અત્યારે લખાણ આવે છે. હમણાં આવ્યું હતું. શ્રુતસાગર સાધુ છે ને? ધર્મસાગરના, શાંતિસાગરના હતા ને? વીરસાગર ને શિવસાગરના.. એમાંથી એક નીકળ્યો છે શ્રુતસાગર. ભણેલો છે. હમણાં એમાં એવું બહુ આવ્યું છે, કર્મથી જ વિકાર થાય છે. કોઈ ના પાડે કે એમ નથી, તો એ જૂઠ છે, લ્યો. સાધુ થઈને આવી વાત કરે. કર્મ જડ. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ'. ભક્તિમાં આવે છે ઈ. ચંદ્રાનન ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહૈ ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' અગ્નિ લોઢાનો સંગ કરે છે તો માથે ઘણ પડે છે, એમ આત્મા પરનો સંગ કરે છે તો પોતાને કારણે વિકાર થાય છે અને એને દુઃખ થાય છે. આહા..હા..! કર્મ કોણ કરાવે વિકાર-બિકાર?

**શ્રોતા :-** એમ આવે છે, કર્મ બડે બલવાન જગતમેં તીર્થ હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તના કથન છે. તારો બળવાન આનંદ છે, અનંત આનંદ. એક નજર-કટાક્ષ કરવાથી કર્મનો ભુક્કો થઈ જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..! અનંતબળનો ધણી ભગવાન આત્માને નિર્બળ માનવો, એ દૃષ્ટિ વિપરીત છે. એક કટાક્ષ-દૃષ્ટિ જ્યાં અંતરમાં પડે છે, કર્મનો-રાગનો ભુક્કો ઊડી જાય છે. આવી ચીજને ન માને અને આમ માને એ દૃષ્ટિ વિપરીત છે. સમજાય છે કાંઈ?

ઈ કહ્યું ને? '**કર્મ બંધાતા નથી.**' ન કહ્યું? '**પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી.**' કેમ? કે પોતાના આત્માને પરથી ભિન્ન જાણીને. એ પુરુષાર્થથી જાણ્યું. અનુભવ કરે છે '**ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતા નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. માટે, પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે અને શુદ્ધનિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે.**' ત્યાં જા, ત્યાં જા, અંદર આશ્રય કર અને પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ પછી આલંબન કરવાનું રહ્યું નહિ. એ તો ભેદાભેદનું જ્ઞાન કરનારો રહી ગયો. આહા..હા..!

**'આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.'** એમ ન જાણવું. પર્યાય અને રાગ છે, દુઃખ છે એ જૂઠ છે, એમ નથી. એ તો મુખ્યને બતાવી, દૃષ્ટિના વિષયને બતાવી પર્યાયને ગૌણ કરી જૂઠી કહી છે. પર્યાયમાં દુઃખ નથી, સંસાર નથી, એમ નથી. આહા..હા..! **'એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.'** ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું છે, અભાવ કરીને અસત્યાર્થ નથી કહ્યું. આહા..હા..! જુઓ, આ સ્યાદ્‌વાદ શૈલી! એવી વાત ક્યાં છે, ભાઈ! **'એમ માનવાથી વેદાંતમતવાળા...'** વેદાંત છેને, એ પર્યાય નથી માનતા. પર્યાય નથી એમ નહિ, પર્યાયનો વિષય ભેદ છે એને છોડાવી દ્રવ્યને સત્ય કહ્યું અને પર્યાયને અસત્ય કહી છે. ગૌણ કરીને અસત્ય કહી છે, અભાવ કરીને અસત્ય કહી છે એમ નથી. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૫, શનિવાર, તા. ૧૭-૦૧-૧૯૭૬, ગાથા-૧૪, પ્રવચન નં. ૪૮

જીવ-અજીવ અધિકાર ચાલે છે. ૧૪મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. એમાં શું કહ્યું છે એનો સરવાળો લ્યે છે કે આ આત્મા જે છે એમાં પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં કર્મનો સંબંધ છે એ વ્યવહારનયથી જાણવાલાયક છે. અનેરી-અનેરી નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ એવી અન્ય-અન્ય ગતિ પર્યાયમાં છે એ જાણવાલાયક છે. પર્યાયમાં જ્ઞાનની, વીર્યની અવસ્થા હિનાધિક થાય છે તે અનિયત છે, એવું અનિયતપણું છે અને ગુણભેદ પણ છે. પર્યાયનયથી-વ્યવહારનયથી વર્તમાન જોવાથી એમાં જ્ઞાન, દર્શન આદિ ગુણભેદ પણ છે અને કર્મના સંગમાં એને આકુળતા, સુખ-દુઃખનું વેદન પણ છે, એ તો વર્તમાન દૃષ્ટિથી જોવામાં આવે તો, એનાથી આત્માનો ત્રિકાળી સ્વભાવ જણાતો નથી અને ત્રિકાળી સ્વભાવ જણાયા વિના આત્મા જણાયો એમ કહેવાતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તેથી પર્યાયમાં આવા પાંચ બોલ કહ્યા એમ છે, પર્યાયદૃષ્ટિથી છે, પણ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિથી ત્રિકાળી જ્ઞાયકભાવ એ સત્યાર્થ છે અને પર્યાયનો ભાવ ગૌણ કરીને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે.

કહે છે કે **'આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો...'**

ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ સામાન્યભાવને જ સત્યાર્થ કહ્યો. **'તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.'** એમ ન સમજવું. સમજાય છે કાંઈ? આહા..હા..! **'એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે...'** પર્યાય અને સંસાર એને માનતા જ નથી. વેદાંત સર્વવ્યાપક આત્માને માનીને પર્યાય ને ભેદ ને અનેકતાને તેઓ માનતા નથી. એવા મતવાળા સંસારને અવસ્તુ માને છે. **'તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે,...'** આહા..હા..! સમજાય છે કાંઈ?

**'માટે, સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણું શ્રદ્ધાન કરવાથી જ...'** ભાષા જુઓ! પર્યાયનયથી પણ વસ્તુ છે એમ જ્ઞાનમાં વ્યવહારશ્રદ્ધામાં ઈ રાખવું. સમજાય છે કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય તો અભેદ અખંડ છે. પણ એ સત્યાર્થ લીધું છે ને? પર્યાયમાં રાગ છે, અનેકતા છે, ગુણભેદ છે એમ જ્ઞાન રાખવું. જ્ઞાન કરીને એવી શ્રદ્ધા કરવી કે છે, પણ ત્રિકાળીની દૃષ્ટિ કરાવવા... કહ્યું? **'માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણું શ્રદ્ધાન...'** છે, પર્યાય પણ છે એમ સત્ય માનવું. પર્યાય નથી, કર્મનો સંબંધ નથી એમ નહિ, પણ આત્માનો અનુભવ કરાવવા ત્રિકાળી જ્ઞાયકભાવ એ જ સમ્યગ્દર્શનનો વિષય, તેને જ સત્યાર્થ કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આનંદઘનજી કહે છે એકવાર. ગુજરાતી છે કે હિન્દી છે, ખબર નથી. 'અધબીચ કૂઆ, ગગનમંડલમેં અધબીચ કૂઆ, વહાં હૈ અમીકા વાસા.' આ ગગનમંડળમાં આત્મા છે ને. અધબીચ છે ને. નહિ નીચે, ઉપર, એ તો અદ્ધર છે. 'ગગનમંડળમેં અધબીચ કૂઆ' છે તો હિન્દી. 'વહાં હૈ અમીકા વાસા' ત્યાં આત્મામાં અમૃત ભર્યું છે. આહા..હા..!

**શ્રોતા :-** કઈ જગ્યાએ અમૃત ભર્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર આત્મામાં. આખા આત્મામાં. પર્યાય સિવાય આખા દ્રવ્યમાં અમૃત ભર્યું છે. માટે આને શુદ્ધનયનો વિષય કહ્યો છે. નવરંગભાઈ! આહા..! શુદ્ધનય એ ત્રિકાળને જ સત્યાર્થ માને છે, પર્યાયને એ સત્યાર્થ નથી માનતી. કેમકે શુદ્ધનયનો વિષય ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! 'ગગનમંડલમેં અધબીચ કૂઆ' આત્મા અદ્ધર છે ને? શરીરથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે. અંદર ભિન્ન ચૈતન્ય છે. આહા..હા..! અંદરમાં અમૃતસાગર અનીન્દ્રિય આનંદ ભર્યો છે. આહા..હા..! 'સુગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા.' સમજાય છે કાંઈ? જે સુગુરુ હોય તો એણે જણાવ્યું કે તારી ચીજ તો અમૃતનો સાગર ભગવાન છે, તું ક્યાં જાય છે? તું ક્યાં શોધવા જાય છે? આહા..હા..! સમજાય છે કાંઈ? તારો ભગવાન તો અમૃત નામ અતીન્દ્રિય અનાકુળ સુખથી ભરેલો છે, દળ છે, અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહા..હા..! એની પિપાસા કરીને અમૃતનો અનુભવ કરીને એની અનાદિની તૃષા છીપાવ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે ઈ કેમ બેસે?

**શ્રોતા** :- મિથ્યાદષ્ટિ પ્યાસા!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મિથ્યાદષ્ટિ તરસ્યો જાય. કહ્યું ને? 'સગુરા હોવે સો ભર ભર પીવે'. જ્ઞાની એને બતાવે છે કે ભાઈ તારી ચીજ ભૂતાર્થ સત્યાર્થ આનંદકંદ પડી છે. આહા..હા..! તારી દૃષ્ટિ નિધાન ઉપર જાતી નથી અને અલ્પ અંશ અને રાગાદિ ઉપર તારી દૃષ્ટિ છે તો તું તરસ્યો જાય છે, તને આનંદનો અનુભવ થતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અરૂપી અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે એ શુદ્ધનયનો વિષય છે. આહા..હા..! વિષય શબ્દે એ શુદ્ધનયનું ધ્યેય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

ત્રિકાળી જ્ઞાનાનંદ છે તેને અહીંયા સત્યાર્થ કહીને આલંબન દીધું અને પર્યાયમાં અવસ્થા ઓછી છે, કર્મનો સંબંધ છે, ભેદ છે ઈ છે, પણ એને ગૌણ કરીને દૃષ્ટિ ઊઠાવી લેવા ગૌણ કરીને તેને અસત્યાર્થ કહ્યું છે. આહા..હા..!

**શ્રોતા** :- હોય એને અસત્યાર્થ કહેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે, પણ પ્રયોજન એના આશ્રયે સિદ્ધ નથી થતું. માટે, એને ગૌણ કરીને અસત્ય કહ્યું અને મુખ્ય ત્રિકાળી ચીજ આનંદસ્વરૂપ અતીન્દ્રિય અમૃતનો સાગર છે (એને સત્યાર્થ કહ્યું છે). આહા..હા..! અમૃતનો કૂવો ભર્યો છે. કેમ બેસે? બહારમાં ગોતે ક્યાંયથી નહીં મળે. અહીંથી મળશે, અહીંથી, પૈસામાંથી-ધૂળમાંથી (મળશે). માણેકચંદભાઈ! પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, આબરૂમાં સુખ છે, આ ડૉક્ટરની મોટી પદવી મળી એમાં સુખ છે, ધૂળેય નથી. પૈસા ધૂળ નથી તો શું છે? આહા..હા..!

આચાર્યોએ, ગુરુઓએ, દિગંબર સંતોએ ત્રિકાળને સત્યાર્થ કહીને મુખ્ય પ્રયોજન સમ્યગ્દર્શનની સિદ્ધિ કરાવવા ત્રિકાળને મુખ્ય કરીને, નિશ્ચય કરીને તેને જ સત્ય છે એમ કહ્યું; પર્યાયમાં ભેદ છે તેને ગૌણ કરીને, વ્યવહાર કરીને અસત્યાર્થ કહ્યું છે; પણ અસત્યાર્થ કહ્યું એટલે એ છે જ નહિ એમ ન સમજવું. સમજાય છે કાંઈ? અને સત્યાર્થ કહ્યું તો એ જ સત્ય છે અને પર્યાય સત્ય નથી એમ નહિ, પણ અંતર સમ્યગ્દર્શનનો અનુભવ કરાવવા.. આહા..હા..! ત્રિકાળ સત્યાર્થ ભગવાન અભેદ સ્વરૂપ, જેમાં ગુણભેદ પણ નથી, પર્યાય જેમાં નથી, અનેકપણું જેમાં નથી.. આહા..! એવો એકરૂપ ત્રિકાળી સ્વભાવને જ સત્ય કહીને તેને જ મુખ્ય કહીને, તેને જ નિશ્ચય કરીને તે જ સત્ય છે એમ કહીને તેનું આલંબન દીધું છે, આહા...! કે જેથી સમ્યગ્દર્શન થાય અને જેનાથી અમૃતનો સ્વાદ આવે. આહા..હા..! શેઠ! ઝીણી વાત છે ભાઈ આ. આહા..!

ઈ કહે છે, જુઓ! 'આ રીતે...' છે? '**સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.**' પર્યાય નથી એમ કહીને દ્રવ્યનો આશ્રય કરવા જાય તો આશ્રય કરનારી તો પર્યાય છે. સમજાય છે કાંઈ? પર્યાય છે જ નહિ એમ માને તો ત્રિકાળનો આશ્રય તો પર્યાય કરે છે. જો પર્યાય છે જ નહિ તો આશ્રય કરનાર રહ્યું નહિ, તો આશ્રય કરવાલાયક

ચીજ છે એ એની દૃષ્ટિમાં આવતી નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! લોકોએ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજામાં ધર્મ માની રાખ્યો છે ને, એ બધું ઝેર છે. ઝેરને પોતાનો ધર્મ માને છે. આ તો અમૃતનો સાગર અંતર પ્રભુ ત્રિકાળ આનંદદળ છે, અનાકુળ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સમુદ્ર છે. આહા..હા..! એની દૃષ્ટિ કરાવવા, તેનો અનુભવ કરાવવા ત્રિકાળ છે તે જ સત્ય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહા..!

**'આ રીતે સ્યાદ્વાદને સમજી...'** જુઓ, પર્યાય પર્યાયપણે છે, કર્મનો સંબંધ પણ નિમિત્તપણે છે, ગુણભેદ પણ છે. સત્ય આમ છે એમ જાણીને ત્રિકાળી સત્યને મુખ્ય કરીને સત્ય કહ્યું છે, પણ એ પર્યાય છે જ નહિ (એમ માને) તો એકાંત મિથ્યાત્વ થઈ જાય છે. સમજાય છે કાંઈ? સ્યાદ્વાદ-અપેક્ષાથી કથન છે. પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને નથી એમ કહ્યું એ સ્યાદ્વાદ-અપેક્ષાથી કથન છે, અપેક્ષાથી કથન છે. સમજાય છે કાંઈ? છે? **'આ રીતે સ્યાદ્વાદને સમજી...'** અપેક્ષાથી જે કહ્યું છે તેમ સમજીને. આહા..હા..!

જિન વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આત્મા જ વીતરાગસ્વરૂપ છે. વીતરાગસ્વરૂપ ચારિત્રની અપેક્ષાએ, સુખસ્વરૂપ આનંદની અપેક્ષાએ, જ્ઞાનની પૂર્ણતાની અપેક્ષાએ જ્ઞાનસ્વરૂપ, શ્રદ્ધાની પૂર્ણતાની અપેક્ષાએ શ્રદ્ધા પૂર્ણસ્વરૂપ, સ્વચ્છતાની અપેક્ષાએ સ્વચ્છતા પૂર્ણસ્વરૂપ. પ્રભુતાની અપેક્ષાએ ઈશ્વરરૂપ પૂર્ણસ્વરૂપ—એ ભેદ પડ્યા એ પણ નહિ પછી. આહા..હા...! આવા ભેદનું લક્ષ કરવાથી તો રાગ થાય છે. આહા..હા..! આમ જાણીને ત્યાંથી દૃષ્ટિ ઊઠાવી.. જે પર્યાયની દૃષ્ટિ પર્યાય ઉપર છે, વ્યવહાર ઉપર છે, ભેદ ઉપર છે તે અપેક્ષાથી સત્ય છે, પણ એમાં આખા આત્માનો અનુભવ નથી થતો. આહા..હા..! પૂર્ણાનંદની સત્તાની પ્રાપ્તિ વિના અતીન્દ્રિય આનંદનો સ્વાદ નથી આવતો અને સમકિત થતું નથી. આહા..હા..! લ્યો, ચંદુભાઈ! આવું આકરું છે. તમે કહેતા હતા ને, પર્યાયને આમ વાળવી, પર્યાયને આમ વાળવી. માર્ગ એવો છે, ભાઈ! જ્યાં વસ્તુ છે ત્યાં દૃષ્ટિ કરવી. જ્યાં અપૂર્ણતા અને ભેદ છે ત્યાંથી દૃષ્ટિ ઊઠાવી લેવી. આ વસ્તુ સ્યાદ્વાદ છે. આહા..હા..! એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાત ક્યાંય નથી. આહા..હા..! જુઓને, પંડિતે કેટલો ખુલાસો કર્યો છે!

**'આ રીતે સ્યાદ્વાદને...'** સ્યાદ્વાદ નામ અપેક્ષાથી કથન છે. પર્યાયને અસત્ય કહી એ ત્રિકાળી સત્યની દૃષ્ટિ કરાવવા પર્યાયને ગૌણ કરીને અસત્ય કહી છે એ સ્યાદ્વાદનું કથન છે. સમજાય છે કાંઈ? અપેક્ષાનું કથન છે. એમ જ માની લે કે પર્યાય છે જ નહિ, ભેદ છે જ નહિ, એક જ આત્મા છે, બીજી વસ્તુ છે જ નહિ, તો મિથ્યાત્વ થઈ જશે. સમજાય છે કાંઈ? **'આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું.'** જોયું! વીતરાગના અભિપ્રાયને સ્યાદ્વાદ સમજીને સેવન કરવું. એટલે? પર્યાયને અસત્યાર્થ કહ્યું તો અપેક્ષાથી ગૌણ કરાવવા અને ત્રિકાળીને મુખ્ય કરાવવા પર્યાયને અસત્યાર્થ કહી. આમ અપેક્ષાથી કથન

સમજીને '**જિનમતનું સેવન કરવું.**' વીતરાગી અભિપ્રાય ત્યાં અંદર સ્વરૂપમાં લઈ જવો. આહા..હા..! વીતરાગસ્વરૂપ જ ભગવાન આત્મા છે.

**શ્રોતા :-** જિનમતનું સેવન કરવું એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જિનમત એટલે વીતરાગી સ્વરૂપ આત્માનું સેવન કરવું.

**શ્રોતા :-** દ્રવ્ય અને પર્યાય બેય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સેવન કરનારી પર્યાય છે. સેવન કોનું કરવું? ત્રિકાળી દ્રવ્યનું.

જિનમત એવો છે કે પર્યાયને ગૌણ કરીને સ્યાદ્‌વાદથી કથન કર્યું અને ત્રિકાળને સત્ય કહ્યું છે, જિનમત આમ છે. એમ દૃષ્ટિ કરીને જિનમતનું સેવન કરવું. એકાંત માનીને જિનમતનું સેવન થઈ શકતું નથી. આહા..હા..! માર્ગ આ છે. એવું છે. ચાહે તો જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ક્ષયોપશમ ઘણો હોય તો પણ એની કોઈ કિંમત નથી. સમજાય છે કાંઈ? અને પર્યાયની શ્રદ્ધા (અર્થાત્) પર્યાય છે એવી શ્રદ્ધા, એની પણ કોઈ કિંમત નથી. ગુણભેદ છે, અનંતા-અનંતા ગુણ છે એવા ભેદ કરે એની પણ કોઈ કિંમત નથી. આહા..! ચૈતન્ય મહાપ્રભુ અખંડાનંદ નાથ, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' શ્રીમદ્ કહે છે ને? 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' ત્યાં શું કહ્યું? જુઓ, શુદ્ધ—પવિત્ર, બુદ્ધ—જ્ઞાનઘન, ચૈતન્યઘન--અસંખ્યપ્રદેશ ત્યાં લીધા. ચૈનત્યઘન એટલે અસંખ્ય પ્રદેશ. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય નથી. શુદ્ધ—પવિત્ર, બુદ્ધ—જ્ઞાનપિંડ અને અસંખ્ય પ્રદેશી પિંડ ઘન. સ્વયં જ્યોતિ—ચૈતન્યજ્યોત જ્ઞાનરસ, જ્ઞાનના પ્રકાશનું પૂર સ્વયં જ્યોતિ, કોઈથી બની નથી, કોઈ એનો કર્તા નથી અને સુખધામ—આનંદનું એ સ્થળ છે. આ ફરવા જાય છે ને? શું કહેવાય આ? આ ફરવા નથી જતા? મહાબળેશ્વર. ત્યાં ક્યાં મહાબળેશ્વર છે? મહાબળેશ્વર તો અહીં છે.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ છે અજ્ઞાન. મહાબળેશ્વર—મહા આનંદનો, બળનો ઈશ્વર-ધણી એ ભગવાન અંદર આત્મા છે. સમજાય છે કાંઈ? એની દૃષ્ટિ કરાવવા અને ત્રિકાળને સત્ય કહીને સમ્યગ્દર્શનનું પ્રયોજન તેનાથી સિદ્ધ થાય છે, ત્રિકાળને સત્ય કહેવાથી અને પર્યાયને અસત્ય-ગૌણ કરીને અસત્ય કહેવાથી સમ્યગ્દર્શનનું પ્રયોજન સિદ્ધ થાય છે. આહા..હા..! આવું ડૉક્ટરમાં ક્યાંય આવતું નહિ હોય. આવે છે ક્યાંય? બધા ગપ્પા હશે. આ દવા ને આ ને આ.. આ દવા તો બીજી જાતની છે. સંસારના ઝેર ઉતારનાર ઇંજેક્શન છે. આહા..હા..! અરે..! આઠ વર્ષનો બાળક કેવળજ્ઞાન પામે.

**શ્રોતા :-** વહેલા કેમ પામતો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલી દરકાર નથી. આહા..હા..! આખી દુનિયાથી વિરક્ત થઈને સ્વભાવમાં રક્ત થવું એ અપૂર્વ પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? અહીંથી વિરક્ત થઈને અહીં રક્ત થવું એ કંઈ વાતે વળે એવું નથી. આહા..હા..!

**શ્રોતા :-** જંગલમાં જાવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જંગલમાં જ પડ્યો છે અહીંયા. જંગલમાં ક્યાં જાવું છે! જંગલમાં ક્યાં છે! આત્મા તો અંદર છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**મુખ્ય-ગૌણ કથન સાંભળી...**' જુઓ, સ્યાદ્વાદ કેમ સમજવું? કે મુખ્ય અને ગૌણ કથન સાંભળી '**સર્વથા એકાંત પક્ષ ન પકડવો.**' કે પર્યાયને અસત્ય કહી તો છે જ નહિ, ભેદને અસત્ય કહ્યા તો છે જ નહિ, એમ એકાંત ન પકડવો. આહા..હા..! '**આ ગાથાસૂત્રનું વ્યાખ્યા કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે...**' કર્મનો સંબંધ છે, પર્યાય હિનાધિક થાય છે એ અપેક્ષાએ બરાબર છે. '**પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં...**' આહા..! ત્રિકાળી આનંદકંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા, એનો અનુભવ કરાવવા તેને સત્યાર્થ કહીને પર્યાયને અસત્યાર્થ કહી છે. સમજાય છે કાંઈ? '**શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે.**' કેમકે ત્રિકાળી અભેદમાં ભેદ દેખાતા નથી. અભેદમાં પર્યાય નથી. ઈ અપેક્ષાથી અભેદનો અનુભવ કરાવવા પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, પણ પર્યાય સર્વથા છે જ નહિ એમ ન માનવું. ઝીણી વાત છે, ભાઈ! અનંત કાળમાં એણે કર્યું નથી. આહા..હા..! બહારની ક્રિયા—વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરી-કરીને મરી ગયો. રાગ છે એ તો.

રાગરહિત ભગવાન ત્રિલોકનાથ, જેની એક-એક શક્તિ આનંદ શક્તિ પણ પૂર્ણ, જ્ઞાન શક્તિ પણ પૂર્ણ, શાંતિ.. શાંતિ.. શાંતિ.. ચારિત્ર-વીતરાગતા એ પણ પૂર્ણ. આહા..હા..! ક્યાં હશે આ? અરે..! આઠ-આઠ વર્ષના રાજકુમારો... આહા..હા..! જેણે આખા સંસારસાગર ઉપરથી લક્ષ ઊઠાવી અતીન્દ્રિય આનંદના નાથને સ્પર્શીને અંતર વેદનમાં પડ્યા. અંતર્મુહૂર્તમાં આનંદમાં પડીને એકદમ કેવળજ્ઞાન લઈ લીધું છે. આહા..! એટલી તાકાત આત્મામાં મહાબળેશ્વર પડ્યો છે. ભાઈ! આ મહાબળેશ્વર છે. આહા..હા..! શું થાય? પોતે પોતાની જાતને ભૂલે અને કહે કે મને કર્મે ભૂલાવ્યો અને ઢીકણાએ ભૂલાવ્યો ને ફલાણાએ રખડાવ્યો. ભ્રમણા છે. આહા..હા..!

'**વ્યવહારની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે, પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં...**' ત્રિકાળ પરિપૂર્ણ અભેદ સ્વરૂપને દેખાડવા બદ્ધસ્પૃષ્ટ આદિ અસત્યાર્થ કહેવામાં આવ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** (અસત્યાર્થ) છે નહીં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે, અસત્યાર્થ કહ્યા છે ઈ આ અપેક્ષાથી કહેવામાં આવ્યા છે. ત્રિકાળની મુખ્ય દૃષ્ટિ કરાવવા છે તેને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું છે. આહા..! આમ છે, ભાઈ! એક પણ ન્યાય ફરે તો આખી ચીજ ફરી જાય એવી ચીજ છે. આહા..હા..! અનંત અનંત અનાદિનો સંસાર, એનો નાશ અને ભગવાન પૂર્ણાનંદનું પ્રગટપણું... આહા..હા..!

ચારિત્રપ્રાભૃતમાં તો કહ્યું છે ને, ભાઈ! ચારિત્રપ્રાભૃત છે ને? અષ્ટપાહુડ. એમાં ચોથી ગાથામાં તો એમ કહ્યું છે, આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની પર્યાય મોક્ષમાર્ગ, એને અક્ષય-અમેય કહી છે, એ પર્યાયને અક્ષય-અમેય કહી છે. સમજાય છે કાંઈ? છે અહીંયા? ચોથી. 'एए तिण्णि वि भावा'. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય. કેમકે ભગવાન આત્મા અક્ષય અને અમેય સ્વરૂપથી પૂર્ણ ભરેલો છે. આહા..હા..! ભગવાન આત્મા અક્ષય અને અમેયથી પરિપૂર્ણ ભરેલો છે એવી જેને પ્રતીતિ, જ્ઞાન અને રમણતા થઈ '**एए तिण्णि वि भावा हवंति जीवस्सअक्खयामेया।**' આહા..હા..! જેનો સ્વભાવ જે છે એ ત્રિકાળી તો અક્ષય છે અને અમેય-મર્યાદા નથી. વસ્તુનું સ્વરૂપ.. સ્વરૂપ.. સ્વરૂપ.. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. એને મર્યાદા શી? એનો ક્ષય શું? એ તો છે.. છે.. છે.. એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતાને પણ ભગવાને કહ્યું કે એને અમે અક્ષય-અમેય કહીએ છીએ. આહા..હા..! એ.. નવરંગભાઈ! અરે.. ભાઈ! ... આહા..હા..!

આવો અક્ષય-અમેય ભગવાનસ્વરૂપ, એની જેણે શુદ્ધનયથી દૃષ્ટિ કરીને પ્રતીતિ કરી, વેદન કર્યું, સ્થિરતા કરી. વેદન એ સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન. એ ત્રણે અક્ષય-અમેય છે. '**तिण्हं पि सोहणत्थे जिणभणियं दुविह चारित्तं**'. એ ત્રણને શોધવા માટે અંદરની આ વાત કરી છે. અંતરમાં.. અંતરમાં. આહા..! સમજાય છે કાંઈ? '**એ જ્ઞાન આદિ ત્રણ જીવના ભાવ કહ્યા...**' મોક્ષમાર્ગ ત્રણ—દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ અક્ષય અને અનંત જીવના ભાવ છે. અક્ષય અને અનંત જીવના ભાવ છે-પર્યાય. આહા..હા..! અક્ષય-અમેય ભગવાન આત્મા જ્યાં ઊછળે છે દૃષ્ટિ અને જ્ઞાનમાં પર્યાયમાં જેના ઉભરા આવે છે. આહા..! ઊભરાને શું કહે છે? બાઢ. ભરતી આવે છે. આહા..હા..! તો કહે છે કે એ પર્યાયને અમે અક્ષય અને અમેય કહીએ છીએ. '**તેમની શુદ્ધિ માટે જિનદેવે બે પ્રકારનું ચારિત્ર કહ્યું છે.**' સમજાય છે કાંઈ? જુઓને, એક-એક વચન તો જુઓ! અષ્ટપાહુડ, ચારિત્રપાહુડ-૪ ગાથા. આહા..હા..! કુંદકુંદાચાર્યે તો જૈનશાસનને થંભાવી રાખ્યું છે આખું! આહા..! ધર્મધુરંધર. આહા..હા..! અરે..!

દેવસેન આચાર્ય કહે છે. પંડિતજી! પેલા કહેતા હતાને કે એકલા કુંદકુંદાચાર્યનું કહે છે એમાં બીજા આચાર્યનું બલિદાન થઈ જશે. તો અહીંયાં એમ કહે છે... સાંભળ્યું છે ને? બે વર્ષ પહેલાં. કૈલાસચંદ્રજીએ કહ્યું હતું, કુંદકુંદાચાર્યને માનવાથી બીજા આચાર્યનું બલિદાન દેવું પડશે. એમ નથી, ભગવાન! અહીંયા શું કહ્યું, જુઓ, સાંભળો! કુંદકુંદાચાર્ય માટે શું કહે છે? આહા..! દેવસેન આચાર્ય. દર્શનસાર શાસ્ત્ર છે. દર્શનસાર શાસ્ત્ર છે. એમાં નથી. દર્શનસાર શાસ્ત્ર બીજું છે. દર્શનસાર પુસ્તક છે. એમાં લખ્યું હશે. આહા..! આ સમયસાર છે ને? 'जइ पउमणंदिणाहो' આહા..હા..! દર્શનસારમાં છે.

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।

**'અર્થ :- (મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર દેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?'** આહા..! મુનિ દેવસેન આચાર્યે આવી વાત કરી છે કે કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં...

**શ્રોતા :-** એમ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જ છે.

**શ્રોતા :-** જિનશાસનની પ્રભાવના આજે જે વર્તમાનમાં છે એ કુંદકુંદાચાર્યને કારણે અને એ જ વાણી આપની પાસે આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! વાત એવી છે, ભાઈ! આહા..હા..! એઈ..! ચંદુભાઈ! તો આમાં બીજા આચાર્યનું બલિદાન થઈ જાય છે? દેવસેન આચાર્ય કહે છે કે હે નાથ! તમે મહાવિદેહમાં જઈને આ જો ન લાવ્યા હોત તો અમે માર્ગ કેમ પામત? આહા..! તો પહેલાંના આચાર્યને પછીના આચાર્યે થોથા બનાવી નાખ્યા? એમનો ઉપકાર એવો છે. આહા..હા..! માણસને પોતાનો પક્ષ મૂકવો કઠણ પડે, ભાઈ! કુંદકુંદાચાર્યે તો જે કામ કર્યા છે, આહા..હા..! પંચમકાળમાં તીર્થંકર જેવા કામ કર્યા છે! અને અમૃતચંદ્રાચાર્યે ટીકા કરીને સમયસાર, પ્રવચનસાર, ગણધર જેવા કામ કર્યા છે. ઓહો..! પંચમ આરાના ગણધર અને પંચમ આરાના તીર્થંકર! આહા..હા..! એના એક-એક શબ્દોમાં ચમકારી ઊઠે અંદરથી એવી ચીજ છે અંદર. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** દ્રવ્યાનુયોગને જાણ્યા વિના મોક્ષમાર્ગનો દ્વાર નથી ખુલતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, નથી ખુલતો. આહા..હા..! મોક્ષમાર્ગનું મુખ્ય કથન તો ત્યાં છે. ભાઈએ કહ્યું ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં, ટોડરમલજી. દ્રવ્યાનુયોગમાં મોક્ષમાર્ગનું મુખ્ય કથન છે. ગૌણપણે બધામાં છે. મુખ્ય તો ત્યાં છે. એનું અંદર જ્ઞાન નથી અને તમને સમકિત, જ્ઞાન, ધર્મ થઈ જશે? છે? અરે..! ભગવાન! જુઓ, આચાર્ય આમ કહે છે. પછી વૃંદાવનને કહ્યું ને? વૃંદાવન છે ને? ન હુએ ન હોએંગે. કુંદકુંદ જેવા થયા નથી અને થશે નહિ! એ તો એની મહિમા ગાય છે. આહા..! આમા નથી, નહિ? બીજામાં છે? વૃંદાવનનો હિન્દી શ્લોક છે. પંચાસ્તિકાયમાં છે? (નાટક સમયસાર). ત્યાં એમણે કહ્યું કે કુંદકુંદાચાર્ય જેવા થયા નથી, છે નહિ અને થશે નહિ! એમ લખ્યું છે. આહા..હા..! ઈ તો મહિમા કરે છે. અને બીજા આચાર્યોએ એમનું અનુકરણ કર્યું છે. આહા..હા..!

અહીંયા કહે છે કે ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે. શુદ્ધનયની દૃષ્ટિમાં અસત્યાર્થ કહ્યું છે અને ત્રિકાળની દૃષ્ટિથી ત્રિકાળને સત્ય કહ્યું. આવું સ્યાદ્વાદ કથન આચાર્યે કહ્યું છે. હવે કહે છે... થોડું પણ સત્ય હોવું જોઈએ અને સત્ય વિના શરણ નહિ મળે. સમજાય છે કાંઈ? એ ત્રિકાળી ભગવાન જ્ઞાયકભાવ પરમ પરમ સ્વભાવ સત્તાસ્વરૂપ... સમજાય છે

કાંઈ? પરમસત્તા, પરમભાવરૂપ રહેવું એકરૂપ સ્વભાવ ત્રિકાળની દૃષ્ટિ કરાવવા તેને જ સત્ય કહ્યું. પર્યાયની દૃષ્ટિ છોડાવવા, પર્યાયદૃષ્ટિને છોડાવવા—પર્યાયભાવને ગૌણ કરીને અસત્ય કહ્યું. એ સ્યાદ્વાદનું કથન છે ને? ચંદુભાઈ! આવું છે. આહા..! અરે..!

**'વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે;...'** નય છે ને? શુદ્ધનય હો, વ્યવહારનય હો, એ શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે. પહેલી સાધારણ વાત કરે છે. **'શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે;...'** શું કહે છે? ફરીથી. **'વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે;...'** શ્રુતજ્ઞાન પણ જ્ઞાનની પર્યાય છે. ગુણ ત્રિકાળ છે. એમાંથી અનુભવ થઈને જે સમ્યગ્જ્ઞાન થયું—શુદ્ધ ભાવશ્રુતજ્ઞાન, તો ભાવશ્રુતજ્ઞાન છે તો પર્યાય, એ પ્રમાણજ્ઞાન છે અને નય છે તે પ્રમાણનો અંશ છે. આહા..! પ્રમાણજ્ઞાન છે તે અવયવી છે અને નય છે તે એનો અવયવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ શરીર છે એ અવયવી છે. આ હાથ, પગ આદિ અવયવ છે—એના ભાગ. એમ જ્ઞાનની શ્રુતજ્ઞાન પર્યાય-ભાગ, એ પ્રમાણ છે. પર્યાય, હોં! ત્રિકાળની વાત ક્યાં છે. અહીં તો શ્રુતજ્ઞાન-પ્રમાણની વાત છે ને. આહા..હા..! શ્રુતજ્ઞાન-પ્રમાણ એ વર્તમાન જ્ઞાનની દશા છે અને એનો ભાગ તે નય છે. એ પ્રણાનો ભાગ તે નય છે.

**'શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે;...'** શું કહે છે? શ્રુતજ્ઞાન ત્રિકાળીને પરોક્ષ બતાવે છે. જેમ સર્વજ્ઞ પૂર્ણ દેખે છે એમ શ્રુતજ્ઞાનમાં પરોક્ષ જણાય છે, પ્રત્યક્ષ નથી જણાતું. સમજાય છે કાંઈ? જ્ઞાન પ્રત્યક્ષ નથી દેખતું એમ કહે છે. આનંદથી પ્રત્યક્ષ થાય એ તો અનુભૂતિના આનંદના સ્વાદની અપેક્ષાએ પ્રત્યક્ષ. બીજી વાત, કે શ્રુતજ્ઞાન પણ સ્વને જાણે તે પ્રત્યક્ષ છે. એ કઈ અપેક્ષાએ? કે શ્રુતજ્ઞાનની પર્યાયમાં રાગ અને નિમિત્તની અપેક્ષા નથી તે અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહ્યું, પણ એનો વિષય જે છે એનો વિષય તો પરોક્ષ છે. આહા..! સમજાય છે કાંઈ? આહા..!

**શ્રોતા :-** જ્ઞાન પ્રત્યક્ષ અને એનો વિષય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ જ્ઞાન તો પ્રત્યક્ષ આ અપેક્ષાએ કહ્યું કે રાગ અને નિમિત્તની અપેક્ષા નથી એ અપેક્ષાએ જ્ઞાનપર્યાયને પ્રત્યક્ષ કહ્યું. પણ પર્યાયનો વિષય જે છે આખો પૂર્ણ અખંડ આનંદ એ પરોક્ષ છે. પૂર્ણજ્ઞાન જે વિષય છે એ તો પરોક્ષ છે. કેવળી જે પ્રત્યક્ષ જાણે છે, એમ તો (ભાવશ્રુતજ્ઞાનમાં) છે નહિ. સર્વજ્ઞના આગમ અનુસાર શુદ્ધનયનો વિષય પૂર્ણ છે એમ જાણ્યું છે, પણ એ આગમ અનુસાર જાણ્યું છે. પૂર્ણ પ્રત્યક્ષ કરીને જાણ્યું છે એમ (ભાવશ્રુતજ્ઞાનમાં) નયમાં હોતું નથી. શું કહે છે આ?

**શ્રોતા :-** કેવળીનો અને છદ્મસ્થનો અનુભવ એકસરખો હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભવ એ તો વેદનની અપેક્ષાએ છે. અનુભવના વેદનની, અનુભૂતિના વેદનની અપેક્ષાએ પહેલું કહ્યું ને, પણ જાણવાની અપેક્ષામાં પરોક્ષ છે. શ્રુતજ્ઞાન

સ્યાદ્વાદ પૂર્ણ પરોક્ષ, કેવળી પ્રત્યક્ષ. બન્નેમાં પરોક્ષ, પ્રત્યક્ષનો ફેર છે, છે તો બેય પૂર્ણ. ઈ મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવી ગયું છે, રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. શ્રુતજ્ઞાન પૂર્ણ છે, કેવળજ્ઞાન પણ પૂર્ણ છે, પણ શ્રુતજ્ઞાન પરોક્ષ છે, કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે.

**શ્રોતા :-** ઈન્દ્રિય અને મનની અપેક્ષા નથી રહેતી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અપેક્ષાથી પ્રત્યક્ષ કહ્યું. મન, ઈન્દ્રિયની અપેક્ષા નથી એ અપેક્ષાથી પ્રત્યક્ષ કહ્યું, પણ એનો વિષય પૂર્ણ છે તે પ્રત્યક્ષ કેવળી જાણે એમ નથી જાણતું. આહા..હા..! ઝીણું ભારે, ભાઈ! ઝીણું કાંતવું આમાં.. આહા..હા..! અનંત કાળથી ગુલાંટ ખાઈને દૃષ્ટિ પર્યાય અને ભેદ ઉપર છે. નવ પૂર્વ ભણ્યો, અગિયાર અંગ ભણ્યો પણ દૃષ્ટિ બધી પર્યાય ઉપરની રમત. પંચમહાવ્રત આદિ (પાળ્યા) પણ (દૃષ્ટિ પર્યાય ઉપર). પર્યાયની પાછળ દ્રવ્ય આખું પૂર્ણાનંદનો નાથ છે, એનો તો સ્પર્શ કર્યો નહિ, એનો આશ્રય લીધો નહિ, એને પર્યાયમાં ધ્યેય બનાવ્યું નહિ. આહા..હા..! ચંદુભાઈ! આમ છે, બાપુ! આહા..હા..!

કહે છે કે '**શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે; તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે.**' શ્રુતજ્ઞાન પરોક્ષ છે તો નય પણ પરોક્ષ છે. '**શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત,...**' શુદ્ધદ્રવ્યાર્થિકનયનો.. શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે એવી જે નય, શુદ્ધદ્રવ્ય-અર્થિક નય, શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે એવું જ્ઞાન એને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તેના વિષયભૂત-ધ્યેયભૂત '**બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત...**' આહા..હા..! શુદ્ધદ્રવ્યનું પ્રયોજન જે નયનું છે તેની દૃષ્ટિમાં. '**વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે.**' એનો વિષય છે. શું કહ્યું ઈ? કે શુદ્ધ દ્રવ્ય જે ત્રિકાળ છે તેનું જે જ્ઞાનનું પ્રયોજન છે, એ દૃષ્ટિથી કહો તો એનો વિષયભૂત શું છે? કે '**બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે.**' આહા..હા..!

શક્તિ-જ્ઞાનશક્તિ-જ્ઞાનસામર્થ્ય. એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન. બસ! જ્ઞાનશક્તિમાત્ર ચૈતન્યશક્તિમાત્ર એ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે અર્થાત્ દ્રવ્યનયનો-દ્રવ્યાર્થિકનયનો વિષય શુદ્ધ આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. એના વિષયમાં બદ્ધસ્પૃષ્ટ આદિ આવતા નથી. આહા..હા..! '**તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ.**' છે? શક્તિ ત્રિકાળ છે જ્ઞાનશક્તિ-જ્ઞાનસ્વભાવ-જ્ઞાનસત્ત્વ સત્નું સત્ત્વ, ભગવાન એનું સત્ત્વ જ્ઞાન એ તો પરોક્ષ છે. આહા..! આત્મામાં પરોક્ષ છે. '**વળી તેની વ્યક્તિ...**' પ્રગટતા. શક્તિ કહેતાં ગુણ ત્રિકાળ. આત્મા વસ્તુ, એની ચૈતન્યશક્તિ ચૈતન્યસ્વભાવ સામર્થ્યરૂપ એ તો પરોક્ષ છે. સમજાય છે કાંઈ? અને તેની વ્યક્તિ? એ શક્તિમાંથી પ્રગટ થવાની વ્યક્તતા '**કર્મસંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે...**' કેમકે કર્મનું જરી નિમિત્ત છે ને. કેવળજ્ઞાનમાં તો એ નિમિત્ત છે જ નહિ, અહીં તો નિમિત્ત છે. મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે. મતિ-શ્રુતનો વ્યક્ત અંશ થયો છે. આત્મા વસ્તુ, જ્ઞાનશક્તિમાત્ર

ગુણ, એની પર્યાયમાં વ્યક્તતા—મતિ-શ્રુતાદિ પ્રગટ થાય છે. આહા..હા..! પુસ્તક છે સામે? આ તો કેવળજ્ઞાનીના કક્કા છે. એણે કદી આવો અંતરબોધ લીધો જ નથી. આહા..હા..!

કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત, શુદ્ધ દ્રવ્ય કહો કે શુદ્ધનય કહો, એના વિષયભૂત બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવ જે કહ્યા, તેનાથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર (છે). સ્વભાવ ચૈતન્યસ્વભાવ ધ્રુવસ્વભાવમાં ચૈતન્યસ્વભાવ તે એનો વિષય છે. **'તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ.'** ગુણરૂપ છે. **'વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે...'** થોડું પ્રગટ છે. મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાય શક્તિમાંથી વ્યક્તતા એટલી પ્રગટ છે. ત્રણે આવી ગયા. આત્મા દ્રવ્ય, શક્તિમાત્ર જ્ઞાનગુણ, પ્રગટરૂપ મતિ અને શ્રુત એ પર્યાય. સમજાય છે કાંઈ? આહા..! કેટલું શીખવું આમાં? શેઠ! બીડીમાં આવું કાંઈ નહોતું, બધું એમ ને એમ ચાલતું હતું. આવો માર્ગ છે, ભાઈ! પ્રભુના ભેટા કરવા, પરમેશ્વરના ભેટા કરવા એ તો જુદી ચીજ છે ને. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા, એની ચૈતન્યશક્તિ ચૈતન્યસ્વભાવ ચૈતન્યગુણ એ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. બરાબર છે? ફરીથી. આમાં કાંઈ આપણને પુનરુક્તિ દોષ લાગતો નથી. આહા..! ભગવાન આત્મા, એની જે શક્તિ-સ્વભાવ-સત્ત્વ છે, ગુણ છે, ભાવ છે ત્રિકાળ એ ચૈતન્યશક્તિ (છે) એ વર્તમાનમાં તો પરોક્ષ છે, ગુણ કંઈ પ્રત્યક્ષ થયો નથી. હવે એ ગુણનું અવલંબન લેવાથી કે દ્રવ્યનું અવલંબન (લેવાથી), જે શક્તિમાંથી મતિ-શ્રુત આદિ પર્યાય પ્રગટ થઈ તે વ્યક્ત છે. છે? એ **'મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી...'** જ્ઞાન જ્ઞાનને સીધું જાણે છે પરના આશ્રય વિના, તે અપેક્ષાથી **'પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે,...'** જુઓ, શું કહ્યું? જુઓ, જ્ઞાનની મતિ-શ્રુતની જે સમ્યક્ પર્યાય પ્રગટ છે તેને કથંચિત્ અનુભવગમ્ય (છે). જ્ઞાન જ્ઞાનને જાણે છે એવો અનુભવ હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે. સમજાય છે કાંઈ? લ્યો. પહેલું કહ્યું કે શુદ્ધનયનો વિષય પરોક્ષ છે એ તો ત્રિકાળી ધ્યેય કીધું. હવે ત્રિકાળી ધ્યેયમાં એકાકાર થયો અને જે મતિ-શ્રુત પર્યાય થઈ તે કથંચિત્ જ્ઞાનગમ્ય-જ્ઞાન જણાય છે-જ્ઞાન જ્ઞાનમાં જણાય છે તે અપેક્ષાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે.

**'અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી...'** પૂર્ણજ્ઞાન તો છદ્મસ્થને છે નહિ. **'તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.'** આહા..હા..! બે વાત કરી. ભગવાન આત્મા જ્ઞાનશક્તિમાત્ર એ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય પરોક્ષ છે, ત્રિકાળી. હવે એની પર્યાયમાં અનુભવ પ્રગટ થયો, જ્ઞાનની પર્યાય એ કથંચિત્ જ્ઞાન જ્ઞાનને સીધું જાણે છે, પરની અપેક્ષા નથી એ અપેક્ષાથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. આરે..! કેટલું યાદ રાખવું આમાં? એ.. સુજાનમલજી!

હવે કહે છે કે **'આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.'** શું

કહે છે? કેવળજ્ઞાન પર્યાય પ્રગટ નથી, પણ એ શુદ્ધનય જણાવે છે કે આ સમ્યગ્જ્ઞાન આદિ થયા... ઈ કહ્યું હતું ને? ધવલમાં એમ આવ્યું છે કે મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે, ધવલમાં છે. મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. કારણ કે પૂર્ણજ્ઞાન પ્રત્યક્ષ નથી, પણ પૂર્ણ જ્ઞાન પરોક્ષમાં પ્રતીત થયું છે કે આ પર્યાય પૂર્ણ થશે તે કેવળજ્ઞાન છે. જયધવલમાં એમ લીધું છે, કેવળજ્ઞાન અવયવી છે અને મતિ-શ્રુતજ્ઞાન તેનો અવયવ છે. અવયવ દ્વારા અવયવી જણાય છે. આહા..હા..! જયધવલમાં છે.

સ્તંભ હોય ને? સ્તંભ-થાંભલો, એની હાંસ હોયને, હાંસ. એક હાંસ જોઈને—અવયવ જોઈને આખા થાંભલાનો નિર્ણય થઈ જાય છે, એમ આત્મામાં મતિ-શ્રુતનો અવયવ જાણવાથી કેવળજ્ઞાન પૂર્ણ છે અવયવી તેની પ્રતીતિ તેને થઈ જાય છે. આ તો વિષય આજે એવો આવ્યો, ભાઈ! આહા..! માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! શુદ્ધનયમાં કેવળજ્ઞાન તો છદ્મસ્થને છે નહિ, પણ તે આત્માના કેવળજ્ઞાનને બતાવે છે કે આ પર્યાય પૂર્ણ થાય તે કેવળજ્ઞાન, આ અવયવ પૂર્ણ થઈને અવયવી થાય તે કેવળજ્ઞાન, એવી પ્રતીતિ શુદ્ધનયમાં થઈ જાય છે. આહા..હા..! શ્રીમદ્દે એક પત્રમાં કહ્યું છે ને? નહિ? કેવળજ્ઞાન પ્રગટ થયું છે શ્રદ્ધા અપેક્ષાએ. ૨૮ પાને એ પત્ર છે. છ પદનો પાઠ. છેલ્લો પેરેગ્રાફ છે. ખબર છે ને.

**શ્રોતા :-** જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાન નથી તોપણ જેના વચનના વિચારયોગે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેવળજ્ઞાન શક્તિરૂપે છે એમ (શ્રદ્ધા અપેક્ષાએ) પ્રગટ થયું છે. જ્ઞાનની અપેક્ષાએ પ્રગટ છે, ઈચ્છાની અપેક્ષાએ પ્રગટ છે. ઈચ્છા એની છે ને? આહા..હા..! જ્ઞાનની અપેક્ષાએ પણ એક ન્યાયે પ્રગટ છે અને એક ન્યાયે પરોક્ષ છે, એમ બે વાત (છે). આહા..હા..! સર્વજ્ઞનો માર્ગ, બાપુ! સર્વજ્ઞ-પ્રાપ્તિનો ઉપાય છે. સમજાય છે કાંઈ? કેમકે મતિ-શ્રુત આદિ છે તે સાધક છે અને કેવળજ્ઞાન છે તે સાધ્ય છે. મતિ-શ્રુતજ્ઞાન એ ઉપાય છે. સમયસારમાં આગળ આવે છે, ઉપાય અને ઉપેય. મતિ-શ્રુતજ્ઞાન તે ઉપાય છે અને કેવળજ્ઞાન મોક્ષ તે ઉપેય છે—એનું ફળ છે, તો ઉપાયના જ્ઞાનમાં ઉપેયની પ્રતીતિ આવી જાય છે.

બીજી રીતે, નવતત્ત્વમાં મોક્ષતત્ત્વની પ્રતીતિ થાય છે કે નહિ? સમજાય છે કાંઈ? નવતત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. મોક્ષની પ્રતીતિ એમાં થાય છે કે નહિ? મોક્ષ તો નથી. આહા..હા..! નવતત્ત્વમાં નવતત્ત્વની શ્રદ્ધા અભેદથી, હોં! ભેદથી નહિ. આહા..હા..! તત્ત્વાર્થસૂત્રમાં એકવચન લીધું છે. **'जीवाजीवआस्रवबंधसंवरनिर्जरामोक्षः'** એકવચન છે, ભેદ નહિ. એમાં મોક્ષતત્ત્વની પ્રતીતિ આવી જાય છે. કઈ અપેક્ષાથી? સમજ્યા? જે જ્ઞાન પૂર્ણ છે, શક્તિમાત્ર જે પૂર્ણજ્ઞાન છે એવો જે શુદ્ધનયનો વિષય પ્રતીતમાં આવ્યો તો એને મતિ-શ્રુત પ્રગટ થયા, એમાં આ જ્ઞાનપર્યાય જેવી શક્તિમાં પૂર્ણ છે એવી પૂર્ણ થઈ જ જશે એમ પરોક્ષ કેવળજ્ઞાનને શ્રુતજ્ઞાન માને છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આગળ હજી પ્રશ્ન કરશે.

'**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...**' જ્યાં સુધી શુદ્ધનયથી ભગવાન અખંડ ચૈતન્યશક્તિમાત્ર છે એમ પર્યાયમાં જાણે નહિ '**ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી.**' આત્માનું પૂર્ણ જ્ઞાન-શ્રદ્ધાન નથી થતું. શુદ્ધનયનો વિષય પૂર્ણજ્ઞાન-શ્રદ્ધાસ્વરૂપ આત્મા છે. તો આ નયથી જ્યાં સુધી આત્માને ન જાણે તો એને પૂર્ણજ્ઞાનનું એને શ્રદ્ધાન નથી. આહા..! પંડિતજીએ કેટલું લખ્યું છે, જુઓ! ખુલાસો. '**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...**' આ નય કોણ? શુદ્ધનય. '**ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી...**' આહા..હા..! '**ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને...**' અલ્પ જ્ઞાનાદિ પર્યાય નહિ, પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ.. પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ.. જે શક્તિમાત્ર કહ્યો હતો ઈ. '**આત્માને જાણી...**' પૂર્ણજ્ઞાનઘન.. પૂર્ણજ્ઞાનઘન નામ પિંડ એવો સ્વભાવ-આત્માને જાણી '**શ્રદ્ધાન કરવું.**' પૂર્ણજ્ઞાન વસ્તુ છે આત્મા, તેનું શ્રદ્ધાન કરવું જોઈએ. '**પર્યાયબુદ્ધિ ન રહેવું.**' આહા..હા..! ઘણું કહ્યું. શુદ્ધનયનો વિષય આત્મામાં ચૈતન્યશક્તિમાત્ર, ઈ પહેલાં કહ્યું ને? વિષય કહ્યો. પાંચ ભાવોથી રહિત. એ શક્તિ તો પરોક્ષ છે અને એ શક્તિમાંથી પર્યાયમાં પ્રગટ અનુભવ થયો તો એમાં મતિ-શ્રુતજ્ઞાન કથંચિત્ પ્રત્યક્ષ થઈ ગયું. કારણ કે એને પરનું અવલંબન રહ્યું નહિ, એ અપેક્ષાએ (પ્રત્યક્ષ) થયું અને એ શ્રુતજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનને પરોક્ષરૂપે પ્રતીત કરે છે, પ્રત્યક્ષ તો છે નહિ. છે?

'**છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.**' આહા..હા..! '**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...**' અર્થાત્ પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિ અંતર અનુભવ કરતો નથી '**ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન...**' પૂર્ણજ્ઞાનસ્વરૂપ અખંડ, એનું શ્રદ્ધાન નથી થતું અને એ શ્રદ્ધાન નથી થતું ત્યાં સુધી સાચી શ્રદ્ધા થતી નથી. આહા..હા..! '**તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું.**' આ એનું પ્રયોજન છે. પાંચ ભાવને અસત્ય કહ્યા અને ત્રિકાળ ભાવને સત્ય કહ્યું, એ શુદ્ધનયના વિષયના અનુભવમાં પૂર્ણજ્ઞાનઘન આવે છે તે અપેક્ષાથી પર્યાયબુદ્ધિ છોડવાનું કહ્યું. પર્યાયબુદ્ધિ ન રહેવું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧, રવિવાર, તા. ૧૮-૦૧-૧૯૭૬, ગાથા-૧૪, શ્લોક-૧૧, પ્રવચન નં. ૪૯

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૧૪મી ગાથાનો ભાવાર્થ ચાલે છે ને? અહીં આવ્યું છે. '**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...**' છે? ભાવાર્થમાં છેલ્લે. ત્રીજા પેરેગ્રાફમાં વચ્ચે છે. '**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...**' કઈ નય? શુદ્ધનય. નિશ્ચય કરતાં શુદ્ધનય અહીં (જોઈએ). ત્રિકાળી પરમસ્વભાવભાવ ધ્રુવ ચૈતન્યઘન. સવારે આવ્યું હતું, પરમભાવમાં સ્થિત તે સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! એઈ..! તેને ચાર જ્ઞાન હોય છે એમ આવ્યું હતું ને સવારે. ભાઈ! ઝીણી વાત.

શુભાશુભભાવ થાય છે એ કંઈ આત્માનું સ્વરૂપ નથી, તેમ એક સમયની પર્યાય એ પણ ત્રિકાળી સ્વરૂપ નહિ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ પરમભાવ, શુદ્ધનય તે પરમભાવને બતાવે છે. '**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી.**' આહા..હા..! પૂર્ણ રૂપ. એક સમયમાં પૂર્ણ રૂપ. જ્ઞાન પૂર્ણ, આનંદ પૂર્ણ, સ્વભાવ પૂર્ણ, અનેક શક્તિઓ પૂર્ણ—એવી પૂર્ણ શક્તિરૂપ ભગવાન આત્મા શુદ્ધનયથી જણાય છે અને જ્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન નથી ત્યાં સુધી પૂર્ણ રૂપનું શ્રદ્ધાન નથી, પર્યાયને માને એમાં. '**તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી...**' કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય સંતો દિગંબર મુનિઓ, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા, પરમેષ્ઠી પદમાં ભળેલા છે. આહા..! એ શ્રી ગુરુએ '**આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો...**' કે વસ્તુ જે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ પરમભાવ ધ્રુવભાવની દૃષ્ટિ કરો તો જ પૂર્ણ સ્વભાવ દૃષ્ટિમાં આવે છે તો સાચી શ્રદ્ધા થાય છે. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ચૌદમી (ગાથા) ચાલે છે ને? ચૌદમી સમ્યગ્દર્શનની (ગાથા છે). પંદરમાં સમ્યગ્જ્ઞાનની આવશે. આહા..!

'**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...**' ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા લાખ કરે, કરોડ કરે એ કંઈ સંસારનો નાશ કરવાનું કારણ નથી. એ તો સંસાર, સંસાર છે. આહા..હા..! એ તો સંસાર છે, પણ એક સમયની પર્યાયને જાણે ત્યાં સુધી પૂર્ણ સ્વભાવને જાણ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત...**' કર્મનો સંબંધ, અનેરી-અનેરી ગતિનો ભાવ, અનિયત નામ જ્ઞાનપર્યાય હિનાધિક થાય છે તે

અનિયતભાવ, ગુણભેદનો ભાવ અને કર્મના સંબંધે સુખ-દુઃખની કલ્પના થાય છે એ ભાવ—એ પાંચ ભાવથી ભિન્ન ભગવાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું,...'** આહા..હા..! પૂર્ણજ્ઞાનઘન.

દૃષ્ટાંત આપીએ છીએ ઘણી વાર. શિયાળાના દિવસોમાં પહેલાં જે ઘી થતા ને, ઘી. શિયાળો અમારે કહે છે—માગશર, પોષ. અમે તો ત્યાં ઘી જોયા છે ને. ... એવા ઘી હતા કે એ ઘીમાં આંગળી તો પેસે નહિ.. ઘન, ઘી ઘન, આંગળી તો પેસે નહિ પણ તાવેથો, ખૂરપો-તાવેથો ન પેસે એવા ઘી હતા. હવે તો બધી ગડબડ થઈ ગઈ છે. શું કહેવાય ઈ? ભેળસેળ. પહેલાંના તો આવા ઘી હતા. ગામડામાં તો બહુ કપાસિયા થાય ને? કપાસિયાને શું કહે છે? જિનોલા. કપાસિયા. વખાર ભરી હોય. ભેંસને છૂટી મૂકે કપાસિયા ખાવા માટે. ખાઈને પછી એનું દૂધ, એનું દહી અને એમાંથી જે ઘી બનતું હતું, એ ઘન હતું, ઠોસ. એમાં આંગળી પ્રવેશ કરે નહિ અને આંગળી પ્રવેશ કરે તો ફાંસ વાગે. ઘીની ફાંસ વાગતી. આહા..!

એમ આત્મા ઘન છે, જ્ઞાનઘન છે. આહા..હા..! જેમાં શરીર, વાણી, કર્મ તો પેસી શકે નહિ, પણ જેમાં વિકલ્પ ઊઠે દયા, દાનના એ પણ અંદર પ્રવેશ કરી શકે નહિ. એ તો નહિ પણ વર્તમાન પર્યાય અંતર પ્રવેશ નથી કરી શકતી. આવો ધર્મ હવે. સમજાય છે કાંઈ? એવો પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્મા. પૂર્ણજ્ઞાન. અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. બધા સર્વ ગુણ પૂર્ણ છે, પણ જ્ઞાન મુખ્ય વસ્તુ છે. પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણીને, આવા આત્માને અંતર્મુખ દૃષ્ટિથી જાણીને શ્રદ્ધાન કરવું—સમ્યગ્દર્શન પ્રગટ કરવું. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'પર્યાયબુદ્ધિ ન રહેવું.'** છે? વર્તમાન જ્ઞાનની પર્યાય હિનાધિક થાય છે તેની ઉપર દૃષ્ટિ ન રાખવી. એક સમયની અવસ્થા ઉપર દૃષ્ટિ ન રાખવી. પર્યાયથી ભિન્ન ભગવાન અંદર પૂર્ણજ્ઞાનઘન છે ત્યાં દૃષ્ટિ મૂકવી. આહા..હા..! ચંદુભાઈ! ઈ કરવાનું આકરું છે. આહા..હા..! **'પર્યાયબુદ્ધિ ન રહેવું.'** એક સમયની અવસ્થા ઉપર દૃષ્ટિ ન રાખવી. ત્રિકાળી વસ્તુ પૂર્ણજ્ઞાનઘન છે એમ શ્રી ગુરુ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોએ પ્રસિદ્ધિ કરી કે પૂર્ણજ્ઞાનઘન સ્વભાવનું જ્ઞાન કરી શ્રદ્ધા કરો, પર્યાયબુદ્ધિ ન રહેવું. સમજાય છે કાંઈ? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

**'અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે.'** શિષ્યનો પ્રશ્ન છે. **'વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે.'** શંકાકારની શંકા છે.

**'તેનો પૂજ્ય ગુરુદેવશ્રી :- દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત**

છે.' ભગવાનના શાસ્ત્રમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ ચાલ્યા છે. સમજાય છે કાંઈ? જુઓ, '**દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે.**' જૈનમતમાં, વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રના મતમાં '**પ્રત્યક્ષ અને પરોક્ષ—બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે.**' એક પ્રત્યક્ષ જ માનવામાં આવ્યું છે એમ છે? પરોક્ષ પણ માન્યું છે. આહા..! સમજાય છે કાંઈ? '**તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે.**' ભગવાનની વાણીમાં જે આગમ આવ્યા એનું જ્ઞાન થાય એ તો પરોક્ષ છે. '**તેનો ભેદ શુદ્ધનય છે.**' જુઓ, શ્રુતજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાન પણ પરોક્ષ છે. કેમકે એમાં ત્રિકાળી અસંખ્ય પ્રદેશી અનંત ગુણ પ્રત્યક્ષ નથી જણાતા. સમજાય છે કાંઈ? આગમપ્રમાણમાં પરોક્ષ છે. '**તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું,...**' અનુમાનપ્રમાણથી અને આગમપ્રમાણથી જે આ આત્મા છે તે જ્ઞાન છે તે આત્મા છે તે પરિપૂર્ણ છે એમ જાણીને શ્રદ્ધાન કરવું. આહા..હા..! આ તો ધર્મની પહેલી સીઢીની વાત છે. આ વિના કદી ધર્મ થતો નથી. આહા..હા..! '**શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું,...**' '**કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.**' અમને પ્રત્યક્ષ દેખાય તે માનીએ એમ કરવું નહિ.

એમ કહે છે ને? કે આ માળવા આવ્યા, આ દક્ષિણી આવ્યા, દક્ષિણ આવ્યું. દક્ષિણ તો જમીન છે, ઈ આવે છે? ત્યાંનો માણસ આવે છે તો એમ કહેવામાં આવે છે કે કાઠિયાવાડી આવ્યા. એમ જગત કહેતાં જગતના પ્રાણીઓ. ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય જગતને સંબોધીને કહે છે, હે ભાઈ! '**જગતને પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો...**' આહા..હા..! ત્રિકાળી સ્વભાવ જે જ્ઞાન, આનંદસ્વભાવ, પૂર્ણસ્વભાવ, ધ્રુવસ્વભાવ, અભેદ સ્વભાવ, એક સ્વભાવપણે ભગવાન અંદર પડ્યો છે એનો અનુભવ કરો. આહા..હા..!

**શ્રોતા :-** ત્રિકાળી નય એ સમ્યક્ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળી એ સમ્યક્ છે, સત્ય છે ને. સમ્યગ્દર્શનની પર્યાય છે, એ તો સમ્યક્ છે, પણ ત્રિકાળી સત્યસ્વભાવ છે ને. સત્ય છે કે નહિ? આહા..હા..! સત્યસ્વભાવની પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પ્રતીતિ એટલે? કહ્યું ને? '**સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો...**' માથે આવ્યું હતું કે શુદ્ધ આત્માનો... છે ને? '**પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું,...**' આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ જ્ઞેય છે અખંડ અભેદ એનું જ્ઞાન કરીને શ્રદ્ધાન કરવું જોઈએ. આવી વાતું. આહા..! ઈ કહે છે. સમ્યક્ એક શબ્દમાં તો આખું તત્ત્વ, બાર અંગનો સાર ભરી દીધો છે. એ સમ્યક્, એ સમ્યક્. એ. '**तम्**'નો અર્થ 'એ' કર્યો છે ને? પંડિતજી! '**तम्**' એટલે આ. ઈ કીધું ને? આ. '**तम्**' એટલે આ-તે. '**એ સમ્યક્ સ્વભાવનો...**' આહા..હા..! પરિપૂર્ણ જ્ઞાન, આનંદથી ભરેલો ભગવાન આત્મા એ સમ્યક્-સ્વભાવ પૂર્ણ છે, એ ધ્રુવ, એનો અનુભવ કરો, એ પર્યાય. એનો સાક્ષાત્કાર કરો, એનું અવલોકન કરો. આહા..હા..! એનું વેદન કરો.

ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ છે, આનંદથી પરિપૂર્ણ છે, એ સર્વ ગુણથી પરિપૂર્ણ છે. આહા..હા..! સુખથી પરિપૂર્ણ છે. સુખ આત્મામાં છે. સુખ નથી લક્ષ્મીમાં, નથી સ્ત્રીના વિષયમાં, નથી આબરુમાં, કીર્તિમાં ક્યાંય સુખ નથી. એ બધા દુઃખના નિમિત્ત છે, ભગવાન આત્મામાં સુખ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો પૂર્ણ પ્રભુ ભગવાનનો અનુભવ કરો, તમને અતીન્દ્રિય આનંદ આવશે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો અનુભવ, એનું નામ ધર્મ છે. કહો, સમજાય છે કાંઈ? આવી વાત છે.

'**એ સમ્યક્ સ્વભાવનો...**' સત્યસ્વભાવ ત્રિકાળનો '**અનુભવ કરો...**' તેના સન્મુખ દૃષ્ટિ કરીને, તેનું જ્ઞાન કરીને તેનું વેદન કરો. આહા..હા..! સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંશે આવે છે તેને અનુભવ કહે છે. આહા..હા..! અનુભવમાં તેનો ટ્રેડમાર્ક એ છે.. આ ટ્રેડમાર્ક નથી કહેતા? પોસ્ટમાં મારે છે ને? મહોરછાપ. એમ અનુભવની મહોરછાપ એ છે કે... આવ્યું છે? ક્યાં? પાંચમી ગાથા. કુંદકુંદાચાર્ય પાંચમી ગાથામાં કહે છે. આ સમયસાર છે ને, એની પાંચમી ગાથા. જુઓ ભાઈ, પાંચમી ગાથા. નીચે છે, ટીકાની નીચેથી પાંચમી લીટી. મારા જ્ઞાનનો વૈભવ મને પ્રગટ થયો છે, કુંદકુંદાચાર્ય કહે છે. આ ધૂળનો વૈભવ નહિ. મારા વૈભવનો જન્મ થયો છે. '**નિરંતર ઝરતો,...**' આહા..હા..! જેમ પર્વતમાંથી પાણી ઝરે, મારો આનંદકંદ ડુંગર આત્મા છે, એમાં મારી દૃષ્ટિ પડી છે તો આનંદ ઝરે છે. આહા..હા..! છે? પાંચમી ગાથા. '**નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો,...**' આહા..હા..! આત્માનો અનુભવ થતાં એમાં આનંદનો સ્વાદ આવતો. સુંદર આનંદ છે. '**તેની છાપવાળું...**' છે? મુદ્રા-છાપ મારી છે. સમ્યગ્દર્શનમાં અનુભવ જે થાય છે એ અનુભવની મુદ્રા-છાપ શું? મહોરછાપ શું? છે? '**પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સંવેદન,...**' આહા..હા..! '**તેનાથી જેનો જન્મ છે.**' આહા..હા..! ભગવાન પૂર્ણસ્વભાવના વૈભવથી ભરેલો છે, તેનો અનુભવ કરવાથી મારી પર્યાયમાં આનંદનો જન્મ થયો છે. આહા..હા..! અને એ અનુભવ થયો એ અનુભવની મુદ્રા-છાપ શું? પ્રચુર આનંદનું વેદન તે એની મુદ્રા-છાપ છે. આહા..હા...! મહોરછાપ છે. આહા..હા..! આચાર્યે ગજબ કામ કર્યા છે ને! લોકોને વાંચન નહિ, સ્વાધ્યાય નહિ અને બહારમાં પ્રવૃત્તિએ ચડી ગયા. કલાક, બે કલાક મળે. માંગીલાલજી! પછી થોડી સામાયિક કરી લે કાં પડિકમણું કરી લે, ભક્તિ કરી લે. થઈ ગયું, જાઓ! આહા..હા..!

આ મુનિરાજ શું કહે છે, જુઓ તો! આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના પૂર્ણસ્વભાવથી ભરેલો, તેનો અમને અનુભવ થયો તો અંદર આનંદની પર્યાય પ્રગટ થઈ છે, તે અનુભવનો આનંદ મહોરછાપ-ટ્રેડમાર્ક છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મુદ્રા. તેની મુદ્રાથી. તેની કોણ? સુંદર આનંદ, એની મુદ્રા. આહા..હા..! '**છાપવાળું જે પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સંવેદન...**' પ્રચુર. મુનિ છે ને! સમ્યગ્દષ્ટિને આનંદ હોય છે, પણ પ્રચુર નથી. તેથી કહ્યું કે... મુનિ છે ને. '**પ્રચુરસ્વસંવેદનસ્વરૂપ સંવેદન તેનાથી...**' પ્રચુર આનંદના

વેદનથી સ્વસંવેદન આનંદ અંદર ઉત્પન્ન થયો છે. આહા..હા..! છે? નિજવૈભવનો જન્મ થયો છે. આહા..હા..! એ અનુભવની મહોરછાપ છે.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસ કૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

એ બનારસીદાસ. છે તો અમૃતચંદ્રાચાર્યનો કળશ, પણ એનું હિન્દી કર્યું છે. અનુભવ રત્ન ચિંતામણિ. આનંદનો નાથ ભગવાન પૂર્ણસ્વરૂપ, એની સન્મુખ જોઈને પ્રતીતિ થઈ, જ્ઞાન થયું તો એના અનુભવમાં અતીન્દ્રિય આનંદ આવ્યો. આહા..હા..! એ 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસ કૂપ' એ આનંદના રસનો કૂવો છે. સમજાય છે કાંઈ? 'અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસ કૂપ, અનુભવ માર્ગ મોક્ષનો..' આહા..હા..! પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ. પૂર્ણ આનંદના લાભરૂપી મોક્ષ, એનો ઉપાય આ અનુભવ. આહા..હા..! સમજાય છે કાંઈ? 'અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' આહા..હા..!

**શ્રોતા :-** અનુભવ મોક્ષસ્વરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અંશ આવ્યો ને, મોક્ષ થઈ ગયો. દ્રવ્યદૃષ્ટિ થઈ તો આખું દ્રવ્ય મુક્ત છે. પર્યાયમાં એટલી મુક્તિ આવી તો એટલો મોક્ષ થઈ ગયો. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં...'** **'अमीबद्धस्पृष्टभावादयः'** **'આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...'** પાંચ ભાવ કહ્યા ને, પાંચ. **'एत्य स्फुटम् उपरि तरन्तः अपि'** **'સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે...'** આહા..હા..! આનંદનો નાથ પૂર્ણજ્ઞાયકભાવ, ધ્રુવભાવ ઉપર બદ્ધસ્પૃષ્ટ તરે છે, બદ્ધસ્પૃષ્ટના ભાવ અંદર પ્રવેશ કરી શકતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? બદ્ધસ્પૃષ્ટ આદિ છે ને? પાંચ બોલ છે ને. કર્મના સંબંધરૂપ બંધભાવ જ્ઞાયકભાવમાં ઉપર છે, ઉપર રહે છે, અંદર પેસતા નથી. અનેરી-અનેરી ગતિના ભાવ એ જ્ઞાયકભાવ ધ્રુવની ઉપર રહે છે, અંદર પ્રવેશ કરતાં નથી. જ્ઞાનની હિનાધિક પર્યાય—નવ પૂર્વનું જ્ઞાન થઈ જાય કે અક્ષરના અનંતમા ભાગે રહી જાય નિગોદમાં પણ એ પર્યાયનો પ્રવેશ અંદર ધ્રુવમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** રાગની પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં ભળી જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ભળતી નથી. રાગ નાશ થાય છે તો અંદર પારિણામિકભાવ થઈ જાય છે. શું પ્રશ્ન કર્યો સમજાણું? આત્મામાં જે રાગ થયો રાગ, એ બીજે સમયે તો રાગનો નાશ થઈ જાય છે, તો નાશ થઈને ગયો ક્યાં? અંદરમાં ગયો? અંદરમાં ગયો પણ યોગ્યતા ગઈ, અંદર અશુદ્ધતા નથી ગઈ. આહા..હા..! ક્ષયોપશમભાવ છે ને? જ્ઞાનની ક્ષયોપશમ-પર્યાય છે ને? અરે..! ક્ષાયિકપર્યાય છે એની એક સમયની સ્થિતિ છે, બીજા સમયે ક્ષાયિક -પર્યાયનો વ્યય થાય છે, વ્યય થઈને અંદર જાય છે તો પારિણામિકભાવ થઈ જાય છે.

આહા..હા..! ક્યાં ગયા પદમચંદજી? સમજાય છે કાંઈ? આ તો ભગવાન આત્મા છે, બધા આત્મા છે. આહા..! સ્ત્રી, પુરુષ ન દેખો. એ તો પૂર્ણાનંદનો નાથ ભગવાન અંદર બિરાજે છે. આહા..હા..!

'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા'. હે નાથ! સર્વજ્ઞ પરમાત્માને સ્તુતિ કરે છે કે હે નાથ! આપ સર્વ જગતને દેખો છો. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.. નિજ સત્તાએ શુદ્ધ..' નિજ સત્તા-નિજ હોવાપણું, ભગવાન! આપ નિજનું હોવાપણું તો શુદ્ધ દેખો છો અને શુદ્ધ આનંદકંદ છે એમ અમારા આત્માને તમે જોવો છો. આહા..! 'નિજ સત્તાએ શુદ્ધ...' નિજ હોવાપણું એ શુદ્ધ છે એમ પેખતા, ભગવાન! આપના જ્ઞાનમાં અમારો આત્મા આવો દેખાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો અલકમલકની વાત નથી, અગમ્યગમ્યની વાત છે. લોકો નથી કહેતા કે અલકમલકની વાતું ઉતારે છે. આ અલકમલકની નથી, આ અગમ્યગમ્યની વાત છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપે બિરાજમાન અંદર છે. આહા..હા..! પરમાત્મા એટલે પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ. સવારે આવ્યું હતું ને? પરમભાવમાં સ્થિત. સમ્યગ્દૃષ્ટિ પરમભાવ ત્રિકાળ સ્વભાવભાવ. આહા..હા..!

કહે છે, એ બદ્ધસ્પૃષ્ટ, અનિયત, અન્ય-અન્ય ગતિ, ભેદભાવ અને સુખ-દુઃખની કલ્પના—એ પાંચ ભાવ '**સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે...**' આહા..હા..! જેમ જળમાં તેલ હોય.. તેલ સમજો છો? તેલ તેલ. તેલનું બિંદુ મૂકો તો જળમાં અંદર પ્રવેશ નહિ કરે, ઉપર રહેશે. જળનો પિંડ હો એમાં તેલ નાખો તો ઉપર રહેશે, એમ ભગવાન આત્મામાં આનંદકંદમાં એ સુખ-દુઃખની કલ્પના અંદર પ્રવેશ નથી કરતી. જ્ઞાનની પર્યાયમાં હિનાધિકતા થાય છે, અનિયત (છે) તે પણ અંદર પ્રવેશ નથી કરતી. આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ એવા ભેદ છે એ અભેદમાં પ્રવેશ નથી કરતાં. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાવનગરવાળા છે? પતાસા? ઠીક, મેં કીધું, કોણ નવા આવ્યા છે. આજ રવિવાર છે એટલે. પતાસાના વેપારી છે. ઈ પતાસા નહિ, આ પતાસા છે. ઈ પતાસાના વેપારી છે. આવે છે ને, આપણે અહીં ઘણી વાર આવે છે. એના ત્રણ છોકરા હતા, આપણે બોર્ડિંગમાં ભણતા. અશોક ને... અશોક નહિ? હમણાં આવ્યા હતા ને. અહીં તો આ પતાસા છે. પતાસાના વેપારી છે. પતાસા સમજો છો? ખાંડના પતાસા. હિન્દુસ્તાની માણસ છે, ભાવનગરમાં દુકાન છે. કોઈ વખતે આવે છે. છોકરાઓ ત્યાં રળવામાં ગુંથાઈ જાય. આહા..હા..!

ભગવાન! તારી ચીજમાં વર્તમાન પર્યાયની હિનાધિકતા પણ અંદરમાં પ્રવેશ કરતી નથી. આહા..હા..! તો સ્ત્રી, કુટુંબ ને શરીર, ધૂળધાણી એ તો એમાં ક્યાંથી આવે! સમજાય છે કાંઈ? એ પાંચ ભાવ '**સ્પષ્ટપણે...**' જુઓ, પ્રત્યક્ષ. આહા..હા..! '**તે સ્વભાવના ઉપર...**' ત્રિકાળી ભગવાન ઉપર '**તરે છે,...**' આહા..હા..! પાણીના-જળના પિંડમાં જેમ તેલનું બિંદુ

ઉપર રહે છે, અંદર પ્રવેશ કરતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ આત્મતત્ત્વ જે તત્ત્વસ્વરૂપ ત્રિકાળ અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ વિજ્ઞાનઘનમાં વિકલ્પ તો પ્રવેશ કરતાં નથી, પણ એની પર્યાય હિનાધિકતા છે તે પણ અંદર પ્રવેશ કરી શકતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે ને? રાગ, એ અંદરમાં પ્રવેશ નથી કરી શકતા ત્રિકાળ જ્ઞાનઘનમાં. એ તો પ્રવેશ નથી કરી શકતા પણ એ રાગને જાણનારી જે પર્યાય છે, હિનાધિક અનિયત અવસ્થા, એ નિયતમાં અંદરમાં પ્રવેશ નથી કરી શકતી. આહા..હા..!

ભગવાન! તું તો અંદર પરિપૂર્ણ છો ને! આહા..હા..! તને અપૂર્ણ અને વિપરીત માનવો પ્રભુ! એ ગાળ છે એને. સમજાય છે કાંઈ? અબજપતિને નિર્ધન માનવો (એના જેવું છે)! આહા..હા..! ભિખારી છે એમ માનવું છે. શેઠને એવું થયું હતું ને? ચંદુભાઈ! સાંભળ્યું હતું? આપણે આ દીપચંદજી શેઠ નહિ? એના મામા. સૌભાગ્યચંદજીના બીજા મામા હતા. એના દીકરા છે આ તો. એના દીકરાની પાસે પૈસા ઘણા. એક નાનો છે એની પાસે દસ કરોડ. આ તો પચાસ વર્ષ પહેલાંની વાત છે. અત્યારે એક કરોડ પડ્યા હશે. દસ કરોડના ભાવ વધી થઈ ગયા તો પચાસ કરોડ થયા હશે. આંકડો ગણવો છે ને ન્યાં. એના મામા પાસે પૈસા ઘણા હતા. ઘણા કરોડો. પછી કોઈએ બહાર મકાનમાં એમ લખ્યું કે શેઠે દેવાળુ કાઢ્યું છે. મકાન હોય ને એનું? મકાન ઉપર લખી ગયા. લખો ને. મને શું? દાદરો... દાદરો શું કહેવાય? સીઢી પર લખી જાય નહિ, મારી પાસે છે તે ક્યાં ચાલ્યું જવાનું છે. દેવાળુ કાઢ્યું કહે છે તો કહો, મારી પાસે છે એ મારી પાસે છે, મને ખબર છે ને. આહા..હા..!

એમ અહીંયા કહે છે કે પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને ગરીબ માનવો એ ગાળ છે. દેવાળુ છે, દેવાળુ કાઢ્યું એણે. આહા..હા..!

**શ્રોતા :-** વર્તમાનમાં તો કમી છે? અસ્તિરૂપે પૂર્ણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંયા પર્યાયની વાત નથી, પૂર્ણાનંદની વાત છે. પર્યાય તો અંદર પ્રવેશ કરતી નથી ને. કાલે ઈ વાત થઈ. પર્યાયબુદ્ધિને છોડી દો તો એ વાત છે. આહા..હા..! ભાઈ! આ તો જૈનધર્મ છે. એ પણ દિગંબર સંતોએ કહેલો. એ તો અલૌકિક વાત છે, ભાઈ! એ કંઈ સાધારણ વાત નથી. એકલા નગ્ન થઈ જાય અને ક્રિયા કરે માટે સાધુ છે, એમ છે જ નહિ. હજી તો સમ્યગ્દર્શન કોને કહેવાય એની ખબર નથી. સમજાય છે કાંઈ? માંગીલાલજી! આહા..હા..!

કહે છે, શું કહ્યું? પાંચ ભાવ જે છે એ સ્વભાવની ઉપર તરે છે. નિત્યાનંદ પ્રભુ પૂર્ણજ્ઞાનઘન, એમાં એ પર્યાયના પાંચ ભાવ અંદર પ્રવેશ કરતાં નથી. 'તોપણ...' '**प्रतिष्ठाम् न हि विदधति**'. '**ઉપર તરે છે તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી,...**' અંતરમાં જઈ શકતા નથી, એની શોભા નથી થતી. આહા..હા..! '**કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય**

છે,...' સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્યસ્વભાવ છે એ તો નિત્ય છે. છે? **'એકરૂપ છે...'** આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ તો નિત્ય છે અને એકરૂપ છે. **'અને આ ભાવો અનિત્ય છે અને અનેકરૂપ છે;...'** આ બદ્ધસ્પૃષ્ટાદિ અને અનિયતભાવ એ તો અનિત્ય છે અને અનેકરૂપ છે.

**'પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી,...'** આહા..હા..! હિણી દશા પર્યાયમાં થાય પણ એ દશા અંદરમાં પ્રવેશ કરતી નથી, ઉપર-ઉપર રહે છે. આહા..હા..! કહો, શેઠ! આહા..! આવી વાત છે. એની ચીજ શું છે એની એને કિંમત નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર.. આહા..હા..! સિદ્ધની પર્યાય જે છે મોક્ષની, એવી તો અનંતી.. અનંતી.. અનંતી પર્યાય અંદર પડી છે. અત્યારે, હોં! તો કહે છે, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ દ્રવ્યસ્વભાવ, વસ્તુનો સ્વભાવ નિત્યસ્વભાવ, અસલી કાયમસ્વભાવ એ તો નિત્ય અને એકરૂપ છે અને આ ઉપર-ઉપર જ્ઞાનપર્યાય અનિયત આદિ ગતિ આદિ કહી, એ ભાવ તો અનિત્ય છે અને અનેકરૂપ છે. આહા..હા..! શું પણ થોડા શબ્દોમાં.. આ..હા..! લોકો સ્વાધ્યાય કરતાં નથી અને સ્વાધ્યાય કરે શું? દર્શન કરવા આવે ભગવાનના, બે-ચાર લીંટી વાંચી, સ્વાધ્યાય થઈ ગયો. અરે..! ભગવાન! આ તો અલૌકિક માર્ગ, ભાઈ! નિજ ચોપડા તપાસવામાં .. આ તો ભગવાનના ચોપડા. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા નિત્યસ્વભાવ ધ્રુવદ્રવ્યસ્વભાવ વસ્તુસ્વભાવ એ નિત્ય અને એકરૂપ છે અને બદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાય અનિત્ય છે, અનેક છે. આહા..હા..! તો નિત્ય અને એકમાં અનિત્ય ને અનેક પ્રવેશ નથી કરી શકતી. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કહે છે? **'પ્રવેશ કરતાં નથી, ઉપર જ રહે છે.'** જળનો પિંડ હોય પાણીનો, એમાં તેલ નાખો તો ઉપર રહે છે, અંદર પ્રવેશ નથી કરતું, ચીકાશ અંદર નથી જાતી. એમ ભગવાન આનંદનો નાથ ધ્રુવસ્વરૂપ, એમાં પર્યાયની હિનાધિકતા કે રાગાદિ કે બદ્ધ આદિ કે દુઃખ આદિ કલ્પના, એ ઉપર-ઉપર રહે છે. ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ, દળસ્વભાવ, આત્મતત્ત્વ સત્ત્વ જે છે એમાં એ પ્રવેશ નથી કરી શકતી. આહા..હા..! વાત સાંભળવા મળી નથી. માની લીધું, અમે જૈન છીએ ને દિગંબર છીએ. પૂજા-બુજા કરીએ તો ધર્મ થઈ જશે, પણ પેલો પૂજ્ય પુરુષ અંદર પડ્યો છે જેની પૂજના કરવી છે એ તો પડ્યો છે.

**શ્રોતા :-** પંદર દિવસમાં સમયાસર વાંચી લીધું તો એ સ્વાધ્યાય ન કર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંચ્યું એમાં શું થયું? અંદરમાં શું ભાવ છે એ સમજ્યા વિના? એમ તો અગિયાર અંગ અનંતવાર ભણી ગયો. જેમ ક્રિયા અનંતવાર કરી, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એમ અગિયાર અંગનું જ્ઞાન પણ અનંતવાર કર્યું, પણ એ પર્યાયમાં જ્ઞાન કર્યું. અંદર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં (પર્યાયો) ઉપર તરે છે, અંદર જતા નથી એવી દૃષ્ટિ કદી કરી નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કાલે પણ હિન્દી આવ્યું હતું. કાલે ગયા હતા ને? કાલે પણ હિન્દી ચાલ્યું હતું. કેમકે કાલે પાંચ-છ જણા આવ્યા હતા, લુહારદાવાળા. લુહારદા છે ને? એ ત્યાં આપણા ગૃહસ્થ છે માણેકચંદ. હીરાલાલ નામ છે એના બાપનું? હીરાલાલજી. એ કાલે આવ્યા હતા માણેકચંદજી. પચાસ લાખ રૂપિયા છે એની પાસે. લુહારદા ગયા હતા ગયા વર્ષે. બહુ પ્રેમી છે. અહીંયા ઘણી વાર આવે છે. ચાર-પાંચ છોકરાને લઈને આવ્યા હતા. કાંઈક હતું, સગપણની વાત હતી કાંઈક. હશે કો'ક ભાવનગરનું. ગયા હતા. અહીં વ્યાખ્યાન સાંભળ્યું. મેં કીધું, ગુજરાતી લેવું છે કે હિન્દી? તમે નહોતા. એટલે એ બોલ્યા કે હિન્દી. હિન્દી હતા ને. લુહારદા છે, ઈન્દૌર પાસે. સાંઈઠ માઈલ ને? સાંઈઠ માઈલ. ગયા હતા અમે તો, ચાર દિવસ રહ્યા હતા. ગૃહસ્થ છે, મોટા ગૃહસ્થ છે, પચાસ લાખ રૂપિયા છે, શાંત છે, નરમ માણસ છે, પૈસાનું કોઈ ઘમંડ નથી. એના વેવાઈ છે એ ... છે. ખાતેગાંવ. ખાતેગાંવ છે ને? એના વેવાઈ છે. સમાધાન થઈ ગયું હમણાં. ગયા વર્ષે બે વાર ગયા હતા.

અહીંયા તો ભગવાન કહે છે, ક્યાં જાય આત્મા? પર્યાય પણ અંદર જાતી નથી. આહા..હા..! એની અંતર દૃષ્ટિમાં એને મહિમા આવવી જોઈએ. સમજાય છે કાંઈ? નિજ મહિમા કર્યા વિના પર્યાય અને રાગની મહિમા (આવે છે) એ તો આત્માના જીવનનો નાશ કરે છે, આહા..! મિથ્યાત્વ કરે છે, આહા..! સમજાય છે કાંઈ? આહા..! 'ઉપર જ રહે છે.' ઉપર જ રહે છે. ભાષા છે? **'प्रतिष्ठाम् न हि विदधति'** એમ શબ્દ છે ને? **'प्रतिष्ठाम् न हि विदधति'** એનો અર્થ કર્યો. આહા..હા..! **'ઉપર જ રહે છે.'** અંદર શોભા નથી પામતી, પ્રવેશ નથી કરી શકતી, ઉપર-ઉપર (રહે છે). ત્રિકાળ આનંદનો નાથ ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહા..! જેના આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડ્યા કૂતરા અને મીંદડા જેવા ભોગ લાગે છે. આ કૂતરા અને મીંદડા સમજો છો? બિલ્લી, બિલ્લી. એ મરી જાય અને ગંધ મારે. ... એમ આત્મા અતીન્દ્રિય આનંદસ્વભાવ, એનો અનુભવ-સમ્યગ્દર્શન થતાં ઈન્દ્રના ઈન્દ્રાસનના ભોગ પણ સડેલા કૂતરા જેવા લાગે. આહા..હા..!

જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી સમકિતીને છન્નુ હજાર સ્ત્રી પણ હોય છે. તીર્થંકરને પણ હોય છે ને. ચક્રવર્તી છે ને તીર્થંકર? ૧૬, ૧૭, ૧૮. ચક્રવર્તી છે. ત્રણ જ્ઞાન અને સમકિત લઈને આવ્યા છે. પછી લગ્ન કરે છે, પણ ભોગમાં કાળા નાગ જેવું દુઃખ લાગે છે. સમજાય છે કાંઈ? ઝેર જેવું દેખાય છે. જેમ કોઈ ઉપસર્ગ આવ્યો હોય એમ ભોગનો રાગ ઉપસર્ગ જેવો લાગે. આહા..હા..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એની પર્યાયમાં એવી શ્રદ્ધા થઈ. એનું જ્ઞાન કરીને, પ્રત્યક્ષ કરીને સાક્ષાત્કાર થયો, અવલોકન થયું, પ્રતીતિ થઈ, પ્રત્યક્ષ સમ્યક્જ્ઞાનમાં તેનો અનુભવ થયો. આહા..! એ ઉપર તરે છે, પણ એ પર્યાય પણ ઉપર તરે છે. આહા..હા..! અનુભવની પર્યાય પણ ઉપર તરે છે, અંદર પ્રવેશ નથી

કરતી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો માખણની વાત છે. આખું માખણ. માખણ કહે છે ને? આહા..! છાશ તો કહ્યું ને? સવારે નહોતું કહ્યું?

ગગનમંડલમેં ગઉઆ વિહાણી, વસુધા દૂધ જમાયા,
માખન થા સો વિરલા રે પાયા, છાશે જગત ભરમાયા,
સંતો અવધૂ સો જોગી ગુરુ મેરા, ઈનપદકા કરે રે નિવેડા,
સો જોગી ગુરુ મેરા...

આહા..હા..! સવારે કહ્યું હતું ને?

ગગનમંડલમેં અધબિચ કૂબા, ઉહાં હે અમીકા વાસા;
સગુરા હોવે સા ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા.
અવધૂ સો જોગી ગુરુ મેરા...

એવી આ વાત છે. નવરંગભાઈ! આ તો નવો રંગ ચડી જાય એવી વાત છે. આહા..! એવી વાત છે, ભાઈ! દુનિયાની, પૈસાની ક્યાં કિંમત છે? ચક્રવર્તીના રાજ તો ધૂળના ઢગલા છે, વિષ્ટાના ઢગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્યભાવ છે ઈ વિષ્ટા છે, ઝેર છે, તો એના ફળ તો ઝેર-વિષ્ટા છે. પુણ્યભાવ હો, દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ છે એને ભગવાને ઝેર કહ્યું છે. સમયસાર મોક્ષ અધિકારમાં ઝેર કહ્યું છે, ઝેરનો ઘડો કહ્યો છે. આહા..! લોકોને... કુંભ-વિષકુંભ. આહા..હા...! ભગવાન અમૃતકુંભ છે. પુણ્ય-પરિણામ ઝેરકુંભ છે અને એના ફળ આ ધૂળ મળે પાંચ-પચાસ લાખ કે...

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિનું પુણ્ય તો ઝેર નથી ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝેર છે. સમયસાર, મોક્ષ અધિકારમાં કહ્યું. સમયસાર મોક્ષ અધિકારમાં કહ્યું છે, વિષકુંભ છે. લોકોને પૈસા ઉપર પ્રેમ છે ને. બાયડી ઉપર એટલે આ ઝેર લાગવું કઠણ પડે. ધૂળેય નથી, સાંભળ તો ખરો. પૈસા-બૈસા જડ ધૂળ છે-માટી છે. સમજાય છે કાંઈ? સ્ત્રીનું શરીર સુંદર લાગે એ તો માટી જડ ધૂળ છે. આકૃતિ સુંદર લાગે એ તો માટી જડનું પૂતળું છે, ભગવાન તો અંદર ભિન્ન બિરાજે છે. શરીર તો અંદર પ્રવેશ કરતું નથી, એ તો જડમાં રહે છે, પણ પર્યાય પ્રવેશ કરતી નથી. પ્રભુ! એ ધ્રુવ સ્વરૂપ શું છે? આહા..! પરમભાવ, જેની પાસે ક્ષાયિકપર્યાય અપરમભાવ (છે). આહા..હા..! અરે..! એ સત્ય વાત સાંભળવા મળવી પણ સૌભાગ્ય છે, એમ લખ્યું છે. નિયમસારમાં લખ્યું છે. સકળ જનતાને કર્ણમાં અમૃત પડે છે એ સૌભાગ્ય છે. ભગવાનની સત્ય વાણી કાને પડવી એ પણ સૌભાગ્ય છે, કહે છે. એ સૌભાગ્ય છે, ધૂળનું સૌભાગ્ય નહિ. આહા..! સમજાય છે કાંઈ?

શ્રીમદ્‌માં એક કડી આવે છે.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત રે..

ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં...

આહા..હા..! શ્રીમદ્ રાજચંદ્ર થયા ને. સમકિતી જ્ઞાની હતા. ગૃહસ્થાશ્રમમાં હતા. ઝવેરાતનો ધંધો હતો, પણ અંદર ભિન્ન હતા. એની કડીમાં પછી આ લખે છે.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, સમજાયું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત રે..
ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં...

આહા..હા..! આ વસ્તુ ભાઈ! જૈન સમવસરણમાં ભગવાનના મુખેથી નીકળે ઈ આ વાત છે. સમજાય છે કાંઈ? આહા..! ઓહો..! શું કહે છે? જુઓ!

'**આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે.**' ઈ શું કહે છે? પ્રત્યેક પર્યાયમાં ક્ષયોપશમપર્યાય હો, ઉદયભાવની પર્યાય હો, ક્ષાયિકભાવની પર્યાય હો, બધામાં સામાન્ય સ્વભાવ તો પ્રકાશમાન ધ્રુવ કાયમ રહે છે. ચંદુભાઈ! આ તો બધા અભ્યાસી છે ત્યાં. શું કહે છે? '**समन्तात् द्योतमानं**' પ્રત્યેક પર્યાયમાં ધ્રુવ સામાન્ય તો કાયમ પ્રકાશમાન રહે જ છે. આહા..હા..! પ્રત્યેક પર્યાયમાં ઉદય કે ક્ષાયિકપર્યાય હોય, એ પર્યાયમાં ધ્રુવસ્વભાવ તો કાયમ અંદર ધ્રુવદ્રવ્ય તરીકે પ્રકાશમાન રહે છે. આહા..હા..! આવી વ્યાખ્યા, આવો ઉપદેશ. આ વ્રત પાળો ને આ કરો.. એ તારા વ્રત હવે મૂક ને. આ આત્મા કોણ છે એને પહેલાં જાણ્યા વિના વ્રત કેવા તારા? ભાઈ! આવી વાત છે. કડક લાગે એવી છે. આહા..! ભગવાન પોકાર કરે છે અહીંયા અમૃતચંદ્રાચાર્ય.

'**समन्तात् द्योतमानं**' '**શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે.**' એક સમયની પર્યાયની પાછળ કાયમ ધ્રુવસ્વભાવ દ્રવ્યસ્વભાવ રહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પાછળ. એક સમયની પર્યાયની તદ્દન આગળ અડીને. એ અમારા શેઠ તો ... છે કે ગયા? મણિકાંત. ગયા? છે? નથી. એ લોકો ત્યાં ઘાટકોપર ચર્ચા (કરે છે). પાંચ-છ-સાત છોકરા છે, જુવાન છોકરા. એમાં ભૂપત છે, ભૂપત. તમારા રાજકોટના ભૂપતભાઈ હેડ છે. ચર્ચા બધી સૂક્ષ્મ (કરે છે). ભાઈનું છે ને? ન્યાલભાઈ સોગાનીનું બહુ વાંચન કરે. (આમ વ્યક્તિગત કોઈ ગૃહસ્થનું વાંચન ના કરો). ભગવાન આચાર્ય તીર્થંકરના શાસ્ત્ર છે એ લેવા, વ્યક્તિગત એમ નહિ. બહુ પ્રેમ છે, બહુ ચર્ચા કરે છે. ઘાટકોપર, મુંબઈ ૫-૬ છોકરા છે. અહીંયા એમના પિતાજી છે. હીરાલાલ આવ્યા છે? આવ્યા છે. ભાવનગર. આહા..હા..!

શરીર, વાણી, મન તો દૂર રહો, પણ પોતાની જ્ઞાનની પર્યાય જે હિનાધિક છે એ પણ ત્રિકાળી ધ્રુવમાં પ્રવેશ કરતી નથી અને પ્રત્યેક પર્યાયમાં દ્રવ્ય પ્રકાશમાન ધ્રુવ રહે છે. એ કેમ યાદ કર્યું? ત્યાં ચર્ચા કરતાં-કરતાં એવી ચર્ચા એકવાર થઈ ગઈ હતી. સાંભળ્યું છે? પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે. કેટલું ભિન્ન છે? કે લોક અને અલોક જેટલી. પછી અહીં વાત આવી. કીધું, એમ નથી.

**શ્રોતા :-** ભિન્નતાનું જોર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી અહીં વાત આવી. કીધું, એમ નથી. પર્યાય છે એક સમયની એની અડીને તરત જ ધ્રુવ પડ્યો છે. પછી તો એ લોકો અભ્યાસ પણ કરે ને. ચર્ચા કરતાં હતા. સાંભળ્યું છે તમે? પણ એ છોકરાઓ ચર્ચા કરે છે, જુવાનિયા આ સૂક્ષ્મ ચર્ચા કરે છે. એ તો ચર્ચા કરે તો જોર આવી જાય, એમ કે પર્યાય અને દ્રવ્યની કેટલી ભિન્નતા છે? કે લોક અને અલોક જેટલી ભિન્નતા છે, એમ નથી. કેટલી? લોક અને અલોક સાથે છે અંદર. લોકની સાથે અલોક સાથે જ છે, એટલી ભિન્ન છે; પણ લોક અહીંયા અને અલોક ત્યાં, એવી રીતે દ્રવ્ય અને પર્યાય ભિન્ન નથી. જુવાનિયા છે ને. આત્મા રસ તો લે, એમાં શું છે? કોઈ પણ બાળક હો, કોઈ પણ આત્મા છે ભગવાન આત્મા છે. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની દરેક પર્યાયમાં પ્રત્યેક પર્યાયમાં પ્રકાશમાન ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ કાયમ રહે છે. સમજાય છે કાંઈ?

**'अपगतमोहीभूय' 'એવા શુદ્ધ સ્વભાવનો, મોહરહિત થઈને જગત અનુભવ કરો;...'** અનુભવ કરો. આહા..હા..! બીજાને સમજાવતા આવડે કે ન આવડે, એની સાથે કોઈ સંબંધ નથી, વિશેષ જ્ઞાન હો ચાર અનુયોગનું એની સાથે કંઈ સંબંધ નથી. ફક્ત ત્રિકાળી જ્ઞાયકનો અંદર અનુભવ કરવો એ જ આખો બાર અંગનો સાર છે. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન એમ કહે છે. જુઓ, **'समन्तात् द्योतमानं अपगतमोहीभूय'** એ મિથ્યાત્વના મોહને છોડીને... આહા..! **'શુદ્ધ સ્વભાવનો, મોહરહિત થઈને જગત...'** હે જીવો! **'અનુભવ કરો;...'** ભગવાન! તારી પાસે આખો આત્મા પડ્યો છે. તું જ છો ઈ. પાસે શું? પર્યાયને પાસે કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..! તું પર્યાય તો નથી. પર્યાયબુદ્ધિ તો વ્યવહારબુદ્ધિ-અંશબુદ્ધિ છે, અજ્ઞાન છે. આહા..! પર્યાયમૂઢા પરસમયા એમ કહ્યું છે. ૯૩ ગાથા, પ્રવચનસાર. એક સમયની પર્યાયમાં મૂઢ છે તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પર્યાય પાછળ ધ્રુવ ચૈતન્ય છે તેનો અનુભવ કરે તે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'કારણ કે **મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપી અજ્ઞાન...'** છે તો પોતાની, કર્મને તો નિમિત્ત લીધું. સમજાય છે કાંઈ? પણ મોહ-મિથ્યાત્વભાવ સ્વરૂપ જે પૂર્ણ છે એનો આદર છોડી પર્યાય અને રાગનો આદર કર્યો તે જ મિથ્યાત્વભાવ છે. એક સમયની પર્યાય કે દયા, દાનના વિકલ્પ કે અશુભ આદિ તેનો આદર એ જ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને છોડી.. છે ને? મોહ ભાવનો અર્થ ઈ. **'મોહકર્મથી ઉદયથી ઉત્પન્ન...'** પોતાની પર્યાયમાં મિથ્યાત્વભાવ-વિપરીત બુદ્ધિ. એવું **'અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.'** આહા..હા..! જ્યાં સુધી પર્યાય અને રાગની પ્રીતિ રહે છે, આહા..હા..! ત્યાં સુધી જ્ઞાયકભાવની પ્રીતિ નામ દૃષ્ટિ થતી નથી. સમજાય છે કાંઈ? એક મ્યાનમાં બે તરવાર રહી શકે નહિ. આહા..હા..!

પર્યાયમાં ચાહે જેટલો ક્ષયોપશમજ્ઞાન હો અને ચાહે જેટલી રાગની મંદતા હો, પણ એ પર્યાયબુદ્ધિનો પ્રેમ છે તે જ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનો ત્યાગ કરી, મોહભાવનો ત્યાગ કરી ત્રિકાળી ભગવાનનો અનુભવ કરો. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત. સવારે પણ ઝીણી અને આ પણ ઝીણી. આવે ત્યારે જે અધિકાર હોય એ આવે ને. આહા..હા..! '**ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.**' અર્થાત્ એક સમયની પર્યાયમાં રુચિ રહે છે અને શુભાશુભભાવ રાગમાં રુચિ રહે છે, જે બધા પરભાવ છે. ત્યાં સુધી સ્વભાવની ત્રિકાળીની રુચિ થતી નથી. આહા..હા..!

'**ભાવાર્થ :- શુદ્ધનયના વિષયરૂપ આત્માનો અનુભવ કરો એમ ઉપદેશ છે.**' બહુ ટૂંકું પાછું પંડિતે લખ્યું. અહીંયા ગુરુઓનો એ ઉપદેશ છે. નગ્ન મુનિ દિગંબર સંત આનંદકંદમાં ઝુલનારા. આહા..હા..! વનવાસી. આ શાસ્ત્ર પણ વનવાસી-શાસ્ત્ર છે. વનમાં બન્યું છે. આહા..!

**શ્રોતા :-** શહેરી નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શહેરી નહિ, વનવાસમાં રહે છે ને? મુનિ તો શહેરમાં ક્યારેક કોઈ વખતે આવે ભોજન કરવા અને ત્યાં થોડા માણસ હોય તો ઉપદેશ દે, બાકી જંગલમાં (રહે). શું કહેવાય? તાડપત્ર. તાડપત્ર ઉપર લખે પછી છોડીને ચાલ્યા જાય. એને ક્યાં પડી છે! મૂકીને ચાલ્યા જાય. બીજાને ખ્યાલ હોય કે મુનિએ તાડપત્ર ઉપર લખ્યું છે તો એ તાડપત્ર લઈ લે. લઈને આખું સમયસાર બન્યું છે. એ તો મુનિ કોને કહે! લખવાનું પણ અભિમાન નથી, વિકલ્પ આવ્યો એના સ્વામી નથી અને લખ્યું તો મેં લખ્યું છે અને મારું છે માટે હું સાથે રાખું (એમ છે નહિ). જંગલમાં તાડપત્ર મૂકીને ચાલ્યા જાય. દિગંબર જીવોને ગૃહસ્થોને ખબર હોય કે મહારાજ શાસ્ત્ર લખે છે, તો ત્યાં જાય, તાડપત્ર હોય તો લઈ લે. એવી વાત છે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધનયના વિષયરૂપ...**' શુદ્ધનયનો વિષય કોણ? આત્મા ત્રિકાળ. એકલો આત્મા પર્યાય વિનાનો, ત્રિકાળી ધ્રુવનો અનુભવ કરો. આ આચાર્યનો, ગુરુઓનો દિગંબર સંતોનો આ ઉપદેશ છે કે ભગવાનનો આ ઉપદેશ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૨, સોમવાર, તા. ૧૯-૦૧-૧૯૭૬, શ્લોક-૧૨, ૧૩, પ્રવચન નં. ૫૦

૧૪મી ગાથનો કળશ છે. 'હવે, એ જ અર્થનું કળશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છે :'

(शार्दूलविक्रिडीत)

भूतं भान्तमभूतमेव रमसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं उठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

શ્લોકાર્થ :- 'यदि' 'જો કોઈ...' સુબુદ્ધિ. 'सुधी' છેને, 'सुधी'. આહા..હા..! સુબુદ્ધિ નામ સમ્યગ્દૃષ્ટિ. પોતાનો આત્મા શુદ્ધ આનંદઘન છે એ પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન છે. દેવસ્વરૂપ અંદર છે, એમ કહે છે. આહા..હા..! પોતાનો દેવ સમ્યગ્દૃષ્ટિ તેને પ્રગટ કરે છે. કઈ રીતે? 'भूतं भान्तम् अभूतम् एव बन्धं' 'ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને...' આહા..! પુણ્ય અને પાપના ભાવ ભૂતકાળમાં થયા હોય, વર્તમાન કે ભવિષ્ય તેને પોતાના આત્માથી ભિન્ન કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. આહા..હા..! એ આત્માના અંતર અનુભવ વિના સમ્યગ્દર્શન વિના લાખ-ક્રોડ મંદિરો બનાવે અને અબજો રૂપિયા ખર્ચે, જરીયે ધર્મ થતો નથી. સમજાય છે કાંઈ? ઈ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** .. સન્મુખ થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ન લઈ જાય, વિમુખ થાય છે. ઝીણી વાત, ભાઈ! આવો વીતરાગમાર્ગ આવો વીતરાગ કહે છે. સમજાય છે કાંઈ? કોઈને એમ લાગે કે પૈસાવાળા હોય તો મંદિર બને છે. ઈ કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૧ની સાલમાં. ૮૧ની સાલ. કોણ કહેવાય ઈ? લગડી, મોહનલાલ લગડી. ૮૧ની સાલ. કેટલા વર્ષ થયા? ૫૧ વર્ષ થયા. એણે એક વાર સાંઈઠ હજાર ખર્ચ્યા હતા. સ્થાનકવાસી. પાઠશાળા બનાવી હતી, પાઠશાળા. પાઠશાળા નહિ? ... સાંઈઠ હજાર નાખીને (બનાવી). લિંબડીના દરબાર વ્યાખ્યાનમાં આવતા હતા. બીજા દિવસે આવવાના હતા. હું તો ટાઈમસર (શરૂ કરું), દરબાર હો કે ન હો. એ ઊઠી ગયા. પછી અંતવાળિયા છે ને બે ગાઉ, ત્યાં બહાર બેઠા હશે. ત્યાં આવ્યા શેઠ ઘોડાગાડીમાં.

તે દી મોટરુ-બોટરું નહોતી. 'મહારાજ! આ પૈસાવાળાનું ધર્મમાં કેટલું સ્થાન?' આ પ્રશ્ન કર્યો. ૫૧ વર્ષ થયા. કીધું, પૈસાવાળાનું ધર્મમાં કિંચિત્ સ્થાન નહિ. એઈ..! પૈસાવાળાનું કામ નહિ અને રાગથી ધર્મ થાય છે એનું પણ અહીંયાં કામ નથી. સમજાય છે કાંઈ? આહા..! વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમાત્મા આમ ફરમાવે છે. આહા..! દુનિયાને એમ લાગે કે આપણે પૈસા ખર્ચીએ તો મંદિર બને, આ બને. બને એ તો જડથી બને છે, પરથી બને છે. પૈસાવાળાથી બને છે? અને બને તો શું એમાં? બનાવવાવાળાનો કદાચિત્ ભાવ હોય, માન પોષવાનો ન હોય તો, રાગ મંદ હોય તો શુભભાવ છે, સંસાર છે, ઘોર સંસાર! સવારે આવ્યું હતું ને? માર્ગ જૈનદર્શન એવી ચીજ છે! લોકોને સાંભળવા મળ્યું નથી અને અમે જૈન છીએ, જૈન છીએ એમ પોકાર કર્યો. આહા..હા..! થેલામાં કરિયાતા ભર્યા હોય, કરિયાતા અને ઉપર નામ લખે સાકર, તો સાકર નામ રાખવાથી કરિયાતા.. કરિયાતા સમજો છો? કિરાયતા. કડવુ હોય ઈ. ઉપર લખે સાકર તો કરિયાતું ગળ્યું થઈ જાય? એમ અમે જૈન છીએ એમ નામ ધરાવે, પણ અંદરમાં તો રાગ ને પરથી આત્માને ધર્મ થાય છે એવી મિથ્યાશ્રદ્ધાની માન્યતા પડી છે, સમજાય છે કાંઈ? કરિયાતા છે. વાત એવી છે, ભાઈ! આ તો વીતરાગ એમ ફરમાવે છે. આહા..હા..!

અહીંયા તો કહે છે કે સુબુદ્ધિ જીવ... એને સુબુદ્ધિ કહીએ... આહા..હા...! કે ત્રણકાળમાં થનારા ભાવથી ભગવાન આત્માને ભિન્ન કરીને. રાગના વિકલ્પથી શુભભાવથી પણ ભિન્ન કરી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ શુભભાવમાં ધર્મ માનતો નથી અને શુભભાવ ધર્મનું કારણ છે એમ પણ સમકિતદૃષ્ટિ માનતો નથી. મૂઢ જીવ અનાદિ કાળનો શુભભાવ ધર્મ છે અને કરતાં-કરતાં ધર્મ થઈ જશે, એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાદિ કાળનો રખડવાવાળો માને છે. આહા..!

**શ્રોતા :-** મૂઢ મિથ્યાદૃષ્ટિ રખડવાવાળો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું ને? બંધ અધિકારમાં. મૂઢ અજ્ઞાની. હું પરને જીવાડું છું, પરને મારી શકું છું, પરને સુખી કરી શકું છું. સમયસારમાં છે, ત્રણ વિશેષણ છે. લાવો, જુઓ, બંધ અધિકાર છે ને. એ ચાલતું હતું ગાંધી આવ્યા ત્યારે, વ્યાખ્યાનમાં. નિર્જરા પછી બંધ છે ને? ત્રણ કહ્યું છે. (ગાથા-૨૫૩). '**मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो**'. '**अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि**' પરજીવોને હું શાતા આપી શકું છું, પરજીવોને બચાવી શકું છું એમ માનનારો જીવ '**मूढो अण्णाणी**' મૂઢ અને અજ્ઞાની એટલે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** મિથ્યાત્વ ન આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી ગયો ને, મિથ્યાત્વ અજ્ઞાનમાં આવી ગયું. મિથ્યાત્વ, અજ્ઞાન અને અસ્થિરતા ત્રણે એની પાસે છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! લોકોને મળી નથી બિચારાને. જૈનમાં જન્મ્યા પણ અજૈનપણું મળ્યું છે.

**શ્રોતા** :- ... પણ અમને તો મળી ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ઈ માને ત્યારે મળી કહેવાય યથાર્થ. શું કહ્યું સમજાણું?

મૂઢ મિથ્યાદૃષ્ટિ. પરને હું સુખી કરી શકુ છું, પરની દયા પાળી શકુ છું. આહા..! હું પરને મોક્ષ કરાવી શકું છું. મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, મૂઢ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. ઈ જૈન નથી, ઈ જૈન જ નથી. માંગીલાલજી! આવી વાત છે, ભાઈ! અહીં માખણ-બાખણ નથી. બધા પૈસાવાળાને માખણ ચોપડે, ઓહો..! તમે તો પૈસા ખર્ચો છો. મહાધર્મધુરંધર. ધૂળમાંય નથી. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! ન્યાં એણે ખર્ચ્યા છે ને. આફ્રિકામાં?

**શ્રોતા** :- પૈસાવાળાને સારું થયું, પૈસા નહિ વાપરવાના.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાપરે કોણ અને રાખે કોણ! પૈસા તો જડ છે. જડ રાખે કોણ અને વાપરે કોણ? એ તો એને કારણે આવે છે અને એને કારણે જાય છે. અજીવ ચીજ છે. અજીવ કોણ રાખે અને કોણ વાપરે? એ બધી વાત છે, જુઓને! આહા..હા..! ઘણી ગાથાઓ લીધી છે.

અહીં તો ત્યાં સુધી કહ્યું કે પરને ન મારે એવી અહિંસા—હું પરને નથી મારતો એવી અહિંસા એ શુભવિકલ્પ છે, રાગ છે અને ખોટુ ન બોલવું, હું સાચું બોલીશ એ પણ વિકલ્પ શુભરાગ છે. ચોરી નહિ કરું, હું અચૌર્ય રહીશ એ પણ શુભરાગ છે. હું શરીરથી બ્રહ્મચર્ય પાળું એ પણ શુભરાગ છે. હું પૈસા નહિ રાખું એવો ભાવ તે પણ શુભભાવ છે, ધર્મ નહિ. આહા..હા..! આ વાત લોકોને મળી નથી. બિચારા રખડપટ્ટી (કર્યા કરે છે). ઈ પાંચ બોલ ચાલ્યા છે પાછળ, અધ્યવસાન. આહા..! પરની હિંસા કરી શકું છું, જૂઠું બોલી શકું છું, ચોરી કરી શકું છું, સ્ત્રી આદિનો વિષય ભોગવી શકુ છું અને પરિગ્રહ રાખી શકુ છું——એ જેમ પાપ છે, એમ અહિંસા આદિ પાંચ ભાવ એ પુણ્ય છે—બેય સંસારનું કારણ-બંધનું કારણ છે, એમાં એક્કેય ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. જાધવજીભાઈ! પૈસાવાળાને ઠીક પૈસા રાખે, એમ રામજીભાઈ કહે છે. કોણ રાખતુ હતું? જડ રાખી શકે? એ તો અજીવતત્ત્વ છે. જીવ શું અજીવનો સ્વામી છે? જડનો સ્વામી જીવ છે? સ્વામી માને એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જૈનની એને ખબર નથી, વીતરાગમાર્ગની. સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે, જુઓ! આહા..હા..! સુબુદ્ધિ એને કહીએ. '**सुधी**' છેને, '**सुधी**'. ધી નામ બુદ્ધિ, સુ નામ સુબુદ્ધિ. '**ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી...** ' '**रभसात्**' '**તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને...** ' આહા..હા..! એ રાગના પરિણામથી પણ ભગવાન આત્માને ભિન્ન કરીને. વાત આવી છે, ભાઈ! આ તો કેટલા વર્ષથી તો ચાલે છે. ૪૧ વર્ષ તો અહીંયા થયા. આ તો ૧૮મી વાર ચાલે છે. ૧૭ વાર તો બધા વ્યાખ્યાન થઈ ગયા છે, રીલમાં ઉતરી ગયા છે, આફ્રિકામાં

ગયા છે. તમારા આફ્રિકામાં લઈ ગયા છે ને.

**શ્રોતા :-** ત્રણ હજાર વ્યાખ્યાન લઈ ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓહો..! ત્રણ હજાર (પ્રવચન) આફ્રિકામાં લઈ ગયા છે. ઘણા ઉતર્યા છે ને. દસ હજાર ઉતર્યા છે.

અહીં કહે છે કે આત્મા... જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય અને જેણે આત્મજ્ઞાન પ્રગટ કરવું હોય તો એ સુબુદ્ધિ કઈ રીતે કરે? કે '**ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી...**' '**रभसात्**' '**તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને...**' આહા..! ભગવાન નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન તત્ત્વ પડ્યું છે અંદર. સમજાય છે કાંઈ? '**તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાનને)...**' જુઓ, એ મિથ્યાત્વ અને અજ્ઞાન બે નામ પાડ્યા. '**પોતાના બળથી...**' અજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધા... આહા..હા..! શુભભાવથી ધર્મ થશે એવી મિથ્યાત્વ માન્યતા અને અજ્ઞાનભાવ '**પોતાના બળથી..**' '**हठात्**' પુરુષાર્થથી '**રોકીને...**' પોતાનો જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ચૈતન્યદેવ બિરાજે છે, તેને રાગના વિકલ્પથી ભિન્ન કરીને નિર્વિકલ્પ સ્વભાવમાં દૃષ્ટિ કરીને, આહા..! અથવા પુરુષાર્થથી '**નાશ કરીને અંતરંગમાં...**' અંતરંગ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે તેમાં. '**અભ્યાસ કરે-દેખે...**' આહા..હા..! રાગનો વિકલ્પ શુભ હો કે અશુભ હો, બેય બંધના કારણ અને બેય ઝેર છે. તેને આત્માથી ભિન્ન કરી, ત્યાંથી દૃષ્ટિ હટાવી, આહા..હા..! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ... હમણાં દેવ કહેશે.

'**किल अहो कलयति**'. '**અભ્યાસ કરે...**' '**कलयति**' નામ અંતરમાં અનુભવ કરે. સમજાય છે કાંઈ? '**किल अहो कलयति**' આહા..! સંપૂર્ણપણે અહો! ભગવાન આત્મા ચૈતન્ય નાથ છે, પૂર્ણાનંદસ્વરૂપ. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગને ભિન્ન કરીને પોતાના સ્વભાવમાં લીન થઈને અનુભવ કરે. '**कलयति**'નો અર્થ અનુભવ કરે. અભ્યાસનો અર્થ ઈ. આહા..હા..!

**શ્રોતા :-** ત્રણ પ્રકારે દેખે એમ છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે? વ્યવહારના અભાવના? ઈ તો આવી ગયા. અહીં અનુભવે છે, અર્થ લેવો છે. દેખેનો (અર્થ) અહીં અનુભવે લેવો છે. કીધું ને? હમણાં અર્થ કર્યો હતો. '**कलयति**'નો અર્થ અનુભવ છે. અવલોકયંતિ, અનુભવતિ, સાક્ષાત્ કરોતિ એ બધા '**कलयति**'ના અર્થ છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? પેલામાં એવો અર્થ કર્યો છે. ભાઈ! છે ને? કેટલામો છે આ? ૧૨. જુઓ, એ શબ્દ છે. જુઓ, '**शुद्ध चिद्रूपं कलयति**' '**कलयति**' નામ '**अनुभवति, अवलोकयति, साक्षात्करोतीत्यर्थः**' એટલા તો અર્થ કર્યા છે. પહેલાં કહ્યું હતું. આ સંસ્કૃત ટીકા છે કળશની. આહા..હા..!

ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી ભૂતકાળ, ભવિષ્ય કે વર્તમાન. એના રાગની ક્રિયા વિભાવિક છે તે અધર્મ છે. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગમાર્ગ. એનાથી ભિન્ન કરીને આનંદસ્વરૂપ ભગવાનનો અનુભવ કરે છે, આનંદસ્વરૂપ ભગવાનને અવલોકે છે,

આનંદસ્વરૂપ ભગવાનને સાક્ષાત્ કરે છે. આહા..! સમજાય છે કાંઈ? એનો અભ્યાસ કરે છે. લ્યો, અહીં ચોથો શબ્દ નાખ્યો છે. ચંદુભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો દિવ્યધ્વનિ દ્વારા જગત પાસે પોકાર છે, ઈ જ મુનિ કહે છે. આહા..! પોતાના આત્માને અંતરંગમાં રાગથી ભિન્ન અંતરંગ સ્વભાવમાં '**कलयति**' પોતાના અનુભવથી '**અભ્યાસ કરે-દેખે...**' અભ્યાસ કરે, દેખે, અવલોકન કરે, અનુભવ કરે, સાક્ષાત્ કરે— આટલા બધા '**कलयति**'ના અર્થ છે. પંડિતજી! આહા..હા..!

અંદર ચૈતન્યદેવ બિરાજે છે પરમાત્મા. પોતે જ પરમાત્મસ્વરૂપ છે સ્વયં. એને અંતરમાં રાગથી ખસીને અંતરંગમાં—અંતર સ્વભાવમાં પોતાનો અનુભવ કરે, અભ્યાસ કરે. આહા..હા..! અંતરંગ સ્વરૂપને રાગથી ભિન્ન કરી અવલોકે. '**આ આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે...**' આહા..! જુઓ, ભગવાન આત્મા. '**आत्म-अनुभव-एक-गम्य-महिमा**' છે? '**आत्म-अनुभव-एक-गम्य-महिमा**' '**પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે...**' કોઈ રાગથી જણાય છે કે ગુરુથી જણાય છે કે શાસ્ત્રથી જણાય છે એવો આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત છે. શું કહે છે? '**आत्म-अनुभव-एक-गम्य-महिमा**' એ તો અંતરના અનુભવગમ્ય છે. બીજા રાગથી કે પરથી એ જણાતો નથી. આહા..! જુઓને, આચાર્યના શબ્દ પડ્યા છે '**अनुभव-एक-गम्य**' આહા..હા..! '**અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે...**' આહા..!

'**વ્યક્ત (અનુભવગોચર), નિશ્ચલ,...**' વ્યક્તનો અર્થ અનુભવગમ્ય છે, પ્રગટ છે. વ્યક્ત નામ પર્યાય સિવાયનો આત્મા વ્યક્ત-પ્રગટ છે. એ તો પર્યાયની અપેક્ષાથી એને અવ્યક્ત કહ્યું, સમજાય છે કાંઈ? પર્યાય એક સમયની જ્ઞાનની હો કે વીર્યની હો, એ એક સમયની અવસ્થા છે તે વ્યક્ત છે એ અપેક્ષાથી ત્રિકાળી ચીજને અવ્યક્ત કહ્યું, પણ ત્રિકાળી ચીજની અપેક્ષાથી તે વ્યક્ત-પ્રગટ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? છે? '**વ્યક્ત (અનુભવગમ્ય),...**' '**ध्रुव**' '**નિશ્ચલ,...**' એવી ચીજ છે ધ્રુવ—ચળે નહિ એવી, નિશ્ચળ, આહા..હા..! અને '**શાશ્વત,...**' શાશ્વત વસ્તુ છે એ તો. એવો ભગવાન આત્મા રાગ, શરીરથી, વચનથી તો ભિન્ન છે, કર્મથી ભિન્ન છે, પણ પુણ્ય-પાપના વિકલ્પથી પણ એ ભિન્ન ચીજ છે, તેનો અંતરંગમાં અંતર અનુભવ કરે તો એ પ્રગટરૂપ આત્મા શાશ્વત છે, શાશ્વત આત્મા છે. કોઈ નવો ઉત્પન્ન થાય છે કે નાશ થયો છે અને પ્રગટ (થાય છે), એમ નથી. આહા..હા..! '**શાશ્વાત,...**' '**नित्य-कर्मकलङ्क-पङ्क-विकलः**'. કાયમ '**નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત...**' છે એ તો. આહા..! ત્રિકાળ. નિત્ય છે ને? '**કર્મકલંક-કર્દમથી...**' નિત્ય કર્મકલંકથી રહિત છે. આહા..! અનાદિઅનંત દ્રવ્યસ્વભાવ તો કર્મકલંકથી રહિત છે, અંદરમાં બિરાજે છે. આહા..હા..! '**નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત...**'.

**'સ્વયં દેવ'** 'એવો પોતે કરવા યોગ્ય દેવ વિરાજમાન છે.' ભાષા જુઓ! આહા..હા..! સ્વયં બિરાજમાન દેવ છે અંદર. પરમાત્મસ્વરૂપ ચૈતન્યઘન અનુભવગમ્ય, રાગ અને પરથી જણાય એવો એ આત્મા છે જ નહિ, ત્રિકાળ. આહા..! સમજાય છે કાંઈ? કહો, છોટાભાઈ! આવું છે. એક-એક કળશે તો કમાલ કરી દીધી છે! **'સ્વયં દેવ'** ભગવાન દેવ તો એમની પાસે રહ્યા, આ તો સ્વયં દેવ છે. આહા..! દેવ એટલે સ્વર્ગના દેવ એ નહિ, હોં! એ તો પરના ધૂળના દેવ છે. પુણ્યને કારણે દેવ થાય છે એ નહિ. આ તો પવિત્ર શાશ્વત અંદર બિરાજમાન ભગવાન (છે). આહા..હા..! મહાસત્તા પ્રભુની એવી ચૈતન્યસત્તા શાશ્વત નિત્ય કર્મકલંકરહિત, આહા..! અને સ્વભાવ શુદ્ધ સહિત, એવો સ્વયં દેવ બિરાજમાન છે આવો અનુભવ કરે તો દેવ એના અનુભવમાં આવે છે. સમ્યગ્દષ્ટિને આવો આત્મા અનુભવમાં આવે છે. આહા..હા..! હજી ચોથે ગુણસ્થાને, હોં! આહા..હા..! પાંચમું તો કોને કહીએ, હજી તો શ્રાવકની આગળ વાત છે. મુનિ તો ક્યાં છે!

**શ્રોતા :-** પાંચમું તો ઘણાને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી પાંચમું. ચેતનજીએ ફલાવ્યું હતું બહુ. એ પાછુ ચેતનજી માથે આવ્યું છે.

**શ્રોતા :-** એ તો એમ કહેતા હતા કે તમે પરીક્ષા કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરીક્ષા કોની કરે? પરીક્ષા કરી ને ... કુદરતે કરાવી, હઠાગ્રહ કરીને. લોકોને ક્યાં બિચારાને ભાન છે. અહીંના સાંભળનારાએ બધાએ એમ ને એમ દિવસ ગાળ્યા. સમજાય છે કાંઈ? શું કહીએ? એ વાત તો વિરલ જીવને સમજાય એવી છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** અત્યારે તો સમજાવનારની સંખ્યા બહુ વધી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાવનારની સંખ્યા વધી ગઈ. અરે..! સમજાવનાર કોને કહીએ? ભાઈ! અંતરમાં ભાન થયા વિના સમજાવે! એ તો કહેનારને હજી ખબર નથી ક્યાં ચીજ કેવી છે. આહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપા! આહા..હા..!

જુઓને, મુનિરાજ અમૃતચંદ્રાચાર્ય. આ કળશ એમના છે. કુંદકુંદાચાર્યના મૂળ શ્લોક છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. જંગલમાં રહીને.. વનવાસી સંત હતા. સંતો તો વનવાસમાં જ રહેતા હતા. ઈ તો આ શ્વેતાંબર નીકળ્યા પછી બધી ગડબડ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...વાસ તો સ્વભાવમાં જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વનવાસ એ તો ક્ષેત્રની અપેક્ષાએ કહ્યું, એ તો ત્યાં પણ અંદરમાં રહેતા હતા, ન્યાં કાંઈ વનના ક્ષેત્રમાં નહોતા રહેતા. આત્મા અહીંયા ક્યાં શરીરમાં છે? પોતાના ક્ષેત્રમાં છે. શરીરના ક્ષેત્રમાં નથી ત્યાં વનવાસના ક્ષેત્રમાં એ તો કથન છે. સંયોગનું અને

શાસ્ત્રમાં કથન છે. સંતો વનવાસમાં રહેનારા છે, એ ગામની નજીકમાં આવે તો હરણિયા જેવા છે. છે ને? મોક્ષમાર્ગ પ્રકાશક. શિયાળ.. શિયાળ નથી હોતા? શિયાળ હોય છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. આત્માનુશાસનમાં છે. છે ને. આચાર્યોએ તો બધી વાત (કરી છે). અને મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો બહુ સ્પષ્ટ કરી દીધું છે. ટોડરમલજીએ બહુ સ્પષ્ટ કરી દીધું. સમજાય છે કાંઈ? શિયાળ હોય છે ને? શિયાળને શું કહે છે? શિયાળ જેમ ગામમાં સમીપમાં વસે.. સમીપમાં વસે એમ લખ્યું છે, અંદરમાં તો ક્યાં, એમ કહે છે. ગામમાં તો ભીક્ષા માટે-આહાર માટે આવે છે. માણસો એકઠા થાય ને કથન થઈ ગયું તો થઈ ગયું, પાછા ચાલ્યા જાય છે. આહા..હા..!

અહીં કહે છે, **'स्वयं देव आस्ते' 'स्वयं देव आस्ते'** છે? નિત્ય, નિશ્ચલ, શાશ્વત, નિત્ય કર્મકલંક કર્દમથી રહિત. ત્રિકાળ કર્મકલંક કર્દમથી રહિત છે એ તો. આહા..! **'એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરજમાન છે.'** આહા..હા..! દેહદેવળમાં ભગવાન બિરાજમાન ભિન્ન છે. આહા..હા..! નજરું નાખ્યા વિના એ નિધાન દેખાય નહિ. આહા..હા..! આંખ વીંચીને બેસે તોય શું! અંતરની પર્યાયને અંતરમાં વાળે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય એક સમયની અને એને વાળવી કેવી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાષા તો એવી જ આવે ને. એક પર્યાય જે પર તરફ છે એ તો ગઈ, પણ પછીની પર્યાય દ્રવ્યમાંથી થાય છે એ પર્યાયને વાળવી કહો કે તેને ઉત્પન્ન કરી એમ કહો. ઝીણી વાત, ભાઈ! આહા..હા..! અરે..! ત્રિલોકનાથ તીર્થંકર દેવનો પોકાર તો આ છે, દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે, ભગવાન તું સ્વયં બિરાજે છે ને! તારા સ્વભાવની ક્રિયા કરવાથી તારો સ્વભાવ પ્રાપ્ત થાય છે. આહા..! રાગાદિની ક્રિયાથી તારો સ્વભાવ પ્રાપ્ત નથી થતો, એ તો સંસાર છે. ઓહો..! છઠ્ઠે ગુણસ્થાને સાચા સંત ભાવલિંગી. અત્યારે તો છે જ નહિ. સાચા ભાવલિંગી સમકિતસહિત છઠ્ઠે ગુણસ્થાને બિરાજે છે, તેમને માટે લખ્યું છે કે એમને મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ જગપંથ છે. કીધું હતું. મોક્ષ અધિકાર, શું કહેવાય ઈ? નાટક સમયસાર.

આત્મ અનુભવિ.. જ્ઞાનાનંદનો અનુભવ અને ત્રણ કષાયનો અભાવ થઈને છઠ્ઠે ગણસ્થાને બિરાજમાન છે. જ્યારે ક્ષણમાં સપ્તમમાં જાય છે, ભાવલિંગી તો ક્ષણમાં સપ્તમમાં જાય છે અને ક્ષણમાં છઠ્ઠે આવે છે. તો કહે છે, **'તા કારન જગપંથ ઈત,'** છઠ્ઠે ગુણસ્થાને આવે છે અને વિકલ્પ ઊઠે છે શુભરાગનો એ જગપંથ છે, હજી મુનિને ભાવલિંગી સંતને. આહા..હા..! છે? **'તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર.'** અંતર આનંદના અનુભવમાં રમવું એ શિવમાર્ગ છે. આહા..! **'પરમાદી જગકૌં ધૂકૈં,...'** પ્રમાદી જગત તરફ રાગમાં ઝુકી જાય છે. **'અપરમાદી સિવ ઓર.'** અપ્રમાદી અંદર જાય છે. આહા..હા..! અહીં તો છઠ્ઠા ગુણસ્થાનવાળાને (આમ કહે છે), જેને ભાવલિંગ અનુભવ થયો અને ત્રણ કષાયનો

અભાવ થઈને છઠ્ઠું ગુણસ્થાન છે અને તેમની નિદ્રા પણ ભગવાન કહે છે કે પોણી સેકંડની અંદર નિદ્રા આવે છે એમને, એક સેકંડ ઊંઘ આવી જાય તો છઠ્ઠું ગુણસ્થાન રહેતું નથી. ઝીણી વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

ઈ કહે છે, **'જે પરમાદી આલસી, જિન્હકૈં વિકલપ ભૂરિ'** વારંવાર શુભ વિકલ્પ ઊઠે છે. **'હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ.'** નવરંગભાઈ! આ તો સાચા મુનિને વિકલ્પ ઊઠે છે તે સંસાર છે એમ કહે છે. અજ્ઞાનીની તો વાત જ શું કરવી? આહા..હા..! ઓહો..! શ્લોક તે શ્લોક! દેવગતિના દેવ તો પુણ્યને કારણે થાય છે અને આ ભગવાન આત્મા તો અંદર પવિત્રતાથી દેવ પ્રગટ થાય છે. નિર્મળ વીતરાગીદૃષ્ટિ અને વીતરાગીજ્ઞાન દ્વારા પરથી ભિન્ન પાડીને અંદર દેવ પ્રગટ બિરાજમાન છે તેનો અનુભવ કરો. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે.'** આહા..હા..! પરમાત્મસ્વરૂપે ભગવાન બિરાજમાન છે. પરમાત્મસ્વરૂપ છે. શેઠ! તારણસ્વામી તો બહુ કહે છે, **'अप्पा सो परमप्पा'**. આવે છે ને એમાં? આવે છે, ખબર છે, તારણસ્વામી, **'अप्पा सो परमप्पा'** આત્મા તે જ પરમાત્મા છે. પરમાત્મા ન હોય તો પર્યાયમાં પરમાત્મપણું આવશે ક્યાંથી? આહા..હા..! જો પરમાત્મસ્વરૂપે શક્તિએ-સ્વભાવે ન હોય તો પર્યાયમાં પરમાત્મા કેવળજ્ઞાન થઈને આવશે ક્યાંથી? બહારથી આવે છે કોઈ વસ્તુ? આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ ભાઈ જૈનદર્શન વીતરાગનો માર્ગ બહુ (સૂક્ષ્મ છે). એની શ્રદ્ધાના પહેલાં તો હજી ઠેકાણા નથી એને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? રાગથી ધર્મ થાય છે, એમ કરો, કરતાં-કરતાં થશે, એ બધો તો મિથ્યાત્વભાવ છે, મિથ્યાત્વની પ્રરૂપણા છે, જૈનની પ્રરૂપણા એ નહિ. આહા..હા..!

**'ભાવાર્થ :- શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે...'** જોવામાં આવે એનો અર્થ અનુભવ કરવામાં આવે **'તો સર્વ કર્મોથી રહિત...'** અત્યારે, હોં! વર્તમાનમાં. આહા..હા..! ભગવાન કર્મરહિત થાય અને કેવળી થાય એ તો બીજા વાત છે, એ તો પર્યાયમાં થયા. અહીંયા તો શુદ્ધનયની દૃષ્ટિથી ત્રિકાળી વસ્તુને જુઓ તો **'સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ...'** આહા..હા..! જ્ઞાનસ્વભાવમાત્ર ભગવાન આત્મા છે, એમાં તીર્થંકર ગોત્ર જે ભાવથી બંધાય એ ભાવ પણ એમાં નથી. તીર્થંકર ગોત્ર જે ભાવથી બંધાય એ ભાવ પણ ધર્મ નહિ, બંધ ભાવ છે. એઈ..! આહા..!

અમે સંપ્રદાયમાં હતાને, બોટાદ સંપ્રદાયમાં. અમારી પ્રતિષ્ઠા એમાં બહુ હતી ને. (સંવત) ૧૯૮૫ની સાલ. કેટલા વર્ષ થયા? ૧૫+૩૨=૪૭ વર્ષ થયા. મોટી સભા હતી. અમારી પ્રતિષ્ઠા હતી ને. બે-ત્રણ હજાર માણસ. સભામાં સમાય નહિ. ત્યાં બારી હતી. બારી સમજ્યા? ખિડકી. ... શું કહેવાય? શેરી.. શેરી-ગલ્લી. ગલ્લીમાં માણસ સમાય નહિ. તો ૧૯૮૫ની વાત છે. થોડી વાત એમ કહી, ભાઈ! જે ભાવથી તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ ધર્મ નહિ.

એ.. નવરંગભાઈ! સંપ્રદાયમાં, હોં! કેમકે જે ભાવથી બંધન થાય એ ભાવ ધર્મ નહિ. જે ભાવથી બંધન ન થાય તે અબંધ પરિણામ એ ધર્મ છે. બે વાત કરી હતી. મોટી સભા હતી. મોટા ગૃહસ્થ લોકો બેઠા હતા. પચાસ-પચાસ હજારની ઉપજવાળા-પેદાશવાળા બધા શેઠિયા બેઠા હતા. મોટી સભા, બોટાદ. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ અને સીધી કડક ભાષાથી કહીએ તો એ ભાવ અધર્મ છે.

બીજી વાત કરી હતી. બે વાત કરી હતી. જે ભાવ પંચમહાવ્રતનો છે એ આસ્રવ છે. આ તો કેટલા વર્ષ થયા? ૪૭ અમારી ભાષા ચાર અને સાત. એ વખતની વાત છે ને, બોટાદ સંપ્રદાયમાં હતા. સભા તો સાંભળતી હતી આખી સભા, પણ એક ગુરુભાઈ બેઠા હતા..

**શ્રોતા** :- ત્યારે તો આપને સાક્ષાત્ કેવળજ્ઞાન વર્તતું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પછી. એકવાર આચારંગ વાંચતા હતા ને. પ્રતિષ્ઠા બહુ હતી ને અમારી. અમે આચારાંગ વાંચતા હતા. આચારાંગનું પાંચમું અધ્યયન વાંચતા હતા. સૂક્ષ્મ. ભાઈ કહે છે ને? ચંદુભાઈ. જામી હતી, એમ જામી હતી. સભા મોટી, બધા શેઠિયાઓ બેઠેલા. અમારે કંઈ દરકાર નહિ. આ લઈને બેસીએ એટલે લોકો (કહે) આજ મહારાજ બેઠા છે. લોકો તો કીડીની જેમ ચાલ્યા આવે. પચાસ વર્ષ પહેલાંની વાત છે. તમારે ભાઈ નહિ? ૧૯૮૯માં રાજકોટ. ૧૯૮૯ની સાલ. ત્રણ-ત્રણ હજાર માણસ. જગ્યા મળે નહિ એટલા માણસો. ૧૯૮૯ની સાલ. કેટલા વર્ષ થયા? ૧૧+૩૨=૪૩ થયા. ચાલીસ અને ત્રણ. રામજીભાઈ ને ઈ વ્યાખ્યાનમાં આવતા હતા.

ત્યાં કહ્યું... ત્યાં એક સ્થાનકવાસી સાધુ બેઠા હતા. અમારા ગુરુભાઈ હતા એને ન રુચિ. એમ બોલ્યા, વોસરે.. વોસરે આ શ્રદ્ધા. સભાને કંઈ એનો વિરોધ નહિ કંઈ. પછી વ્યાખ્યાન પૂરું થયું (એટલે કહ્યું), તમારે બેસી રહેવું હતું ને. તમને ન બેસે તો... વોસરે વોસરે કહ્યું તો કોઈ સમજ્યા તમારી વાત? વોસરે-વોસરે સમજ્યા? સ્થાનકવાસીમાં પેશાબ અને ઝાડા પોછવા જાય ને ત્યારે વોસરે-વોસરે કરે. વોસરે એટલે છોડી દઉં છું, છોડી દઉં છું. સ્થાનકવાસીમાં એ રિવાજ છે. આ શ્રદ્ધા છોડી દઉં છું. ક્યાં છે? કીધું. આહા..હા..! આવી વાત ચાલે છે ઠેઠથી.

જે ભાવે બંધ થાય તે ભાવ ધર્મ નહિ. ધર્મ ભાવે બંધ ન થઈ શકે. ધર્મ એ અબંધ ભાવ છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના અનુભવની દશા એ અબંધ પરિણામ છે. મોક્ષનો માર્ગ અબંધ પરિણામ છે. અબંધ પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો, એનાથી બંધ થતો નથી. સમજાય છે કાંઈ? માનો ન માનો, તમારી પાસે. વસ્તુ તો આમ છે. શેઠિયા તો માનતા હતા, રાયચંદ ગાંધી. રાયચંદ ગાંધી હતા ને મોટા.. વિસાશ્રીમાળી અને દશાશ્રીમાળી બે નાત છે. બધા બેઠા હતા. કોઈ તર્ક ન કરી શકે. અમારી છાપ એટલી હતીને તે વખતે,

૫૦ વર્ષ પહેલાં! સાધુ વેષધારીને ન બેઠું. વોસરે-વોસરે તમે કર્યું, કોઈ સમજ્યા? કીધું. તમારે કહેવું હતું, આ શ્રદ્ધા અમારે નથી જોઈતી તો મનમાં રાખવું હતું ને. ભગવાનજીભાઈ! આહા..હા..! આ તો માર્ગ 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' ત્રણે કાળે આ એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. આહા..હા..!

(અહીંયા) કહે છે, ઓહો..હો..! '**स्वयं देव**' શબ્દ કહીને.. જોયું! માંગીલાલજી! '**स्वयं देव**'. રાગથી, વિકલ્પથી ભિન્ન ભગવાન સ્વયં દિવ્ય શક્તિને ધરનાર—આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિની દિવ્યતાનો ધરનારો દેવ સ્વયં બિરાજમાન છે. આહા..હા..! 'તારી નજરને આળસે રે તેં નયણે ન દીઠા હરિ' અન્યમતિમાં વૈષ્ણવમાં આવે છે. 'મારી નયણને આળસે રે..' નયણ સમજ્યા? આંખ. 'નિરખ્યા ન નયણે હરિ'. હરિ એટલે આ આત્મા. પંચાધ્યાયીમાં હરિ આવે છે, પંડિતજી! પંચાધ્યાયીમાં હરિ આવે છે. હરિનો અર્થ રાગ, દ્વેષ, અજ્ઞાનને હરે તે હરિ, હરિ આ. આ હરિ નહિ કહીને દેવ કહ્યું. પંચાધ્યાયીમાં પાઠ છે. પંડિતજીએ કર્યા છે ને, અર્થ કર્યા છે. પહેલાં કર્યા હતા મખનલાલજીએ. પંચાધ્યાયીના અર્થ પહેલા મખનલાલજીએ કર્યા હતા, પછી દેવકીનંદન, ત્રીજા તમે. ત્રણવાર થયા છે. અહીં બધા પુસ્તક છે, બધા જોયા છે. ત્યાં લખ્યું છે કે હરિ આત્મા છે. હરિનો અર્થ ભગવાન પૂર્ણાનંદના નાથ ઉપર આશ્રય કરીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હરનાર આત્માને અહીંયા હરિ કહેવામાં આવે છે. કોઈ કર્તા હરિ છે એમ નથી. સમજાય છે કાંઈ?

ઈ અહીં કહે છે, જુઓ, સ્વયં દેવ છે. આહા..હા..! ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ, આનંદનો ગાંગડો, શું કહેવાય? પુંજ. આ તો ભાષા તમારી હિન્દી બરાબર આવડતી નથી ને. આનંદની દલ્લી-ગાંગડી. દલ્લી કહે છે? અમારે ગાંગડી કહે છે. શક્કરકંદનું ભાઈએ યાદ કર્યું. શક્કરકંદ છે. ઉપર પુણ્ય-પાપની છાલ છે, વિકલ્પ, તેનાથી રહિત ભગવાન તો શક્કરકંદ છે. ..લાલજીએ યાદ રાખ્યું છે. આહા..હા..! પદમચંદજી! આહા..હા..! અરે.. ભગવાન! આવી વાત ક્યાં? પ્રભુ! આહા..હા..! ત્રણલોકનો નાથ બિરાજે છેને, એને પામર તરીકે માનવો એ તો ભ્રમણા છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય પોકાર કરે છે. હજાર વર્ષ પહેલાં કહ્યું છે. મૂળ શ્લોક તો ભગવાન કુંદકુંદાચાર્યના છે. આહા...હા..!

'**किल अहो कलयति**' આહા..હા..! અંતરમાં રાગથી ભિન્ન પડી શુદ્ધ ચૈતન્યઘનને અનુભવે, અભ્યાસે, અવલોકે તો દેવ બિરાજે છે, તને ભાન થશે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો દિગંબર સંતોની વાણી રામબાણ છે. જેમ રામનું બાણ ફરે નહિ, બાણ મારે એ માણસ મરી જ જાય ત્યાં, સંતોની વાણી રામબાણ છે. ભગવાન તો સ્વયં દેવ છે, પામર નહિ. આહા..હા..! અનંત શક્તિનો ભંડાર, દિવ્ય શક્તિનો સાગર આહા..હા..! પણ એ શક્તિસન્મુખની અભ્યાસ દશા કરે અને રાગથી વિમુખ થઈને અંતરમાં.. આહા..હા..! સ્વયં દેવ સ્તુતિ કરવાલાયક, સ્તુતિ કરવાલાયક આ આત્મા છે. ભગવાનની

સ્તુતિ શુભરાગ છે. આહા..હા..! છે?

'એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ...' આહા..હા..! **'શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા...'** આહા..હા..! પર્યાય છે એ તો પલટતી છે અને વસ્તુ છે એ તો ત્રિકાળી અવિનાશી છે. એ પર્યાય નિર્ણય કરે છે. આહા..હા..! **'ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.'** અજ્ઞાની બહાર શોધે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ બનારસીદાસમાં છે. સમયસાર નાટક છે ને. બહાર ગોતે છે. ભગવાન અહીં બિરાજે છે અને બહાર ગોતે છે. શેત્રુંજયમાંથી મળશે, ગિરનારથી મળશે, સમેદશિખરમાંથી મળશે, ન્યાં ક્યાં ભગવાન હતા, એ તો બહારના ભગવાન હતા. એ તો શુભભાવ છે. અંતરના ભગવાન અંતરમાં પડ્યા છે. 'કોઈ ચડે છીંકે' ઈ શબ્દ છે. આ ... ચડે. નહિ? બનારસીદાસ. છીંકે એટલે આ બેસીને નથી ચડતા? ડોલી, ડોલી. આ ડોલીમાં ચડે છે ને. એને છીંકે એમ લખ્યું છે બનારસીદાસે. કોઈ છીંકે ચડે અને ભગવાનને જોવા જાય છે. નાટક સમયસારમાં છે મેરો ધની મેરેમેં.. નહિ? ક્યાં હશે? ક્યાંક છે ખરું? કઈ કડી? કેટલામી કડી? જીવ અધિકારમાં છે? આમાં હશે આ? ક્યાંક છે. બંધમાં હશે. કોઈ છીંકે ઉપર ચડે છે, છીંકે સમજ્યા? ડોલીમાં નથી ચડતા ઉપાડીને? નામ આપ્યા બનારસીદાસે. મેરો ધની હૈ મેરે પાસ, એમ લખ્યું છે એમણે. શું શબ્દ છે? 'મેરો ધની નહી દૂર દેશાંતર મોહીમેં હૈ, મોહી સૂઝત નીકે.' બરાબર મારામાં છે એ સૂઝે છે. એઈ..! નવરંગભાઈ! આહા..હા..! ઈ ક્યાં હશે? જુઓ જોઈ બંધ અધિકારમાં.

**'ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી...'** અજ્ઞાની **'પર્યાયબુદ્ધિ બહિરાત્મા...'** આટલા તો વિશેષણ આપ્યા છે. શું કહે છે? જુઓ, અનાદિ પ્રાણી અજ્ઞાની પર્યાયબુદ્ધિ વર્તમાન અવસ્થાની દૃષ્ટિવાળો છે અને બહિરાત્મા છે, બહિરાત્મા છે. બંધમાં લાગે છે. આહા..!

**કેઈ ઉદાસ રહૈં પ્રભુ કારન,**
**કેઈ કહૈં ઉઠિ જાંહિ કહીંકે;**
**કેઈ પ્રનામ કરૈં ગઢિ મૂરતિ,**
**કેઈ પહાર ચઢૈં ચઢિ છીંકે.**

તમે તો ચડવા ગયા હતા ને? અમે પણ નથી ચડી શકતા, ડોલીમાં બેસીએ છીએ.

**કેઈ પ્રનામ કરૈં ગઢિ મૂરતિ,**
**કેઈ પહાર ચઢૈં ચઢિ છીંકે.**
**કેઈ કહૈં અસમાનકે ઊપરિ,**

માથે ભગવાન છે.

**કેઈ કહૈ પ્રભુ હેઠિ જમીંકે;**

**મેરો ધની નહિ દૂર દિસન્તર,**
**મોહીમૈં હૈ મોહિ સૂઝત નીકૈ. ૪૮.**

બનારસીદાસ ગૃહસ્થાશ્રમમાં હતા, જ્ઞાની હતા. ગૃહસ્થાશ્રમમાં હતા, તેથી શું? વસ્તુ સ્થિતિનું ભાન હતું. સમજાય છે કાંઈ?

**મેરો ધની નહિ દૂર દિસન્તર,**
**મોહીમૈં હૈ મોહિ સૂઝત નીકૈ. ૪૮.**

**'પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી, આપણામાં જ છે તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે.'** આહા..હા..! બંધ અધિકારમાં છે.

અહીંયા કહે છે, અરે..! **'શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો...'** પૂર્ણાનંદની દૃષ્ટિથી જોવામાં આવે તો **'સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી-પર્યાયબુદ્ધિ...'** અવસ્થાની દૃષ્ટિ છે, ત્રિકાળની દૃષ્ટિ નથી. **'બહિરાત્મા તેને બહાર ઢૂંઢે છે...'** આત્મા જાણે બહાર હશે, ભગવાન બહારમાં છે. **'તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે.'** આહા..હા..! સમજાય છે કાંઈ? મૂર્તિને ઘડીને ન્યાંથી જાણે ભગવાન મળશે. ન્યાં ક્યાં મૂર્તિમાં ભગવાન છે. ભગવાન તો અહીં છે. એ તો શુભભાવ હોય તો પૂજા (કરે).

**શ્રોતા :-** ... આપણે બિરાજમાન કરીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો શુભભાવ હોય તો એમ બંધાય છે. બંધાવાની વસ્તુ એને કારણે બંધાય છે, શુભભાવથી પણ નહિ. શુભભાવ હોય છે, અશુભથી બચવા આવે છે, પણ એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! માર્ગ તો આવો છે, ભાઈ! આજ માનો, કાલ માનો, પછી માનો, આ માન્યે છૂટકો છે એને. આહા..હા..! છે? **'તે મોટું અજ્ઞાન છે.'**

**'હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છે :-'** ૧૫મી ગાથાની સૂચના છે. ૧૩, ૧૩ કળશ છે ને?

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेत बुद्धवा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

**'શ્લોકાર્થ :- એ રીતે...'** 'इति' છે ને? 'या शुद्धनयात्मिका आत्म-अनुभूतिः' **'જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્મા...'** આહા..હા..! આત્મા શુદ્ધનયસ્વરૂપ. ૧૧મીમાં કહ્યું ને ઈ? 'भूदत्थो देसिदो दु सुद्धणओ' ત્રિકાળ શુદ્ધચૈતન્યઘન તે જ શુદ્ધનય. આહા..હા..!

અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ પ્રભુ તેને અહીંયા શુદ્ધનય કહે છે. કહ્યું છે? '**શુદ્ધનયસ્વરૂપ આત્મા...**' એમ કહ્યું છે ને? શુદ્ધનયનો વિષય નથી લીધું. આહા..હા..! '**શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે...**' આહા..હા..! એનો અનુભવ છે. શુદ્ધ સ્વભાવને અનુસરીને પર્યાયમાં અનુભવ થાય છે.

'**इयम् एव किल ज्ञान-अनुभूतिः**' '**તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે...**' શું કહે છે? ત્રિકાળી શુદ્ધનયસ્વરૂપ પરમાત્મા-આત્માનો જે અનુભવ છે તે જ જ્ઞાનનો અનુભવ છે, એમ કહે છે. વસ્તુનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ. ૧૪મી ગાથામાં સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કથન છે, ૧૫મીમાં જ્ઞાનપ્રધાન કથન છે. જિનશાસન કોને કહીએ? એટલે કહે છે કે જે આત્માનો અનુભવ છે દૃષ્ટિનો, એ જ જ્ઞાનનો અનુભવ છે. આત્માનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ કોઈ બે ચીજ નથી. આત્મા દ્રવ્યથી લીધું, અનુભૂતિમાં જ્ઞાનથી લીધું. વસ્તુની અનુભૂતિ હો કે જ્ઞાનસ્વરૂપ ભગવાનની અનુભૂતિ તે એક જ છે, એ કોઈ બીજી વસ્તુ નથી. આહા..!

**શ્રોતા :-** ગાથા બહુ સારી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ સારી. વાહ! આહા..હા..! શુદ્ધનયસ્વરૂપ ભગવાન એમ કહ્યું છે અહીં તો. શુદ્ધનયસ્વરૂપ ભગવાન બિરાજે છે. આહા..હા..! એનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો. ગુણીનો અનુભવ કહો કે ગુણનો અનુભવ કહો. આહા..! માર્ગ તો જુઓ! ઓહો..હો..! કેટલો વારસો મૂક્યો છે!

૧૪મી ગાથામાં સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કથન છે અને ૧૫માં અનુભવ-જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. આત્માનો-જ્ઞાનનો અનુભવ એ જ જિનશાસન છે. કહે છે કે જ્ઞાનનો અનુભવ અને સમ્યગ્દર્શનનો અનુભવ એ બે ચીજ છે? આત્મા દ્રવ્યથી અનુભવ કહો કે એના જ્ઞાનનો અનુભવ કહો, એક જ વસ્તુ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે...**' જ્ઞાનસ્વરૂપ ભગવાન સર્વજ્ઞસ્વભાવી પ્રભુ, એ જ્ઞાનનો અનુભવ તે જ આત્મદ્રવ્યનો અનુભવ છે. આત્મદ્રવ્યનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ છે. આહા..હા..! '**इति बुद्ध्वा**' '**એમ જાણીને...**' '**बुद्ध्वा**' છે ને? '**એમ જાણીને તથા...**' '**आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य**' આહા..હા..! '**આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને,...**' આત્માને આત્મામાં—પોતાના શુદ્ધ સ્વરૂપમાં નિશ્ચળ સ્થાપીને, આહા..હા..! '**नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति**' '**नित्यम्**' સર્વદા, '**समन्तात्**' સર્વ. '**एकः अवबोध-घनः**' એક જ્ઞાનઘન આત્મા છે. આહા..! એમ અનુભવવું. સમજાય છે કાંઈ? છે?

'**नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति**' એ તો '**સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે...**' એમ અનુભવવું. દેખવુંનો અર્થ અનુભવવું. આહા..હા..! એ રીતે

જ્ઞાનાનુભૂતિ કે આત્માનુભૂતિ બેય એક જ છે એમ જાણવું, એમ અવલોકન કરવું, એમ માનવું, એમ જાણવું, એમ અનુભવવું, આહા..હા..! એનું નામ જૈન ધર્મ છે અને એનું નામ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ** :- જુઓ આવ્યું. '**પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું;...**' ૧૪મીમાં. '**હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ...**' શુદ્ધનયનો વિષય.. અહીં પાછો વિષય લીધો, ત્યાં એક લીધું છે. શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ '**તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## પોષ વદ-૩, મંગળવાર, તા. ૨૦-૦૧-૧૯૭૬, ગાથા-૧૫, પ્રવચન નં. ૫૧

૧૫મી ગાથા. જૈનશાસનનું રહસ્ય આ છે-આ ગાથા. સર્વજ્ઞ પરમેશ્વરનો જે માર્ગ છે એ જૈનશાસનનો માર્ગ છે. આખા જૈનશાસનના રહસ્યની ગાથા છે.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્માને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

ગાથાર્થ લઈએ. કારણ કે દ્રવ્યશ્રુત આમાં ટીકામાં નથી આવતું.

'**ગાથાર્થ** :- **જે પુરુષ...**' જે કોઈ આત્મા '**આત્માને...**' આત્મા જે શુદ્ધ આનંદઘન ચૈતન્યસ્વરૂપ છે તેને '**અબદ્ધસ્પૃષ્ટ,...**' તેને કર્મના બંધરહિત દેખે છે. જે કોઈ આત્માને કર્મના સંબંધના બંધથી રહિત જુએ છે. આહા..! સ્પૃષ્ટ—કર્મની સાથે વિસ્તા પરમાણુની વર્ગણા પડી છે તેનાથી સ્પર્શરહિત દેખે છે. આહા..હા..! '**અનન્ય,...**' ગતિ આદિ. નરક, મનુષ્ય આદિ ગતિ છે તે અન્ય-અન્ય છે, તેનાથી રહિત અનન્ય દેખે છે. એકરૂપ જ્ઞાયકભાવ છે એમ જે અંદર દેખે છે. '**અવિશેષ...**' સામાન્યરૂપ દેખે છે. જેમાં જ્ઞાન ને દર્શન ને આનંદ એવા ગુણભેદ નથી. સામાન્ય. અવિશેષ નામ વિશેષ નહિ એટલે સામાન્ય. ત્રિકાળ ચૈતન્યમૂર્તિ

અખંડ આનંદ એમ વિશેષરહિત દેખે છે. બે બોલ અંદર નથી. એનું વિશેષ કર્યું છે.

'(**તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત**) દેખે છે... ' જ્ઞાનની પર્યાયમાં અનિયતપણું—અધિક-હિન એવી અવસ્થા થાય છે તેનાથી નિયતપણે ત્રિકાળને દેખે છે. આહા..! અને અસંયુક્ત—પુણ્ય અને પાપના ભાવ, સુખ-દુઃખની કલ્પનાનો ભાવ, એનાથી ભગવાન આત્માને જે ભિન્ન દેખે છે. આહા..હા..! છે? દેખે છે અથવા અનુભવે છે. એનો અર્થ ઈ. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, સામાન્ય અને વિકારના સંબંધથી રહિત અંતર્મુખ ચિદાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપ, તેને જે અનુભવે છે. દેખે છે એનો અર્થ એનો અનુભવ કરે છે. આહા..હા..! '**તે સર્વ જિનશાસનને દેખે છે**...' આખું જૈનશાસન એણે જોયું. આહા..હા..! સમજાય છે કાંઈ? જૈનશાસન જે સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ જૈનશાસન મોક્ષમાર્ગ કહે છે, ઈ આવા આત્માને જોવાથી આખું જૈનશાસન દેખે છે અર્થાત્ જ્યાં ઉપયોગ અંદર અબદ્ધસ્પૃષ્ટમાં ગયો તો એ શુદ્ધોપયોગ થયો. કેટલાક કહે છે, હમણાં જૈન-ગેજેટમાં આવ્યું છે કે શુદ્ધોપયોગ તો અત્યારે છે નહિ. શુદ્ધોપયોગ તો આઠમે ગુણસ્થાને થાય અને તમે કહો છો કે શુભ ભાવ છે તે હેય છે, તો અમને ધર્મ તો ઈ છે અત્યારે, એમ કહે છે. શું થાય! પ્રાણી બિચારા એવા મળ્યા બધા સાંભળનારા અને કહેનારા. એ જૈનશાસનથી વિરુદ્ધ બધું કથન છે.

'**તે સર્વ જિનશાસનને દેખે છે**...' ગાથાર્થ છે? આખા જૈનશાસનમાં ઈ જાણવું કે આત્મા બદ્ધસ્પૃષ્ટથી રહિત, અનન્ય નામ અન્ય-અન્ય નહિ, ભેદ નહિ, રાગ અને સુખ-દુઃખની (કલ્પના), દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન છે. આહા..હા..! આવા આત્માને જે કોઈ અંતરમાં દેખે છે '**पश्यति**' શબ્દ પડ્યો છે ને? અર્થાત્ આવા આત્માને અનુભવે છે. આહા..હા..! '**તે સર્વ જિનશાસન**...' દેખો ભાષા. આખું જૈનશાસન એણે જોયું. એણે જૈનશાસનનું રહસ્ય જોયું. ચંદુભાઈ! આહા..હા..! પર્યાયદૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ છે, અનેરી અનેરી અવસ્થા છે, ભેદ છે, રાગસહિત છે એ તો પર્યાયદૃષ્ટિથી જોવું થયું, એ જૈનશાસન નહિ. આહા..! એ તો અજૈનશાસન છે. આહા..! ભારે માર્ગ, ભાઈ! તેનાથી રહિત એકલો આત્મા પૂર્ણાનંદસ્વરૂપ નિત્યાનંદ અબદ્ધ નામ મુક્તસ્વરૂપ, અબદ્ધ નામ પરથી બદ્ધરહિત એ નાસ્તિથી કથન છે. વસ્તુ તરીકે મુક્તસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..! અત્યારે હોં! આહા..! દ્રવ્ય છે એ તો મુક્તસ્વરૂપ જ છે, બદ્ધરહિત છે. બદ્ધરહિત કહો કે મુક્ત કહો. આહા..હા..!

આમ જે અંતરમાં અનુભવે છે '**તે સર્વ જિનશાસનને દેખે છે**...' એણે આખું જૈનશાસન જાણ્યું. આ ન જાણ્યું એણે કાંઈ ન જાણ્યું. સમજાય છે કાંઈ? એ દયા ને દાન ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરતો હોય, એ તો રાગ છે, એ કંઈ જૈનશાસન નથી. આહા..! ઝીણી વાત, ભાઈ! અત્યારે એવું પીરસાણું છે કે જૈનને નામે અજૈનપણું પ્રરૂપણાણું છે અને સાંભળનારને ખબર ન મળે, જય ભગવાન! સાચી વાત છે.

**શ્રોતા :–** શ્રીમદ્દે પણ એમ લખ્યું છે કે અત્યારે અજૈનને જૈન માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માને છે. શ્રીમદ્દે લખ્યું છે. વાત ઈ સાચી છે. આહા..હા..! જુઓ, આ ૧૫મી ગાથા. હવે ગાથાનું...

**'તે સર્વ જિનશાસન...'** કેમકે વીતરાગતા પર્યાય જે શુદ્ધોપયોગ પ્રગટ થયો, શુભ-અશુભભાવથી રહિત ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ થયો તો એ શુદ્ધોપયોગમાં થયો. શુભ અને અશુભભાવ બે અશુદ્ધોપયોગ છે, એ જૈનધર્મ નહિ. આહા..હા..! નવનીતભાઈ! આ બધા શેઠિયા દાન કરે ને લાખ, બે લાખ ખર્ચે. એટલા બધા ન ખર્ચે પણ થોડાઘણા ખર્ચે. કહે છે કે એ રાગ મંદ હોય એ જૈનશાસન નહિ.

**શ્રોતા :–** જુગલકિશોર મુખ્તાર!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ બે બોલની ના પાડતા હતા, ખબર છે. (સંવત) ૨૦૧૦ની સાલમાં. ૨૨ વર્ષ થયા. આ ત્રણ બોલ લેવા, આ બે બોલ ન લેવા. પણ ટીકામાં બે બોલ સાથે લીધા છે. ખબર છે, જુગલકિશોર, દિલ્હી. એના મકાનમાં ઉતર્યા હતા ને પહેલાં દિલ્હીમાં. પહેલાં જ્યારે દિલ્હી ગયા હતા ત્યારે એના મકાનમાં ઉતર્યા હતા. આહા..હા..!

અહીં કહે છે કે આત્મા વીતરાગસ્વરૂપ છે. બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા અકષાય સ્વભાવનો પિંડ છે. અકષાય, વિશેષે કહીએ તો આત્મા જિનસ્વરૂપ જ છે. કારણપરમાત્મા.

જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી કર્મ,
યેહી વચનસે સમઝ લે જિનવચનકા મર્મ.

..મલજી! આ જુદી જાત છે. ત્યાં દિલ્હીમાં કોઈ દી સાંભળ્યું નથી. બધે ઠેકાણે એમ છે ને. માંગીલાલજી! આહા..! ભગવાન કુંદકુંદાચાર્ય, જે ત્રીજે નંબરે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. એ કુંદકુંદાચાર્ય (આ) કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હજી પહેલી સમજણ શ્રદ્ધામાં તો કરે કે આ માર્ગ છે. સમજાય છે કાંઈ? શુભભાવ એ ધર્મ નથી અને શુભભાવ ધર્મનું કારણ નથી. આહા..હા..!

**શ્રોતા :–** પરંપરા કારણ તો કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ તો સમકિતીને અબદ્ધસ્પૃષ્ટ અનુભવમાં આવ્યો છે ત્યારે શુભ રાગ છે એટલો અશુભથી ત્યાં બચ્યો છે અને પછી શુભનો નાશ કરીને શુદ્ધિ કરશે. એ અપેક્ષાથી પરંપરા કહેવામાં આવ્યું છે. બધું નાખ્યું છે, જૈન-ગેજેટમાં આજે ઘણું આવ્યું છે અને તાકડે આજે આ ગાથા આવી. આહા..હા..! એક વાત.

હવે, **'अपदेससंतमज्झं'**. ભાષા જુઓ! **'अपदेस'** એટલે **'બાહ્ય દ્રવ્યશ્રુત...'** અર્થાત્ ભગવાનની દ્રવ્યશ્રુત જે વાણી છે, એમાં આ કહ્યું છે. નીચે છે, પાઠાંતર છે. **'अपदेससंतमज्झं'**. **'अपदेस'** (અર્થાત્) દ્રવ્યશ્રુત **'सान्त'** **'જ્ઞાનરૂપ ભાવશ્રુત...'** વીતરાગની વાણી જે જિનવાણી

છે એ વાણીને દ્રવ્યશ્રુત કહે છે. એ દ્રવ્યશ્રુતમાં આ કહ્યું છે. આહા..હા..! '**अपदेस**' દ્રવ્યશ્રુત. '**सान्त**' ભાવશ્રુત. એ દ્રવ્યશ્રુતમાં પણ એમ કહ્યું છે કે આત્મા પૂર્ણાનંદસ્વરૂપની દૃષ્ટિ કરે અને અબદ્ધસ્પૃષ્ટ અનુભવે તો એ ભાવશ્રુતજ્ઞાન જે છે તે '**सान्त**' છે-ભાવશ્રુત છે તે જ જૈનશાસન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ વીતરાગનો!

કુંદકુંદાચાર્ય, આહા..હા..! ધર્મના થાંભલા, ધર્મના ધુરંધર! ઈ એમ કહે છે કે ભાઈ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! પૂર્વનો આગ્રહ છે ઈ છોડી દે એકવાર. આહા..હા..! ભગવાન અંદર નિર્લેપ પડ્યો છે. પરમાત્મતત્ત્વસ્વરૂપ ભગવાન આત્મા સામાન્ય એકરૂપ સદૃશ રહેનારી વસ્તુ એને જે અંતરદૃષ્ટિથી પર્યાયબુદ્ધિ છોડીને વસ્તુના સ્વભાવની દૃષ્ટિ કરે છે અને એ શુદ્ધોપયોગમાં આત્માનો અનુભવ થાય છે એ શુદ્ધોપયોગ એ જૈનશાસન અને દ્રવ્યશ્રુતમાં એ શુદ્ધોપયોગને ધર્મ કહ્યો છે, દ્રવ્યશ્રુતમાં એમ કહ્યું છે. વીતરાગની વાણીમાં સ્યાદ્‌વાદ વાણી છે માટે કોઈ ઠેકાણે રાગને પણ ધર્મ કહ્યો હોય, એમ છે નહિ. દ્રવ્યશ્રુત. '**अपदेस**' (અર્થાત્‌) દ્રવ્યશ્રુત. જયસેનાચાર્યની ટીકામાં '**अपदेस**' શબ્દ પડ્યો છે. દ્રવ્યશ્રુતમાં પણ ઈ જ કહ્યું છે. બાર અંગની વાણી. ભગવાનની દિવ્યધ્વનિ અર્થરૂપ નીકળે છે તેને ગણધર સૂત્રરૂપે રચે છે. એ સૂત્રની રચનામાં પણ દ્રવ્યશ્રુતમાં પણ ભગવાન પૂર્ણાનંદ અબદ્ધસ્પૃષ્ટ છે તેને અનુભવે તે જૈનશાસન છે. એવા ભાવશ્રુતને અહીંયાં જૈનશાસન કહેવામાં આવ્યું છે. દ્રવ્યશ્રુતમાં પણ ભાવશ્રુતને જૈનશાસન કહેવામાં આવ્યું છે. આહા..હા..! આજ તો સવારે વાત એવી હતી અને અત્યારે પણ આવી. સમજાય છે કાંઈ? શું શબ્દ છે? જુઓ!

'**બાહ્ય દ્રવ્યશ્રુત...**' જેટલી વીતરાગની વાણી છે એમાં આત્માને અબદ્ધસ્પૃષ્ટ અનુભવવો એ જ જૈનશાસન છે, એ ભાવશ્રુત છે. દ્રવ્યશ્રુતમાં પણ એને ભાવશ્રુત કહ્યું એ જૈનશાસન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે અત્યારે કહે છે કે શુદ્ધોપયોગ તો છે નહિ. શુદ્ધોપયોગ નથી તો જૈનશાસન જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**अपदेस**' દ્રવ્યશ્રુતમાં એમ કહ્યું અને '**અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.**' જૈનશાસન. દ્રવ્યશ્રુતમાં પણ એમ કહ્યું અને અભ્યંતર જ્ઞાનરૂપ જ્ઞાનથી આત્મા અનુભવમાં આવ્યો એ શુદ્ધોપયોગ છે, તે જ જ્ઞાનરૂપ ભાવશ્રુતજ્ઞાન છે. જૈનશાસન ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ છે. કેમકે એમાં રાગરહિત ભાવશ્રુતનો ઉપયોગ થયો તે જ વીતરાગી પરિણતિ છે, તે ભાવશ્રુત છે, તે જ જૈનશાસન છે. જૈનધર્મનું રહસ્ય ઈ છે. આહા..હા..! શું થાય!

અહીંયા તો ભગવાન કુંદકુંદાચાર્ય એમ ફરમાવે છે કે દ્રવ્યશ્રુતમાં પણ ઈ કહ્યું છે કે શુદ્ધોપયોગ... શુભ-અશુભરાગના વિકલ્પથી રહિત અંતર્મુખ જતાં શુદ્ધોપયોગ થાય છે. એ અંતરંગ ભગવાનને પકડ્યો ત્યાં શુદ્ધોપયોગ થાય છે અને શુદ્ધોપયોગ એ ભાવશ્રુત છે, એ જૈનશાસન છે, એ વીતરાગી પર્યાય છે, એ જૈનધર્મ છે. આહા..હા..! અરે..રે..! ભગવાનના માર્ગને લૂંટી નાખ્યો અને માને કે અમે જૈનધર્મી છીએ. શું થાય? ભગવાનના વિરહ પડ્યા.

આહા..! કહેતા હતા ને?

પહેલાં દૃષ્ટાંત આપતા હતા ને? કે પિતાજી પાસે પાંચ-પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ હોય અને પિતાજી ગુજરી ગયા, પૈસા પણ ખુટી ગયા. પછી કુટુંબમાં ચાર-પાંચ છોકરા હોય ઈ તકરાર કરે કે આ મકાન મારું ને આ મકાન મારું. પહેલેથી પિતાજી સાથે મોટા મકાનમાં રહેતા હતા. આ મકાન અમારું. પાંચ મકાન હોય તો (આ મારું). એ.. તકરાર. પિતાજીનો વિરહ, લક્ષ્મીનો નાશ, પાછળ છોકરાઓ ઝઘડા કરે. એમ સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડ્યા. આહા..હા..! સમજાય છે કાંઈ? અને સર્વજ્ઞપણાની લક્ષ્મી પ્રગટ થઈ નથી, લક્ષ્મી નથી. ઝઘડા ઊઠાવ્યા કે નહિ, આમ ધર્મ થાય, આમ ધર્મ થાય, શુભ કરતાં-કરતાં ધર્મ થાય છે. આહા..હા..! આ કથની દિગંબર ધર્મ સિવાય બીજે ક્યાંય નથી. દિગંબર ધર્મ કોઈ સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ છે. શું કહ્યું છે? જુઓને!

વસ્તુ જે આત્મા છે ઈ જિનસ્વરૂપ જ છે, વીતરાગસ્વરૂપનું બિંબ છે આત્મા. 'જિન સો હી આત્મા'. જિન અને જિનવરમાં ફેર નથી, બનારસીદાસમાં આવે છે. જિનવરની પર્યાય નિર્મળ થઈ. આ દ્રવ્યસ્વભાવ એવો જ ત્રિકાળ પડ્યો છે. આહા..! એ જિનસ્વરૂપી ભગવાન આત્મા એની શુદ્ધોપયોગથી અંદર રમણતા કરવી, શુદ્ધોપયોગથી એને જાણવો, અનુભવવો, એ શુદ્ધોપયોગ એ પર્યાયમાં જે વીતરાગતા ઉત્પન્ન થઈ એ જૈનશાસન છે. જૈનશાસન દ્રવ્યમાં નથી, પર્યાયમાં છે. શુદ્ધોપયોગ ઈ જૈનશાસન છે. કેમકે શુદ્ધોપયોગે આખા જિનસ્વરૂપી ભગવાન આત્માને પકડ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ, ભાઈ! આ ગાથા એવી છે. આહા..હા..!

'**અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.**' ઈ શું કહ્યું? કે જૈનશાસન દ્રવ્યશ્રુતમાં પણ એને કહ્યું, બાર અંગની વાણી અને બાર અંગમાં ઈ કહ્યું કે અબદ્ધસ્પૃષ્ટ જે ભગવાન પૂર્ણાનંદ છે તેનો અનુભવ કરવો, શુદ્ધોપયોગથી તેનું વેદન કરવું એ શુદ્ધોપયોગ ભાવશ્રુતજ્ઞાન-જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું જૈનશાસન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ દ્રવ્યશ્રુત ટીકામાં નહિ આવે, માટે અર્થ કર્યો. ટીકામાં એકલી ભાવશ્રુતની જ વાત લીધી છે. અમૃતચંદ્રાચાર્યે દ્રવ્યશ્રુત લીધું નથી. કારણ કે દ્રવ્યશ્રુતમાં કહ્યું એ ભાવ પ્રગટ થયો એ ભાવશ્રુતને જૈનશાસન કહ્યું છે. ગાથાર્થમાં આ છે કે દ્રવ્યશ્રુતમાં પણ ઈ કહ્યું છે. વીતરાગની સમૂળગી વાણી, બાર અંગ. ઓહો..!

ઈ આવ્યું ને કળશટીકામાં કે બાર અંગનું જ્ઞાન છે તે વિકલ્પ છે. કળશમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? પણ બાર અંગમાં કહ્યું છે શું? કેટલામો છે? ૧૩મો. આત્માનુભૂતિ. માથે કહ્યું ને? ૧૫મી ગાથા ઉપર શ્લોક કહ્યો ને? ૧૩મો શ્લોક. એમાં રાજમલજીએ કળશટીકામાં લીધું છે. '**આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' બાર અંગનું કોઈ અપૂર્વ લબ્ધિ છે એમ કોઈ જાણશે. '**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**'

એ તો ભેદ છે. આહા..હા..! **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** આ ગાથા પહેલાં જે ટીકા ગઈને? કળશ, કળશ, એમાં છે ઈ. બાર અંગમાં આ કહ્યું છે. આહા..હા..! આ દ્રવ્યશ્રુત. અહીં જે દ્રવ્યશ્રુત કહ્યું ને? દ્રવ્યશ્રુતમાં આમ કહ્યું છે. શું? **'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** આહા..હા..! ભગવાન આત્માનો શુદ્ધ અનુભવ કરવો. શુદ્ધ અનુભૂતિ-વીતરાગી પર્યાય, શુદ્ધોપયોગ ત્રિકાળી વીતરાગસ્વરૂપ ભગવાનને અનુસરીને અનુભવ કરવો એ અનુભૂતિ. બાર અંગમાં પણ અનુભૂતિને મોક્ષમાર્ગ કહ્યો છે. આહા..હા..! ભારે ઝઘડા ઊભા થયા. આજે જૈન-ગેજેટમાં ઘણું લખ્યું છે. લાલબહાદુર... ધર્મ કહ્યું છે. રયણસારમાં દાન, પૂજાને શ્રાવકનો ધર્મ કહ્યો છે. ધર્મ તો વ્યવહારે કહ્યું છે, પરમાર્થધર્મ જેને હોય તેને એવો ભાવ આવે છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી. તો વ્યવહાર ધર્મમાં ધર્મનો (ઉપચાર આપ્યો છે). છે પુણ્ય, વ્યવહારધર્મ એનો આરોપ આપ્યો છે. બહુ ઝીણી વાત. પ્રભુના વિરહ પડ્યા, સર્વજ્ઞ-અવધિજ્ઞાની-મનઃપર્યયજ્ઞાની રહ્યા નહિ. સમજાય છે કાંઈ? આ બધા ઝઘડા ઊભા થયા. જુઓ, લખ્યું છે?

**'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કંઈ અટક (બંધન) નથી.'** શુદ્ધાત્મા અનુભવમાં આવ્યો પછી એણે હંમેશા શાસ્ત્ર ભણવા જ એવી કોઈ અટક નથી. વિકલ્પ આવે તો વાંચે. એઈ..! વસ્તુ આવી ગઈ (છે હાથ). અનુભૂતિ થઈ તો કેવળજ્ઞાન થશે, થશે ને થશે. બીજ ઊગી તો પૂનમ થશે, થશે ને થશે. આહા..હા..! એમ ભગવાન આત્મા દ્રવ્યશ્રુતમાં કહ્યું, એ અબદ્ધસ્પૃષ્ટ જે ભાવશ્રુતની પર્યાય છે તેને જૈનશાસન કહેવામાં આવે છે અને એ જ જૈનધર્મ છે, બીજો કોઈ જૈનધર્મ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ૧૩મો કળશ છે, રાજમલજીની ટીકા. જોઈ છે આ કળશટીકા?

શું કહ્યું? કે **'બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.'** એટલે એ દ્રવ્યશ્રુત પણ આવું છે કે એ અબદ્ધસ્પૃષ્ટને દેખાડે છે, ભાવશ્રુત અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કરે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! દ્રવ્યશ્રુત એ વાચક છે, ભાવશ્રુત એનું વાચ્ય છે. આહા..હા..! આમ છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ બધા શરીરમાં બિરાજે છે. સ્ત્રીનો દેહ કે પુરુષનો દેહ કે નપુંસકનો દેહ ન જુઓ, દેહ ન જુઓ. દેહ કંઈ આત્મા નથી, એ તો જડની આકૃતિ છે. અંદર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ દ્રવ્યસ્વભાવ બિરાજે છે એ તો અબદ્ધસ્પૃષ્ટ અને સામાન્યપણે બિરાજે છે. સમજાય છે કાંઈ?

ઈ કહ્યું છે, શુદ્ધ-અશુદ્ધનય લીધી છે ને? ૪૭ નય, પ્રવચનસાર. ત્યાં એમ લીધું છે, અશુદ્ધનય કોને કહીએ? કે જેમ માટી હોય, માટી, આ ધૂળ. માટીમાંથી વાસણ થાય ને? વાસણ. એ માટીના વાસણની પર્યાયથી જુઓ તો એ અશુદ્ધનય છે. એમ લીધું છે, ૪૭ નય. માટીની વાસણ આદિની પર્યાયથી જુઓ તો અશુદ્ધનય છે, એકલી માટીને જોવી તે શુદ્ધનય છે, એમ ભગવાન આત્માને જ્ઞાનની પર્યાય, દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયથી જુઓ

તો એ અશુદ્ધનય છે. ઈ ૧૬મીમાં આવ્યું છે, ૧૬ ગાથા. મેચક, ભેદ છે તે મેચક છે. વ્યવહારનયથી જ્ઞાન-દર્શન-ચારિત્ર કહેવું એ વ્યવહારે મલિન કહેવાની રીત છે એમાં, કળશટીકામાં છે. મેચક કહો કે મલિન કહો કે વ્યવહાર કહો. આહા..હા..! ગજબ વાત છે! સમજાય છે કાંઈ? ૧૬મી ગાથાની ટીકામાં છે. આ કળશ. આત્માને એકરૂપ ત્રિકાળને જોવો એ શુદ્ધનયનો વિષય છે અને એ આત્માને ભેદ-પર્યાયથી જોવો એ અશુદ્ધનયનો વિષય છે. વ્યવહારનો વિષય કહો કે અશુદ્ધનયનો વિષય કહો. આહા..હા..! ઈ ચાલી ગયું છે ઘણું. ૪૭ નયમાં આવ્યું છે. વ્યાખ્યાન થઈ ગયા છે પહેલાં ઘણી વાર.

એમ અહીંયા કહે છે કે આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદથી જોવો એ તો અશુદ્ધનયથી જોવું છે. શાસ્ત્રમાં, ભગવાનની વાણીમાં તો ઈ આવ્યું છે કે ત્રિકાળી જ્ઞાયકભાવને જોવો, અનુભવવો એ જૈનશાસન અને એ ભાવશ્રુતજ્ઞાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું પકડાય નહિ એટલે બિચારા શું કરે? એમ ને એમ ચાલ્યા જાય. હવે એ તો અર્થ થયો. હવે એની ટીકા. નામા મેળવે ને? ...લાલજી! દિવાળી આવે ને, દિવાળી. દશેરામાં નામું મેળવે કે કેટલી પેદાશ થઈ? કેટલો ખર્ચ થયો? કેટલું બચ્યું? નામું મેળવે ને? અહીં ભગવાન કહે છે, મારા નામા સાથે તારી શ્રદ્ધાને મેળવ. તારી શ્રદ્ધાને મેળવ કે અમારી પ્રમાણે શ્રદ્ધા છે કે તારી સ્વચ્છંદ શ્રદ્ધા છે? સમજાય છે કાંઈ? દિવાળીના દિવસો આવે ત્યારે વાણિયા ચોપડા તપાસે ને. અમારે પંદર હજાર નીકળે છે. પેલો કહે, અમારે ચોપડે પાંત્રીસ હજાર નીકળે છે તમારી પાસે. અમારા ચોપડામાં તો પંદર હજાર નીકળે છે, મેળવો. કરે છે ને? ભાઈ!

એમ ભગવાન કહે છે કે તુ મેળવ તો ખરો અમારી દૃષ્ટિ અને શાસ્ત્ર સાથે કે તું રાગથી ધર્મ માને છે તો મેળ નથી ખાતો. સમજાય છે કાંઈ? શુદ્ધોપયોગ. આહા..હા..! સમ્યગ્દર્શન થાય છે ઈ શુદ્ધોપયોગમાં થાય છે. સમજાય છે કાંઈ? એ ૪૭ ગાથામાં આવ્યું ને? દ્રવ્યસંગ્રહ ૪૭, ૪૭. શું કહે છે તમારે? ચાર અને સાત. સૈંતાલીસ. ગાથા છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી. દ્રવ્યસંગ્રહની ચાર અને સાત, ૪૭ ગાથામાં (કહે છે), '**दुविहं पि मोक्खहेउं**' નિશ્ચયમોક્ષમાર્ગ અને વિકલ્પરૂપ વ્યવહાર-મોક્ષમાર્ગ, આ ... બેય ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. છે? છે અહીં? દ્રવ્યસંગ્રહ નથી? સમજાય છે કાંઈ? નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ આરોપિત ઈ બેય '**झाणे पाउणदि जं मुणी णियमा**'. એમ પાઠ છે. ૪૭ (ગાથા). ભગવાન અબદ્ધસ્પૃષ્ટ છે એવો અનુભવ છે એ ધ્યાનમાં નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ થયો છે અને બાકી રાગ રહ્યો અંદર અબુદ્ધિપૂર્વક તેને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ આપ્યો, તેને વ્યવહાર છે. નિશ્ચય પ્રગટ થયો હોય અને રાગ બાકી રહ્યો તેને વ્યવહાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ!

'**ટીકા :- જે આ અબદ્ધસ્પૃષ્ટ,...**' કર્મથી બંધાયેલ નથી ભગવાન, અસ્પૃષ્ટ નામ

વિસ્તા વર્ગણા કર્મની સાથે છે તેનો પણ સ્પર્શ નથી. '**અનન્ય,...**' અનેરી-અનેરી ગતિરૂપ નથી. એ તો એકરૂપ જ્ઞાયકભાવ છે. '**નિયત,...**' અન્ય-અન્ય હિનાધિક પર્યાય નહિ પણ એકરૂપ નિયત નિશ્ચય છે. '**અવિશેષ,...**' ભેદ. ભેદરૂપ નહિ પણ સામાન્યરૂપ-એકરૂપ છે. આહા..હા..! '**અને અસંયુક્ત...**' રાગ અને દુઃખની કલ્પનાથી સંયુક્તપણાથી રહિત છે. '**એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે...**' એવા પાંચ ભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ છે '**તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! આવું સ્પષ્ટ કથન, ચોખ્ખું કથન છે એને ન માને. શું કરે? પોતાના બચાવ ખાતર કલ્પના અને વ્યવહાર લગાવી દે કે વ્યવહાર તો છે કે નહિ? અરે..! પણ વ્યવહાર કોને? જ્યાં હજી નિશ્ચય અનુભૂતિ થઈ નથી એને રાગનો વ્યવહાર કહેવાતો જ નથી. સમજાય છે કાંઈ? અને રાગ-વ્યવહાર છે એ ધર્મ જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**એવા પાંચ ભાવોસ્વરૂપ...**' અહીં અસ્તિ લીધી ને? પહેલાં લીધું હતું કે પાંચ ભાવરહિત. બદ્ધસ્પૃષ્ટ, અન્ય અન્ય એવા પાંચ ભાવરહિત અને આ અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવસહિત. આહા..હા..! સમજાય છે કાંઈ? '**પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' ૧૪મી ગાથામાં સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કથન હતું એ જ અહીં જ્ઞાનપ્રધાનથી કથન લીધું છે. અબદ્ધસ્પૃષ્ટ જોવો, અનુભવ કરીને પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે અને અહીં અબદ્ધસ્પૃષ્ટનું શુદ્ધોપયોગમાં જ્ઞાન કરવું તે જ્ઞાનપ્રધાન કથન છે. સ્વરૂપની અનુભૂતિ જે જ્ઞાનની થઈ એ તો આત્માની કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો એક જ છે. એ પહેલાં આવી ગયું ઉપર કળશમાં. આહા..હા..! અરે..! એ વાત ક્યાંથી મળે, ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. આહા..હા..!

ભગવાન આત્મા પાંચ ભાવ—અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોસ્વરૂપ અને બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવથી રહિત. રહિતની વ્યાખ્યા પહેલાં ૧૪મી ગાથામાં આવી ગઈ. અહીં અસ્તિથી વાત કરી, બસ! '**એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ...**' એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ-અનુભવ '**તે નિશ્ચયથી...**' ખરેખર '**સમસ્ત જિનશાસનની...**' પૂર્ણ જિનશાસનની '**અનુભૂતિ છે,...**' આહા..હા..! માંગીલાલજી! વ્યવહાર ક્યાં ગયો? વ્યવહાર તો રહ્યો નહિ.

**શ્રોતા** :- એ જૈન શાસન જ ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ શાસન નથી, ભગવાન! પૂર્ણ વીતરાગતા જ્યાં સુધી ન હોય ત્યારે આવી દશા ઉત્પન્ન થાય એમાં રાગ આવે છે અને એ કંઈ ધર્મ નથી, એ જૈનશાસન નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

સમસ્ત. નિશ્ચયથી એટલે ખરેખર, સમસ્ત એટલે પૂર્ણ જિનશાસન, એની અનુભૂતિ છે. આહા..હા...! આટલું તો વજન આપ્યું છે. કોઈ ઠેકાણે વ્યવહારની વાત આવે તો સાધન

છે, નિશ્ચય સાધ્ય છે, ત્યાં વળગી જાય. એ તો વ્યવહાર સાધન તો આરોપિત કથન છે, ઈ સાધન જ નથી. આહા..હા...! મોક્ષમાર્ગ બે છે જ નહિ, મોક્ષમાર્ગ તો એક જ છે. સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવની સ્થિરતા (એ રૂપ) મોક્ષમાર્ગ એક જ છે, પણ નિરૂપણ-કથન બે પ્રકારથી છે. નિશ્ચયથી અનુભવ થયો—સમ્યગ્દર્શન, જ્ઞાન એ યથાર્થ મોક્ષમાર્ગ છે, સાથે રાગ આવે છે તેને આરોપ કરીને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો. એ બંધના કારણને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. આહા..હા...! સમજાય છે કાંઈ? અરે..! આવો મનુષ્યદેહ અને આવી વીતરાગવાણીનું સાંભળવું, અહીં સુધી આવ્યો અને આ જો ન કરે અને ન સમજે તો કાંઈ નથી. આહા..હા..!

તે જિનશાસનની અનુભૂતિ છે. કઈ? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય એટલે તે.. તે.. તે.. સામાન્ય અથવા નિયત-નિશ્ચય, અવિશેષ સામાન્ય, અસંયુક્ત-વિકારના પરિણામથી રહિત—એવા ભાવસ્વરૂપની આત્માની અનુભૂતિ ખરેખર, નિશ્ચય નામ ખરેખર યથાર્થપણે '**સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' આહા..હા..! જુઓને, અમૃતચંદ્રાચાર્ય. હજાર વર્ષ પહેલાં દિગંબર સંત (થયા) અને કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા હતા. આહા..! સીમંધર ભગવાન પાસે નગ્ન મુનિ દિગંબર, મોરપીંછી અને કમંડલ, અંતર આનંદની દશા, અનુભૂતિની દશા. વિકલ્પ આવ્યો, ભગવાન પાસે ગયા. આહા..! સીમંધર ભગવાન બિરાજે છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા ત્યારે પણ હતા, અત્યારે પણ છે, બિરાજે છે અને હજી કરોડો, અબજો વર્ષ મહાવિદેહમાં રહેશે. મહાવિદેહ છે ને. દૂર છે. મહાવિદેહ ક્ષેત્ર છે. આહા..! ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. તેથી કહ્યું ને? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગોતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. કુંદકુંદાર્ય. આહા..હા..! 'જૈન ધર્મોસ્તુ મંગલં.' એ જૈનધર્મ શું? કે ત્રિકાળી અબદ્ધસ્પૃષ્ટ દ્રવ્યનો અનુભવ કરવો એ જૈનશાસન અને જૈનધર્મ છે.

**શ્રોતા :-** સાહેબ, એક શબ્દ ઉમેરો કે ભગવાનને આપ મળ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, એ નહિ. ઈ વાત કહેવાય નહિ. અહીં તો મુખ્ય કહેવાય. એવી વાત છે, ભાઈ! આ તો પરમાર્થની વાત શાસ્ત્રની છે એ કહેવાય ને. એ બીજી વાત છે. આહા..હા..!

હવે કહે છે કે જિનશાસનની અનુભૂતિ એ શું ચીજ છે? '**કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' એ શુદ્ધોપયોગથી જે આત્માનો અનુભવ થયો એ શુદ્ધોપયોગ ભાવશ્રુતજ્ઞાન છે અને ભાવશ્રુતજ્ઞાન છે તે આત્મા જ છે. રાગાદિ આત્મા નથી પણ ભાવશ્રુત અરાગી અનુભવ થયો એ ભાવશ્રુત આત્મા છે. પર્યાયથી, હોં! ત્રિકાળી પર્યાય છે તેની સાથે ભાવશ્રુતની પર્યાય છે તે આત્મા છે. આહા..હા...! સમજાય છે કાંઈ? એમ કેમ કહ્યું કે નિશ્ચયથી તે જિનશાસનની અનુભૂતિ છે? કેમકે શ્રુતજ્ઞાન, જે ભાવશ્રુતજ્ઞાન થયું જે ત્રિકાળી જ્ઞાયકભાવનો

અનુભવ ભાવશ્રુતમાં થયો એ ભાવશ્રુત જ સ્વયં આત્મા જ છે. પર્યાય છે હોં આ. આહા..હા..! શુદ્ધોપયોગરૂપી ભાવશ્રુત છે, જે શુદ્ધોપયોગ છે તે આચરણની અપેક્ષાથી છે.. સમજાય છે કાંઈ? અને તે જ ભાવશ્રુતજ્ઞાન છે. આહા..! સ્વરૂપની સંવેદન દશા પ્રગટ થઈ. સ્વરૂપની સ્વસંવેદન દશા પ્રગટ થઈ. સ્વસંવેદન (અર્થાત્) સ્વ નામ પોતાની, સં નામ પ્રત્યક્ષ, જ્ઞાનની અનુભૂતિ પ્રગટ થઈ તે આત્મા જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- પર્યાય આત્મા થઈ ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાય નિર્મળ થઈ તેને આત્મા કહ્યો. તેથી કંઈ વિષય પર્યાય છે એમ નથી અહીંયા. વિષય તો દ્રવ્ય ત્રિકાળી છે. અબદ્ધસ્પૃષ્ટ તે જ વિષય છે, પણ એનો વિષય કરવાથી જે ભાવશ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું તે પણ આત્મા. નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ માટે આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! કેમકે જે રાગાદિ ઉત્પન્ન થાય છે તે અનાત્મા છે. આહા..હા..! ધર્મીને પણ અનુભૂતિ થયા પછી પણ રાગ તો આવે છે, એ રાગ અનાત્મા છે. આ આત્માની અનુભૂતિની અરાગપરિણતિ તે આત્મા છે, એમ કહેવું છે.

**શ્રોતા** :- સવારે તો પરભાવ કહ્યું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરભાવ એ વળી જુદું. કઈ અપેક્ષા છે? ત્યાં તો કેવળજ્ઞાનને પણ પરભાવ કહ્યું, સવારે તો. ચાર ભાવ ઈ પરભાવ છે. પારિણામિકભાવ એ પરમભાવ છે અને ચાર ભાવ તે અપરમભાવ છે અને ચાર ભાવના આશ્રયે પરમભાવ અનુભવમાં આવતો નથી. આહા..હા..! ઈ કઈ અપેક્ષા, આ કઈ અપેક્ષા (તે સમજવું). અહીંયા તો જે નિર્મળ અનુભવ થયો એ ભાવશ્રુતજ્ઞાન છે, તે આત્માની નિર્મળ પર્યાય છે. સમજાય છે કાંઈ?

તેથી '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' આહા..હા...! જે અબદ્ધસ્પૃષ્ટ સ્વસંવેદનજ્ઞાનમાં આવ્યો એ ભાવશ્રુત પોતે આત્મા જ છે. કેમકે વસ્તુ જે છે એ વીતરાગસ્વરૂપી છે અને એની અનુભૂતિ થઈ તે પણ વીતરાગ પરિણતિ થઈ, તો એ વીતરાગ પરિણતિ આત્મા છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો એ શ્રુતજ્ઞાનમાં જે અનુભવમાં આવ્યું એ શ્રુતજ્ઞાન તે આત્મા અથવા શ્રુતજ્ઞાન તે જૈનશાસન. એ વીતરાગી પરિણતિ તે જૈનશાસન અને તે આત્મા. આહા..હા..! આરે.. આરે..! આવું બધું ક્યાં .. નવરાશ ક્યાં છે માણસને ધંધા આડે. દુનિયામાં બાયડી ને છોકરા ને કુટુંબ ને રળવું ને એને પરણાવવું ને... મરી ગયા એમ ને એમ. સુજાનમલજી! આહા..હા..!

આ પ્રભુ અંદર બિરાજે છે ને નાથ. આહા..હા..! નિર્મળાનંદ નાથ શુદ્ધ ચૈતન્ય અબદ્ધ મુક્તસ્વરૂપ છે. ત્રણે કાળ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા છે. દ્રવ્યસ્વભાવ તો મુક્તસ્વરૂપ જ છે. આહા..! એવા મુક્તસ્વરૂપને અહીંયા અબદ્ધસ્પૃષ્ટ કહ્યું છે, તેનો અનુભવ થાય તે ભાવશ્રુતજ્ઞાન છે. એ ભાવશ્રુતજ્ઞાન તે શુદ્ધોપયોગ છે અને એ ભાવશ્રુતજ્ઞાન છે તે આત્મા છે.

**શ્રોતા :-** અનુભવમાં આત્મા આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની જાત આવી ને! એની જાત આવી. સમજાય છે કાંઈ? આ રૂનું ધોકડું નથી હોતું? રૂનું. મોટી બોરી. નમૂનાનું રૂ કાઢે ને? એમ અનુભૂતિમાં આખા આત્માનો નમૂનો આવ્યો. આહા..હા...! ભાઈ! માર્ગ આવો છે એમ પહેલાં નિર્ણય તો કરે વિકલ્પથી. વિકલ્પથી નિર્ણય કરે, પછી આ નિર્ણય તો નિર્વિકલ્પ નિર્ણય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, રતિભાઈ! બધા આવી ગયા છે બરાબર કલકત્તાથી. આહા..હા..! શું ભગવાનની વાણી! શું કુંદકુંદાચાર્યના કથન!! આહા..હા..! ચમત્કારિક વાણી છે. ચમત્કાર, ચૈતન્યચમત્કાર જેમાં જાગે એ શાસ્ત્રએ બતાવ્યો એમ જાગૃત થઈને અનુભૂતિ તે ભાવશ્રુતજ્ઞાન છે, તે આત્માની પર્યાય નિર્મળ છે. જેવું અંતરમાં હતું તેવું નિર્મળ પર્યાયમાં પ્રગટ થયું. આહા..હા..!

'**તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' કેમકે જ્ઞાનસ્વરૂપી ભગવાનનો અનુભવ, તે જ આત્માની અનુભૂતિ છે. દ્રવ્યની અનુભૂતિ કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો એક જ વસ્તુ છે. આહા..! સમજાય છે કાંઈ? ૧૪મી ગાથામાં દ્રવ્યનું કહ્યું હતું. સમ્યગ્દર્શનની વાત છે. અહીંયા જ્ઞાનથી કહ્યું. જ્ઞાનની અનુભૂતિ જ! ભાષા જુઓ, એકાંત લઈ લીધું. સમ્યક્ એકાંત છે. '**જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' કથંચિત્ રાગની અનુભૂતિ અને કથંચિત્ જ્ઞાનની અનુભૂતિ એમ નથી. આહા..! આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, સર્વજ્ઞસ્વભાવી. આત્મા એ દ્રવ્ય એ જ્ઞ-સ્વભાવી.. જ્ઞ-સ્વભાવી.. જ્ઞ-સ્વભાવી અને જ્ઞાન પૂર્ણ લ્યો તો સર્વજ્ઞસ્વભાવી. આત્મા સર્વજ્ઞસ્વભાવી એટલે એકલો જ્ઞાનસ્વભાવી. એ જ્ઞાનસ્વભાવી.. આહા..હા..! '**જ્ઞાનની અનુભૂતિ...**' એ જ્ઞાનસ્વરૂપ છે તેની અનુભૂતિ. આહા..હા..! '**તે જ આત્માની અનુભૂતિ છે.**' એ આત્માની અનુભૂતિ છે. પોણો કલાક તો ચાલ્યું એમાં. માર્ગ તો ભાઈ... વીતરાગ કોને કહે! આહા..હા..! ત્રણલોકના નાથ જિનેન્દ્ર પરમેશ્વર દેવાધિદેવ અરિહંતના શ્રીમુખેથી નીકળેલી વાણી એ વાણી આચાર્ય કહે છે. સમજાય છે કાંઈ?

'**પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...**' અર્થાત્ જ્ઞાયકભાવ જે એકરૂપ છે, તેનું અનુભૂતિમાં પ્રગટપણું (થવું) '**અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...**' અને જ્ઞેય પરવસ્તુ, રાગાદિ છે તે જ્ઞાનવિશેષ છે તેનું ઢંકાઈ જવું. ત્રિકાળી જ્ઞાનનો આવિર્ભાવ અને જ્ઞેયાકાર જ્ઞાનનું આચ્છાન-ઢંકાઈ જવું. વિશેષ કહેશે, હોં! હળવે-હળવે આવશે. '**પરંતુ હવે ત્યાં, સામાન્યજ્ઞાન...**' એટલે ત્રિકાળી જ્ઞાયક, એની પર્યાયમાં પ્રગટતા. સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ. પર્યાયમાં સામાન્યજ્ઞાનનો અનુભવ. અને '**વિશષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...**' જ્ઞેયાકારની પર્યાય જે જ્ઞાન થાય છે તેનું લક્ષ છોડી, તેનું આચ્છાદન, તેનો આશ્રય છોડી દીધો. '**જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ**

**કરવામાં આવે...'** શાકનું દૃષ્ટાંત આપશે. શાક છે ને શાક? એ શાકમાં મીઠુ છે ને? મીઠુ-લવણ. લવણ સામાન્યનો સ્વાદ આવે છે તો લવણના સ્વાદનું પ્રગટપણું અને શાક દ્વારા લવણનું પ્રગટપણું ઢંકાઈ ગયું, શાક દ્વારા. શાક કહે છે ને? સબ્જી. એમ ભગવાન આત્મા ચૈતન્ય સામાન્યજ્ઞાનપણાથી પર્યાયમાં પ્રગટ થયો એ વાસ્તવિક જ્ઞાન અને એ જ્ઞેયાકાર જ્ઞાન જે થાય છે એને ઢાંકી દીધું, તેનું લક્ષ છોડી દીધું. જ્ઞેયાકાર જ્ઞાન—જે પરજ્ઞેયાકાર જ્ઞાન થાય છે તેની દૃષ્ટિ છોડી દીધી અને પોતાનો જ્ઞાનાકાર ભાવ સામાન્ય છે તે પ્રગટ થયો. આ ગાથા બહુ અસલ વાત છે, ભાઈ! આહા..! એક તો સમયસાર અને એમાં ૧૫મી ગાથા. આહા..!

**'પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ** (પ્રગટપણું)**...'** એકલા જ્ઞાયકભાવનો પર્યાયમાં અનુભવ અને વિશેષ જ્ઞેયાકારજ્ઞાનનું ઢંકાઈ જવું. જ્ઞેયાકારની પર્યાય જ્ઞાનાકાર થાય છે જ્ઞેયાકારરૂપે, તેને છોડી દીધી અને એકલી જ્ઞાનાકાર પર્યાય થઈ. **'જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...'** એકલા જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવામાં આવે **'ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** ત્યારે આત્મા કહો કે જ્ઞાન કહો, જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? આ તો અધ્યાત્મ કથન છે, ભગવાન! આ કંઈ કથા-વાર્તા નથી. આ તો એક-એક શબ્દમાં ગંભીરતા ભરી છે.

જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ છે. છે તો એમ જ, પરંતુ જ્યાં સુધી સામાન્યજ્ઞાનનું પ્રગટપણું.. સામાન્યજ્ઞાન એટલે પર્યાયમાં એકલા જ્ઞાનનું પ્રગટપણું. સામાન્યજ્ઞાનનું પ્રગટપણું એટલે? સામાન્ય ત્રિકાળી જ્ઞાનનું પ્રગટપણુ એમ નહિ. સામાન્યજ્ઞાન એટલે જ્ઞેયાકાર જ્ઞાન સિવાયનું એકલા જ્ઞાનનું પર્યાયમાં પ્રગટપણું. જ્ઞાનાકારજ્ઞાન, જ્ઞેયાકારજ્ઞાન નહીં. આહા..હા..! સમજો ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે, પ્રભુ! ઈન્દ્રો, ગણધરો જેને સાંભળે છે. અત્યારે તો ભગવાન પાસે ઈન્દ્રો, ગણધરો જાય છે. મહાવિદેહમાં ભગવાનના સમવસરણમાં નાગ, વાઘ જાય છે, સિંહ, સેંકડો કેસરી સિંહ જંગલમાંથી જાય છે. આહા..! એ વાણી.. ભાઈ! ભાગ્ય વિના સાંભળવા નથી મળતી. દુનિયાના ભાગ્ય એક કોર રાખો, પૈસા ને ધૂળના. આહા..હા..! એવી નિર્મળ ધારા વીતરાગની વાણી સાંભળવા મળે એમાં પણ ભાગ્ય જોઈએ, કહે છે. આહા..હા..! અને પુરુષાર્થથી જ્યારે એ અનુભવમાં આવે છે, કહે છે કે.. છે?

**'વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ...'** એકલા જ્ઞાનનો. જ્ઞેય જાણવાલાયક જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય ઢંકાઈ ગઈ, એની દૃષ્ટિ છોડી દીધી. એકલું સામાન્યજ્ઞાન જે ત્રિકાળી એનો પર્યાયમાં અનુભવ થયો તેને સામાન્ય-જ્ઞાન કહેવામાં આવે છે. આ સામાન્યજ્ઞાન પર્યાય... જુઓ! **'સામાન્યજ્ઞાનના આવિર્ભાવ...'** સામાન્ય એટલે ત્રિકાળી ભાવની વાત નથી. એકલું જ્ઞાન, જ્ઞેયાકાર સિવાઈનું એકલું જ્ઞાન એ સામાન્યજ્ઞાન એનો વિષય ત્રિકાળી, પણ પ્રગટ થયું એકલું જ્ઞાનનું પ્રગટપણું (થયું). જ્ઞાનમાં

જ્ઞેયનું જે મિશ્રિતપણું છે તેને છોડી દીધું. એકલા જ્ઞાનનું પ્રગટપણું. સામાન્યજ્ઞાન એટલે? વિશેષ જ્ઞાન સિવાઈ. સામાન્યજ્ઞાન એટલે જ્ઞાનની પર્યાય એકલી અનુભવમાં આવી એ સામાન્યજ્ઞાનનું પ્રગટપણું. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો કુંદકુંદાચાર્યની વાણી, ભાઈ! આહા..! બહુ પાત્રતા જોઈએ, સમજવાની લાયકાત જોઈએ. આહા..હા..!

**'સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...'** સામાન્યજ્ઞાન એટલે સમજ્યા? ત્રિકાળી જ્ઞાનનું પ્રગટપણું એમ નહિ. સામાન્યજ્ઞાન એટલે જ્ઞેયાકારજ્ઞાન જે વિશેષરૂપ છે તેનાથી રહિત એકલા જ્ઞાનાકારજ્ઞાનનો અનુભવ એ સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ. સ્વજ્ઞેયનો-જ્ઞાનનો અનુભવ એ સામાન્યજ્ઞાનનું પ્રગટપણું. આ ગાથા અલૌકિક છે. પહેલાં પંડિતજીએ કહ્યું ને? આ ગાથા બહુ સારી આવી છે. કહ્યું હતું, સારી આવી. પંડિતજીએ કહ્યું હતું કે ગાથા સારી આવી. આહા..હા..!

**'સામાન્યજ્ઞાનના આવિર્ભાવ...'** અર્થાત્ એકલા જ્ઞાનની પર્યાયનો, રાગમિશ્રિત જ્ઞાનનો નહિ, પણ એકલી જ્ઞાનપર્યાયનો અનુભવ-આવિર્ભાવ. પર્યાય, હોં! જ્ઞાનની પર્યાયનો અનુભવ એ સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા...! **'અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...'** અને જ્ઞેયાકાર જે જ્ઞાનપર્યાયમાં છે તે ઢંકાઈ ગયું, તેનું લક્ષ છોડી દીધું. **'(જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...'** એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન ત્રિકાળી તેનો અનુભવ કરે છે **'ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** ત્યારે આત્મા ત્રિકાળી છે તેનું જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. નવરંગભાઈ!

ફરીથી. આપણે ક્યાં... આહા..હા..! સામાન્યજ્ઞાન નામ ત્રિકાળી જ્ઞાનનો વર્તમાનમાં એકલા જ્ઞાનનો અનુભવ, રાગમિશ્રિત જ્ઞાનને છોડીને, તેને સામાન્યજ્ઞાનનું પ્રગટપણું કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ? **'અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...'** જ્ઞેયાકારજ્ઞાન જે થાય છે પરના લક્ષે, તેને ઢાંકી દીધું (અર્થાત્) તેને દૃષ્ટિમાંથી છોડી દીધું, એકલા જ્ઞાનમાત્રનો અનુભવ થયો. આહા..હા..! **'જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** આહા..હા..! ત્રિકાળી જ્ઞાનભાવ, એકલા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. આહા..! આ સમ્યગ્દર્શનની વાત છે. આત્માની પર્યાય જે જ્ઞાનમાત્ર છે તે અનુભવમાં આવે છે એમ કહેવું છે. પર્યાયને અહીં સામાન્યજ્ઞાન કહે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! વાત તો આવી ગઈ.

સામાન્યજ્ઞાન ત્રિકાળી નહિ, અહીં તો એકલા જ્ઞાનનો અનુભવ તેને સામાન્યજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! દૃષ્ટાંત આપશે. આમ છે. **'જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** વસ્તુ તો આમ છે. **'તોપણ...'** આમ હોવા છતાં **'જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે,...'** જુઓ હવે. રાગ ને પુણ્ય ને પાપના પરિણામ ને સ્ત્રી ને કુટુંબ ને શરીર ને.. એ જ્ઞેયમાં આસક્ત છે, રાગમાં આસક્ત છે. આહા..હા..! રાગાદિ ભાવ એ જ્ઞેય છે, એ જ્ઞાનસ્વરૂપ

નહિ. વ્યવહારરત્નત્રયનો—દયા, દાનનો વિકલ્પ છે વ્યવહારનો એ પણ જ્ઞેય છે, જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેય છે. તો એ જ્ઞેયને જ પોતાનું માને છે અને જ્ઞેય ઉપર જેની આસક્તિ છે... આહા..હા..! અજ્ઞાની જ્ઞેયોમાં આસક્ત છે. જુઓ, **'તેમને તે સ્વાદમાં આવતું નથી.'** જે જ્ઞેયોમાં આસક્ત છે તેને આનંદ, જ્ઞાનનો સ્વાદ નથી આવતો, જ્ઞેયની આસક્તિનો સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** જ્ઞાનનો સ્વાદ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનના આનંદનો સ્વાદ. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ, એની પર્યાયમાં જ્ઞાનસહિત આનંદનો સ્વાદ, તેને જ્ઞાનનો સ્વાદ કહેવામાં આવે છે. એ દૃષ્ટાંત આપીને સિદ્ધ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં. પર ઉપલબ્ધ નથી.**

## પોષ વદ-૭, ગુરુવાર, તા. ૨૨-૦૧-૧૯૭૬, ગાથા-૧૫, પ્રવચન નં. ૫૩

... આત્મા જે વસ્તુ છે આનંદ, જ્ઞાનસ્વરૂપ. એ સીધુ જો જ્ઞાનસ્વરૂપનું વેદન કરે તો એને આનંદનો સ્વાદ આવે છે. જેવું પોતાનું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી અંતરંગ દૃષ્ટિ કરવાથી એકલા જ્ઞાનનો રાગમિશ્રિત વિના જ્ઞાનસ્વભાવનું વેદન થાય તેને જૈનશાસન કહે છે. એ શુદ્ધઉપયોગ જે આત્માના અવલંબને પ્રગટ થયો તેમાં સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..!

**'જેમ...'** શાકમાં લવણ છે એ લવણનો સ્વાદ શાક દ્વારા આવે છે એ વાસ્તવિક લવણનું સ્વરૂપ નહિ, એમ આત્માનો જ્ઞેય, જ્ઞેયનો વિષય જે પર એ જ્ઞેયાકારજ્ઞાન ખ્યાલમાં આવે છે એ તો વિપરીત છે. શુભરાગ છે દયા, દાન, વ્રતનો. રાગનું જ્ઞાન થયું, રાગ એટલે જ્ઞેયનું જ્ઞાનમાં જ્ઞાન થયું તો જ્ઞાન જ્ઞેયાકાર થયું અને એનો અનુભવ તો મિથ્યાત્વ સહિત દુઃખનું વેદન છે. સમજાય છે કાંઈ? ચાહે તો શુભભાવ હો, પણ એ પરજ્ઞેય છે. ખરેખર તો ઈન્દ્રિયનો વિષય ... ભગવાનની વાણી પણ ઈન્દ્રિયનો વિષય છે. ભગવાનની મૂર્તિ ઈન્દ્રિયનો વિષય છે. ભગવાન સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય એ પણ ઈન્દ્રિયનો વિષય છે. આકરી વાત, ભાઈ!

ઈન્દ્રિય વિષયના લક્ષે જે કંઈ રાગભાવ થાય છે એ રાગ મારી ચીજ છે, એ દૃષ્ટિ રાગ ઉપર પડી છે તો રાગનું આકુળતાનું દુઃખનું વેદન છે. સમજાય છે કાંઈ? એ જિનશાસનથી વિરુદ્ધભાવનું વેદન છે. આહા..હા..! અરે..! આવી વાતું હવે. પણ જેને શાક વિના એકલા લવણનો સ્વાદ આવે છે, એમ રાગમિશ્રિત વિચારને છોડીને અંતર આનંદકંદ ભગવાન આત્માને જ્ઞેય બનાવી જે જ્ઞાનની પર્યાય વીતરાગી થઈ તેમાં સીધો જ્ઞાનનો અનુભવ—જ્ઞાનસ્વરૂપનું વેદન થાય છે, એનું નામ ધર્મ છે. આહા..હા..! અરે..! સમજાય છે કાંઈ? બહુ ઝીણું, ભાઈ! અત્યારે તો આ શુભક્રિયા કરવી અને શુભભાવ એ ધર્મ. ઈ કરતાં-કરતાં થઈ જશે. મિથ્યાત્વ થશે.

ઈ કહે છે, **'જેમ...'** શાક દ્વારા લવણનો સ્વાદ આવે છે તે સામાન્યનું જ વિશેષ છે, શાકનું એ વિશેષ નથી, લવણ સામાન્યનું જ વિશેષ છે; એમ રાગ દ્વારા—જ્ઞેયમાં રાગ દ્વારા જે સ્વાદ આવતો હતો, જ્ઞાનનો રાગ દ્વારા સ્વાદ આવતો હતો એ વિશેષ, પણ ખરેખર તો એ જ્ઞાનની પર્યાય સામાન્યજ્ઞાનની જ અવસ્થા છે; પણ માને છે કે આ રાગની અવસ્થા ને રાગને લઈને જ્ઞાન થયું, એવી દૃષ્ટિ મિથ્યાત્વ અને દુઃખનું વેદન છે. ... ભાઈ! સમજાય છે કાંઈ? માણસ કહે છે ને? કે શુભ તો છે ને! એ શુભ છે ઈ ઝેર છે, એમ કહે છે. શુભનું વેદન કરવું દૃષ્ટિમાં રાખીને એ શુભ કરે છે એ જ્ઞાન જ્ઞેયાકાર થઈને... સમજાય છે કાંઈ? આખા જૈનશાસનનો સાર આ ગાથા છે. આહા..હા..!

કહે છે, **'અલુબ્ધ જ્ઞાનીઓને તો...'** ત્યાંથી બાકી છે. **'અલુબ્ધ જ્ઞાનીઓને તો...'** અર્થાત્ જેને ઈન્દ્રિયનો વિષય એવા જે પરજ્ઞેય, તેની આસક્તિ છૂટી ગઈ છે. જ્ઞેયો એટલે પરજ્ઞેય, એ જ્ઞેયનું જ્ઞાન... વિષયોમાં લુબ્ધ જીવોને થાય છે. આહા..! આ ભોગની અહીં વાત નથી. સમજાય છે કાંઈ? અહીંયા તો શબ્દ, રૂપ, રસ, ગંધ, ચાહે તો ભગવાનની વાણી હો અને ચાહે તો ભગવાન હો. આહા..હા..! એ પરજ્ઞેય છે. એ પરજ્ઞેય છે તે ઈન્દ્રિયનો વિષય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એ ઈન્દ્રિયના વિષયમાં રાગ દ્વારા જે જ્ઞાનનો અનુભવ થાય છે એ આત્માનો નહિ, એ જૈન ધર્મનો નહિ. એ અજૈનભાવનું વેદન છે. ભારે ઝીણી વાત! અજૈનભાવ એટલે રાગભાવ તે અજૈનભાવ. વીતરાગ સ્વભાવની દૃષ્ટિ કરવાથી જૈનભાવ થાય છે, એ વીતરાગભાવ છે. આહા..!

૧૫મી ગાથા છે. જૈનદર્શન-શાસન કોને કહેવું? જૈનધર્મ કોને કહીએ? **'અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી,...'** લવણની ગાંગડી. **'અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...'** શાક, રોટલી, ખીચડી ... અન્યદ્રવ્યના સંયોગનો અભાવ કરીને **'કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં,...'** એકલા લવણનો જ અનુભવ કરવામાં આવતાં **'સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે...'** આ તો દૃષ્ટાંત કહે છે. **'અલુબ્ધ જ્ઞાનીઓને તો,...'** એટલું રાખવું ત્યાં. **'જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો**

વ્યવચ્છેદ કરીને...' અભાવ કરીને '**કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે...**'

'**તેમ...**' અલુબ્ધ જ્ઞાનીઓને તો '**આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...**' પરનું લક્ષ છે... દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ અશુભનું નિમિત્ત છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, વાણી એ શુભનું નિમિત્ત છે, પણ બેય રાગ છે. આહા..હા..!

**શ્રોતા :-** એક શુભરાગ અને એક અશુભરાગ, એટલો તો ફેર છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય રાગ છે, બેય દુઃખનું વેદન છે.

પોતાના જ્ઞાયકસ્વભાવમાં રાગ દ્વારા, ઇન્દ્રિયના વિષય જ્ઞેય દ્વારા જે જ્ઞાન થયું એ તો મિથ્યાજ્ઞાન છે. ચાહે તો એ પંચમહાવ્રત હો, દયા, દાનનો રાગ હો, પણ છે ઈ રાગ. જેને એ રાગદૃષ્ટિ છે તે પર્યાયબુદ્ધિ છે, એને રાગ દ્વારા જ્ઞાનનું વેદન છે, રાગ દ્વારા જ્ઞાનનું વેદન છે, જ્ઞાન દ્વારા જ્ઞાનનું વેદન નથી. નવરંગભાઈ! બધી ઝીણી ચીજ છે, બાપા! માણસે સાધારણ કરી નાખ્યો જૈન ધર્મ. આ દયા પાળવી ને વ્રત પાળવા ને અપવાસ કરવા. ધૂળેય નથી ધર્મ, સાંભળને! એ ભગવાનજીભાઈ! પાંચ-પચાસ, પચ્ચીસ-પચાસ, સો, બસ્સો, પાંચસો, હજાર, બે હજાર, પાંચ હજાર ખર્ચી નાખે એટલે ધર્મ થઈ ગયો, લ્યો! ધૂળેય ધર્મ નથી, સાંભળને હવે. પોપટભાઈ! મંદિર બનાવવું, મૂર્તિ સ્થાપવી એ ઇન્દ્રિયનો વિષય છે. ભાઈ! પ્રભુનો માર્ગ જુદો છે. હો, પણ એ શુભભાવનો વિષય છે અને શુભભાવ દ્વારા જ્ઞાન જણાય છે, એ શાક દ્વારા લવણનો સ્વાદ આવે એની જેમ છે, એ એનો સ્વાદ છે. ઝીણી વાત, ભાઈ! આહા..! અરે..! આ વાતને કોણ સમજશે? શ્રીમદ્ કહે છે એકવાર, આ વાતને કોણ દાદ આપશે? શ્રીમદ્‌માં છે. લોકો તો ... બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, વ્રત પાળ્યા, થઈ ગયો ધર્મ.

સંસાર કોને કહેવો? બાયડી, છોકરા, પૈસા, દુકાન એ સંસાર છે? ઈ સંસાર છે? દેહ છૂટે ત્યારે સંસાર છૂટી ગયો, એનો મોક્ષ થઈ ગયો. ઈ સંસાર છે જ નહિ. સંસાર તો સ્વભાવને ભૂલીને પર વસ્તુને લક્ષે જે રાગ થાય છે અને એ રાગ મારો છે, એવી માન્યતા મિથ્યાત્વ એ સંસાર છે. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ એ સંસાર છે. મિથ્યાશ્રદ્ધા-રાગ થયો ઈ જ હું છું અને તેનાથી મને લાભ થશે અને લક્ષ રાગ ઉપર છે, એ મિથ્યાત્વભાવ છે અને એ સંસાર છે. આહા..હા..! વ્યાખ્યા વીતરાગની જુદી છે. જગતને સાંભળવા મળ્યું નથી બિચારાને. શું કરે? અરેરે..!

કહે છે કે '**તેમ આત્મા પણ...**' જેમ પેલા લવણની ગાંગડી સીધી લવણ દ્વારા સ્વાદમાં આવે એ યથાર્થ છે. '**તેમ આત્મા પણ...**' લવણનો દૃષ્ટાંત આપ્યો ને? એટલે આત્મા પણ, એમ. '**પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...**' પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યનું

લક્ષ છોડીને. ચાહે તો ત્રિલોકના નાથ ભગવાન સમવસરણમાં બિરાજતા હોય, એનું લક્ષ છે એ ઇન્દ્રિયનો વિષય છે, રાગ છે. રાડ નાખે ને માણસ! બાપુ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે.

અહીંયા કહે છે કે '**આત્મા પણ પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ...**' પોતાના આત્મા સિવાય અનંત પરદ્રવ્ય અને અંદરમાં શુભ-અશુભરાગાદિ થાય, અશુભને તો એક કોર રાખો પણ શુભરાગ જે અસંખ્ય પ્રકારના છે, શુભરાગ પણ અસંખ્ય પ્રકારના છે અને રાગનો વિષય પણ અસંખ્ય પ્રકારના સામે નિમિત્ત છે, એ પરનું લક્ષ છોડીને પરદ્રવ્યના સંયોગસંબંધનો વ્યવચ્છેદ કરીને, આહા..! એ પર તરફના ઝુકાવને છોડીને '**કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં...**' આહા..હા..! એકલું સ્વદ્રવ્ય લીધું છે. એક કોર સ્વદ્રવ્ય અને એક કોર પરદ્રવ્ય!

કહ્યું હતું ને મોક્ષપાહુડમાં? કુંદકુંદાચાર્ય. '**परदव्वादो दुग्गइ**'. પ્રભુ! એકવાર સાંભળ, રાજી-ખુશી થા. એમ ન કર કે અર..ર..ર..! આમાં ધર્મ નથી. ભાઈ! સાંભળ! તું અનંત આનંદનો કંદ પ્રભુ હીરો છો. આનંદનો હીરો અંદર પડ્યો છે. આહા..! એ અતીન્દ્રિય આનંદના લક્ષને છોડી દઈ-છોડકર, ગુજરાતી આવી જાય છે, પર ઇન્દ્રિયના વિષયમાં ઝુકાવ છે ત્યાં રાગ-દ્વેષ છે અને એ રાગ દ્વારા જ્ઞાનનો અનુભવ એ મિથ્યાત્વ છે, ઈ ઝેર છે, ઈ સંસાર છે, ઈ દુઃખ છે. અત્યારે તો ધમાધમ (ચાલી છે). પાંચ-પચ્ચીસ લાખ ખર્ચે. ખર્ચનારને ધર્મ (થયો એમ માને). ખર્ચ્યા પછી પૈસા મારા છે એમ માન્યું છે એ જ મિથ્યાત્વ છે. મારા પૈસા એમ માનીને અજીવ મેં આપ્યા, એને મિથ્યાત્વ થયું છે. એઈ..!

**શ્રોતા :-** એક તો રૂપિયા ગયા અને મિથ્યાત્વ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોના રૂપિયા હતા? એ તો અજીવના હતા. રૂપિયા ક્યાં એના હતા? એઈ..! આ રહ્યા. પોપટભાઈ! આ કરોડપતિ છે બધા, લ્યો. સમજાય છે કાંઈ? ... મમતા છે. આહા..હા..! અહીં તો ગાથા બહુ જ માખણ!

જેણે સ્વદ્રવ્યનું લક્ષ છોડીને પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલો જે રાગ એ રાગ દ્વારા જ્ઞાનને વેદે છે એ મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે, આહા..હા..! એ જૈન નહિ. ..મલજી! અહીં તો આ વાત છે, ભગવાન! શું કહીએ? ત્રણલોકના નાથનો આ અવાજ છે. આહા..! જિનેશ્વરદેવ સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા, ઈ વાત આ છે. આહા..હા..! સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય, બે ચીજ. પછી પરદ્રવ્ય ચાહે તો ભગવાન હો કે વાણી હો, તો પણ મોક્ષપાહુડમાં તો કહ્યું કે '**परदव्वादो दुग्गइ**'. ૧૬મી ગાથા. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો તને રાગ જ ઉત્પન્ન થશે. એ ચૈતન્યની ગતિથી વિપરીત ગતિ છે. આહા..હા..! ચાહે તો સ્વર્ગ મળે કે આ શેઠાઈ મળે પાંચ-પચાસ કરોડના આસામી, એ બધી દુર્ગતિ છે. પોપટભાઈ! અને એ પરદ્રવ્યનો વ્યવચ્છેદ કરીને, પરદ્રવ્ય તરફના લક્ષનો ઝુકાવ છોડીને એકલા સ્વદ્રવ્યના ઝુકાવથી.. આવ્યું?

'**કેવળ આત્માનો...**' જોયું? એકલો ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વભાવી... આહા..હા..! '**કેવળ આત્માનો જ...**' આ તો એકાંત થઈ ગયું. કેવળ એકલો આત્મા જ્ઞાયક સ્વરૂપ, ચિદ્‌ઘન, જ્ઞાનઘનનો અનુભવ કરવામાં આવતાં.. એકલો-કેવળ આત્મા તરફના લક્ષે એકલા આત્માનો અનુભવ કરવામાં આવતાં '**સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે...**' એ તો સર્વતઃ વિજ્ઞાનઘનતાને લીધે. આત્મા તો વિજ્ઞાનઘન છે. એના તરફના ઝુકાવથી '**વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.**' એકલું જ્ઞાન સીધુ જ્ઞાનમાં સ્વાદમાં આવે છે એનું નામ જૈનશાસન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન છે અને એનું નામ જ્ઞાનની અનુભૂતિ છે. માંગીલાલજી! આવી વાત છે. આહા..! આ ભાનુ ચૈતન્યસૂર્ય છે! ચૈતન્યભાનુ!

એક કોર રામ અને એક કોર ગામ! ગામ નામ સમૂહ પરદ્રવ્યનો. પોતાના સ્વદ્રવ્ય સિવાય જેટલા પરદ્રવ્ય છે એ ગામ છે, એનું લક્ષ કરીને જે રાગ ઉત્પન્ન થાય છે એ અધર્મ છે; અને પરદ્રવ્ય તરફનો ઝુકાવ છોડીને એકલા અંતર જ્ઞાયકભાવ તરફ ઝુકવાથી કેવળ આત્માનો અનુભવ થતાં એકલા જ્ઞાનનો સ્વાદ આવે છે, રાગનો નહિ, એ સ્વાદને અનુભૂતિ કહેવામાં આવે છે, એ સ્વાદને સમ્યક્‌જ્ઞાન કહેવામાં આવે છે, એ સ્વાદને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે, એ સ્વાદને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ! આ તો અપૂર્વ માર્ગ છે, ભાઈ! અનંત કાળમાં સેકંડ માત્ર પણ કર્યો નથી. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,' પણ આ આત્મજ્ઞાન વિના 'લેશ સુખ ન પાયો'. દુઃખી છે બધા! પંચમહાવ્રત પાળનારા, અઠ્ઠાવીસ મૂળગુણ પાળનારા, કરોડોના મંદિર બનાવનારનો ભાવ રાગ અને દુઃખ હતું. એ.. પદમચંદજી! આવી વાત છે, ભગવાન! આહા..!

ઓહો..! આચાર્યોએ બહુ જ સહેલી ટૂંકી ભાષામાં જૈનશાસન શું છે એ બતાવ્યું છે. સમજાય છે કાંઈ? કેમ? કે પોતાનું દ્રવ્ય જે વસ્તુ એ જિનસ્વરૂપી છે. વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા છે. એનો આશ્રય, લક્ષ, ધ્યેય, આલંબન છોડીને જેણે પરદ્રવ્યનું ધ્યેય, આલંબન લીધું તેને રાગ થયા વિના રહેતો નથી અને રાગ દ્વારા જે જ્ઞાનનો અનુભવ થાય છે તે દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? અને કેવળ આત્માનો અનુભવ. એકલું સ્વદ્રવ્ય. વીતરાગસ્વરૂપી જિનસ્વરૂપી ભગવાન આત્માનો આશ્રય કરીને, એનું લક્ષ કરીને પરદ્રવ્યનો વ્યવચ્છેદ કરીને, પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યનો જ અનુભવ કરવામાં આવતાં કેવળ આત્માનો જ! આહા..હા..!

**શ્રોતા :-** પાંચ વિશેષણ આપ્યા એવો આત્માનો અનુભવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પાંચ વિશેષણ રહિત. બદ્ધસ્પૃષ્ટથી રહિત, અબદ્ધસ્પૃષ્ટસહિત. ઈ તો એની એ વાત છે. બદ્ધસ્પૃષ્ટ, અન્ય-અન્ય, અનિયત, વિશેષ, રાગથી સંયુક્ત—એ પાંચથી રહિત અને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત એ.. સમજ્યા? અને સામાન્ય એ, સામાન્ય એ અને રાગરહિત એકલો વીતરાગસ્વરૂપી—એવા પાંચ ભાવ સહિતની અનુભૂતિ

અંદર છે એ જૈનશાસનની અનુભૂતિ છે. જૈનશાસન કોઈ આત્માની પર્યાયથી દૂર નથી રહેતું.

**શ્રોતા :-** પાંચનો ન થાય અને ચારનો થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારનો થાય નહિ, એકસાથે પાંચેયનો થાય. સમજાવવામાં પાંચ ક્રમ પડ્યા છે. સમજવામાં-અનુભવમાં પાંચ ક્રમ નથી આવતા.

અબદ્ધસ્પૃષ્ટ જાણ્યો એણે અનન્ય જાણ્યું, એણે સામાન્ય પણ જાણ્યું, એણે રાગરહિત આનંદસ્વરૂપ ભગવાનને પણ જાણ્યો. એ તો એક સમયે જ પાંચનો અભાવ અને પાંચનો ભાવ. બદ્ધ આદિ પાંચનો અભાવ અને અબદ્ધ આદિ પાંચનો સદ્‌ભાવ. આ સમયસાર છે. અદ્વૈતચક્ષુ. એમ કહ્યું છે ને પાછળ? અજોડચક્ષુ. સમયસાર, પાછળ કળશમાં આવ્યું છે. આ સમયસાર વિશ્વનું અજોડચક્ષુ છે. આ સમયસાર એ વાણી છે અને આ સમયસાર એ ભાવ છે. સમજાય છે કાંઈ?

જેમ સાકર શબ્દ છે એ વાચક છે અને સાકર પદાર્થ છે તે એનું વાચ્ય છે, એમ સમયસાર એ વાચક શબ્દ છે અને એનું વાચ્ય રાગરહિત ભગવાન આત્મા છે, તે તેનું વાચ્ય છે. આહા..હા..! વાણી તો જુઓ! ... સીધી એને આત્મા ઉપર લઈ જાય છે. મણિભાઈ! પાણી ગળીને પીવું એ તો ક્યાંય રહી ગયું આમાં. રાગને ગાળીને આત્માને પીવો. આહા..! કહ્યું ભાઈ! તમે ચર્ચા કરો. ચર્ચા શું કરીએ? તમે પાણી ગાળીને પીવો છો કે નહિ? તો કહે, અમે પાણી ગળીને પીએ છીએ. અંદરનું પણ અમે પાણી આત્માનું રાગ વિનાનું પાણી પીએ છીએ. ચર્ચા શું કરવી? તમે કહો છો કે પાણી ગળીને પીવો છો કે નહિ? રાત્રે આહાર કરો છો? એ તમારી ચર્ચા. આ સંપ્રદાયના સાધુઓ. સહન નહોતું થાતું એને. આ વળી ગૃહસ્થાશ્રમી અને વળી જ્ઞાની! અમે બધા અજ્ઞાની? સમજાય છે કાંઈ? ભાઈ! અમે પાણી ગળીને પીએ છીએ. તમારી ચર્ચા શું કહે? અરે..! કોને કહે?

અહીં કહે છે.. ઘણું સમાડ્યું છે! આત્મા પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરી, પરદ્રવ્યના સંબંધનું લક્ષ છોડીને, પોતાના આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે એનું લક્ષ છોડીને એટલે પરદ્રવ્યનો વ્યવચ્છેદ કરીને, આહા..હા..! '**કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં...**' એકલા આત્માનો અનુભવ એ તો આત્મજ્ઞાનસ્વરૂપ છે. એનો અનુભવ કરવામાં આવતાં '**સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે...**' લ્યો. જ્ઞાન લેવું છે ને. ભગવાન આત્મા તો સર્વતઃ જ્ઞાનઘન છે, વિજ્ઞાનઘન છે. આહા..હા..! '**સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે...**' જોયું! પર્યાયમાં અનેક ભેદો એ દૂર કરી દીધા. સર્વતઃ એકરૂપ વિજ્ઞાનઘનપણાને લીધે '**જ્ઞાનપણે...**' એકલું જ્ઞાન, સીધું જ્ઞાન, પરના આશ્રય વિના એકલા જ્ઞાનનું વેદન થવું એ આનંદનું વેદન છે, એ સમ્યગ્દર્શનની અનુભૂતિ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનનો અધિકાર ૧૪મી ગાથામાં લીધો હતો. આ જ્ઞાનપ્રધાન કથન છે. આવો માર્ગ છે, ભાઈ! ત્રણ કડીમાં આખું જૈનશાસન.

પરદ્રવ્ય અનંત છે પોતા સિવાય, એ પરદ્રવ્યના લક્ષને વ્યવચ્છેદ કરીને, છોડીને ત્રિકાળી

ભગવાન વિજ્ઞાનઘન આત્મા તરફનો અનુભવ કરી, એકલા આત્માનો અનુભવ કરતાં વિજ્ઞાનઘનનો જ્ઞાનરૂપે સ્વાદ આવે છે એ વીતરાગશાસન, એ જૈનશાસન, એ શુદ્ધોપયોગ, એ જૈનમાર્ગ, એ ધર્મ (છે). આહા..હા..! આકરી વાતું, બાપા! શું થાય? અત્યારે તો બધા મથ્યા છે બહારમાં આ કરો ને આ પુસ્તક બનાવો ને આનું આ બનાવો, પણ પુસ્તક બનાવવાનો વિકલ્પ પણ રાગ છે અને પુસ્તકને બનાવી શકીએ છીએ એ મિથ્યાત્વભાવ છે. જડને કોણ બનાવે? આહા..હા..! એક અક્ષર પણ અનંત પરમાણુથી બનેલ છે. એક 'ક' એ અનંત રજકણના સ્કંધથી બનેલો છે. એ આત્મા એને 'ક'ને કરી શકે, લખી શકે એમ ત્રણકાળમાં નથી. એઈ..! આહા..હા...!

**શ્રોતા :-** ... લખવું કે ન લખવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ લખે છે? જડથી લખાય છે. આહા..હા...!

મેં અનંત દ્રવ્ય છે એમ જાણ્યું, અનંત દ્રવ્ય, તો અનંત અનંતપણે રહીને અનંતની પર્યાયો પૃથક્ રહે છે. એમાં પરમાણુઓ અનંત છે એમ જેણે માન્યું અને હું આત્મા પણ પૃથક્ છું એમ માન્યું, એ અનંત પરમાણુ, પરમાણુએ પરમાણુ તે પર્યાય સ્વતંત્ર રહે છે. અનંત જેણે માન્યા એમાં અનંત પૃથક્ રહે છે એમ માન્યું એને માન્યું કહેવામાં આવે છે. શું કહ્યું ઈ? આ મકાન, વાણી, શરીરાદિ વસ્તુ અનંત છે કે નહિ? અનંત પરમાણુ. એક 'અ' બોલે એમાં અનંત પરમાણુના સ્કંધ અનંત છે. પ્રભુ પરમેશ્વર 'ક' એમ બોલે એમાં અનંત પરમાણુના સ્કંધ અનંત છે. પ્રત્યેક સ્કંધ અને પ્રત્યેક પરમાણુની પોતાના નિજકાળે પર્યાય ઉત્પન્ન થાય છે, બીજા પરમાણુથી નહિ, આત્માથી નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયા પરદ્રવ્યથી વ્યવચ્છેદનો અર્થ? પરદ્રવ્યની કોઈપણ પર્યાય મારી નથી અને હું કરી શકતો નથી અને પરદ્રવ્ય તરફ ઝુકાવ થાય છે એ રાગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ! આવો માર્ગ છે આ! સોનગઢનો માર્ગ એમ લખે છે. સોનગઢ તો નિશ્ચયાભાસ છે. નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય.. એમાં કાંઈ વાંધો નહિ, લેખોને! સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો નિશ્ચય નામ સત્ય. 'નિશ્ચય'નો અર્થ શું છે? પંડિતજી! 'નિશ્ચય' એનો અર્થ કર્યો છે ને? જૈનતત્ત્વ મિમાંસામાં લીધું છે. બંસીધરજીએ .. ઈન્દૌરવાળા. નિશ્ચયનો અર્થ (લીધો છે). ખબર છે. એકલું સ્વરૂપ અનંત આનંદનો પૂર્ણાનંદ એ નિશ્ચય છે. આહા..હા..! છે? જૈનતત્ત્વ મિમાંસામાં નાખ્યું છે. આહા..હા..! નિ-શ્ચય—સર્વથા પૂર્ણ શ્ચય, અનંત ગુણનો પિંડ શ્ચય. આહા..હા..! રાગ વિનાનો, એક સમયની પર્યાય વિનાનો પૂર્ણ નિશ્ચય, એની દૃષ્ટિ કરવાથી આત્માનો અનુભવ થાય છે. આહા..! સમજાય છે કાંઈ? એ અનુભૂતિ જે થઈ આનંદના સ્વાદની એ જૈનધર્મ કહો, વીતરાગી પર્યાય કહો, શુદ્ધોપયોગ કહો, જૈનશાસન કહો, મોક્ષનો માર્ગ કહો. આહા..! સમજાય છે કાંઈ?

'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ; યેહી વચનસે સમઝ લે, જિન પ્રવચનકા મર્મ'. ભાઈ! માર્ગ આવો છે. બધા અન્ય પદાર્થ, સ્વદ્રવ્ય સિવાય બધાથી ઉદાસીન થઈને, વ્યવચ્છેદનો અર્થ ઈ. પોતાના સ્વદ્રવ્યથી બધા અન્યદ્રવ્ય ભિન્ન છે. આહા..હા..! ચાહે તો ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય અને ત્યાં પ્રત્યક્ષ વંદના થતી હોય, એ પણ રાગ છે. સમજાય છે કાંઈ? 'ણમો અરિહંતાણં' એ શબ્દ થયો. અંદર વિકલ્પ થયો કે હું અરિહંતાણંને નમન કરું છું, એ તો વિકલ્પ રાગ છે. સમજાય છે કાંઈ? સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજતા હોય, ત્યાં પણ એની વંદના (કરતો હોય).. પરમાત્મપ્રકાશમાં લીધું છે, ભવે-ભવે ભગવાનની પૂજા કરી છે, અનંતવાર. કેમકે અનંતવાર મહાવિદેહમાં આત્મા જન્મ્યો છે. એ મહાવિદેહમાં તીર્થંકરનો કદી વિહર નથી હોતો. ત્યાં વીસ તીર્થંકર બિરાજે છે. આહા..હા..! એ તીર્થંકરના સમવસરણમાં અનંતવાર ગયો. પરમાત્મ પ્રકાશમાં લીધું છે, ભવે-ભવે પૂજિયો, સમ્યક્‌જ્ઞાન દીપિકામાં લીધું છે. સમ્યક્‌જ્ઞાન દીપિકા છે ને? ક્ષુલ્લક ધર્મદાસ. ક્ષુલ્લક ધર્મદાસનું છે ને સમ્યક્‌જ્ઞાન દીપિકા. ... કેટલા વર્ષ થયા? ૫૪. બોટાદ. બહાર .. જાતા ને? જંગલમાં બહાર. એમાં એમ લખ્યું છે, ભગવાન! તું સાક્ષાત્ સમવસરણમાં કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નના દીવા, હીરાના થાળ (લઈને પૂજા કરી), એવું તેં અનંતવાર કર્યું છે, એમ આવે છે. બહુ આકરું કામ જગતને આ બેસવું. અનાદિ કાળથી દુઃખી.. દુઃખી.. દુઃખી (છે). એ પંચમહાવ્રતધારી નગ્ન સાધુ આત્માના જ્ઞાન વિના એ પણ દુઃખી છે. રાજપાટ છોડ્યા હોય, હજારો સ્ત્રીઓ અને કરોડોની પેદાશ છોડીને મુનિ થયા હોય—નગ્ન મુનિ અને પંચ મહાવ્રત પાળતો હોય એ પણ દુઃખી છે. પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે, એ આસ્રવ છે. આહા..હા..! આ કહે સંસાર છોડ્યો, (પણ) કોને કહેવો સંસાર એ તને ખબર નથી!

સંસાર તો ભગવાન એને કહે છે.. સમયસાર નાટકમાં આવ્યું છે, પ્રસિદ્ધ થાઓ કે મિથ્યાત્વ એ જ આસ્રવ અને બંધ છે. આવે છે? સમયસાર નાટકમાં છે. છેલ્લો સાર.. પ્રસિદ્ધ થાઓ.. એ ખબર છે. ખબર છે ને. સંવરમાં હશે? ક્યાંક હશે. આહા..હા..! પાના યાદ ન હોય, ભાવ યાદ હોય મગજમાં. આહા..હા..! પેલા જાડામાં તો આ બાજુ છે, પણ આ તો નવું છે, જાડું છે. આહા..હા..! ગજબ વાત છે!

બે વાત. પોતાનો નિજ આનંદઘન ભગવાન, એનું લક્ષ, આશ્રય, અવલંબન છોડીને જેટલું પરદ્રવ્યનું લક્ષ, આશ્રય અને અવલંબન રહે છે, એ ભાવ રાગ છે અને એ દુઃખરૂપ છે, એ સંસાર છે. સમજાય છે કાંઈ? એકવાર બતાવ્યું હતું. છઠ્ઠે ગુણસ્થાને.. છે ને? મોક્ષ અધિકારમાં ૪૦મું પદ છે. બતાવ્યું હતું. નહિ? મુનિ છઠ્ઠે ગુણસ્થાને આત્મજ્ઞાની અનુભવી, છઠ્ઠે ગુણસ્થાને પણ જ્યારે પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ જગપંથ છે, જગપંથ. આહા..હા..! ૪૦મું પદ. ૫૩ પદ છે ને? એમાં ૪૦મું પદ. યાદ રહી જાય ... મોક્ષ અધિકારનું ૪૦મું પદ. બતાવ્યું હતું. છઠ્ઠે ગુણસ્થાને. આ તો હજી રાગને ધર્મ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :-** વિકલ્પ એ રાગ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકલ્પ જગપંથ છે. આહા..હા..! અશુદ્ધ છે ને. આહા..હા..! પંચમહાવ્રતના વિકલ્પ છે એ સંસાર છે, જગપંથ છે. જ્ઞાનીને પણ એટલું હજી બાકી છે. આહા..હા..!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... આ તો મિથ્યાત્વ ... છે? ... પ્રગટ થાઓ કે મિથ્યાત્વ જ આસ્રવ, બંધ છે અને મિથ્યાત્વનો અભાવ સંવર, નિર્જરા અને મોક્ષ છે. પરદ્રવ્ય તરફના ઝુકાવથી રાગ થાય છે એમાં ધર્મ થશે એ મિથ્યાત્વભાવ એ સંસાર ને આસ્રવ ને બંધ છે. આહા..હા..! મૂળ ... આ વાત મળી નથી. ૫૦ વર્ષ પહેલાં તો કોઈ સાધુ નહોતા. પછી આ શાંતિસાગર ને ઈ થયા. ... નગ્ન થયા ને પડ્યા, બેઠા છીએ, પણ કર્મ છોડે ત્યારે અંદર થાયને? એમ કહેતા હતા. (સંવત) ૧૯૯૭ની સાલ. ૧૯૯૭નો પોષ માસ. આ પણ પોષ માસ છે ને. પણ .... એ ચૌદસ હતી. પોષ સુદ-૧૪. અપવાસ કર્યો હતો. ત્યારે આ મંદિર હજી થતું હતું, ૯૭માં. ત્યારે વ્યાખ્યાન આપતા એ બોલી ગયા હતા. નગ્ન થઈને બેઠા છીએ પણ કર્મ ખસે તો અંદર ધર્મ થાય ને. કર્મ ક્યારે ખસે? ભાઈ! આહા..હા..! ઝીણી વાત, બાપુ! ભગવાન આત્મા કર્મ અને રાગથી ભિન્ન છે એમ દૃષ્ટિમાં અનુભવ થતાં રાગ અને કર્મ દૂર થઈ જાય છે. સમજાય છે કાંઈ? ત્યારે તો હજી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? રાગ અને શરીર ને કર્મ ને પરદ્રવ્ય એ તરફનું લક્ષ છૂટવાથી, એ તરફનો ઝુકાવ છોડવાથી ત્રિકાળી જ્ઞાયકભાવમાં ઝુકાવ થવાથી સ્વદ્રવ્યનો જ્ઞાનમાં અનુભવ થવો એનું નામ અનુભૂતિ ને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. આ વિના સાધુપણું ને શ્રાવકપણું કદી આવતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મોક્ષ અધિકાર છે અને મોક્ષ અધિકારમાં ૪૦મો બોલ. એ મોક્ષ અધિકારમાં છે. સમજ્યા? આ સારમાં આવ્યું છે પાછળ. '**પ્રસિદ્ધ છે કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે...**' આ ૫૩મું પદ છે, પેલું ૪૦મું પદ છે.

'**તા કારન જગપંથ ઈત,...**' સ્વભાવને છોડીને પરદ્રવ્યનું લક્ષ કરવાથી જે રાગ થાય છે એ જગપંથ છે. આહા..હા..! '**ઉત સિવ મારગ જોર**' જ્ઞાયક ભગવાન તરફ ઝુકવાથી અપ્રમાદદશા થાય એ શિવમાર્ગ છે. '**પરમાદી જગકૌં ધુકૈ,...**' પ્રમાદી છઠ્ઠા ગુણસ્થાને પણ પ્રમાદ છે, એનું જગ તરફ લક્ષ છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિની તો શું વાત કરવી. '**અપરમાદિ સિવ ઓર.**' છે ને? '**જે પરમાદી આલસી, જિન્હકૈ વિકલપ ભૂરિ**'. જેને વારંવાર રાગનો વિકલ્પ ઉત્પન્ન થાય છે, '**હોઈ સિથલ અનુભૌવિષૈ**' અંતરના અનુભવમાં એ ઢીલા-શિથિલ થઈ ગયા. '**તિન્હકૌં સિવપથ દૂરિ.**' આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં આવી ગયું, સારમાં પેલું મિથ્યાત્વનું આવી ગયું, મોક્ષ અધિકારમાં. આહા..હા..! ત્રણ લીટીમાં તો... પંક્તિ કહે છે ને? ત્રણ લીટીમાં તો આખું જૈનશાસન અને એનું વિરુદ્ધ બેય

બતાવી દીધું. આહા..હા..!

શાક દ્વારા લવણનો સ્વાદ આવે છે એ અજ્ઞાની મૂર્ખ છે, એમ આત્માનો જ્ઞેય દ્વારા રાગ થયો તેનું જ્ઞાન થાય છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એકલા લવણ દ્વારા લવણનો સ્વાદ આવવો એ સંસારમાં ડાહ્યો ને વિચક્ષણ મનુષ્ય છે, એમ એકલા આત્માનો રાગથી ભિન્ન થઈને કેવળ એક આત્માનો અંતરમાં અંતર્મુખ થઈને અનુભવ થવો એને જ્ઞાનપણે સ્વાદમાં આવે છે, સીધુ જ્ઞાન જ્ઞાનમાં સ્વાદમાં આવે છે. જ્ઞાયકસ્વરૂપ ભગવાન તરફ ઝુકવાથી, દૃષ્ટિ કરવાથી, એને જ્ઞેય બનાવી જે જ્ઞાન પર્યાયમાં થયું તે જ્ઞાન સ્વાદમાં આવ્યું, તે જ્ઞાનનો સ્વાદ આવ્યો. સ્વાદ કેવા હશે આ? સ્વાદ તો આ દૂધપાક ને મોસંબીનો સ્વાદ (સાંભળ્યો છે). એ સ્વાદ કોણ લ્યે છે? એ તો જડ છે. એનો સ્વાદ લ્યે છે કોણ? મરચા તીખા હોય છે ને? મરચુ. મારું મોઢું તીખું થઈ ગયું. તીખું થઈ ગયું મોઢુંને? મોઢું પણ તીખું નથી થયું. મોઢું મોઢામાં છે અને તીખાશની પર્યાય ઉપર ભિન્ન છે અને આત્મા તો તીખો થતો જ નથી; ફક્ત તીખાશ અને અનુકૂળતા જોઈને 'આ ઠીક છે' એવી માન્યતાનો જે રાગ ઉત્પન્ન થાય છે એ રાગનો સ્વાદ છે. અજ્ઞાનીને ભોગમાં શરીરનો અને ઇન્દ્રિયનો ભોગ નથી, જડને શું ભોગવે આત્મા? જડ તો ભિન્ન ચીજ છે. આહા..હા..!

પોતાના આનંદના સ્વાદની રુચિ છોડીને પરમાં સુખબુદ્ધિ-રુચિબુદ્ધિ જે છે એ રાગનો સ્વાદ છે, ભોગનો-પરનો સ્વાદ નથી. શરીરમાં તાવ આવે છે, તાવ. એ તાવનો અનુભવ આત્માને નથી, 'ઠીક નથી' એવા દ્વેષનો અનુભવ છે.

**શ્રોતા :-** પર્યાયને ભોગવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરની પર્યાયનો ભોગવટો ક્યાં છે? આહા..હા..! પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયની સત્તા છોડીને સત્તા બીજામાં જાય છે? આહા..હા..! લ્યો, એ ટીકા પૂરી થઈ.

'**ભાવાર્થ :- અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાન પ્રભુ, એની અનુભૂતિ-અનુભવ, પૂર્ણાનંદ અને જ્ઞાનને અનુસરીને ભૂતિ નામ થવું, આનંદકંદને અનુસરીને થવું એવી જે વર્તમાન અનુભૂતિ તેને જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ. આત્માની અનુભૂતિ છે તે ગુણની અનુભૂતિ છે, ગુણીની અનુભૂતિ છે તે ગુણની અનુભૂતિ છે. ગુણની અનુભૂતિ .. ગઈ. અહીં કહ્યું કે '**આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.**' આહા..હા..!

'**અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ...**' પરજ્ઞેયોમાં જ. એટલે? પરજ્ઞેય એટલે શું? '**ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ...**' અજ્ઞાનીજન જ્ઞેયોમાં '**લુબ્ધ થઈ રહ્યા છે;...**' અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ લુબ્ધ થઈ રહ્યા છે. સમજાય છે કાંઈ? '**અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ...**' સ્વજ્ઞેયને

છોડીને પરજ્ઞેયોમાં જ અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ, અનીન્દ્રિય જ્ઞાન આત્માનું છોડીને ઇન્દ્રિયજ્ઞાનમાં જ લુબ્ધ થઈ રહ્યા છે. આહા..હા..! **'તેઓ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોથી...'** ઇન્દ્રિયજ્ઞાનના વિષયોથી **'અનેકાકાર થયેલ જ્ઞાન...'** અનેકાકાર થયેલ જ્ઞાનને **'જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે...'** તેને જ જ્ઞેયમાત્ર આસ્વાદન કરે છે. રાગને. આહા..! ... જયચંદ્ર પંડિત.

અજ્ઞાની, જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એની દૃષ્ટિ અને અનુભવ નથી, એ અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ, પોતાના સ્વજ્ઞેય સિવાય અનંત જ્ઞેયોમાં જ અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ અજ્ઞાનીજન લુબ્ધ થઈ રહ્યા છે. આહા..હા..! **'તેઓ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોથી...'** તે ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી **'અનેકાકાર થયેલ જ્ઞાનને જ...'** જ્ઞાન અનેકાકાર થઈ ગયું. **'જ્ઞેયમાત્ર આસ્વાદે છે...'** અનેકાકાર જ્ઞાનરૂપ આસ્વાદન કરે છે એ મિથ્યાત્વ છે. ભારે ભાઈ! આ તો કહે, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવા એ મિથ્યાત્વ છે. અહીં તો સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને માનવાનો જે વિકલ્પ છે, એ વિકલ્પમાં અનેકાકાર થયેલું જ્ઞાન તેને અનુભવે તે મિથ્યાત્વ છે. સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને માનવા એ રાગ છે, વિકલ્પ છે અને વિકલ્પ આકારે જે જ્ઞાન થયું તેને પોતાનું માનવું એ મિથ્યાત્વભાવ છે. ... ભારે.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, ઈ આવે છે, પણ ઈ શ્રદ્ધા રાગ છે. પરદ્રવ્યની શ્રદ્ધા છે ને. પરદ્રવ્ય છે ને. સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ઉપર લક્ષ જવાથી રાગ જ થાય છે. ઈ પરદ્રવ્યની શ્રદ્ધા રાગ ઈ મિથ્યાત્વ નથી, પણ રાગથી ધર્મ થાય છે એ મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ રાગ છે, એ રાગ મિથ્યાત્વ નથી; પણ રાગને ધર્મ માનવો, ધર્મ કર્યો એ મિથ્યાત્વ છે. એ મોટી તકરાર છે મખ્ખનલાલજીની. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એને મિથ્યાત્વ કહે છે. કોણ કહે છે, સાંભળ તો ખરો, ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે અને પરદ્રવ્યની શ્રદ્ધા એ વિકલ્પ નામ શુભરાગ છે, બસ. પણ એનાથી ધર્મ થશે એવી માન્યતા એ મિથ્યાત્વ છે. આહા..! થોડા ફેરે ક્યાં ફેર પડી જાય છે એ ખબર પડતી નથી. અંતરની દૃષ્ટિ શું છે, અંતરદૃષ્ટિ છે એની દરકાર નથી. વેપાર, ધંધામાં બિચારા રોકાઈ ગયા. એઈ..! હવે અહીં મહિનો છે. ... પછી ત્યાં વઢવાણ જાવું છે. નહિ? એનું ગામ છે ને ત્યાં. મંદિર બન્યું છે ને, ૨૬ લાખનું. પચાસ હજાર એણે આપ્યા છે. વઢવાણ. આહા..હા..! ... રાગ મંદ હો, પણ એ ધર્મ નથી. એનાથી મને લાભ થશે એવી માન્યતા એ મિથ્યાત્વ છે. રાગની મંદતા .. છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતનો રાગ ... બધો જગપંથ છે. આહા..હા..! અવલદોમની વાત છે આ તો, ભાઈ!

**'અજ્ઞાનીજન...'** સ્વરૂપ આનંદકંદ પ્રભુ છે એના ધ્યેયને છોડીને—એના લક્ષને છોડીને અજ્ઞાનીજન. અજ્ઞાની એટલે વસ્તુના જ્ઞાન વિના અજ્ઞાની. **'જ્ઞેયોમાં જ...'** પરજ્ઞેયોમાં જ. આહા..હા..! અર્થાત્ **'ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ લુબ્ધ થઈ રહ્યા છે; તેઓ**

**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે, પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.'** રાગ અને પરજ્ઞેયના આશ્રયે ઉત્પન્ન થયેલો શુભકષાય,... દેવ-ગુરુનો. બાકી ... લક્ષે તો અશુભરાગ છે. સ્ત્રી, કુટુંબ, ધંધાને આશ્રયે અશુભ છે, દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે શુભરાગ છે, પણ છે તો બેય રાગ. જેને પ્રશસ્ત, અપ્રશસ્ત કહીએ. શુભરાગને પ્રશસ્ત કહેવામાં આવે છે, અશુભની અપેક્ષાએ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પ્રશસ્તરાગ છે, સ્ત્રી, કુટુંબ, પરિવારનો રાગ એ અપ્રશસ્ત રાગ છે, પણ છે તો બેય રાગ. એ જ્ઞાનને જ, રાગના જ્ઞાનને જ **'જ્ઞેયમાત્ર આસ્વાદે છે, પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.'**

**'અને જેઓ જ્ઞાની છે,...'** આહા..! સ્વરૂપના જ્ઞાની છે, શુદ્ધ ચૈતન્યના અનુભવી છે, અભેદ ચૈતન્યનું જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, આહા..હા..! તેઓ **'જ્ઞેયોમાં આસક્ત નથી...'** રાગ હો, નિમિત્ત હો, એમાં એકાકાર નથી. સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનથી, જ્ઞાની કહ્યું ને? **'જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી...'** એની પરજ્ઞેયોમાં રુચિ નથી, એકતાબુદ્ધિ નથી. પરજ્ઞેયોમાં જ્ઞાનીની એકતાબુદ્ધિ નથી, ચાહે તો સાક્ષાત્ ભગવાન હો કે મંદિર હો કે એ હો. એકતાબુદ્ધિ નથી, એ તો પરવસ્તુ છે. આહા..હા..! **'તેઓ જ્ઞેયોથી જુદા...'** એ પરજ્ઞેયો જે જ્ઞાનમાં જણાનારી ચીજથી ભિન્ન **'એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,...'** આહા..! આત્મા તરફના ઝુકાવથી પરદ્રવ્ય તરફનો ઝુકાવ છૂટવાથી એકલા જ્ઞાનનો સ્વાદ, આનંદનો સ્વાદ લે છે. આહા..હા..! પછી દૃષ્ટાંત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૬, શુક્રવાર, તા. ૨૩-૦૧-૧૯૭૬, ગાથા-૧૫, શ્લોક-૧૪, ૧૫, પ્રવચન નં. ૫૪

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૧૫મી ગાથાનો ભાવાર્થ ફરીને.

**'ભાવાર્થ :- અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.'** શું કહે છે? ૧૪મી ગાથામાં, જે ૧૪મી ગાથા છે એમાં એમ કહ્યું કે અબદ્ધસ્પૃષ્ટ જે પરથી ભિન્ન છે એવી દૃષ્ટિ કરવી, અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? આત્મા કર્મના બંધ-સંબંધથી રહિત, વિશેષભાવથી રહિત, અનન્ય ચીજ છે તેનો અનુભવ થવો તેનું નામ સમ્યગ્દર્શન છે. અહીંયા તો કહે છે, આત્માની અનુભૂતિ છે તે જ્ઞાનની અનુભૂતિ છે. જે આત્માનો અનુભવ થયો તે જ્ઞાનનો અનુભવ છે. જ્ઞાન અને આત્મા બેય કંઈ ભિન્ન

નથી, એમ કહે છે. આ ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે એમ વાત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શ્રાવક અને મુનિ થયા પહેલાં અંદર આત્માનો અનુભવ આનંદસ્વરૂપ શુદ્ધ અખંડ અભેદ ચૈતન્ય એની દૃષ્ટિ અંતરમાં જાય છે ત્યારે આત્માના આનંદનો અનુભવ થાય છે. એ આત્માના આનંદના અનુભવને સમ્યગ્દર્શન કહે છે અને એ આત્માના જ્ઞાનની અનુભૂતિ. પહેલાં દ્રવ્યનું કહ્યું, હવે જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા છે તેની અનુભૂતિ-અનુભવ. તે અનુભૂતિને જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.

કેટલાક કહે છે કે ચોથા ગુણસ્થાને વ્યવહારસમકિત હોય છે. પંડિતજી! કેટલાક એમ કહે છે, ચોથા ગુણસ્થાને વ્યવહારસમકિત હોય છે અને નિશ્ચયસમ્યગ્દર્શન તો આઠમે હોય. આજે ચેતનજીનો એક પત્ર આવ્યો છે. મહિને, બે મહિને લખે. તમે આગ્રહમાં પડ્યા છો કે ચોથા ગુણસ્થાને નિશ્ચયસમકિત હોય. રહેવા ઘો. ... ચોથા ગુણસ્થાને તો વ્યવહારસમ્યગ્દર્શન જ હોય, નિશ્ચયસમ્યગ્દર્શન તો આઠમે ગુણસ્થાને હોય. જયસેનાચાર્યદેવની ટીકા તમે વાંચો અને આગ્રહ છોડી દો, એમ લખ્યું છે. અરે..! શું કરે છે? મહિને, બે મહિને આવે છે. ... શું કરે છે? એને ખબર નથી. આહા..!

અંતર ચીજ જે વસ્તુ છે એ તો અભેદ અખંડ.. આહા..હા..! એનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શનની અનુભૂતિ છે. સમજાય છે કાંઈ? એવા અનુભવને આગ્રહ તરીકે માને અને સ્વીકારે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? '**અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ...**' આ કાલે આવી ગયું છે. અજ્ઞાનીજન.. અજ્ઞાની એટલે જે પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એનું જેને જ્ઞાન નથી, તે '**જ્ઞેયોમાં જ-ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ-**' જ્ઞેયોમાં એનો અર્થ ઈન્દ્રિયનો વિષય, રાગાદિ પરવસ્તુ છે. તેમાં '**લુબ્ધ થઈ રહ્યા છે;...**' અજ્ઞાનીની રુચિ અને દૃષ્ટિ ત્યાં બહારમાં પડી છે. '**તેઓ ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ...**' આહા..! એ '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં અનેકાકાર થયેલ જ્ઞાનને જ્ઞેયમાત્ર આસ્વાદે છે...**' અજ્ઞાની રાગાદિના જ્ઞાનમાં એકાકાર થયો એ રાગનો આસ્વાદ લ્યે છે. સમજાય છે કાંઈ? ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, તપનો ભાવ હોય, એ બધો રાગ-વિકલ્પ છે અને એની દૃષ્ટિ જ્ઞેયાકારજ્ઞાનમાં છે. જ્ઞેયાકાર, રાગના જ્ઞેયાકારરૂપ જે જ્ઞાન, ત્યાં દૃષ્ટિ છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ!

તેને જ્ઞેયમાત્ર... જ્ઞાનને જ. રાગથી અનેકાકાર થયેલ જ્ઞાનને તે આસ્વાદે છે. વજુભાઈ! આ બહુ ઝીણું છે. ... સમજાય છે કાંઈ? અજ્ઞાનીને સ્વજ્ઞેય-જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ અને ધ્યેય હોતું નથી. અજ્ઞાનીને તો ઈન્દ્રિયજ્ઞાનથી-રાગાદિથી જ્ઞાન એકાકાર થયું તેને પોતે અનુભવે છે. આહા..હા..! '**પરંતુ જ્ઞેયોથી ભિન્ન...**' રાગ અને જ્ઞાન... રાગ પણ ભિન્ન. ચાહે તો દયા, દાન, વ્રત, તપનો હો એ બધો વિકલ્પ છે, રાગ છે. રાગથી ભિન્ન '**જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.**' એકલી અંતર્મુખ દૃષ્ટિ નથી એટલે રાગનો સ્વાદ લ્યે છે, પણ રાગથી

ભિન્ન પોતાના જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા. આહા..! બહુ ઝીણું, ભાઈ! સમજાય છે કાંઈ?

**'અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી...'** રાગના પરિણામમાં લીનતા, રુચિ નથી. **'તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,...'** આહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર વાંચનનો રાગ, પંચમહાવ્રતના વિકલ્પનો રાગ, તેનાથી ભિન્ન, ધર્મી પોતાના આત્માને (આસ્વાદે છે). પેલામાં એ અનેકાકાર હતું. જ્ઞાન અનેકાકાર થયું તેનો આસ્વાદ લેતો હતો-અજ્ઞાની. જ્ઞાની **'જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, તેનો જ્ઞાનાકાર, જ્ઞાનાકાર જ્ઞેયનો. પેલું જ્ઞેયાકાર જ્ઞાન (હતું). પહેલી હજી સમકિતની જ વાત સૂક્ષ્મ છે. ચોથા ગુણસ્થાનની એને હજી ભાન નથી ને દીક્ષા ને ચારિત્ર ને વ્રત ને તપ બધા એકડા વિનાના મીંડા છે. સમજાય છે કાંઈ? ધર્મી જીવને **'જ્ઞેયોથી ભિન્ન...'** એકાકાર આત્માને. આત્માને જ્ઞાન કહીએ **'આસ્વાદ લે છે,...'** આહા..હા..! ધર્મી જીવને આત્માના આનંદનો સ્વાદ આવે છે એમ કહે છે. અજ્ઞાનીને રાગનો, પુણ્ય-પાપ, દયા, દાન આદિના વિકલ્પનો સ્વાદ આવે છે. કેમકે દૃષ્ટિ અને જ્ઞાન ત્યાં રોકાઈ ગયા છે. આવી વાતું છે.

**'જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે...'** શાકથી ભિન્ન મીઠાની કણીનો સ્વાદ, ક્ષારમાત્ર લવણનો સ્વાદ આવે છે. **'તેવી રીતે આસ્વાદ લે છે,...'** કોણ? જ્ઞાની. સમજાય છે કાંઈ? **'તેવી રીતે આસ્વાદ લે છે,...'** આહા..! ધર્મીની દૃષ્ટિમાં જ્ઞાયકભાવ ત્રિકાળ પડ્યો છે, સમકિતીની ચોથા ગુણસ્થાનથી. શ્રાવક અને મુનિપણું કોઈ જુદી ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીંયા તો હજી સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને. સમજાય છે કાંઈ? શાકથી જુદું મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે એકલા જ્ઞાનમાત્રનો, શુભરાગથી ભિન્ન પોતાના જ્ઞાયકમાત્રનો જ્ઞાનીને સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આસ્વાદ ગળ્યો હોય છે કે ખાટો હોય છે? કેવો હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેવો સ્વાદ હશે? કહે છે. અનાકુળ આનંદનો સ્વાદ. સ્વાદ નામ વેદન. આ મોસંબી, સ્ત્રીનો વિષય, આબરૂ, પૈસાનો રાગ થાય છે ને? એ રાગનો સ્વાદ અજ્ઞાનીને આવે છે. એ રાગનો સ્વાદ આકુળતા છે-દુઃખ છે. જ્ઞાનીને રાગથી ભિન્ન નિજ સ્વભાવની દૃષ્ટિ થઈ છે, એવા જ્ઞાયકમાં દૃષ્ટિ લગાવી છે તો એકલો જ્ઞાનનો, આનંદનો-અનાકુળતાનો સ્વાદ આવે છે. અનાકુળસ્વરૂપ સુખ આવે છે ને? સુખશક્તિ. ૪૭ શક્તિ. અનાકુળ લક્ષણ જેનું સ્વરૂપ છે એવું સુખ. ૪૭ શક્તિ. આહા..હા..! કેમકે આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદકંદ (છે). આહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ. ધર્મીની દૃષ્ટિ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ઉપર હોય છે. આહા..હા..! આવું. સમજાય છે કાંઈ? એ નિશ્ચયસમ્યગ્જ્ઞાન અને નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? તેને આત્માનો સ્વાદ (કહે છે).

'કારણ કે **જ્ઞાન છે તે આત્મા છે...**' આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનનો સ્વાદ આવ્યો તે આત્માનો સ્વાદ છે. આહા..હા..! વેદન. સમજાય છે કાંઈ? '**અને આત્મા છે તે જ્ઞાન છે.**' જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. બેય ચીજ તો અભેદ છે. આહા..! '**આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં...**' ગુણ જ્ઞાન અને ગુણી આત્મા. બેયની અભેદ દૃષ્ટિ થઈ. બેય એક (છે). '**દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું,...**' અબદ્ધસ્પૃષ્ટ. હવે પાંચ બોલ લ્યે છે. '**સર્વ પરદ્રવ્યોથી જુદું,...**' જ્ઞાનીને સર્વ પરદ્રવ્યોથી જુદું '**પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ,...**' સમજાય છે કાંઈ? ... કાઢ્યું અને અનન્ય શબ્દ ... '**પોતાના ગુણોમાં એકરૂપ,...**' પર્યાયમાં એકરૂપમાં ત્યાં બેય સમાડી દીધા. અનેરી અનેરી ગતિ અને અનિયત પર્યાય. આહા..!

સમકિતી જીવને તો પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાની પર્યાયો જે છે... પર્યાયોમાં એકરૂપ નિશ્ચળ. પર્યાયની દૃષ્ટિ જ્ઞાનીને નથી. એકરૂપ નિશ્ચળ, ચોથો બોલ. '**પોતાના ગુણોમાં એકરૂપ,...**' વિશેષરહિત સામાન્ય. અને '**પરનિમિત્તથી...**' આ પાંચમો બોલ. '**પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન...**' આહા..! એ સુખ-દુઃખની કલ્પના ને રાગાદિ ભાવ એનાથી સંયુક્ત નથી. એનાથી ભિન્ન.. આહા..! '**પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે,...**' તેનું નામ સમ્યક્જ્ઞાન છે. શાસ્ત્ર ભણ્યો એ જ્ઞાન સમ્યક્જ્ઞાન નહિ. આહા..હા...! ચારે અનુયોગોની ગણતરી ભણ્યા હોય એ જ્ઞાન નહિ. જ્ઞાન તો પોતાના સ્વરૂપનો અનુભવ તે જ્ઞાનનો અનુભવ છે, જેને આત્મજ્ઞાન કહીએ. આત્મા જે અખંડ અભેદ એકરૂપ, મનથી અને રાગથી ભિન્ન એવા આત્માની દૃષ્ટિ થઈ પછી આત્માનો અનુભવ થયો. એ આત્માનો જ્ઞાનનો અનુભવ છે. પંદરમી ગાથામાં જ્ઞાનનો અનુભવ છેને. '**અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે.**' આહા..હા..! આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ સર્વજ્ઞસ્વરૂપ, જ્ઞ-સ્વભાવ. જ્ઞ-સ્વભાવમાં પરિપૂર્ણનું લક્ષ કરવું તે સર્વજ્ઞસ્વભાવ. એવો જ્ઞાનસ્વભાવી ભગવાન પરદ્રવ્યથી ભિન્ન, પોતાના પર્યાયોમાં એકાકાર, ગુણ-ગુણીના ભેદરહિત અને કર્મના નિમિત્તથી થયેલા સંયોગી વિકલ્પ-ભાવ એનાથી રહિત. આહા..હા..! એ જ્ઞાનનો અનુભવ છે. એ આત્માનો અનુભવ, તે જ્ઞાનનો અનુભવ છે. સમજાય છે કાંઈ? આ તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા રાખો, નવ તત્ત્વ એ સમકિત. અજ્ઞાન છે બધું. આહા..! સમજાય છે કાંઈ? નવતત્ત્વના ભેદરૂપ શ્રદ્ધા એ તો મિથ્યાત્વ છે. આવ્યું છે કળશટીકામાં? કળશટીકામાં છે. ... પાનું-૭ છે, છઠ્ઠો શ્લોક છે.

'**સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવતત્ત્વરૂપ પરિણમ્યું છે, તે તો વિભાવપરિણતિ છે,...**' વિકાર. ... '**તેથી નવતત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**' બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે એ આમાંથી બનાવ્યું છે. એમાં આ લખ્યું છે. ... જોયું છે કે નહિ? રાજમલ્લની કળશટીકા. ... '**નવતત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**'

આહા..હા..! ભેદરૂપ છે ને. એમાંથી એકરૂપ જ્ઞાયકભાવ કાઢવો અને જ્ઞાયક અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

**શ્રોતા :-** તેનું પ્રયોજન શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રયોજન તો નવતત્ત્વમાંથી એક આત્મા કાઢવો તે છે. '**भूदत्थेण अभिगथा**' એમ કહ્યું છે. નવમાંથી એકલો આત્મા કાઢવો. નવમાં જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. આત્મા.. આત્મા.. આત્મા. સામાન્ય આવ્યું ને? નવ પર્યાયમાં સામાન્ય આત્માની દૃષ્ટિ કરવી. સમ્યગ્દર્શન મૂળની વાત જ અત્યારે લુપ્ત થઈ ગઈ અને આ બહારની કડાકૂટમાં પડ્યા. આહા..હા..! સમજાય છે કાંઈ? આમલી હોય ને આમલી? શું કહે છે? ઈમલી. એમાં ઝીણા પાંદડા ઘણા છે. પાંદડા તોડે અને ખાલી કરે પણ મૂળ તો સાજુ છે, પાછા પંદર દીએ પાંગરી જશે; એમ રાગ મંદની ક્રિયા કરે પણ મૂળ મિથ્યાત્વ તો અંદર સાજુ પડ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પર્યાયબુદ્ધિ તો પડી છે. વર્તમાન એક સમયની પર્યાય અથવા રાગ, '**पर्यायमूढा परसमया**' એવી વ્યાખ્યા છે. પ્રવચનસાર, ૯૩ ગાથા. ૯૦ ને ૩. '**पर्यायमूढा परसमया**'. આહા..હા..! જેને જ્ઞાયકભાવ એકલો પરથી ભિન્ન નજરમાં આવ્યો નથી અને એક સમયની પર્યાય અને રાગને જ પોતાના માનીને રોકાઈ ગયો તે મૂઢ છે. આહા..! સમજાય છે કાંઈ?

તે અનુભવન ભાવશ્રુતજ્ઞાનરૂપ સ્વસંવેદન, જ્ઞાનનું સ્વસંવેદન ભાવશ્રુતજ્ઞાનરૂપ એ જૈનશાસનનો અનુભવ છે, એ જૈનશાસનનું રહસ્ય છે. આહા..હા..! છે ભાઈ અંદર? છે? થોડો હવે સ્વાધ્યાય કરવો પડશે ઘરે જઈને. ઘરે જઈને વાંચવું તો પડેને. વાંચે તો ખબર પડેને. આહા..! સમજાય છે કાંઈ? સાર શું કહ્યો? કે પોતાનો આત્મા અબદ્ધસ્પૃષ્ટ નામ પરદ્રવ્યથી ભિન્ન અને પર્યાયની અનેકતાથી ભિન્ન એકરૂપ અને વિશેષતા જે જ્ઞાનગુણ, દર્શનગુણ એવા ભેદ એ વિશેષ, વિશેષથી રહિત એકલો આત્મા સામાન્ય અને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ એનાથી ભિન્ન એકલા આત્માનો અનુભવ કરવો એ જ્ઞાનનો અનુભવ છે અને એ જ્ઞાનનો અનુભવ તે જૈનશાસનનો અનુભવ છે. આહા..! સમજાય છે કાંઈ?

'**આ અનુભવન...**' એમ છે ને? તે ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ છે. વાણી-બાણી નહિ, વાણી-બાણી એક કોર પડ્યા રહ્યા. વાણીથી જે જ્ઞાન અંદર થાય છે તે જ્ઞાનની પર્યાય યથાર્થ નહિ. સમજાય છે કાંઈ? આત્મા જે જ્ઞાનસ્વરૂપ ભગવાન ચિદાનંદ જ્ઞાનરસકંદ છે, તેને દૃષ્ટિમાં લઈ જ્ઞાનનો અનુભવ કરવો તે ભાવશ્રુતજ્ઞાન છે અને ભાવશ્રુતજ્ઞાન તે જૈનશાસન છે, એ જૈનધર્મ છે. આવી વાતું. વસ્તુ તો આ છે. આના ઠેકાણા નહિ અને ઉપરથી વ્રત ને તપ ને ... સમજાણું કાંઈ? આ પોપટભાઈને હજી ત્યાં કરવાનું છે, બાકી છે. વઢવાણ.. વઢવાણ. ... ઈજનેર બનાવે તો પૈસા દેનારા કોણ? પોપટભાઈએ પચાસ હજાર આપ્યા અને પચાસ હજાર પેલાએ આપ્યા છે. શું કહેવાય? ..ભાઈ! એ પણ કરોડપતિ છે. લાખ આપ્યા ને? ત્રણ લાખનો ખર્ચ છે.

**શ્રોતા :-** ... ધૂળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ જ છે, એમાં છે શું? એઈ..! ઘણા કરોડપતિ, ઘણા લાખોપતિ. ... મુંબઈમાં વેપાર કરે છે એનો બાપ. ... આત્માનો ધંધો, ભાઈ! એને અનંત કાળમાં થયો નથી. પરના ધંધા તો ક્યાં કરી શકે છે? એમાં રાગ થાય છે, રાગ કરી શકે છે. સમજાય છે કાંઈ? પોપટભાઈ! ઈ થાણામાં તમારી શું કહેવાય ઈ? લાદી. થાણામાં ઉતર્યા હતા ને અમે. પંદર લાખની લાદી... એ તો જડની પર્યાય જડથી થાય છે, કોઈ કરતું નથી.

**શ્રોતા :-** ... અહીં કેમ નહીં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જ્યાં પુદ્‌ગલના પરિણમનનું ક્ષેત્ર હોય ત્યાં જાય. એના પરમાણુનું જ્યાં ક્ષેત્રાંતર થવાનું હોય ત્યાં રહે. ત્યાં કેમ ગયા? કે એમાં પૂર્વના પુણ્ય હતા, એવું નિમિત્ત હતું એટલે ત્યાં ગયા. એટલી વાત છે... ક્યાં એમાં? પૂર્વના શાતાવેદનીયના રજકણ પુણ્ય પડ્યા હતા તે ગળતી વખતે એ સંયોગ મળી ગયા. સંયોગ મળ્યા, એમાં એની પાસે ક્યાં આવ્યું છે! ક્યાં અહીં આવ્યું છે? સાથે આવ્યું છે? મમતા છે. આહા..!

અહીં તો ... સંતો, દિગંબર સંતો આડતિયા થઈને માલ આપે છે. આડતિયા હોય ને? એની દૃષ્ટિમાં આત્મા આવ્યો છે અને એ આત્મામાં જ્ઞાન છે તે જ્ઞાનનો અનુભવ થયો છે, એમ કહે છે. જ્ઞાનનો વીતરાગી પર્યાયપણે વેદન થયું તે જૈનધર્મ છે, એ જૈનશાસન છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે, એ શુભ-અશુભભાવથી ભિન્ન પડી પૂર્ણ આનંદસ્વરૂપમાં શુદ્ધોપયોગનું આચરણ થવું તે જૈનશાસન છે. આહા..હા..!

'**શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.**' છે? શું કહ્યું? કે ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવસ્વભાવ, જ્ઞાનભાવ, એનો અનુભવન તે શુદ્ધનયનો અનુભવન કહો કે શુદ્ધનયના વિષયનો અનુભવ કહો, બેય એક જ વાત છે. ત્રણ વાત લીધી. ભગવાન આત્મા પૂર્ણ અભેદ અખંડ આનંદ તેની દૃષ્ટિ કરવી એ આત્માનો અનુભવ અને તેનો જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાનનો અનુભવ કરવો તે પણ આત્માનો અનુભવ, જ્ઞાનનો અનુભવ છે અને એ શુદ્ધનયનો અનુભવ છે. આહા..હા..! આવી ભાષા ને આ બધું... પેલું તો આ કર્યું ને આમ કરો, તેમ કરો, ફલાણું કરો.. થઈ ગયું, ઓહો..! એ તો બહારની ચીજ, એમાં આત્મામાં શું આવ્યું? સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** આટલું બધું કર્યા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્યા પછી, કોણ કરતું હતું? રામજીભાઈ કરતાં હતા ત્યાં? ધ્યાન રાખતા હતા રામજીભાઈ. ... ધ્યાન રાખતા હતા. સમજાય છે કાંઈ? એ વિકલ્પ આવે, પણ એ ચીજ ધર્મ નહિ. પાંચ-પાંચ તો હાથી (હતા). પાંચ હતા ને? પાંચ તો હાથી હતા. છવીસ હજાર માણસ. બહારમાં તકરાર હતી કાંઈક, રાજમાં. ... અહીં તો શાંતિ હતી.

'**શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.**' શું કહ્યું? ત્રણ બોલ લીધા. એક તો, આત્મા

અખંડ પૂર્ણ શુદ્ધ પરદ્રવ્યથી, પર્યાયથી ભિન્ન એકાકાર તેનો અનુભવ કરવો તે જ આત્માનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી છે તે જ્ઞાનનો અનુભવ અને તે જ શુદ્ધનય. શુદ્ધનયના વિષયભૂત જે દ્રવ્ય છે તેનો અનુભવ તો તેને જ શુદ્ધનય કહેવામાં આવે છે અને તે જ જૈનશાસન છે. શબ્દો યાદ રહેવા (કઠણ). ... ભાઈ! અનંતકાળથી જન્મ-મરણ કરી (રહ્યો છે). દુઃખ.. દુઃખ.. દુઃખ.. દુઃખ મિથ્યાત્વને લઈને. સમજાય છે કાંઈ? વ્રત ને તપ ને એવા અનંતવાર કર્યા, સ્વર્ગમાં ગયો. મિથ્યાદષ્ટિ હતી તો પડ્યો હેઠે, ગયો નરકમાં, નિગોદમાં. સમજાય છે કાંઈ? મૂળ રકમ જે ચીજ છે તેની દૃષ્ટિ ન કરી. એ અહીંયા કહે છે.

ભાવશ્રુતજ્ઞાન... ત્રિકાળી નહિ, હોં! ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો વર્તમાનમાં ભાવશ્રુતજ્ઞાનમાં અનુભવ થવો, વર્તમાન ભાવશ્રુતજ્ઞાન તે જૈનશાસન છે. કેમકે ભાવશ્રુતજ્ઞાન એ વીતરાગી પર્યાય છે, એ વીતરાગી જ્ઞાન છે. દ્રવ્યશ્રુતનું જ્ઞાન તે વિકલ્પ છે. સમજાય છે કાંઈ? ...

**'હવે આ જ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે :-'** ચૌદ, ચૌદ.

**अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-**
**र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।**
**चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते**
**यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।**

**'શ્લોકાર્થ :- આચાર્ય કહે છે...'** કુંદકુંદાચાર્ય અને આ કળશકર્તા અમૃતચંદ્રાચાર્ય. **'परम महः नः अस्तु' 'તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો...'** બસ! જ્ઞાનના પ્રકાશનો પુંજ પ્રભુ, એ જ્ઞાનનો પ્રકાશ અમને પ્રાપ્ત હો. અમારે કોઈ બીજી ચીજ જોઈતી નથી. આહા..હા..! જેમ ક્ષારની ગાંગડી ક્ષારથી ભરેલી છે, તેમ અમારો આત્મા જ્ઞાનથી ભરેલો છે એમ કહે છે, તે જ્ઞાન અમને પ્રાપ્ત હો, બીજી કોઈ ચીજ જોઈએ નહિ. વ્યવહારરત્નત્રયનો રાગ પણ અમારે જોઈતો નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? **'આચાર્ય કહે છે...' 'परम महः' 'महः'** નામ તેજ. **'नः'** નામ અમને. **'अस्तु'** નામ હો. પરમપ્રકાશ અમને હો. એ શબ્દનો અર્થ છે. પરમપ્રકાશ **'नः'** નામ અમને **'अस्तु'** નામ હો. આહા..! રાગ વિનાની ચીજ જે જ્ઞાયકભાવ છે તે જ્ઞાનપ્રકાશ અમને હો. આહા..! ચૈતન્યસૂર્ય જેમ પ્રકાશનો પુંજ છે... આ સૂર્ય. આ સૂર્ય જેમ પ્રકાશનો પુંજ છે, એમ આત્મા ચૈતન્યતેજનો પુંજ છે. આ પ્રકાશ જડ છે. સૂર્યના કિરણ જડ છે. એમ ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશનો પુંજ છે.

એ ચૈતન્યસૂર્ય પ્રકાશમય તેજ જેમ પડ્યું છે, પર્યાયમાં અમને એકલું જ્ઞાન પ્રાપ્ત હો. અમારે બીજી કોઈ ચીજ જોઈતી નથી. આહા..! બીજાને સમજાવવાની અમને યોગ્યતા પ્રાપ્ત થાઓ, એવી માંગણી નથી કરી. આહા..હા..! અમને .. પદ પ્રાપ્ત થાઓ, એ બધી બહારની વાત. ભગવાન આત્મા ચૈતન્યપુંજ...

ચક્રવર્તી આર્યખંડને છોડીને જ્યારે ત્રણ ખંડ સાધવા જાય છે ને? ત્યારે વચમાં વૈતાલ

પર્વતમાંથી નીકળે છે. ... છ ખંડ સાધે છે ને. વચમાં વૈતાલ પર્વત આવે છે એમાં એક ગુફા આવે છે. એ ગુફામાં ઘણું અંધારુ. એમાં બે નદી આવે છે—ઉન્મગ્ના, નિમગ્ના. એટલે? એક નદીનો એવો પ્રવાહ છે કે કોઈપણ ચીજ પડે તો નીચે લઈ જાય અને એક નદીનો એવો પ્રવાહ છે કે કોઈપણ ચીજ પડે તો બહાર કાઢી નાખે. એવી બે નદી છે. વૈતાલ પર્વત છે ને. ભરતક્ષેત્રમાં વૈતાલ પર્વત છે. એમાં બે નદી એવી છે—ઉન્મગ્ના, નિમગ્ના. ઉન્મગ્નામાં કોઈપણ ચીજ પડે તો બહાર કાઢી નાખે. નિમગ્નામાં કોઈ ચીજ પડે તો અંદર (લઈ જાય). આહા..! મારે બીજું કહેવું છે, ... શું કહેવાય? મણિરત્ન. ચૌદ રત્નમાં મણિરત્ન. ગુફામાં અંધારુ બહુ હોય. ... અંદર સૂર્ય જેવું તેજ, હોં! ...

એમ અહીં કહે છે કે અમારો ચૈતન્યસૂર્ય ભગવાન પર્યાયદીઠ અમારે પ્રકાશ પ્રગટ કરે છે. અમે મોક્ષના માર્ગમાં ચાલ્યા જઈએ છીએ. સમજાય છે કાંઈ? આહા..હા..! ... ચૌદ રત્ન છે ને? મણિરત્ન ચક્રવર્તી ... સૂર્ય જેવો પ્રકાશ થાય. આહા..હા..! અહીં કહે છે કે અમારી ગુફામાં અંદરમાં ચૈતન્યસૂર્ય પડ્યો છે તો અમને ચૈતન્યનો પ્રકાશ જ પ્રાપ્ત હો એટલે આત્મા પ્રાપ્ત હો, બીજી કોઈ ચીજ અમારે જોઈએ નહિ. આહા..હા..! રાગાદિ તો અંધારુ છે. રાગ છે એ તો અંધકાર છે. એ અંધકારથી ભિન્ન ચૈતન્યપ્રકાશ અમને પ્રાપ્ત હો. આહા..હા..! એ જ્ઞાયક સૂર્ય ચૈતન્યસ્વરૂપનો પુંજ પ્રભુ, ચૈતન્યસ્વરૂપ પર્યાયમાં પ્રાપ્ત હો, બસ!

**શ્રોતા** :- પ્રાપ્તની પ્રાપ્તિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદરમાં છે એ પર્યાયમાં આવે છે. શક્તિરૂપે છે. આ પ્રગટ થાય ઈ વ્યક્તરૂપે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે ને. અંદર છે. શક્તિરૂપે વસ્તુ આખી પૂર્ણજ્ઞાનઘન એકલો જ્ઞાનરસ જ્ઞાનભાવ પ્રકાશપુંજ એ શક્તિરૂપ. એમાં એકાગ્ર થાય તો વ્યક્તિરૂપે જ્ઞાનપર્યાય થાય છે, વ્યક્ત. સમજાય છે કાંઈ? સમજાણું કાંઈ? આહા..!

'**यत् सकलकालम् चिद्-उच्छलन-निर्भरं**' જુઓ, '**કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે,...**' પરિણમનનો અર્થ ચૈતન્યના સ્વભાવથી પરિપૂર્ણ છે. ભગવાન આત્મામાં જે તેજ, ચૈતન્યનો પુંજ, ચૈતન્યનો પ્રકાશ સદાકાળ ત્રિકાળ ચૈતન્યના પરિણમનથી પરિપૂર્ણ છે. ચૈતન્યના સ્વભાવથી પરિપૂર્ણ આત્મામાં જ્ઞાન છે. '**उल्लसत्-लवण-खिल्य-लीलायितम्**' '**જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે...**' મીઠાની કાંકરી એકલા ક્ષારરસથી ભરેલી છે. ... એ મીઠાની કાંકરી એક ક્ષારરસ, એકલા ક્ષારરસ લીલા ક્ષારરસના સ્વભાવથી ભરેલી છે, એમ અમારો આત્મા જ્ઞાનરસથી ભરેલો છે. એમાં એકાગ્ર થઈને અમને જ્ઞાનની પ્રાપ્તિ હો. એ જ્ઞાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ બધું આવી ગયું. આહા..હા..! સમજાય છે કાંઈ? '**ક્ષારરસની લીલા...**' લીલાનો અર્થ સમજ્યા? '**उल्लसत्-लवण-खिल्य-लीलायितम्**' ક્ષારરસના સ્વભાવથી ભરેલી છે. એકલો ક્ષારરસ છે.

'**તેમ જે તેજ...**' અમારું. આહા..હા..! '**एक-रसम् आलम्बते**'. '**એક જ્ઞાનરસસ્વરૂપને**

**અવલંબે છે,...'** આહા..! '**એક જ્ઞાનરસસ્વરૂપને અવલંબે છે,...**' અગ્ર હોય છે. '**જે તેજ અખંડિત છે...**' આહા..હા..! '**જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી...**' રાગાદિ, જ્ઞેયાકાર થાય છે એવું મારામાં થતું નથી, કહે છે. હું તો એકલો જ્ઞાન છું. આહા..હા..! અખંડિત, '**તેજ અખંડિત છે...**' આ તો અધ્યાત્મની વાત, ભાઈ! બહુ સૂક્ષ્મ છે. એક-એક શબ્દનો અર્થ.. આ તો મંત્ર છે. જેમ સર્પનું ઝેર ચડ્યું હોય તેને કાઢવા માટે કલમ હોયને, કલમ, કલમને મંત્રે. કલમ હોય ને? તેને મંત્રે. મંત્રીને જ્યાં સર્પ કરડ્યો હોય ત્યાં જઈને કલમ કાઢે. એમ આ ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એકાકાર થઈને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તે કલમ છે અંદર. જ્ઞાનની પર્યાય અંદર છે તે કલમ મારી અંદર. આહા..! સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ જિનેશ્વરનો માર્ગ છે. ... આ તો સમ્યગ્દર્શન, જ્ઞાનની વાત ચાલે છે.

'**જે અનાકુળ છે...**' જુઓ, આહા..! ત્રિકાળ અખંડ જ્ઞાનરૂપ છે અને જે અનાકુળ આનંદસ્વરૂપ છે. આહા..! '**જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી,...**' આહા..હા..! '**अनन्तम् अन्तः बहिः ज्वलत्**' '**જે અવિનાશીપણે અંતરંગમાં...**' જ્ઞાન ભર્યું છે '**અને બહારમાં...**' પર્યાયમાં પ્રગટ છે. અંતરમાં શક્તિમાં પણ જ્ઞાનનું તેજ પૂર્ણ ભર્યું છે અને એની એકાગ્રતા થતાં પર્યાયમાં પણ ચૈતન્યનું તેજ આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અંતરંગ અને બહિર. '**અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે,...**' જાણવામાં જ્ઞાનસ્વરૂપ જાણવામાં આવે છે.

'**सहजम्**' '**જે સ્વભાવથી થયું છે...**' એ તો જ્ઞાન સ્વભાવથી છે. આહા..હા..! એ જ્ઞાનને કોઈ ઉત્પન્ન કર્યું નથી, બનાવ્યું નથી. એ તો જ્ઞાનસ્વરૂપ સહજ છે. આહા..હા..! એની એકાગ્રતામાં સહજ જ્ઞાન ઉત્પન્ન થાય છે. ... '**જે સ્વભાવથી થયું છે...**' સ્વભાવથી થયું છે નામ સ્વભાવથી છે. '**હંમેશા જેનો વિલાસ ઉદયરૂપ છે...**' વિલાસ. જેનો વિલાસ ઉદયરૂપ છે. જેમ સૂર્યનો ઉદય થાય છે તો ઉદયરૂપ જ રહે છે. સૂર્યનો પ્રકાશ સવારમાં ઉદય થાય છે અને સાંજે અસ્ત થાય છે, આ તો જ્ઞાનનો પ્રકાશ સદા ઉદયરૂપ જ રહે છે. વસ્તુ પણ સદા ઉદયરૂપ છે અને પ્રાપ્તિ થઈ તે પણ જ્ઞાનની પર્યાય સદા પ્રગટ રહે છે. આહા..હા..! '**જે એકરૂપ પ્રતિભાસમાન છે.**' આહા..! ત્રિકાળી ચીજ એકરૂપ પ્રતિભાસમાન છે. અનેકતાનો ભંગ થઈને એકરૂપનો અનુભવ થાય છે. આ કળશ આવો.

'**ભાવાર્થ :- આચાર્યે પ્રાર્થના કરી છે કે જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત હો.**' જુઓ, આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનાનંદમય, જ્ઞાનાનંદમય, જ્ઞાનાનંદવાળો એમ નહિ. જ્ઞાનાનંદવાળો એમ નહિ, જ્ઞાનાનંદમય. આહા..હા..! અરે..! સત્ય વાત સાંભળવા મળે નહિ, એ ક્યાં જાય? અરે..રે..! શું થાય? ભગવાન જ્ઞાનાનંદમય છે, જ્ઞાન અને આનંદમય છે, એકાકાર સ્વરૂપ છે, એકાકાર—ભેદ વિના એકાકાર જ્ઞાનસ્વરૂપ છે. તે જ્યોતિ '**અમને સદા પ્રાપ્ત હો.**' એ જ્યોતિ પર્યાયમાં અમને પ્રાપ્ત રહો. આહા..હા..!

જુઓ, આ મોક્ષનો માર્ગ! સમજાય છે કાંઈ? આવી ચૈતન્યજ્યોત અખંડ અનાકુળ સ્વરૂપ ભગવાન, તેનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટ થાય તો એ વસ્તુ પણ અવિનાશી છે અને અનુભવ પણ અવિનાશી—નાશ નથી થતો.

એ કહ્યું હતું, ચારિત્રપાહુડમાં. અષ્ટપાહુડમાં ચારિત્રપાહુડ છે ને? ચોથી ગાથા. જે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પ્રાપ્ત થઈ તે અક્ષય-અમેય છે. એમ ... ચારિત્ર અક્ષય-અમેય. વસ્તુ જેમ અક્ષય-અમેય છે, તેમ દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ અક્ષય-અમેય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ બતાવ્યું હતું. '**एए तिण्णि वि भावा**' પૂર્ણાનંદની પ્રતીત, પૂર્ણાનંદનું જ્ઞાન અને પૂર્ણાનંદમાં રમણતારૂપ ચારિત્ર એ '**एए तिण्णि वि भावा हवंति जीवस्स अक्खयामेया**'. એ પર્યાય અક્ષય-અમેય થઈ ગઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? ચોથી ગાથા છે, ચારિત્રપાહુડ. '**तिण्हं पि सोहणत्थे जिणभणियं दुविह चारित्तं**'. અંદરમાંથી રમણતા કરવા માટે નિશ્ચયચારિત્ર અને વ્યવહારચારિત્રની વ્યાખ્યા કરી છે. આહા..હા..!

'**સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત હો.**' ચૈતન્યસૂર્ય પ્રકાશનો પુંજ એ પોતાની પર્યાયમાં તેજનો પુંજ પ્રાપ્ત રહો. આહા..હા..! '**હવે આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :-**' એ ૧૫મી ગાથા પૂરી થઈ. હવે ૧૬મી ગાથા. ૧૪મીમાં દર્શન લીધું હતું, ૧૫માં જ્ઞાન લીધું હતું, ૧૬માં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સાથે લે છે, ત્રણે લ્યે છે.

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

'**શ્લોકાર્થ :- આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા...**' છે ને? જ્ઞાનઘન આત્મા. પ્રકાશનો ઘન પિંડ. આહા..! જેમાં રાગના વિકલ્પનો પ્રવેશ નથી, કર્મ અને શરીરનો પણ પ્રવેશ નથી એવો જ્ઞાનઘન આત્મા. આહા..! નિવડ જ્ઞાનઘન આત્મા. પહેલાં કહ્યું હતું ને? શિયાળાના દિવસોમાં પહેલાં ઘી એવા થાતા. હવે તો બધા એવા થઈ ગયા. શિયાળાના દિવસોમાં ઘી એવા થાતા, ઘી. એમાં આંગળી તો ઘુસે નહિ, પણ ખુરપા વળી જાય એવા ઘી થાતા શિયાળાના દિવસોમાં; એમ ભગવાન જ્ઞાનઘન એવો છે કે જેમાં શરીર, વાણી, કર્મ તો પ્રવેશ કરે નહિ પણ જે દયા, દાનના વિકલ્પ છે એ પણ અંદરમાં પ્રવેશ કરતાં નથી. અરે..! અંદરમાં એ તો પ્રવેશ કરે નહિ, પણ વર્તમાન પર્યાય પ્રગટ છે એ જ્ઞાનઘનમાં પ્રવેશ કરે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ?

'(**પૂર્વકથિત**)...' '**एष**' કહ્યું ને? '**एष**' એટલે આ. '(**પૂર્વકથિત**)...' પૂર્વે કહ્યું તે. '**ज्ञानघनः**' '**જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ...**' જેને આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે એવા પુરુષોએ. આહા..હા..! '**સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે,...**' શું કહે છે? જ્ઞાનસ્વરૂપ ભગવાનની પૂર્ણપર્યાય જે સાધ્ય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ એ પૂર્ણસાધ્ય છે અને વર્તમાન જ્ઞાનના સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા તે

સાધક છે. જ્ઞાયકભાવના બે પ્રકાર—એક પૂર્ણ જ્ઞાનરૂપી સાધ્ય, એ જ આત્મા અપૂર્ણ જ્ઞાનરૂપી પરિણતિ કરે એ સાધક. વચ્ચે દયા, દાન ને વ્રત ને ફ્રત સાધક-ફાધક નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનની શુદ્ધતાનો અપૂર્ણ ભાવ તે સાધક અને તે જ જ્ઞાનની પૂર્ણતાનો ભાવ તે સાધ્ય. એક જ આત્માનું સાધ્યસાધકભાવથી સેવન કરો. આહા..હા..!

**'સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે, એક જ નિત્ય સેવવાયોગ્ય છે;...'** આત્મા જ્ઞાયક સ્વરૂપ પ્રકાશપુંજ પ્રભુ તે એક જ સાધકભાવ થઈને અને એકલો જ્ઞાયક જ સાધ્ય અને સાધક થાય છે, વચ્ચે કોઈ રાગાદિની મદદ છે નહિ. આવી વાત! હવે તો બહારમાં કેટલાક વાતું કરવા મંડ્યા છે કે આત્માના લક્ષે અપવાસ કરો, એમ આવે છે છાપામાં. અહીં વાત આવે છે ને બધી, પણ આત્માનું લક્ષ ક્યાં છે તને? મિથ્યાત્વ છે ત્યાં આત્માનું લક્ષ ક્યાં આવ્યું? આત્માના લક્ષે અપવાસ થાય છે, આત્માના લક્ષે આમ થાય, એમ લખે છે. અરે.. ભગવાન! આત્માનું લક્ષ તો હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, હજી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને એવા મિથ્યાત્વમાં આત્માના લક્ષે તારા અપવાસ ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ? એને આત્મા છે ક્યાં? આહા..હા..!

દેવ તો અરિહંત સર્વજ્ઞ પરમાત્મા કે જેને એક સમયમાં જ્ઞાન અને દર્શન પૂર્ણ પ્રગટ છે. જેને ક્ષુધા નથી, તૃષા નથી, રોગ નથી, એવી જેની શરીરની દશા છે—ભગવાનના શરીરની દશા, એમ જાણ્યા વિના દેવ માને, રોગ થાય ને ક્ષુધા હોય, એને દેવના સ્વરૂપની ખબર નથી. સમજાય છે કાંઈ? અને મુનિ નિર્ગ્રંથ ત્રણ કષાયનો અભાવ થઈને અનુભવની આનંદની દશામાં ઝુલતા હોય. આહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રની રમણતામાં જે ઝુલતા હોય, મહાવ્રતાદિના વિકલ્પથી ભિન્ન થઈને, એવા ગુરુને નિર્ગ્રંથ ગુરુ કહેવામાં આવે છે. એની તો ખબર નથી, ક્યાંથી આવ્યા તારે દેવ-ગુરુ-શાસ્ત્ર? આહા..! ઝીણી વાત, ભાઈ! આ તો જન્મ-મરણને ... બીજી વસ્તુ છે, ભાઈ!

અહીં કહે છે, આત્મા ચૈતન્યનો પુંજ છે. જ્ઞાનસ્વરૂપનો પુંજ છે. એક જ આત્મા સાધક ભાવ પણ એને કહ્યો... સાધકસાધ્યમાં આત્માની સેવા છે. એમાં કોઈ વ્યવહારરત્નત્રય મદદગાર થાય એમ નથી. સમજાય છે કાંઈ? છે? **'સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે, એક જ...'** બે પ્રકારે પણ એક જ આત્મા. આહા..! એકલો જ્ઞાનસ્વભાવ એની શ્રદ્ધા નિર્વિકલ્પ, એનું સ્વસંવેદનજ્ઞાન અને એમાં સ્થિરતા—ચારિત્ર વીતરાગી એ આત્મા સાધકભાવપણે પણ ઈ પરિણમે છે, સાધ્યભાવે પણ ઈ પરિણમે છે. એ બે પ્રકારમાં એક આત્માની સેવા છે. સમજાય છે કાંઈ? બે પ્રકારે સાધકમાં અને સાધ્યમાં **'એક જ નિત્ય સેવવાયોગ્ય છે;...'** સાધકભાવમાં પણ એકલો આત્મા જ જ્ઞાનરૂપે, આનંદરૂપે પરિણમે છે. સાધ્યમાં પણ એકલો આત્મા જ પૂર્ણ પરિણમે છે. બેયમાં આત્માની સેવા કરો. આહા..હા..!

ભગવાન આત્મા... આચાર્યોની શૈલી તો જુઓ! દિગંબર સંતોએ તો જગતને ન્યાલ

કરી નાખ્યા છે એવી વાત છે. સમજે એને! આહા..હા..! કહે છે, આત્મા જ્ઞાયકભાવ ચૈતન્યપ્રકાશનું પૂર છે. એક આત્માને બે પ્રકારમાં એક જ આત્માની સેવા કરો. સાધકમાં પણ જ્ઞાનની સેવા અને સાધ્યમાં પણ જ્ઞાનની સેવાથી સાધ્ય પૂર્ણ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વચ્ચે વ્રતાદિનો વ્યવહાર વચ્ચે છે એ સાધકમાં પરિણમવામાં મદદરૂપ થાય છે, એમ નથી. આહા..હા..! અને એ વ્યવહારથી મુક્તિ થાય છે, એમ નથી. ગજબ વાત છે! આ ૧૬મી ગાથાનો ઉપોદ્‌ઘાત છે. છે? 'બે પ્રકારે, એક જ...' સાધકપણે પણ તે જ આત્મા અને સાધ્યપણે એ આત્મા, વચ્ચે બીજી ચીજ નહિ. વ્યવહારરત્નત્રયના રાગનું સેવન કરવું અને એ મદદ કરે એમ છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ :- આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે...'** છે? આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે **'પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે...'** એનું પૂર્ણરૂપ સાધ્યભાવ. આહા..! જુઓ, એનો માર્ગ જ્ઞાનની મોક્ષમાર્ગ દશામાં જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણમન એ જ્ઞાનદશાના ત્રણ ભાવ છે. **'સાધકભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો.'** આહા..હા..! શું કહ્યું સમજાણું? ચૈતન્ય જ્ઞાયકભાવ સ્વરૂપ ... સાધકભાવમાં પણ એ જ્ઞાયકભાવ જ પરિણમન કરે છે અને સાધ્યમાં પણ જ્ઞાયકભાવ જ પૂર્ણપણે પરિણમે છે. એ બે પ્રકારમાં આત્માના એક પ્રકારની સેવા કરો. સમજાય છે કાંઈ? પછી કહેશે કે પર્યાયથી વાત કરીએ છીએ કારણ કે પર્યાયથી સમજાવ્યું છે, સેવન તો એકનું કરવું છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## પોષ વદ-૭, શનિવાર, તા. ૨૪-૦૧-૧૯૭૬, શ્લોક-૧૬, ગાથા-૧૬, પ્રવચન નં. ૫૫

સમયસાર, ૧૬મી ગાથા. ૧૪મી ગાથામાં એમ આવ્યું, સમ્યગ્દર્શનનો અધિકાર. ૧૫મીમાં જ્ઞાનની અનુભૂતિ—જ્ઞાનનો અધિકાર (આવ્યો). હવે અહીંયા દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેની વાત કરે છે.

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।
દર્શન, વળી નિત જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.

પહેલાં થોડો ગાથાર્થ લઈએ. '**સાધુ પુરુષે...**' સંત-સાધુ કોને કહીએ? કે એણે '**દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવાયોગ્ય છે;...**' દેહાદિની ક્રિયા અને પંચમહાવ્રતના પરિણામ એ નહિ. સાધુ એને કહીએ, સાધુએ એનું સેવન કરવું, એનું સેવન કરવું કે '**દર્શન, જ્ઞાન અને ચારિત્ર...**' દર્શન-જ્ઞાન આ નિશ્ચયની વાત છે. ત્રિકાળી જ્ઞાયકભાવ અખંડ અભેદની દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને એનું સ્વસંવેદનજ્ઞાન અને તેમાં રમણતા-લીનતા-આચરણરૂપ અંતરમાં અનુષ્ઠાન એ ચારિત્ર. પંચમહાવ્રત ને એ કંઈ ચારિત્ર નથી, એ તો રાગ છે, વિકાર છે. આહા..હા..!

**શ્રોતા :-** એને અનુષ્ઠાન તો કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર અનુષ્ઠાન. ... સમજાય છે કાંઈ? એ સમ્યક્ આચરણરૂપ અનુષ્ઠાન નહિ. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ!

અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. એમાં નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એનું સેવન કરવા યોગ્ય છે, એ વ્યવહારથી કથન છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પની વાત તો અહીંયા છે નહિ, એ કંઈ ધર્મ નથી, ચારિત્ર નથી. જે આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ સહજાનંદ મૂર્તિ, એની નિશ્ચયદૃષ્ટિ, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્ર-રમણતા, એ પણ ત્રણ પ્રકાર થયા તો વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? ઉપદેશમાં ત્રણેનું સેવન કરવું એમ વ્યવહારથી આવે છે. આહા..હા..! ત્રણે પર્યાય થઈ. એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવમાં ત્રણ પ્રકારના, અનેક પ્રકારના, ત્રણ પ્રકારના સ્વભાવ થયા. ભગવાન જ્ઞાયકસ્વભાવ એક છે. ઝીણી વાત, ભાઈ! એ જ્ઞાયકસ્વભાવ એકનું સેવન કરવું એ નિશ્ચય ને પરમાર્થ ને એ વાસ્તવિક છે. આહા..હા..! છે?

'**દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવાયોગ્ય છે;...**' એ વ્યવહાર થયો. '**વળી તે ત્રણેને નિશ્ચયનયથી એક આત્મા જ જાણો.**' ત્રણ પર્યાયનું લક્ષ કરવાથી વ્યવહારનય... દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચય હોં! એ પણ એક સ્વભાવ નિશ્ચયની અપેક્ષાએ ત્રણે પર્યાય થઈ તો વ્યવહાર થયો, એ મલિન થઈ ગયો. ઝીણી વાત. મનુલાલજી! વાત અલૌકિક છે! આહા..હા..! શું કહે છે? '**વળી તે ત્રણેને નિશ્ચયનયથી એક આત્મા જ જાણો.**' અંતર જ્ઞાયકભાવની એકાગ્રતા થવાથી એ ત્રણે પર્યાય ભલે હો, પણ ત્રણે પર્યાયનું લક્ષ અને આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી.

**શ્રોતા :-** એ ત્રણ વ્યવહાર થઈ ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર થઈ ગયો. એ ત્રણે થઈને વ્યવહાર થઈ ગયો. ત્રણ થઈને વ્યવહાર થઈ ગયો. નિશ્ચય એ વ્યવહાર થઈ ગયો. નિશ્ચય. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આ માર્ગ તો અત્યારે બહુ .. થઈ ગયો. બહારથી કડાકૂટ. આહા..હા..!

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, જુઓ! અંદર છે.

**‘ટીકા :- આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે...’** પહેલાં તો એ કહ્યું કે **‘આ આત્મા જે ભાવથી સાધ્ય...’** મોક્ષ સાધ્ય, ધ્યેય દ્રવ્ય. ધ્યેય દ્રવ્ય, સાધ્ય મોક્ષ. એનું સાધન, સાધ્યનું સેવન તે સાધન. સાધન મોક્ષમોર્ગની પર્યાય એ સાધન. નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય એ સાધન. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ સાધન નહિ. એવી વાત છે.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અસ્તિ કહ્યું એમાં (આવી ગયું). અસ્તિ કહ્યું એમાં નાસ્તિ આવી ગઈ. આહા..હા..! આવશે, જુઓ!

**‘આ આત્મા...’** ‘આત્મા’ શબ્દ પહેલો છે. **‘જે ભાવથી સાધ્ય...’** પોતાનો આશ્રય કરવાથી પૂર્ણ સાધ્ય પ્રગટ થાય છે અને આશ્રય કરવાથી વર્તમાન સાધકભાવ ઉત્પન્ન થાય છે. ઝીણી વાત છે ને, ભાઈ! અનંતકાળથી અખંડ અભેદ ચીજ શું છે તેની દૃષ્ટિ કદી કરી નથી અને એ વિના ... સમજાય છે કાંઈ? **‘આ આત્મા...’** આ આત્મા **‘જે ભાવથી...’** જે ભાવથી **‘સાધ્ય...’** નામ મોક્ષ થાય **‘સાધન...’** નામ ઉપાય થાય **‘તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે...’** શું કહે છે? આહા..હા..! **‘એમ પોતે ઈરાદો રાખીને...’** આ તો વ્યવહારથી (કહે છે). આહા..હા..! **‘એમ પોતે ઈરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે...’** આહા..હા..! સમ્યગ્દર્શન નિશ્ચય, સમ્યગ્જ્ઞાન નિશ્ચય અને નિશ્ચય ચારિત્ર વીતરાગ એ પણ પર્યાય થઈ. તો કહે છે કે વ્યવહારથી પર્યાયનું સેવન કરવું એમ ઉપદેશમાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! **‘બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે...’** જુઓ, વ્યવહાર આવ્યો ત્યાં. આહા..હા..! સાધક જીવે—સાધુએ પોતાનો આત્મા જ જે ભાવથી સાધ્ય થાય, ધ્યેય તો આત્મા (છે), સાધ્ય થાય અને જે ભાવથી સાધક અંતરમાં એકાગ્રતા થાય તેમ આત્માને સેવવો. **‘સદા સેવવાયોગ્ય છે...’**

**‘પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો...’** આહા..હા..! ત્રણે કાઢી નાખ્યા. સમ્યગ્દર્શન નિશ્ચય, જ્ઞાન, ચારિત્ર એ પણ વ્યવહાર થઈ ગયો. પર્યાય છે ને! આહા..હા..! માર્ગ ભારે, ભાઈ! ઉપદેશ દેવો.. ભેદ પાડીને કથન કરવું એ વ્યવહાર.

**શ્રોતા :-** સમ્યગ્દર્શનને જ સેવો, એમાં શું કહેવું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેવું છે કે દ્રવ્ય સેવો, પણ વ્યવહારનું કથન કર્યું. એમ કહ્યું ને? પર્યાયથી લોકો સમજે છે. આગળ આવી ગયું. છે? જુઓ, વ્યવહારીજન પર્યાયને-ભેદને સમજે છે. છેલ્લે છે. તેથી જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે. છે? ભેદથી સમજાવ્યું છે. ભેદનું સેવન કરવું એ તો વ્યવહાર થઈ ગયો. આહા..હા..! બહુ ઝીણી વાત છે, ભાઈ! પહેલાં લીધું ને? **‘दंसणणाणचरित्ताणि’** એ વ્યવહાર થયો. **‘ताणि पुण जाण

**तिण्णि वि अप्पाणं'** એ નિશ્ચય થયો. એક આત્મા જ્ઞાયકભાવ પૂર્ણાનંદ એકસ્વભાવી, તે એકસ્વભાવીનું સેવન કરવું તે જ પરમાર્થ અને નિશ્ચય છે અને ઉપદેશમાં આવા વ્યવહારથી વિચાર કરી લોકોને સમજાવે છે. ભગવાન અંતર આત્મા પૂર્ણાનંદ પ્રભુ, તેનું નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્રનું સેવન કરવું, એ વ્યવહારથી કથન કરવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! હજી તો આગળ વિશેષ (કહેશે કે) એ ત્રણપણાનું સેવન કરવું વ્યવહાર એ મલિન છે. મેચક લેશે. એ પાઠને અડીને વાત છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ એક ચૈતન્ય મૂર્તિ એકસ્વભાવી વસ્તુ. એક સ્વભાવીનું સેવન કરવું એ પરમાર્થ (છે). સમજાય છે કાંઈ? અને ઉપદેશમાં ત્રણ પ્રકારે સેવન કરવું એ વ્યવહારથી આવે છે, પણ તે હેય છે. ત્રણ પ્રકાર કહો, વ્યવહાર કહો, મલિન કહો, અનેક સ્વભાવી ત્રણ બોલ થઈ ગયા. દર્શનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ એમ અનેક સ્વભાવ થઈ ગયા. એઈ..! આવી વાત છે. હજી તો લોકો તો અત્યારે આ પંચમહાવ્રત ને અઠ્યયાવીસ મૂળગુણ પાળે તે સાધુ (એમ માને છે). ધૂળેય નથી સાધુ, સાંભળને! દ્રવ્યલિંગ પણ ક્યાં છે. એને માટે આહાર બનાવે છે અને લ્યે છે, ચોકા (કરે છે). આજે મહારાજને આહાર આપવાનો છે, લાવો પાણી કૂવામાંથી ગાળીને લાવો, આમ લાવો, મોસંબીનું પાણી લાવો. એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી, નિશ્ચય તો ક્યાં છે.

**શ્રોતા** :- વ્યવહારનું શું કામ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માલ રહે છે તો માલ છે, પણ માલનો કોથળો પણ માલમાં ગણવામાં આવે, જ્યારે વ્યવહારથી કહે તો. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંતને વ્યવહાર પંચમહાવ્રત આદિ બરાબર હોય છે. તેને માટે ચોકા બનાવીને આહાર લે એ ત્રણકાળમાં પ્રાણ જાય તોપણ ન લ્યે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- પ્રાણ રહે તો ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય ધર્મ (ન રહે). ધર્મ, આત્મા રહે તો ધર્મ થાય. શરીર રહે અને પ્રાણ રહે તો ધર્મ થાય, એમ કહે છે લોકો. અહીં કહે છે, ભગવાન ત્રિકાળી દૃષ્ટિમાં રહે તો ધર્મ થાય. આહા..હા..! કહો, શેઠ! બીડીના વેપારી છે. જાણો છો? સાગર. આહા..હા..! આ અમારા પોપટભાઈ છે ઈ સ્થાનકવાસી છે, ઈ તારણપંથી. અહીં ઘણાં શ્વેતાંબર આવ્યા છે ને બધા. આ પણ સ્થાનકવાસી છે ડૉક્ટર. આ તો પહેલાંની વાત છે, પહેલાં હતા. આહા..હા..!

ભગવાન કુંદકુંદાચાર્ય, ૧૬મી ગાથા. ૧૬.. ૧૬. ૧૬વલું સોનું. સોનું કહે છે ને? સોળવલું કહે છે? આહા..હા..! સોળવલું સોનું. સો ટચનું એ સોળવલું સોનું. કહો, નવનીતભાઈ! પંચમહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ જે છે એ તો ચારિત્ર નથી, એ તો આસ્રવ અને બંધનું કારણ છે. નિશ્ચય અનુભવ હોય ત્યાં એ વ્યવહાર આવે છે, પણ છે બંધનું કારણ. આહા..હા..!

અહીં તો એ વાત નહીં કરતાં.. આહા..હા..! શું કહે છે? જુઓ, **'આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન...'** આત્મા પરિપૂર્ણ વસ્તુ છે તે જ સાધકપણે પરિણમે છે જ્ઞાયકભાવ જ્ઞાનપણે એ સાધક અને તેની પરિપૂર્ણતાનું પરિણમન એ સાધ્ય. એ આત્મા જ પોતે અપૂર્ણપણે અને પૂર્ણપણે પરિણમે છે. એમાં વ્યવહારક્રિયા આવે છે તો મોક્ષમાર્ગ થાય છે એમ છે નહિ. આહા..હા..! જુઓ, **'એમ પોતે ઈરાદો રાખીને...'** ભાષા છે. વ્યવહાર છે ને. **'બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે સાધુ પુરુષે...'** આહા..! માર્ગ વીતરાગનો, ભાઈ! **'દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે.'** વ્યવહારથી આમ ભેદ પાડીને કથન કરવામાં આવે છે. સમજાય છે કાંઈ? ૮મી ગાથામાં કહ્યું ને? દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હો તે આત્મા. આત્મા કોણ? દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હો તે આત્મા. ઈ ભેદ પાડ્યો.

અહીં કહે છે, આહા..હા..! **'પણ પરમાર્થથી જોવામાં આવે...'** આહા..હા..! **'તો એ ત્રણેય એક આત્મા જ છે...'** એ ત્રણેય એક આત્મા જ છે. એની પર્યાય એનાથી ભિન્ન નથી. એકનું સેવન કરવાથી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! ત્રણેયનું સેવન કરવાથી પર્યાય ઉત્પન્ન થાય છે, એમ નહિ. આહા..હા..! સૂક્ષ્મ છે, ભાઈ! જુવાન માણસો આ બધા રસ લ્યે છે. આ તો આત્મા બાપા! ભગવાન બિરાજે છે અંદર. ભગવાનસ્વરૂપ જ બધા આત્મા છે. એકરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, જેનો જ્ઞાયક એકસ્વભાવ, જેનો જ્ઞાયક એકસ્વભાવ, એકસ્વભાવનું સેવન કરવું-દ્રવ્યનું એનું નામ પરમાર્થ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! .. આવ્યા છે? ... શું કહે છે? ઓહો..હો..!

ભગવાન આત્મા નિશ્ચયસત્યદર્શન, નિશ્ચયસત્યસ્વસંવેદનજ્ઞાન, નિશ્ચયસ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર—એ ત્રણ સ્વભાવ થઈ ગયા. ત્રણ પ્રકાર થઈ ગયા ને? ત્રણ પ્રકારનું સેવન કરવું તેને વ્યવહાર કહેવામાં આવે છે અર્થાત્ તેને મલિન કહેવામાં આવે છે. કળશટીકાકારે તો તેને મલિન લીધું છે. આ કળશટીકા છે ને. મેચક આવશે, ગાથા આવશે. કેટલામો આવે છે? ૧૬મો કળશ આવશે ને? ૧૬મી ગાથાનો ૧૬મો કળશ. એની ટીકા કરી છે. આત્મા મેચક ચેતનદ્રવ્ય મેચક નામ મલિન છે. આહા..હા..! દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયથી કહેવું તે મલિન છે, વ્યવહાર છે. પોપટભાઈ! પૈસા તો પૂર્વના પુણ્ય હોય તો મળે, એના ડહાપણથી મળતા નથી. હોશિયાર કહે છે, કરોડો મળ્યા. ધૂળેય નથી ત્યાં. એ ધૂળ મળે છે એ પૂર્વના પુણ્ય ગળી જાય છે. ભગવાન કહે છે, પૂર્વના પુણ્ય ગળી જાય છે તો એ મળે છે. એ કંઈ પુરુષાર્થથી મળે છે, એમ નથી. આ તો પુરુષાર્થથી આત્માનો અનુભવ થાય છે, ત્યાં કંઈ કર્મ-ફર્મની મદદ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાષા કેવી કહી?

**'आत्मा' 'चेतनद्रव्य...' 'मेचक'** એટલે વ્યવહાર. વ્યવહાર શું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય તે વ્યવહાર. એકના ત્રણ ભેદ કર્યા. આહા..હા..! ભાઈ! વીતરાગ

માર્ગ સમજવો એ અલૌકિક છે, ભાઈ! શું કહે છે?

**શ્રોતા :-** આત્માને ત્રણ પ્રકારે દેખે... રાગ થશે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે ને, ભેદ છે ને, પર્યાય છે ને. તો પર્યાય ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. આહા..હા..! આવી વાત પણ ક્યાં છે? સમજાય છે કાંઈ? નિયમસારમાં ૫મી ગાથામાં કહ્યું છે ને? બહિર્તત્ત્વ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય નિર્મળ હોં! એ બહિર્તત્ત્વ છે. અહીંયા રાગની વાત નથી. રાગ એ બહિર્તત્ત્વ છે, પણ આપણે અહીં આને લેવું છે. અહીંયા તો ઈ લેવું છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને બહિર્તત્ત્વ કહ્યું છે અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મા. પૂર્ણ અંતઃતત્ત્વરૂપ પરમાત્મા અને બહિર્તત્ત્વ—બેની શ્રદ્ધા કરવી એ વ્યવહારસમકિત છે. સમજાય છે કાંઈ? લેવું છે? નિયમસાર કહ્યું ને? નિયમસાર ૫મી ગાથા છે. આ તો બધું આવી ગયું છે ને. આ ક્યાં નવું છે. શું કહ્યું? ૫મી.

'**તત્ત્વો બહિઃતત્ત્વ...**' અર્થાત્ પર્યાય. ચાહે તો સંવર, નિર્જરાની પર્યાય, ચાહે તો મોક્ષમાર્ગની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય હો, એ બધું બહિઃતત્ત્વ છે. '**અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ પરમાત્મતત્ત્વ. '**એવા (બે) ભેદોવાળાં છે... તેમનું સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે.**' બે વાત લીધી છે. એક તો બહિઃતત્ત્વ મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય અને અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ ત્રિકાળ, તેની શ્રદ્ધા તે વ્યવહાર. બીજી વાત, '**જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં...**' એની શ્રદ્ધા પણ વ્યવહારશ્રદ્ધા છે, રાગ છે. વ્યવહારશ્રદ્ધા કંઈ શ્રદ્ધાની પર્યાય નથી. સમજાય છે કાંઈ? ઈ અહીંયા કહ્યું. બહિઃતત્ત્વ છે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે તે બહિઃતત્ત્વ છે. તો બહિઃતત્ત્વ ઉપર લક્ષ જશે તો એ વ્યવહાર જ છે, એ મલિન છે. અનેકસ્વભાવી છે, અનેકાકાર છે. આહા..હા..!

આમાં (કળશટીકામાં) લીધું ને? '**કોની અપેક્ષાએ મલિન છે? સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે—આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.**' મલિન કહેવાનો વ્યવહાર છે. આહા..હા..! કહો, નવરંગભાઈ!

**શ્રોતા :-** મલિન કહેવું એ અસત્યાર્થ છે, વ્યવહાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મલિન કહેવું અસત્યાર્થ છે, કહેશે. હમણાં આવશે. હમણાં આવશે આમાં. જુઓ, ક્યો શ્લોક છે? ૧૭, ૧૭ કળશ છે. ૧૭ કળશ છે? '**શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા એક છે.**' ભાવાર્થ, હોં! '**આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો...**' સમજાય છે કાંઈ? '**તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો.**' આહા..હા..! વ્યવહાર અભૂતાર્થ કહ્યો ને? ભૂતાર્થ તે સત્યાર્થ છે, ૧૧મી ગાથા. ત્રિકાળ જે ભૂતાર્થ તે સત્યાર્થ છે. ત્યાં તો ત્યાં સુધી કહ્યું

કે **'વવહારોऽભૂદત્થો'** પર્યાયમાત્ર ગૌણ કરીને વ્યવહાર કરીને તેને અસત્યાર્થ કહેવામાં આવી છે અને ત્રિકાળી ભૂતાર્થ દ્રવ્યને મુખ્ય કરીને નિશ્ચય કરીને સત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું છે. ... આ બહુ ઝીણી વાત છે. ન્યાં પૈસા-બૈસામાં ગોઠવાઈ ગયા છો, પણ આ ઝીણી વાત છે. આ માર્ગ વીતરાગનો છે, ભાઈ! ત્રણલોકનો નાથ, જેને એક સમયની પર્યાયમાં લોકાલોક સમાઈ ગયા છે જાણવામાં. આહા..હા..! સર્વજ્ઞ.

સમંતભદ્રાચાર્ય કહે છે, હે નાથ! સમય એક. 'ક' બોલે એમાં સમય અસંખ્ય જાય, અસંખ્ય સમય. સમય એક અને એક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક સમયમાં ત્રણ! ભગવાન! સમય એક અને ત્રણ (પ્રકાર). સર્વ દ્રવ્યોના ત્રણેનું આપને જ્ઞાન થઈ ગયું તો અમે તો જાણીએ છીએ કે આપ સર્વજ્ઞ છો. આહા..! ચોવીસી છે ને? સમંતભદ્ર. એમાં લીધું છે. સમંતભદ્રાચાર્યની ચોવીસી. હે નાથ! સમય કોને કહીએ? આહા..હા..! સાંઈઠ મિનિટની કલાક, સાંઈઠ વિપળની મિનિટ, સાંઈઠ કળનો વિપળ, એક પળમાં અસંખ્ય સમય. આવે છે ને? પળ, વિપળ. સાંઈઠ સેકંડની મિનિટ, સાંઈઠ મિનિટનો કલાક, સાંઈઠ વિપળનો સેકંડ, સાંઈઠ પળનો એક વિપળ. એક પળમાં અસંખ્ય સમય જાય. આહા..હા..! ભાઈ! ઊંડી વાતું, બાપા! આ તો ત્રણલોકના નાથે જોયું અને એ કથનમાં આવ્યું, એ અલૌકિક વાતું છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહ્યું, **'એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો,...'** છે? **'અસત્યાર્થ પણ થયો.'** એ જૂઠો પણ થયો. **'એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે મેચક કહ્યો છે.'** લ્યો. ... આહા..! જયચંદ્ર પંડિતે સ્પષ્ટ કરી નાખ્યું છે. પહેલાંના પંડિતો વસ્તુની સ્થિતિ છે એવું વર્ણન કરતાં હતા. વર્તમાનમાં ગડબડ થઈ ગઈ, બહુ ગડબડ. સમજાય છે કાંઈ? ત્રણ પ્રકારે સેવન કરવું તે વ્યવહારનયથી કથન છે. આ તે માર્ગ... વ્યવહારમોક્ષમાર્ગનું સેવન કરવું એ તો વાત જ નથી. રાગનું શું સેવન કરવું! આહા..હા..! પણ ભગવાન જ્ઞાયકસ્વભાવી એક સ્વરૂપ, એની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર જે નિશ્ચય પરમાર્થ છે, નિશ્ચય પરમાર્થ, હોં! પર્યાય. તેને અહીંયા વ્યવહાર કહીને મેચક કહીને મલિન કહ્યું છે. પહેલાં એનું યથાર્થ જ્ઞાન તો કરે. વ્યવહારે જ્ઞાન વિકલ્પવાળું. વિકલ્પવાળું જ્ઞાન યથાર્થ નથી ત્યાં તો સત્ય જ્ઞાન હોતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..! આ તો હમણાં .. છે ને એટલે હિન્દીમાં ચાલે છે. આહા..હા..!

કહે છે કે વ્યવહારથી ત્રણનું સેવન સાધુ પુરુષે કરવું એ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. **'પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી, આત્માના જ પર્યાયો છે.'** ભાષા જુઓ! મોક્ષમાર્ગની પર્યાય આત્માની પર્યાય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ આત્માની પર્યાય નહિ, અસદ્‌ભુત. આ પર્યાય સદ્‌ભુત વ્યવહાર છે. આહા..હા..! પરમાર્થ વચનિકામાં તો કહ્યું ને? પરમાર્થ વચનિકામાં, કે દ્રવ્ય

નિષ્ક્રિય છે. બનારસીદાસ. '**શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે.**' '**સમ્યક્જ્ઞાન (સ્વસંવેદન) અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર...**' નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન સાધવા તે વ્યવહાર છે. પર્યાય છે ને. બનારસીદાસ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ત્રણ ચિઠ્ઠી લીધી છે ને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પરમાર્થ વચનિકા અને નિમિત્ત-ઉપાદાન. અહીંથી છપાણી છે. 'બનારસી વિલાસ' ગ્રંથ છે એમાં છે.

'**સમ્યક્જ્ઞાન (સ્વસંવેદન) અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર...**' છે. નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય સાધવી તે વ્યવહાર છે. આહા..હા..! '**શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જાણે છે;...**' સમ્યગ્દષ્ટિને જ ખબર છે, અજ્ઞાનીને તેનો પત્તો લાગતો નથી. સમજાય છે કાંઈ? જે અહીં કહ્યું. પહેલાંના બનારસીદાસ, ટોડરમલજી.. ઓહો..! સિદ્ધાંતમાં સામાન્યપણાની વાતને ખોલી નાખી છે, સ્પષ્ટ કરી નાખી છે. સમજાય છે કાંઈ?

'**પરમાર્થથી જોવામાં આવે તો તે ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી, આત્માના જ પર્યાયો છે.**' આત્માનું સેવન તે નિશ્ચય છે, પર્યાયનું સેવન તે વ્યવહાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જેમ કોઈ દેવદત્ત નામના...**' દૃષ્ટાંત આપે છે. '**જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, (તેઓ) દેવદત્ત જ છે...**' દેવદત્ત નામના પુરુષના જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી દેવદત્ત જ છે '**અન્ય વસ્તુ નથી.**' પર્યાય એની વસ્તુ છે.

'**તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ...**' આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ છે. સમજાય છે? પાઠમાં છે ને, દર્શન, જ્ઞાન, ચારિત્ર. અહીંયા આમ લીધું, આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ. કેમકે જ્યારે જણાય છે ત્યારે પ્રતીતિ થાય છે. એ ૧૭-૧૮માં આવશે. વસ્તુ જ્ઞાનપર્યાયમાં પૂર્ણ અખંડ જણાણી એ જણાયા પછી પ્રતીતિ કરી. વસ્તુ ખ્યાલમાં આવ્યા વિના પ્રતીતિ કોની? સમજાય છે કાંઈ? '**તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન,...**' આત્માનું શ્રદ્ધાન અને આચરણ '**આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, (તેઓ) આત્મા જ છે, અન્ય વસ્તુ નથી. માટે, એમ સ્વયમેવ સિદ્ધ થાય છે...**' આહા..હા..! '**એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.**' ત્રણ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! દિગંબર સંતોની કથની તો જુઓ! ઓ..હો..હો..! રહસ્ય સમજી શકાય એવી ચીજ છે. આહા..હા..! લોકો તો બહારના આચરણ આ કરે ને આ થયા ને નગ્ન થયા, લુગડા ફેરવ્યા એટલે થઈ ગયા મોક્ષમાર્ગી. જય નારાયણ! અરે.. ભાઈ! તને (ખબર નથી). આહા..હા..!

અહીં તો કહે છે, '**માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે...**' એટલે સ્વયમેવ સિદ્ધ

શું થાય છે? કે આત્માનું સેવન કરવાથી ત્રણ પર્યાયરૂપ ભાવ પ્રગટ થાય છે, પણ છે ઈ વ્યવહાર. '**એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.**' બીજું બધું કાઢી નાખ્યું, જોયું! ત્રણ સેવન કરવા યોગ્ય છે એમ વ્યવહારથી કહ્યું હતું. પછી કહ્યું '**એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.**' તે તરફના ઝુકાવથી ભગવાન એક આત્માની સેવના કરવી. આહા..હા..! છઠ્ઠી ગાથામાં આવ્યું ને? છઠ્ઠી ગાથા, છઠ્ઠીના લેખ. પર તરફનું લક્ષ છોડી.. છઠ્ઠી ગાથામાં આવ્યું, પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવનું સેવન કરવું—ઉપાસના. આવ્યું છે? છે અહીં. અહીં તો બધા લેખ તૈયાર છે. રામજીભાઈ રાખે ને કોર્ટમાં? એક જણો કહેતો હતો, રામજીભાઈ તો જજને પાણી ભરાવે. શું કીધું? કઈ ગાથા? છઠ્ઠી. જુઓ, છઠ્ઠીનો પહેલો પેરેગ્રાફ છે.

'**તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' છે? '**ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.**' આહા..હા..! પરનું લક્ષ (છોડી), દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મના ભાવ.. અહીંયા વિકારી ભાવ ન લેવા. પરકર્મનો ઉદય અને ઉદયનો ભાવ, તેનું લક્ષ છોડી ત્રિકાળી જ્ઞાયકની ઉપાસના-સેવા પર્યાયમાં થઈ, દ્રવ્ય તરફના ઝુકાવથી પર્યાયમાં જે ઉપાસના થઈ એ પર્યાયમાં શુદ્ધતાનો અનુભવ થયો, તેને ત્રિકાળી શુદ્ધ છે એમ ખ્યાલમાં આવે છે, એમ ને એમ શુદ્ધ શુદ્ધ એમ વાત નથી. સમજાય છે કાંઈ?

ફરીથી. છઠ્ઠી ગાથા છે ને. '**અન્યદ્રવ્યોના ભાવોથી...**' એમ પાઠ છે, હોં! પોતાના વિકારથી નહિ. એ તો અન્યદ્રવ્યના ભાવથી છૂટ્યો એટલે વિકારથી પણ લક્ષ છૂટી ગયું અંદર. સમજાય છે કાંઈ? આહા..હા..! શું ટીકા! અને શું આ વાત! આહા..હા..! સમયસાર તો ... છે. બધા ગ્રંથોનો સાર! આહા..હા..! કહે છે, ભગવાન આત્મા જ્ઞાયકરૂપ ભાવ છે તે શુભ-અશુભભાવ જે અચેતન છે, શુભભાવ અચેતન છે, દયા, દાન, મહાવ્રતના ભાવ અચેતન છે, રાગ છે. રાગમાં ચેતનનો અંશ નથી. એ જ્ઞાયકભાવ જે છે.. લખ્યું છે, જુઓ! છે? '**(જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી).**' કૌંસમાં છે ઉપર. છે? જરી સૂક્ષ્મ વાત છે. એમ વાત છે કે શુભ-અશુભભાવ જે છે ને, એ રાગ છે અને રાગ છે એમાં જાણવાની શક્તિ નથી અને ભગવાન આત્મા તો જ્ઞાયક શક્તિવાળું તત્ત્વ છે. જ્ઞાયકભાવરૂપ તત્ત્વ શુભાશુભભાવ અચેતન છે તે રૂપે થયું જ નથી. જ્ઞાયક જ્ઞાયકરૂપે રહ્યો છે. સમજાય છે કાંઈ? તો શુભાશુભભાવરૂપે થયો નથી તેથી તેમાં પ્રમત્ત-અપ્રમત્ત નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ આ તો. સમજાય છે કાંઈ?

એ અહીં કહ્યું, નિશ્ચય... ત્રિકાળી. '**એક આત્મા જ...**' એકાંત થઈ ગયું આ તો. કથંચિત્ આત્માનું સેવન કરવું અને કથંચિત્ પર્યાયનું સેવન કરવું એમ ન કહ્યું. એઈ..! ભગવાનનો માર્ગ તો અનેકાંત છે. આ રીતે કરવું અને બીજી રીતે ન કરવું એ અનેકાંત છે. આમ પણ કરવું અને આમ પણ કરવું એ અનેકાંત નથી, એ તો ફૂદડીવાદ છે. આહા..હા..! '**માટે...**'

માટે એટલે? આત્માનું સેવન કરવાથી ત્રણ પ્રકારની પર્યાય પ્રગટ થાય છે, પણ ત્રણ પ્રકારનો સ્વભાવ અનેક થઈ ગયો અને જ્ઞાયકભાવ એકરૂપ છે. આહા..હા..! જ્ઞાયકભાવ એક ભાવરૂપે છે. એનું સેવન કરવાથી પર્યાય ત્રણ થઈ ગઈ, તે અનેક ભાવરૂપ થઈ ગઈ. અનેક સ્વભાવ—દર્શનરૂપ સ્વભાવ, જ્ઞાનરૂપ સ્વભાવ, ચારિત્રરૂપ સ્વભાવ, ભિન્ન-ભિન્ન સ્વભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ? દર્શનનો પ્રતીતરૂપ સ્વભાવ, જ્ઞાનનો જાણવારૂપ સ્વભાવ અને ચારિત્રનો શાંતિ અને વીતરાગીરૂપ સ્વભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્માનો એકરૂપ જ્ઞાયકસ્વભાવ. આહા..હા..! એકરૂપ સ્વભાવનું સેવન કરવાથી અનેકરૂપ સ્વભાવ પર્યાય ઉત્પન્ન થાય છે, પણ એ પર્યાયનું સેવન કરવું એ તો વ્યવહારથી ઉપદેશ દેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? આહા..! આવો ઉપદેશ માણસને...

**શ્રોતા :-** દર્શન, જ્ઞાન, ચારિત્રની સેવા કરવી કે ન કરવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સેવા કરવી એક આત્માની, આવ્યો નહિ સરવાળો? છે? '**માટે સ્વયમેવ એમ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવાયોગ્ય છે.**' સરવાળો કેવો લીધો! ઓહો..હો..! ભાઈ! આ તો મોક્ષના માર્ગની વાત. પ્રભુ! આ કંઈ ક્રિયા કરવી ને આ કરવું ને આ કરવું ને અપવાસ કરી નાખ્યા ને.. સમજાય છે કાંઈ? ઊના પાણી પીવા ને લોચ કરવો એ તો બહારની ચીજ છે, એ વસ્તુ ક્યાં છે! સમજાય છે કાંઈ? અહીંયા તો પંચમહાવ્રતનો વિકલ્પ છઠ્ઠા ગુણસ્થાને આવે છે તેને પણ કાઢી નાખ્યો. છે, તે માર્ગ નથી. માર્ગ છે તે પણ વ્યવહાર છે, એમ કહી દીધું. આહા..હા..! ગજબ વાત છે! ત્રણ પ્રકાર પડી ગયા ને. ત્રણ ભેદ—ત્રણ પ્રકારનો સ્વભાવ થઈ ગયો ને. એકનો પ્રતીતરૂપ સ્વભાવ, એકનો જાણવારૂપ, એકનો સ્થિરતારૂપ—ત્રણ સ્વભાવ થઈ ગયા. આહા..હા..!

'**માટે સ્વયમેવ સિદ્ધ થાય છે...**' સ્વયમેવ વસ્તુની દૃષ્ટિમાં એક આત્માનું જે સેવન કરવું એ સિદ્ધ થાય છે. આહા..! અરે..! ગાથા બહુ ઊંચી! સો ટચ. સોળવલું સોનું કહે છે ને, પૂર્ણ! આહા..હા..! ૧૪મી ગાથામાં સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કથન કર્યું. ૧૫મી ગાથામાં જ્ઞાનાનુભૂતિ (કહી). પેલામાં આત્માનુભૂતિ તે સમ્યગ્દર્શન. પછી અહીં કહ્યું, આત્માનું જ્ઞાન--આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ છે. આહા..! પછી કહ્યું કે આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ અને એમાં સ્થિરતા કરવી... આહા..હા..! એ ચારિત્ર. પણ એ ત્રણેય પર્યાય થઈ ગઈ અને ભેદ થઈ ગયો, આહા..હા..! અને ત્રણ પ્રકારનો સ્વભાવ થઈ ગયો. ભગવાન આત્મા એકરૂપ જ્ઞાયકસ્વભાવ છે.

**શ્રોતા :-** તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય છે અને આપ કહો છો કે વ્યવહાર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય છે, પણ પર્યાયથી કથન છે. આ કહ્યું ને. એ પર્યાયથી

કથન છે. દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગ છે એ વ્યવહારનું કથન છે. વસ્તુ નિશ્ચય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન છે નિશ્ચય, પણ કથન ભેદ પાડીને કહેવું તે વ્યવહાર છે. એ પ્રવચનસારમાં છે. ભેદથી કથન કરવું એ વ્યવહાર અને અભેદથી (કથન કરવું) એ નિશ્ચય. પ્રવચનસારમાં પાછળ છે. પ્રવચનસાર. '**ભેદાત્મક હોવાથી...**' '**(સંયતત્ત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ) ભેદાત્મક હોવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે, એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' ૨૪૨ ગાથા, પ્રવચનસારની. છે? એ તો અહીં આવ્યું ને? (કળશ-૧૬). આહા..હા..!

'**પ્રતિપાદકના આશયને વશ, એક હોવા છતાં પણ અનેક થતો હોવાથી (અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક-એકાગ્રતારૂપ હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ---દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ--- થતો હોવાથી) એકતાને (એકલક્ષણપણાને) તેમ જ ત્રિલક્ષણપણાને પામેલો જે...**' ત્રણ લક્ષણને પામેલો અને એકપણાને પામેલો, બેનું જ્ઞાન પ્રમાણ છે. એકપણાને પામેલો તે નિશ્ચય છે, પર્યાયને પામેલો વ્યવહાર છે, બેયને એકસાથે જાણવું તે પ્રમાણ છે. આહા..! કુંદકુંદાચાર્યના શાસ્ત્રમાં તો ઘણું ગૂઢ ... શ્રીમદ્ કહે છે, શ્રીમદ્, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્ર છે ને. ... શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. શ્વેતાંબરની ઢીલપને લઈને રસ ઢીલાતો ગયો. દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. આ વસ્તુ કહેવા માગે છે. આહા..હા..! ... મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ટોડરમલે ખુલાસો કરી નાખ્યો કે શ્વેતાંબર અને સ્થાનકવાસી એ અજૈન છે, જૈન નથી. મોક્ષમાર્ગ પ્રકાશક. છે ને? પાંચમા અધ્યાયમાં છે. ... આ તો વીતરાગમાર્ગ! આહા..! જૈનધર્મ. એ.. પોપટભાઈ! ... એમના સાસરા ગુજરી ગયા ને. જમશેદપુર છે ઈ. આવો માર્ગ છે પણ રોજ રળવું, ખાવું ને.. પૈસા વધતા જાય ને આબરૂ ને મરી ગયા!

> લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો?
> શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
> વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,

શ્રીમદ્ રાજચંદ્ર છે ને? એ ૧૬ વર્ષે કહે છે. ૧૬ વર્ષની ઉંમરે. 'એનો વિચાર નહિ અહોહો એક પળ પણ તમને હવો.' એ.. પોપટભાઈ! શું કીધું? કે લક્ષ્મી અને અધિકાર વધ્યો. બે કરોડ પૈસા, છ છોકરા, બંગલા, આબરુ, અમદાવાદમાં ફલાણે સંચા ને ઢીકણા ફીકણા..

**શ્રોતા :-** નાગપુર રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાગપુર છે? પોપટભાઈનું નાગપુર છે. બહુ ખબર નથી, ભાઈ! ન્યાં આપણે લાદીમાં ઉતર્યા હતા. ... થાણામાં. ધૂળમાંય નથી કહે છે. અહીં લક્ષ્મી અને

અધિકાર... મોટો દસ હજારનો પગાર. સુમનભાઈને આઠ હજારનો પગાર, રામજીભાઈના દીકરાને. 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' શું કુટુંબ વધ્યું? પરિવાર વધ્યો. 'કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,' આહા..હા..! 'એનો વિચાર નહિ અહોહો એક પળ પણ તમને હવો.' એક પળ પણ વિચાર કર્યો નથી કે હું ક્યાં વધ્યો છું અને શું છે આ તે? આહા..હા..! એ.. ચંદુભાઈ! ડોક્ટરપણું ચાલે સરખું. છોકરાને પાસ કરીને મુંબઈ મોકલાવ્યો ને લાંબુ-લાંબુ લપસીંદર થઈ ગયું. ... આહા..હા..! આ જગતના ખેલ બહારના ભાઈ, ભારે આકરા. અહીં તો વીતરાગ ત્રણલોકના નાથ ગણધર અને ઈન્દ્રોની વચમાં સમવસરણમાં દિવ્યધ્વનિ કરતાં હતા એ દિવ્યધ્વનિ છે આ. સમજાય છે કાંઈ? આહા..! શું સિદ્ધાંત કર્યો! ઓહો..!

'**ભાવાર્થ :- દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આત્માના જ પર્યાયો છે. કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે...**' જુઓ! '**અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.**' આહા..હા..! વ્યવહારથી ભેદ થઈ ગયો ને. વિકલ્પ ઊઠ્યો અને ઉપદેશમાં ઈ આવે કે આત્માની સેવા કરો, પણ એ વ્યવહારથી કથન આવ્યું ને, વિકલ્પથી. આહા..હા..!

'**હવે, એ જ અર્થનો કલશરૂપ શ્લોક કહે છે :-**' ૧૬...૧૬.

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

'**શ્લોકાર્થ :- પ્રમાણદૃષ્ટિથી જોઈએ તો આ આત્મા એકીસાથે અનેક અવસ્થારૂપ...**' પર્યાય એ ભેદરૂપ-મેચક. '**અને એક અવસ્થારૂપ...**' અભેદ-અમેચક. હવે એનો ખુલાસો કર્યો. '**दर्शन-ज्ञान-चारित्रैः त्रित्वात्**' '**કારણ કે એને દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે...**' એ વ્યવહાર આવ્યો. '**અને પોતાથી પોતાને એકપણું છે.**' એ પરમાર્થ આવ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ? '**एकत्वतः**' એકરૂપ ત્રિકાળ. ત્રણ પ્રકારનું '**त्रित्वात्**'. એ ત્રણ પ્રકાર એ વ્યવહાર આવ્યું અને એકપણું એ નિશ્ચય આવ્યો. આહા..હા..! શૈલી તો જુઓ!

વસ્તુ જ્ઞાયકભાવ એકરૂપ જાનન.. જાનન.. જાનન. ત્રિકાળ સ્વભાવ જ્ઞાનનો પિંડ, જ્ઞાનનો પુંજ એની રુચિ કરી. એટલે સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે. ભગવાન એકલો સર્વજ્ઞસ્વભાવી પદાર્થ (છે). એક સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ. આહા..હા..! નિશ્ચયથી તેનું સેવન! અને દર્શન, જ્ઞાન, ચારિત્રથી વ્યવહારથી કહેવું એ મલિનથી છે, અનેક સ્વભાવથી છે, વ્યવહારથી છે. એને મલિન કહેવાનો વ્યવહાર છે. એકરૂપ સ્વભાવને નિર્મળ કહેવાનો... આકરી વાત, બાપુ!

'**ભાવાર્થ :- પ્રમાણદૃષ્ટિથી ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે છે,...**' પ્રમાણદૃષ્ટિથી. દ્રવ્ય અને પર્યાય બેય સાથે છે. પ્રમાણ. '**તેથી આત્મા પણ એકીસાથે**

**એકાનેકસ્વરૂપ દેખવો.**' ત્રિકાળપણે એક અને પર્યાયપણે અનેક. એ દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય એ અનેક. એકપણે આત્મા. આહા..! એમ પ્રમાણથી જોવું. બેયને જાણવા. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રથી સેવવો એ વ્યવહારથી કથન આવ્યું, એ મલિન કથન આવ્યું, ભેદકથન આવ્યું અને અનેક સ્વભાવરૂપ કથન આવ્યું તે જાણવાલાયક છે, પણ એની પહેલાં આત્મા એકરૂપ છે, અભેદસ્વભાવી છે એવું જ્ઞાન થયું એમાં ત્રણ પર્યાય થઈ ગઈ. એકરૂપને દેખવું તે નિશ્ચય અને ત્રણને જોવું તે વ્યવહાર છે, (બેયને એકીસાથે) જોવા તે પ્રમાણ છે. સમજાય છે કાંઈ?

ફરીથી. આપણે ક્યાં ન્યાં... વસ્તુ જે છે... પરની તો અહીં વાત જ નથી. શરીર, વાણી, વિકલ્પની તો (વાત જ નથી)! ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એક જ્ઞાયકસ્વભાવ.. જ્ઞાયક લીધો છે ને? છઠ્ઠી ગાથામાં. પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય વિનાનો એક જ્ઞાયકસ્વભાવને જોવાથી.. એ નિશ્ચય થયો અને ત્રણરૂપે પરિણમન જાણવું, પરિણમન ત્રણરૂપે જાણવું એ વ્યવહાર થયો. બેયને એકસાથે જાણવા તે પ્રમાણ થયું. આહા..હા..! આશ્રય તરીકે, આદરણીય તરીકે એક ત્રિકાળ. જાણવાલાયક તરીકે વ્યવહારનયનો વિષય ત્રણપણે પરિણમે એ. ત્રિકાળ નિશ્ચય એક છે તેને રાખીને પર્યાયનું જ્ઞાન બીજું ભેળવ્યું, પણ તેને રાખીને ભેળવ્યું. શું કહ્યું ઈ? ત્રિકાળ જ્ઞાયકભાવ એકરૂપ છે તે નિશ્ચય એકરૂપ સ્વભાવ અને તેની સાથે પર્યાયના ભેદનું લક્ષ કરવું તે વ્યવહાર. એ નિશ્ચયની સાથે વ્યવહારનું જ્ઞાન, પણ નિશ્ચયને રાખીને પર્યાયનું જ્ઞાન નિદાન કર્યું તો પ્રમાણજ્ઞાન કહેવામાં આવ્યું. પ્રમાણજ્ઞાનમાં વ્યવહાર આવ્યો માટે નિશ્ચય અંદર ભૂલી ગયો છે, એમ નહિ. નિશ્ચય તો એકરૂપ છે એ તો નિશ્ચય પ્રમાણમાં પહેલાં આવી ગયો, પણ એની સાથે ત્રણ પ્રકારે પર્યાયનું પરિણમવું થાય એ વ્યવહારને સાથે ભેળવ્યો, પણ એ નિશ્ચયને સાથે રાખીને વ્યવહારને ભેળવ્યો ત્યારે પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**એકાનેકસ્વરૂપ દેખવો.**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૮, રવિવાર, તા. ૨૫-૦૧-૧૯૭૬, શ્લોક-૧૭-૧૮, પ્રવચન નં. ૫૬

૧૭મો (શ્લોક) છે ને?

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।।१७।।

'**શ્લોકાર્થ :- આત્મા એક છે...**' જ્ઞાયકસ્વભાવી વસ્તુ ભગવાન આત્મા તો એક જ છે. '**તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ (મેચક) છે...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવરૂપ એક જ સ્વરૂપે છે. એમાં ત્રણ પ્રકારથી જોવું વ્યવહારદૃષ્ટિથી, સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ પ્રકારનું પરિણમન વ્યવહારદૃષ્ટિથી જુઓ તો અનેકાકાર છે, એ મેચક છે. સ્વભાવ એકરૂપ દૃષ્ટિનો-સમ્યગ્દર્શનનો જે વિષય છે એ તો એકરૂપ ચિદાનંદ છે, તેના ત્રણ ભેદ પાડવા એ વ્યવહાર (છે). શુભભાવની તો વાત જ નથી, એ તો ક્યાંય આવ્યું જ નહિ, એ તો સંસાર ખાતે (ગયો). સમજાય છે કાંઈ? ફક્ત અહીં એકરૂપ સ્વભાવ છે એમાં ત્રણ પ્રકાર સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચય હોં! વીતરાગી પર્યાય, એવા સ્વભાવથી એકરૂપ, પર્યાયથી ત્રણ સ્વભાવરૂપ—દર્શન, જ્ઞાન, ચારિત્ર. સ્વભાવથી નિશ્ચય, ત્રણ પ્રકારની પર્યાયથી વ્યવહાર. સ્વભાવથી અમેચક-નિર્મળ, ત્રણ પ્રકારની પર્યાયથી જોવો તે મલિન અને વ્યવહાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? માર્ગ ભાઈ, બહુ સૂક્ષ્મ છે. અત્યારે તો બહારની પ્રવૃત્તિમાં આ આખી ચીજ ગુપ્ત થઈ ગઈ. આહા..હા..!

કહે છે કે એક આત્મા... જુઓ, '**આત્મા એક છે...**' વસ્તુ તરીકે તો જ્ઞાયકસ્વભાવરૂપ ચિદ્‌ઘન એકસ્વરૂપી છે. '**તોપણ વ્યવહારદૃષ્ટિથી...**' નિશ્ચયથી એકસ્વરૂપી છે. '**વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો...**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, પ્રતીત, અવબોધ, જાણવું, વિશ્રામ લેવો-સ્થિરતા એવા ત્રણ પ્રકાર, વ્યવહારથી જુઓ તો ત્રણ પ્રકાર છે, એ મેચક છે. ત્રણ પ્રકાર જોવા તે મેલ છે, મલિન છે. આહા..હા..! આકરી વાત છે, ભગવાન! અત્યારે તો ક્રિયા આદિ બહારની પ્રવૃત્તિ દેખીને 'આહા..હા..!' થઈ જાય એવી પ્રવૃત્તિ છે, પણ આ વસ્તુસ્થિતિની તો ખબર નથી. સમજાય છે કાંઈ?

વસ્તુ જે આત્મા છે આત્મા અંદર, આ શરીર, વાણી આ તો જડ માટી ધૂળ છે, એ આત્મામાં છે નહિ અને એ આત્માની છે નહિ. કર્મ જે જડ છે એ આત્માના નથી અને એ આત્મામાં નથી. આહા..હા..! પુણ્ય-પાપના ભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના

ભાવ, કામ, ક્રોધ એ આત્મામાં નથી અને આત્માના નથી. સમજાય છે કાંઈ? હવે આત્મામાં રહ્યા અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા એકરૂપ છે અને તેનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ પરિણમનથી જુઓ તો વ્યવહાર છે. ત્રિકાળ એકરૂપ જુઓ તો નિશ્ચય છે, ત્રણરૂપ જુઓ તો વ્યવહાર છે. એકરૂપ દેખો તો અમેચક નામ નિર્મળ છે, ભેદથી જુઓ તો તે મલિન છે. એકરૂપ જુઓ તો એકાકાર છે, ત્રણ પર્યાયથી જુઓ તો અનેકાકાર છે. આહા..! આ માર્ગ. સમજાય છે કાંઈ? આ શ્લોક સોળ આની શ્લોક છે ને. આહા..!

આત્મામાં ગુણ-ગુણી ભેદથી જુઓ તો એ અનેકાકાર છે, વ્યવહાર છે, મલિન છે. આહા..હા..! આશ્રય કરવાલાયક નથી. ત્રણ પ્રકારનું—દર્શન, જ્ઞાન, ચારિત્રનું પરિણમન પણ આશ્રય કરવાલાયક નથી. ઝીણી વાત, ભગવાન! .. ક્યાં કહેવું, કોને કહેવું...? આહા..! પાટનીજી! આત્મા એકસ્વરૂપી જ્ઞાયક ચિદ્‌ઘન ચૈતન્યસ્વભાવનો ભંડાર સૂર્ય, એ એકરૂપ નિશ્ચયનો વિષય એકરૂપ છે. સમ્યગ્દર્શનનો વિષય એકરૂપ છે. સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે. સમ્યગ્દર્શનનો વિષય અભેદ એ નિર્મળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તો પણ એની દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિને જુઓ તો વ્યવહારથી ત્રણ છે, વ્યવહારથી ત્રણ છે, ત્રણ સ્વભાવરૂપ છે. એકરૂપ સ્વભાવ છે, આ ત્રણ સ્વભાવરૂપ થઈ. આહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, હોં! શુભરાગની વાત નથી, એ સંસાર છે. આહા..હા..! આ તો પુણ્ય અધિકારમાં કહ્યું છે કે શુભને પુણ્ય-ભલા કેમ કહીએ કે જે સંસારમાં દાખલ કરાવે છે! આહા..હા..! શુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, કહે છે કે એ પરિણામને ભલા કેમ કહીએ? આચાર્ય કહે છે. જે સંસારમાં દાખલ કરે. ... છે. પુણ્ય-પાપ અધિકાર. એ સંસાર છે, શુભભાવ એ સંસાર છે, મલિન છે. નિશ્ચયથી તો એ પુણ્યના ભાવને પાપ કહ્યું છે. સમજાય છે કાંઈ? 'પાપ પાપને તો સૌ કહે, પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' યોગસારમાં છે.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની અત્યારે વાત નથી. .. માને એ અત્યારે વાત નથી.

અહીંયા તો એમ છે કે સમ્યક્ ત્રિકાળી વસ્તુ જે છે એના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચય તે વસ્તુ, એકરૂપ જેનો વિષય (છે). કહે છે કે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ લ્યે છે. વ્યવહારરત્નત્રય જે ઉત્પન્ન થાય છે... પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લા અધિકારમાં છે, સંસ્કૃત ટીકા છે. સમજાય છે કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ, આહા..હા..! આ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચયમોક્ષમાર્ગ અને વચ્ચે વિકલ્પ આવે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ '**व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः**' વ્યવહારથી કહેવામાં આવ્યું છે. '**परंपरया जीवस्य पवित्रताकारणत्वात् पवित्रस्तथापि**' રાગનો ભાવ કરીને '**बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति नश्यतीत्येकं कारणम्।**' એક તો સ્વદ્રવ્ય ભગવાન આત્માનું અવલંબન છોડીને શુભરાગનું અવલંબન લ્યે છે એ પરદ્રવ્ય

આલંબન છે. આહા..હા..! 'पराधीनत्वात्पतति' આહા..હા..! જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા તેના આશ્રયથી નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન થયા તેનાથી પતિત થાય છે, રાગ આવે છે તો. વ્યવહારરત્નત્રય (નો રાગ આવ્યો) એ નિશ્ચયરત્નત્રયથી પતિત થયો. આવી વાત છે, ભાઈ! જગતને (બેસવી કઠણ પડે). આહા..હા..! છે? **'पराधीनत्वात्पतति नश्यतीत्येकं कारणम्। निर्विकल्पसाधिरतानां'** અંદર આનંદમાં રહેવારૂપ નિર્વિકલ્પ દશા જે મોક્ષમાર્ગ છે તેના **'स्वरूपात्पतितं'** એ સ્વરૂપથી પતિત થયો. **'इति द्वितीयं कारणम्। इति निश्चयनयापेक्षया पापम्।'** પુણ્ય-પાપ અધિકારમાં છેલ્લે (જયસેનાચાર્યદેવની) ટીકામાં છે. આહા..હા..! યોગીન્દ્રદેવમાં પણ છે, અનુભવી તો પુણ્યને પાપ કહે છે. સમ્યગ્દષ્ટિ તો પુણ્યને જ પાપ કહે છે. અહીંયા આચાર્ય મહારાજ કહે છે, નિશ્ચયનયની અપેક્ષાથી વ્યવહારરત્નત્રય એ પાપ છે. પંડિતજી! રાગ છે. આહા..હા..! છે? મલિન છે, ... છે, શુભરાગ છે, સંસાર છે. આહા..! આકરી વાત, બાપા! વીતરાગનો માર્ગ! વીતરાગનો માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે, રાગથી ઉત્પન્ન થતો નથી. ચોખ્ખું લીધું છે હો, નિશ્ચયની અપેક્ષાએ વ્યવહારનય જે પુણ્ય એ પાપ છે. ૧૬૩ ગાથા છે ને? ૧૬૩ ગાથાની જયસેનાચાર્યની ટીકા છે. બહુ શ્લોક ઊંચો છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ લોકોને યથાર્થપણે સાંભળવા મળતો નથી. આહા..હા..!

કહે છે, **'આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ (મેચક) છે...'** **'दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः'** **'કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણ ભાવે પરિણમે છે.'** નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન.. વ્યવહારરત્નત્રયની વાત નથી, એ તો પાપ અને રાગ છે. આકરી વાત છે. ... પદમચંદજી ક્યાં ગયા? પાછળ બેઠા છે. ઠીક! ... માર્ગ આ છે, ભગવાન! આહા..! અરે..રે..! અનાદિથી સમ્યક્ ચીજની પ્રતીતિ વિના—અનુભવ વિના ચાર ગતિમાં રખડે છે.

અહીંયા કહે છે, એકને ત્રણ પ્રકારના પરિણમનથી જોવું તે મેચક છે, વ્યવહાર છે, અનેકાકાર છે, મલિન છે. આહા..હા..! અને એકસ્વરૂપ ત્રિકાળી આત્માને એકરૂપે જોવો તે નિશ્ચય છે, તે નિર્મળ છે, એ અભેદ છે, એ પરમાર્થ વસ્તુ છે. આહા..હા..! લોકોને એવું લાગે કે સોનગઢવાળા નિશ્ચય-નિશ્ચયની વાત કરે છે, કેટલાક કહે છે. ભલે કહે, એ સ્વતંત્ર છે, પણ એને ખબર નથી ચીજની. આહા..હા..! અહીં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ હતા ને. ભગવાનસ્વરૂપે છે, પંચપરમેષ્ઠીમાં છે ને! આહા..! પંચપરમેષ્ઠી પરમેશ્વર હતા. આ અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે. મૂળ શ્લોક ભગવાન કુંદકુંદાચાર્યનો છે. ઓહો..! ત્રણ ભાવોમાં પરિણમે છે.

**'ભાવાર્થ :-'** પંડિતજીએ પણ ભાવાર્થ કેવો લીધો છે. જુઓ, જયચંદ્ર પંડિત. **'શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા એક છે;...'** શુદ્ધ અને દ્રવ્ય જેનું પ્રયોજન છે એવી નય. શુદ્ધ પવિત્ર અને દ્રવ્ય એટલે અખંડ વસ્તુ જેનું પ્રયોજન છે એવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા

એક છે. '**આ નયને પ્રધાન કરી કહેવામાં આવે...**' જ્યારે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી અભેદથી એકરૂપથી કહેવામાં આવે '**ત્યારે પર્યાયાર્થિકનય ગૌણ થયો...**' શું પર્યાયાર્થિકનય? કે દર્શન, જ્ઞાન અને ચારિત્રનું પરિણમન એ પર્યાયાર્થિકનય થયો. આહા..હા..! પર્યાય છે તે પર્યાયાર્થિકનય છે. ત્રિકાળ છે તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આહા..હા..! ધીમેથી સમજવું, ભગવાન!

શુદ્ધ દ્રવ્ય અર્થી, એની વ્યાખ્યા છે. શુદ્ધ નામ ત્રિકાળ પવિત્ર, દ્રવ્ય નામ ત્રિકાળ વસ્તુ, અર્થી (અર્થાત્) જે નયનું પ્રયોજન છે. જે જ્ઞાનના પરિણામમાં શુદ્ધ ત્રિકાળ પ્રયોજન છે તેને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહે છે. સમજાય છે કાંઈ? તે નયથી આત્મા એક છે. સમ્યગ્દર્શનનો વિષય. જ્યારે '**આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિકનય ગૌણ થયો...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પરિણતિ એ પણ પર્યાયનયે ત્યાં ગૌણ કરી નાખી. આહા..હા..! સમજાય છે કાંઈ? વ્યવહારરત્નત્રયની તો અહીંયા વાત જ નથી, એ તો બંધનું કારણ છે. આહા..! પણ અહીંયા જે ભગવાન એકસ્વરૂપી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી જોવામાં આવે તો એકરૂપ છે અને એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સત્ય મોક્ષમાર્ગ છે, એ પર્યાયનયથી એને ગૌણ કરી, પર્યાયનયથી એને ગૌણ કરી દ્રવ્યાર્થિકનયની એકતાને મુખ્ય કરીને. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..!

'**ત્યારે પર્યાયાર્થિકનય ગૌણ થયો...**' અભાવ નથી થતો, ગૌણ થાય છે. આહા..હા..! શરીર, વાણી, મન તો એક બાજુ રહ્યા, આ તો જડ ધૂળ છે. પુણ્ય-પાપના ભાવ પણ એક બાજુ રહ્યો કેમકે પુણ્ય-પાપ મલિન છે. અહીંયા તો ત્રિકાળી ભગવાન એકરૂપી પ્રભુ એની પ્રતીતિ, જ્ઞાન અને ચારિત્ર-સ્વચ્છતા, હોં! તે એકરૂપની અપેક્ષાથી ત્રિકાળનો એકરૂપ સ્વભાવ એકરૂપ નિશ્ચય દ્રવ્યાર્થિકનય એકરૂપ વસ્તુ અને આ પર્યાય છે તે વ્યવહારનયનો વિષય છે, પર્યાયનયનો વિષય, મલિનનો વિષય છે. મેચક છે ને, મેચક. પર્યાયથી જોવું એ...

૪૬માં છે, પ્રવચનસારમાં ૪૬ ગાથામાં છે. અશુદ્ધનયથી પર્યાય... છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચયની પર્યાયને જાણવું એ અશુદ્ધનય છે. સુજાનમલજી! પ્રવચનસારમાં છે. માટીને વાસણની પર્યાયથી જોવી તે અશુદ્ધનય છે. માટીને માટીરૂપે જુઓ તો શુદ્ધ છે. એમ ભગવાન આત્માને જે નિર્મળ પર્યાય છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જુઓ તો તે અશુદ્ધ છે, જેને અહીંયા મલિન કહ્યું, જેને અહીંયા વ્યવહાર કહ્યો, જેને અનેકાકાર કહ્યું. ત્રણનો સ્વભાવ ભિન્ન છે—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ભગવાનનો સ્વભાવ એકરૂપે છે. આહા..! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! જેને ઇન્દ્રો અને ગણધરો સાંભળે અને અંતરમાં પચાવે એ વાત કેવી હોય, ભાઈ! સમજાય છે કાંઈ? આ ધૂળ—પાંચ-પચાસ લાખ માટે મરી જાય છે બિચારા, દેશ મૂકીને પરદેશમાં. અજીતભાઈ! દેશ મૂકીને પરદેશમાં રૂપિયા ... દસ કરોડ ધૂળ મળે. એના માટે બિચારા મરી જાય મજૂરી આખો દી કરીને. એ બધી મજૂરી, હોં! ભગવાનજીભાઈ! એ બધી મજૂરી કરી છે. પુણ્ય હતું તો ઈ આવ્યું છે. કહો, સમજાય છે

કાંઈ? જ્યારે એમાં દેશ છોડવો, સગાવ્હાલા છોડીને પરદેશમાં રહેવું. તો આ ચીજ તો બાપુ! અલૌકિક વાત છે! અને તે પણ ત્યાં પુણ્ય હોય તો મળે. સમજાય છે કાંઈ? બુદ્ધિ વિનાના બારદાન જોયા છે. અમે જોયા છે ને. બારદાન સમજો છો? ખાલી કોથળા. બુદ્ધિ વિનાના કોથળા જેવા દસ-દસ લાખ (કમાતા) હતા. એમાં શું છે! અને બુદ્ધિના ખાં હોય (તો પણ) મહિને પાંચ હજાર પેદા કરવા હોય તો પરસેવા ઉતરે. આહા..હા..! એમાં કાંઈ નથી.

અહીં તો આ ચીજ જે છે... આહા..હા..! એકસ્વભાવી વસ્તુ, એકસ્વભાવી જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક... એવા એકસ્વભાવીની દૃષ્ટિથી (જોવું) તે નિશ્ચય છે, તે એકસ્વભાવી છે, એ નિર્મળ છે, એ અભેદ છે. એ વાસ્તવિક વસ્તુનું શુદ્ધ સ્વરૂપ છે અને તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિથી જોવું તે અનેકાકાર છે, ભેદ છે, વ્યવહાર છે, મલિન છે, અશુદ્ધ છે. માંગીલાલજી! આવી વાત છે. ... ભગવાન! માર્ગ તો ... શું કરે? આહા..!

કહે છે કે '**તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો...**' આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ, તેને ત્રણરૂપે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોં! તે રૂપ પરિણમતો કહેવો '**તે વ્યવહાર થયો,...**' આહા..! તે '**અસત્યાર્થ પણ થયો.**' આહા..હા..! કેમકે ત્રિકાળી જ્ઞાયકને સત્યાર્થ કહ્યો. ૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે. '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર અસત્યાર્થ છે. વળી કેટલાક એમ કહે છે ... અભૂતાર્થ કહો, અસત્યાર્થ ન કહો. રતનચંદજી કહે છે. પંડિતજી! ... અભૂતાર્થ કહો, અસત્ય ન કહો; પણ અભૂત કહો કે અસત્ય કહો, બેય એક જ છે. જયસેનાચાર્યમાં અભૂતનો અર્થ અસત્યાર્થ કર્યો છે. આચાર્યએ! આહા..! માણસને પોતાની દૃષ્ટિના પોષણ માટે આખા શાસ્ત્રના અર્થ બદલી નાખે. વસ્તુ તો જેમ છે તેમ રહેશે. તું બદલી જઈશ, વસ્તુ નહિ બદલે. ભગવાન આચાર્ય કહે છે તે જ પંડિતજીએ અર્થ કર્યો છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' સત્યાર્થ ત્રિકાળી ચીજ એકરૂપ એ સત્યાર્થ છે, ત્યારે તેનું ત્રણરૂપ પરિણમન કરવું એ વ્યવહાર થયો. એ ત્રિકાળની અપેક્ષાએ ત્રિકાળ ટકતી ચીજ નથી. એ અપેક્ષાથી ગૌણ કરીને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે. આહા..! સમજાય છે કાંઈ? કોને પડી છે? આ બહારના પૈસા ને ધૂળ.. જુવાન શરીર હોય ને પાંચ-પચાસ લાખ ભેગા કરે, મરી ગયો, થઈ રહ્યું એમાં ગુંચી ગયો. અહીં તો આવી વાત છે, ભગવાન! બાયડી ઠીક મળે ને આબરુ ઠીક હોય. એમાં કરોડ, બે કરોડ, પાંચ કરોડ (મળે).

જુઓને, કાલે વાત નહોતી કરી? શાંતિલાલ ખુશાલની વહુ સવા વર્ષથી અસાધ્ય છે. પોપટભાઈ છે? ગયા? ગયા. એના બનેવી છે. બે અબજ ચાલીસ કરોડ. એને પૂછ્યું હતું. સવા વર્ષથી અસાધ્ય છે. મહિનાનો પંદર હજારનો ખર્ચ કરે છે એની સેવા માટે. પૈસા છે ને. દરરોજનો પાંચસોનો ખર્ચ છે. સવા વર્ષથી અસાધ્ય છે. આમ પૈસા. ચાલીસ લાખનું મકાન છે. દસ-દસ લાખના બે મકાન છે. બસ્સો ચાલીસ કરોડ રૂપિયા છે. બસ્સો ચોલીસ

કરોડ. એક કરોડ, બે કરોડ નહિ. બસ્સો ચાલીસ કરોડ. સવા વર્ષથી પડી છે અસાધ્ય. પોપટભાઈ કહેતા હતા હમણાં, મહિનાનો પંદર હજારનો ખર્ચ છે. પૈસાવાળા છે ને. શું કહેવાય તમારે? નર્સ રાખે. ગૃહસ્થ માણસ ને. એક દિવસનો એક જણનો પાંચસોનો ખર્ચ. ... મહિનાનો પંદર હજારનો ખર્ચ છે. ..ભાઈ! અસાધ્ય. ઈ તો આ ડૉક્ટર નહિ? દસ્તુર ડૉક્ટર. ભાઈ! દસ્તુર ડૉક્ટરનો બાપ, અહીં રાજકોટ, છ વર્ષથી અસાધ્ય. છ વર્ષ. ... છ વર્ષ સુધી. આ તો માણસ સાધારણ કહેવાય અને આ પૈસાવાળા માણસ. પંદર હજારનો એક મહિને ખર્ચ. બાર મહિને બે લાખનો ખર્ચ. એક બાઈનો બે લાખ. અસાધ્ય-જડ જેવી સ્થિતિ, એ મરીને જાય ક્યાં? તારા પૈસા-બૈસા ધૂળનું શું કામ છે? આહા..હા..!

અહીં કહે છે, જે એકરૂપ વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય, ધ્રુવ, જે શુદ્ધદ્રવ્યાર્થિકનયનું ધ્યેય-વિષય, એની અપેક્ષાથી એક દ્રવ્યને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ભાવરૂપે પરિણમવું એમ કહેવું તે વ્યવહાર છે. એ વ્યવહાર નામ અસત્યાર્થ છે. આહા..! સમજાય છે કાંઈ? આ તો ત્રણલોકના નાથનો માર્ગ, ભાઈ! આ કાંઈ આલીદુઆલીની વાત નથી. આહા..હા..! જુઓને, સો ઈન્દ્રો, અસંખ્ય દેવનો લાડલો શક્રેન્દ્ર એકભવતારી છે, એક ભવે મોક્ષ જનાર છે. બાપુ! એ વાત કેવી હોય? એ કંઈ સાધારણ વાત ન હોય. કુંભાર પણ કહે છે, દયા પાળો ને ફલાણું કરો.

અમારે ઉમરાળા ગામ છે ને એમાં રિવાઝ હતો, ૭૦ વર્ષ પહેલાં, જ્યારે શ્રાવણ મહિનો આવે ને? શ્રાવણ મહિનો. આપણે પર્યુષણનો શ્રાવણ મહિનો. ત્યારે સ્થાનકવાસી હતા ને. શ્રાવણ મહિને શેઠિયા ગામમાં પાંચ સોપારી લઈને ... ઘાંચી પાસે... શું કહેવાય? કુંભારના ઓલા પાસે જાય. ઈ આપે એને. એટલે ઈ જાણે કે હવે એક મહિનો બંધ રાખવું પડશે. એક મહિનો અને પાંચ દી ઘાંચીની ઘાણી બંધ, એક મહિનો ને પાંચ દી કુંભારનો નિંભાડો બંધ. અમારે ઉમરાળા. ... સમજાણું? એ રીતે આર્યમાં એ સ્થિતિ હતી ગામડામાં. શેઠિયાઓનો ધર્મ છે આ જૈનધર્મ અને શ્રાવણ મહિનો એનો આવ્યો. એટલે શેઠિયા જાય, અમારે રોકડ શેઠ હતા, .. ઈ ઘાંચી પાસે જાય. એટલે સમજી જાય. શ્રાવણ સુદ-૧થી ભાદરવા સુદ-૫. નિંભાડો, નિંભાડો સમજો છો? કુંભાર.. કુંભાર. બંધ. એટલી તો જૈનના બહારના શેઠિયાઓની છાપ હતી. મુસલમાન બંધ રાખે અને હોડ ચાલે, જે પહેલો ખોલે ઈ વધારે પાપી. ભાદરવા સુદ-૫ પછી પણ કોઈ બે દી, ચાર દી, આઠ દી ચાલી જાય પછી ખોલે; પણ એ તો લૌકિક લાઈન હતી આવી તો. ઘાંચીની ઘાણી બંધ. ઘાણી સમજો છો ને? બંધ કરી દે. કુંભાર નિંભાડો બંધ કરી દે. એક મહિનો પાંચ દી બંધ. એટલી તો જૈનના શેઠિયાઓની જૈનધર્મની મુસલમાનો પર પણ એટલી છાપ હતી. એ કંઈ નવી ચીજ નથી. ... વીતરાગનો માર્ગ એ હશે? આહા..હા..!

વીતરાગ તો એમ કહે છે કે ભગવાન! તું એક સ્વરૂપે બિરાજમાન છો એની દૃષ્ટિ કર

તો એ સત્યાર્થ છે અને એમાં ત્રણ પ્રકારનું પરિણમન છે તો એ પર્યાયનયને ગૌણ કરીને ત્રિકાળને સત્ય કહીને તેને અસત્ય કહ્યું છે. અસત્ય કહીને તે મલિન છે એમ કહ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પંડિતજી! ભગવાન! ... '**ત્યારે પર્યાયાર્થિકનય ગૌણ થયો...**' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિની પર્યાય જે સાચો મોક્ષમાર્ગ છે, એ પર્યાયનય વિષય થઈ ગયો. દ્રવ્યનયનો વિષય તો ત્રિકાળ એકરૂપ થયો. એકરૂપ થયો એમાંથી એકાકાર, નિશ્ચય, અભેદ, પરમાર્થ ચિત્‌સ્વરૂપ એમાં ત્રણ પ્રકારનું પરિણમન અનેક ભાવ (થયા). કેમકે સમ્યગ્દર્શનમાં પ્રતીત, સમ્યગ્જ્ઞાનમાં જાણવું, સ્થિરતામાં વીતરાગતા—ત્રણેના સ્વભાવ ભિન્ન છે. અનેકાકાર અનેક, ભેદ, વ્યવહાર, મલિન, અસત્યાર્થ. સમજાય છે કાંઈ? આવો છે બાપુ માર્ગ તો! દુનિયા ગમે તે કહે. સમજાય છે કાંઈ? છે ને? અંદર લખ્યું છે.

'**તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો...**' એકરૂપી ભગવાન જ્ઞાયકભાવ, તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ પર્યાય છે, વીતરાગી પર્યાય છે, પણ ત્રણેનો ત્રણ સ્વભાવ છે. સમ્યગ્દર્શનનો પ્રતીત સ્વભાવ, જ્ઞાનમાં અવલોકન, ચારિત્રમાં અંદર વિશ્રામ લેવો. ત્રણ પ્રકારના ભાવ થઈને અનેકાકાર થઈને વ્યવહાર થઈ ગયો અને અસત્યાર્થ પણ થયો. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓહો..! ત્રણલોકના નાથ, એની વાણી નીકળતી હશે, એ ગણધરો ... સમજાય છે કાંઈ? '**એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે મેચક કહ્યો છે.**' મેચક કહો, મલિન કહો, ભેદ કહો, વ્યવહાર કહો. આહા..હા..! નવનીતભાઈ! આ તો ગાથા બહુ... આહા..હા..! સમયસાર જગતનો અદ્વૈતચક્ષુ, અદ્વૈતચક્ષુ. એની જોડમાં કોઈ બીજી ચીજ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ તો ભગવાન આત્મા એકરૂપ જે છે એ અદ્વૈતચક્ષુ છે. અંતર્મુખમાં ત્રિકાળીના દર્શન કરવા અથવા ત્રિકાળીનો અનુભવ કરવો, આહા..! એ અનુભવ એ પર્યાય છે, પણ ત્રિકાળી જે વિષય એ તો એકરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**પરિણામોને લીધે મેચક કહ્યો છે.**' જુઓ, મેચક. ટીકામાં તો એમ લીધું મેચક એટલે મલિન. આની ટીકા છે ને? ૧૬મી ગાથા ચાલી ને? એનો કળશ. ૧૬મો કળશ છે ને ઉપર? મેચક નહિ? અનેકાકારરૂપ મેચક. ઉપર ૧૬મો. '**પ્રમાણદષ્ટિથી જોઈએ તો આ આત્મા...**' મેચક અને અમેચક બેય છે. મેચક પણ છે અને અમેચક પણ છે. છે ને? ૧૬માં લખ્યું છે. '**आत्मा मेचकः**' ચેતનદ્રવ્ય મેચક-મલિન છે. '**કોની અપેક્ષાએ મલિન છે?**' '**दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्**' '**સામાન્યપણે અર્થગ્રાહકશક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહકશક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે—આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.**' આહા..હા..! રાજમલની ટીકા છે, એમાંથી સમયસાર નાટક બનાવ્યું છે. સમજાય છે કાંઈ? વિરજીભાઈ અને અમારે ચર્ચા બહુ થતી. વિરજીભાઈ વકીલ. આ કાઠિયાવાડમાં દિગંબરનો પહેલો અભ્યાસ વિરજીભાઈ

વકિલનો હતો. ... એ વારંવાર એમ કહેતા,

એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઈક ઠૌર;
સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર. ૨૦.

એ સમયસાર નાટકમાં છે. આ છે ને? ... બનારસીદાસનું છે. **'એક દેખિયે જાનિયે'** એક વસ્તુ ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદને દેખિયે, અવલોકીયે, તેને જાણીએ, તેમાં ઠરવું નામ વિશ્રામ લેવો. **'યહૈ સિદ્ધિ નહિ ઔર'. 'એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઈક ઠૌર'** એક સ્થાનમાં. **'એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઈક ઠૌર; સમલ વિમલ ન વિચારિયે'** નિશ્ચયથી અભેદ અને વ્યવહારથી ભેદ એવા વિકલ્પ ન કરવા. આહા..હા..! સમજાય છે કાંઈ? **'એક દેખિયે જાનિયે,'** આહા..હા..! એના ગુણના પરિણમનના ત્રણ ન દેખવા એમ કહે છે. આવો માર્ગ છે! **'એક દેખિયે'** એ ૧૯મી છે. આપણે ચાલે છે ૧૭મો. **'એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઈક ઠૌર.'** એક સ્થાન.. 'સમલ' ભેદ ન વિચારવો, પર્યાયનું પરિણમન. 'વિમલ' અભેદ આવો છે એકરૂપ એવો પણ વિકલ્પ ન કરવો. **'સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર.'** આ રીતે મુક્તિનો ઉપાય છે, બીજો કોઈ મુક્તિનો ઉપાય છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? હજી તો એના જ્ઞાનના ઠેકાણા ન મળે. એને આ શ્રદ્ધા અને જ્ઞાન ક્યાં થાય? વિપરીત શ્રદ્ધા હજી તો. આહા..હા..! બહારની ક્રિયા કરે પંચમહાવ્રત. એ પણ ક્યાં છે પંચમહાવ્રતના ઠેકાણા. આહા..હા..! ... પાંચ મહાવ્રતના વ્યવહારના પણ ક્યાં ઠેકાણા છે! સમજાય છે કાંઈ? આહા..હા..! આ વ્યવહાર નહિ. શુભવૃત્તિ વિકલ્પનો વ્યવહાર. આ વ્યવહાર તો નિશ્ચય ત્રણ તે વ્યવહાર. આહા..હા..! સમજાય છે કાંઈ? **'દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે મેચક કહ્યો છે.' 'હવે પરમાર્થનયથી કહે છે.'** એ ૧૭ થયો ને? ૧૭. સત્રહ કહે છે તમારે? ૧૮.

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।**

આહા..હા..! શું કળશ! અમૃતથી ભર્યા છે. ભાવની વાત છે. અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પહેલાં થયા, એના એક હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય થયા, એટલે બે હજાર વર્ષ થયા. સંવત ૪૯, ભગવાન પાસે સંવત ૪૯માં ગયા હતા. દિગંબર મુનિ. વંદેવાસ છે ને? મદ્રાસથી એંસી માઈલ દૂર આ બાજુ વંદેવાસ એક ગામ છે, દસ હજારની વસ્તી છે, ત્યાં ગયા હતા, અમે બે વાર ગયા હતા. મદ્રાસ છે ને? મદ્રાસ. એંસી માઈલ આ બાજુ એક વંદેવાસ ગામ છે. દસ હજારની (વસ્તી છે). ત્યાંથી પાંચ માઈલ છેટે પોન્નુર હિલ નામની ટેકરી છે, ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા હતા. સંસ્થાએ ... હજાર રૂપિયા આપ્યા હતા ત્યાં ઓરડી બનાવવાના. ... એ કુંદકુંદાચાર્ય સીમંધર ભગવાન પાસે ગયા હતા ત્યાં આ વાત સાંભળતા હતા. એ તો અનુભવી મુનિ હતા, ભાવલિંગી સંત હતા, પણ ભગવાન પાસે ગયા તો વિશેષ નિર્મળતા

થઈ. આહા..હા..! એ આ શાસ્ત્ર રચ્યા. સાક્ષાત્ ભગવાનની વાણી છે. એ વાણી બીજે ક્યાંય નથી, ભાઈ! એની આ ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય એક હજાર વર્ષ પછી જાગ્યા. ચાલતા સિદ્ધ! હતા તો મુનિ, દિગંબર મુનિ. એક મોરપીંછી કમંડળ. અંદર આનંદનો ઢગલો. અતીન્દ્રિય આનંદનો પ્રવાહ આવતો હતો. એ અહીંયા ટીકા બનાવી છે. આહા..હા..!

કહે છે, ૧૮ ને? **'परमार्थेन तु' 'શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો...'** ભગવાન આત્મા તો શુદ્ધનિશ્ચયનય, જેનો વિષય એક અભેદ છે એવા નયથી જોવામાં આવે તો **'व्यक्त-ज्ञातृत्व-ज्योतिषा' 'પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્ર...'** એ આત્મા તો જ્ઞાનસૂર્ય ચૈતન્યની ઝળહળ જ્યોતિ છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનસૂર્ય. એ જ્ઞાનનો સૂર્ય છે આત્મા. આહા..! **'પ્રગટ જ્ઞાયકતાજ્યોતિ...'** ભાષા છે? **'व्यक्त'** છે ને? **'व्यक्त'**. એ તો પર્યાયની અપેક્ષાથી ત્રિકાળી ચીજને અવ્યક્ત કહી છે, પણ અહીં તો ત્રિકાળી ચીજ વ્યક્ત-પ્રગટ જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ૪૯મી ગાથામાં છ બોલ કહ્યા ને? સમયસાર, ૪૯મી ગાથા. છ દ્રવ્યસ્વરૂપ લોક, છ દ્રવ્યસ્વરૂપ લોક એ જ્ઞેય વ્યક્ત, તેનાથી ભિન્ન ભગવાન આત્મા અન્ય અવ્યક્ત એમ છે. ૪૯માં. જોવું છે? આ સમયસાર છે ને? આ નવી છે. જુઓ!

**'હવે અવ્યક્ત વિશેષણને સિદ્ધ કરે છે. છ દ્રવ્યસ્વરૂપ લોક...'** બધા છ દ્રવ્ય, હોં! પરમાં સિદ્ધ ભગવાન એમાં આવી ગયા. **'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે...'** બહાર છે. **'તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.'** આહા..હા..! છ દ્રવ્ય. પછી અનંત સિદ્ધ, અનંત નિગોદ બધા આવી ગયા એમાં. **'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...'** એ જ્ઞાનનો વિષય જ્ઞેય છે, પર. તે **'વ્યક્ત છે...'** નામ બાહ્ય છે. ભગવાન આત્મા તેનાથી ભિન્ન **'અવ્યક્ત છે.'** એ અવ્યક્તને અહીંયા વ્યક્ત કહ્યું છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે.

અવ્યક્તનો અર્થ.. એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે. એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય—અનંતા સિદ્ધ જણાય છે, તો એક સમયની પર્યાય એ વ્યક્ત છે અને ભગવાન આત્મા તેનાથી ભિન્ન દ્રવ્ય ભિન્ન અવ્યક્ત છે. પર્યાયમાં આવ્યો નહિ માટે અવ્યક્ત કહેવામાં આવ્યું છે. અહીં એ જ અવ્યક્તને વ્યક્ત કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? છ બોલ છે. આહા..! અવ્યક્ત છે ને? અવ્યક્તના છ બોલ છે. **'કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે...'** દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ છે એ તો વ્યક્ત પ્રગટ બાહ્ય છે. **'તેનાથી જીવ અન્ય છે...'** એ કષાયના પરિણામ તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય, એ બધો કષાય છે, તેનાથી ભગવાન ભિન્ન છે. છે? **'જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.'**

**'ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...'** ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ સામાન્ય, એમાં ભૂત-ભવિષ્ય બધી પર્યાય અંતર્ગત છે. આહા..હા..! **'માટે અવ્યક્ત**

છે.' નિર્ણય કરનારી પર્યાય વ્યક્ત છે. સમજાય છે કાંઈ? અને એ સિવાય ચૈતન્ય સામાન્યમાં ભૂત, ભવિષ્યની બધી પર્યાય અંતર્નિમગ્ન છે. આહા..હા..! '**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.**' એક સમયની પર્યાયમાત્ર આત્મા નથી, એ તો ત્રિકાળી છે. માટે અવ્યક્ત છે. '**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.**' આહા..હા..! એક સમયની મોક્ષમાર્ગની પર્યાય વ્યક્ત છે, બાહ્ય. તેને બહિર્તત્ત્વ કહ્યું ને? વ્યક્ત છે. ભગવાન એ વ્યક્તને સ્પર્શતો નથી. છે? અંદર વ્યક્ત પ્રગટને સ્પર્શતો નથી, ત્રિકાળને સ્પર્શે છે. આહા..! '**વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.**' આ તો જરી ઝીણા છે. '**પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...**' છે. એક સમયની પર્યાયમાં રહેતો નથી. ગુલાંટ ખાય છે વારંવાર. દ્રવ્યસ્વભાવ.. દ્રવ્યસ્વભાવ.. દ્રવ્યસ્વભાવ. એક સમયની પર્યાયના અનુભવમાં નથી રહેતો. એ તો ત્રિકાળમાં રહે છે. ઝીણી વાત છે. ત્યાં અવ્યક્ત કહ્યું.

અહીં કહ્યું, એ આત્મા... છે? પ્રગટ વ્યક્ત છે ને? વ્યક્ત પ્રગટ છે. વસ્તુ, વસ્તુ તો પ્રગટ ચૈતન્યજ્યોત છે. આહા..! પ્રગટ કેવી છે? '**જ્ઞાયકતાજ્યોતિમાત્ર...**' ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ જ્યોતિ. આહા..! '**एककः**' જોયું? '**एककः**' '**कः**'નો અર્થ સ્વરૂપ કર્યો. આત્મા '**एककः**' એકસ્વરૂપ. સંસ્કૃત ટીકામાં છે. '**एककः**' એટલે '**एक एव**'. '**एककः**'. એક છે ને? '**एककः**' એટલે '**एक एव**'. '**कः**'નો અર્થ કર્યો. '**एक एव**'. ત્રિકાળી વસ્તુ એકરૂપ છે, શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય અથવા સમ્યગ્દર્શનનો વિષય. છે તો વિષય કરનારી પર્યાય પણ એનો વિષય છે એ તો એકરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધ્યેય જે છે સમ્યગ્દર્શનનું એ તો એકરૂપ છે. નિશ્ચયનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય કહો, એ એકરૂપ ત્રિકાળ વસ્તુ એકરૂપ છે.

'**सर्व-भावान्तर-ध्वंसि-स्वभावत्वात्**' આહા..હા..! '**કારણ કે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી...**' ત્રિકાળીની દૃષ્ટિ કરવાથી, ત્રિકાળીનું જ્ઞાન-ભાન કરવાથી '**સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...**' એ કેવો છે ત્રિકાળી સ્વભાવ? '**શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...**' પુણ્ય અને પાપના ભાવ અને અન્ય દ્રવ્યના સ્વભાવ શરીર, વાણી, મન '**તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને...**' એ શુભ-અશુભભાવ એ વિભાવ છે. તેને '**દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે.**' શુભાશુભભાવનો નાશ કરવાનો તેનો સ્વભાવ છે, એ વ્યવહારથી કહ્યું. સમજાય છે કાંઈ? નિશ્ચયથી તો... અહીં તો સમજાવવું છે ને. શુભ-અશુભભાવ જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ વિભાવ છે. એ ભાવને '**દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે.**' આહા..હા..! ભગવાન જ્ઞાયકભાવનો સ્વભાવ તેની દૃષ્ટિ કરે તો, તે છે એમ દૃષ્ટિ કરે તો.. તો જ સ્વભાવ થયો ને. આહા..હા..! સમજાય છે કાંઈ?

ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ ચૈતન્યઘન, એવા સ્વભાવની પ્રતીતિ અને જ્ઞાન થતાં એ સ્વભાવ વિભાવનો નાશ કરનારો છે. વિભાવની ઉત્પત્તિ કરનારો તો નહિ, પણ વિભાવનો નાશ કરનારો એ પણ વ્યવહારથી કહ્યું છે. નાશ ક્યાં કરવો છે? સ્વભાવ તરફ (ઝુકવાથી) વિભાવ ઉત્પન્ન થતો નથી, તેને નાશ કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? માથું ફરી જાય. આહા..હા..! શેઠિયાઓએ કોઈ દી સાંભળ્યું ન હોય. ... આ કરો ને આ કરો. આહા..!

**શ્રોતા** :-

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... માને અજ્ઞાની. આહા..!

અહીં તો કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો જે વિષય એકરૂપ જે સ્વભાવ, સમ્યગ્દર્શનનો જે વિષય એકરૂપ સ્વભાવ, તે અન્ય દ્રવ્યોનો અભાવ અને વિભાવનો અભાવ કરવાની તાકાત રાખે છે. આહા..! છે ને? '**सर्व-भावान्तर-ध्वंसि-स्वभावत्वात्**'. '**सर्व-भावान्तर**' પોતાના ભાવથી અનેરા ભાવ. પોતાના જ્ઞાયકભાવથી અનેરો ભાવ. '**भावान्तर**' જ્ઞાયકભાવથી અનેરા વિભાવ આદિ, તેનો '**ध्वंसि**' નામ નાશ કરવાનો જેનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ઉત્પન્ન કરવાનો તો એનો સ્વભાવ છે જ નહિ. કેમકે એમાં કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે. ગુણ તો બધા પવિત્ર છે. કોઈ શક્તિ એવી નથી કે વિકાર ઉત્પન્ન કરે. એવી શક્તિ હોય તો કદી વિકારનો નાશ થાય નહિ, સિદ્ધપણું થાય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ચંદુભાઈ! આહા..હા..!

'**सर्व-भावान्तर**' નિજ જ્ઞાયકભાવ સિવાય અનેરા ભાવ. '**भावान्तर**' નિજ જ્ઞાયકભાવ સ્વભાવ એકરૂપ સિવાય જેટલા ભાવ (થાય છે) તે '**भावान्तर-ध्वंसि**' નાશ કરવાના સ્વભાવવાળો. એનો નાશ કરવાના ત્રિકાળી સ્વભાવનો ભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સંસારનો નાશ કરવાનો જેનો સ્વભાવ છે. સંસાર શબ્દે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. સંસાર રાખવાનો એનો સ્વભાવ છે જ નહિ. આહા..હા..! શુભરાગ છે તેની રક્ષા કરે, રાખે એવો કોઈ ગુણ નથી, દ્રવ્ય નથી, સ્વભાવ નથી. તેમ સંસારનો જે ઉદયભાવ છે તેનો '**ध्वंसि-स्वभावत्वात्**' ભગવાન આત્માનો એનો નાશ કરવાનો સ્વભાવ છે. જેની દૃષ્ટિમાં ત્રિકાળી જ્ઞાયકભાવ આવ્યો તેનો સંસાર નાશ થઈ જશે. સંસાર બિલકુલ નહિ રહે. સંસાર શબ્દે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, હોં! સંસાર શબ્દે આ બાયડી, છોકરા, ધંધો એ નહિ, એ તો પરવસ્તુ છે. એઈ..! આહા..હા..! અરે..! ગાંડા-પાગલ કહે. પાગલ જીવો પાગલ કહે કે આ લાગે છે પાગલ. સાંભળ, સાંભળ બાપુ! આહા..હા..!

કહે છે કે '**શુદ્ધદ્રવ્યાર્થિક નયથી...**' શુદ્ધદ્રવ્યના પ્રયોજનભૂત જે ત્રિકાળી સ્વભાવને જુઓ તો '**સર્વ અન્યદ્રવ્ય...**' અને અન્યદ્રવ્યના સ્વભાવ. અન્યદ્રવ્યના સ્વભાવ '**તથા અન્યના નિમિત્તથી થતા વિભાવો...**' કર્મના ઉદયનો પણ નાશ કરવાનો સ્વભાવ અને કર્મના ઉદયથી અંતરમાં રાગ થયો તેનો નાશ કરવાનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? કેમકે

શુદ્ધદ્રવ્ય ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ એ નયથી જુઓ તો **'સર્વ અન્યદ્રવ્યોના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ...'** 'ध्वंसि' છે ને? 'ध्वंसि'. 'ध्वंसि-स्वभावत्वात्'. ધ્વંસ કરવાનો જેનો સ્વભાવ છે, એ વ્યવહાર છે. ૩૪મી ગાથામાં કહ્યું કે આત્મા રાગનો નાશ કર્તા એ પણ યથાર્થ નથી, એ તો કથનમાત્ર છે. ૩૪ ગાથા, ૩૪. રાગ અને વિભાવનો નાશ કર્તા કહેવો એ તો કથનમાત્ર છે. પરમાર્થે વિકારનો નાશ કરનારો આત્મા છે નહિ. આહા..હા..!

એ ૩૨૦મી ગાથામાં આવ્યું ને? ૩૨૦. જ્ઞાયકભાવ ઉદયને જાણે છે, નિર્જરાને જાણે છે, નિર્જરા કરતો નથી. ૩૨૦ ગાથા. ઉદયને જાણે છે, નિર્જરાને જાણે છે, બંધને જાણે છે, મોક્ષને જાણે છે. બસ! આહા..હા...! છે? આહા..! ચૈતન્યપ્રકાશ ચૈતન્યસૂર્ય ભગવાન. આહા..! જેને પ્રતીતમાં, અનુભવમાં આવ્યો તે માને છે કે આ સ્વભાવ તો રાગનો નાશ કરનારો સ્વભાવ છે. રાગ ઉત્પન્ન કરે અને રાગની રક્ષા કરે એવો સ્વભાવ છે નહિ. આહા..! **'તેથી તે અમેચક છે.'** ત્રિકાળી સ્વભાવ અમેચક છે, એકરૂપ છે, એકાકાર છે. સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ :- ભેદદષ્ટિને ગૌણ કરી અભેદદષ્ટિથી જોવામાં આવે તો આત્મા એકાકાર જ છે,...'** પર્યાયની દષ્ટિને લક્ષમાં ન લેતાં ત્રિકાળને લક્ષમાં લેતાં આત્મા એકાકાર જ છે. **'તે જ અમેચક છે.'** તે જ નિર્મળ છે, તે જ પવિત્ર ભગવાન આત્મા એકરૂપ છે. તેની દષ્ટિ કરે તો .... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

**પોષ વદ-૯, સોમવાર, તા. ૨૬-૦૧-૧૯૭૬,**
**શ્લોક-૧૯, ગાથા-૧૭-૧૮,**
**પ્રવચન નં. ૫૭**

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

નીચે. **'આત્માને પ્રમાણ-નયથી મેચક-અમેચક કહ્યો, તે ચિંતાને મટાડી જેમ સાધ્યની સિદ્ધિ થાય તેમ કરવું એમ હવે કહે છે :-'**

**'શ્લોકાર્થ :- આ આત્મા મેચક છે-ભેદરૂપ...'** શું કહે છે? કે આત્મા અખંડ જ્ઞાયકભાવ એકરૂપ વસ્તુ એ તો નિશ્ચયનો વિષય છે, ૧૯ કળશ છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિર્વિકારી પરિણમન પર્યાયમાં થયું તે વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય

એ અહીં વાત છે જ નહિ. આત્મા વસ્તુ છે એ એક જ્ઞાયકભાવરૂપ એક સ્વભાવરૂપ, એની દૃષ્ટિ એ નિશ્ચય અને તેને અભેદને નિર્મળ કહેવામાં આવે છે અને પર્યાયમાં ત્રણપણે પરિણમન. એક વસ્તુનું પરિણમન ત્રણ પ્રકારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચો નિશ્ચય મોક્ષમાર્ગ એ પણ ત્રણ છે એ મેચક છે, મેલ છે, વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? મેચક એટલે કે વ્યવહાર. વ્યવહાર એટલે કે મલિનતા. વ્યવહારને મલિતનતા કહેવાનો વ્યવહાર છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય—દયા, દાન, ભક્તિ એ વાત અહીં છે નહિ. એ તો વસ્તુ વ્યવહારનો વિષય નહિ, નિશ્ચયનો વિષય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ કહ્યું ને? કે **'આ આત્મા મેચક છે-ભેદરૂપ...'** છે પર્યાયથી. ત્રણ પ્રકારનું પરિણમન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિર્વિકલ્પ પરિણમન પણ પર્યાય છે ને. તેથી તેને મેચક કહ્યું છે. એને વ્યવહાર કહ્યો છે, એને ભેદરૂપ કહ્યો છે, એને અનેકાકાર કહ્યો છે, એને અશુદ્ધ કહ્યો છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! સત્ય વસ્તુ એવી છે અંદર. બહારથી લોકો કલ્પીને બેસે છે ને એમાં ધર્મ (માને છે). બાહ્ય ત્યાગ ને આ કર્યું ને આ કર્યું. લોકોને મહિમા લાગે છે અંદર. મૂળ ચીજની ખબર ન મળે. આહા...!

અહીંયાં કહે છે કે આ આત્મા એને મેચક નામ વર્તમાન પર્યાયના પરિણમનથી જુઓ તો તે ત્રણપણે છે, એ ભેદ થઈ ગયો એ મેચક એટલે મલિનતા કહેવાનો વ્યવહાર છે. એ અનેકાકાર થયો, એ અશુદ્ધ થયો, એ ભેદ થયો, અનેક જ છે. હવે એને એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... એવો જે ભાવ એને અહીંયાં અમેચક કહે છે. અમેચક એટલે કે નિર્મળ કહે છે. નિર્મળ એટલે એને અભેદ કહે છે. અભેદ એટલે એને એકાકાર કહે છે. આહા..હા..! અને તેને શુદ્ધ કહે છે. સમજાણું કાંઈ?

આત્મા મેચક-અમેચક કહ્યું.. અહીંયાં પહેલાં તો એ કહ્યું હતું કે એકરૂપ વસ્તુ છે જ્ઞાયકભાવ એની સેવના કરવી એટલે કે આત્માને સેવવો એને નિર્મળ કહ્યું હતું અને પર્યાયને સેવવો એટલે પર્યાયનો આશ્રય કરવો એ વ્યવહાર હતો. એ નિશ્ચયમાં નિર્મળતાનો વિકલ્પ નહોતો ત્યાં અને આમાં વ્યવહારનો વિકલ્પ હતો અને વ્યવહાર હતો પર્યાયમાં. હવે અહીં તો કહે છે કે એવું મેચક એવો જે વિકલ્પ.. સમજાય છે કાંઈ? આહા..હા..! જેમ ત્યાં કહ્યું છે ને? ૧૪૩ ગાથા. કળશ ગાથાનો, કર્તાકર્મ (અધિકાર). નિશ્ચયનયથી અબદ્ધ છે, શુદ્ધ છે, એક છે, પવિત્ર છે, અભેદ છે. એ વસ્તુ એમ જ છે, પણ વિકલ્પ કરવો કે આ અભેદ છે અને આ શુદ્ધ છે એ અહીં વાત નથી. એનો વિકલ્પ છોડવો એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ અમેચક કહ્યો છે એ તો નિર્મળપણાને, અભેદપણાને, એકપણાને, શુદ્ધપણાને નિર્મળ કહ્યો છે. એ વિકલ્પ વિનાની નિર્મળતાની વાત કરી હતી. સમજાય છે કાંઈ? અને પર્યાયમાં ત્રણપણે પરિણમન (થવું), નિશ્ચયમોક્ષમાર્ગનું પરિણમન (થવું). આ વસ્તુ છે તે જ્ઞાયક એકસ્વભાવી વસ્તુ અને ત્રણ પર્યાયનું પરિણમન એક પ્રતીતરૂપ ભાવ, એક

જાણવારૂપ ભાવ, એક સ્થિરતારૂપ ભાવ—ત્રણ સ્વભાવ ભિન્ન થઈ ગયા. ત્રણ થઈ ગયા એટલે અનેકાકાર થઈ ગયા. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! તેથી તે અશુદ્ધ કહેવામાં આવે છે. ત્રણપણાનું લક્ષ કરવું એ અશુદ્ધ છે. ત્રિકાળીનું લક્ષ કરવું એકાકારનું એનું નામ શુદ્ધ છે. આહા..હા..! અહીં તો હજી વાંધા બધા વ્યવહારના દયા, ને આ વ્રત, એને સાધન કહો, નહિતર એકાંત થઈ જશે, એમ કહે છે.

**શ્રોતા :-** બેયને સાધન કહે તો? ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાધન તો અસદ્ભુત વ્યવહારનયથી કહ્યું છે અને આ સાધન સદ્ભુત વ્યવહારનયથી કહ્યું છે. શું કહ્યું એ? કે નિશ્ચય સાધ્ય અને વ્યવહાર સાધક એમ પણ પંચાસ્તિકયમાં ૧૭૨ ગાથામાં આવે છે. એ તો નિશ્ચય સ્વરૂપનું સાધન કર્યું છે. પ્રજ્ઞાછીણીથી રાગ અને આત્માને ભિન્ન પાડી અને પ્રજ્ઞાછીણી દ્વારા ભગવાન આત્માને સાધકપણે પરિણમાવ્યો છે, એને રાગની મંદતા તે કાળે કેવી હોય ... સમજાણું કાંઈ? વસ્તુનું કથન બે પ્રકારે છે, સાધન બે પ્રકારે નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાતું હવે આમાં. સાધનનું નિરૂપણ બે પ્રકારે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે—નિશ્ચય અને વ્યવહાર, માર્ગ બે નહિ.

એ અહીં માર્ગ જે નિશ્ચય કીધો, આહા..હા..! એકરૂપ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એકરૂપ સ્વભાવ એને અમેચક કહ્યો, એને શુદ્ધ કહ્યો, એને અભેદ કહ્યો, એને એક આકારસ્વરૂપ કહ્યો અને ત્રણ પ્રકારે પરિણમન મોક્ષના માર્ગનું સાચું, સાચું પરિણમન, વ્યવહારની વાતું. આહા..હા..! એ ત્રણ પ્રકારે પર્યાયનું ભિન્ન-ભિન્નપણું. ત્રણેનો સ્વભાવ ભિન્ન થઈ ગયો ને? એકનું જાણવું, એકની પ્રતીત, એકની સ્થિરતા. ત્રણ સ્વભાવ (થઈ ગયા). એકાકાર જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ ત્રણ પ્રકાર પડી ગયા. આહા..હા..! સમજાય છે કાંઈ? તેથી કહે છે કે એ મેચક અને અમેચક અમે કહ્યું ખરું અને અમેચકને શુદ્ધ કહ્યો, આદરણીય કહ્યો હતો, પણ હવે અહીંયાં અમેચક છે, આ નિર્મળ અને આ શુદ્ધ અને આ મેચક પર્યાય ભેદ છે એવા વિકલ્પને છોડી દે. સમજાણું કાંઈ?

**'આ આત્મા...'** આ કળશટીકામાં તો એમ લીધું છે, ભાઈ! શ્રુતજ્ઞાનથી વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે, એવું કહ્યું. એવું બધું છે. કળશટીકા છે. જેમ ૧૪૩માં લીધું છે ને? કળશમાં. કર્તાકર્મમાં. એમાં એમ કે આ એકરૂપ છે, એવો પણ એક વિકલ્પ છે શ્રુતજ્ઞાનનો, એ અનુભવ નહિ. અભેદ છે એ પણ એક વિકલ્પ, એકરૂપ છે એવો પણ એક વિકલ્પ, શુદ્ધ છે એવો પણ વિકલ્પ, પછી આ ભેદ છે એવો એક વિકલ્પ, આ અશુદ્ધ છે ત્રણ પર્યાયથી એ પણ વિકલ્પ અને ત્રણ છે માટે વ્યવહાર એ પણ એક વિકલ્પ, સમજાય છે કાંઈ? એ કહે છે કે બે એ હોય **'એવી ચિંતાથી તો બસ થાઓ.'** આહા..હા..! કાલે કીધું હતું, નહિ? વિરજીભાઈ તો બહુ કહેતા. (સંવત) ૧૯૮૮ની સાલ પહેલાંથી. આ શ્લોકમાં,

એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઈક ઠૌર;

સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર. ૨૦.

એ આ કળશનો અર્થ છે. આ કળશનું હિન્દી છે બનારસીદાસમાં. આ કળશ ૧૯મો. સમજાણું કાંઈ? વિરજીભાઈને જોયા હતા કે નહિ? કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ પહેલો હોય તો એમને. બુદ્ધિ ઠીક હતી, બહુ નહોતી, પણ અભ્યાસ ઘણો.

અહીં કહે છે કે, આહા..હા..! ફક્ત એ દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ, અમેચક અને મેચક, શુદ્ધ અને અશુદ્ધ, અભેદ અને ભેદ એવા વિકલ્પ કરવા એ છોડી દે. આહા..! સમજાય છે કાંઈ? **'એવી ચિંતાથી તો બસ થાઓ.'** 'अलं'. 'अलं'. આહા..હા..! બહુ સરસ છે. પંડિત છે. આ તો ભાષા .. પંડિતજી! આહા..હા..!

એવી ચિંતાથી તો પ્રભુ હવે બસ થાઓ એમ કહે છે. આહા..હા..! એવા વિકલ્પમાં રહેવાથી કોઈ આત્મજ્ઞાન નહિ થાય, અનુભવ નહિ થાય. અનુભવમાં એ વિકલ્પનો પણ અવકાશ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? **'એવી ચિંતાથી બસ થાઓ.'** કેમ? **'સાધ્ય આત્માની સિદ્ધિ તો દર્શન, જ્ઞાન ને ચારિત્ર-'** સાધ્ય નામ મોક્ષની પર્યાયને સાધવું એની સિદ્ધિ તો દર્શન, જ્ઞાન અને ચારિત્રથી છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી છે. આ પણ ભેદનયથી સમજાવ્યું છે. ત્રણ ચીજ છે, બાકી આશ્રય તો એક જ કરવાનો છે. સમજાણું કાંઈ? પાઠમાં એમ છે ને? **'दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न'** એ તો ભેદથી પર્યાયથી લોકો સમજે (છે એટલે) ભેદથી સમજાવ્યું છે. બાકી ત્રણનું સેવન એમ નથી, સેવન તો એક આત્માનું જ છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ભાષા તો એમ છે. પાઠ પણ એમ છે. **'दंसणणाणचरित्ताणि सेविदव्वाणि'**. પર્યાયની સેવા કરવી, પાઠ એમ છે. એ તો પર્યાયથી લોકો જાણે છે.. નીચે કહેશે. નીચે કહે છે, જુઓ!

**'વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે.'** સેવના ત્રણની નથી, સેવના એકની છે. આહા..હા..! આવો માર્ગ. સમજાય છે કાંઈ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ પર્યાયથી જ સિદ્ધિ છે. જોયું, ત્રણ ભાવ છે ને. **'બીજી રીતે નથી...'** જેમાં અનેરા દ્રવ્યનો સહારો નથી. એ સહારો સ્વદ્રવ્યનો આવ્યો એમાં ત્રણ ભેદ પડ્યા, પણ પરદ્રવ્યનો કોઈ સહારો, વિકલ્પ કે દેવ-ગુરુ-શાસ્ત્ર મદદ કરે કે ભક્તિનો વિકલ્પ ઊઠે એ મોક્ષનો માર્ગ નથી. સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ ભારે કઠણ પડે માણસને. આહા...!

**'न च अन्यथा'** આ અનેકાંત કર્યું. આનાથી થાય અને આનાથી થાય એમ અનેકાંત નહિ, પણ વસ્તુસ્વરૂપ જે એકરૂપ છે એની સેવના કરતાં જે ત્રણ પર્યાય ઉત્પન્ન થાય છે એને ભેદથી સમજાવ્યું કે ત્રણની સેવા કરવી, એનાથી સિદ્ધિ છે, બીજી રીતે સિદ્ધિ નથી; અને એનો સરવાળો તો એ છે કે એકાકાર આત્માની સેવા કરવી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ત્રણે કળશો ઊંચા બહુ હતા. ૧૭, ૧૮, ૧૯. કાલે ઘણું આવ્યું હતું. આજે

આ (ચાલે છે). આહા..હા..!

**'આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ...'** એટલે મુક્તિ. **'આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે સાધ્ય છે.'** ધ્યેય નહિ. ધ્યેય ત્રિકાળી એકરૂપ છે. આહા..હા..! પણ પ્રગટ કરવાની અપેક્ષાએ કેવળજ્ઞાન અને મોક્ષપર્યાય તેને સાધ્ય કીધી. સમજાય છે કાંઈ? **'સાક્ષાત્ પ્રાપ્તિ...'** એટલે કે આત્માની ઉપલબ્ધિ, જેવો સ્વભાવે છે તેવો પર્યાયમાં પ્રાપ્તિ એ આત્મ ઉપલબ્ધિ, એ મોક્ષ એ સાધ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મા મેચક છે કે અમેચક છે...'** એટલે ત્રણ પર્યાયે પરિણમેલો છે કે એકરૂપ છે. મેચક એટલે ત્રણ પર્યાયે પરિણમેલો, અમેચેક એટલે એકરૂપ. **'એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી...'** એ અહીં લેવું છે. **'એવા વિચારો જ...'** ભેદરૂપના કરવાથી, અરે..! અભેદ છું એવો પણ વિચાર કરવાથી ભેદ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે સાધ્ય સિદ્ધ થતું નથી;...'** નિર્મળ એકરૂપ છું ત્રિકાળ, પર્યાયમાં ત્રણ પ્રકારનું અનેકાકારપણું છે, અશુદ્ધપણું છે, ભેદ છે અને અહીંયાં ત્રિકાળી તે અભેદ છે, એક સ્વભાવી છે, શુદ્ધ છે, અમેચક છે, નિર્મળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી;...'** એથી કાંઈ કેવળજ્ઞાનની પ્રાપ્તિ એટલે કે આત્મા છે તેવી પર્યાયમાં ઉપલબ્ધિ-પ્રાપ્તિ આવા વિચારોથી થતી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું અવલોકન,...'** સત્‌ની વ્યાખ્યા કરી. શુદ્ધ સ્વભાવ ત્રિકાળીનું અવલોકન, શ્રદ્ધા અને દેખવું. શુદ્ધ સ્વભાવનું જ્ઞાન, શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું. આહા..હા..! સ્વસંવેદન. આત્મા પૂર્ણાનંદનો નાથ એને સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ. સ્વ સંવેદન. સ્વ નામ પોતાને પ્રત્યક્ષથી વેદવું એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન અને બીજી અહીં વાત નથી. વ્યવહારું જ્ઞાન શાસ્ત્રનું વિકલ્પવાળું બહારનું એ નહિ. ફક્ત ભગવાન આત્મા શુદ્ધ એક સ્વભાવી છે તેનું સ્વસંવેદન પર્યાયમાં, સ્વસંવેદન. સ્વ નામ આત્માનું પ્રત્યક્ષ જાણવું-વેદવું એનું નામ સમ્યગ્જ્ઞાન. આહા..હા..! અને ચારિત્ર. કહ્યું હતું ને ઓલામાં? 'એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઇક ઠૌર' વિશ્રામ ત્યાં લેવો. જે વસ્તુ અખંડ અભેદ છે તેને દેખવો, તેને જાણવો, તેમાં વિશ્રામ લેવો. એ પણ ભેદ થયો, ઓલા અભેદની અપેક્ષાએ ત્રણ (થયા). આહા..હા..! કહો, ચંદુભાઈ! આવી વાતું છે. વીતરાગ માર્ગ છે, બાપુ! અને વીતરાગમાર્ગ એટલે તું પોતે વીતરાગસ્વરૂપ છો. એ વીતરાગમાર્ગ છે અહીં તો. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું...'** જોયું! શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ વેદન. જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણવું એનું થાય. આહા..હા..! **'અને ચારિત્ર અર્થાત્ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા–'** વિશ્રામ.. વિશ્રામ.. વિશ્રામ.. ધ્રુવ.. ધ્રુવધામમાં વિશ્રામ. આહા..હા..! **'તેમનાથી જ સાધ્યની સિદ્ધિ**

**થાય છે.'** જુઓ, પાછો 'જ' નાખ્યો છે. આનાથી થાય અને વ્યવહારથી થાય એમ કાંઈ ન નાખ્યું. એકાંત કહ્યું, તેમનાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ જ મોક્ષમાર્ગ છે,...'** ત્રિકાળી ભગવાન એકરૂપસ્વભાવની દૃષ્ટિ, અવલોકન અને એનું જ્ઞાન અને એની રમણતા તે એક જ મોક્ષમાર્ગ છે, મોક્ષમાર્ગ બે નથી. આ કહે છે ને અત્યારે ઓલા..? ટોડરમલજીએ કહ્યું કે મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, મોક્ષમાર્ગ બે નથી. સમજાય છે? મોક્ષમાર્ગ તો એક જ છે સ્વને આશ્રયે થાય તે. ત્યારે રતનચંદજી કહે છે કે બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં છે. ટોડરમલજી કહે છે, બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં છે. એવી ગડબડ કરી નાખી છે. અરે..! પ્રભુ! આહા..હા..! આ તો વસ્તુ .. છે. આહા..હા..!

આહા..હા..! આવો જ માર્ગ છે, બાપા! એ તો એમાં લખ્યું છે ને. એ શું કરે? દામનગર. કાઢી છેને, એક પત્રિકા મોટી કાઢી છે. વર્ણીજી કહે છે કે સોનગઢનું સાહિત્ય સંસારમાં ડુબાડનારું છે. એવું સાહિત્ય કાઢ્યું છે આણે ભાઈએ, લાલબહાદુરે. આમાં હશે, ક્યાંક છે ખરું. ભાઈ! સોનગઢકા સાહિત્ય સંસારમેં ડુબાનેવાલા હૈ, વર્ણીજી. વર્ણીજીએ કહ્યું હશે એટલે આણે (લખ્યું). અરે.. ભગવાન! બાપુ! તને ખબર નથી ભાઈ! આ સાહિત્ય સોનગઢનું નથી. આ તો આત્માના ઘરનું સાહિત્ય છે. મોટી ગડબડ છે. આમાં હવે નીકળ્યું. અરે..! ભાઈ! આ વસ્તુ બાપુ! વ્યવહારથી ન થાય એવું કહેતા એને નિશ્ચયાભાસ થઈ જાય છે. અહીં કહે છે કે વ્યવહાર એને કહીએ કે જે ત્રિકાળી એકરૂપની સેવા કરતાં ત્રણ પ્રકાર પર્યાયમાં પડે એને વ્યવહાર કહીએ.

**શ્રોતા :-** સદ્ભુત વ્યવહાર કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ વ્યવહાર છે પર્યાય. આહા..હા..! કહ્યું નહિ? આપણે ભાઈ! પ્રવચનસાર ૯૪ ગાથા. આત્મવ્યવહાર. ૯૪ ગાથામાં છે. આત્મવ્યવહાર એને કહીએ કે જે ત્રિકાળી ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર વીતરાગી પર્યાય (પ્રગટ થાય) એને આત્મવ્યવહાર કહીએ. ૯૪માં છે. જ્ઞેય અધિકારની ૯૪ ગાથા. આહા..હા..! અને રાગાદિનો વ્યવહાર એ મનુષ્યવ્યવહાર છે. એ ટીકા છે પ્રવચનસાર. આહા..હા..! દયા ને દાન ને વ્રત ને ભક્તિનો વિકલ્પ છે એ મનુષ્યનો વ્યવહાર છે, મનુષ્યનો માનસિક વ્યવહાર છે. એનાથી સંસાર ફળશે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ વ્યવહાર કે જે આત્મા જ્ઞાયક એકરૂપ વસ્તુ, એકરૂપ વસ્તુની સેવના એ સેવનામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થાય, નિશ્ચય હોં! સત્ય-ભૂતાર્થ મોક્ષમાર્ગ. બંધ અધિકારમાં છે ને ભાઈ? ભૂતાર્થ મોક્ષમાર્ગ કહ્યો છે. બંધ અધિકારમાં છે. રાગાદિને અભૂતાર્થ મોક્ષમાર્ગ (કહ્યો છે). આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન ભૂતાર્થ વસ્તુ, સત્યાર્થ જે કહ્યું ૧૧મી ગાથામાં, એ ભૂતાર્થની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એ ભૂતાર્થ છે. એ પર્યાયમાં ભૂતાર્થ, ઓલું દ્રવયમાં ભૂતાર્થ. આહા..હા..! શું શૈલી! સમજાણું કાંઈ? પાટણીજી!

ત્રિકાળી વસ્તુ એક સમયની પર્યાય સિવાય. પુણ્ય-પાપ સિવાય તો ખરી, પરથી રહિત

તો ખરી, પણ એક સમયની વ્યક્ત પર્યાય સિવાય ત્રિકાળી સત્યાર્થ જે ધ્રુવ વસ્તુ છે એ સત્યાર્થ છે. પર્યાયને ત્યાં ગૌણ કરીને વ્યવહાર કરીને અસત્યાર્થ કહ્યું છે. ભગવાન આત્માને મુખ્ય કરીને નિશ્ચય કરીને સત્ય કહ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..! એ જે ત્રિકાળી જ્ઞાયકભાવ અહીં જે એક કહે છે એ એકનું સેવન. એ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એકને હોં! ત્રણ પ્રકાર. એ ભૂતાર્થ વસ્તુ છે એમાંથી પર્યાય આ પરિણમી એને ભૂતાર્થ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે, સત્યાર્થ મોક્ષમાર્ગ એને કહે છે. એ સત્યાર્થ મોક્ષમાર્ગ એ પણ અહીં પર્યાય છે માટે વ્યવહાર છે. આહા..હા..! એઈ..! આવી વાત છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય હોં! ત્રણેય. પણ ત્રણેય પર્યાય છે ને? એથી પર્યાયનું લક્ષ કરવું તો કહે છે કે અશુદ્ધનય થઈ ગઈ. ત્રિકાળનો વિષય કરવો એ શુદ્ધ થાય. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ છે, ભાઈ! સત્ય જ એવું છે. આહા..હા..! ભગવાને કહ્યું છે એ છે, કર્યું નથી એણે પરનું. પોતાનું કામ કર્યું છે. આહા..હા..! એ લેખ આવ્યો છે. નહિ? ભગવાનનો જયસેનાચાર્યનો. આપણે આત્મધર્મમાં. હુકમીચંદજીનો. મહાવીરે શું કર્યું? કોઈને ઉપદેશ આપ્યો, કો'કને આમ કર્યું, હાથીને પછાડ્યો એ કર્યું એણે? મહાવીરે એ કર્યું, પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર વીતરાગતા. એ વીતરાગતાની વૃદ્ધિ કરીને રાગનો ઘટાડો કર્યો. આ એણે કર્યું છે. બીજું મહાવીરે ક્યાંય કોઈને ઉપદેશ આપ્યો કે એ ઉપદેશ વાણી તો જડની, એ ક્યાં મહાવીરની છે? આહા..હા..! માંગીલાલજી! આવી વાત છે. આહા..હા..! વીરે વીરતા ફોરવી હતી. બસ! વીતરાગતાની વૃદ્ધિ કરી હતી. એણે ઘટના કરી હોય તો રાગ ઘટાડ્યો એ કહેવું વ્યવહારે. આહા..હા..! વીતરાગતાની વૃદ્ધિ થતાં રાગ ઘટી જાય છે. રાગ ઘટાડ્યો એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.**' આ અનેકાંત છે. નિશ્ચય પણ મોક્ષમાર્ગ અને વ્યવહાર પણ મોક્ષમાર્ગ એ અનેકાંત છે, એમ છે જ નહિ. એ તો ફુદડીવાદ છે ફુદડી. ફર-ફર થાય ફુદડી એમ ફરે ને એ? આવું છે. આહા..હા..!

ત્યારે કહે છે કે આ ત્રણને સેવવું એમ કેમ કહ્યું? પાઠમાં (કહ્યું છે). '**વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે.**' સમજાણું કાંઈ? ત્રણનું સેવન કરવું છે એમ નહિ. સેવન તો આત્માનું જ કરવું, પણ વ્યવહારથી લોકો સમજે છે. સમજાવવાનો પ્રકાર ભેદથી હોય છે. એ પર્યાયની સેવના કરી એ ઉપદેશની શૈલી છે. બાકી સેવના તો ભગવાન એકાકાર આત્માની છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આ વાત ક્યાં છે, ભાઈ! ઓહો...! પરમસત્ય વીતરાગની ધ્વનિ છે આ તો. સમજાય છે કાંઈ?

'**હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છે :-**' ૧૭-૧૮. આ

મુંબઈમાં આ માગી છે લાલચંદભાઈએ. ત્યાં જવાનું છે ત્યારે ૧૭, ૧૮, ૩૧, ૩૮ ઘણી ગાથાઓ છે. તમારે ક્યાં આપણે વાંચવું છે આ? ફતેપુર ૧૭-૧૮. પહેલા હોં ઓલી કોર બાજુમાં. આની કોર નહિ.

जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।

ઓલામાં ત્રણનું સેવન કહ્યું હતું. અહીં કાઢી નાખ્યું. આત્માનું (સેવન કરવું કહ્યું). આહા..હા..! નીચે હરિગીત.

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**
**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

'ટીકા :- **નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી...**' એટલે કહે છે, ખરેખર જેને લક્ષ્મીની જરૂર છે એવો ધનનો અર્થી '**પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે...**' રાજાના લક્ષણો આદિ (જાણે કે) આ રાજા છે. અત્યારના રાજા નહિ હોં. આ તો બધા .. હોય તોપણ રાજા કહેવાય છે. આ તો રાજા. એ દાખલો ત્યાં આપતા એમાં. અનાથી મુનિનો ... શ્વેતાંબરમાં. એમાં એક વીસમું અધ્યયન છે. અનાથી મુનિ જંગલમાં હતા. એક બાવળની નીચે ધ્યાનમાં (બેઠા હતા). એમાં લેખ છે. એમાં શ્રેણિક રાજા નીકળ્યો હાથીએ. શ્રેણિક રાજા. એ ત્યાં એમ કહે છે ત્યાં સમકિત પામ્યા. આપણે આવે છે ને ઓલા સર્પનું. ત્યાં પામ્યો છે એ. હાથીથી હેઠે ઉતરીને પગે લાગે છે. પછી પોતે મુનિ કહે છે, હે રાજન! તું અનાથ છો. તું અનાથ છો. રાજાએ એમ કહ્યું કે પ્રભુ! તમે બાવળની હેઠે? આવું સુંદર શરીર રાજકુમાર જેવું અને આ શું? તમે અનાથ છો? કોણે કહ્યું? રાજાએ એને મુનિને અનાથ કહ્યો.

**શ્રોતા :-** પહેલાં મુનિરાજે કહ્યું પછી રાજાએ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી કહ્યું. અનાથ છો. રાજન! ... મહારાજન! તું અનાથ છો. પ્રભુ! મને ઓળખ્યો નથી. હું રાજા છું. અરે..! તને કહ્યું ને કે મહારાજ! તું અનાથ છો. .. કહ્યું હતું ને. તને ઓળખતા નથી. તારું ટાલકું, તારા પૈસા બધું. રાજા છો. એ તો કીધું મુનિએ. છતાં તું અનાથ છો તને કહું છું. સમજાય છે કાંઈ? તને શરણ નથી કોઈનું. ભગવાન ત્રણલોકનો નાથ તેનું શરણ નથી. તું અનાથ છો. મહારાજ! મને ઓળખ્યો નહિ. હું રાજા છું ને. મારા ઘરે તો રાણીઓ છે, અભયકુમાર જેવા રાજકુમારો છે, રાજાઓ ચામર

ઢાળે છે. ખબર નથી. કીધું તમને. રાજા કહીને તને અનાથ કીધો મેં. અનાથ છો.. અનાથ છો. મને તું શરણ દેવા આવ્યો અનાથ કરીને કે હું અનાથ છું. આહા..હા..! મહારાજ! બાપુ! ભાઈ! ત્રણલોકનો નાથ આત્મા, એના તને શરણ નથી. તું અનાથ છો. પોપટભાઈ! આ પૈસા-બૈસા એ અનાથ છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પૈસાની અપેક્ષાએ સનાથ અને આત્માની અપેક્ષાએ અનાથ, એમ અનેકાંત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એમ સનાથ છે જ નહિ. આહા..હા..! જુઓને, હમણાં આપણે નહિ? .. આહા..હા..! મારી નાખ્યો કોકે બિચારો. મોટો કરોડપતિ મોટો વળી. પૈસા બહુ ખરચતા. હમણાં આવ્યા હતા ત્યાં બેંગલોર. સાંભળતા હતા. પહેલાં કરતાં ફેર હતો. એને પૈસાનો જરી ખરચવાનો .. નહોતું, પણ આ ફેરી ... સાંભળતા હતા. એમાં આ ભાઈ ગયા ને. કોણ? જ્ઞાનચંદજી. બહુ આખી સભાને... જ્ઞાનચંદજી બહુ મધ્યસ્થ માણસ. વિદિશા ને? બહુ સભા ખુશી થઈ અને શેઠ પણ પોતે.. બિચારાને મારી નાખ્યો કો'કે. આહા..હા..!

પૈસા ને રાજપણા માટે સનાથ વ્યવહારે અને આત્મા નથી માટે અનાથ એમ નહિ. ધૂળ અને રાજાથી એ બધા અનાથ પ્રાણી છે. આહા...! કાંઈ એને મદદ કરતી નથી આત્માની શાંતિ માટે. ભગવાન આનંદનો નાથ પ્રભુ! આહા..હા..! જેને અહીં .. કહે છે એનું શરણ લે તો એ સનાથ થાય. આહા..હા..! બાકી બધા થોથા છે. ૩૨ હજાર રાજા હોય ને છન્નું હજારી સ્ત્રી હોય ચક્રવર્તીને, સોળ હજાર દેવ સેવા કરતાં હોય ને. ધૂળમાંય નથી. અનાથ છે બધા. ભિખારા અનાથ છે. નિજલક્ષ્મીની કિંમત નથી અને પરલક્ષ્મીના ભિખારા (થઈને ફરે છે). પોપટભાઈ!

**શ્રોતા :-** એમણે તો છોડી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી છોડ્યું, હજી અંદર છે. થોડું ધ્યાન રાખે ને. ધ્યાન તો રાખે ને છોકરાઓ કરે ઈ. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે, આહા..હા..! ધનનો અર્થી એમ કહ્યું. જે ધનનો અર્થી નથી એને તો કાંઈ રાજાની સેવા કરવી નથી. આજીવિકાનો અર્થી એટલે આજીવિકા બહુ જોઈતી હોય એનો અર્થી. '**પુરુષ બહુ ઉદ્યમથી...**' જોયું! કે જેમાં રાજા પ્રસન્ન થાય, એમ. એ બહુ ઉદ્યમથી. '**પ્રથમ તો...**' ધનનો અર્થી રાજાને જાણે. રાજાને જાણે કે આ પુણ્યવંત પ્રાણી છે. જેના કપડામાં, જેના શરીરમાં... સમજાય છે કાંઈ? 'ભાગ્ય છૂપે નહિ ભભુત લગાયા.' આવે છે ને? બાવો યોગી થાય બાવો પણ એનું ભાગ્ય હોય એ છૂપું રહે? આ તો રાજકુમાર (છે), દીક્ષા લીધી લાગે છે. સમજાય છે કાંઈ? એને અહીં કહે છે.. આહા..હા..! આવો રાજા એણે બરાબર જાણ્યો હોય.

'**આ રાજા છે,...**' પણ શી રીતે? રાજાને જાણે કે આ રાજા છે. જાણે રાજા (છે), એમ. આહા..હા..! '**પછી તેનું જ શ્રદ્ધાન કરે કે આ અવશ્ય રાજા જ છે,...**' જાણીને

પહેલું જાણ્યું. પછી શ્રદ્ધા કીધી. આત્મામાં એમ લેશે. જ્ઞાનથી વાત ઉતારી છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એમાં (પહેલું) દર્શન લીધું છે, પણ હેતુ એ છે કે દર્શન કારણ અને જ્ઞાન કાર્ય ગણીને દર્શનની પૂર્ણતા પહેલી થાય છે. એથી તે દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું. પણ જ્ઞાન કેમ કહ્યું? કે પહેલું જાણ્યા વિના પ્રતીત કોની? જે વસ્તુ જ્ઞાનમાં જણાણી નહિ એની પ્રતીત શેની? સમજાય છે કાંઈ? આહા..હા..!

જુઓ, '**જાણે કે આ રાજા છે, પછી તેનું જ...**' તે રાજાનું જ, એમ. એના દીવાનનું અને બીજાનું નહિ, એમ. '**શ્રદ્ધાન કરે કે આ અવશ્ય રાજા જ છે,...**' જરૂર આ રાજા છે. '**તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે...**' અહીં પુણ્ય હશે તો થશે અત્યારે એ વાત નથી લેવી. અહીં તો વ્યવહારથી વાત સિદ્ધ કરવી છે ને. દૃષ્ટાંત છે ને. '**ત્યાર પછી...**' શું કહ્યું? '**તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે...**' એવી શ્રદ્ધા કરી. જરૂર આ મહાપુરુષ રાજા છે. પુણ્યનો ધણી! આહા..હા..!

આવે છે ને એવું શ્વેતાંબરમાં? વસ્તુપાળ અને તેજપાળ બહુ પૈસાવાળા શ્વેતાંબર. જાત્રા કરવા નીકળ્યા. આમ ઘણા પૈસા તે એના મકાન હશે એટલે એમાં દાટવા ગયા. સરખું દાટી દીધું. પાછું અહીંથી કો'ક ચોરી જાશે. એ જગ્યામાં જ્યાં ખોદે છે ત્યાં ચરુ નીકળા હીરા-માણેકના. બૈરા કહે છે ઘરની, તમે આ પૈસા દાટવા જાવ છો ત્યાં તો પૈસા નીકળે છે. હવે દાટીને શું કામ છે તમારે? તમારા પગે-પગે નિધાન છે. પૈસા બહુ છે અને દાટવા ગયા ત્યાં નિધાન નીકળ્યા. દાટવાનું કામ શું છે તારે? વાપર. પછી કર્યું છે ને ઓલું આબુમાં. નહિ? સાડા ત્રણ કરોડનો એક ગોખલો કર્યો છે. એ બધું એની.. આ તો દૃષ્ટાંત છે. જેને નિધાન.. જ્યાં જાય ત્યાં નિધાન. આહા..હા..! રામચંદ્રજી જેવા જંગલમાં જાય તો નિધાન દેખાતા હતા. રાજા મદદ કરે. માણસ દેખે એને મદદ કરે કે આ તે કોણ છે? ઓહોહો..!

એમ કહે છે કે આણે રાજાને બરાબર નક્કી કર્યો. અને '**અવશ્ય રાજા જ છે,...**' એ શ્રદ્ધાની વાત છે. '**ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે;...**' એ દૃષ્ટાંત થયો. '**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...**' પાઠ છે ને? '**मोक्खकामेण**' ૧૮મી ગાથા છેલ્લું પદ. '**मोक्खकामेण**' જેમ ધનનો અર્થી રાજાને જાણીને શ્રદ્ધે કે આ સેવા કરવાથી જરૂર લક્ષ્મી મળશે. એમ એ દૃષ્ટાંતે '**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ...**' આહા..હા..! શરત આ. જેને પૂર્ણાનંદની પર્યાય પ્રગટ કરવી છે એવા મોક્ષાર્થી જીવે. આહા..હા..! મોક્ષની વ્યાખ્યા આવી છે આપણે નિયમસારમાં. અનંત આનંદનો લાભ તે મોક્ષ. નિયમસારમાં છે. સમજાય છે કાંઈ? આહા..હા..! છે ને ચોથી (ગાથા).

'**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે.**' મોક્ષ એટલે શું? મોક્ષ શબ્દ એવો છે કે મૂકાણો એટલે દુઃખથી મુક્ત, પણ પ્રાપ્તિ અનંત આનંદની. આમ મોક્ષમાં તો મૂકાવું એમ ધ્વનિ છે ને નાસ્તિથી? પણ અસ્તિથી એ કે અનંત

આનંદનો લાભ તે મોક્ષ. અનંત દુઃખનો વ્યય તે મોક્ષ, પણ વ્યયથી ન લેતાં અસ્તિથી લીધું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મહા આનંદનો લાભ તે મોક્ષ. આહા..હા..! જુઓને ટીકાકાર ટીકા કરે છે! શ્રીમદ્દે એમ કહ્યું,

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા. આત્મા જેવો શુદ્ધ છે એવી પૂર્ણ શુદ્ધતા પર્યાયમાં પ્રગટ થાય એનું નામ મોક્ષ. આહા..હા..! સમજાય છે કાંઈ? એવા મોક્ષનો અર્થી, આ શરત છે પહેલી. પુણ્યનો અર્થી, સ્વર્ગનો અર્થી, મોટપનો અર્થી, આ દુનિયાની આબરૂની (મોટપનો અર્થી) એ વાત નથી બતાવી, એ માણસ આત્માર્થી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...'** આહા..હા..! છે? પ્રથમ જ શબ્દ છે સંસ્કૃતમાં. 'तावत्' નથી. **'प्रथमेवात्मा ज्ञातव्यः'** સંસ્કૃતમાં જ પ્રથમ શબ્દ પડ્યો છે. પહેલાંમાં પહેલો જેને મોક્ષ નામ પરમ આનંદના લાભની પ્રાપ્તિ જોઈતી હોય એણે પહેલો આત્માને જાણવો. આહા..હા..! એ જાણવો એટલે? સ્વસંવેદનથી જાણવો. સમજાય છે કાંઈ? આહા..હા..! **'તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...'** ઓહોહો..! એકદમ આત્માને (જાણવો). સવારે આવ્યું હતું ને? ગુરુએ એને આત્મા જણાવ્યો. આવ્યું હતું ને? પરમગુરુની સેવા. કુંદકુંદાચાર્યે કહ્યું, અમારા ગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો. આહા..હા..! બસ! બીજી વાતું નહિ કરી હોય? શુદ્ધાત્મા સમજાવવા માટે બીજી .. શુદ્ધ આત્મા સમજાવવો છે. એક જ વાત અમારા ગુરુએ અમને (સમજાવી).

અરે..! અમારા ગુરુ કેવા? કે ભગવાન મહાવીર પરમાત્મા જે તીર્થંકર હતા એ વિજ્ઞાનઘનમાં લીન હતા, એના પછી પરંપરાએ આચાર્ય બધા મારા ગુરુ સુધી વિજ્ઞાનઘનમાં લીન હતા. આહા..હા..! પાંચમી ગાથા. મહાવ્રત પાળતા કે નગ્ન (હતા) એ વાત નહિ. આહા..હા..! અમારા ભગવાન મહાવીરથી માંડી તીર્થંકરો એ પણ શું હતા? કેવા હતા? વિજ્ઞાનઘન ભગવાન એમાં લીન હતા. આહા..હા..! એમાં પછી ગણધરથી માંડીને અમારા ગુરુ પર્યંત, એમ લીધું છે. જુઓ, આ સાધુપણું કેવું હોય! માણસને સાધુ એટલે નગ્ન થઈ ગયા અને ધર્મ થઈ ગયો. ધૂળેય નથી સાધુ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે પહેલાંમાં પહેલો આત્માને જાણવો. ભાઈ! નવતત્ત્વ જાણવા અને પછી આત્માને જાણવો, દેવ-ગુરુ-શાસ્ત્રને જાણવા. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં એ આવ્યું હતું ને. ગુરુએ કહ્યું એવું એ પામ્યો-મોક્ષમાર્ગ. એને મોક્ષમાર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? અને એ રીતે એ પામ્યો છે. મુક્તિને ... પાંચમી ગાથામાં એ છે. મારા ગુરુએ મને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો મહેરબાની કરી, અનુગ્રહ કરીને. આહા..હા..! અમે પાત્ર હતા માટે આપ્યો એમ ન લેતાં... આહા..હા..! કુંદકુંદાચાર્ય કહે છે. અમને અમારા ગુરુએ.. પ્રભુ! તમે ત્રીજે નંબરે

આવ્યા હતા ને. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. મુનિ કહે પણ હું એમ કહું છું, ભાઈ! અમારા ગુરુએ અમને મહેરબાની કરીને, આહા..હા..! શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ અભેદ એનો ઉપદેશ અમને આપ્યો. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ અહીં કહે છે કે પહેલો આત્મા જાણવો એમ આચાર્ય કહે છે. આહા..હા..! એકદમ. પાંચમી ગાથામાં ન કહ્યું? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं**' આહા..હા..! કુંદકુંદાચાર્ય પાંચમી ગાથામાં કહે છે. '**एयत्तविहत्तं**' સ્વભાવની એકતા અને રાગની વિભક્તતા પરથી. એવો આત્મા '**एयत्तविहत्तं दाएहं**' હું દેખાડીશ. '**अप्पणो सविहवेण**' મારા નિજવૈભવથી દેખાડીશ. ભગવાને કહ્યું છે માટે દેખાડીશ એમ નહિ. શ્વેતાંબરમાં એમ આવે. ... ભગવાન આમ કહેતા હતા, એ હું તને કહું છું. આહા..હા..! હું મારા નિજવૈભવથી કહીશ. એમ તો કહ્યું પહેલું '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो**' દેખાડીશ મારા વૈભવથી. '**जदि दाएज्ज**' પાછો એ શબ્દ લીધો, જો દેખાડું (તો) પ્રમાણ કરજે અનુભવ કરીને. પ્રમાણ કરજે, અનુભવ કરીને પ્રમાણ કરજે. બીજી વાત નહિ. આહા..હા..! પાંચમી ગાથા. આહા..હા..!

અહીં કહે છે કે પહેલો આત્માને જાણવો. સમજાણું? જાણવા યોગ્યને જાણવો, જાણનારને જાણવો. આહા..હા..! એ જાણવો એટલે સ્વસંવેદન દ્વારા જાણવો એ જાણવું કહેવાય. શાસ્ત્રને સાંભળીને માન્યું એમ નહિ. આહા..હા..! એ વાત છે. '**जदि दाएज्ज पमाणं**' એ અહીં કહે છે કે પહેલો આત્માને જાણવો. આહા..હા..! '**પ્રથમ તો આત્માને જાણવો,...**' એમ ન કહ્યું કે પહેલું આ કરવું ને આ જાણવું. સમજાણું? કથાનુયોગ પહેલો જાણવો, ધર્મકથાનુયોગ પહેલો જાણવો.

**શ્રોતા :-** એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેથી કહું છું ને. એ વાત યાદ કરીને તો કહું છું. લખ્યું છે. એય..! એવું આવે છે. એ આવે છે. ખ્યાલ છે, તેથી યાદ કર્યું. એવું આવે છે ને. કથાનુયોગમાં પહેલી કથાનુયોગ કેવી શ્રદ્ધાવાળો કહેવાય? એ એને શું શબ્દ કહે છે? અઉત્પન્ન.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હા, એ. એવા બુદ્ધિવાળાને કહે. અહીં તો કહે છે કે પહેલો આત્માને જાણવો. સમજાય છે કાંઈ?

'**પ્રથમ તો આત્માને જાણવો,...**' પહેલે ધડાકે આત્માને જાણવાની વાત છે, બીજી વાત નથી. આહા..હા..! એ કઈ રીતે જાણવો? સ્વસંવેદન જ્ઞાનથી જાણવો. શાસ્ત્રથી નહિ, વાણીથી નહિ, ગુરુથી સાંભળ્યું માટે એમ પણ નહિ. આહા..હા..! આ તો દિંગબર સંતોની શૈલી અલૌકિક શૈલી છે, બાપા! જેની ગંભીરતાનો પાર ન મળે, ગહનતાનો પાર ન મળે. આહા..હા..! સત્યના દરિયા વહેવડાવ્યા છે. સમજાય છે કાંઈ? પહેલી શ્રદ્ધા કરવી એમ ન કહ્યું. કેમકે જે ચીજ જાણવામાં ન આવી એને શ્રદ્ધવી શી રીતે? જાણવામાં (આવે કે)

આ, તો શ્રદ્ધે કરે. આ આત્મા પરમ આનંદનો નાથ એવું જ્ઞાન થયું ત્યારે આ પરમાનંદ સ્વરૂપ તે આત્મા એમ શ્રદ્ધા થાય. સમજાણું કાંઈ? જેના પર્યાયમાં આનંદનો સ્વાદ આવે અને એ આનંદના સ્વાદથી આ પૂર્ણ આનંદસ્વરૂપ છે એમ જણાય ત્યારે એની પ્રતીત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, જુઓને! આહા..હા..!

ભાઈ! એ આત્મા છે એ લક્ષમાં-જ્ઞાનમાં ન આવે અને તું પ્રતીત કર, પ્રતીત કરો, શ્રદ્ધા કરો. શેની પણ શ્રદ્ધા? એ વસ્તુ તો આમ ભાસી તો નથી જ્ઞાનમાં કે આ જ્ઞેય છે. જ્ઞાનની પર્યાયમાં આ અખંડાનંદ અભેદ જ્ઞેય છે એવું જ્ઞાન થયું નથી એને શ્રદ્ધા ક્યાંથી આવી? કોની શ્રદ્ધા કરવી? સસલાના શીંગડા જોયા નથી અને એની શ્રદ્ધા? એ કહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું પણ ટીકા!

'**પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' જોયું! જાણ્યો, જ્ઞાનમાં આવ્યો તેની શ્રદ્ધા કરવી. આહા..હા..! સમજાય છે કાંઈ? છે ને? '**प्रथमेवात्मा ज्ञातव्यः ततः**' જોયું? સંસ્કૃત છે. '**ततः स एव श्रद्धातव्यः**' તે પછી તેની શ્રદ્ધા કરવી. સમજાય છે કાંઈ? આમ કહેવાય ત્યારે કહે, સમ્યગ્દર્શન કારણ અને જ્ઞાન કાર્ય. દીવો કારણ અને પ્રકાશ કાર્ય. એમ આવે છે ને? છ ઢાળામાં.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એ, પણ એ અપેક્ષાએ કથન છે. ત્યાં શ્રદ્ધાનું જોર (બતાવવું છે). શ્રદ્ધા એ કાંઈ વસ્તુને જાણતી નથી. શ્રદ્ધા તો પ્રતીત (કરે). પણ પ્રતીત કોની? આ પ્રતીત છે અને આ આત્મા છે એ જાણનાર તો જ્ઞાન છે. સમજાણું કાંઈ? પછી તેનું શ્રદ્ધાન કરવું. એ શું? એ વિશેષ આવશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## પોષ વદ-૧૦, બુધવાર, તા. ૨૭-૦૧-૧૯૭૬, ગાથા-૧૭-૧૮, પ્રવચન નં. ૫૮

સમયસાર, ૧૭-૧૮ ગાથા.

'**ટીકા :- નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ...**' જેને ધન આજીવિકા કરવા માટે જોઈતું હોય એ પુરુષ રાજાને જાણીને સેવા કરે. સમજાય છે કાંઈ? મુનિઓને સંતોને ક્યાં ધન જોઈએ છે! આહા..હા..! જે ધનાર્થી છે.. આહા..હા..! લ્યો એ આવ્યું. ધનનો અર્થી છે, પૈસાનો કામી છે એ પુરુષ '**બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે...**' જાણે

હોં! '**કે આ રાજા છે,...**' લક્ષ્મીવંત છે, ઊપજ ઘણી છે, એના શરીરમાં તો આમ પુણ્ય દેખાય છે. માટે આ રાજા ખરો રાજા છે. '**પછી તેનું જ શ્રદ્ધાન કરે...**' જેને રાજા તરીકે જાણ્યો અને ધનનો અર્થી છે એની શ્રદ્ધા કરે કે આ રાજા. '**આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે...**' દૃષ્ટાંત તરીકે છે ને. '**ત્યાર પછી તેનું જ અનુચરણ કરે,...**' એટલે એની આજ્ઞા પ્રમાણે રહે, સેવા કરે, પ્રસન્ન કરે.

'**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...**' આ વસ્તુ છે. આહા..હા..! પહેલામાં પહેલું તેને કરવા જેવું હોય તો ભગવાન આત્મા કેમ છે, કેવડો છે, ક્યાં છે, કેમ છે? આહા..હા..! તેને જાણવો. સીધી વાત લીધી છે. અંતર સ્વસંવેદનજ્ઞાનથી પ્રથમ આત્માને જાણવો. આહા..હા..! કરવાનું આ છે. સમજાય છે કાંઈ? '**મોક્ષાર્થી પુરુષે...**' આ વજન છે. ઓલો ધનાર્થી છે, આ મોક્ષનો અર્થી. પૂર્ણાનંદની પ્રાપ્તિનું જેનું પ્રયોજન છે, બીજું કોઈ પ્રયોજન છે નહિ. આહા..હા..! પૂર્ણ આનંદના લાભની પ્રાપ્તિનું પ્રયોજન છે એ મોક્ષાર્થી. જેને પુણ્યની ઇચ્છા નથી, સ્વર્ગની ઇચ્છા નથી. આહા..હા..! સ્વર્ગમાં કાંઈક મોટી પદવી મળે એ પણ ઇચ્છા નથી. એક જ પદવી મોક્ષાર્થીને માટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષની શરત એટલી કહે છે. જેમ ધનનો અર્થી છે એમ આ એકલો મોક્ષનો જ અર્થી છે. આહા..હા..! અનંત-અનંત આનંદની પર્યાયમાં પ્રાપ્તિ થાય એ મોક્ષ, એનો એ પ્રયોજનવાન છે. આહા..હા..! લાભ (સવાયા) નથી વાણિયા લખતા? દુકાન ઉપર લખે. આ લાભ—આત્માના આનંદનો લાભ થાય એ જેને પ્રયોજન છે. આહા..હા..! દુનિયામાં દુનિયા મોટપ કહે, ન માને, પદવી મળે આચાર્ય, ઉપાધ્યાયની એ કોઈ ઇચ્છા નથી કહે છે. આહા..હા..! એમ દુનિયામાં મને કોઈ મોટો કહે, હું કાંઈક ધર્મમાં મોટો છું એ કોઈ પ્રયોજન નથી જેને. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પહેલી શરત રાખીને વાત કરે છે. આહા..હા..! કંઈપણ પ્રયોજન બીજું નથી. જેને એકલા આનંદની પૂર્ણ આનંદનો લાભ તેના પ્રયોજનવાળો આત્મા છે. આહા..હા..!

શ્રીમદ્‌માં એમ કહ્યું છે ને? જુઓને, 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું...' અથવા 'સમજાયું તે પદ નમું...' ગુરુથી સમજાયું એ વ્યવહારથી કહ્યું. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું...' જેવું સ્વરૂપ છે એવું પહેલું સમજાવ્યું, તે પદને હું નમું છું. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓલામાં પણ કહ્યું ને એણે? 'બહુ પુણ્ય..'માં પણ. ૧૬ વર્ષે.

"હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે રાખું કે પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાતંભાવે જો કર્યા
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા."

આહા..હા..! સમજાય છે કાંઈ?

અમૃતચંદ્રાચાર્ય મહારાજ દાખલો આપીને આ કહે છે. '**મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...**' જાણવાનો અર્થ? સ્વસંવેદનજ્ઞાનથી એને જાણવો. શાસ્ત્રથી અને પાનાથી આ આત્મા છે એમ ધારણાથી એ નહિ, એમ કહ્યું. આહા..હા..! આવો આત્મા છે એમ શાસ્ત્રથી જાણ્યો, ગુરુએ જણાવ્યું માટે જાણ્યું એ નહિ. આહા..હા..! એ તો સીધો જ્ઞાનસ્વભાવી ભગવાન પર્યાયમાં તેને જ્ઞેય બનાવી અને તે જ્ઞાતાનું પર્યાયમાં જ્ઞાન થાય. પર્યાયમાં—જ્ઞાનની પર્યાયમાં જ્ઞાતા આવે નહિ, પણ પર્યાયમાં જ્ઞાતા દ્રવ્યનું પૂરું જ્ઞાન થાય. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આત્માને જાણવો. એનો અર્થ થયો, પર્યાયમાં આત્મા જણાણો. પર્યાયમાં- એક સમયની જ્ઞાનપર્યાયમાં આ જ્ઞેય પૂર્ણ ધ્રુવ શુદ્ધ અખંડ અભેદ છે એવું એને પર્યાયમાં જણાણું, ત્યારે તેને જાણ્યો કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! દુનિયા અનેક પ્રકારે વિચિત્ર છે. એની સાથે મેળ કરવા જાશે તો મેળ નહિ ખાય. તારે મેળ કરવો હોય તો આ છે. આહા..હા..!

'**આત્માને જાણવો,..**' હવે આત્મા એ અખંડ વસ્તુ અને જાણવો એ પર્યાય. આહા..હા..! આહા..હા..! બે વચ્ચે કામ છે એને—દ્રવ્ય અને પર્યાય. આહા..હા..! ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ સંત ટીકા કરે છે. શ્લોકમાં ભરેલા સામાન્ય ભાવને ટીકા નામ સ્પષ્ટ કરે છે એનું નામ ટીકા. માણસ નથી કહેતા કે તું મારી ટીકા કરે છો? એટલે હું કેવો છું એમ તું ટીકા કર્યા કરે છે? એમ આ કેવો છે એની ટીકા કરી છે. આહા..હા..! મોક્ષાર્થીને તો પ્રથમ આ જાણવું એ કર્તવ્ય છે એનું, કહે છે. આહા..હા..! કહો, ધીરુભાઈ! ઊના પાણી પીવા અને પહેલું આ કરવું એમ નહિ, એ નથી કીધું.

**શ્રોતા** :- ભૂમિકા છે એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શેની ભૂમિકા? એ ભૂમિકા જ આ થાય. આત્માને જાણ્યો ત્યારે.. શ્રીમદ્ તો એમ કહે છે કે આત્માને જાણીને સમ્યગ્દર્શન થાય એ જીવ પાત્ર છે. સમકિત પામવાને પાત્ર એ નહિ, અહીં આ તો ત્યારે જ એ પાત્ર થયો ધર્મી. ધર્મ રહેવાને, રાખવાને, થવાને એ પાત્ર થયો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રથમ તો...**' આ તો ટીકા ભગવાન સંતોની છે, ભાઈ! આહા..હા..! દિવ્યધ્વનિ. અંદર પ્રભુ કહે છે, ભાઈ! પ્રથમ-પહેલું. પાઠમાં એ છે ને ટીકામાં? '**प्रथमेवात्मा**' છે? '**प्रथमेवात्मा**', '**प्रथमेवात्मा**' છે ને? બીજી લીટી. '**प्रथमेवात्मा**' પ્રથમ જ આત્મા. આહા..હા..! નવતત્ત્વને જાણવા કે રાગને જાણવો એ અહીં ન લીધું. આહા...! એગં જાણઈ સવ્વં જાણઈ. આહા..હા..! જેના જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જ્ઞેય બનીને જાણે, જ્ઞેય બનીને જણાવે, જ્ઞેય બનીને જાણે. આ પર્યાય એને જ્ઞેય બનાવીને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રથમ...**' પહેલું કરવાનું હોય તો આ છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકસ્વભાવ. છઠ્ઠી ગાથામાં કહ્યું ને એ કે જે જ્ઞાયકસ્વભાવ છે એ શુભ-અશુભભાવે થયો નથી. કેમ? કે શુભ-અશુભભાવ એ અચેતન છે. એ ચૈતન્યરસ અચેતનપણે કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! છઠ્ઠી ગાથાથી શરૂ કર્યું. પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી આત્મા? કે એ શુભાશુભરૂપે થયો નથી. જ્ઞાયકભાવ એકરૂપ વસ્તુ છે એ દયા, દાન, વ્રત આદિના પરિણામ કે ક્રોધાદિના પરિણામપણે થયો જ નથી. કેમ? કે એ પરિણામ બધા અચેતન છે, એમાં જ્ઞાનનો અંશ નથી. એ જ્ઞાયક ચેતન એ અચેતનપણે કેમ થાય? આહા..હા..! એવો તે જ્ઞાયક આત્મા એને પહેલો જાણવો એમ કહે છે. આહા..હા..!

અરે..! આચાર્યો જુઓને, થોડું લખ્યું ઘણું કરીને જાણજો, એમ કહે છે. થોડું કહ્યું ઘણું કરીને જાણજો. આહા..હા..! ભાઈ! લાખ વાતની વાત... છ ઢાળામાં નથી આવતુ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આહા..હા..! છે ને? છ ઢાળામાં આવે છે. લાખ વાત કરવી હોય, અનંત વાત કરવી હોય પણ એક વાત એ છે, આહા..! નિજ આત્માનું ધ્યાન કરો, એ પર્યાયમાં એને જાણો. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ કહીને એમ પણ કહ્યું કે રાગની મંદતાથી આત્માનું જ્ઞાન થાય એમ કોઈ કહેતા હોય તો એ વસ્તુસ્થિતિ નથી. વ્યવહાર કરીએ દયા, દાન, રાગ મંદ. હમણાં એ બહુ ચાલે છે કે ચારિત્ર કેટલુંક થાય પછી સમકિત થાય. અરે.. ભગવાન! સમકિત વિના ચારિત્ર કેવું? સમજાણું કાંઈ? એટલે આ બહારનું આચરણ કરે ને રાગ મંદ ને એવું હોય તો જ પછી સમકિત થાય. આહા..હા..! એક જણો તો એમ પણ કહી ગયા કે સાતમું ગુણસ્થાન આવ્યા વિના નિશ્ચયસમકિત થાય નહિ, એમ નથી, ભાઈ! આ તો પહેલાં ભગવાન આત્માનું પ્રયોજન જેને મોક્ષનું લાગ્યું છે ને, જેનો મોક્ષ કરવો છે મોક્ષાર્થીએ, જેનો મોક્ષ કરવો છે એને પહેલો જાણે. આહા..હા..!

'**આત્માને...**' એ ત્રિકાળી વસ્તુ જ્ઞાયક. '**જાણવો,...**' પર્યાયમાં વેદવો. સ્વસંવેદનજ્ઞાનથી આત્માને જાણવો. આહા..હા..! સમજાણું કાંઈ? '**પછી તેનું જ શ્રદ્ધા કરવું...**' એમ છે ને? ઓલામાં એમ આવે કે સમ્યગ્દર્શન કરો અને પછી જ્ઞાન-આરાધન કરો. આરાધન કરો એટલે વિશેષ, પણ સમ્યગ્દર્શન થતાં જ્ઞાન સાથે હોય છે. રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે ને, સમકિત પછી જ્ઞાનનું આરાધન કરવું, પછી રાગદ્વેષને ટાળવા માટે ચારિત્ર ગ્રહણ કરવું. રત્નકરંડ શ્રાવકાચારમાં.

અહીંયાં કહે છે કે '**તેનું જ શ્રદ્ધાન કરવું કે આ જ આત્મા છે,...**' જ્ઞાનની દશામાં આખો દશાવાન જણાણો એથી થયું કે આ આત્મા. પર્યાયમાં એમ જણાણું કે આ આત્મા. પર્યાયે એમ જાણ્યું કે આ આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૩૨૦માં આવે છે ને? ૩૨૦ ગાથામાં. આમાં છે? ઓલામાં છે. છેલ્લું આવે છે. ધ્યાતા પુરુષે તેનું ધ્યાન કરવું

કે જે સકળ નિરાવરણ.. (કેવો છે) ભગવાન આત્મા? કે સકળ પૂર્ણ નિરાવરણ અખંડ. આ સંસ્કૃત ટીકા છે, ૩૨૦. એક પ્રત્યક્ષપ્રતિભાસમય. પ્રત્યક્ષ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ જણાય એવો. આહા..હા..! અવિનશ્વર-અવિનાશી. શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ-શુદ્ધ પરિણામિક પરમભાવલક્ષણ ત્રિકાળ એ નિજ પરમાત્મદ્રવ્ય-નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. આહા..હા..! જુઓ, આ ટીકા જયસેનાચાર્યની. નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ જાણે છે કે આ હું છું. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ ધ્યાતાએ તેનું ધ્યાન કરવું, પરંતુ એમ ભાવવું નહિ કે ખંડજ્ઞાનરૂપ હું છું. એક સમયની પર્યાયવાળો હું છું એવું ધ્યાન ધ્યાતાએ ન કરવું. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો વંચાઈ ગયું છે, ૩૨૦. રાજકોટ વંચાણું. આ મુંબઈવાળાએ આ માગણી કરી છે, આ ગાથાની. લાલચંદભાઈ છે ને ત્યાં તો.

ધ્યાનમાં ધ્યાતાને લેવો. ધ્યાનમાં વિષય કરુ એવો શબ્દ છે, પરમ અધ્યાત્મ તરંગિણીમાં. ધ્યાનમાં વિષય કરુ એટલે ધ્યાનમાં તેનો વિષય કરવો. ધ્યાનની પર્યાયમાં આત્માનો વિષય કરવો. આહા..હા..! પરમ અધ્યાત્મ તરંગિણીમાં ત્રણ-ચાર ઠેકાણે છે. ધ્યાનનો વિષય કરુ, ધ્યાનનો વિષય બનાવવો ત્રિકાળીને. આહા..હા..! ભાઈ! આ ચીજ છે.

'**તેનું જ શ્રદ્ધાન કરવું...**' એક આ આત્મા છે આ પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદકંદ સચ્ચિદાનંદ પરમસ્વભાવસ્વરૂપ આ આત્મા એમ શ્રદ્ધા કરવી. આહા..હા..! '**કે આ જ આત્મા છે,...**' શું? '**તેનું જ શ્રદ્ધાન કરવું કે આ...**' પ્રત્યક્ષ થઈ ગયું અંદર. આ હયાતી, આ તે આત્મા છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! '**તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...**' શું કહે છે? અહીંયાં શ્રદ્ધામાં, જે જ્ઞાનમાં જણાણો કે આ આત્મા, એ શ્રદ્ધામાં એમ આવ્યું કે આ આત્મામાં એકાગ્ર થઈશ તો કર્મથી છૂટીશ, બીજી અન્ય ક્રિયા નથી, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કીધું? જુઓ!

'**તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...**' તેનું આચરણ કરવાથી એટલે? જે જ્ઞાયકભાવ સ્વભાવભાવ જે જ્ઞાનની પર્યાયમાં જણાણો અને શ્રદ્ધા થઈ કે આ આત્મા, એનું આચરણ એમાં ઠરીશ—એમાં આચરણ કરીશ તો કર્મથી છૂટાશે. કોઈ ક્રિયાકાંડ, તપ ને વ્રત ને બહારના કરે તો કર્મથી છૂટાશે એમ એની શ્રદ્ધામાં નથી આવતું. શ્રદ્ધામાં પહેલું આ આવે છે. આહા..હા..! છે? ઘણું ગંભીર ભર્યું છે. આહા..હા..! એક તો આ આત્માને સીધો જાણવો એનો અર્થ કે વ્યવહાર સારો હોય તો જણાય એ વાત કાઢી નાખી. બીજું, કે આ આત્મા છે એવું જાણ્યું, તેથી એની શ્રદ્ધામાં એમ આવ્યું કે આ આત્મામાં ઠરીશ ત્યારે કર્મ છૂટશે. સમજાણું કાંઈ? આટલા અવપાસ કરવાથી કર્મ છૂટશે અને નિર્જરા થાશે (એમ શ્રદ્ધામાં નથી આવતું).

**શ્રોતા :-** એ તો બીજા શાસ્ત્રમાં એવું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા શાસ્ત્રમાં એવું નથી. તપસા નિર્જરા આવે છે ને? પણ

એ તો નિમિત્તના કથન છે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આ છે. અરે..! ચોર્યાસીના અવતારમાં એ દુઃખી છે, દુઃખી છે, ભાઈ! એને એના દુઃખની ખબર નથી. આકુળતાના વેદનમાં છે, ભાઈ! આહા..હા..! ધનના વેદનમાં નહિ. સ્વના વેદનમાં નહિ. આહા..હા..! એ આકુળતાના વેદનમાં નવમી ગ્રૈવેયકે સાધુ ગયો, પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળીને, પણ એ આકુળતાનું વેદન હતું એને. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' (એમાં) શું આવ્યું? કે પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ એવા અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા એ આકુળતા હતી. આહા..હા..!

**શ્રોતા :-** મનમાં આકુળતા હતી ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મનમાં પણ આકુળતા હતી ને! તેથી તો કહ્યું કે લેશ સુખ ન પાયો, તો દુઃખ પાયો. આહા..હા..! માર્ગ બાપુ આ તો વીતરાગસ્વરૂપ આત્માનો માર્ગ છે. આહા..હા..!

..માં ઠરવાનું અનુષ્ઠાન. જ્ઞાન-શ્રદ્ધા થઈ એ શ્રદ્ધામાં એમ આવ્યું કે આ જ્ઞાયકભાવમાં જેટલી રમણતા ઠરીશ તેટલું ચારિત્ર થશે અને તેટલું કર્મથી છૂટાશે. આહા..હા..! એની શ્રદ્ધામાં જ એમ આવી ગયું પહેલું. સમજાણું કાંઈ? આહા..હા..! આકરું લાગે લોકોને. ઓલું શ્રમણસૂત્ર છે ને ભાઈ? થયું છે ને એ શ્રમમસૂત્ર નહિ? વિનુભાઈએ નથી? એના ભાઈ જિનેન્દ્રએ શ્રમણસૂત્ર એક પુસ્તક બહાર પાડ્યું છે ને? છે પંડિતજી? શ્રમણસૂત્ર. શ્રમણસૂત્ર. આ ..લાલજીના જિનેન્દ્રવર્ણી એણે બહાર પાડ્યું છે ને. એની ટીકા આવી છે આમાં કલ્યાણમાં. શ્વેતાંબર. એ એમ કે અંદરમાં બરાબર નથી, ભૂલ કરી છે. બધા મતને આમ કર્યું. એ લેખમાં આવ્યું છે. એ માન્ય નથી એમ. જૈનધર્મનું એકલું સ્વરૂપ એમાં નથી માન્ય. આ બધા ગોટા વાળ્યા છે એમ કહે છે. રાગ ને ફલાણા, ઢીકણા. કલ્યાણ છે ને? .. કલ્યાણ એમાં. પાલિતાણા છપાય છે ને. એમાં ચીમન ચકુનું આવ્યું છે. એ કહે છે કે મહાવીર અને બૌદ્ધ બેય મોક્ષ ગયેલા. આ એને જૈનની શ્રદ્ધા ક્યાં છે? સ્થાનકવાસીમાં એવું આવે છે. ચીમન ચકુ .. છે એવો. એને અગ્રેસર ઠરાવ્યો છે. એ તો ચોખ્ખું લખે છે કે બૌદ્ધ અને મહાવીર બેય મોક્ષ ગયા છે. આહા..હા..!

**શ્રોતા :-** એના જ્ઞાનમાં એમ ભાસ્યું લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન ક્યાં જ્ઞાન હતું? આહા..હા..! મહાવીર અને બૌદ્ધ અને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈષ્ણવને જ મોક્ષ થાય એ એકાંત છે, એ વસ્તુનું સ્વરૂપ નથી, એમ લખ્યું છે. ચંડાળને પણ મોક્ષ થાય. અરે.. હાલ.. હાલ. વસ્તુના સ્વરૂપમાં જ એવી છે .. ચંડાળાદિ ક્ષુદ્રને મોક્ષ ન હોય. બહુ સુધારો કરવા ગયા એટલે ... સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ એવી છે. દીક્ષા લઈ શકે સત્ ક્ષુદ્ર હોય. એ જયસેનાચાર્યની ટીકામાં પાઠ છે, સત્‌ક્ષુદ્ર. એનો અર્થ દીક્ષા થાય છે, પણ ચંડાળ આદિને એ ભવમાં મોક્ષ થાય (એમ બને નહિ).

ભાઈ! એ વસ્તુની મર્યાદા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! સ્ત્રીને પણ મોક્ષનો અધિકાર ભગવાને આપ્યો. અરે.. ભગવાન!

કુંદકુંદાચાર્ય તો કહે છે મોક્ષપાહુડમાં પાછળ શીલપાહુડમાં કે સ્ત્રીને, ગધેડાને, પશુને મોક્ષ થયો તેં જોયું છે? એમ લખ્યું છે. અષ્ટપાહુડમાં છે. સમજાણું કાંઈ? કેટલામાં છે એ ખબર છે? બધું યાદ રહે છે? ભાવ યાદ રહે. શીલપાહુડ. ૨૯ ગાથા છે. '**सुणहाण गद्दहाण य गोवसुमहिलाण दीसदे मोक्खो।**' પંડિતજી! આ મોક્ષપાહુડની ૨૯મી ગાથા, કુંદકુંદાચાર્યની. '**सुणहाण**' '**सुणहा**' એટલે કોણ? કૂતરા-શ્વાન. શ્વાનને, ગધેડાને, ગાયુને, પશુને અને મહિલા-સ્ત્રીને '**दीसदे मोक्खो**' એને મોક્ષ જોયો છે કોઈ દિ'? મોક્ષ હોય નહિ એને. વસ્તુ છે, સત્ય એ છે. વસ્તુનું સ્વરૂપ એ છે.

**શ્રોતા :-** શરીરની રચના જ એવી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ, એની દશા જ એટલી છે. આહા..હા..! એની યોગ્યતા જ એવી છે. એ અહીં કહ્યું ને? આહા..હા..! કૂતરા, ગધેડા, ગાયુ, પશુ અને સ્ત્રી '**दीसदे मोक्खो जे सोधंति चउत्थं पिच्छिज्जंता जणेहि सव्वेहिं**' એ પુરુષાર્થ, પુરુષ જે છે તે અંતર શોધે છે પુરુષાર્થને, એને મોક્ષ હોય. આ જુઓને, વચન છે ભગવાનના કુંદકુંદાચાર્યના. ભગવાને એમ કે સ્ત્રીને પણ સર્વ હક આપ્યા. આહા..હા..! અને મલ્લિનાથ તીર્થંકરને સ્ત્રી ઠરાવ્યા. અરે.. ભગવાન! ત્રણકાળમાં કોઈ તીર્થંકર સ્ત્રી હોય? શ્વેતાંબરે ..માં ટીકા છે આખી. સ્ત્રીને.. આહા...!

**શ્રોતા :-** શ્વેતાંબરના જે શાસ્ત્ર છે એ નિષેધ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, નિષેધ કરે છે. એ ખબર છે. પણ અહીં માને છે. એ નાખ્યું છે. પણ છે, કહે છે. મોટી ગાથા આખું અધ્યયન. જ્ઞાતાસૂત્રનું મલ્લિ તીર્થંકરનું આખું અધ્યયન છે. એ વાંચ્યું છે ને બધું વાંચ્યું છે ને. બધી કલ્પના છે. તીર્થંકર સ્ત્રી કોઈ દિ' હોઈ શકે નહિ અને સ્ત્રી હોય એને કદી સાધુપણું આવે નહિ. ભાવલિંગ સંતપણું આવે નહિ ત્રણકાળમાં. એ તો બધું લખ્યું છે, નહિ? મહિને-મહિને માસિક થાય, આ થાય એને ધ્યાન ન રહી શકે. આહા..હા..! કુંદકુંદાચાર્યની વાત સ્પષ્ટ વાત છે બધી. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે આત્મા અંદર જ્ઞાનમાં એકલો જ્ઞેય થઈને ત્યારે તેને આ આત્મા તે શ્રદ્ધા થઈ, ત્યારે તે શ્રદ્ધામાં એમ આવ્યું કે આ જ્ઞાયકભાવ એવો ભગવાન આત્મા, એમાં હું ઠરીશ. છે? '**તેનું અનુચરણ કરવાથી અવશ્ય...**' એનું આત્માનું-અનુચરણ કરવું. પાંચ મહાવ્રત અને વિકલ્પ એ આત્માનું અનુચરણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! '**તેનું આચરણ કરવાથી...**' તેનું એટલે આ આત્મા છે તેનું. એકલો જ્ઞાયકભાવ છે તેનું જ્ઞાનમાં એકાકાર થવું. અંતર રમણતા-ચરવું. ચરવું નામ રમવું. આહા..હા..! આનંદનું વેદન કરવું. આનંદની શ્રદ્ધા અને જ્ઞાન થયું, પણ હવે એ આનંદમાં રમવું એનાથી કર્મ છૂટશે.

આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા! ભાઈ! દુનિયા સાથે મેળ ખાય નહિ. એ શું છે આ તે! આ તો .. છે બધા. આહા..હા..!

**શ્રોતા :–** આત્મામાં રમે તે રામ એ જ્ઞાની..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આત્મા રમે સો રામ કહીએ. આહા..હા..! છે? શું કીધું? **'તેનું આચરણ કરવાથી...'** તેનું. જે જણાણો જ્ઞાયકભાવ તેનું જ! એ સ્વરૂપમાં રમણતા, સ્વરૂપમાં જમવટ જામી જવી. આહા..હા..! **'તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...'** જરૂર મલિન પરિણામથી છૂટાશે અને કર્મથી છૂટી શકાશે. આહા..હા..! દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણની વ્યાખ્યા કરી. આહા..હા..! આ લોકો અત્યારે કહે છે ને? અત્યારે તો આ બધું એ સ્થાપે છે. આહા..હા..! છે ને? આ અર્જિકા નહિ જ્ઞાનમતિ? આ નંદમલ આવ્યા હતા ને એના ફઈબા થાય. નંદમલ રહી ગયા સત્તર દિ'. દિગંબરમાં છે. એણે લખ્યું છે, અત્યારના જેટલા સાધુ છે તે બધા ભાવલિંગી સાધુ છે. ભાવલિંગીને પછી.. ફૂલચંદજી બોલતા હતા. ભાવ તો ખરો. ફૂલચંદજી! તમે કાંઈક કહ્યું હતું. આ બધા ભાવલિંગી કહેતા હતા ત્યારે.

**શ્રોતા :–** પોતપોતાના ભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતપોતાના ભાવ. પોતપોતાના ભાવ જે હોય એ ભાવલિંગી. એ પંડિતજી કહેતા હતા. વાત સાચી. અરે.. ભગવાન! બાપુ! આ ન થાય આમ. આહા..હા..! માર્ગને ખેંચતાણ કરીને પ્રભુ એમ ન થાય. એ માર્ગ હઠાગ્રહનો નથી. આ તો સહજ સ્વરૂપનો માર્ગ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું'** જ્ઞાન કર્યું, આ આત્મા એમ શ્રદ્ધા કરી એમાં ઠરીશ તો ચારિત્ર (થશે). એ તો હજી શ્રદ્ધામાં આવીશ. પછી એનું આચરણ કરવું. **'તેનું જ...'** અહીં તો બધું જ-જ એકાંત કહે છે. સમ્યક્ એકાંત. આહા..હા..! **'તેનું જ શ્રદ્ધાન કરવું...'** **'અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું'** આહા..હા..! આત્માનંદમાં રમવું, નિજાનંદમાં રમવું એ ચારિત્ર અને એ રીતે પછી ચારિત્ર કરવું. આત્માના આનંદમાં રમવું. આહા..હા..! આ ચારિત્ર. લોકો તો કાંઈકને કાંઈ ક્રિયા (કરવામાં લાગી ગયા). બહારના પાંચ મહાવ્રત ને આ ને આ બધા મોક્ષના માર્ગ છે ને સાધન છે. ભાઈ! એ તો નિમિત્તથી કથન કરીને જ્ઞાન કરાવ્યું. વસ્તુ સાધન-ફાધન નથી. આહા..હા..! ત્રણલોકનો નાથ સિદ્ધસ્વરૂપી પરમાત્મા એનું જ્ઞાન-શ્રદ્ધા થયું ત્યારે એમાં ઠરશે... એમાં ઠરશે... સમજાણું કાંઈ? એ આવ્યું હતું ને સવારમાં નહિ?

એક દેખિયે જાનિયે, રમિ રહીયે ઈક ઠૌર,
સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર. ૨૦.

એ અમૃતચંદ્રાચાર્યનો ૧૯મો કળશ. આહા..હા..! આ પર્યાયવાળું તે ભેદ છે અને અભેદ

અખંડાનંદ છે એ નિર્મળ છે, નિશ્ચય છે એનો વિકલ્પ ન કરવો. એકલા અખંડાનંદ પ્રભુમાં ઠરવું. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! ઓહોહો..! **'પછી તેનું જ આચરણ કરવું'** જોયું! એ જ્ઞાયક સ્વરૂપ આનંદઘન ભગવાન, એમાં રમવું, એનું આચરણ કરવું. આત્મ-આચરણ. આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા, આત્મ-આચરણ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! આચાર્યોએ સાદી, ટૂંકી ભાષામાં કેટલો ભાવ મૂક્યો છે!

**'અનુભવ વડે તેમાં લીન થવું;...'** આચરણ કરવું એટલે. આહા..હા..! આનંદનો સાગર ભગવાન એને અનુસરીને સ્થિરતા કરવી એનું નામ અનુભવ. આહા..હા..!

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ;<br>
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

આહા..હા..! એકાંત છે એવું નાખે છે. આહા..હા..! એમાં પણ નાખ્યું છે ભાઈએ. શ્રમણસૂત્ર કર્યું જ નથી, એમાં તો આમ નાખ્યા છે, બધાને નાખ્યા છે. સ્થાનકવાસી ને ઢીંકણાને. એકાંતમતિ કાનજીસ્વામીને. એકાંતમતિ. અહીં તો એકાંતમત સાચો. એમાં છે. કારણ કે અહીં શું કહે છે? અહીં તો સમ્યક્ એકાંત સિદ્ધ કરે છે. એમાં જ આચરણ કરવું, રાગનું આચરણ કરવું એવું નથી અહીં તો. આહા..હા..! એની શ્રદ્ધામાં તો નક્કી કરે કે ભગવાન આનંદનો નાથ પ્રભુ એ જણાયો અને શ્રદ્ધાયો એમાં ઠરવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ વ્રત ને .. અપવાસ ને ફપવાસ એ કાંઈ ચારિત્ર છે નહિ. ઉપવાસ, અપવાસ નહિ. ભગવાન આનંદનો નાથ જ્ઞાયકભાવ એની ઉપ નામ સમીપે વસવું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અનુભવ વડે તેમાં લીન થવું;...'** આહા..હા..! આ ચારિત્ર. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનમાં જણાણો એવો જ શ્રદ્ધ્યો કે આ અનુભવસ્વરૂપ જે દેખાય તે આત્મા અને એમાં ઠરવું, એનો અનુભવ કરવો. આહા..હા..! સમજાણું કાંઈ? અને અનુભવની મહોરછાપ (શું)? પાંચમી ગાથામાં છે. પાંચમી ગાથામાં. અનુભવની-સ્વસંવેદનની મહોરછાપ? અતીન્દ્રિય આનંદનું વેદવું એ એની મહોરછાપ છે. આહા..હા..! પાંચમી ગાથા. આહા..હા..! અનુભવ-અનુભવ તો બધા ઘણા કરે. વેદાંતી પણ એમ કહે છે, અમને અનુભવ થયો. એ ગયા હતા ઓલા ટંકારાની પાસે છે .. ત્યાં ઉતર્યા હતા એ ગરાસિયો હતો. આત્માનો સાક્ષાત્કાર થયો છે. એ ગરાસિયા હોય છે ધર્મશાળામાં. સાંભળવા બેઠો હતો. આમ નરમ માણસ પણ પછી આવે. અરે..! બાપા! આત્માનો સાક્ષાત્કાર જુદી ચીજ છે. સમજાણું કાંઈ?

**'અનુભવ વડે તેમાં લીન થવું; કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ...'** જે મોક્ષાર્થી થયો ને? એ મોક્ષાર્થી હતો ને? મોક્ષ અવસ્થા એ સાધ્ય એ નિષ્કર્મ અવસ્થા છે. રાગ વિનાની, કર્મ વિનાની અવસ્થા છે. એવી અવસ્થારૂપ **'અભેદ શુદ્ધસ્વરૂપ...'** અભેદ શુદ્ધસ્વરૂપ **'તેની સિદ્ધિની...'** તેની પ્રાપ્તિની **'એ રીતે ઉપપત્તિ છે,...'** એ રીતે પ્રાપ્તિ છે, બીજી રીતે છે નહિ. આહા..હા..! આમ કેમ કરવું? કે સાધ્ય જે મોક્ષ નિષ્કર્મદશારૂપ

અભેદ શુદ્ધસ્વરૂપ તેની પ્રાપ્તિનો આ ઉપાય છે. સમજાણું કાંઈ? '**અન્યથા અનુપપત્તિ છે...**' આ અનેકાંત. આનાથી પ્રાપ્તિ થાય અને વ્યવહારથી પ્રાપ્તિ થાય એ અનેકાંત છે એમ નથી. આનાથી જ થાય, બીજી રીતે ન થાય એનું નામ અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલું આવે છે ને છ ઢાળામાં? નહિ? ત્યાગ-વૈરાગ્ય દુઃખરૂપ લાગે. ચારિત્ર. છ ઢાળામાં આવે છે. 'આત્મહિત હેતુ વૈરાગ્ય' એને દુઃખ જાણે. લખૈ દુઃખ કષ્ટ. આહા..હા..! અરે..! એ ચારિત્ર કષ્ટ હોય નહિ. એમ કે આહા..હા..! પાંચ મહાવ્રત પાળવા, ત્યાગ, વૈરાગ્ય મહાકષ્ટ. કષ્ટ તે ધર્મ નહિ. આહા..હા..! એમાં આનંદ આવે એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? આનંદની લહેરું કરતો-કરતો કેવળજ્ઞાનને પામે. એ કષ્ટ સહન કરતો પામે એમ નથી. ભાઈ! એ તો સહજાનંદ સ્વરૂપ છે. સ્વભાવિક આનંદમાં લીન થતાં, આનંદ અતીન્દ્રિયનો વેદતા-વેદતા કેવળજ્ઞાન થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં.

'**(અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી).**' બીજો એનો કોઈ સાધ્યની પ્રાપ્તિનો બીજો ઉપાય નથી. આહા..હા..! આ તો એમ કહે કે નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય. નિશ્ચય પણ મોક્ષમાર્ગ, વ્યવહાર પણ મોક્ષમાર્ગ અને નિશ્ચય આદરણીય છે એવો વ્યવહાર પણ આદરણીય છે એમ કહે છે, એમ નથી. આહા..હા..! એકલો ભગવાન આત્માને જાણવું, શ્રદ્ધવું અને ઠરવું એ એક જ મોક્ષનો માર્ગ છે, તો નિશ્ચય થયો. વ્યવહારને કહ્યો છે એ તો ઉપચારથી એનું કથન કર્યું છે. મોક્ષમાર્ગ બે નથી. એક મોક્ષમાર્ગ છે. માર્ગ એટલે કારણ. મોક્ષનો માર્ગ એટલે મોક્ષનું કારણ. એક જ કારણ છે. બે કારણ નહિ. આહા..હા..! મોક્ષમાર્ગ એક છે એનો અર્થ શું થયો? કાર્ય જે સિદ્ધદશા એનું કારણ નિશ્ચય એક જ કારણ છે. આહા..હા..! બીજું ભલે હો જાણવા માટે પણ એ કારણ નથી. આહા..હા..! આવી સ્થિતિ સીધી છે. પક્ષના વ્યામોહ આડે સૂઝ પડે નહિ. પોતાને ફરવું ગોઠે નહિ. ફરે તો હાય.. હાય.. તો આટલા વર્ષથી શું કર્યું? શું કર્યું હતું? ધૂળ. સાંભળને! ત્રણલોકના નાથને જગાડ્યો નહિ અને એની શ્રદ્ધા કરી નહિ અને એમાં ઠર્યો નહિ. શું કર્યું તેં? આહા..હા..!

'**(તે વાત વિશેષ સમજાવે છે :-) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો...**' અનેક પર્યાયરૂપ રાગ-દ્વેષ વિકલ્પાદિ ભેદભાવો '**તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં...**' ભગવાન આત્માના જ્ઞાનમાં પુણ્ય, દયા, દાન, વ્રત, વિકલ્પ આદિ પર્યાયોરૂપ ભેદભાવો '**તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' આહા..હા..! એ રાગ તે હું નહિ. છે? '**સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' એ જે રાગ દયા, દાન, વિકલ્પાદિનું જ્ઞાન થાય એ મિશ્રિત થયું જ્ઞાનની પર્યાય સાથે. એમાંથી ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી. આહા..હા..!

'**આ અનુભૂતિ છે તે જ હું છું...**' જાણવાની દશા અનુભવમાં આવે તે જ હું

છું. રાગાદિ વિકલ્પ વ્યવહાર એ હું છું નહિ. એમ કહ્યું જાણવામાં આવે છે. જ્ઞાનમાં જણાય કે આ રાગાદિ છે, પણ એ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે તે કાળે. એવું છે ૧૨મી ગાથામાં. તે કાળે. તે તે સમયે જેટલા પ્રમાણમાં રાગની અશુદ્ધતા અને શુદ્ધતાના અંશો (હોય) એને જાણવું એ વ્યવહારજ્ઞાન છે. જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી ચોખ્ખી વાત સ્પષ્ટ છે. માણસને આગ્રહ આડે ઘણા વખતથી મનાવ્યું હોય, માન્યું હોય ને તો ફરવું કઠણ પડે. જીવન જાય જીવન. માર્ગ તો આ છે.

'**જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો...**' રાગાદિના ભેદભાવ '**તેમની સાથે મિશ્રિતપણું...**' જ્ઞાન ને રાગ એક મિશ્રિત લાગે છે. '**પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં...**' રાગથી ખસીને સ્વભાવ તરફમાં ઝુકાવ થવો એ ભેદજ્ઞાનમાં પ્રવીણપણું (છે). આહા..હા..! '**આ અનુભૂતિ છે તે જ હું છું...**' જ્ઞાનમાં આ અનુભૂતિ આત્મા ત્રિકાળી તે હું છું. આહા..હા..! જ્ઞાનમાં આ અનુભૂતિ સ્વરૂપ ત્રિકાળ તે હું છું. ઓહોહો..!

'**એવા આત્મજ્ઞાનથી...**' આવું આત્મજ્ઞાન. આહા..હા..! '**એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...**' આવા આત્મજ્ઞાનથી એટલે રાગથી ભિન્ન પડીને આ અનુભવસ્વરૂપ ભગવાન આત્મા તે હું છું એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું '**આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે...**' જ્ઞાનમાં જણાણો કે આ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છે એવો જ છે. એવો જ છે. '**તેવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...**' આહા..હા..! રાગથી ભિન્ન પાડીને ભગવાન જ્ઞાનસ્વરૂપ અનુભવમાં આવે તે હું. એવી રીતે ભેદજ્ઞાનની પ્રવીણતાથી જણાણું એવું જે આત્મજ્ઞાન. આહા..હા..!

'**આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે...**' પછી પ્રતીતિ લીધી. જોયું! જણાયા વિના આ છે, દૃષ્ટિમાં આવ્યા વિના અને જ્ઞાનમાં આવ્યા વિના આ છે એમ માન્યું કોણે? આહા..હા..! '**જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે...**' જોયું! પ્રતીતિ જેનું લક્ષણ સમ્યગ્દર્શનનું. સમ્યગ્દર્શનનું લક્ષણ પ્રતીતિ છે. એ પંચાધ્યાયીમાં ચાર બોલ લીધા છે. શ્રદ્ધા, પ્રતીત, રુચિ, જ્ઞાનની પર્યાય એ તો વ્યવહારની વાત છે. એ વ્યવહારની વાત છે. પંચાધ્યાયીમાં છે. આ નિશ્ચયની વાત છે. પંચાધ્યાયીમાં. શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ એને જ્ઞાનની પર્યાય ગણી છે ત્યાં પંચાધ્યાયીમાં. એ વ્યવહારની. આ વ્યવહારની. આહા..હા..!

નિશ્ચયમાં તો જે આત્મા જણાણો એની જે શ્રદ્ધા થઈ એ પ્રતીત છે. એ પ્રતીત થઈ આત્માની. સમ્યગ્દર્શનનું લક્ષણ પ્રતીત છે. બસ! સમજાણું કાંઈ? ત્યારે '**એવું શ્રદ્ધાન ઉદય થાય છે...**' ભાષા જુઓ! પ્રગટ થાય છે. આહા..હા..! '**આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...**' આત્મજ્ઞાન

કીધું ને ત્યાં? એનો અર્થ થયો કે આત્મા આખી ચીજ છે તેનું જ્ઞાન. આત્મજ્ઞાન કહ્યું ને? આત્માના ગુણનું કે પર્યાયનું જ્ઞાન એમ નહિ. આખો આત્મા એનું જ્ઞાન. આત્મજ્ઞાન, આત્મજ્ઞાન. એ જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જણાણો. આહા..હા..!

**શ્રોતા :-** આખો એટલે ત્રિકાળી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ત્રિકાળી. ત્રિકાળી ધ્રુવ અખંડ એક. આહા..હા..!

જ્ઞાન થયું એ પર્યાય, પણ કોનું? આત્માનું. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ એકરૂપ અખંડ પ્રતિભાસમય, પ્રતિભાસ નામ પર્યાયમાં ભાસ થાય એવો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ભાઈ એવી ઝીણી પડે ને માણસને. સાદી ભાષા છે પણ લોકો એકાંત.. એકાંત.. કરે છે. એકાંત છે રે એકાંત છે. વ્યવહારને સાધન કહેતા નથી. વ્યવહારથી થાય. એકાંત છે અરે.. ભગવાન! સમ્યક્ એકાંત જ છે આ. જ-જ શબ્દ પડ્યો છે ને બધે? આહા..હા..! અને સમ્યક્ એકાંતના જ્ઞાન વિના, અનેકાંત પણ સમ્યગ્જ્ઞાન એવા એકાંત વિના કોઈ હિતકારી છે જ નહિ. એ શ્રીમદ્‌માં નાખ્યું છે શ્રીમદ્‌માં. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા આત્માના હિત સિવાય બીજું કોઈ અનેકાંત હોઈ શકે નહિ. આહા..હા..!

‘**શ્રદ્ધાન ઉદય થાય છે...**’ શ્રદ્ધા પ્રગટ થાય છે ‘**ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...**’ આત્મજ્ઞાન થવાથી, આ આત્મા તેમ શ્રદ્ધા પ્રગટ થવાથી ‘**સમસ્ત અન્યભાવોનો ભેદ...**’ ચાહે તો દયા, દાન, ભક્તિ હોય, પુણ્ય શુભભાવ આદિ એનાથી પણ ભેદ. આહા..હા..! ‘**અન્યભાવોનો ભેદ થવાથી...**’ શુભાદિ ભાવ જે અન્યભાવ છે તેની જુદાઈ થવાથી ‘**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે...**’ એ સ્વરૂપમાં શંકા વિના નિઃશંક ઠરવાને લીધે. રાગથી ભેદ પડીને સ્વરૂપમાં નિઃશંક ઠરવું. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું...**’ ભાષા. એ આત્માનું ચારિત્ર ઉદય થયું-પ્રગટ્યું. સમજાણું કાંઈ?

‘**અન્યભાવોનો ભેદ થવાથી...**’ રાગના વિકલ્પથી પણ જુદો એવું ભેદજ્ઞાન થવાથી ‘**નિઃશંક ઠરવાને...**’ હવે સ્વરૂપમાં નિઃશંક આમાં ઠરવું. આનંદનો નાથ એમાં ઠરવું એ ‘**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ...**’ આત્માનું અનુષ્ઠાન, આત્માનું ચારિત્ર, આત્માની રમણતા ઉદય થાય છે—પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

‘**અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે.**’ આ આત્મા એનું જ્ઞાન, આ આત્મા એની શ્રદ્ધા અને એ આત્મામાં ઠરવું નિઃશંકપણે એવું ચારિત્ર તેને પ્રગટ થાય છે. અજ્ઞાનીને ચારિત્ર હોય નહિ, મિથ્યાદષ્ટિને આચરણ સ્વનું હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માનું આચરણ ચારિત્ર ઉદય થતું આત્માને સાધે છે. વ્યવહારના વિકલ્પથી ભેદ પડતો, સ્વરૂપમાં નિઃશંકપણે ઠરતું એ આચરણ આત્માની સિદ્ધિને સાધે છે. આહા..હા..!

'આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.' પહેલી ઉપપત્તિ અને અનુપપત્તિ કીધી હતી ને? એની એક વ્યાખ્યા કરી. 'આમ સાધ્ય...' જે મોક્ષદશા એવા 'આત્માની સિદ્ધિની..' પ્રાપ્તિ 'એ રીતે ઉપપત્તિ છે.' બીજી રીતે છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ-૧૧, બુધવાર, તા. ૨૮-૦૧-૧૯૭૬,**
**ગાથા-૧૭-૧૮, શ્લોક-૨૦,**
**પ્રવચન નં. ૫૯**

૧૭-૧૮ ગાથા, સમયસાર. છેલ્લો પેરેગ્રાફ. બે પેરેગ્રાફ થયા છે, ત્રીજો. ઉપપત્તિ છે અને અનુપત્તિ છે એમાં ઉપપત્તિનો એક અધિકાર ગયો. એટલે કે આ આત્માને અનુભવમાં આવતા પર્યાયમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ ભેદરૂપી ભાવ એનાથી જાણનાર હું ભિન્ન છું, એ જાણવામાં આવતા જે પુણ્ય-પાપના રાગાદિ ભાવ, એનાથી હું ભિન્ન જ્ઞાયકસ્વરૂપ છું, એવું ભેદજ્ઞાન થાય તેને આત્મજ્ઞાન થાય. એટલે? એને રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપનું જ્ઞાન થાય છે. એથી તેની દૃષ્ટિ ત્યાં છે એટલે એમ માને છે કે આ પુણ્ય અને પાપ તે હું, પણ ધર્મી એ પુણ્ય-પાપના ભાવને ભેદજ્ઞાનના બળ વડે ભિન્ન પાડીને 'આ આત્મા જ્ઞાયક છે તે હું છું' એવું એને ભેદજ્ઞાન નામ આત્મજ્ઞાન થાય છે. એ આત્મજ્ઞાન આતમ-જ્ઞાન એમ. ઓલું રાગનું જે જ્ઞાન હતું, પર્યાયબુદ્ધિમાં પુણ્ય-પાપના વિકલ્પોનું જ્ઞાન હતું 'એ હું છું' એમ માનતો, એને ઠેકાણે 'એનો જાણનાર જ્ઞાયક છું તે હું છું' આમ આત્મજ્ઞાન થતાં એટલે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પનું જે જ્ઞાન હતું (એ) જ્ઞાન તો પોતાનું હતું, પણ એ ત્યાં માનતો હતો કે આ રાગ ને પુણ્ય ને એ હું છું. આહા..હા..! એનાથી ભેદજ્ઞાન એટલે કે સ્વ તરફના ધ્યેયને બનાવી, રાગથી ભિન્ન પાડી જે આત્મજ્ઞાન—એ વસ્તુ છે તેનું જ્ઞાન થયું ત્યારે આ આત્મા તેની શ્રદ્ધા થઈ. આહા..હા..! ત્યારે એને અન્યભાવથી ભિન્ન ભાસ આત્માનો થયો તો અન્યભાવથી ભિન્ન ઠરવાનું આ સ્થાન છે એમ નિઃશંકતા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

નિઃશંક થવાથી તેમાં ઠરે છે. એ જ્ઞાયકભાવમાં ઠરવું એનું નામ ચારિત્ર. એ જ્ઞાયકનું આચરણ કરવું, જે રાગનું આચરણ હતું એને ભિન્ન પાડીને જ્ઞાયકનું ભાન થયું તે જ્ઞાયકનું આચરણ કરવું એનાથી કર્મથી છૂટી શકાય છે એમ શ્રદ્ધામાં ભેદજ્ઞાનમાં-આત્મજ્ઞાનમાં એમ આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? '**આચરણ ઉદય થતું આત્માને સાધે છે. આમ સાધ્ય**

**આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.'** લ્યો! સમજાણું કાંઈ?

**'પરંતુ...'** આમ હોવાથી આમ જ્ઞાન થાય, એની શ્રદ્ધા થાય અને એનું આચરણ થાય. **'પરંતુ...'** કેમ થતું નથી? **'જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** આહા..હા..! કહે છે કે દરેક જીવને ને સદાકાળ જ્ઞાન જ જણાય છે એને. રાગ, પુણ્ય-પાપ એનું જ્ઞાન એ જ્ઞાન જણાય છે. એ **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** જાણવામાં તો આત્મા જ આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં જે જાણવું થાય છે એ જાણવું એ આત્માનું છે. એ જાણવું એ આત્માનું છે એમ ન માનતા અનુભૂતિ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને, આહા..હા..! સદાકાળ કહે છે જ્ઞાન જ જણાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સૌને સદાકાળ...'** એમ. ભગવાન જ્ઞાનરસકંદ છે એથી એની પર્યાયમાં જાણવું જ થાય છે. એ 'જાણવું છે એ હું છું' એમ અજ્ઞાનીને થાતું નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આવો ભગવાન આત્મા જાણનારને જાણે છે, જાણનારમાં છે ઈ અને જાણનારની અવસ્થા જ જેને જણાય છે. આહા..હા..! આમ **'સૌને સદાકાળ પોતે જ...'** એટલે જ્ઞાન જ જાણવામાં આવે છે. આહા..હા..! કેમકે પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા ને દાન વિકલ્પ છે એ તો અચેતન છે એટલે કે એમાં જ્ઞાનનો અંશ નથી. એથી જાણનાર જ્ઞાનની પર્યાય જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો **'અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે...'** અનાદિ બંધને કારણે નહિ, અનાદિ બંધના વશે થાય છે. જાણનાર.. જાણનાર.. જાણનાર.. તે હું, જણાય છે તે હું, એમ ન માનતા અનાદિ બંધને વશે પડતો. આહા..હા..! એટલે કર્મને લઈને આમ છે એમ નહિ. આહા..હા..! **'અનાદિ બંધના વશે...'** આ સિદ્ધાંત છે આખો. કર્મ છે માટે વિકાર એને થાય છે એમ નથી. એ અનાદિ વસ્તુ છે બંધ એને વશ થાય છે માટે વિકાર થાય છે. સમજાય છે કાંઈ? એટલે કે સૌને સદાકાળ જાણન-જાણનભાવ જ જાણવામાં આવે છે. શરીરને જાણતા, રાગને જાણતા એ જાણન-જાણન છે તે જણાય છે, પણ તેનો 'અનુભૂતિ આત્મા હું છું, આ જાણનાર તે હું છું' એમ અજ્ઞાનીને ન થતાં, કર્મના વશ પડ્યો, બંધને વશ, આત્મવશ થવું જોઈએ એને ઠેકાણે કર્મને વશ પડ્યો. આહા..હા..! આવે છે ને? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' આહા..હા..! ઝળહળ ચૈતન્યદીવો, ચૈતન્યસૂર્ય એની દશા જ જણાય છે, કહે છે. જાણનાર એ છે તે જણાય છે. રાગ જાણનાર નથી તે રાગ જણાય. રાગ જાણે એટલે રાગ જણાય (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. સંધિની છે ને આ તો. આહા..હા..!

એ **'બંધના વશે પર સાથે એકપણાના નિશ્ચયથી...'** આમ વાત છે. આહા..હા..! જાણનાર... જાણનાર... જાણનાર.... જાણનાર... જણાય છે એમ ન જાણતા જાણનારની

પર્યાય વર્તમાન કર્મ સંબંધને વશ પડ્યો, પર સાથે એકપણાના અધ્યવસાયથી. એ રાગ અને પુણ્યના વિકલ્પોની સાથે એકપણાનો એનો અધ્યવસાય છે. એક થતો નથી, પણ એકપણાનો એને નિર્ણય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ તો આગળ કહ્યું ને? રાગ અને આત્મા વચ્ચે સંધિ છે. ભાઈ! આવે છે? રાગનો વિકલ્પ અને જ્ઞાનપર્યાય-પ્રજ્ઞાછીણી એ બે વચ્ચે સાંધ છે. જેમ મોટા પત્થરની ખાણ હોય છે ને પત્થરની? એમાં રગ હોય છે રગ. રગ છે ને? પીળી, લાલ, ધોળી ઝીણી રગ હોય. એ બે વચ્ચે સાંધ હોય છે, અને એ પથરાને જુદા પાડવા હોય તો એ સાંધમાં સુરંગ નાખે. તેથી એ પથરા ઉડીને જુદા પડી જાય. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ખાણ અને રાગ—બે વચ્ચે સાંધ છે. આહા..હા..! ત્યાં તો એમ કહ્યું છે કે નિઃસંધિ થયા નથી એટલે કે બે એક થયા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

એથી અહીં કહ્યું, દેખો! એ '**એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને...**' આહા..હા..! રાગનો વિકલ્પ ઊઠે એની સાથે પરવશ થઈને 'તે હું છું' એમ અજ્ઞાની મૂઢ પરપદાર્થ જે રાગાદિ એને પોતાના માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અનાદિ બંધના વશે પર સાથે એકપણાના નિશ્ચયથી...**' એ 'રાગ તે હું છું' એમ એકપણાનો નિર્ણય હોવાથી એને રાગથી ભિન્ન અનુભવ મારી ચીજ જુદી છે એનું ભાન નહિ હોવાથી.. આહા..હા..! એ રાગનો વિકલ્પ જે ઊઠે છે તેનો એકપણાનો નિર્ણય છે કે એ 'હું છું'. જાણનાર 'જણાય છે તે હું છું' એમ માને છે. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! બહુ (ઝીણો). આહા..હા..! '**એકપણાના નિશ્ચયથી...**' એકપણાના નિર્ણયને કારણે. આહા..હા..! ૨૦૦ ગાથામાં આવે છે ને, ભાઈ? પ્રવચનસાર. જ્ઞાયકભાવ જ્ઞાયકભાવપણે રહ્યો છે. ૨૦૦ ગાથામાં છે, પ્રવચનસાર. પણ અધ્યવસાય અનેરો કરે છે એ કે આ રાગ હું, એમ અધ્યવસાયમાં ભેદ છે. વસ્તુ તો વસ્તુ તરીકે જ છે. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ વસ્તુ જાણનાર (છે). આહા..હા..! સિદ્ધની પર્યાય અને સંસારની પર્યાય પણ જેમાં નથી, આહા..હા..! એવો જાણનાર તે કાયમ જ્ઞાયકપણે જ રહ્યો છે, એવો પાઠ છે. ૨૦૦ ગાથા, પ્રવચનસાર. છતાં અજ્ઞાની અધ્યવસાય અનેરો કરે છે કે હું આ રાગ છું, પુણ્ય છું, એવો નિર્ણય-અધ્યવસાય કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! જિનેન્દ્ર (વીતરાગનો માર્ગ) જુદો છે. લોકોએ બહારમાં ક્રિયાકાંડ ને આ કરવું ને આ કરવું એમાં ઘુંચી ગયા એટલે કંઈ હાથ આવતું નથી. આહા..હા..!

ભગવાન અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર કહે છે કે પ્રભુ! તું તો જાણનાર સદાય રહ્યો છો ને! આહા..હા..! જાણનાર જ જણાય છે ને! આહા..હા..! જાણનાર જ્ઞાયક છે તે જણાય છે એમ ન માનતાં બંધને વશે પડ્યો, જે જ્ઞાનમાં પર તરીકે રાગાદિ જણાય તેના એકપણાનો નિર્ણય કરતો મૂઢ. આહા..હા..! '**મૂઢ જે અજ્ઞાની તેને...**' આહા..હા..! '**આ અનુભૂતિ છે તે જ હું છું...**' આ જાણનાર છે તે હું છું. '**એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**'

ઝીણી વાત છે, ભાઈ! એ ટીકા સાધારણ નથી પણ મહામર્મ છે. ઘણો મર્મ! ઓહોહો..! આવી ટીકા અમૃતચંદ્રાચાર્ય કેટલી સાદી ભાષામાં... આહા..હા..! ભેદજ્ઞાન અને પર સાથે અભેદની વ્યાખ્યા કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક.. જ્ઞાયક.. જ્યોતિ દ્રવ્ય છે-વસ્તુ છે. એ તો જાણક સ્વભાવે પરમપારિણામિકસ્વભાવભાવરૂપે જ છે. એ રાગ સાથે દ્રવ્ય એકત્વ થયું નથી. સમજાય છે? પણ જાણનાર જણાય છે તે પર્યાયમાં લંબાઈને અંદર જાવું જોઈએ એમ ન જતાં એ કર્મના વશ પડ્યો બહારમાં 'રાગ તે હું છું' એમ માને છે. આહા..હા..! આવી વાતું છે ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? પ્રેમચંદભાઈ! ભક્તિ કરવી, દયા પાળવી, વ્રત પાળવા સાવ સહેલું સટ હતું. ધૂળેય નથી ત્યાં, સાંભળને! આહા..હા..! જ્યાં જાણનાર સદાય પોતે જાણનારો જાણનારને જાણે એવી અનુભૂતિ હોવા છતાં, આહા..હા..! 'તેનો અંદર જાણનાર તે હું, આ જણાય તે હું' એમ અંતરમાં ન જતાં અનાદિ કર્મને વશ પડ્યો, પર્યાયબુદ્ધિ કહેવી છે, રાગને વશ પડ્યો, મૂઢ અજ્ઞાની તેને 'આ જાણનાર તે હું' એવું જ્ઞાન થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ આચાર્યો આવા, આવું સાદી ભાષામાં આખું માખણ આપે છે. ત્રિલોકનાથ ગણધર અને તીર્થંકરોની વાણીની ગંભીરતાનું શું કહેવું! આહા..હા..! આ પંચમ આરાના સંત. આટલી ગંભીર.. ગંભીર... ગંભીર... એકત્વની વાત પણ ગંભીર અને ભેદ પાડવાની વાત પણ ગંભીર. અરે..! ભાઈ! આ તો સંતો છે. સમજાય છે? મુનિઓ છે, પરમાત્મા છે. આહા..હા..!

ભગવાન! તું ક્યાં ભૂલ્યો? કે સદાકાળ સૌને જાણનાર જ જણાય છે. રાગને જાણે તો એ જાણનાર જાણે છે. આ હું છું એ પણ જાણનાર જાણે છે. એ જાણનાર જ જાણે છે, પણ 'એ જાણનાર તે હું' એમ અનુભૂતિ દૃષ્ટિમાં ન આવતાં, આહા..હા..! રાગને વશ પડ્યો ભાવબંધ. ભાવબંધને વશ પડ્યો 'રાગ તે હું છું' (એમ માને છે). છે? 'આ અનુભૂતિ તે હું છું' એમ ન માનતા, આહા..હા..! એવું આત્મજ્ઞાન એને થતું નથી, ઉદય થતું નથી. આહા..હા..! આ સમ્યગ્દર્શન પામવાની કળા બતાવે છે અને મિથ્યાજ્ઞાન કેમ થયું તેની વાત કરે છે. આહા..હા..! અરે..! દુઃખી પ્રાણી અનાદિનો છે, ભાઈ! પરાધીન પડ્યો. એમ કહ્યું ને? રાગને વશ થયો દુઃખી છે. આહા..હા..!

નિરાકુળ ભગવાન અનાકુળ આનંદનો નાથ એ પર્યાયમાં-જ્ઞાનમાં જાણનારો તે 'જાણનારો પોતે છે' એમ ન જાણતાં જ્ઞાનની પર્યાયમાં પરને વશ થયો, 'રાગ તે હું' એવો પોતાના સ્વભાવથી (અજાણ) મૂઢ અને અજ્ઞાની... આહા..હા..! એને 'અનુભૂતિ હું' એવું આત્મજ્ઞાન... જુઓ! આવું આત્મજ્ઞાન. આહા..હા..! 'આ જાણનાર-જાણનાર તે હું' એવું આત્મજ્ઞાન થતું નથી. આહા..હા..! 'રાગ તે હું' એવી મૂઢતા તેને ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ટીકા છે ને! ગજબ કરી છે! આહા..હા..!

થોડા શબ્દોમાં મિથ્યાત્વ કેમ છે એની વાત કરી. થોડા શબ્દમાં સમ્યક્ કેમ થાય એની વાત પહેલી કરી. આહા..હા..! એમ કરીને પાછો અનાદિ બંધને વશ કીધો, અનાદિ બંધને કારણે એમ ન કહ્યું. પંડિતજી! એ તો પંડિતજી તો એમાં સંમત છે ને. આહા..હા..! આ ઘણાં અત્યારે એ માંડે છે ને, કર્મને લઈને... કર્મને લઈને... કર્મને લઈને (વિકાર થાય). કર્મને લઈને તો જડ છે એને લઈને શું હોય?

**શ્રોતા :-** જૈનોને તો કર્મની પ્રકૃતિ જ આડી આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ આડું આવતું નથી.

જાણવાવાળાને જાણે નહિ અને રાગને વશ પડ્યો માને કે હું આ. એ તો પોતે વશ થાય છે. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' આહા..હા..! પણ મૂળ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન એની વાત આખી પડી રહી અને મૂળ વિના બધાં પાંદડા તોડ્યા. પાંદડા સમજો છો? પત્તા. આંબલીના પત્તા લાખો તોડ્યા, મૂળ સાજુ પંદર દિ'એ પાંગરી જશે; એમ આ રાગની મંદતાની ક્રિયાઓ અનંતવાર કરી. આહા..હા..! પાંદડા તોડ્યા, પણ રાગરહિત આત્મા એનું મૂળ એણે ન પકડ્યું. આહા..હા..! સમજાણું? આ તેલ- બેલનું તો ક્યાંય રહી ગયું હોં! તેલનું કાંઈ કરી શકતો નથી.

**શ્રોતા :-** તેલ તો અમેરિકા મોકલી દીધું ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ મોકલે? આહા..હા..!

'**મૂઢ જે અજ્ઞાની...**' એટલે? 'આ જાણનાર.. જાણનાર... જાણનાર.. જણાય છે તે હું' એમ અંતરમાં ન જોતા જાણવામાં આવે તેવો રાગ તેને વશ પડ્યો. આહા..હા..! '**મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ...**' આ જણાય છે તે હું '**એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' દર્શનમોહને કારણે આત્મજ્ઞાન થતું નથી એમ કહ્યું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**તે જ હું છું...**' આ જણાય છે.. જણાય છે... જેના અસ્તિત્વમાં જાણવું થાય છે, જેની હયાતીમાં જાણવું થાય છે એ જાણવું તે હું, એ રાગને વશ પડ્યો 'જાણનાર તે હું' એવું આત્મજ્ઞાન થતું નથી. આહા..હા..! હવે બાયડી-છોકરા-દેશ ને ક્યાંય રહી ગયા. એય..! પોપટભાઈ! છ છોકરા ને બધા મકાન-ફકાન ને પૈસા એ બધું ક્યાંય રહી ગયું. ઘણા વાતું કરે છે તમારી મોટી-મોટી વાતું લોકો બહાર. કો'ક કહે પાંચ કરોડ છે, કો'ક કહે આઠ કરોડ છે, એવી વાતું બધી કરે છે. તમારી આબરૂ મોટી ખરીને.

**શ્રોતા :-** ઘરમાં ગણવા થોડું જવાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી. એમ અમારા શેઠ માટે પણ બોલે. શોભાલાલ શેઠ માટે બહુ લોકો બોલે. એક જણો તો કહે. આ તો સાંભળેલી વાત છે હોં, સાચી-ખોટીની વાત નથી. એની પાસે તો દસ કરોડ છે શેઠિયા પાસે. આવી તમારી આબરૂ છે બહારમાં. અહીં હવે આબરૂ કોની હતી? રાગ એનો નથી ત્યાં વળી પૈસા ને આબરૂ કોની આવી?

આહા..હા..! આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન એકલો જ્ઞાયકભાવ અને તેની પ્રવાહ પર્યાયથી જાણવામાં આવે છે એમ 'એ જ્ઞાન તે હું, આ જાણવામાં આવે તે હું' એમ ન માનતા જાણનાર પર્યાય રાગને વશ થઈ, મૂઢ જે અજ્ઞાની તેને આત્મજ્ઞાન—સ્વનું ઘોલન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત ભાઈ! આહા..હા..!

'**એવું આત્મજ્ઞાન...**' એવું કોણ? કે 'આ જાણનાર છે તે હું છું' એવું આત્માનું જ્ઞાન મૂઢને પ્રગટ થતું નથી. આહા..હા..! દર્શનમોહના ઉદયને લઈને એને આત્મજ્ઞાન થતું નથી એમ કહ્યું નથી. સમજાય છે કાંઈ? આ તો અમારે (સંવત) ૧૯૭૧ની સાલથી આ વાંધા ઊઠ્યા છે બધા. ૭૧. ૭૧. કેટલા વર્ષ? ૬૦ વર્ષ થયા. ત્યારથી સંપ્રદાયમાં મોટી તકરાર. કર્મને લઈને થાય.. કર્મને લઈને થાય.. કીધું, હરામ કર્મને લઈને થાય તો. દામોદર શેઠ હતા એક, ગૃહસ્થ માણસ. આ બધા પૈસાવાળા અત્યારે તો વધી ગયા પૈસા, બધા શેઠિયા કરોડોપતિ થઈ ગયા. એની પાસે દસ લાખ. તે દિ' ૬૦ વર્ષ પહેલાં. તે દિ' ગૃહસ્થ માણસ મોટા, ગામ ઘરે, ૪૦ હજારની ઊપજ. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. એની શ્રદ્ધામાં મોટો ફેર. એ તો કર્મથી થાય.. કર્મથી થાય દીધે જ રાખે. ત્રણકાળમાં કર્મથી આત્મામાં કાંઈ ન થાય, લ્યો! એ કર્મ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી સ્વદ્રવ્યમાં થાય એ વાત તદ્દન જૂઠી છે. આહા..હા..! પોતે પોતાને ભૂલીને પરને, રાગને પોતાનું માને એ એનો મિથ્યાત્વભાવ મૂઢભાવ છે. એમાં વળી બાયડી, છોકરા, કુટુંબ ને મકાન મારા... આહા..હા..! એ મૂઢતા.

છોડીયું બહુ ભણી હોય ને, અત્યારે બહુ ભણાવે છે છોડીયુંને. એનો બાપ સુખી થાય. આમ ભણી છે. બી.એ. થયેલી છે. 'મારી છોકરી બી.એ. છે' એમ કરીને પોરો કરે. શું છે પણ? બી.એ. થાય ને? બી.એસ., બી.એ. એનો બાપ કહે, અમારી દીકરી પહેલાં નંબરની છે એ બી.એ. થઈ છે. ફલાણી છે તે એમ.એ. થઈ છે. ફલાણી છે એ એલ.એલ.બી થયેલી છે. શું છે પણ? દીકરી તારી નથી અને આ થઈ એનો પોરો શાનો કરે છે તું આ?

અહીં તો ત્રણલોકના નાથની વાણી સંધિને નિઃસંધિરૂપે કરવી એની વાત ચાલે છે. રાગ અને આત્મા વચ્ચે સંધિ છે, નિઃસંધિ નથી. (મોક્ષ અધિકાર) ૨૯૪ નહિ? ૨૯૪. આ તો મૂળ પાઠમાં (છે). ૨૯૪ ગાથા. આહા..હા..! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અને રાગની વચ્ચે એકતા નથી, એક નથી, ત્રડ છે વચમાં. આહા..હા..! અરે..! આવું કરે નહિ ને બહારની માથા ફોડ કરીને અરેરે.. જિંદગી કાઢે. શું થાય? આહા..હા..! એ તો એકાંત માને છે, એકાંત માને છે. એકાંત એટલે શું? બાપુ! .. દેવાની .. ભાઈ! વિકાર થાય છે એ તારાથી થાય છે, પરને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. તારે લઈને થાય ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે. આહા..હા..! એ અહીં કહ્યું જુઓને!

'**બંધના વશે...**' આમ કેટલી ધ્વનિ કરી છે! જ્ઞાયક છું, આ જાણનાર જણાય છે એ

જ્ઞાયકની પર્યાય છે. જણાય છે તે જ્ઞાયકની વસ્તુ છે, એમ જ્ઞાન ન થતાં જાણવાની પર્યાયમાં રાગ જે જણાય છે, આ જાણનારની પર્યાય જાણનારની છે, જાણનારની છે એમ ન માનતા જાણનારની પર્યાયમાં રાગ જણાય જે અચેતન છે, જેમાં ચેતનપણું નથી. આહાહા..! જાણવાની પર્યાયનું નિધાન સાધ્ય તો એને જ્ઞાયક છે. એ જાણનાર ને ગુણ જાણનાર ને પર્યાય જાણનાર. આહા..હા..! એમ ન માનતા જાણનારની પર્યાયમાં અચેત જણાય છે. રાગાદિ અચેત છે, એ ચેતન નથી, જડ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ છે એ જડ છે. આહા..હા..! પણ જ્ઞાનમાં એને એ ભાસતા 'આ હું છું' એમ માનનારને 'એનાથી રહિત હું આત્મા છું' એવું જ્ઞાન પ્રગટ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને તેના અભાવને લીધે,...'** એટલે? જ્ઞાન-આત્મજ્ઞાન ન થયું તેને કારણે **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** આહા..હા..! જે ચીજ જાણવામાં ન આવી, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડાં સમાન છે. વસ્તુ જાણ્યા વિના 'આ છે' એમ માને (કઈ રીતે?). આહા..હા..! એમ 'ભગવાન આત્મા જાણક પર્યાયમાં જણાય તે હું છું' એમ ન માનતા 'રાગ તે હું' (એમ માનતા) આત્માનું જ્ઞાન એને નથી અને નહિ જ્ઞાન હોવાથી તેની શ્રદ્ધા પણ ગધેડાના શિંગ જેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ! બહારથી આમ કલ્પી લ્યે કે દયા પાળો, વ્રત કરો ને આ કરો ને આ કરો. કોણ કરે? રાગનો કર્તા થાય એ મિથ્યાત્વ છે. આહા..હા..!

જ્ઞાનસ્વભાવી ભગવાન એ રાગ-અચેતનને કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસૂર્ય પ્રભુ ચૈતન્ય. એ રાગ તે અચેતન છે એમાં જ્ઞાનનો અંશ નથી. છઠ્ઠી ગાથામાં કહ્યું છે ને? જ્ઞાયક શુભ-અશુભપણે થયો નથી. કેમ? કે એ થાય તો જડ થઈ જાય. એ છઠ્ઠી ગાથામાં કહ્યું. આહા..હા..! લ્યો, જડ થઈ જાય, કહે છે. જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યસૂર્ય એ અચેતન એવા શુભ-અશુભભાવપણે થાય તે જ્ઞાયક તે ચેતન તે અચેતન થઈ જાય, જડ થઈ જાય. આહા..હા..! આ કેવી વાત છે! ભાઈ! આ સંસારનો છેદ કરવાની રીત આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! જેને આ દૃષ્ટિ-જ્ઞાનની પર્યાય જેને એમાં રાગ છે તેવું જાણ્યું, જે જ્ઞાનની પર્યાયમાં રાગ નથી એને રાગ છે એવું માન્યું, જે પર્યાય જ્ઞાયકની છે તે જાણનાર આ છે એમ ન કરતાં જાણનાર તે પર્યાયમાં રાગ જણાય છે તે હું છું (એમ માની રહ્યો છે), આહા..હા..! એ આત્મજ્ઞાન વિનાનો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

આઠ-આઠ વર્ષના બાળકો સમ્યગ્દર્શન પામે છે. આહા..હા..! આવે છે ને અધિકાર? પ્રવચનસાર, ચરણાનુયોગ પ્રથમ ગાથા. પ્રથમ એટલે શરૂઆતની. જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે જ્યારે એ સ્ત્રી પાસે રજા માગે છે. પાઠ છે, પ્રવચનસાર. હે સ્ત્રી! આ શરીરને તું રમાડનારી. હવે જ્ઞાનજ્યોતિ મને પ્રગટી છે. આહા..હા..! તો હવે હું મારી અનાદિ આનંદની અનુભૂતિની રમણી જે અનાદિ હોં વસ્તુમાં, એની પાસે હું જવા માગું છું. આહા..હા..!

શું કહ્યું સમજાણું? પાછી અનાદિ અનુભૂતિ, સ્વભાવને અનુભૂતિ કીધો. અનાદિ અનુભૂતિ મારી છે એની પાસે હું જવા માગું છું. તારી પાસે છોડ. આહા..હા..! આહા..હા..! એ વનમાં ચાલી નીકળે એ અંદરમાં જવા માટે જાય છે, વનવાસ માટે નહિ. આહા..હા..! આહા..હા..!

અહીં કહે છે કે અહીંયાં જાણનાર પર્યાય જાણનારની છે એમ અંતરમાં ન જતાં આત્મજ્ઞાન એને થતું નથી. તેથી 'રાગ તે હું' એમ વશ પડ્યો અજ્ઞાની મૂઢ જીવ એને આત્મજ્ઞાન-સમકિત થતું નથી. આહા..હા..! અને નહિ જાણેલાનું શ્રદ્ધાન.. આત્માની શ્રદ્ધા કરો, પણ જાણ્યા વિના શેની શ્રદ્ધા? જે વસ્તુ ખ્યાલમાં આવી નથી એને આ માનો એમ શી રીતે આવ્યું? સમજાય છે કાંઈ? આહા..હા..! આ સમયસાર તે કાંઈ અદ્વૈતચક્ષુ છે! અજોડ આંખ છે! ભરતની કેવળજ્ઞાનની આંખ છે આ! ભાગ્ય જગતના સમયસાર રહી ગયું આવું!! આહા..હા..!

કહે છે, વસ્તુ જે છે એ જાણવાની આ દશા છે એ જાણનાર આની છે એમ અંદર ન જતાં 'એ જાણનારની દશામાં રાગ જણાય છે પરજ્ઞેય તરીકે અચેત તે હું છું' એમ માનીને આત્મજ્ઞાન એને થતું નથી, મિથ્યાત્વભાવ-મૂઢભાવ થાય છે. આહા..હા..! કહો, ચીમનભાઈ! તેથી '**તેના અભાવને લીધે...**' એટલે શું? તેના અભાવને એટલે? આત્માના જ્ઞાનને, આત્માએ જ્ઞાનમાં આત્મા જાણ્યો નહિ. જ્ઞાનમાં આત્મા જણાણો નહિ. એ જ્ઞાનમાં આત્મા જણાણો નહિ માટે જ્ઞાનના અભાવને લઈને, એ વસ્તુના જ્ઞાનના અભાવને લઈને, આહા..હા..! '**શ્રદ્ધાન પણ થતું નથી...**' આહા..હા..! એને સમકિત પણ થતું નથી. આહા..હા..!

'**જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાનાં શ્રદ્ધાન સમાન હોવાથી,...**' સસલાના શિંગ જેવું. ખરગોશ-ખરગોશ. ખરગોશને શીંગડા હોય? એમ આ વસ્તુ જાણવામાં ન આવે, વસ્તુની સત્તા—વસ્તુનું અસ્તિત્વ, એવું જ્ઞાનની પર્યાયમાં આ અસ્તિત્વ છે એમ જાણવામાં ન આવે તો એની શ્રદ્ધા શું? સમજાય છે કાંઈ? '**નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાનાં શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...**' સમકિત થતું નથી. આહા..હા..!

'**ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે...**' જ્યારે એ રાગથી એકત્વબુદ્ધિને લઈને, રાગથી ભિન્ન જે આત્મજ્ઞાન થવું જોઈએ એ થયું નહિ. તેથી નહિ જાણેલાનું શ્રદ્ધાન પણ એને થતું નથી, સમકિત થતું નથી; અને જ્યારે સમકિત થતું નથી એટલે? '**ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે...**' કારણ કે રાગથી ભિન્ન એવું આત્મજ્ઞાન અને દર્શન ન થયું તો જેમાં ઠરવું છે એ તો જણાણું નહિ એટલે રાગથી ભિન્ન પડીને આત્મામાં ઠરવું એની શક્તિ નથી એને. આહા..હા..! રાગમાં ઠરશે. સમજાણું કાંઈ? જે ચીજ જ્ઞાનમાં આવી નહિ, જે ચીજ શ્રદ્ધામાં આવી નહિ, તો પરથી ભિન્ન પડીને ઠરવું એને હોઈ શકે નહિ. મિથ્યાદષ્ટિ ચાહે તો ક્રિયાકાંડ એટલી કરે એ બધો રાગમાં ઠરે છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર. 'મુનિવ્રત ધાર અનંત બૈર

ગ્રૈવેયક ઉપજાયો' પણ એનું ઠરવું પરથી ભિન્ન તો છે નહિ, આત્મજ્ઞાન નથી, આત્મદર્શન નથી. આહા..હા..! એટલે ભેદ કરીને, રાગથી ભિન્ન પડીને, સ્વભાવમાં આ વસ્તુમાં ઠરવું તેને તે હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે...'** આ જ આત્મા છે એવું જ્ઞાન અને શ્રદ્ધા નથી એટલે નિઃશંકપણે એમાં ઠરવું એને હોતું નથી. ઠરવાની અસમર્થતા છે, રાગમાં ઠરશે. ગમે એટલી વ્રત ને નિયમ ને ક્રિયાઓ કરે પણ એ છે એની રાગની રમતમાં એ બધું. આહા..હા..! સમજાણું કાંઈ? **'આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...'** દેખો, ત્રણેમાં ઉદય-ઉદય કીધું છે. **'આત્મજ્ઞાન ઉદય થતું નથી...' 'શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...'** અને **'આચરણ ઉદય નહિ થવાથી...'** ત્રણેમાં ઉદય શબ્દ વાપર્યો છે. શ્રીમદ્‌માં એ આવે છે. ઉદય આવે છે ને? 'ઉદય થાય ચારિત્રનો.' એય.. પ્રેમચંદભાઈ! ઉદય થાય ચારિત્રનો એમ ભાષા છે. એ આ ઉદય. આહા..હા..!

**'આત્મામાં ભેદ વડે...'** રાગથી જુદા પડીને આત્મજ્ઞાન નથી, એની શ્રદ્ધા નથી, તેથી રાગથી ભિન્ન પડ્યે આત્મામાં ઠરવાની શક્તિ એને નથી. **'અસમર્થપણાને લીધે આત્માનું આચરણ...'** પ્રગટ થતું નથી, એને ચારિત્ર હોતું નથી. મિથ્યાદૃષ્ટિ રાગની એકતામાં પડ્યો એને જ્ઞાન સાચું નથી, શ્રદ્ધા સાચી નથી, ચારિત્ર સાચું હોતું નથી. આહા..હા..! આ તો વ્રત કરો, ચારિત્ર થાશે. આ ચારિત્ર બહાર.

**શ્રોતા :-** એનું નામ જ સંયમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. આ વ્રત પાળો, સંયમ કરો તો તમને નિશ્ચયસમકિત થશે, આવું કહેવાય છે અત્યારે. અરેરે..! પ્રભુ! શું કરે છે ભાઈ? બચાવ કરીને શું કરે છે, બાપુ! પરિભ્રમણના ભાવ સેવે અને એનાથી અપરિભ્રમણ એવી સમકિત દશા પ્રગટ થાય. મૂળમાં વાંધા છે, મૂળમાં વાંધા. આહા..હા..!

**શ્રોતા :-** એનું સમાધાન કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમાધાન આ છે. એ કહેતા હતા. અમારે હિંમતભાઈ લાવ્યા હતા. હિંમતભાઈ લાવ્યા હતા ને? પૂનમચંદ ને શું કહેવાય એ? પૂનમચંદ ઘાસીલાલ. ક્યાં ગયા? તમે લાવ્યા હતા કે નહિ? કે કો'ક લાવ્યા હતા? કે ભાઈ કાનજીસ્વામી થોડું મોળું મૂકે અને અમે કાંઈક મોળું મૂકીને ભેગા થઈએ. પંડિતજી! એ પૂનમચંદ છે ને? શું કહેવાય એ? ઘાસીલાલ. પૂનમચંદ ઘાસીલાલના ... છે ને? એ પોતે કહેવડાવ્યું કે હિંમતભાઈ લાવ્યા હતા. હિંમતભાઈ લાવ્યા હતા. કાનજીસ્વામી બહુ કડક કહે છે આવું એ કરતાં કાંઈક મોળું મૂકે. ઓલી વાત આવે ને? વાણિયા પાંચ હજાર માગતો હોય કો'ક પાસે ત્યારે ઓલો કહે મારી પાસે બે હજાર છે, વધારે નથી. ત્યારે ઓલો જેની પાસે માગતો હોય એ કહે ભાઈ પાંચસોથી વધારે મારી પાસે નથી. બે હજાર આપી શકે એમ છે. ઓલો કહે પાંચ

હજારમાં એક પાય ઓછી લેવી નથી. એ સમજે તો ખરો એ કે આની પાસે વધારે નથી. એમ કરતાં-કરતાં વાણિયો આની કોર ચાર હજાર આવે, ઓલો સાતસો આવે, ઓલો ત્રણ હજાર આવે, આ હજાર આવે. એમ કરતાં ભેગું આવે. એવું હશે આ? એમ કહેતા હતા બિચારા હોં પૂનમચંદ. કારણ કે ક્રિયાકાંડને માનનાર ને. વધારે સાધુને માનનારા બધા. કાંઈક થોડું મોળું મૂકો અને થોડું હું (મૂકું) તો આપણે બેય ભેગા થઈએ. ભગવાનનું કહેલું તત્ત્વ એમાં મોળું ભગવાન મૂકતા નથી અને તમે મૂકો તો ક્યાંથી મેળ ખાય? આહા..હા..! મોળું સમજો છો ને? થોડું એમ કે ભેગા થાવ. બહુ કડક છે એટલે. અમે થોડા એમ કરીને આપણે .. કરીએ. પૂનમચંદ છે એક. ગયા. દીક્ષા લીધી. એમણે દીક્ષા લીધી હતી. દિગંબર દીક્ષા લીધી હતી એના ભાઈએ.

અહીં તો એક જ વાત 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એમાં કાંઈ છૂટ મૂકવી ને એ કાંઈ છે નહિ. આહા..હા..! થોડુંક વ્યવહારથી થાય એમ કહે, થોડું નિમિત્તથી થાય એવું કહે, અમે પણ કાંઈક મોળું મૂકીએ કે ભાઈ ઉપાદાનથી તો થાય, પણ નિમિત્ત થોડું હોય ઉપાદાનથી થાય એમ કરીને ભેગું કરીએ. એય..! સુમનભાઈ! ન થાય? આહા..હા..! સંતો શું કહે છે? ભાઈ! માર્ગ આ છે, તને ખબર નથી. રાગનો કણિયો પણ દયાનો, દાનનો હોય એ આત્માને લાભ કરે એ ત્રણકાળમાં છે નહિ; અને નિમિત્ત ઉપાદાનના કાર્ય કાળે હો, પણ એ નિમિત્ત કાર્યને કરે છે એ ત્રણકાળમાં નથી. બે કારણ આવે છે ને? બે કારણ. એક તો ઉપચારિક-આરોપિત કારણ કહ્યું. યથાર્થ કારણ એક જ છે. શું થાય?

આવો જે ભગવાન આત્મા તેનું જ્ઞાન જ થતું નથી તેથી તેના જાણ્યા વિના તેની શ્રદ્ધા પણ થતી નથી અને શ્રદ્ધા વિના ભેદ પાડીને નિઃશંકપણે ઠરવું એવું આત્માનું આચરણ એને થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે, માંગીલાલજી! આહા..હા..! આવા અવસર ક્યારે આવે ભાઈ! આવા મનુષ્યપણા એમાં સત્યને સાંભળીને સત્યની ઓળખાણ નહિ કરે તો કે દી કરશે? આહા..હા..!

**'આચરણ ઉદય નહિ થવાથી...'** એટલે ચારિત્ર. કેમકે રાગથી ભિન્ન તો ભાસ્યો નહિ, તો એમાં ઠરવું એને માટે રહ્યું નહિ, એ તો રાગમાં રહેશે. આહા..હા..! આ નહિ થવાથી **'આત્માને સાધતું નથી.'** આચરણ આત્માને સાધતું નથી. રાગનું આચરણ કરે, ગમે એટલા. શુક્લલેશ્યા (કરીને) નવમી ગ્રૈવેયક ગયો. ઓહોહો..! એ આત્માને સાધતો નથી. આહા..હા..! **'આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.'** આ રીતે સાધ્ય જે ધ્યેય, સિદ્ધપદ હોં અત્યારે સાધ્ય, ધ્યેય તો આત્મા છે, પણ સાધ્ય નામ પ્રગટ કરવાની અવસ્થા જે પૂર્ણ તે સાધ્ય. એવા **'આત્માની સિદ્ધિની અન્યથા...'** આ ઉપાય સિવાય બીજી રીતે છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! બીજાનું કરવું, ન કરવું એ ક્યાં આત્માના અધિકારની વાત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પોતે કરે ઊંધાઈ અને પોતે કરે સવળાઈ. બસ!

એટલી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સાધ્ય આત્માની સિદ્ધિ...**' સાધ્ય એટલે મોક્ષદશા, એની પ્રાપ્તિ '**દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...**' નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે, વ્યવહારથી નહિ. વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો બધો વિકલ્પ છે. વ્યવહારચારિત્ર એ પણ વિકલ્પ છે. શાસ્ત્રનું વ્યવહારુ જ્ઞાન એ પણ વિકલ્પ છે. આહા..હા..! '**સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...**' ભાઈ! અનેકાંત કરો. દર્શન-જ્ઞાન-ચારિત્રથી પણ હોય અને વ્યવહારથી પણ હોય. એ અનેકાંત નહિ એ તો ફુદડીવાદ છે. આહા..હા..! '**બીજી રીતે નથી.**' પાઠમાં છે ને? અન્યથા અનુપપત્તિ છે.

'**કારણ કે :- પહેલાં તો આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું.**' એ જાણનારો જે જણાય છે પર્યાયમાં તે આત્મા છે. સમજાણું કાંઈ? આ જાણનારો, આ જાણનારો આત્મા અનુભવમાં આવે છે જ્ઞાનમાં, તે હું છું. '**ત્યારબાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય;...**' જાણે તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય. જાણ્યા વિનાની શ્રદ્ધા કોની કરવી? આહા..હા..! '**વિના જાણ્યે શ્રદ્ધાન કોનું?**' છે ને? '**પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને...**' બધા અન્યભાવ વિકલ્પમાત્ર. આહા..હા..! એનાથી '**ભેદ કરીને પોતામાં સ્થિર થાય.—એ પ્રમાણે સિદ્ધિ છે.**' ટૂંકી ભાષા કરી. ઓલી ટીકાની હતી ઈ ચાલતી ભાષા. '**પણ જો જાણે જ નહિ,...**' આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન જ ન હોય, આત્માનું જ્ઞાન હોં! શાસ્ત્રના જ્ઞાનની અહીં વાત નથી. આહા..હા..! '**તો શ્રદ્ધાન પણ ન થઈ શકે; તો સ્થિરતા શામાં કરે?**' આહા..હા..! '**તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.**'

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો! ૨૦-૨૦.

कथमपि समुपात्तत्रित्वमप्येकताया
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

ટીકા ઉપર પાછો કળશ ચડાવ્યો, મંદિર ઉપર જેમ કળશ હોય ને. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય!

'**શ્લોકાર્થ :- આચાર્ય કહે છે કે : અનંત (અવિનશ્વર) ચૈતન્ય જેનું ચિહ્ન છે...**' જાણવું-જાણવું જેનું લક્ષણ છે. જાણવું-જાણવું જેનું એંધાણ છે, આહા..હા..! એવું અનંત નામ અવિનાશી ચૈતન્ય જેનું ચિહ્ન છે. આહા..હા..! '**એવી આ આત્મજ્યોતિને...**' એવી આ આત્મજ્યોતિ. આહા..હા..! '**सततम् अनुभवामः**' '**અમે નિરંતર અનુભવીએ છીએ...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન આત્મા, આહા..હા..! તેને અમે નિરંતર—સમયનો આંતરો પડ્યા વિના, આહા..હા..! નિરંતર અનુભવીએ છીએ. આહા..હા..!

આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદની જેમાં શક્તિ-સ્વભાવ પડ્યો છે, આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદને અમે અનુભવીએ છીએ, કહે છે. આહા..હા..! જુઓ, આ ચારિત્ર. સમજાણું કાંઈ? જાણીએ અને માનીએ એ ઉપરાંત અનુભવીએ (છીએ). ... આહા..હા..! સત્તા જેની ચૈતન્યસત્તાના સ્વભાવથી ભરેલો ભગવાન, એનું જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતા અમે અનુભવીએ છીએ. આહા..હા..! હવે કેટલાક એમ કહે છે, કુંદકુંદાચાર્યને નિશ્ચયસમકિત હતું કે નહિ? અરે..! ભગવાન! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમકિત વિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે અગિયાર અંગનું જ્ઞાન તો અનંતવાર થયું છે. એ માયલું હોય અને સમકિત ન હોય તો? એમ. આહા..હા..! એમ શંકા કરી હતી એક જણાએ. અમારા ચેતનજી છે ને એની પાસે શંકા કરી હતી. આહા..હા..! અરેરે..! આ તો અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પછી... એ અમૃતચંદ્રાચાર્ય કહે છે ટીકામાં. પ્રવચનસારમાં નહિ? સંસાર જેને નિકટ થઈ ગયો છે, અલ્પ (રહ્યો છે), મોક્ષ જેને નજીક છે, અનેકાંત વિદ્યા જેને પ્રગટ થઈ છે. એવું અમૃતચંદ્રાચાર્ય ભગવાન કુંદકુંદાચાર્ય માટે કહે છે. અવિદ્યાનો નાશ થઈને સમ્યક્ વિદ્યા પ્રગટી છે જેને. આહા..હા..! અનેકાંત (કર્યું). આહા..હા..! પ્રવચનસારમાં છે શરૂઆતમાં. અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્ય માટે વાત કરી છે. હવે એણે જોયા નથી, પણ જોયા નથી એનો ભાવ જાણ્યો છે ને કે આ વસ્તુ આને છે. આહા..હા..!

કહે છે કે '**અમે નિરંતર અનુભવીએ છીએ...**' '**सततम् अनुभवामः**' જ્ઞાયકભાવ આનંદથી ભરેલો ભગવાન અમને એનું જ્ઞાન છે, એની શ્રદ્ધા (છે), આચરણમાં અમે એને અનુભવીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**કારણ કે...**' '**अन्यथा साध्यसिद्धिः न खलु न खलु**' '**તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી.**' આહા..હા..! '**न खलु न खलु**' આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાન ને એની શ્રદ્ધા સમ્યક્ અને ઠરવું એ વિના આત્માની સિદ્ધિ કોઈ નિશ્ચિત છે નહિ. આહા..હા..! વ્યવહારથી થાય ને નિમિત્તથી થાય એ બધું કાંઈ નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેવી છે આત્મજ્યોતિ?**' '**कथम अपि समुपात्तत्रित्वम् अप एकताया अपतितम्**' '**જેણે કોઈ પ્રકારે ત્રણપણું...**' છે પર્યાયમાં પરિણતિ. '**તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી...**' એકરૂપ જ્ઞાયકસ્વભાવથી ત્રણપણે દ્રવ્ય થયું નથી. આહા..હા..! છે? '**જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે...**' પરિણતિની અપેક્ષાએ. '**તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી...**' જ્ઞાયકભાવ સ્વરૂપે તે રહેલી છે ચૈતન્યજ્યોતિ. આહા..હા..! તે '**अच्छम् उद्गच्छत्**' '**જે નિર્મળપણે ઉદય પામી રહી છે.**' આહા..હા..! ચૈતન્યના પ્રકાશથી પર્યાયમાં નિર્મળપણે પ્રકાશ પ્રસરી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો ભાવાર્થ આવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૨, ગુરુવાર, તા. ૨૯-૦૧-૧૯૭૬, શ્લોક-૨૦, પ્રવચન નં. ૬૦

સમયસાર, ૧૭-૧૮ (ગાથા)નો કળશ છેને, એનો ભાવાર્થ છે.

'**ભાવાર્થ :- આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે...**' શું કહે છે? કે આ આત્મા જે છે આત્મા એ એક સમયમાં ત્રિકાળ ધ્રુવ છે ધ્રુવ. એ ધ્રુવ છે એ તો એક સ્વભાવી વસ્તુ છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય જે શુદ્ધ પરિણતિ થવી એ પર્યાયદૃષ્ટિથી ત્રણપણું તે પરિણમન છે. એમાં જે આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો ભાવ આવે એ તો રાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહા...!

**શ્રોતા :-** આમાં તો આવું લખ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પર્યાય ત્રણ પરિણમન લીધું ને. ત્રણ પરિણમન સમ્યગ્દર્શનનું લીધું, રાગનું લીધું નથી. ઝીણી વાત છે.

કહે છે કે આ આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન, એનો સ્વભાવ એકરૂપ. દ્રવ્યદૃષ્ટિએથી જોતાં તે એકરૂપ છે, પણ એનું શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ, એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની શાંતિ રમણતા એ ત્રણ પ્રકારે વીતરાગી પરિણતિ થાય તે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું એમાં પરિણમે છે એમ જણાવ્યું. આહા..હા..! પણ એમાં જે કાંઈ વ્રત ને તપનો વિકલ્પ ઊઠે—રાગ, એ તો રાગ છે. દાન, દયાનો વિકલ્પ ઊઠે એ રાગ, પૂજા-ભક્તિનો ઊઠે એ રાગ. દાન, દયા, પૂજા, ભક્તિ, વ્રત અને તપ, આહા..હા..! એ બધો શુભરાગ છે. એને અહીં ગણતરીમાં લીધો જ નથી. કારણ કે એ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ નથી. આહા..હા..! આવી વાત ઝીણી.

**શ્રોતા :-** ગૃહસ્થનો ધર્મ કહ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૃહસ્થનો ધર્મ કોને? સમ્યગ્દૃષ્ટિ છે, જેને રાગનો અભાવ થયો છે, શુદ્ધ ચૈતન્યના આનંદના અમૃતનો સ્વાદ આવ્યો છે અને શાંતિ થોડી અંદર વધી છે એને દાન, દયાના વિકલ્પને વ્યવહારધર્મ, પુણ્યધર્મ, એને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! એ આજ આવ્યું છે જૈન ગેજેટમાં ખુબ. આ લોકો ગૃહસ્થાશ્રમનો ધર્મ દાન, પૂજા, ભક્તિ એને કહે છે કે હેય છે, એ ધર્મ નથી. શું કહેવાય? વર્ધમાન પાર્શ્વનાથ. જૈન ગેજેટમાં એ છે ને. આહા..હા..!

અહીંયાં એમ નથી કે શુભભાવ છોડીને અશુભ કરવો, એ તો છે નહિ. ફક્ત શુભભાવ

છે એ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. આ વાત છે. આ તો જન્મ-મરણરહિત થવું હોય એની વાત છે. જેને ભવ લેવા હોય અને સારા ભવ કરવા હોય સ્વર્ગના અને શેઠાઈના. આ શેઠાઈ મોટા અબજોપતિ થાય, મોટા રાજા થાય. ધૂળમાંય નથી એ શેઠ, બધા દુ:ખી છે પ્રાણી બિચારા. સમજાણું કાંઈ? જેને આનંદસ્વરૂપ એવો આત્મા અતીન્દ્રિય, અણીન્દ્રિય અનાકુળ શાંતરસનો ભરેલો.. આહા..હા..! એની સત્તાનો જ્યાં સ્વીકાર જ નથી એવા જીવો ભલે કોઈ પુણ્ય કરે અને પુણ્યના ફળ આ ધૂળ મળે, એ બધા દુ:ખી છે, ચાર ગતિમાં રખડનારા છે.

**શ્રોતા :-** આ ભવમાં તો પૈસા હોય તો સુખી થાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય સુખી નથી, કોણ કહે છે સુખી છે?

**શ્રોતા :-** આખી દુનિયા કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા પાગલ તે કહે. પાગલ પાગલને વખાણે. એય.. પોપટભાઈ! પોપટભાઈ એમ કહે છે જુઓ, અમે સુખી હોય તો અહીં શું કરવા આવીએ? એમ નથી કહેતા? આહા..હા..! સુખ ક્યાં છે? પૈસામાં સુખ છે? સ્ત્રીના શરીરમાં સુખ છે? આબરુમાં છે? પુણ્ય અને પાપના ભાવ થાય એમાં છે? એમાં છે જ નહિ. આહા..હા..! સુખ તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ભરેલો એમાં સુખ છે. એવો ભગવાન અતીન્દ્રિય પ્રભુ પોતે. આહા..હા..! એની દૃષ્ટિ કરીને જ્ઞાન ને રમણતા કરે એવો જે મોક્ષનો માર્ગ નિશ્ચય એ ત્રણપણે પરિણમે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. આહા..હા..! આવું છે. આજ આવ્યું છે, આ લોકો ઉડાવે છે બધાને. ગૃહસ્થાશ્રમમાં કુંદકુંદાચાર્યે દાન, પૂજાને ધર્મ કહ્યો છે અને એ ધર્મ કરતાં-કરતાં આગળ મુનિપણું થાય.

**શ્રોતા :-** ભાવપાહુડમાં પૂજાથી ધર્મ ન થાય એમ કુંદકુંદાચાર્યે કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને તો એમ કહ્યું પુણ્યથી સંસારમાં રખડનાર છે. શુભભાવને કેમ અમે ભલો કહીએ જે સંસારમાં દાખલ કરે? વાત તો એ છે કે જેને જન્મ-મરણરહિત થવું હોય એની વાત છે, ભાઈ! એમ અનાદિકાળથી મોટો શેઠ પણ થયો, રાજા પણ થયો, દેવ પણ થયો, ભિખારી પણ થયો, ગરીબ થયો, રાંકો થયો, એ તો આખો સંસાર છે. આહા..હા..! સમજાણું?

અહીંયાં તો આચાર્ય મહારાજ આત્માના ધર્મની અને આત્માની વાત કરે છે. એ કહ્યુંને? જુઓને, **'આચાર્ય કહે છે કે જેને...'** એટલે આત્માને **'કોઈ પ્રકારે...'** એટલે વર્તમાન દૃષ્ટિના વિષયની અપેક્ષાએ. **'પર્યાયદૃષ્ટિથી...'** પર્યાય એટલે અવસ્થા જોનારની દૃષ્ટિથી **'ત્રણપણું પ્રાપ્ત છે...'** આહા..હા..! જેને હજી ત્રિકાળી જ્ઞાયકભાવ એની અનુભવદૃષ્ટિ થઈ, અનુભૂતિ થઈ એ આનંદસ્વરૂપ છે એનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. સમજાય છે કાંઈ? એ સ્વાદમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે સમાય છે. આમ વાત છે. આહા..હા..!

સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વરનો માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ! અત્યારે સંપ્રદાયમાં તો એકલું અજૈનને જૈનપણું મનાવી રહ્યા છે. આહા..હા..! શું થાય? ભક્તિવાળા એમ કહે કે ભગવાનની ભક્તિ કરતાં-કરતાં કલ્યાણ થાય. દયા પાળનારા એમ કહે કે પરની દયા પાળતાં-પાળતાં ધર્મ થાય. પૈસાવાળા એમ કહે કે આ પૈસા ખર્ચીએ લાખો, બે લાખ, પચાસ લાખ તો ધર્મ થાય. ત્રણે જૂઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મ તો વસ્તુનો સ્વભાવ, ભગવાન આત્મા વત્થુ સહાવો ધમ્મો. આહા..હા..! વસ્તુ જે સ્વભાવિક ત્રિકાળ એનો જે સ્વભાવ દર્શન-જ્ઞાન-આનંદ આદિ એની દૃષ્ટિ કરીને જ્ઞાન અને રમણતા કરવી તે વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહ્યું, જેને ધર્મની દૃષ્ટિ થઈ છે, અનુભૂતિ થઈ છે એની પરિણતિમાં ત્રણ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે. વર્તમાન અવસ્થાથી જોતાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય પ્રાપ્ત છે. એ પર્યાયદૃષ્ટિથી-વર્તમાન અવસ્થાની દૃષ્ટિથી જોઈએ તો. '**તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જે એકપણાથી રહિત નથી થઈ...**' આહા..હા..! પણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિ ત્રિકાળી આનંદકંદ પ્રભુ. આહા..હા..! કેમ બેસે? એક જરી અનુકૂળ પાંચ-પચાસ લાખ મળે ત્યાં ખુશી-ખુશી થઈ જાય. અરે..! આવા રાંકાને આત્મા આનંદ છે એ કેમ બેસે? સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ હજાર જ્યાં પેદા થાય ત્યાં લાપસીના આંધણ કરો. છોકરાના લગન કરવા હોય અને ૨૫ હજાર ખર્ચવા હોય તો ઓહોહો..! અમારે તો મંગળિક છે. એની માં તો કંઠ બેસી જાય તોપણ બોલ્યા કરે. લગનના પ્રસંગ છે, કંઠ તો બેસે. આવા ને આવા મૂર્ખા. આ બધા મૂર્ખાઓના ગામ છે. આહા..હા..!

અહીં તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર કેવળજ્ઞાનથી ત્રણકાળ, ત્રણલોક પ્રભુએ જોયા અને એણે કહ્યું, ભાઈ! તું એક આત્મા ભગવાન સ્વરૂપ પરમાત્મતત્ત્વ છો અંદર. આહા..હા..! એ પરમાત્મતત્ત્વ એકરૂપ છે. એવી દૃષ્ટિથી જોતાં એ એકપણાથી વસ્તુ રહિત થઈ નથી. આહા..હા..! આ જોવું અને આ શું વાતું? અધ્ધરની વાતું. દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા (એમ કહો તો) સૂઝ પણ પડે કાંઈક અજ્ઞાનીને. અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! આવી વાત છે, ભગવાન! આહા..હા..! લોકો ટીકા કરે છે. શું થાય? એને બેઠું હોય ઈ કહે ને. 'જ્યામાં જેની બુદ્ધિ ઈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય?' આહા..હા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એમ ફરમાવે છે, તું એક જ્ઞાયક આનંદસ્વરૂપી પદાર્થ ભગવાનસ્વરૂપ છો, અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ છે. આહા..હા..! એ દૃષ્ટિથી જોઈએ તો એકપણું જે જ્ઞાયકપણું છે તે છૂટ્યું નથી એને. આહા..હા..! આવો માર્ગ બહુ મોંઘો લાગે માણસને. આખો દિ' ધંધામાં પડ્યા, પાપમાં પડ્યા હોય, એમાં છ-સાત કલાક ઊંઘમાં જાય, ધંધામાં આઠ કલાક જાય, દિવસે કોઈને બે કલાક જાય, ખાવા-પીવા બેસે તો ખાવામાં

વખત બે કલાક જાય, વખત કો'ક દિ' એકાદ કલાક રહે તો સાંભળવા જાય. સાંભળવા જાય તો આવા ગપ્પા મારે—વ્રત કરો, તપ કરો, અપવાસ કરો તમારે ધર્મ થાશે. બિચારાની જિંદગી લુંટાઈ જાય. સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા એમ કહે છે કે એ વ્રત ને તપ ને દાન ને દયા ને પૂજા ને ભક્તિના ભાવ એ રાગનો ભાવ કષાયની મંદતાનો દુઃખનો ભાવ છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. દાખલો નહોતો આપ્યો શક્કરકંદનો? શું કહે છે? શક્કરકંદી?

શકરા? શક્કરકંદ કહે છે અમારે કાઠિયાવાડમાં. શિવરાત્રી હોય છે ને? વદ અમાસ અને ચૌદશ. તે દિ' આ વૈષ્ણવ શક્કરકંદ બાફીને ખાય. એ શક્કરકંદ જુઓ તો ઉપરની લાલ છાલ જે પાતળી છે એટલો ભાગ કાઢી નાખો તો આખો શક્કરકંદ છે—મીઠાશનો પિંડ છે. આહા..હા..! સાકરકંદ એટલે સાકરની મીઠાશનો કંદ છે.

એમ આ ભગવાન આત્મા.. આહા..હા..! પુણ્ય અને પાપની વૃત્તિઓ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ છાલ છે. એ છાલની પાછળ જુઓ તો અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન છે. આહા..હા..! કેમ બેસે? એક બીડી પીવે ત્યાં, બે બીડી સીગારેટ સરખી પીવે તો પાયખાને દિશા ઉતરે ભાઈ સાહેબને. આવી તો રાંકાઈ. આમ ... આપણે તો કોઈ દિ' બીડી પીધી નથી જિંદગીમાં. જિંદગીમાં હોં! બીડી પીધી નથી.

એકવાર નિશાળે ગયા હતા નાની ઉંમરમાં. આઠ-દસ વર્ષની ઉંમર હશે. એક જણો બીડી પીતો હતો. નિશાળે વાર હતી જવાની. તો ઓલો પીતો હતો તો જરી એક આમ લીધું જ્યાં. અંહહ.. આમ ધુમાડો. આ શું? આવી આ? એમ અહીં બીડી પીવે તો ભાઈસાહેબને (દિશા ઉતરે). વાતું કરતો જાયને આમ... શું છે પણ આ ગાંડાઈની? ગાંડાના ઘર જુદા હશે ગામ? આહા..હા..!

અહીં કહે છે, ત્રણલોકના નાથ આનંદનો કંદ પ્રભુ છો તું અંદર. આ શરીરની નજર છોડી દે. એ પુણ્ય અને પાપના વિકલ્પની લાગણી, લક્ષને છોડી દે તો પ્રભુ અંદર અતીન્દ્રિય આનંદનો કંદ દળ પડ્યો છે. અરે..! કેમ બેસે પણ એને આ? હરણની નાભિમાં કસ્તુરી, હરણિયાને કસ્તુરીની કિંમત નથી. દુંટી, આમાં અંડકોશ લખ્યું છે. એ આપણને કાંઈ સમજ ન પડે. નાભિ-દુંટી. એની ગંધ આવે પણ એ જાણે ગંધ બહારથી આવતી હશે? એટલે બહારમાં રખડે. આહા..હા..! એમ આ પરમાત્મા પોતે અંદર અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે એને ખબર ક્યાં છે? આહા..હા..!

જેના અતીન્દ્રિય આનંદના એક ક્ષણના સમ્યગ્દર્શનના સ્વાદમાં, અનુભૂતિમાં ઈન્દ્રના ઈન્દ્રાસનો, આ તો બધા ધૂળના કાંઈક ખાય બે દિ' તો ઠીક રહે અને બે દિ' ન ખાય તો શરીર ઉં..ઉં.. થઈ જાય લ્યો આખું. દેવોના શરીર.. આહા..હા..! એના ઈન્દ્રાણીના ભોગ.. પણ જેને આત્મા આનંદનો નાથ એમ અનુભવ સમ્યક્ થયો એને ઈન્દ્રના ભોગ સડેલા કૂતરા

જેવા લાગે. સમજાણું કાંઈ? આહા..હા..! એને ધર્મી કહીએ. આહા..હા..! અહીં તો આખો દિ' રાગ અને આખો દિ' ચુંથણા કર્યા કરે અને મજા-મજા માને. મૂઢ છો, ધર્મ ક્યાં હતો તારે. સમજાણું કાંઈ? એમ કરતાં વળી પાપના પરિણામ છોડીને જરી પુણ્યમાં આવે એટલે જાણે બસ, ઓહોહો..! અમે કાંઈક કર્યું. લાખ-બે લાખ ખર્ચે તસ્દી લઈને તખ્તી ચોડાવે. આ પથરાની નથી મૂકતા? ભાઈનું નામ રાખો. એમાં ચાર, પાંચ, છ-છ નામ હોય પાછા. ફલાણાની સ્મૃતિમાં, ફલાણાની યાદગીરીમાં ઢીંકણું આવું. આ તારા દયા ને દાનના પરિણામના પણ ક્યાં ઠેકાણા છે? સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે કદાચિત્ રાગની મંદતાથી પણ દાન પચ્ચીસ લાખ કે પાંચ-દસ હજાર કર્યા હોય તો પણ એ પુણ્ય છે, ધર્મ નહિ, એ દુઃખ છે. એ પરિણામ એ દુઃખરૂપ છે. આહા..હા..! આ પૈસાને સાચવવા ને બાયડી-છોકરાને પોષવા માટે ભાગલા પાડવા એ તો એકલા પાપ છે. પોપટભાઈ! છ છોકરાના ભાગ પાડવા પડશે. આહા..હા..! પ્રભુ! આ વીતરાગ તો આમ કહે છે, નાથ! આહા..હા..!

દ્રવ્ય એટલે વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો તેનું એકપણું કદી છૂટ્યું નથી. આહા..હા..! અને તે એક એવો ભગવાન આત્મા પોતાને એકપણે અનુભવીને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરે ત્યારે તેને પર્યાયદૃષ્ટિએ ત્રણપણું પ્રાપ્ત છે એમ જાણવામાં આવે. બસ! આટલી એની મર્યાદા છે. એ નથી દયા, દાનના પરિણામમાં, નથી શરીર, વાણી, મનમાં, નથી કુટુંબમાં, એની સત્તાનો અંશ ક્યાંય પરમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો? ઓલું તો તરત સમજાય એવું છે. અપવાસ કરવા, વ્રત પાળવા. અરે.. બાપા! માર્ગ તો વીતરાગનો બીજો છે, ભાઈ! અત્યારે તો બધે ઢસરડા અધર્મના કરીને માને કે અમે ધર્મ કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! જન્મ-મરણની માથે મોટી ડાંગ (તોળાય છે). આહા..હા..! જન્મ ને મરણના ભાવ વિનાનો ભગવાન એવા ભાન વિનાના પ્રાણીને જન્મ-મરણની માથે ડાંગ છે મોટી. આહા..હા..! એ મોટા રાજા મરીને નરકે જાય. એ શેઠિયાઓ કરોડપતિ અને અબજોપતિ મરીને કૂતરીની કૂંખે જાય. આહા..હા..! સમજાણું કાંઈ? તિર્યંચમાં અવતરે, એમ. પાપ તો વાણિયાને એવા માંસ અને દારૂના હોય નહિ અને ઓલા પાપ હોય માયાના, તો એ મરીને કૂતરામાં જાય, ગલુડિયું થાય કાં બકરીનું શું નાના કહેવાય ઓલા? બકરીના શું કહેવાય નાના? ડાવરા ન હોય આવડા આવડા? પાંચ-પચ્ચીસ નીકળે. એ બધા માયા ને કપટ ને કર્યા હોય છે ને, એ મરીને ન્યાં અવતરે. એમાં બીજું કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. બે જ વાત અહીં તો છે કે જે વસ્તુથી જોતાં તેણે એકપણું કોઈ દિ' છોડ્યું નથી. અને વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ એ પર્યાયથી ત્રણપણાની પ્રાપ્તિ પણ એમાં છે. બસ, બેથી જોવાનું છે. એમાં દયા-દાનના વિકલ્પને જોવા કે એ કંઈ અહીં વાત લીધી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી...'** એક જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ એનાથી રહિત જ્યોતિ થઈ નથી. **'તથા જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે...'** આહા..હા..! અનંત ચૈતન્ય અવિનાશી જ્ઞાન એવા સ્વરૂપને નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે. આહા..હા..! પર્યાયમાં જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અનંત ચૈતન્ય સ્વરૂપ નિર્મળ...'** એને પ્રગટપણાને પ્રાપ્ત થઈ પર્યાયમાં. **'એવી આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરીએ છીએ.'** આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પથી હઠી અને નિર્વિકલ્પ આનંદઘનની પરિણતિને અમે આનંદને સેવીએ છીએ એમ કહે છે. આહા..હા..! એ લખે છે તો એ કે અનુભૂતિ ધર્મ છે, એ સાક્ષાત્ ધર્મ છે અને આ દયા, દાન, પૂજા, ભક્તિ, પરંપરા છે, એમ લખ્યું છે. અરેરે..! તે પણ કોને? જેને રાગમાં ધર્મ છે એ બુદ્ધિ ઊડી ગઈ છે અને આત્માનો આનંદ છે એમાં ધર્મ છે એ દૃષ્ટિ થઈ છે એને રાગ-શુભભાવ પરંપરા (કારણ છે). કેમકે અશુભ ટાળ્યો છે અને શુભ ટાળશે; પણ જે હજી શુભમાં ધર્મ માને અને પરંપરા (થશે એમ માને છે) એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ જુદા, બાપા! બહારના બધા ડહાપણ ને એમાં ગુંચાઈને મરી જાય બિચારા. આહા..હા..! આ ડહાપણ અને અંતરના ડહાપણની ખબર નથી એને.

એ અહીંયાં આચાર્ય કહે છે કે **'એવી આત્મજ્યોતિનો અમે...'** અગ્નિ ને દીવાની જ્યોતિને જ્યોત કહે છે ને? આ તો આત્મજ્યોતિ. આહા..હા..! **'અમે નિરંતર અનુભવ કરીએ છીએ.'** આહા..હા..! અને માથે કહ્યુંને કે અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી. એ અનુભૂતિ તે જ આત્મામાં સાધ્યની સિદ્ધિ પ્રગટ કરે છે, એ સિવાય કોઈ રીતે આત્માની મુક્તિ થતી નથી. આહા..હા..! આહા..હા..!

**'આમ કહેવાથી એવો આશય પણ જાણવો કે જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે.'** સમ્યગ્દૃષ્ટિને અનંત આનંદનો કંદ પ્રભુ અનુભવમાં આવીને પ્રતીત થઈ છે. એ ૧૭માં ગયું પહેલું. એનું જ્ઞાન કરીને પ્રતીત થઈ છે. વસ્તુનું જ્ઞાન કરીને પ્રતીત થઈ છે એવા સમકિતદૃષ્ટિને કહે છે.. આહા..હા..! બાપુ! તારે સાધ્ય સિદ્ધદશા જો પ્રાપ્ત કરવી હોય તો અનુભૂતિથી થશે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે કહે કે એ તો નિશ્ચયનય છે. એક નય બીજા નયની અપેક્ષા વિના તો મિથ્યાત્વ થાય એમ કોઈ કહે. સમજાણું? પણ એનો અર્થ? કે રાગાદિ ભાવ છે એવો વ્યવહારનય છે એમ જાણે છે, જાણે છે, અને એની ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષામાં આવી જાય છે. આહા..હા..! આહા..હા..! આ તો બહારના દેખવાવવાળી ચીજ નથી ભાઈ આ તો. આ વાદવિવાદે પણ કાંઈ પાર પડે એવું નથી. બનારસીદાસ તો કહે છે ને? 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા' બનારસીદાસ. 'વાદવિવાદ કરે સો અંધા.' સહજકા ધંધા આ તો છે, બાપા! આહા..હા..!

ઓલા બાવા આવે છે ને એ માગે. બાવા દુકાને આવે ને. પહેલાં માગતા. પૈસો-બૈસો

આપતા પહેલાં. હવે તો ચાર પૈસા હશે. કોને ખબર. એ બોલે 'સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની; ખેંચ લિયા સો રક્ત બરાબર, ગોરખ બોલે વાણી.' એમ કે અમે આવ્યા તો તરત પૈસા આપો એમ. માંગીને લઈએ તો 'માંગ લિયા સો પાની.' 'સહજે મળે તો દૂધ બરાબર માંગ લિયા સો પાની; ખેંચ લિયા સો રક્ત બરાબર, ગોરખ બોલે વાણી.' ન આપે ને પછી કાંઈક છરી મારે આમ. બાવા આવતા ને બાવા માગવા. હંમેશા એક આવે. રિવાજ હોય ત્યાં એને. એની પાસે જઈને નક્કી કરીને. ગામમાં ફરે. .. પૈસા લઈ આવે. એમ આજીવિકા ચાલે. પણ જો એને ન આપો તરત તો, વાર લગાડે કોઈ તો લૂગડું સળગાવે એનું. પૈસાનો ૩૨ પૈસા દેવા પડે. અડધો રૂપિયો. આ તો અમારે બનેલું છે. અમારે શિવલાલભાઈ હતા જરી ઓલા હતા. હવે ભાઈ આવ્યો છે તો દઈ દેને કીધું. મફતનો શું આવ્યો? આ લૂગડું સળગાવ્યું. અડધો રૂપિયો દેવો પડ્યો એક પૈસાનો. જૂનું લૂગડું હતું. આ તો ૬૪-૬૫ની વાત છે. સંવત્ ૬૪-૬૫. આહા..હા..!

અહીં તો કહે છે, વસ્તુ સહજાનંદ પ્રભુ, સહજ સ્વભાવ. આહા..હા..! શ્રીમદ્દે કહ્યું ને? 'સહજ પ્રતીતિ રીત..' નહિ? 'પાંચેય ઉત્તરની થઈ ... થયું સમાધાન સર્વાંગ.' 'થાશે આત્મા પછી પ્રતીત. સહજ પ્રતીતિ રીત.' સ્વભાવિક વસ્તુ અંદર દર્શન-જ્ઞાન-ચારિત્ર સહજપણે થાય છે. સમજાય છે કાંઈ? એ હઠપણે ન હોય એને. આહા..હા..! એવો જે સમ્યગ્દૃષ્ટિને આત્માનો અનુભવ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં અનુભૂતિ થઈ છે તો એ જીવોએ પણ અનુભવ કરવો ..નો. એનો અનુભવ કરવો એ જ મોક્ષનો માર્ગ છે. આત્માના સાધ્યની સિદ્ધિ અનુભવથી થાય છે. આહા..હા..!

અનુભવ રત્નચિંતામણી અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.

આહા..હા..! આ વસ્તુ પડી રહી અને ઉપરથી આ બધી માંડી. આહા..હા..! '**સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે.**' એ તો ભાવાર્થ કર્યો.

હવે '**ટીકા :- હવે, કોઈ તર્ક કરે કે...**' આ ટીકા છે, હોં! સંસ્કૃત ટીકા છે. '**આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે,...**' આત્મા અને જ્ઞાન તત્સ્વરૂપે છે જ. જેમ અગ્નિ અને ઉષ્ણ તત્સ્વરૂપે છે, એમ આત્મા અને જ્ઞાન તત્સ્વરૂપે છે. '**જુદો નથી,...**' આત્મા અને જ્ઞાનસ્વભાવ. સ્વભાવવાન અને સ્વભાવ. અગ્નિ સ્વભાવવાન, ઉષ્ણ સ્વભાવ. આત્મા સ્વભાવવાન, જ્ઞાન સ્વભાવ. શિષ્યનો પ્રશ્ન છે કે બે તાદાત્મ્ય છે. જ્ઞાન અને આત્મા જુદા નથી.

'**તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે;...**' તેથી આત્મા જ્ઞાનને નિત્ય સદા એકરૂપે છે. જ્ઞાન ને આત્મા અને આત્મા ને જ્ઞાન. માટે આત્મા જ્ઞાનને સદાય સેવે જ છે. તો પછી..

આ તર્ક કરે છે, હોં! '**તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. શું કહ્યું શિષ્યે? એટલું તો એણે કહ્યું કે આ આત્મા વસ્તુ છે. જેમ સાકર છે એ મીઠાશથી એકરૂપ તદ્રૂપ છે, અગ્નિ છે તો ઉષ્ણથી તદ્રૂપ છે, એમ ભગવાન આત્મા છે એ જ્ઞાનસ્વભાવથી તદ્રૂપ-તાદાત્મ્ય છે. સમજાણું કાંઈ?

'**નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' જ્ઞાનને સેવો, આત્માને સેવો. સમજાણું? એવો શિષ્યે પ્રશ્ન કર્યો છે. એટલું તો શિષ્યે પકડ્યું છે કે જ્ઞાન અને આત્મા અભેદ છે. સમજાણું કાંઈ? જાણનાર-જાણનાર સ્વભાવ અને જાણનાર આત્મા બે અભેદ છે, તાદાત્મ્ય છે, એકરૂપ છે, તદ્રૂપ છે, જુદાં નથી, તો તે જ્ઞાનની સેવા કરે છે એનો કેમ ઉપદેશ દીધો? સેવા તો કરે છે એની, તો તેની સેવા કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?

'**તેનું સમાધાન :- તે એમ નથી.**' સાંભળને! જ્ઞાન અને આત્મા અભેદ છે એવી પર્યાય પ્રગટ કરે તો સેવા કરી કહેવાય. જ્ઞાન.. ત્રણ વાત કહેવી છે ને? દ્રવ્ય તે આત્મા, જ્ઞાન તે સ્વભાવ અને એ સ્વભાવની એકતા કરે તો એ સેવા કરી એ પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી શૈલી નાખી! '**તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...**' એટલે કે જ્ઞાન તે આત્મા એમ એકતા કરતો નથી. પર્યાયમાં એકતા કરતો નથી, સેવતો નથી. આહા..હા..! લ્યો આ સેવા. ભગવાનની સેવા મૂકી દે ને આ સેવા (કર)!

**શ્રોતા :-** આ ભગવાન જ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ભગવાન પરમાત્મા એની સેવાનો ભાવ એ તો પુણ્ય છે, શુભભાવ છે. આ સેવા-એકાગ્રતા તે શુદ્ધભાવ છે. સમજાણું કાંઈ?

'**જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે...**' આત્મા અને જ્ઞાન તે સ્વરૂપે જ છે. '**તોપણ એક ક્ષણમાત્ર પણ...**' એક સમયમાત્ર પણ જ્ઞાન તે આત્મા એવી અનુભવદશા એણે કરી નથી એટલે જ્ઞાનને એ સેવતો જ નથી. આહા..હા..! એ તો પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિને સેવે રાગને. એ જ્ઞાનને સેવતો નથી, રાગને સેવે છે. આહા..હા..! '**તોપણ એક ક્ષણમાત્ર...**' સમયમાત્ર. આ જ્ઞાન તે આત્મા. કર્તા-કર્મમાં આવ્યું છે ને? ૬૯માં નથી આવ્યું? ૬૯-૭૦. તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. જોયું, ત્યાં આવ્યું છે, ૬૯-૭૦. '**જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને જ્ઞાનમાં વિશેષ નહિ હોવાથી તેમનો ભેદ નહિ દેખતો...**' એ પર્યાય દેખતો નહિ ત્યાં વાત છે. જ્ઞાન અને આત્મા તાદાત્મ્ય સંબંધ છે, એ જુદાં નથી એમ અંદર જાણે અને દેખે છે. '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' સમજાણું? '**અને ત્યાં વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' એ જ્ઞાન તે આત્મા એનું એકાગ્ર

સેવન કરે છે એ જ્ઞાનની ક્રિયા, એ ક્રિયા નિષેધવામાં આવી નથી. રાગની ક્રિયા નિષેધવામાં આવી છે. શું કહ્યું જુઓ! શૈલી તો જુઓ! આહા..હા..!

વસ્તુ છે આત્મા અસ્તિ સત્તા એનો જ્ઞાનસ્વભાવ સાથે તાદાત્મ્યરૂપ છે, પણ તાદાત્મ્યરૂપ છે એવી દૃષ્ટિ કરીને પર્યાયમાં એની એકાગ્રતા કરતો નથી, તેથી તે ક્ષણમાત્ર પણ આત્માને સેવતો નથી. થોડા શબ્દમાં પણ કેટલું મૂક્યું છે, જુઓને! આમ વસ્તુ છે જ્ઞાયકભાવ આત્મા સ્વભાવવાન અને જ્ઞાનસ્વભાવ તદ્રૂપ છે, પણ એ પર્યાયમાં તદ્રૂપમાં એકાગ્ર થયા વિના એ આત્માને સેવતો જ નથી જ્ઞાનમાં. આહા..હા..! જ્ઞાન અને આત્મા તદ્રૂપ છે એવી પર્યાયે ત્યાં વળીને એને જાણે તો તે જ્ઞાનની સેવા કહેવાય, પણ તાદાત્મ્ય જ્ઞાન તરફ વળ્યા વિના રાગને સેવે તો ક્ષણમાત્ર પણ આત્માને સેવતો નથી. આહા..હા..!

અહીં તો સેવા અહીં નાખી પાછી. આહા..હા..! અહીં એ નાખ્યું છે. અને ચોખ્ખુ એવું લીધું છે ત્યાં કે 'જે આત્મા છે એનું અસ્તિત્વ જ્ઞાન સ્વભાવે છે' એવું જે અંદર અનુભવમાં આવે, જ્ઞાનની પર્યાયમાં આત્મા તે જ્ઞાનસ્વરૂપ છે એમ આવે, ત્યારે એણે આત્મા અથવા જ્ઞાનની સેવા કરી કહેવામાં આવે છે. આહા..હા..! અને એ જ્ઞાનની ક્રિયા.. ક્રિયા ત્રણ પ્રકારની—એક જડની, પરિણમવું-બદલવું એ જડની ક્રિયા; એક દયા-દાન-વ્રતના પરિણામ એ વિભાવિક વિકારની ક્રિયા અને આ જે છે આત્મા તે જ્ઞાનસ્વરૂપે અને તાદાત્મ્યપણે એકાગ્ર થયો તે જ્ઞાનની ક્રિયા, એ ધાર્મિક ક્રિયા. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાત છે.

આત્મા અને જ્ઞાન એકરૂપ હોવા છતાં પર્યાયમાં એકરૂપ છે એવી એણે અનુભૂતી કરી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! કેટલી શૈલી! આ તો સર્વજ્ઞ-પંથ વીતરાગ માર્ગ, બાપા! એ કાંઈ આલીદુઆલીની વાત નથી. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે આત્મા અને જ્ઞાન છે તો તદ્રૂપ, પણ તદ્રૂપ છે એવી એણે પર્યાયમાં પ્રતીત ક્યાં કરી છે? પર્યાયમાં આ જ્ઞાન ને આત્મા એકરૂપ છે એવી પ્રતીત ક્યાં કરી છે? આહા..હા..! સમજાણું કાંઈ?

શિષ્ય કહે છે, પણ તમે .. આત્મા અને જ્ઞાન તો તદ્રૂપે છે. સાકર અને સાકરની મીઠાશ તદ્રૂપે છે, તો વળી મીઠાશને નથી સેવતો એમ ક્યાંથી આવ્યું? પણ સાંભળ તો ખરો. સાકર અને સાકરની મીઠાશ છે તદ્રૂપે, પણ એના સ્વાદમાં આવે ત્યારે એ તદ્રૂપે છે એમ થયું ને? આહા..હા..! ગુણ અને ગુણી એકરૂપ છે એવું પર્યાયમાં આવે ત્યારે એને સ્વાદ આવ્યો કહેવાય. આહા..હા..! આવું. સંપ્રદાયમાં ... એમાં એને આ એવું લાગે કે શેની વાત હશે? જૈનની એવી વાત હશે? આપણે તો જૈનમાં કંદમૂળ ન ખાવું, રાતે ચોવિહાર કરવો, સામાયિક કરવી, પડિક્કમણા કરવા, પોષા કરવા, અપવાસ કરવા એવું આવે લ્યો. હવે એવી વાત તો આમાં આવતી નથી. એ જૈનધર્મ જ નથી, એ તો રાગની ક્રિયા છે. સમજાણું કાંઈ?

આહા..હા..!

**'આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ...'** આ જ્ઞાન અને આત્મા એકરૂપ છે એવી એણે દૃષ્ટિ કરી નથી. આહા..હા..! કહો, આ તો સમજાય એવું છે, ચંદુભાઈ! પર્યાયને અંતર્મુખ વાળ્યા વિના જ્ઞાન અને આત્મા તાદાત્મ્ય છે એવી એને પ્રતીતિ ન થાય એણે આત્માની સેવા—જ્ઞાનની સેવા કરી જ નથી. આહા..હા..! લે, માણસની સેવા કરવી, ભગવાનની સેવા કરવી, આ તો કહે જ્ઞાનની સેવા કરવી. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી ભરેલો એવું જેણે અંતર્મુખ થઈને જાણ્યું એણે જ્ઞાનની સેવા કરી કહેવાય.

છઠ્ઠી ગાથામાં એ આવ્યું ને? પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવના લક્ષને છોડી આત્મા જ્ઞાયકભાવનું સેવન કરે, ત્યાં ઉપાસના છે. છઠ્ઠી ગાથામાં ઉપાસના છે. ઉપાસના એટલે સેવા. જે કર્મ દ્રવ્ય ઉદય અને એનો ભાવ દેવાનો, કર્મનો ભાવ હોં! એનું લક્ષ છોડીને, વિકારનું લક્ષ છોડીને નહિ ત્યાં. ત્યાં તો આ જડ અને જડનો ભાવ એના ઉપર લક્ષ છે એને છોડીને અહીં આત્મામાં જાય છે, ત્યારે પર્યાયમાં ઉપાસના આત્માની થાય છે. એ પરનું લક્ષ છોડીને અહીં ગયો એ વિકારનું પણ લક્ષ છૂટી ગયું ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એવી રીતે લીધું છે. એ દ્રવ્યની સેવા, ઉપાસના. દ્રવ્યની ઉપાસના એમ કીધું છે. એ ઉપાસના થઈ એમાં શુદ્ધ પર્યાયનું વેદન થયું એ જીવને ત્રિકાળી શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યો. ત્રિકાળી શુદ્ધ... શુદ્ધ.. શુદ્ધ તો છે એમ કહે છે ઘણા. શુદ્ધ તો છે, પણ હવે આપણે કરવું શું અશુદ્ધતાને ટાળવા માટે? પણ એ શુદ્ધ છે એ જાણ્યું જ નથી, સાંભળને! સમજાણું કાંઈ? એ બાજુથી આવશે વાત. આત્મા તો શુદ્ધ છે એ તો બધા આપણે જાણીએ છીએ, પણ હવે અશુદ્ધતા ટાળવી કેમ એ તો કરો ઉપાય. અરે..! આહા..હા..!

આત્મા જ્ઞાયકભાવ શુદ્ધ છે એવી પર્યાયમાં અંતર્મુખ વળે અને જ્યારે શુદ્ધતાનું વેદન થાય, ત્યારે વેદનના અંશમાં આ આખું શુદ્ધ છે (એમ જ્ઞાન થતાં) એને શુદ્ધ માન્યું કહેવાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે, ભાઈ! વાડાવાળાને તો એવું લાગે કે આ તે કઈ જાતનો માર્ગ હશે? કાંઈક નવો કાઢ્યો હશે? અરે..! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. સર્વજ્ઞસ્વભાવી આત્મા, પણ એ કોને? જેણે અંતર્મુખ થઈને પ્રતીત (કરી) અને અનુભવ્યું તેને. સમજાણું કાંઈ? નહિતર તો સર્વજ્ઞસ્વભાવી છે, પણ 'છે' એ સત્તાનો સ્વીકાર કોણે કર્યો? આહા..હા..! પર્યાય તે તરફ ઢળીને આ 'છે' એમ જ્યારે જાણ્યું ત્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આવ્યું એ એણે જ્ઞાનની સેવા કરી કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે.

**'જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર...'** એક સમયમાત્ર **'પણ જ્ઞાનને સેવતો નથી;...'** આહા..હા..! જ્ઞાન તે આત્મા તે તરફ તેનું વલણ થયું નથી. રાગ ને પુણ્ય ને દયા, દાનના વિકલ્પ તે આત્મા એમ એની દૃષ્ટિ પડી છે પર્યાયમાં.

આહા..હા..! જ્ઞાનની પર્યાયે ગુલાંટ ખાઈને આ જ્ઞાન તે આત્મા એમ એણે અનુભવ કર્યો જ નથી. આહા..હા..! વાતું તો જુઓ! હવે ઓલા લોકો રાડું પાડે બિચારા હોં! એકાંત છે, આ એકાંત છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! સમ્યક્એકાંત છે એનું નામ એકાંત છે, અને તારું મિથ્યા અનેકાંત છે એ અનેકાંત નથી, મિથ્યા અનેકાંત છે. નય છે એ સમ્યક્ એકાંત છે, નય. ત્રિકાળી જ્ઞાયકભાવ આ છે એમ જે પર્યાયે જાણ્યું ત્યારે સમ્યક્ એકાંત થયું એને. આ જ આવો છે શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..હા..!

**શ્રોતા :-** નિશ્ચય મોક્ષમાર્ગમાં... સમ્યક્ એકાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકાંત છે, સમ્યક્ એકાંત છે. નયનો અર્થ સમ્યક્ એકાંત. આહા..હા..! શું પણ આમાં કરવું, ભાઈ? અરે..! એના ઘરને જોવા માંડે નહિ અને બહારથી વાતું કરે એમ કાંઈ ચાલે? વીતરાગસ્વરૂપી ભગવાન છે. વીતરાગની આજ્ઞા એ છે. સવારમાં કહ્યું હતું ને '**जिनवचसि रमन्ते**' એમાં એક બોલ રહી ગયો હતો. પછી બહાર નીકળીને યાદ આવ્યું પાછું. '**जिनवचसि रमन्ते**' એટલે જિનવચનનો કહેવાનો ભાવ તો વીતરાગતા છે. જિનવચનનું તાત્પર્ય.. પંચાસ્તિકાયમાં કહ્યું છે ને? કે ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. સૂત્રતાત્પર્ય, શાસ્ત્રતાત્પર્ય—બે કાઢ્યા છે. પંચાસ્તિકાય ૧૭૨. સૂત્રતાત્પર્ય નામ ગાથાદીઠ કહ્યું એ સૂત્ર-તાત્પર્ય અને બધાનો સાર કહેવો એ શાસ્ત્રતાત્પર્ય. તો શાસ્ત્રતાત્પર્યમાં વીતરાગતા આવે. પંચાસ્તિકાયમાં (છે). વીતરાગતા આવે ક્યારે? આહા..હા..! કે સ્વનો આશ્રય લઈને પરનો આશ્રય છોડે ત્યારે. એ જિનવચનમાં એમ કહ્યું છે. સમજાણું કાંઈ? એણે એમ લખ્યું ને કે જિનવચનમાં શુદ્ધદ્રવ્યાર્થિકનયે શુદ્ધદ્રવ્યને ઉપાદેય કહ્યો એનો અર્થ એ થયો કે જિનવચનમાં વીતરાગી ઉપદેશ આવ્યો એટલે વીતરાગી ભાવ પ્રગટ થાય એવો આવ્યો. એ વીતરાગી ભાવ પ્રગટ કેમ થાય? કે પરની અપેક્ષા છોડી અને સ્વની અપેક્ષામાં જાય ત્યારે વીતરાગતા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પરમાત્માનો ગહન માર્ગ, ભાઈ! એને ઉકેલ અંદરથી કર્યા વિના પત્તો ખાય એવું નથી. આ તે વાદવિવાદ કરે ને આમ છે ને તેમ છે. આહા..હા..!

હવે કારણ આપે છે. કેમ સેવતો નથી? '**કારણ કે સ્વયંબુદ્ધત્વ (પોતે પોતાની મેળે જાણવું તે)...**' શુદ્ધજ્ઞાનઘન છે આત્મા, અનંત ચૈતન્ય સ્વરૂપી પ્રભુ છે એવું સ્વયં પોતાની મેળાએ સ્વ તરફ ઝુકાવ થતાં જાણે. '**અથવા બોધિતબુદ્ધત્વ...**' નિસર્ગ ને એ છેને, સમકિતના બે પ્રકાર? નિસર્ગાત અને અધિગમાત. નિસર્ગાત અને અધિગમાત. બોધિબુદ્ધત્વ '**(બીજાના જણાવાથી જાણવું તે)...**' ધર્માત્મા જ્ઞાની એને કહે કે ભાઈ! તારી પુંજી મોટી આત્મતત્ત્વ છે. એ પુંજી નિધાન છે ત્યાં જોને. આહા..હા..! જેમાં તું નથી આખો તેને જો છો, પણ જેમાં તું છો આખો એને જોને એટલે દ્રવ્યદૃષ્ટિ (કર)! પર્યાયમાં રાગમાં એ નથી આખો. સમજાણું કાંઈ? એટલે જિનવચનને જ્ઞાનીઓએ એને એ કહ્યું. જ્યાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ્યું આત્મા, એને જો... બોધિબુદ્ધ અથવા સ્વયંબુદ્ધત્વ. '**એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.**'

પર્યાયમાં. આવા કારણપૂર્વક જ્ઞાન અને આત્મા છે તેની પર્યાયમાં ઉત્પત્તિ થવી એ સ્વયંબુદ્ધથી થાય કાં જણાવે તો નિમિત્તથી વાત.

કૌંસમાં નાખ્યું '(કાં તો કાળલબ્ધિ આવે ત્યારે...' થાય. છે ને એક વાત. મૂળ વાત તો એવી છે.. કાળલબ્ધિની વ્યાખ્યા ઘણી વાર કરીએ છીએ. કાળલબ્ધિ છે આ એનું જ્ઞાન ક્યારે થાય? ધારી લે કાળલબ્ધિ એમ નહિ. આ કાળલબ્ધિ પર્યાય પાકી એ કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? કે જેને સ્વભાવ તરફ પુરુષાર્થ કરીને કાળલબ્ધિને પ્રાપ્ત કરી છે એને કાળલબ્ધિનું જ્ઞાન સાચું થાય. સમજાણું કાંઈ? આમ તો ધારી લે કે કાળલબ્ધિ, (પણ) કાળલબ્ધિ એટલે શું? જે પર્યાયને કાળે નિર્મળ સમ્યક્ થવાનું છે તેનું નામ કાળલબ્ધિ, પણ એનું જ્ઞાન કોને સાચું થાય? જેણે જ્ઞાયક સ્વભાવની પ્રતીતિ ને અનુભવ કર્યો ત્યારે એને પર્યાયમાં આ કાળ પાક્યો છે એમ એના ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

એ અમારે વાંધો હતો ને તે દિ' ૭૨ની સાલમાં. (સંવત) ૧૯૭૨-૭૨, ૬૦. વર્ષ પહેલાં સંપ્રદાયમાં. એ કહે કે કેવળજ્ઞાનીએ દીઠું હશે તે દિ' થાશે. આપણે શું પુરુષાર્થ કરીએ? એમ કહેતા; પણ કેવળજ્ઞાન છે જગતમાં, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી અસ્તિ છે એવો સ્વીકાર કર્યા વિના દીઠું અને જાણ્યું એ કોણે નક્કી કર્યું? કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી સત્તા જગતમાં હોવાપણે છે. એ હોવાપણે છે એનો નિર્ણય થયા વિના કેવળીએ દીઠું તે થાય એ ક્યાંથી આવ્યું? એની શ્રદ્ધામાં તો આવ્યું નથી. શું કહ્યું સમજાણું? મોટી ચર્ચા ચાલી હતી. ૭૨-૭૨. દીક્ષા ૭૦માં અને બે વર્ષ પછી. ગુરુભાઈ હતા બહુ આગ્રહી અને ક્લેષી-કષાયવાળા. અમે કાંઈ એમ માનીએ નહિ, તમે જાણો કે આમાં આવી ગયા માટે બંધાઈ ગયા છીએ? ભગવાને દીઠું એ થાશે. એ ભગવાન કેવા છે? કેવડા છે? એવું બેસે એને એ દીઠું થાય ને? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે અને એ દીઠું એ પ્રમાણે થાશે, પણ એ કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર કરે એને કે સ્વીકાર નથી કર્યો એને? આહા..હા..! સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનનો સ્વીકાર...

એથી જ કહ્યું ને ૮૦ ગાથામાં કે

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।**

આહા..હા..! જેણે અરિહંતના પર્યાયને જાણી કેવળજ્ઞાન છે એમ. જોયું એમાં આવ્યું ને ૮૦માં? એ જ ભાવ આવ્યો હતો તે દિ'. ઈ વાંચ્યુ નહોતું કાંઈ પ્રવચનસાર. જે કેવળજ્ઞાન છે એક સમયની પર્યાય એને જે જાણે તેને ભવ હોઈ શકે નહિ. આહા..હા..! મોટી ચર્ચા ચાલી હતી. એક દિ' છોડી દીધો હતો સંપ્રદાયને. પાળિયાદ, પાળિયાદ છે ને, પાળિયાદ? સત્ય હોય અહીં તો એ વાત ચાલે, બીજી આડી (અવળી) નહિ. કેવળજ્ઞાન, બાપુ! તમે

એમ ભાષા કરો એમ ન ચાલે કીધું.

કેવળજ્ઞાન એક સમયમાં એક ગુણની એક પર્યાય, જેની મુદ્દત એક સમય એ ત્રણકાળ જાણે સ્વયંભૂસ્તોત્રમાં કહ્યું ને? સંમતભદ્રાચાર્યે સ્વયંભૂસ્તોત્રમાં, હે નાથ! આપ સર્વજ્ઞ છો એમ કેમ અમે નિર્ણય કર્યો? કે સર્વજ્ઞની પર્યાયનો એક સમયનો કાળ અને જગતના અનંતા દ્રવ્યોનો એક સમયનો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એક સમયમાં તમે ત્રણનો નિર્ણય કર્યો એ તમે સર્વજ્ઞ છો. કાળ ત્રણ, અનંતા દ્રવ્યો, ત્રણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા એક સમયમાં તમે જાણ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છે? સ્વયંભૂ સ્તોત્રમાં આવે છે. સર્વજ્ઞનો નિર્ણય થયો અમને કે આપ સર્વજ્ઞ છો. કાળ એક અને ત્રણકાળના અનંતા દ્રવ્યોના એક સમયના ઉત્પાદ-વ્યય-ધ્રુવ અનંતા દ્રવ્યોના એક સમયમાં જાણ્યા. આ શું છે? સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે જ્ઞાન અને આત્મા છે આમ, પણ જેણે એની સેવા કરી સ્વયંથી કાં બુદ્ધિબોદ્ધત્વથી. આહા..હા..! ત્યારે જાણે કે આ.. છે ને? '**કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે—જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા તો કોઈ જગાડે ત્યારે જાગે.) અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમકે...**' આમાં મર્મ છે. એમ કે જ્ઞાની તો છે, જ્ઞાન અને આત્મા તો એક છે. તો જાણવા પહેલાં એ અજ્ઞાની થઈ ગયો? જ્ઞાન રહ્યું નથી એને? એ વાત જરી ચર્ચવા જેવી છે. આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## પોષ વદ-૧૪, શુક્રવાર, તા. ૩૦-૦૧-૧૯૭૬, શ્લોક-૨૦, ગાથા-૧૯, પ્રવચન નં. ૬૧

સમયસાર ચાલે છે, જીવ-અજીવ અધિકાર. પ્રશ્ન એમ છે, શિષ્ય એમ પ્રશ્ન કરે છે કે આ આત્મા જે છે આત્મા અને એનો જે જ્ઞાનસ્વભાવ છે એ તો તન્મય છે-તાદાત્મ્ય છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન તો પર છે, રાગ અને પુણ્ય-પાપના ભાવ એ પર છે, પણ આ આત્મા છે, જ્ઞાન જે સ્વભાવ છે, અગ્નિમાં જેમ ઉષ્ણતા તદ્રૂપ છે-તન્મય છે, એમ ભગવાન આત્મામાં જ્ઞાન તદ્રૂપ-તન્મય છે; તો પછી તમે જ્ઞાનની સેવા કરવાનું કેમ કહો છો? એમ શિષ્યનો પ્રશ્ન છે. શું કહે છે? કે તમારે ધર્મ કરવો હોય તો આત્મા અને

જ્ઞાન જે અભેદસ્વરૂપ તન્મય છે એમાં એકાગ્ર થવું, એ જ્ઞાનની સેવા કરી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો શિષ્યે પ્રશ્ન કર્યો કે પણ આત્મા અને જ્ઞાન તો તદ્રૂપ (છે તેથી) સેવે જ છે આત્મા. આત્મા જ્ઞાનસ્વભાવને તો કાયમ સેવે જ છે. શિષ્યને ઉત્તર આપે છે કે એક સમય પણ સેવ્યો નથી. અનંત કાળથી જ્ઞાન અને આત્મા એક હોવા છતાં એની દૃષ્ટિ પુણ્ય ને દયા, દાન ને વ્રત, ભક્તિ રાગ ઉપર રહી, તો એણે જ્ઞાન અને આત્મા એક છે એવી અંતર દૃષ્ટિ એકાગ્રતા કરી જ નથી કદી. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

જ્ઞાન અને આત્મા એક છે તો આત્મા જ્ઞાનને સેવે છે, એમ શિષ્યનો પ્રશ્ન છે, તો ગુરુ કહે છે, એમ નથી. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ પોતાના જ્ઞાનમાં એકાગ્ર થાય, રાગ અને પુણ્યની ક્રિયાથી ભિન્ન થઈને પોતાના જ્ઞાનમાં એકાકાર થાય ત્યારે જ્ઞાનની સેવા કરી એમ કહેવામાં આવે છે, આહા..હા..! ત્યારે એને ધર્મ થાય. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

આત્મા એ ધર્મી છે અને જ્ઞાનસ્વભાવ એનો ત્રિકાળી ધર્મ છે. ત્રિકાળી એવા ધર્મમાં જે એકાગ્ર થાય છે (તેને ધર્મ થાય છે). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ તો રાગ છે, એ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આહા..હા..! આવી વાત ભારે આકરી. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! દુનિયાએ તો ધમાધમ (માંડી છે). જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. આવે છે ને ભાઈ? ધમાધમ ચલી. ધમાધમ કરે. હાથી લાવે, આ જુઓને હાથી નાખશે અંદર. હાથી આજે જાતો હતો. હાથીના શું કહેવાય? વરઘોડા. એય.. છ લાખનું મંદિર. અહીં તમારે ૨૬ લાખનું મંદિર અને ૨૬ હજાર માણસ આવ્યા. એમાં શું થયું? એય..! પોપટભાઈ! આ પોપટભાઈનું હમણાં થાય છે ન્યાં. વાર છે થોડી હજી, મહિનો. વજુભાઈ કરે છે એમ ને? ગયા છે? એ વજુભાઈ કરે છે એમ કહે છે. પૈસા તો આ દેનાર છે ને અંદર. આહા..હા..!

શિષ્યનો એ પ્રશ્ન છે કે ભગવાન આત્મા જ્ઞાન અને આત્મા તદ્રૂપ એકરૂપ છે, તો આત્મા જ્ઞાનની સેવા કરે જ છે, તો જ્ઞાનની ઉપાસના કરો એમ તમે કેમ ઉપદેશ આપો છો? એમ શિષ્યનો પ્રશ્ન છે. આહા..હા..! એના ઉત્તરમાં એમ કહ્યું કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આત્મા વસ્તુ અને જ્ઞાન એનો સ્વભાવ, એ તરફની એકતા એણે કદી કરી જ નથી. પાપના ભાવ કર્યા અને બહુ તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એવા શુભભાવ કર્યા, એ કાંઈ જ્ઞાન અને આત્માની સેવા નહિ. આહા..હા..! આત્માની જ્ઞાનની સેવા તો જ્ઞાનસ્વભાવમાં રાગથી પૃથક્ થઈને સ્વભાવમાં એકત્વ થવું એનું નામ ધર્મ અને જ્ઞાનની સેવા અને આત્માની સેવા કરી એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ કરો, દેવ-ગુરુની ભક્તિ કરો એ બધા ભાવ શુભ છે, ધર્મ નથી. આહા..હા..! આકરી વાત. અહીં

તો જરી પાંચ-પચાસ હજાર, લાખ-બે લાખ ખર્ચે, મંદિર-બંદિર બનાવે તો ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી, સાંભળને! ધર્મ કેવો! એય..! પોપટભાઈ! આહા..હા..!

આત્મ પદાર્થ ધર્મી વસ્તુ છે અને એમાં જ્ઞાનાદિ અનંત ધર્મ-સ્વભાવ ભરેલા છે. અહીં જ્ઞાનની પ્રધાનતાથી લીધું ને? તો એ જ્ઞાન, આત્મા અને જ્ઞાન એકરૂપ છે એવી પર્યાયમાં કદી અંદર એકતા કરી નથી. ગુણ અને ગુણી છે અભેદ. જ્ઞાનગુણ અને આત્મા ગુણી છે એક અભેદ, પણ એ અભેદમાં જ્ઞાનની એકતા કર્યા વિના, પર્યાયમાં ગુણ અને ગુણી અભેદ છે એની એકતા કર્યા વિના એને જ્ઞાનની સેવા કહેવામાં આવતી નથી, એમાં ધર્મ થતો જ નથી. આહા..હા..! આવી વાતું છે. ધમાલ... ધમાલ... ધમાલ.. બધી બહારની.

શિષ્યનો પ્રશ્ન છે કે જ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય છે? તો કહે છે કે કાં પોતાના આત્મામાં આનંદની જ્ઞાનની જાગૃતિ પોતાથી કરે તો થાય છે અથવા કોઈ બીજો સમજાવનાર મળે એનાથી સમજે. સ્વયંબુદ્ધ, બોધિબુદ્ધ. **'અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં...'** પોતાનો ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાતાદ્રષ્ટા છે એવું ભાન નથી તો એ પહેલાં **'શું આત્મા અજ્ઞાની જ છે...'** શિષ્યનો પ્રશ્ન છે. એ તો જ્ઞાનસ્વરૂપ છે ને, જાણકસ્વભાવ છે ને, તો એ જાણકસ્વભાવનું ભાન થયા વિના શું એ અજ્ઞાની છે? જ્ઞાની અજ્ઞાની થઈ ગયો? સમજાણું કાંઈ? **'જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમકે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે?'** કેમકે એણે આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવો અનુભવ કદી કર્યો નથી. આહા..હા..! ભારે કામ!

**'તેનો ઉત્તર :- એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.'** આહા..હા..! વસ્તુ સ્વભાવ ત્રિકાળ જ્ઞાનભાવ હોવા છતાં જ્ઞાન એ આત્મા એવો અનુભવ નથી કર્યો ત્યાં સુધી તે અજ્ઞાની અને મૂઢ છે. આહા..હા..! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા લાખ-કરોડ કરે તો પણ તે અજ્ઞાની છે. આવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. તો શિષ્યને કહ્યું, **'એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.'** ચાહે તો વ્રત ને તપ ને ભક્તિ ને દાન ને દયા ને પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ અનંતવાર કર્યા એ તો શુભરાગ છે, એ ધર્મ નથી. આહા..હા..! આ કહેતા હતા ને કે આ બધા ધર્મ ચક્ર ફર્યા. આજે આવ્યું હતું આત્મધર્મમાં છપાવવાનું. ધર્મચક્ર ઘણું ફર્યું. અઢાર લાખ ઉપજ્યા એમ લખ્યું છે. ઓહો..! ઈન્દોરનું. ઈન્દોરનું લાગે છે. કોનું નામ છે? આ આત્મધર્મમાં છપાવજો એમ આવ્યું છે. .. આવ્યું છે. અઢાર એના એકલાના હશે. આ લોકો .. હશે. એમાં શું થયું?

**શ્રોતા :-** પૈસાની પ્રાપ્તિ થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા જડ છે. એમાં આત્મા ક્યાં છે? અને એમાં રાગની મંદતા કરી હોય દેખવામાં, જોવામાં, પૈસા દેવામાં તો પુણ્ય થાય. આમ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ તો ધર્મ મોંઘો પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ તો ધર્મ જેવો હોય એવો આવવો જોઈએને?

ધર્મ-વસ્તુનો સ્વભાવ એ ધર્મ. વત્થુ સહાવો ધમ્મો. તો વસ્તુ આત્મા છે એમાં રહેલાં-વસેલા. ગોમ્મટસારમાં છે. વસ્તુમાં વસેલા-રહેલા અનંત ગુણો છે, માટે એને વસ્તુ કહે છે. સમજાણું કાંઈ? જેમ આ વાસ્તુ લે છે ને વાસ્તુ? એ કોઈ મકાનમાં લે છે કે ઝાડ ઉપર લે છે? આહા..હા..! એમ ગોમ્મટસારમાં છે કે આત્માને વસ્તુ કેમ કહી? કે એમાં અનંત ગુણો વસેલા છે, રહ્યા છે, માટે વસ્તુ કહે છે. આહા..હા..! જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, ઈશ્વરતા એવા અનંત ગુણ વસ્તુમાં વસેલા છે, રહેલા છે. એવી ચીજમાં અંતર દૃષ્ટિ કરવી, એનો સ્વીકાર (કરવો) કે અનંત ગુણ સંપન્ન ભગવાન આત્મા એ તરફના ઝુકાવથી પ્રતીતિ અને શ્રદ્ધામાં એકતા થવી, સ્વભાવ સન્મુખમાં એકતા થવી એનું નામ ધર્મ છે, બાકી બધી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યાં સુધી એ જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાથી એકાગ્ર થાય કાં કોઈ સમજાવનાર મળે એનાથી એકાગ્ર થાય ત્યારે તે જ્ઞાની થાય છે. તો એ પહેલાં, જ્ઞાની થયા પહેલાં એ અજ્ઞાની હતો? શિષ્ય કહે છે. અજ્ઞાની હતો. ચાહે તો જૈનનો સાધુ દિગંબર હોય, સમજાણું કાંઈ? અને હજારો રાણીનો ત્યાગ કરે, બાળબ્રહ્મચારી હોય પણ જ્યાં સુધી આત્માના જ્ઞાનની એકતા ધર્મ નથી કર્યો ત્યાં સુધી એ અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે શિષ્યનો પ્રશ્ન છે. **'વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે તે કહો.'** મહારાજ! આપે અપ્રતિબુદ્ધ કહ્યું અનાદિના અર્થમાં, એવી ક્રિયાકાંડ અનંતવાર કરી. દયા, વ્રત, તપ, છ-છ મહિના અપવાસ, બાળબ્રહ્મચારી શરીરથી સ્ત્રીનું સેવન એક દિવસ પણ નહિ, તોપણ એમાં આત્માનું સેવન નથી કર્યું. એ તો રાગની ક્રિયા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો અપ્રતિબુદ્ધ રહ્યો, અજ્ઞાની રહ્યો. તો શિષ્યનો પ્રશ્ન છે અપ્રતિબુદ્ધ ક્યાં સુધી છે? ક્યાં સુધી રહે છે એ તો કહો પ્રભુ? છે? ઉપર છે. **'तर्हि कियन्तं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयताम् '** આહા..હા..!

૧૯ ગાથા.

**कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।**
**जा एसा खलु बुद्धि अप्पडिबुद्धो हवदि ताव।।१९।।**

**નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',**
**-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય દૃષ્ટાંત આપે છે ઘડાનું. ઘડો, ઘડો હોય છે ને ઘડો?

**'ટીકા :- જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્ગલના સ્કંધોમાં આ ઘડો છે...'**

પુદ્‌ગલની જે સ્કંધ દશા સ્પર્શ, રસ, ગંધ, રંગ આદિ અને પહોળું અને પેટાળ આદિ અવગાહન એમાં ઘડો છે **'અને ઘડામાં આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્‌ગલ-સ્કંધો છે...'** ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે અને (વર્ણ, ગંધ આદિમાં) ઘડો છે. ઘડામાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ છે અને વર્ણ, રસ, ગંધ, સ્પર્શમાં ઘડો છે, અભેદ છે. બરાબર છે? **'એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે, તેવી રીતે...'** આહા..હા..! એ તો દૃષ્ટાંત થયો.

**'કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો...'** આહા..હા..! એ શુભ-અશુભ રાગાદિ ભાવ **'તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ-'** સમજાણું કાંઈ? **'કે જેઓ (બધાં) પુદ્‌ગલના પરિણામ છે...'** આહા..હા..! જેમ સ્પર્શ, રંગ, ગંધમાં ઘડો છે અને ઘડામાં સ્પર્શ, રંગ, ગંધ છે; એમ પુણ્ય અને પાપના અંતરંગ પરિણામ અને કર્મ-જડ કર્મ અને ભાવકર્મ અને નોકર્મ આ શરીર, વાણી જડ એ બાહ્ય વસ્તુને... એ બધી બાહ્ય વસ્તુ થઈ. આહા..હા..! અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ-રાગ પણ બાહ્ય વસ્તુ છે. આહા..હા..!

ભગવાન આત્મામાં જ્ઞાન અને આનંદ સ્વભાવ છે, એમ પુણ્ય-પાપભાવ એનો સ્વભાવ નથી. એ પુણ્ય અને પાપના ભાવમાં જડકર્મમાં, નોકર્મ-આ શરીરમાં.. ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ ત્રણે પુદ્‌ગલની પર્યાય અને પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! છે? શું કહ્યું ઈ? ભગવાન આત્મામાં અંતરંગમાં પુણ્ય અને પાપ દેખાય છે અને કર્મ જડ અને નોકર્મ શરીર, વાણી ત્રણેય પુદ્‌ગલના પરિણામ છે, આત્માના નહિ. આહા..હા..!

**'અને આત્માનો તિરસ્કાર કરનારા છે.'** આહા..હા..! શુભ અને અશુભભાવ એને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. કેમકે આત્માનો અનાદર કરનારા છે. રાગની રુચિવાળો આત્માનો અનાદર કરે છે. એ રાગભાવ જ આત્માનો અનાદર કરનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણે બોલ લીધા. પુણ્ય અને પાપના ભાવકર્મ, જડકર્મ, શરીર, વાણી, મન—નોકર્મ ત્રણે પુદ્‌ગલની જાત છે, ભગવાન આત્મા જ્ઞાનની જાત એ નહિ. જ્ઞાન એ આત્મા એમ લેવું છે ને? તો જ્ઞાનનો તો રાગમાં, પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનની પર્યાયનો અભાવ છે, શરીરમાં અભાવ છે, કર્મમાં અભાવ છે, તો ત્રણે ચૈતન્યના ભાવથી અભાવરૂપ છે, તો ત્રણેને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. આહા..હા..! આ વસ્તુ તો જુઓ! છે અંદર છે ને?

**'કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ'** એ બધું દ્રવ્યકર્મ પણ એમાં આવી ગયું. કર્મ અને એ બધું આવી ગયું. **'(બધાં) પુદ્‌ગલના પરિણામ છે...'** ભગવાન આત્માના એ પરિણામ નહિ. કેમકે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ તો ચૈતન્યના પરિણામ જ્ઞાન હોય તો એ આત્માના પરિણામ (છે). આ તો રાગાદિ છે એમાં ચૈતન્યના પરિણામનો અભાવ-શૂન્ય છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય છે એ શુભરાગ છે એ પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ,

ચૈતન્યસ્વરૂપ છે, એ ચૈતન્યની પર્યાયથી રાગ ખાલી છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! આવી વાત, ભાઈ! લોકોને એવું લાગે છે કે આ સોનગઢવાળા બધું... પણ આ કોણ કહે છે આ? સોનગઢાવાળાએ નિશ્ચય એ ધર્મ શોધ્યો નવો, સહેલો, એમ લખે છે. આ કરવું, વ્રત ને તપસ્યા કરવી એ દુઃખ લાગે, કષ્ટ પડે એટલે સહેલો કરી નાખ્યો. કાંઈ નહિ, આત્મા જાણો.. આત્મા જાણો... એ ધર્મ. અરે.. ભગવાન! સાંભળ તો ખરો. એમ ન કરાય પ્રભુ!

ભાઈ! તું આત્મા ચૈતન્યચમત્કારી વસ્તુ છો. એ ચૈતન્યચમત્કારમાં એકાગ્ર થવું એનું નામ ધર્મ છે. એ ચૈતન્યચમત્કારને છોડીને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ અચેતન છે, એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યની જાત એ રાગ નહિ. આહા..હા..! સીધી સાદિ ભાષા છે. આવી વસ્તુ છે. આહા..! જેમ ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે અને વર્ણ, રંગ, ગંધ, સ્પર્શમાં ઘડો છે; એમ આત્મામાં પુણ્ય ને પાપ ને શરીર, કર્મ છે અને આત્મામાં એ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ઘડો અને ઘડાની શક્તિઓ અને અવસ્થા એમાં એ ઘડો છે અને શક્તિ અને અવસ્થા એ ઘડામાં છે. ઘડો એમાં છે અને એ ઘડામાં છે; એમ પુણ્ય અને પાપના ભાવ, શરીર, વાણી, કર્મ જડ એમાં આત્મા છે અને એ ચીજ આત્મામાં છે એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ?

પરસત્તાનું પોતામાં હોવું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ઝીણી વાત ભાઈ, આ તો ભારે તકરાર ચાલે છે ને વ્યવહારની. વ્યવહારથી થાય અને વ્યવહાર (સાધન છે). ભાઈ! પ્રભુ! સાંભળ તો ખરો ભાઈ! વ્યવહાર છે એ શુભરાગની ક્રિયા છે અને શુભરાગ છે એ અચેતન છે, એ પુદ્‌ગલના પરિણામ છે. આત્મા એ અચતેન પુદ્‌ગલપરિણામમાં છે અને એ પુદ્‌ગલપરિણામ આત્મામાં છે એવી માન્યતા અજ્ઞાનીની છે. ચાહે તો સાધુ થયેલો હોય નગ્ન મુનિ, પણ જેની રાગના પરિણામમાં હું છું અને મારામાં રાગ પરિણામ છે એવી માન્યતા (છે તે) અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. આહા..હા..! છે કે નહિ? આહા..હા..!

'**કર્મ–મોહ આદિ અંતરંગ પરિણામો...**' એટલે કર્મ જડ '**કર્મ–મોહ આદિ અંતરંગ પરિણામો...**' ભાવકર્મ '**તથા નોકર્મ–શરીર આદિ...**' એ બાહ્ય વસ્તુ કીધી. દેખો ભાષા. બાહ્ય વસ્તુમાં હું છું એ બહિરાત્મા છે અને બાહ્ય વસ્તુ મારામાં છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ઘણી જ સીધી અને સરળ વાત છે. બહુ સાદી ભાષા. આહા..હા..! આચાર્યોએ સત્‌ને સમજાવવા ઘણી મીઠી અને સીધી રીતે વાત કરી છે. ભગવાન! બહિરાત્મા કોને કહીએ? અંતરાત્મા કોને કહીએ? કે જે ભગવાન આત્મામાં એ પુણ્ય ને પાપ, દયા, દાન ભાવ એ પુદ્‌ગલના પરિણામ છે, એ બાહ્ય છે, એમાં હું છું અને એનાથી મને લાભ થશે, એ બહિરાત્મા છે. બહુ આકરું પડે. ઓલા ભક્તિવાળા કહે, આપણે ભગવાનની ભક્તિ કરો. એમ કરતાં કરતાં ધર્મ થઈ જશે. આ દયા પાળવાવાળા કહે, દયા પાળો પરની અને શરીરના બળિયા જોરવાળા કહે, અપવાસ કરો, તપસ્યા કરો. એય..! ત્રણે મંદ રાગની ક્રિયા છે. એ રાગની

ક્રિયામાં હું છું અને રાગની ક્રિયા મારામાં છે એ બહિરાત્મા છે, એ અપ્રતિબુદ્ધ છે, એ અજ્ઞાન છે. જ્યાં સુધી આ બુદ્ધિ છે ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે. આહા..હા..!

અર્થાત્ ત્રણ વાત લીધી. ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ એ ચૈતન્યઘન. એ ચૈતન્યઘન. એ પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ, આઠ કર્મ એ જડ કર્મ, શરીર, વાણી એ નોકર્મ—એ ત્રણે પુદ્‌ગલના પરિણામમાં હું છું અને એ પુદ્‌ગલના પરિણામ મારામાં છે એવા પુદ્‌ગલના પરિણામ છે તે... છે? '**આત્માનો તિરસ્કાર કરનારા છે-**' ન્યાય એમ છે. એ શુભ અને અશુભભાવ, શરીર અને કર્મ એ આત્માનો તિરસ્કાર કરનારા છે કેમકે આત્મામાં છે નહિ. આહા..હા..! એની રુચિ કરનારા આત્માનો તિરસ્કાર કરે છે.

**શ્રોતા :-** લાભદાયક માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાભ માને. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવી વાતું જરી આકરી પડે છે માણસને.

આ જીવ અધિકાર છે. જીવમાં, પુણ્ય અને પાપ એ જીવસ્વભાવમાં નથી. જીવનો પુણ્ય-પાપ સ્વભાવ માનવો અને એમાં હું છું એમ માનવું એ અપ્રતિબુદ્ધ મિથ્યાદૃષ્ટિ છે, ચાહે તો દિગંબર મુનિ હોય અને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય. આહા..હા..! અને જ્યાં સુધી આ બુદ્ધિ રહેશે ત્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે. આહા..હા..! એનો ઉત્તર છે. કહો, ભગવાનજીભાઈ! આ પૈસા-બૈસા શેમાં આવ્યા? નોકર્મમાં. છોકરા શેમાં આવ્યા? નોકર્મમાં. હસમુખ નોકર્મમાં આવ્યો?

પુણ્ય અને પાપના ભાવ એ ભાવકર્મ, કર્મ જડ જ્ઞાનાવરણીય એ અચેતન સીધા જડ અને નોકર્મ સ્ત્રી-પુરુષ, આ વાણી, મન એ બધું બહારનું નોકર્મ—ત્રણેને અહીંયાં પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. કેમકે આત્મામાં રહેતા નથી અને રહે તો સિદ્ધપદ કદી થાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ કામ આકરું ભાઈ દુનિયાને. બહારમાં નવરો થાય તો થોડું કાંઈક કરે, પાંચ-પચ્ચીસ હજાર ખર્ચે, આમ કરે ને તે કરે, દયા પાળે. દયામંડળીના શું કહેવાય? મોટા મોઢા આગળ થાય પ્રમુખ. દયા મંડળીના પ્રમુખ. પણ શું થયું એમાં? ધૂળ તારી દયા. એ તો શુભભાવ છે. એ શુભભાવથી મને લાભ થશે, જે શુભભાવ તિરસ્કાર કરનારો છે આત્મામાં, એનાથી લાભ થશે એ મિથ્યાદૃષ્ટિ છે. આ તો દાંડી પીટીને કહેવાય છે. આ કાંઈ (ગુપ્ત નથી). આહા..હા..! ભાઈ! જિનરાજ જિનેન્દ્રદેવ એનો કહેલો ધર્મ અલૌકિક ચીજ છે. એવી ચીજ ક્યાંય બીજે છે નહિ, પણ એમાં જન્મ્યો એને પણ ખબર નથી. આહા..હા..!

કહે છે કે '**નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ કે જેઓ પુદ્‌ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે**' આહા..હા..! એ શુભભાવ એ આત્માનો અનાદર કરનારા છે. શુભભાવનો સત્કાર કરીશ તો ભગવાનનો અનાદર થશે. શુભભાવનો સત્કાર-સ્વીકાર કરીશ તો આત્માનો અનાદર થશે. આહા..હા..! કહો, બરાબર છે? કમલેશભાઈ, આ

સુભાષભાઈ, આ ભાનુભાઈ સાથે બેઠા છે. ચારેય છોકરાને રસ છે. આ તો રસ લેવા જેવી ચીજ છે. મનુષ્યદેહ ચાલ્યો જશે ફૂ થઈને. આહા..હા..! કોઈ સાથે આવવાનું નથી ન્યાં.

અહીં તો કહે છે કે રાગ પણ ક્રમે-ક્રમે ઉત્પન્ન થાય છે, એ આત્માની સાથે રહેનારા નથી. કેમકે રાગ એ અચેતન સ્વભાવભાવ છે અને ભગવાન આત્માનો ચૈતન્યસ્વભાવભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તિરસ્કાર કરનારા છે. આહા..હા..! શરીરનો પ્રેમ કરીશ તો ભગવાનનો અનાદર થશે. દયા, દાનના પરિણામનો આદર કરીશ તો ભગવાન આત્માનો અનાદર થશે. સ્ત્રી, કુટુંબ, પરિવાર બાહ્ય નોકર્મ છે, વાણી છે એમાં પ્રેમ કરીશ તો આત્માનો અનાદર થશે. આહા..હા..! આમ ભગવાન જિનેન્દ્રનો અભિપ્રાય છે. આહા..હા..!

'**તેમનામાં આ હું છું...**' છે? પહેલી તો એની વ્યાખ્યા કરી કે પુણ્ય અને પાપના ભાવ, જડકર્મ અને શરીર, વાણી નોકર્મ એ આત્માના.. એ પહેલાં કહ્યું એ ત્રણે પુદ્ગલના પરિણામ, એક વાત. બીજી વાત, એ આત્માનો તિરસ્કાર કરનારા છે, બે વાત. ત્રીજી એમાં હું છું, જે આત્માનો તિરસ્કાર કરનારા છે, પુદ્ગલપરિણામ છે એ આત્મા એમ માને કે 'આ હું છું' એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ગાથા તો બહુ સરસ છે. આહા..હા..!

**શ્રોતા :-** ગાથા પણ સરસ છે અને શ્રોતા પણ સરસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિના સમજાય નહિ. આ તો ૧૮મી વાર ચાલે છે. સભામાં સમયસાર ૧૮મી વાર ચાલે છે. ૧૭ વાર તો ગાથા-ટીકા બધું ચાલી ગયું છે. સમજાણું કાંઈ?

'**આ હું છું..**' અસ્તિત્વ બતાવ્યું. પુણ્ય-પાપના પરિણામ છે, છે. '**આ હું છું...**' એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અસ્તિત્વ છે, આત્માની અસ્તિ-સત્તા છે, એમ પુણ્ય-પાપ કર્મ અને નોકર્મ આદિ અસ્તિ છે. એ અસ્તિમાં હું છું... આહા..હા..! '**એમ અને આત્મામાં આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ,...**' હું એ છું અને એ વસ્તુ મારામાં છે. '**આત્મામાં આ કર્મ-મોહ આદિ અંતરંગ...**' રાગાદિ પરિણામ '**નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્ગલ-પરિણામ છે એમ વસ્તુના અભેદથી...**' એ પ્રકારે વસ્તુને એક માનવાથી '**જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અનુભૂતિ તો અજ્ઞાનીને પણ થતી લાગે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભવવું, ભોગવવું, અનુભવવું .. અનુભૂતિ તો જડને અનુભૂતિ કહે છે શાસ્ત્ર. અનુભવવું એટલે થવું. જડનું અનુભવવું એમ કહે છે શાસ્ત્રમાં તો. બે પરમાણુ ચાર પરમાણુ થાય ત્યારે ચાર પરમાણુ અનુભવે છે. અનુભવવું એટલે થવું. આહા..હા..! એ પહેલાં આવી ગયું છે આપણે બીજી ગાથામાં. આહા..હા..! શું કહ્યું?

આત્મા જે જ્ઞાયકભાવથી ભરેલો જ્ઞાતાદૃષ્ટા ચૈતન્યચમત્કાર વસ્તુ છે એ, પુણ્ય અને પાપ પુદ્ગલના પરિણામ છે, કર્મ અને શરીર તો છે જ, પણ શુભ અને અશુભભાવ પુદ્ગલના પરિણામ છે. કેમકે ચૈતન્ય જે જ્ઞાયકભાવ છે એના પરિણામ રાગ ન હોઈ શકે. જ્ઞાયકભાવ છે એના પરિણામ ચૈતન્યપરિણામ હોઈ શકે. સમજાણું કાંઈ? આહા..હા..! કોઈ પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ પુદ્ગલના પરિણામ, આત્માનો તિરસ્કાર કરનારા, એમાં હું છું અને એ મારામાં છે. એ આ બીજો બોલ.

**'અને આત્મામાં આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી...'** આહા..હા..! આત્માનો અનાદર કરનાર છે. **'પુદ્ગલ-પરિણામ છે...'** એ હું છું અને એ મારામાં છે. આહા..હા..! **'એમ વસ્તુના અભેદથી...'** જુઓ, એ પુણ્ય-પાપ પણ એક વસ્તુ થઈ અને ભગવાન ચૈનત્યચમત્કાર જ્ઞાયકભાવ એ એક વસ્તુ. એ બે વસ્તુમાં અભેદબુદ્ધિ **'જ્યાં સુધી અનુભૂતિ છે...'** બેને એક જાણે છે **'ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...'** ચાહે તો શાસ્ત્ર ભણ્યો હોય લાખ-કરોડ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત છે.

એની દૃષ્ટિમાં જ્યાં સુધી ચૈતન્ય જ્ઞાયકભાવ છે એ રાગથી, શરીરથી, કર્મથી ભિન્ન છે એવી એકતાબુદ્ધિ આત્મા સાથે ન હોય ત્યાં સુધી રાગ સાથે એકતાબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, એ અપ્રતિબુદ્ધ છે. હવે આમાં કહે છે કાંઈક મોળું મૂકો, છૂટછાટ કરો. શું છૂટછાટ કરે? કાંઈક છૂટછાટ મૂકો કે થોડો રાગથી લાભ થાય અને રાગથી લાભ ન થાય એમ બે સ્યાદ્વાદ કરો. પંડિતજી! એમ કહે છે. એ અમારે હિંમતભાઈ લાવ્યા હતા. ત્યાં ઓલા છે ને પુનમચંદ ઘાસીલાલ, મુંબઈ છે ને? એ કહેતા હતા કે કાનજીસ્વામી આમ બહુ આવું કહે છે. એ કરતાં થોડું ઢીલું મૂકે ને અમે કાંઈક ઢીલું મૂકીએ તો આપણે એક થઈ જઈએ. આહા..હા..! પણ આ ભગવાન કહે છે એમાં ઢીલા મૂકવાનો પ્રશ્ન ક્યાં છે? ત્રિલોકના નાથ કહે છે એ સંતો કહે છે. આહા..હા..!

ભગવાન! તું તો ચૈતન્યચમત્કારી વસ્તુ છે ને પ્રભુ! તારામાં તો ચૈતન્યની ચમત્કારી ઈશ્વરતા ભરી છે. એવા આત્માને શુભ—દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ દાન, દયા, પૂજા આદિ એ પરિણામ મારા છે અને એનાથી મને લાભ થશે, અજ્ઞાન મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ છે, એ જૈન નથી.

**શ્રોતા :-** જૈન મિથ્યાદૃષ્ટિ કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૈન જ નથી એ. જૈન મિથ્યાદૃષ્ટિ હોય નહિ. જૈન સમ્યગ્દૃષ્ટિ હોય. આહા..હા..! કહો, પોપટભાઈ! આ તો પૈસા ને બંગલા ક્યાંય રહી ગયા. આહા..હા..! ભગવાન! તું તો ચૈતન્યચમત્કારના મહિમાથી ભરેલો છે. રાગના, દયા, દાનના વિકલ્પથી ખાલી છે તું, ખાલી છે. અભાવ કહો કે ખાલી કહો. આહા..હા..! એ ખાલીમાં તું રાગવાળો

છો એમ માન તો મિથ્યાદૃષ્ટિ અબુધ છે, એને જૈનની દૃષ્ટિની ખબર નથી. આહા..હા..! જૈનધર્મ શું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

બહિરંગ. ભાષા છે ને જુઓ! એ પુણ્ય અને પાપના ભાવ એ બાહ્ય ચીજ છે. જેમ કર્મ અને શરીર બાહ્ય ચીજ છે, એમ અંતરાત્માના સ્વભાવથી શુભ-અશુભભાવ બાહ્ય ચીજ છે. તો બાહ્ય ચીજમાં હું છું અને એ બાહ્ય ચીજ મારામાં છે, બસ! એ બહિરાત્મા છે. બહિરાત્મા. જે ચીજ એનામાં નથી એને માનવી તે બહિરાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહિરાત્મા કહે છે ને? અંતરાત્મા. જે ચીજ પોતામાં નથી એને પોતાની નહિ માનવી અને પોતામાં છે એને પોતાની માનવી એ અંતરાત્મા છે અને પૂર્ણ દશા પોતાની પ્રગટ થવી એ પરમાત્મા છે. આ બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માની વ્યાખ્યા છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! નવા માણસને તો બહુ આકરુ લાગે. આવો માર્ગ! એટલું અહીં સુધી સમજ્યો હોય. જાત્રા કરો, કલ્યાણ થઈ જશે. કોની જાત્રા? બહારની કે અંદરની? તીર્થે જાવ, પણ ક્યુ તીર્થ? આત્મા કે બાહ્ય? ભગવાન આત્મા તીર્થરૂપે, દેવરૂપે પરમાનંદ સ્વભાવનો ગંજ છે એમાં જાત્રા કર, અંદર જા. એ ધર્મ છે. આહા..હા..! બહારની જાત્રામાં તો રાગની ક્રિયા છે. એ ક્રિયાથી મને લાભ થશે, જે તિરસ્કાર કરનારો ભાવ તેનાથી સ્વભાવને લાભ થશે એ માન્યતા અપ્રતિબુદ્ધ અજૈનની છે, એને જૈનપણાની ખબર નથી. આહા..હા..! શેઠ! આવી વાત છે. આહા..હા..!

‘**એમ વસ્તુના અભેદથી...**’ જુઓ, બેયને વસ્તુ કીધી. પુણ્ય-પાપના ભાવ એક વસ્તુ છે ને? અસ્તિ છે ને? અસ્તિ છે તો છે કે નહિ? છે, અને એક આત્મા ચૈતન્યચમત્કાર છે. આહા..હા..! આ શરીરની ક્રિયા થાય લ્યોને. સ્વાહા એમ. તો એ ક્રિયા મારાથી થઈ છે એમ માનનાર શરીરને આત્મા માને છે. આહા..હા..! વાત એવી છે. આ તો અધ્યાત્મ છે ને? ગંભીરતા છે. એનો ઉકેલ ઘણો સૂક્ષ્મ છે. આહા..હા..! પુદ્ગલપરિણામ. વ્રત, તપનો ભાવ છે અપવાસ કરવા, માસખમણ કરવા એ બધો વિકલ્પ છે, રાગ છે, શુભરાગ પુદ્ગલના ભાવ છે. આહા..હા..! માંગીલાલજી! આમ પુદ્ગલના પરિણામ રાગાદિ, અરે..! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ પુદ્ગલના પરિણામ છે.

**શ્રોતા :-** બધા વિકારને પુદ્ગલના પરિણામ કીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા વિકાર. આહા..હા..! જ્ઞાનજ્યોતિ ચૈતન્યચમત્કાર પ્રભુ એના પરિણામ-પર્યાય તો ચૈતન્યની જાતના હોવા જોઈએ, રાગની જાત એના પરિણામ નહિ. આહા..હા..!

‘**એમ..**’ એમ એટલે સમજાણું? જેમ ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં ઘડો છે એવી બેની અભેદબુદ્ધિ છે એ તો બરાબર છે, એમ આત્મામાં પુણ્ય અને પાપ છે અને પુણ્ય અને પાપ છે તે હું છું એ અભેદબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

સમજાણું કાંઈ? લ્યો! ત્યારે આ દયા પાળે, ભક્તિ કરે, વ્રત પાળે, અઠમ કરે અને અઠમને પારણે એક પોરસી ચડાવે એટલે પચ્ચીસ અપવાસનું પુણ્ય મળે. પુણ્ય ન કહે, ધર્મ કહે એ તો. અઠમ કરે. અઠમ સમજ્યા? ત્રણ અપવાસ. આઠ નહિ, ત્રણ. ત્રણ અપવાસ ઉપર એક પોરસી ચડાવે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય મળે. ધૂળેય નથી, સાંભળને! તારા અઠમ ઉપર માસખમણ શું છ માસ અપવાસ કરને, એ બધી રાગની ક્રિયા છે. આમ કરું એવો વિકલ્પ ઊઠે એ રાગની ક્રિયા છે. આહા..હા..! એ રાગના પરિણામને ભગવાન અહીંયાં પુદ્‌ગલ પરિણામ કહે છે, એ ચૈતન્યના પરિણામ નહિ. ચૈતન્યના પરિણામ તો નિર્મળ જ્ઞાન, દર્શન અને આનંદ એ ચૈતન્યના પરિણામ છે. આહા..હા..!

**'એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે, ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ...'** હવે સરળ દૃષ્ટાંત આપે છે. **'રૂપી દર્પણની...'** સ્વચ્છતા છે. દર્પણ-દર્પણ. પહેલાં ઘડાનું દૃષ્ટાંત આપ્યું, હવે દર્પણનું સવળામાં. **'જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...'** દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે અને જે અગ્નિ આદિ સામે છે એ સ્વચ્છતાની પર્યાય છે. અગ્નિ આદિ સામે પડી હોય એ અરિસામાં દેખાય એ અગ્નિ નથી, અરિસાની સ્વચ્છતાની પર્યાય છે. અગ્નિની પર્યાય અગ્નિમાં રહે છે. ઉષ્ણ ને આમ-આમ દેખાય અરિસામાં એ અરિસાની પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ...'** આકાર એટલે સ્વરૂપ **'અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે...'** ઉષ્ણ અને જ્વાળા છે ને બહાર? અગ્નિનીની આમ ઊંચી-નીચી જ્વાળા (દેખાય) એ એની છે અને એમાં પ્રતિબિંબ દેખાય છે એ તો અરિસાની સ્વચ્છતાની પર્યાય છે, એ અહીં અગ્નિની પર્યાય નથી. સમજાય છે કાંઈ? **'જેમ રૂપી દર્પણ...'** પછી એની સાથે અરૂપીને મેળવશે. **'રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ...'** છે. એમાં જે અગ્નિની જ્વાળા દેખાય છે એ અગ્નિ નથી ત્યાં અંદર, એ તો સ્વ-પરનો પ્રતિભાસ અગ્નિની પર્યાયરૂપે અહીં સ્વચ્છતાનો ભાસ થયો એ અરિસાની અવસ્થા છે, અગ્નિની નહિ. આ દૃષ્ટાંતથી સિદ્ધાંત લેશે. **'અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે તેવી રીતે...'** છે? બે કહ્યા. રૂપી દર્પણની સ્વચ્છતા જ સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી છે. **'અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે...'** બહાર.

**'તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા જ છે...'** શું કહે છે? આહા..હા..! રાગ પુણ્ય-પાપનો, દયા-દાનનો વિકલ્પ એનું જ્ઞેયાકારે જ્ઞાન થવું એ તો જ્ઞાનની પર્યાય છે, એ રાગની નહિ. આહા..હા..! જેમ અગ્નિની પર્યાય અગ્નિમાં રહી પણ આ અરિસામાં જે છે એ અગ્નિની પર્યાય નથી, એ તો અરિસાની સ્વચ્છતાની આકૃતિની

પર્યાય છે. આહા..હા..! એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપમાં જ્ઞ-સ્વનું જ્ઞાન કરે છે અને દયા, દાનના વિકલ્પ ઊઠે એનું જ્ઞાન થાય છે. એ પરનું જ્ઞાન થાય એ પોતાની પર્યાયમાં થાય છે, પરથી નહિ અને પરમાં નહિ. સમજાણું કાંઈ?

દર્પણની પેઠે. પેઠે કહે ને? સમાન. અરૂપી આત્મા. (દષ્ટાંતમાં) રૂપી. દર્પણ રૂપી એમાં સ્વની સ્વચ્છતાનું ભાન અને અગ્નિ આદિનું ભાન, પણ એ અગ્નિ નહિ એ તો સ્વચ્છતાના જ પરિણામ છે; એમ આત્મામાં જ્ઞાનના સ્વભાવમાં રાગનું જ્ઞાન, પોતાનું જ્ઞાન, એ રાગરૂપે જ્ઞેયાકાર થાય એ જ્ઞાનના આકારે પરિણતિ છે, એ રાગની પરિણતિ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! વ્રત, તપનો વિકલ્પ, દાન, દયાનો વિકલ્પ એ વિકલ્પનું જ્ઞાન થવું જ્ઞાનમાં એ તો જ્ઞાનની પરિણતિનો પોતાનો સ્વભાવ છે. રાગનું જ્ઞાન થવું અને સ્વનું જ્ઞાન થવું એ જ્ઞાનની પરિણતિનો સ્વતઃ સ્વભાવ છે. રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ નથી. રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ નથી. જ્ઞાન છે તો સ્વપરપ્રકાશકની આકૃતિ પોતામાં થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ દર્પણમાં અગ્નિ દેખાય છે. આમ જ્વાળા ઊંચી-નીચી થાય ને? એ અગ્નિ છે તો એ પર્યાય છે એમ નથી. અગ્નિની તો નહિ, પણ અગ્નિ છે તો આમ-આમ અવસ્થા થાય છે એમ પણ નહિ. સમજાણું કાંઈ? એ તો સ્વ-પરનો ભાસ થવો એ તો અરિસાનો સ્વચ્છતા સ્વભાવ છે. એમ ભગવાન અરિસો-ચૈતન્ય અરિસો એ પોતાના જ્ઞાનને જાણે અને રાગાદિને જાણે એ રાગ છે તો જાણે એમ પણ નહિ. એક સમયની પર્યાય રાગની જ્ઞેયાકારરૂપ પરિણતિ થઈ અને જ્ઞાનાકારરૂપ થઈ એ પોતાથી થઈ છે, પોતામાં થઈ છે, પોતાથી થઈ છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

અરિસો છે અને સામે બરફ હોય, અગ્નિ હોય તો બરફ ઓગળે છે આમ. અગ્નિની જ્વાળા થાય એમ અરિસામાં દેખાય એ અરિસાની અવસ્થા છે કે એની અવસ્થા છે એ? અને અરિસાની અવસ્થા બરફ છે તો થઈ છે કે પોતાથી થઈ છે? પોતાથી થઈ છે, પરથી નહિ. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા એમાં રાગ, દયા, દાન, વિકલ્પ છે એનું જ્ઞાન થાય છે એ પોતાનું જ્ઞાન છે, રાગનું નહિ અને રાગથી નહિ. આહા..હા..! આવી વાત. સહજ સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

**'અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે...'** રાગને જાણવું અને પોતાને જાણવું એ જ્ઞાતૃતા પોતાની છે, પોતાથી છે, રાગથી નહિ અને રાગની નહિ અને રાગ છે તો જ્ઞાતૃતા છે એમ પણ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવી ચીજ તો જુઓ! ઓહોહો..! આચાર્યે કેટલી મીઠી મધુરી ભાષાથી ભિન્ન પાડી દીધું. તું કર ત્યારે તારું કલ્યાણ થશે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**'જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...'**

શું કહ્યું? એ રૂપી દર્પણની સ્વચ્છતા જ સ્વ અને પરનો પ્રતિભાસ કરવાની શક્તિ એની છે, એમ જ્ઞાતાની પર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે અને વ્યવહારરત્નત્રયનું જ્ઞાન થાય છે એ સ્વ-પરનું પરિણમન થવું એ પોતાની શક્તિ છે. એ રાગને કારણે નહિ, રાગથી નહિ અને રાગમાં નહિ. આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, આવ્યું ને? એનું સ્પષ્ટીકરણ છે. બારમી ગાથામાં આવ્યું. 'तदात्वे' જાણેલો પ્રયોજનવાન છે. એના જ્ઞાનની પર્યાય પોતાને જાણે છે અને રાગને જાણે છે. રાગને જાણે તો રાગ છે તો જાણે છે એમ નથી. પોતાની પર્યાય જ એવી સ્વપરપ્રકાશક પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવું ભારે. હવે આ વાણિયાને વેપાર કરવો કે આવો નિર્ણય કરવા રહેવું? બાયડી-છોકરા (ક્યારે સાચવવા)? ધૂળમાંય વેપાર કરતો નથી, રાગ અને દ્વેષ કરે છે. બીજું શું કરે છે ધૂળ? ત્યાં કરે શું? રાગ અને દ્વેષ. આહા..હા..! શું કાંઈ વેપાર કરી શકે છે પરની ક્રિયાનો? એ તો જડ છે. આહા..હા..!

ઘટનું દૃષ્ટાંત આપીને દર્પણનું આપ્યું. ઘડાના દૃષ્ટાંતમાં તો ઘડાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં જેમ ઘડો છે અને ઘડામાં જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે; એમ પુણ્ય અને પાપ ને શરીર, વાણી, મન એમાં હું છે અને એ મારામાં છે એ અજ્ઞાન છે. હવે દર્પણના દૃષ્ટાંતમાં કહ્યું કે દર્પણમાં જે જ્ઞાતૃત્વ સ્વચ્છતા છે તે પોતાની સ્વપરની સ્વચ્છતાનો પ્રતિભાસ છે, સામે અગ્નિનો પ્રતિભાસ નથી. સમજાણું કાંઈ?

**'આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા જ છે...'** કેમકે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક પોતાથી છે, સ્વપરપ્રકાશક પોતાથી છે, પર છે તો પરપ્રકાશક છે એમ છે નહિ. આહા..હા..! કેવળજ્ઞાનીને લોકાલોક છે તો લોકાલોકના જ્ઞાનની પરિણતિ થાય છે એમ નથી. આહા..હા..! જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય એની પરિણતિમાં એવો જ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રશ્ન ઊઠ્યો હતો ઘણો (સંવત) ૧૯૮૩ની સાલમાં. ૮૦ અને ૩ કેટલા થયા? ૪૯. ઘણાં પ્રશ્ન ઊઠ્યા હતા સંપ્રદાયમાં. એક શેઠ હતા તે કહે, આ લોકાલોક છે તો અહીં જ્ઞાનની પર્યાય જ્ઞાનની થાય છે. વિરજીભાઈ સાથે ચર્ચા થતી હતી. વિરજીભાઈ હતા ને? એ ઉપર હતા, હું નીચે હતો. ૮૩ની વાત છે. નીચે આવ્યા. આમ કહે છે. બિલકુલ જૂઠ છે. લોકાલોક છે તો જ્ઞાનની પરિણતિ થાય છે એમ છે નહિ. પંડિતજી! આહા..હા..! એ તો પોતાની પર્યાય પોતાથી છે. સ્વપરનો પ્રતિભાસ થવો એ તો પોતાની પર્યાયનું સામર્થ્ય છે. પર છે તો પરને પ્રકાશે છે એમ છે નહિ. આહા..હા..! અને કર્મ અને નોકર્મ પુદ્ગલના છે. આમ ભાસે છે રાગ અને કર્મ એ તો એના છે.

**'એમ પોતાથી જ...'** પોતાથી જાણે **'અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...'** પર ઉપદેશથી પણ જેનું મૂળ ભેદવિજ્ઞાન છે. રાગથી ભેદ કરવો એ પોતાથી જાણે કે આ પરથી પણ રાગથી ભેદ કરવો એ ભેદવિજ્ઞાન છે. **'એવી અનુભૂતિ ઉત્પન્ન થશે**

ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.' એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**પોષ વદ-0)), શનિવાર, તા. ૩૧-૦૧-૧૯૭૬,**
**ગાથા-૧૯ થી ૨૨, શ્લોક-૨૧,**
**પ્રવચન નં. ૬૨**

૧૯ ગાથાનો ભાવાર્થ, સમયસાર.

'**ભાવાર્થ :- જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે,...**' સમજાણું? આ ઘટનો દાખલો આપ્યો છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ પુદ્ગલના. એમાં ઘટ છે અને ઘટમાં એ પુદ્ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એ બેની એક્તા છે, એ અનુભૂતી થાય છે. '**તેમ જ્યાં સુધી આત્માને, કર્મ...**' જડકર્મ અને પુણ્ય-પાપના વિકલ્પનો અંતરંગ રાગ અને '**નોકર્મ...**' શરીર, વાણી '**આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે...**' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાયક, એને રાગમાં ભ્રાંતિ થાય છે કે આ રાગ હું છું અને એ રાગ મારામાં છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ ભ્રાંતિમાં પડ્યો છે. સમજાણું કાંઈ? આ લોકો કહે છે કે વ્યવહાર રાગ કરતાં-કરતાં આત્માની નિશ્ચય અનુભૂતિ થાય. ભાઈ! એ વાત નથી એમ. રાગનો વિકલ્પ પણ.. પ્રભુ તો નિર્વિકલ્પ આનંદકંદ છે. આત્મા તો જ્ઞાયકભાવ શુદ્ધ પવિત્ર આનંદઘન છે. એને રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, શુભભાવ. શુભભાવ તો એકેન્દ્રિયને પણ હોય છે નિગોદમાં. એ રાગ અને આત્મા એક, આત્મા તે રાગ છે અને રાગ તે આત્માનો છે, આહા..હા..! એવી જ્યાં સુધી ભ્રાંતિ છે તે ભ્રમ છે. આહા..હા..!

'**બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે;...**' અજ્ઞાની છે. બહુ સૂક્ષ્મ વાત છે. આત્મા જ્ઞાનરસનો કંદ છે. એમાં પુણ્ય અને પાપના ભાવ એ સ્વરૂપમાં નથી. એ પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ એ મારા છે અને મારામાં છે એવી માન્યતા તે મિથ્યાભ્રાંતિ છે. આહા..હા..! ટીકામાં તો આવી ગયું છે ને? તિરસ્કાર કરનારા. શુભભાવ એ સ્વરૂપનું અનાદર કરનારા છે, તિરસ્કાર કરનારા છે અને તે તિરસ્કારણીય છે. એવા દયા, દાન, વ્રત, આદિ શુભભાવ એ આત્મસત્તામાં એ શુભરાગની સત્તા છે અને શુભરાગની સત્તામાં આત્માની

સત્તા છે એ માન્યતા ભ્રમ અને અજ્ઞાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે;...**' મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો એ જૈનનો દિગંબર સાધુ હોય, બાહ્યથી અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પણ એ રાગ છે તે હું છું અથવા રાગ છે તે મને લાભદાયક છે, લાભદાયક માન્યો એનો અર્થ કે મારા છે. સમજાય છે કાંઈ? જેનાથી લાભ માન્યો એ ચીજ પોતાની છે એમ માન્યું એણે. આહા..હા..! અને હું એ રાગ છું, રાગ તે મારામાં છે. એવી અંતરમાં એકતાબુદ્ધિની અનુભૂતિ (તે) ભ્રમ છે. આહા..હા..! ત્યાં સુધી અપ્રતિબુદ્ધ છે. એટલે કે... અપ્રતિબુદ્ધ કીધું ને? અપ્રતિબુદ્ધ છે. આહા..હા..!

'**અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે...**' જાણનાર ચીજ આત્મા છે. જણાય છે-જાણે છે તે આત્મા છે '**અને કર્મ-નોકર્મ...**' રાગાદિ, પરના લક્ષથી ઉત્પન્ન થયેલાં રાગ, કર્મ અને શરીર, વાણી એ પુદ્‌ગલનાં જ છે, મારા નહિ. આહા..હા..! હવે આ પૈસા ને બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા. આ પૈસા મારા અને આ વેપાર-ધંધો મારો. કહો, પોપટભાઈ! લાદીનો ધંધો થાણામાં મારો, એમ કહે છે. આહા..હા..! એ તો બધા પુદ્‌ગલની પર્યાયની જાત છે. અહીંયાં તો દયા, દાનના વિકલ્પ ઊઠે એ પુદ્‌ગલની પરિણામની જાત છે. આહા..હા..! એ ચૈતન્યની જ્ઞાયક સત્તામાં—જ્ઞાયક હોવાપણામાં એ રાગની સત્તા એમાં નથી અને રાગની સત્તામાં ભગવાન જ્ઞાયકની સત્તા નથી. આહા..હા..! એમ શરીરની સત્તામાં-હોવામાં આત્માની સત્તા નથી અને આત્માના હોવાપણામાં શરીરની સત્તા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાનની ભક્તિ થાય, વ્રત, તપનો વિકલ્પ આવે અપવાસ કરું ને આ કરું, વ્રત પાળું, બ્રહ્મચર્યનો એવો શુભરાગ, આહા..હા..! એ રાગની સત્તા ચૈતન્યમાં નથી અને રાગની સત્તામાં ચેતન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું જ્યાં સુધી ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી તે અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. આહા..હા..! આવી વાત છે, લ્યો!

'**આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્‌ગલનાં જ છે, ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય...**' અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય '**ત્યાં એમ જણાય છે કે જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી,...**' આહા..હા..! '**અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે;...**' એમાં જે અગ્નિની જ્વાળા આમ દેખાય છે એ અગ્નિની નથી. એ અગ્નિથી નથી, અગ્નિની નથી. આહા..હા..! એ તો અરીસાની સ્વચ્છતાની દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરીસાની સ્વચ્છતાનો સ્વભાવ જ એવો છે કે પોતાની સ્વચ્છતા બતાવે અને સામે ચીજ છે એનો પ્રતિભાસ આમાં થાય એને એ બતાવે. એ સામી ચીજ આમાં નથી અને

સામી ચીજને લઈને અહીંયાં જ્વાળા દેખાય છે એમ નથી. એ તો અરીસાની સ્વચ્છતાને લઈને જ્વાળા દેખાય છે. એ જ્વાળા નથી, એ તો અરીસાની સ્વચ્છતા છે. આહા..હા..!

'**જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી. અરીસામાં દેખાઈ રહી છે...**' અરીસામાં દેખાઈ રહી છે '**તે અરીસાની સ્વચ્છતા જ છે;...**' આહા..હા..! સામે બરફ હોય એ ઓગળતો જાય એમ દેખાય અંદર, એ બરફને લઈને નથી, બરફ ત્યાં નથી, ત્યાં તો એ અરીસાની સ્વચ્છતા છે, સ્વચ્છતાનું અસ્તિત્વ છે, ત્યાં અગ્નિ અને બરફનું અસ્તિત્વ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરી વાત. લોકો ક્યાંક લગાવી દે. આત્મધર્મ વાંચીને કેટલા ખુશી થયા. આ હમણાંનું આવ્યું ને આજે દિવાળી પછીનું. ભવ્યસાગર મોટા સાધુ થઈ ગયા. ... ઓહોહો..! 'હે ભવ્યસાગર!' પોતે લખ્યું છે હોં! 'શું આ તું નહિ સમજી શકે?' એમ લખે છે. જરૂર સમજી શકે એમ લખેલું છે. આહા..હા..! આ ન સમજે એવી ચીજ ક્યાં છે! આહા..હા..! આત્મધર્મના ગ્રાહક બનાવ્યા છે. પાંચસો બનાવી નાખ્યા. નવા પાંચસો ગ્રાહક. એય.. જીતુ! એ અહીંયાં જીતુનો ... કર્ણાટકમાં કાંઈક બીજી ભાષા છે, નહિ? કર્ણાટકની ભાષા હશે? બીજી. એમાં લખ્યું છે કે અમને ... એણે મને ગુજરાતીમાં વંચાવ્યું. આવી વાત ક્યાં છે?

જેની સત્તામાં આનંદ અને જ્ઞાન ભર્યું છે, જેના હોવાપણામાં જ્ઞાન અને આનંદ છે, એ રાગનું જે જ્ઞાન થાય એ જ્ઞાન એની સત્તામાં છે, રાગ એની સત્તામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ અગ્નિની સત્તા અગ્નિમાં છે, અરીસામાં અગ્નિની સત્તા નથી. જે દેખાય છે એ તો અરિસાની સ્વચ્છતાની અવસ્થા છે. આહા..હા..! એમ ભગવાન આત્મા જ્ઞાયક જ્યોતિ ચૈતન્ય અરીસો, એમાં શુભ-અશુભભાવની વૃત્તિઓ જે છે એનો પ્રતિભાસ-જ્ઞાન થાય એ જ્ઞાનનું અસ્તિત્વ તો પોતામાં છે. એ જ્ઞાનના અસ્તિત્વમાં એ જણાય અને આત્મા જણાય એ પરને લઈને એનું અસ્તિત્વ છે નહિ અને એ રાગ છે માટે એ રાગનું અહીં જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણો માર્ગ એવો બતાવ્યો છે કે સંપ્રદાયમાં માણસો નવા આવે એને એવું લાગે આ શું કહે છે? આવો ધર્મ! બાપા! ધર્મ એ છે. જિનેશ્વરમાર્ગ, બાપા!

ચૈતન્યબિંબ પડ્યું છે ને અંદર. આહા..! જેમાં સામી ચીજ છે તે ક્ષણે તે પ્રકારના જ્ઞાનરૂપે પરિણમવું, તેનું જાણવું અને પરિણમવું એ તો એનો પર્યાયનો તે ક્ષણનો તે ધર્મ છે. આહા..હા..! એ રાગ દેખાય છે માટે રાગને જાણ્યો છે એમ નથી. આહા..હા..! રાગ સંબંધીની પોતાની જ્ઞાનની પરિણતિને જાણી છે. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! કહો, પ્રેમચંદભાઈ! ઓલા કહે, ભક્તિ કરો દેવની અને ગુરુની. એમાંથી મળશે. અહીં તો કહે છે, ભક્તિનો જે રાગ ઊઠે.. આહા..હા..! અહીં તો રાગ જે થાય એ સમયનું જ્ઞાન સ્વને-પરને પરિણમે એવી પર્યાયની તાકાતથી તે રાગને જાણી રહ્યું છે અને રાગને જાણી રહ્યું

એ પણ વ્યવહાર કહેવાય. રાગ સંબંધીનું જ્ઞાન અને પોતા સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનને જાણી રહ્યું છે. આહા..હા..! મૂળ પહેલી આ દશા સમજાય નહિ એને પછી ચારિત્ર અને વ્રત ક્યાંથી આવે? મૂળ એકડા ન મળે અને પછી માથે મીંડા ચડાવવા. મીંડાના મીંડા-શૂન્ય. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયક હોવાપણાનો ભાવસ્વભાવ એમાં રાગાદિ દયા વ્યવહારરત્નત્રયનો જે રાગ કહેવાય, એ રાગને પણ તે કાળે જ્ઞાનમાં તે સંબંધીનું પોતાનું જ્ઞાન પરિણમે છે એ જ્ઞેયાકારે પરિણમે એમ કહેવું એ વ્યવહાર છે, પણ જ્ઞેયાકારનું જે પરિણમન એ જ્ઞાનાકારે થયેલું છે. આહા..હા..! ભાષા તે પણ! સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તળિયે તળમાં જાય તો આ પત્તો ખાય એવું છે કહે છે. આહા..હા..! લોકોને એવું લાગે કે આ તો નિશ્ચયાભાસ છે, એમ કહે છે. ભગવાન! એની સત્તાના સ્વભાવની, ભાઈ! તને ખબર નથી. ભગવાન આત્માની જ્ઞાન સત્તા—જ્ઞાનપણે હોવાપણું એમાં વ્યવહારના વિકલ્પો ઊઠે એ સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાનનું થવું તે કાળે જ્ઞાનની પરિણતિના સ્વભાવથી થાય છે. આહા..હા..! એ રાગને લઈને વ્યવહાર રાગ છે માટે તે પરિણતિ ઊભી છે? એ વખતે સ્વપરને જાણવાની પરિણતિ પોતાથી અસ્તિત્વ થઈને ઊભી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ વાત ન બેસે તો શું થાય! આહા..હા..! છે?

'**તે પ્રમાણે કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...**' એટલે રાગ અને પુણ્ય-પાપનો વિકલ્પ એ આત્મામાં નથી પેઠો. '**આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે...**' આહા..હા..! ભગવાન આત્માનો ચૈતન્યપ્રકાશ એવો છે '**કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...**' પ્રતિબિંબ કેમ કહ્યું? કે જ્ઞેય જે બિંબ છે એનું અહીં પ્રતિબિંબ જ્ઞાન પરિણમે છે. '**એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે-**' જ્ઞાનની પર્યાયમાં રાગનું જ્ઞેયપણું પ્રતિભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક સામર્થ્યવાળો છે. એ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશના દળવાળો છે. એથી રાગને કાળે રાગનું જે જ્ઞાન (થાય) એ રાગને લઈને નહિ પણ જ્ઞાનના સ્વપરપ્રકાશના બળને લઈને એ જ્ઞાન થયું છે.

હવે જ્યારે રાગનું જ્ઞાન રાગથી નથી એને રાગથી આ નિર્મળ દશા પ્રગટ થાય. આહા..હા..! વ્યવહાર સાધન. એમ કે કારણ અને આ કાર્ય. અરે.. બાપુ! શી રીતે થાય ભાઈ? એ કહ્યું છે તો બીજી રીતે કહ્યું છે. એ સાધનમાં જોડે બીજી ચીજ છે એમ આરોપ કરીને સાધન કહ્યું. વસ્તુ નથી. આહા..હા..!

કહે છે કે એ '**કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે...**' પ્રતિભાસે એટલે જેવો જે રાગ જેટલા પ્રકારનો, જેવા પ્રકારનો એવું જ અહીંયાં જ્ઞાન થાય. એ જ્ઞાનની પર્યાયના સામર્થ્યનો કાળ જ એટલો છે કે જે પ્રકારનો સામે રાગ હોય એવું જ્ઞાન થાય એ રાગને લઈને નહિ, પોતાની પરિણતિને લઈને એ છે. આહા..હા..! પોપટભાઈ! આવું છે ભારે ઝીણું. ઓહોહો..!

**શ્રોતા :-** સ્વતંત્રતાનો ઢંઢેરો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઢંઢેરો છે. આહા..હા..!

કહે છે કે રાગાદિ, કર્મ આદિ જ્ઞેય છે એ પ્રતિભાસે છે. '**એવો ભેદજ્ઞાનરૂપ આત્માને...**' આહા..હા..! અહીં તો કહે છે કે રાગની મંદતા વ્યવહાર છે એ નિશ્ચયને સાધે છે, વ્યવહારથી નિશ્ચય થાય છે, વ્યવહાર રાગ છે એનાથી નિરાગતા થાય છે, વ્યવહાર દુઃખ છે એનાથી સુખ થાય છે. આહા..હા..! એમ નથી, ભાઈ! ત્યાં તો રાગ આવે તેનું જ્ઞાન પણ રાગને લઈને નથી. આહા..હા..! તે તે સમયનો.. આવ્યું હતું ને ૧૨મી ગાથામાં? '**तदात्वे**' તે કાળે જાણેલો. અહીં એ સિદ્ધ કરે છે. તે કાળે તે પ્રકારનો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આવ્યો, આવ્યો હોં! આવ્યો કીધું કેમ? કે કર્યો એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં શું સમજાય માણસને. એય.. જાત્રા કરીએ ને આમ કરીએ. ધમાલ ચાલે છે ને હમણાં, સાતમનું મૂહર્ત છે ને. શનિવાર, ઓલા શનિવારે. ઘણા માણસ આવશે. ૫૦૦ મૂર્તિ સ્થાપવાના છે. ... કોણ લાવે, બાપા! આહા..હા..! એક ઠેકાણેથી મૂર્તિ બીજે લાવવી એ આત્માના અધિકારની વાત છે? એ રજકણની દશા ક્ષેત્રાંતર પોતાને કાળે થાય એને બીજો કહે કે હું આને કરું, ભાઈ! એ ભ્રમ છે, બાપુ! આહા..હા..!

આ તો એમાં રાગ આવ્યો ભક્તિનો, ભગવાનની પૂજાનો, દયાનો, વ્રતનો, અપવાસ કરું એવો વિકલ્પ ઊઠ્યો. અપવાસ તો અજ્ઞાનીને ક્યાં છે? રાગ ઊઠ્યો (તો) કહે છે કે તે જ કાળે તે જ પ્રકારના રાગનું જ્ઞાન, જેવો રાગ છે તે જ પ્રકારનું જ્ઞાન અહીં થાય અને તે જ પ્રકારનું થાય એમ કેમ? કે જ્ઞાન તો યથાર્થ છે ને? તો જેવું હોય એટલું થાય, પણ એથી રાગનું જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આવી વાતું બહુ ઝીણી. જૈન વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવનો આ પોકાર છે. ભાઈ! તારા જ્ઞાનના સામર્થ્યની પ્રતીતિ તને ખબર નથી. તારા જ્ઞાનની પર્યાયની સામર્થ્યતા તે જ કાળે તે જ પ્રકારનું જ્ઞાન થાય એટલે તને એમ થઈ જાય છે કે આ છે માટે થયું. રાગનું અસ્તિત્વ ભિન્ન છે અને જ્ઞાનની પરિણતિનું અસ્તિત્વ રાગથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની પરિણતિ પર્યાયનું અસ્તિત્વ છે ને? ત્રિકાળ જ્ઞાયક છે, પણ જ્ઞાનની પરિણતિ તે કાળે થઈ તેનું અસ્તિત્વ પોતાથી છે. એ રાગ છે તેવું જ જ્ઞાન થાય, પણ તેથી તે રાગના અસ્તિત્વથી તે અહીં જ્ઞાન થયું છે એમ નથી. આટલો ફેર આવો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞેય છે તે પ્રતિભાસે છે—એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ...**' એ પર્યાયમાં જે રાગનું જ્ઞાન છે એ મારું છે, રાગનું નહિ અને રાગને લઈને નહિ એમ ક્યારે થાય? એ રાગથી લક્ષ છોડીને સ્વના લક્ષમાં જાય ત્યારે એની પરિણતિમાં રાગનું ભેદજ્ઞાન થાય. આહા..હા..! આવી વાત છે. એક સાધુ હતો પહેલાં ભવ્યસાગરમાં, આદિસાગર હતા. એને આ વાત બેસી. ... એ કહેતા હતા બિચારા. .. છે ને? મહારાષ્ટ્રમાં છે. અહીં આવ્યા હતા ને? ..૯૦

વર્ષની ઉંમર, ૯૫. માર્ગ તો આ છે. એ તો ત્યાં સુધી કહેતા હતા બિચારા હોં! હિન્દુસ્તાનમાં તો આપ કહો છો તે પ્રકારે તો ભાવલિંગી સાધુ છે નહિ. એ સાધુ આવ્યા હતા. અહીંનો અભ્યાસ હતો. ત્યાં ઇન્દોરમાં .. ચોમાસુ હતું. એમાં પંડિત છે ને એક આપણો નેમિચંદજી. નહિ? ઇન્દોરવાળા. એણે એને સમજાવ્યા. વાત તો આ છે. તમે જે કહેવા માગો છો એ અપેક્ષાએ તો હિન્દુસ્તાનમાં ભાવલિંગી કોઈ સાધુ નથી. એ સાધુ પોતે કહેતા હતા. ત્યારે મેં કીધું, બાપુ! એવું મધ્યસ્થથી જોવા જઈએને તો દ્રવ્યલિંગ પણ ક્યાં છે! એને માટે આહાર કરીને લે, એ દ્રવ્યલિંગ પણ ક્યાં છે. સાચી વાત છે. ... શું લખવું એમ વિચારીને ... આહા..હા..! એને અહીં આવવાનો ભાવ છે. પાંચસો આત્મધર્મના ગ્રાહક થયા પછી આવીશ. પાંચસો ગ્રાહક કર્યા પછી. પાંચ ગ્રાહક બનાવ્યા છે. આ આત્મધર્મ આવું છે. આહા..હા..! અરે..! જીવને ... .. આહા..હા..!

અહીં તો કહે છે, ભાઈ! જે આ શરીરની ક્રિયા થાય ને એવી ... એ તો જ્ઞાનનું જ્ઞેય છે અને તે ક્રિયા જે થાય આમ અને એ વખતે શુભરાગ હોય તો એમાં ... એ બધું જ્ઞેયમાં જાય છે અને જેવી શરીરની ક્રિયા, વાણીની ક્રિયા અને રાગ (થાય) તેવું જ્ઞેયનું પ્રતિબિંબ અહીંયાં જ્ઞાનમાં આવે એ તો વ્યવહાર કહેવામાં આવે છે. બાકી તે જ સમયે તે જ્ઞાનની પર્યાય તે પ્રકારના જ્ઞેયને અને આ પ્રકારના જ્ઞાનને જાણે એવી પરિણતિ પોતાના કારણે અસ્તિત્વથી ઊભી થાય છે. આહા..હા..! તો એણે જ્ઞાયકની સત્તા અને જ્ઞાનની પરિણતિની સત્તા સ્વની આ સ્વીકારી ત્યારે કહેવાય. આહા..હા..! ત્યારે તેને રાગથી ભેદજ્ઞાન ઉત્પન્ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય...**' પણ થાય તો આ રીતે. થાય તો આ રીતે. છે ને? '**ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.**' આહા..હા..! આ વ્યવહાર ને નિમિત્તના અને ઉપાદાનના ઝઘડા. નિમિત્ત આવે તો ઉપાદાનમાં થાય, વ્યવહારથી નિશ્ચય થાય એ બધી એક જાત છે. આહા..હા..! ભાઈ! ઉપાદાનને કાળે સ્વપરપ્રકાશની પરિણતિ પોતાથી થાય છે. નિમિત્ત હો પણ નિમિત્તને લઈને નહિ અને નિમિત્તની સત્તા છે માટે એને જાણવાની જ્ઞાન પરિણતિ ઊભી થઈ એમ પણ નહિ. આહા..હા..! હવે આ ઝઘડા મોટા. એ ૧૯ ગાથાની ટીકા અને ભાવાર્થ થયા.

'**હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-**
**मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।**
**प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-**
**र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।**

જે કોઈ આત્મા 'स्वतः वा अन्यतः वा' '**પોતાથી જ...**' પોતાથી જ તેવું ભેદજ્ઞાન

પ્રગટ કરે. આહા..હા..! જ્ઞાયકસ્વભાવીની પરિણતિ રાગથી ભિન્ન મારી છે એમ પ્રગટ કરે એ સ્વના લક્ષે. રાગથી ભિન્ન પડતાં લક્ષ જાય છે દ્રવ્ય ઉપર. એ દ્રવ્ય ઉપર લક્ષ જતાં રાગથી ભિન્ન પડી જાય છે, ત્યારે તે પર્યાયમાં ભેદજ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરે.. ભાઈ! અનંત કાળ થયા ... આહા..હા..! જુઓને, એક બાઈ છે અત્યારે, નહિ? સવા વર્ષથી અસાધ્ય. પૈસા અબજો રૂપિયા ઘરે છે, અબજો. સવા વર્ષથી કાંઈ ભાન નથી. આવા અવતાર. એની વાત નથી, હોં! આવા અવતાર અનંતા કર્યા છે. આહા..હા..! ઈ જાણે કોણ કહેતું હતું? ભાઈ હીરાભાઈએ કહ્યું. નહિ? હીરાભાઈ એની છોકરી પોરબંદર.

**શ્રોતા** :- ડોક્ટર દસ્તુર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો કહેતા હતા. હમણાં કોક કહેતું હતું. એ તો દસ્તુરનો બાપ. એ છ વર્ષથી. ડોક્ટર મોટો સર્જન. એનો બાપ છ વર્ષ સુધી અસાધ્ય. આહા..હા..! હેમરેજમાં. છ વર્ષ સુધી કાંઈ ભાન મળે. આપે કંઈ. આહા..હા..! આહાર-પાણી. ભાઈ! એવા અવતાર અનંત કર્યા છે. એ તું ભૂલી ગયો છો. ભ્રમણામાં ભવના ભવ અનંતા કર્યા છે. આહા..હા..! એ ભ્રમણા ભાંગ્યે ભવના અંત આવે એવા છે. એ કેમ ભાંગે? એમ કહે છે કે સ્વથી સીધો ભગવાન જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડતાં રાગથી ભિન્ન પડી જાય છે. આવે છે ને સર્વવિશુદ્ધ અધિકારમાં? જુદાં પડી જાય છે એમ અમે જાણીએ છીએ. સર્વવિશુદ્ધમાં આવે છે. ૨૯૪, ૨૯૪ નહિ? ૨૯૪માં આવે છે. બીજો પેરેગ્રાફ છે.

‘**આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં** (અંતરંગની સંધિમાં) **પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી...**’ છે? ૨૯૪. ‘**તેમને છેદી શકાય છે અર્થાત્ જુદાં કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.**’ આહા..હા..! ૨૯૪ છે પાટણી? ‘**તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?**’ એનો ઉત્તર દીધો છે કે ‘**આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં** (અંતરંગની સંધિમાં)...’ ત્રડમાં. ‘**પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી** (-નાખવાથી, મારવાથી)...’ એટલે કે રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞા-પર્યાય દ્રવ્યમાં એકત્વ કરવાથી. આહા..હા..! ‘**તેમને છેદી શકાય છે...**’ સમજાણું કાંઈ? ‘**અર્થાત્ જુદાં કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.**’ આહા..હા..! છે ને?

એમ ‘**પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈ પણ પ્રકારે...**’ એટલે કે મહાપુરુષાર્થથી. ‘**भेदविज्ञानमूलाम्**’ ‘**ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી અવિચળ** (**નિશ્ચળ**) **પોતાના આત્માની અનુભૂતિને...**’ રાગનું લક્ષ છોડી અને સ્વદ્રવ્યના જ્ઞાયકના લક્ષે જાય છે, ત્યારે ભેદજ્ઞાન જેનું મૂળ એવી અનુભૂતિ ઉત્પન્ન થાય છે. આહા..હા..! ‘**ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી અવચિળ** (**નિશ્ચળ**) **પોતાના આત્માની અનુભૂતિને પામે છે,...**’ આહા..હા..! અનુભૂતિનો મૂળ ઉપાય ભેદજ્ઞાન. રાગ અને આત્માના ભિન્ન

લક્ષણો જાણીને રાગના લક્ષથી છોડીને પ્રજ્ઞાછીણી—જ્ઞાનની પરિણતિ બે વચ્ચે છેદી નાખવી. આહા..હા..! સમજાણું કાંઈ? **'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...'** એમ કેમ કહ્યું? કે કોઈ એમ કહે કે રાગની મંદતા ઘણી હોય તો ભેદજ્ઞાન થાય, તો અનુભૂતિ થાય એમ નથી. આહા..હા..! કષાયની મંદતા ઘણી કરતાં-કરતાં આ અનુભૂતિ થાય એમ નથી. અનુભૂતિનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી અવિચળ (નિશ્ચળ) પોતાના આત્માની અનુભૂતિને પામે છે,...'** અનુભૂતિનું મૂળ કારણ ભેદજ્ઞાન કહ્યું. ભગવાન આત્માનો અનુભવ એનું મૂળ કારણ ભેદજ્ઞાન કહ્યું. અનુભૂતિનું કારણ વ્યવહાર સાધને આ અનુભૂતિ થાય એમ નથી કહ્યું. કહો, શાંતિભાઈ! આહા..હા..! ભાઈ! આ તો ધીરાના કામ છે. પહેલાં વિકલ્પ દ્વારા પ્રતીતમાં લક્ષમાં તો લે કે અંતરનો અનુભવ તે ભેદવિજ્ઞાનને કારણે થાય છે. પરથી ભિન્ન પડવાને કારણે અનુભૂતિ થાય છે. જેનાથી જુદું પડવું છે એનાથી અનુભૂતિ થાય? શું કીધું સમજાણું? જેનાથી જુદું (પડવું છે અર્થાત્) રાગાદિની ક્રિયા ચાહે તો ગમે તે હો પંચમહાવ્રતાદિની પણ એનાથી તો જુદું પડવું છે. હવે જુદું પડવું એ જુદું અહીં સાધન થાય? એટલે કહે છે ને એ.. નિશ્ચયાભાસ છે. અરે..! ભગવાન બાપુ! તને ગાળ છે, હોં! એમ રહેવા દે, ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે, બાપુ! આહા..હા..! એમ કે સાધન રાગ .. એક કહેતો હતો, અશુભ ટાળીને પહેલું શુભ આવે અને પછી શુભ ટાળીને પછી શુદ્ધ થાય. માટે એ માર્ગ છે રસ્તાનો. પણ ઘણાં માણસ ... ... શ્વેતાંબરમાં એ જ માને છે. આહા..હા..!

અહીં કહે છે, બાપુ! વસ્તુનું સ્વરૂપ એમ નથી. આત્માનું આનંદસ્વરૂપ ને જ્ઞાયકસ્વરૂપને અનુસરીને અનુભૂતિ-અનુભવ (થવો) એનું મૂળ ઉત્પત્તિકારણ તો ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? ઓહો..! ઘણું ગંભીર કર્યું છે ને. એ રાગની મંદતા એમ કે શુભોપયોગ છેલ્લો હોય છે ને? એમાંથી થયું માટે શુભોપયોગ ત્યાં એટલું સાધન થયું. અશુભોપયોગ હોય ને ભેદજ્ઞાન થાય? એમ કહે છે કેટલાક. છેલ્લો તો શુભોપયોગ હોય ત્યાંથી જુદું પડવું હોય ને, એટલે શુભોપયોગે એટલી મદદ કરી. અશુભોપયોગથી ભેદજ્ઞાન ન થાય. એમ પણ નથી, ભાઈ! આહા..હા..! એ શુભરાગને કાળે રાગથી અનુભૂતીનું ભેદજ્ઞાન કારણ થાય તો (અનુભૂતિ) થાય. રાગને લઈને થાય એમ નથી, ભાઈ! વસ્તુની સ્થિતિ એમ નથી. આહા..હા..!

**'भेदविज्ञानमूलाम्'** એમ લખ્યું છે ને? **'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...'** અનુભૂતિમાં બે કારણ આવ્યા? એમ કે બે કારણથી કાર્ય થાય. અષ્ટસહસ્રીમાં બહુ આવે છે. અકલંકદેવમાં બહુ આવે છે. એ તો બીજું હોય એનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો અનુભૂતિમાં રાગથી ભેદજ્ઞાન કરવું એ ભેદજ્ઞાન અનુભૂતિની ઉત્પત્તિનું કારણ છે. છેલ્લો શુભરાગ હતો માટે એનાથી કાંઈક મદદ થઈ એમ નથી.

**શ્રોતા :-** જ્ઞેયમાં જ્ઞાનથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એનું જ્ઞાન પોતાનું છે. સમજાણું કાંઈ? આવો માર્ગ. હવે ઓલા સ્થાનકવાસીમાં શું સામાયિક કરો ને પોષા કરો ને પડિક્કમણા કરો. .... એને આ સમજવું. દેરાવાસીમાં ભક્તિ ને પૂજા ને જાત્રા. એ.. ધમાધમ તમારે.

પ્રતિમાઓ કેટલી છે ને એમાં ૫૦૦ બેસાડે છે લ્યો. ઓલા શનિવાર. સાડા દસ હજાર તો છે કો'ક કહેતું હતું. સાડા દસ હજાર છે પ્રતિમા. ૫૦૦ નવી કરે. ૧૧૦૦૦ પ્રતિમા. ત્યારે વળી કોઈ એમ કહેતું હતું કે તમે જ્યારે એમ કહો છો તો આ ૨૬ લાખનું તમે શું કરવા બનાવ્યું? ભાઈ! આ બનાવ્યું નથી. એને કાળે થયું એ તને ખબર નથી. આહા..હા..! અને તે પણ આ તો સિદ્ધાંતનું .. છે અને તે હિન્દુસ્તાનમાં નથી આ. આ ભગવાનની વાણી છે. પરમ દિ' સાધુ આવ્યો હતોને, ભાઈ! શ્વેતાંબરના આવ્યા હતા. એ કહેતા હતા કે કોઈ જોઈને એમ કહેતું હતું કે આ મુંબઈનું મ્યુઝિયમ. શું કહેવાય? મ્યુઝિયમ. મુંબઈના મ્યુઝિયમ જેવું છે. .. છે ને? .. એ કહે ત્યારે તો આમ .. પડી જાય. .. ... અરે..ભાઈ! એને કોણ રોકે, બાપુ! તને ખબર નથી. તે વખતે પુદ્‌ગલના પરિણમનના સ્વકાળે તે પર્યાય ઊભી થાય છે, બાપુ! આહા..હા..! તેનો જન્મક્ષણ હોય છે. તે તે પરમાણુની પર્યાયની ઉત્પત્તિનો તે કાળ હોય છે એને એમ માને કે અમે કરીએ.. વજુભાઈ નથી ને? રામજીભાઈના ... છે. આહા..હા..!

**શ્રોતા :-** ઈજનેરનું જ કામ હોય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ઈજનેર શું કરતાં હતા ખબર છે અમને. ઈજનેર તો વયા જતા હતા.

અહીં કહે છે કે કોણ કરે, બાપુ? આહા..હા..! તે તે સમયની તે પરમાણુની એની ઉત્પત્તિનો સ્વકાળ છે માટે ઉત્પન્ન થાય છે. બીજો પરમાણુ એને ઉત્પન્ન કરે એમ પણ નહિ, આત્મા ઉત્પન્ન કરે એમ પણ નહિ. ભગવાન! માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! અહીં તો એને તો જુદાં કરી નાખ્યા, પણ રાગના પરિણામ થયા, થયા તે કાળે પણ રાગથી ભિન્ન પડવાનું ભેદજ્ઞાન અનુભૂતિનું મૂળ કારણ છે. આહા..હા..! એ છે ને હમણાં પોપટભાઈને બધું બેય જણાનું છે ને. ૨૨ દિ' થયા. .. લીંબડી. આહા..હા..! તે કાળે શરીરની અવસ્થા, તે કાળે રાગની અવસ્થા, તે કાળે તેના જ્ઞાનની અવસ્થાનું કાર્ય હોય એ જ્ઞાન જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આ શબ્દમાં '**स्वतः वा अन्यतः वा**' પુરુષાર્થથી '**भेदविज्ञानमूलाम्**' '**ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...**' આહા..હા..!

**શ્રોતા :-** ભેદવિજ્ઞાનને કારણ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને કારણ કહ્યું. રાગની મંદતા પણ કારણ અને ભેદવિજ્ઞાન

કારણ બે કારણ, એમ નથી. સમજાણું કાંઈ? સત્ય તો સત્ય રહેશે, તું ફેરવી નાખીશ તો નહિ ફરે. આહા..હા..! અને તે આગ્રહ ક્યાં છે? આ તો સહજ વસ્તુ એવી છે કહે છે. આહા..હા..!

'**ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...**' કોની? '**એવી અવિચળ (નિશ્ચળ) પોતાના આત્માની અનુભૂતિ...**' આહા..હા..! '**અનુભૂતિને પામે છે,...**' કોઈપણ પ્રકારે નામ અંતર સ્વભાવના લક્ષે, પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થથી એટલે કે રાગથી ભેદ કરવાના ઉત્પત્તિના કારણથી તે અવિચળ—ન ટળે એવી અનુભૂતિ પ્રાપ્ત થાય છે. આહા..હા..! '**તે જ પુરુષો દર્પણની જેમ...**' '**प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः**' આહા..હા..! '**પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત...**' શું કહે છે ઈ? કે અનુભૂતિની જ્ઞાનની જે પર્યાય થઈ-અનુભવ, એ પર્યાયમાં પોતામાં પ્રતિબિંબ થયેલા એ જ્ઞાનમાં જાણવામાં આવ્યા. પ્રતિબિંબ-બિંબ એ અને અહીં જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવ્યા. '**અનંત ભાવોના સ્વભાવોથી...**' શરીરની પર્યાય, વાણીની પર્યાય, રાગની પર્યાય એ બધા અનંત ભાવોના.. આહા..હા..! '**સ્વભાવોથી નિરંતર વિકારરહિત...**' એ જ્ઞેયોનું જ્ઞાન થયું તેથી ત્યાં જ્ઞેય સંબંધી વિકાર થયો એમ નથી. એ અનંત ભાવો તે જ્ઞાનની પર્યાયમાં પોતાને કારણે પ્રસિદ્ધ થયું જ્ઞાન એ નિર્વિકારી જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः**' આહા..હા..! '**અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત...**' એમ કે જ્ઞાનની પર્યાયમાં રાગ, શરીર, વાણી અનંત જ્ઞેયોનું જ્ઞાન થાય તેથી જ્ઞેયનું જ્ઞાન થયું એટલે ત્યાં વિકાર થયો? એ તો પોતાનું જ્ઞાન થયું ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.**' એ તો જ્ઞાનની પર્યાય પોતાનું સામર્થ્ય છે તેથી સ્વને અને પરને પોતાના અસ્તિત્વથી પોતાને જાણે છે. એથી એમાં રાગને જાણે અને શરીરને જાણે માટે વિકાર થઈ જાય, પરજ્ઞેયોને કારણે અહીંયાં વિકાર થાય એમ નથી. આહા..હા..! ઓલા વિરોધ કરે છે કેટલાક. એ તો સમયસાર... સમયસાર... સમયસાર... .. આ સમયસારની વાંચણી અને સમયસાર ઘેર-ઘેર થયું આ. .. સમયસારનું વાંચન અને સમયસારની રુચિ એમ બે લીધા. સુજાનમલજી! બાપુ! માર્ગ આ છે ને, ભાઈ! આહા..હા..!

'**सन्ततं अविकाराः**' એ શું કર્યું? કે આત્મા પોતાના જ્ઞાનની પર્યાયને રાગથી ભિન્ન કરીને અનુભૂતિ થઈ, એ અનુભૂતિમાં અનંત જ્ઞેયો—શરીર, વાણી આદિ પર પ્રતિભાસે એથી જ્ઞાન વિકારી થઈ જાય છે એમ નથી. એ તો જ્ઞાનની પર્યાયના સામર્થ્યથી અનેક જ્ઞેયોને જાણે છે અને એ પણ જ્ઞેયની પર્યાય સ્વજ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન પણ સ્વ, જ્ઞાતા પણ સ્વ અને જ્ઞેય પણ સ્વ. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રણે સ્વ. આહા..હા..! સમજાણું કાંઈ? કળશમાં આવે છે ને? સમયસાર પાછળ આવે છે. પરજ્ઞેય નહિ સ્વજ્ઞેય.

જ્ઞાનના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે જ્ઞેય ઠર્યાં. એ જ્ઞાનની પર્યાયમાં અનંત જે જ્ઞેયો જણાણા એ તો પોતાની પર્યાયનું સ્વરૂપ છે, એ જ્ઞાનમાં જ્ઞેય થયું. આહા..હા..! આ જન્મ-મરણના અંતની વાતું, બાપુ! .. હોય ને. આહા..હા..! ચોર્યાસી લાખના અવતાર સમેટી લેવા અને અનંત કેવળજ્ઞાનની પર્યાયને ફુલાવવી... આહા..હા..!

એ અનંત જ્ઞેયોના સ્વભાવને જાણવા છતાં નિરંતર વિકારરહિત છે. રાગાદિ, દ્વેષાદિ, શરીર, વાણી, મન બધું જ્ઞાનમાં તે પ્રકારનું જ્ઞેય છે તે પ્રકારને જાણતા એ એને લઈને થયું નથી, એથી એનાથી વિકાર થયો એમ છે નહિ. એવા અનંતને જાણે માટે વિકાર થયો (એમ નથી). આહા..હા..! એ અનંતને જાણવાની પોતાની પર્યાય નિર્વિકારી થઈ છે. આહા..હા..! **'વિકારને પ્રાપ્ત થતા નથી.'** લ્યો!

**'હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય...'** આ અજ્ઞાની છે, મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, આહા..હા..! એને સ્વપરનું વાસ્તવિક જ્ઞાન નથી, એ કઈ રીતે ઓળખાય? **'તેનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–'**

अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।
आस मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।
होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।
एयं तु असब्भूद आदवियप्पं करेदि संमूढो।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.**
**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.**
**અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે,**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.**

**'ટીકા :– (દૃષ્ટાંતથી સમજાવે છે :) જેમ કોઈ પુરુષ ઇંધન અને અગ્નિને મળેલાં દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે અગ્નિ છે તે ઇંધન છે,...'** ઇંધન અગ્નિપણે પરિણમે છે ને જ્યારે? ત્યારે કહે, એ ઇંધન છે એ અગ્નિ છે. ઇંધન છે તે અગ્નિ છે. અગ્નિ છે તે ઇંધન છે લાકડા. ઇંધન સમજ્યા? લાકડા. **'અગ્નિનું ઇંધન છે,...'** અગ્નિનું ઇંધન છે અને ઇંધનનો અગ્નિ છે. એ પહેલી સામાન્ય વાત કરી. લાકડાનો અગ્નિ અને અગ્નિનું લાકડું એમ જે જૂઠો વિકલ્પ કરે છે. એક વાત સામાન્ય (કરી).

**'અગ્નિનું ઇંધન પહેલાં હતું,...'** હવે ભૂતકાળ. એ અગ્નિના લાકડા પહેલાં હતા. લાકડાનો

અગ્નિ પહેલાં હતો. '**અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે,...**' આહા..હા..! '**ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે;...**' છે? પહેલું અગ્નિ છે તે ઈંધન છે અને ઈંધન છે તે અગ્નિ સામાન્ય. એ અગ્નિનું ઈંધન છે અને ઈંધનનો અગ્નિ છે તે વર્તમાન. આ ભૂત પહેલાં (આવ્યું). અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં થયો. અગ્નિનું ઈંધન ભવિષ્યમાં અને ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં. '**આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ...**' લૌકિક, મૂર્ખ જાણવામાં આવે છે. લૌકિક મૂર્ખ.

'**તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે...**' છે? આત્મામાં પરદ્રવ્યમાં એટલે રાગ, શરીર, વાણી, મન, વ્યવહાર આદિ એ અસત્યાર્થ પરદ્રવ્યમાં જૂઠો વિકલ્પ કરે કે '**હું આ પરદ્રવ્ય છું,...**' હું રાગ છું, હું પુણ્ય છું. ભાવ હોં, ભાવ. '**આ પરદ્રવ્ય...**' એટલે રાગ હું છું, શરીર હું છું, વાણી હું છું. આહા..હા..! આ પરદ્રવ્ય.. છે ને? '**આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે;...**' આ હું છું અને એ મારા છે. એ સામાન્ય કર્યું. હવે વર્તમાન.

'**મારું આ પરદ્રવ્ય છે,...**' ઓલી સામાન્ય વાત કરી. હવે ત્રણકાળ ભેળવે છે. મારો આ રાગ છે અત્યારે. રાગ મારો, શરીર મારું, વાણી મારી, વ્યવહાર મારો. '**આ પરદ્રવ્યનો હું છું;...**' એ મારા છે અને એનો હું છું, વર્તમાન. રાગ, પુણ્ય, પાપ, દયા, દાનના વિકલ્પો એ મારા છે અને હું એનો છું, એ મારામાં છે. આહા..હા..! '**મારું આ પહેલાં હતું,...**' એ રાગ પૂર્વે મારો હતો જેથી મનુષ્યપણું બંધાણું અને મને મનુષ્યપણું મળ્યું. .. કહેતા ને કે પૂર્વે રાગ હતો તો આ મનુષ્યપણું મળ્યું, એ મનુષ્યપણું સાધન છે, (એમ જે માને) એણે પૂર્વના રાગને પોતાનો માન્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧, રવિવાર, તા. ૦૧-૦૨-૧૯૭૬, ગાથા-૨૦ થી ૨૨, પ્રવચન નં. ૬૩

આ સમયસાર. ૨૦, ૨૧, ૨૨ ગાથા. દૃષ્ટાંત આપે છે પહેલો કે લાકડા અને અગ્નિને મળેલા દેખી... લાકડું-ઈંધન અને અગ્નિ બે સ્વભાવ ભિન્ન, વસ્તુ ભિન્ન છે, છતાં મળેલા દેખી 'લાકડું છે તે અગ્નિ છે, અગ્નિ છે તે લાકડું છે' એમ માને એ લૌકિક મૂર્ખ કહેવાય. સમજાણું કાંઈ? એમ...

**શ્રોતા** :- એવું માને એ મૂર્ખ કહેવાય એ લોકોને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એને ક્યાં... છે.

અગ્નિનો સ્વભાવ અને એનો પ્રકાશ, ઉષ્ણ સ્વભાવ અને પ્રકાશ એનો સ્વભાવ, લાકડાનો સ્વભાવ ભિન્ન છે, છતાં મળેલા દેખીને 'અગ્નિ તે લાકડું છે અને લાકડું-ઈંધન તે અગ્નિ છે' એમ એને મળેલા દેખીને બેને એક માને એ સંસારી મૂર્ખ કહેવાય. એમ '**કોઈ આત્મા પરદ્રવ્યમાં...**' છે? '**કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે...**' જેમ એ લાકડું અને અગ્નિ એક માને એ લૌકિકમાં પણ મૂર્ખ કહેવાય, એમ લોકોત્તરમાં ભગવાન આત્મા '**પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે...**' પરદ્રવ્ય શું શું? રાગ, શરીર, વાણી, દ્વેષ એ બધા પરદ્રવ્ય છે.

**શ્રોતા :-** પુત્રાદિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પરદ્રવ્ય છે, એ તો એમાં આવી ગયું. દેશ, ઘર, દીકરા, દીકરી એ બધા પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યમાં જ અસત્યાર્થ-જૂઠો વિકલ્પ કરે. એટલે? હું આ પરદ્રવ્ય છું, હું આ રાગ છું, હું આ શરીર છું, હું આ દીકરો છું, મારો દીકરો. નહિ .. કરવા ક્યાંક જાયને? તું જા, તું તે હું જ છું ને. પોપટભાઈ! ત્યાં એમ કહે એવું કે તને કાંઈક કામ હોય તો હું જાઉં. .. તું તે હું જ છું ને. ધૂળેય નથી. આહા..હા..!

'**પરદ્રવ્યમાં જ અસત્યાર્થ વિકલ્પ કરે...**' એટલે? એ તો સામાન્ય વ્યાખ્યા કરી. '**હું આ પરદ્રવ્ય છું,...**' એટલે કે 'હું રાગ છું, હું શરીર છું, હું વાણી છું, હું આ દેશનો છું, હું આનો પતિ છું, આ મારી પત્ની છે' એવો જે પરદ્રવ્યમાં વિકલ્પ કરે.. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? '**હું આ...**' એટલે પરવસ્તુને સિદ્ધ કરી. આ કીધું ને? આ છે. છે ખરું. '**હું આ પરદ્રવ્ય છું,...**' એમ. આહા..હા..! સમજાણું કાંઈ? પછી પરદ્રવ્યમાં સચેત, અચેત અને મિશ્ર ત્રણ પ્રકાર આવે. સચેતમાં સંસારીમાં ગૃહસ્થને સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા, દીકરી એ સચેત; અચેત એનું શરીર આદિ અને લક્ષ્મી આદિ અચેત અને બે સહિત તે મિશ્ર, દીકરો અને એના ઉપકરણો, સ્ત્રી અને એના કપડા આદિ એ મિશ્ર—એ ત્રણે મારા છે એમ કહે એ મૂઢ છે, એને ખબર નથી.

**શ્રોતા :-** દીકરાને પારકા કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કે દિ' હતો? સુમનભાઈ હતો કે દિ' અહીંયાં? પૈસા પેદા કરીને ખર્ચ્યા એમાં તમે. ...ભાઈ! આ તો દાખલો. આહા..હા..!

'**હું આ પરદ્રવ્ય છું,...**' પરદ્રવ્યના પ્રકાર ઘણાં. એક સચેત—આત્માઓ, અચેત--દાગીના આદિ અને મિશ્ર—બે ભેગા થવું એ. બીજી રીતે કહીએ તો સચેત—સાધુને સચેત શિષ્ય, અચેત ઉપકરણ અને મિશ્ર એ શિષ્ય અને ઉપકરણસહિત તે મિશ્ર. ત્રીજી રીતે કહીએ તો સચેત-રાગ, પુણ્ય-પાપના વિકલ્પો તે સચેત રાગ, અચેત—પુદ્‌ગલાદિ દ્રવ્ય પર અને મિશ્ર—ગુણસ્થાન, જીવ માર્ગણાસ્થાને પરિણમેલો માને એ મિશ્ર છે. સમજાણું કાંઈ? એ

આ પરદ્રવ્યમાં જાય બધું. આહા..હા..!

**'હું આ પરદ્રવ્ય છું,...'** રાગ હું છું, આ સ્ત્રી મારી છે, આ દીકરા મારા છે, આ મારો દેશ છે કાઠિયાવાડી દેશ મારો, દક્ષિણ દેશ મારો. આ મરે છે ને દેશ માટે. જુઓને! કેવા કહેવાય ઈ? શહિદ-શહિદ થાય છે. આહા..હા..! કહે છે કે એ મૂઢ છે. આહા..હા..! **'હું આ પરદ્રવ્ય છું,...'** એટલે સચેત, અચેત અને મિશ્ર એના બધા પ્રકાર. રાગાદિ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ સચેત છે 'એ હું છું' એમ માને, આહા..હા..! અચેત પુદ્‌ગલો અને શરીરાદિ પર છે 'તે હું છું' એમ માને, મિશ્ર—જીવ ગુણસ્થાને પરિણમેલી દશા એ મિશ્ર છે. આહા..હા..! માર્ગણાના પ્રકાર છે ને ઘણા? ચૌદ માર્ગણા. એના ભેદપણે પરિણમે ગતિ આદિથી 'એ હું છું' એમ માને, આહા..હા..! એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

**શ્રોતા :-** ... માર્ગણામાં તો પોતાને શોધવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં શોધવો? એ તો પર્યાયદૃષ્ટિએ શોધવો જોઈએ. વસ્તુમાં તો ચૌદ માર્ગણામાં આત્મા છે જ નહિ. ભેદમાં આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગણાનો અર્થ એવો છે કે માર્ગવું-શોધવું, પણ એ તો પર્યાયદૃષ્ટિએ પર્યાયમાં કેવો છે એની વાત છે. વસ્તુ તરીકે માર્ગણાસ્થાન એ આત્મામાં છે જ નહિ. અરે..! ગુણસ્થાન તરીકે પણ એને ગોતવો એ પણ આત્મામાં નથી. આહા..હા..! આવી વાત છે ભાઈ, ઝીણી! આ તો ટૂંકામાં સમજાય એવું છે ને.

ભાઈ! તું કોણ છો? એ લાકડામાં અગ્નિ અને લાકડા બે ભિન્ન ચીજ છે, પણ મળેલા દેખીને એક માને એ લૌકિક મૂર્ખ કહેવાય છે; એમ આ રાગ અને આત્મા એક સાથે, શરીર અને આત્મા એક સાથે ભેળા માનીને 'હું આ છું' એ મિથ્યાદૃષ્ટિ છે, અપ્રતિબુદ્ધ છે. એના જ્ઞાનમાં સાચાપણું આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે;...'** એ રાગ મારા સ્વરૂપે છે, શરીર મારા સ્વરૂપે છે, સ્ત્રી મારા સ્વરૂપે છે. અર્ધાંગના નથી કહેતા? અર્ધાંગના કહે છે ને સ્ત્રીને? અડધું અંગ. અડધું હું અને અડધું એ. મૂર્ખાઈ.

**શ્રોતા :-** અર્ધાંગના ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેની .. ? અર્ધાંગના છે આ. ધૂળેય નથી હવે. એ આત્મા જુદો, એના શરીરના રજકણ જુદા. એને સંબંધ કેવો આત્માનો? સમજાણું કાંઈ?

**'આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે;...'** રાગ મારા સ્વરૂપે છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ મારા સ્વરૂપે છે, શરીર મારા સ્વરૂપે છે, સ્ત્રી મારી છે, હું એનો છું અને એ મારા છે.

**શ્રોતા :-** નિશ્ચયે નથી પણ વ્યવહારે તો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર એટલે શું? વ્યવહારે કહે કે આ મારો દેશ છે, તો થઈ ગયો દેશ એનો? વઢવાણના પોપટભાઈ એમ કહેવાય, લ્યો. છે વઢવાણમાં? એ તો નિમિત્તથી

બોલાય છે. હસમુખના પિતાશ્રી કહેવાય. કોનો પિતા? આત્માને બાપ કેવો અને આત્માને દીકરો કેવો? આહા..હા..! જીવ જ્ઞાયકભાવ સિવાય જેટલી ચીજ પુણ્ય ને પાપ અને ગુણસ્થાન ભેદ આદિ એ બધા મારા માને એ પરદ્રવ્યને જ પોતાનું માને છે. આહા..હા..! આવી વાત છે ભાઈ આ તો.

**શ્રોતા :-** કોઈ કહે કે મારું પાંચમું ગુણસ્થાન છે, તો એ મિથ્યાદષ્ટિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંચમું ગુણસ્થાન કોને કહેવું? ક્યાં એને ભાન છે? આહા..હા..! એ વસ્તુ વ્યવહારનયથી એનું જ્ઞાન કરે, પણ એ ચીજ મારી છે અને એ હું છું (એમ માને) તો તો દષ્ટિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ?

'હું આ...' બે અસ્તિત્વ જ કર્યા. 'હું' એટલે અસ્તિ થઈ અને 'આ' એટલે અસ્તિ થઈ. રાગાદિ, પુણ્ય-પાપ, દયા-દાન, શરીર, વાણી, મન અસ્તિ તો છે. વેદાંતની પેઠે એમ નથી કે આત્મા સત્ય અને બીજું ભ્રમ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એમ નથી. સમજાય છે કાંઈ? એથી બે શબ્દ વાપર્યા છે. હું અને આ. એટલે બેય છે. સમજાય છે કાંઈ? આ તો બહુ ટૂંકી ભાષા છે ને. ટીકાની બહુ ટૂંકી. અંદર ઘણું રહસ્ય ભરેલું છે. આહા..હા..!

**શ્રોતા :-** આપ ખોલો તો ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ હળવે-હળવે ખોલીએ છીએ ને. આહા..હા..!

સવારમાં જુઓને કેવું આવ્યું હતું! આહા..હા..! જૈનધર્મ કોને કહેવો? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવે પરિપૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો અથવા વીતરાગસ્વભાવે ભરેલો પ્રભુ, એની પરિણતિમાં-પર્યાયમાં વીતરાગતાની દષ્ટિ, જ્ઞાન અને શાંતિ પ્રગટે એ જૈનધર્મ. આહા..હા..! અને મુનિએ તો ત્યાં સુધી કહ્યું ને.. આહા..હા..! એ જૈનધર્મ જયવંત વર્તે છે. આહા..હા..! ગજબ વાત કરી છે! એટલે? મારો નાથ મને હાથ આવ્યો મને શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં. એ વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી રમણતા એ જૈનધર્મ એ જયવંત વર્તે છે એટલે મારી પાસે છે ઈ. આહા..હા..! દિગંબર સંતોની શૈલી તો જુઓ! ઓ..હો..હો..!

ધર્મ એ વીતરાગી દશા છે. એમાં વ્યવહારરત્નત્રયના રાગનું પણ મિશ્રપણું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ બધા છોકરાઓ હુશિયાર થાય છે, પછી કારખાના કરે અને કારખાના બધા થાય, ત્યાં જાય તો કહે આનો આ દીકરો! જુઓ, કારખાના કેવા કર્યા! એમ નથી કહેતા? એ સાચું હશે? ગપ છે. ભાઈ! તું તો જ્ઞાયકસ્વરૂપ છો ને પ્રભુ! એક સમયની પર્યાય જેટલો નથી તો પછી રાગનો, દીકરાનો, દીકરીને, દેશનો, આ લક્ષ્મીવાળો, પૈસાવાળો, આબરુવાળો, બાયડીવાળો, કુટુંબવાળો.. કેટલા વાળા વળગ્યા? એક વાળો હોય તો રાડ નાખે છે. વાળો સમજો છો? જીવાત થાય છે ને પગમાં? પાણી હોય ને એવા પાણી પીવે તો પગમાં (વાળો નીકળે). શું કહે છે? વાળો કહે છે અમારે ત્યાં. નાનું ... નીકળે. જીવાત

થાય. એ અપથ્યપાણી હોય ને કોઈ વાવ અને કૂવાનું તો એને વાળો નીકળે પગમાં. મોટી જીવાત નીકળે લાંબી. તો એક વાળે રાડ નાખી જાય છે. આને તો કેટલા વાળા!

વાત જ ઈ છે કે પરચીજ મારી છે એ માન્યતા દુઃખરૂપ છે અને પર ચીજ ઉપર લક્ષ જવું પૈસાનું, શરીરનું અને એ પોતાના આકુળતામાં દુઃખમાં એ નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આનંદમાં કારણ તો ભગવાન આત્મા જ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં કારણ ભગવાન છે. પોતે ત્રણલોકનો નાથ ચૈતન્યમૂર્તિ, એવા જ્ઞાયકભાવને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી મોક્ષમાર્ગ પ્રગટ થાય એ જૈનધર્મ છે, એ મોક્ષમાર્ગ છે અને એ જેને અંદર વર્તે છે તો કહે છે કે આ જયવંત વર્તે છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ જયવંત વર્તે છે. ક્યાંક હશે અને કો'કને હશે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'હું આ...' એટલે બે અસ્તિ કરી. પણ હું આ. એની અસ્તિ તો કીધી. રાગ છે, શરીર છે, દેશ છે, કુટુંબ છે તો છે. ગુણસ્થાન આદિ પણ મિશ્ર છે, પણ એ પરદ્રવ્ય છે હું આ પરદ્રવ્ય છું. આહા..હા..! આ પરદ્રવ્ય મુજસ્વરૂપે છે, ગુણસ્થાન મારા સ્વરૂપે છે, રાગ મારા સ્વરૂપે છે, પત્ની મારી છે, દીકરો મારો છે. આહા..હા..! આ દીકરીઓ ભણે છે ને અત્યારે જુઓને. છોડ્યુંને હમણાં બહુ ભણવાનું (થઈ ગયું). પહેલું નહોતું આટલું બધું. હવે બધા બી.એ. થાય અને એલ.એલ.બી. થાય એવા પૂંછડા ઘણા વળગે છે. એનો બાપ એક હતો એ બોલતો હતો. અમારી દીકરી એલ.એલ.બી. થઈ છે, એમ.એ. થઈ છે. બોલતા પહોળો થાતો. એ ...ના જમાઈ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું કરે છે કીધું આ? દીકરી છે એ જવાની ક્યાંક છતાં એ ભણીને એમ.એ. મોટું પૂંછડું વળગાડ્યું (તો એમ બોલે) અમારી છોડ્યું આવી ભણેલી છે અને તેથી તેને વર સારો મળશે. આ તે... મૂર્ખાઈના કેટલા? ભગવાનજીભાઈ! આહા..હા..!

**'હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે;...'** આ કીધા એટલા—સચેત, અચેત અને મિશ્ર. ખરેખર એ વ્યવહારરત્નત્રયનો રાગ એ પરદ્રવ્ય છે. આહા..હા..! જોકે ૫૦મી ગાથામાં નિયમસારમાં તો નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કીધી. શું કીધું? ૫૦મી ગાથામાં નિયમસારમાં નિર્મળ વીતરાગી મોક્ષમાર્ગની પર્યાયને પરદ્રવ્ય કીધી છે. આહા..હા..! ત્રિકાળી સ્વદ્રવ્ય નહિ તે પરદ્રવ્ય. ૫૦મી ગાથામાં આવે છે. આહા..હા..! એટલે કે આ આત્મા એ પર્યાય જેટલો જ છે એમ માને એ પરદ્રવ્યસ્વરૂપ માને છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! કુંદકુંદાચાર્યની શૈલી અને અમૃતચંદ્રાચાર્યની ટીકા ગજબ છે!! આહા..હા..!

ચૈતન્યસૂર્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ એ સિવાય કોઈપણ એક સમયની પર્યાયને, રાગને, પરને પોતાના માને (તે મૂઢ છે). ત્યાં પરદ્રવ્ય કેમ કીધું છે? ૫૦મી ગાથામાં. સમ્યગ્દર્શનને પરદ્રવ્ય કીધું છે. એ નિર્મળ વીતરાગી ચારિત્રને પરદ્રવ્ય કીધું છે નિયમસારમાં, ૫૦માં. કેમ?

કે જેમ આ દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યોમાંથી નવી પર્યાય આવતી નથી. પોતાની પર્યાય ત્યાંથી આવે છે? એમ નવી પર્યાય પર્યાયમાંથી નથી આવતી. માટે એને પરદ્રવ્ય કહીને સ્વદ્રવ્ય ઉપરની દૃષ્ટિ કરાવી છે. નવી પર્યાયની ઉત્પત્તિ દ્રવ્યને આશ્રયે, સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. પર્યાયમાંથી પર્યાય ન આવે. આહા..હા..! સમજાણું કાંઈ? ગહન માર્ગ છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ ગહન છે. એટલે કે તારો વીતરાગી માર્ગ ગહન છે. આહા..હા..! આ કાંઈક દયા પાળી, વ્રત પાળ્યા અને થઈ ગયા ધર્મ. બાપુ! માર્ગ એમ નથી, ભાઈ! સમજાણું કાંઈ?

**'હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે;...'** એ સામાન્ય વાત કરી. હવે વર્તમાન, **'મારું આ પરદ્રવ્ય છે,...'** વર્તમાન. ઓલી સામાન્ય વાત કરી હતી. **'મારું આ પરદ્રવ્ય છે,...'** રાગ મારો છે આ અત્યારે વર્તમાન, સ્ત્રી મારી છે, આ મારું છે, દેશ મારો છે. **'આ પરદ્રવ્યનો હું છું;...'** એ મારા છે એ વર્તમાન અને હું એનો છું. હવે ભૂતકાળ, **'મારું આ પહેલાં હતું,...'** મારો પુણ્યભાવ પૂર્વે હતો ત્યારે મનુષ્યપણું મળ્યું અને તેથી મનુષ્યપણું તે હું અને મને સાંભળવાનું મળ્યું એને લઈને લાભ મળ્યો. એય..! **'મારું આ પહેલાં હતું,...'** 'આ મનુષ્યપણું મળ્યું એ મારા પુણ્યના કારણે મળ્યું અને પુણ્ય બાંધ્યું હતું મેં' એમ જે માને તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મારું આ...'** આ અસ્તિ તો કરી પૂર્વની. પૂર્વે પુણ્ય હતા, શુભભાવ હતો ત્યારે મને પુણ્ય બંધાણું એનું અત્યારે મનુષ્યપણું મળ્યું. જુઓ, એ મને મનુષ્યપણું મળ્યું. એમ કરીને ભૂતકાળના રાગને અને ભૂતકાળના શરીરને એ ભૂતકાળના દીકરાને... **'મારું આ પહેલાં હતું, હું આનો પહેલાં હતો;...'** ભૂતકાળના બે લીધા. **'મારું આ પહેલાં હતું, હું આનો પહેલાં હતો;...'** એટલે પૂર્વે રાગપણે હું હતો અને રાગ મારા સ્વરૂપે હતો. આહા..હા..! 'મેં એવા શુભભાવ કર્યા, પુણ્ય કર્યા એથી આ મનુષ્યપણું મળ્યું, ભગવાનની વાણી સાંભળવા મળી' એમ માનીને ગયા કાળના રાગને પોતાનો માને એ મૂઢ છે. આહા..હા..! ભારે વાતું બાપા! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આહા..હા..! જાધવજીભાઈ! આહા..હા..! બે થયા? વર્તમાનના બે અને ભૂતકાળના બે. આ હું એ મારા સ્વરૂપ. એમ ગયે કાળે રાગ મારા સ્વરૂપે હતો અને રાગ એ હું હતો, મેં રાગ કર્યો હતો. આહા..હા..! 'રાગની મંદતા મેં કરી હતી ત્યારે પુણ્ય બંધાણું અને એને લઈને આ મનુષ્યપણું મળ્યું' એમ માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? **'હું આનો પહેલાં હતો.'** એ બે થયા ને?

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** આ હું જે પુણ્ય બાંધુ છું તો ભવિષ્યમાં મનુષ્યપણું મળશે, સાંભળવાનું મળશે એ બધું મને મળશે. આહા..હા..! અરે..! પ્રભુ! તું તો જ્ઞાયકભાવે છો ને! તને શું મળ્યું અને તને શું મળશે? ભાઈ! એ તારી ચીજમાં ક્યાં છે! આહા..હા..! સમજાણું કાંઈ? **'હું આનો ભવિષ્યમાં થઈશ;...'** આ મારું ભવિષ્યમાં થશે અને હું એનો

થઈશ. આહા..હા..! '**આવા જૂઠાં વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.**' આવા જૂઠાં વિકલ્પથી અજ્ઞાની અપ્રતિબુદ્ધ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે તેમ ઓળખાય છે. કહો, ભગવાનજીભાઈ! ભારે, ભાઈ!

જુઓ, સંતો દિગંબર મુનિઓ! આહા..હા..! જૈનધર્મના પરિણમનને પામેલા! જૈનધર્મ કાંઈ આત્માથી ભિન્ન ન હોય, પર્યાયમાં વીતરાગતા તે જૈનધર્મ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ વીતરાગતાની પરિણતિમાં ઊભેલા, વિકલ્પ આવ્યો, ટીકા ટીકાને કારણે થઈ. છેલ્લે આવે છે ને કે ટીકાનો હું કર્તા નથી, મારે માથે નાખીશ નહિ હોં! અરે..! પ્રભુ! આવી ટીકા કરીને તમે ના પાડો છો? એ શબ્દની શક્તિથી એ ટીકા થઈ છે. મારા વિકલ્પથી અને મારી શક્તિથી ટીકા થઈ છે એમ ન માનીશ, ભાઈ! આહા..હા..! છે ને છેલ્લે? છેલ્લે કળશ તો બધે છે. પંચાસ્તિકાયમાં, નિયમસારમાં બધે છે. પ્રવચનસારમાં. આહા..હા..! મેં ટીકા કરી અને ટીકા દ્વારા તને જ્ઞાન થાય એવો ભ્રમ ન કરીશ. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવો માર્ગ છે.

પહેલું સામાન્ય લીધું કે હું આ છું અને આ મારા છે, પછી મારા આ વર્તમાનમાં છે અને હું એનો છું, ભૂતકાળમાં આ મારા હતા અને હું એનો હતો, ભવિષ્યકાળમાં એ મારા થશે અને હું એનો થઈશ. આહા..હા..! સમજાણું કાંઈ? છોકરાઓને મોટા કર્યા, હવે અમારા ઘડપણમાં નિરાંતે રળશે અને પોષશે આપણને. કોને પોષશે? તને? કહો, ધીરુભાઈ શું છે આ? ભારે આ તો નાટક. આહા..હા..! અરે..ભાઈ! તને ભ્રમણા છે ને નાથ! તું તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા છો ને, પ્રભુ! આહા..હા..!

દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવી સ્વરૂપ જ છે, તો એનો અર્થ એ થયો કે એ તો પરને અને સ્વને જાણવાના પરિણમનવાળો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વ અને પર બે એક છે એમ નહિ. આહા..હા..! સ્વનું જ્ઞાન અને પરના જ્ઞાનરૂપે પરિણમું છું પણ એ એનો સ્વભાવ છે. કેમકે એ એનો સ્વભાવ સર્વજ્ઞ છે અને સર્વજ્ઞની પરિણતિ પર્યાયમાં જે આવે, શ્રદ્ધામાં એમ આવ્યું કે 'હું તો સર્વજ્ઞ છું' તો શ્રદ્ધાએ સર્વજ્ઞપણાને પ્રગટ કરી. આહા..હા..! એ શ્રદ્ધા સર્વજ્ઞસ્વભાવી આત્માની છે. એ અલ્પજ્ઞ પણ નહિ અને રાગવાળો પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે શું આ તમે કરો છો? ભાઈ! માર્ગ આવા છે. આહા..હા..!

અમે કેવી ઉપદેશ શૈલી કરીએ છીએ! ધીમેથી બોલવું હોય તો ધીમેથી બોલીએ, તાણીને બોલવું હોય તો તાણીને બોલીએ. એ વળી એક જણો એમ કહેતો હતો અમારી પાસે પૈસા નથી, પણ એવો ઉપદેશ આપીએ કે લોકોના પૈસા ખંખેરી નાખીએ. અરે.. ભગવાન! શું કરે છે તું આ? આહા..! ભાઈ! તારું એ સ્વરૂપ નહિ. આહા..હા..! 'ઉપદેશ હું કરું છું' એ પરને પોતાનું માન્યું. આહા..હા..! ગજબ વાત છે, બાપા! મેં પૂર્વે ઉપદેશ કર્યો હતો

એમાંથી આ બધા સમજ્યા એ મારા ઉપદેશનું ફળ આવ્યું.

**શ્રોતા :-** નિમિત્તનૈમિત્તિક થાવું તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જાણવા માટે છે, પણ માનવા માટે નથી. આહા..હા..! સ્વયંભૂસ્તોત્રમાં આવે છે. ભગવાન સ્વયંભૂસ્તોત્રની સ્તુતિ. પ્રભુ! આપની વાણીમાં ઉપદેશ નીકળ્યો, પણ ધર્મ કોઈ પામ્યા કે ન પામ્યા એનું ફળ તમે ન જોયું. આવે છે ને? સ્વયંભૂ સ્તોત્રમાં. ... કેટલામાં છે? મુનિસુવ્રતમાં છે? ધર્મનો .. થયો. ઉપદેશ આવ્યો પણ છતાં આનાથી ધર્મ થયો અને પામ્યા એમ આપે જોયું નહિ. આહા..હા..! એનો અર્થ કે પામનારા પામે એ તો કેવળજ્ઞાનમાં પહેલેથી જણાઈ ગયું છે. આહા..હા..! એમ સમકિતીને આ મારા ઉપદેશથી આટલા પામ્યા એ ફળ નથી જોઈતું, ઉપદેશ જ મારો નથી ને! આહા..હા..! ભાઈ! પરથી ભિન્નતાની વાતું ઝીણી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આવા જૂઠાં વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.**' માણસ નથી કહેતા કે 'મૂર્ખ માથે શીંગડા નહિ નિશાન હોય.' કવિતા આવતી અમારે પહેલાં દલપતરામમાં. 'મૂર્ખ માથે શીંગડા...' આ મૂર્ખ છે એવી કાંઈ નિશાની હોતી નથી, એમ અજ્ઞાનીને બહારમાં કોઈ આવો હુશિયાર હોય અને કોઈ બાવો (હોય) એવા ચિહ્ન નથી. એના ચિહ્ન આ પરને પોતાનું માનવું, પોતાને પરરૂપે માનવું એ એનું ચિહ્ન છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! તો અહીં શું કહેવું છે? ખરેખર તો એ સર્વજ્ઞસ્વભાવી છેને, એમ સિદ્ધ કરવું છે. એ સર્વજ્ઞસ્વભાવી કહે છે એ જાણે. ભૂતકાળનું એ થયું એ જાણે, વર્તમાન છે એ જાણે, ભવિષ્યમાં થશે એ જાણે. જાણે, જાણે ને જાણે. એ સિવાય બીજું એનામાં છે નહિ. આહા..હા..!

બીજી રીતે કહીએ તો જ્ઞાતા-દૃષ્ટા એનો સ્વભાવ છે, બહુ ભાષા કરીએ તો. એ તો જ્ઞાતા-દૃષ્ટા દેખનાર-જાણનાર, બસ એ. એને ભૂતકાળની વસ્તુને જાણે, વર્તમાનની જાણે, જાણે એ જુદી વાત છે. એ જાણે પણ તે ચીજ હતી માટે જાણે એમ પણ નહિ. એ સમયનો સ્વપરપ્રકાશક જ્ઞાનનો પર્યાય પોતાથી પ્રગટ્યો એને જાણે છે. આહા..હા..! બંધ અધિકારમાં સમયસારમાં તો ત્યાં સુધી લીધું છે કે મેં આને મોક્ષ પમાડ્યો. હું આને મોક્ષ પમાડું, મિથ્યાબુદ્ધિ છે કહે છે. બંધ અધિકારમાં છે. હું આને બંધ કરાવું, આને મોક્ષ કરાવું. ભાઈ! એના અજ્ઞાન-રાગ વિના બંધ એને નહિ થાય અને વીતરાગતા વિના એની મુક્તિ નહિ થાય. તારા વિના નહિ થાય એમ નહિ. આહા..હા..! આવું છે. બંધ અધિકારમાં છે. હું આને જીવાડું, હું આજીવિકા દઈને જીવાડું, હું આને મારું, એને સુખના સંયોગો દઉં, દુઃખના સંયોગો દઉં એ બધી માન્યતા મિથ્યાદૃષ્ટિની અપ્રતિબુદ્ધની છે. આહા..હા..! ત્યાં તો દલીલ આપી છે, એ જીવની વીતરાગદશા વિના એ મુક્તિ નહિ પામે. તું પમાડીશ એમાં ક્યાં આવ્યું ત્યાં? આહા..હા..! અને એ જીવને તું બંધન કરાવીશ એમ કહીશ તો એના

અજ્ઞાનભાવ વિના, રાગભાવ વિના એને બંધ નહિ થાય. એટલે હું આને બંધન કરાવું, (મિથ્યાબુદ્ધિ છે). આહા..હા..!

ઘણાં વર્ષ પહેલાં બહાર વાત આવી હતી આ. (સંવત) ૧૯૭૭ની સાલ. એક ઓલો હતો ને ભાઈ કોણ? બેરિસ્ટર. બેરિસ્ટર હતો. ૭૮ની વાત છે. હું ભાવનગર હતો ત્યારે. આણંદજીભાઈ હતા ને? કુંવરજી આણંદજી. એના ઉપર લખાણ આવ્યું હતું. આ શાસ્ત્રમાં કથામાં એમ આવે છે, કથામાં, કે એક એકનો વેરી હતો ત્યારે એ જેના ઉપર વેર હતું એના ઘરે મકાન થતા હતા, મકાન ઘરના, અને અહીં એક દેરાસર થાતું હતું. એ દેરાસરની એક ઈંટ લઈને ઓલો વેરી હતો એના ભેગી મૂકી દીધી. એટલે હવે એ નખોદ વળી જશે એનું. એવી કથા હતી. શું કીધું એ? બે વેરી હતા. હવે એને વેર શી રીતે કરવું? તો એ વેરીનું અંદર મકાન થાતું હતું. પાંચ-પચાસ હજારનું મકાન. અને એ વખતે એક દેરાસર થાતું હતું. દેરાસરની એક ઈંટ લઈને આની ભેગી મૂકી દીધી. એટલે દેવદ્રવ્ય નાખ્યું ને? એનું નખોદ થશે હવે. પણ એને ખબરેય નથી. તે દિ' આ પ્રશ્ન આવ્યો હતો કુંવરજીભાઈ ઉપર. કુંવરજી આણંદજી શ્વેતાંબરના શેઠ હતા. અત્યારે આપણા ભોગીભાઈ. ભોગીભાઈ એ આપણે અહીં આવે છે. શ્વેતાંબરના શેઠ છે. એ અહીં આવે છે. પ્રેમ ખરો અહીંનો. આ તો માર્ગ, બાપા! એણે એ કહ્યું કે આ કથા તમને માન્ય છે? કુંવરજીભાઈને લખ્યુ. શ્વેતાંબરના શેઠીયા છે. ૨૦ હજાર શ્વેતાંબર છે ને ત્યાં ભાવનગરમાં. તે દિ' કાંઈક .. હવે આવી વાતું તમે નાખો, કો'કનું વેર લેવા દેરાસરની એક ઈંટ બીજાનામાં નાખી દે તો એને પાપ લાગે અને એનું નખોદ જાય, પોપટભાઈ! આહા..હા..! આવું અજ્ઞાની અનાદિથી માની રહ્યો છે. સમજાણું કાંઈ? આ દેવદ્રવ્ય ખાય તો નુકસાન થાય એ ઉપર એ કથા હતી. અહીં કહે છે, પણ એને પોતાને ખબર જ નથી કે આ પરદ્રવ્ય છે અને મારામાં કોઈએ મૂકી દીધું છે. એને ખબર નથી ને એને પાપ લાગી જાય? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ બધા મારા હતા અને મેં કર્યું. આહા..હા..! પાટણીજી! આવી વાતું છે. આહા..હા..! પહેલું સામાન્ય લીધું, હું આનો, એ મારા. પછી મારું છે અને હું એનો છું એ વર્તમાન. પછી પૂર્વે મારું હતું અને હું એનો હતો એ ભૂતકાળ. ભવિષ્યમાં એ મારા થશે અને હું એનો થઈશ એ ભવિષ્ય. આટલા બોલ આવ્યા એમાં. આ કેટલા બોલ અને કેટલા માટે? કે રાગ, શરીર, વાણી, પૈસા, લક્ષ્મી, પર, દીકરા, દીકરી, દેશ એ બધા આમાં. આટલા બોલ લાગુ પાડવા. આહા..હા..! સમજાણું કાંઈ? આમ માણસ કહે છે ને કે જો આપણે લાખ-બે લાખનું મંદિર કરાવીએ ને તો એમાંથી ધર્મ કરશે એનો લાભ આપણને મળશે. તદ્દન ખોટી વાત છે. એ માર્ગ એવો ઝીણો છે. આવા જૂઠાં વિકલ્પ કરે તે અજ્ઞાની છે કહે છે. કહો, હીરાભાઈ! આહા..હા..!

હવે સવળું લે છે. એ અવળીની વાત પહેલી કરી. '**વળી અગ્નિ છે તે ઈંધન નથી,...**'

હવે પ્રતિબુદ્ધની વાત લે છે. અગ્નિ છે તે લાકડું નથી. લાકડું કહે છે ને? લકડી. '**ઈંધન છે તે અગ્નિ નથી,**' અગ્નિ પ્રકાશમાન જ્યોતિ તે લાકડું નથી. લાકડું છે તે પ્રકાશમય અગ્નિની જ્યોતિ નથી. આહા..હા..! અગ્નિના ત્રણ ગુણ વર્ણવ્યા છે ને શાસ્ત્રમાં—પ્રકાશ, દાહક, બાળે. લાકડાને બાળે, પ્રકાશ કરે અને પાક-અનાજને પકવે, પાચક. એ પચવી શકે નહિ એ પ્રશ્ન અત્યારે નથી. એમ આત્મામાં ત્રણ ગુણ મુખ્ય છે. એક સમ્યગ્દર્શન જે આખા આત્માને પચવે. પૂર્ણાનંદનો નાથ એની પ્રતીતિ કરે અને પચી જાય. જ્ઞાન સ્વ અને પરને પ્રકાશે અને ચારિત્ર રાગને બાળે. જયસેનાચાર્યની ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં આ બધું ભરેલું છે. દિગંબર શાસ્ત્રોમાં તો ગંભીરતા એટલી ભરી છે કે કાંઈ બાકી નથી. સમજાય છે ને? ઘણી વસ્તુ. ઓહોહો..! એ દાખલો જયસેનાચાર્યમાં છે, સમયસારમાં. અગ્નિમાં જેમ પ્રકાશક, દાહક અને પાચક એ મુખ્ય (ગુણ છે), એમ ભગવાન આત્મામાં પાચક સમ્યગ્દર્શન આખા પૂર્ણાનંદને પચવે છે, આહા..હા..! એક સમયની પર્યાય પચવે છે આખી ત્રિકાળી પૂર્ણાનંદ સ્વરૂપ છે એને પાચન કરે છે, એને શ્રદ્ધામાં પચવી નાખે છે. જ્ઞાન સ્વ અને પરને જાણવાનો પ્રકાશ કરે છે અને ચારિત્ર બાળી નાખે છે રાગને એટલે સ્થિરતા થાય ત્યાં રાગ રહેતો નથી. દાહક, દાહક-બાળી નાખે છે. આહા..હા..! એવો આત્માનો ગુણ છે એમ ન માનતા...

અહીં કીધું ને? '**ઈંધન છે તે ઈંધન જ છે; અગ્નિનું ઈંધન નથી, ઈંધનનો અગ્નિ નથી,**' અગ્નિ છે (તે ઈંધન નથી), ઈંધનનું ઈંધન છે. એ વર્તમાન નાખ્યું. '**અગ્નિનો જ અગ્નિ છે, ઈંધનનો ઈંધન છે; અગ્નિનો ઈંધન પહેલાં હતો નહિ, ઈંધનનો અગ્નિ પહેલા હતો નહિ; અગ્નિનો અગ્નિ પહેલાં હતો,...**' અસ્તિ-નાસ્તિ બે કરીને? '**ઈંધનનું ઈંધન પહેલાં હતું; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે નહિ, ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ, અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઈંધનનું ઈંધન જ ભવિષ્યમાં થશે; આ પ્રમાણે જેમ કોઈ અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે પ્રતિબુદ્ધ** લક્ષણ છે.' એટલે આવું જ સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું?

'**તેવી જ રીતે હું આ પરદ્રવ્ય નથી,...**' પહેલી સામાન્ય વાત કરે છે. જુઓ, આહા..હા..! હું તો એક સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ આત્મા છું. આહા..હા..! હું સર્વને જાણું ખરો, પણ સર્વ મારું નહિ. આહા..હા..! રાગથી માંડીને બધું જાણું ખરો, એ મારો જાણવાનો સ્વતઃ સ્વભાવ છે. કારણ કે હું સર્વજ્ઞસ્વરૂપી છું. પર્યાયમાં સ્વપરને પૂર્ણ જાણું એ મારો સ્વભાવ છે, પણ પર મારા છે એ વસ્તુમાં નથી અને પર હતાં તો આ જ્ઞાન થયું મારામાં એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે જેમ કોઈને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેવી જ રીતે હું આ પરદ્રવ્ય નથી,...**' આહા..હા..! રાગ પણ હું નહિ,

શરીર હું નહિ, દેશ હું નહિ, કુટુંબ હું નહિ, દીકરો નહિ, દીકરી નહિ. આહા..હા..! મારી હાજરી ત્યાં હોય ત્યાં હું મારી હુંફ મળે તો બધા કામ બહુ સારા થાય. ધૂળેય નથી બરાબર, એ કહે છે. હું તો જાણનાર છું એમાં વળી બીજાને કામ સારા થાય એ આવ્યું ક્યાંથી તારે? કહે છે. સમજાય છે કાંઈ? એય..! પ્રવિણભાઈ! આ બધું ચાલે છે સંસારમાં, હોં! આહા..હા..! છે?

'**હું આ પરદ્રવ્ય નથી,...**' હું એક અસ્તિ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ.. આહા..હા..! એ પરદ્રવ્ય નથી. રાગરૂપે હું નથી, શરીરરૂપે હું નથી, વાણીરૂપે હું થતો નથી, થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ રળવામાં હુશિયાર માણસ હોય તો વધારે રળે એમ નથી કહેતા? બડથોલ બેઠો હોય દુકાને તો રળી શકે? ધૂળમાંય નથી. એ બધી ખોટી કલ્પનાઓ છે. અમારે કુંવરજીભાઈનું હતું, ગામમાં ઘણાની દુકાનો બંધ થઈ ગઈ, મારી દુકાન બરાબર (ચાલે છે). ધ્યાન રાખું છું હું. આ મારી. ઘણાની .. ઘણાની ગઈ અને મારી બરાબર છે. ધૂળેય નથી, કીધું. આહા..હા..! અરેરે..! શું થાય? જીવની જાતની શું સ્થિતિ છે એ તો સર્વજ્ઞ .. છે. સર્વને જાણે તું, સર્વમાંથી કોઈને પરને પોતાનું માને એ સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હું આ...**' હું એટલે સિદ્ધ કર્યું. આ કહ્યું છે, બીજા દ્રવ્યો છે, રાગાદિ વસ્તુ છે બધી, પણ હું આ પરદ્રવ્ય નથી. આહા..હા..! '**આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,–**' રાગ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ અને એના ફળ તરીકે સ્વર્ગાદિ એ મારું સ્વરૂપ નથી. આહા..હા..! એ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી. આહા..હા..! મોટો રાજા થાય, હજારો રાજા આમ ચામર ઢાળે. સમજાય છે? ખમ્મા-ખમ્મા થાય. એ પણ અહીં કહે છે કે એ હું નથી. છ ખડંનો ધણી ચક્રવર્તી સમકિત પામે ત્યારે આ હું નથી, આ તો બધી એની મેળાએ છે. હું છ ખંડનું રાજ કરું છું (એમ) નથી. હું તો અખંડને સાધુ છું. છ ખંડનો હું સ્વામી નહિ. હું તો અખંડ પ્રભુનો સ્વામી છું. આહા..હા..! ન્યાલભાઈએ મૂક્યું છે એ. કોઈ કહે કે ચક્રવર્તી છ ખંડને સાધતા હતા. એમ નહોતું, એ તો સમકિતી હતા તો અખંડને સાધતા હતા. છ ખંડ નહિ, અખંડ. આહા..હા..! જ્ઞાયકસ્વરૂપ અનંત આનંદનો નાથ પ્રભુ, આહા..હા..! એને સાધતા હતા. આ તો ભાઈ! આ તો અંતરની વાતું છે. એ કંઈ પકડી લે તો પકડાઈ જાય (એમ નથી). આ તો વસ્તુ અલૌકિક વાત છે. આહા..હા..!

'**હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,** ' આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ એ મુજસ્વરૂપે નથી. હું તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ, સર્વજ્ઞનેત્ર મારા, એમાં રાગ મારો ક્યાંથી આવ્યો? અને હું રાગનો ક્યાંથી થઈ ગયો? હું તો સર્વજ્ઞસ્વભાવમાં છું. આહા..હા..! સમજાણું કાંઈ? એટલું પહેલું સામાન્ય કહ્યું. હવે વર્તમાન. '**હું તો હું જ છું,...**' એ નકારથી છે પણ એ વર્તમાન છે. વર્તમાન સામાન્ય છે. '**હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,**' એટલું સામાન્ય. '**હું તો હું જ છું, પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય**

જ છે;...' એ સામાન્ય. અસ્તિ-નાસ્તિ છે ને. '**હું તો હું જ છું, પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે;...**' આહા..હા..! હવે વર્તમાન. '**મારું આ પરદ્રવ્ય નથી,...**' અત્યારે. રાગાદિ મારા નથી અત્યારે. શરીર, વાણી, મન, દેશ, કુટુંબ એ મારા નથી. આ પરદ્રવ્ય... મારું આ પરદ્રવ્ય નથી. આહા..હા..! '**આ પરદ્રવ્યનો હું નથી,**' વર્તમાનની વાત છે. '**મારો જ હું છું,...**' હજી વર્તમાન છે. '**મારો જ હું છું,...**' સર્વજ્ઞસ્વભાવી તે જ હું છું. '**પરદ્રવ્યનું પરદ્રવ્ય છે;...**' આહા..હા..! આવું છે. વ્યવહારરત્નત્રયનો રાગ આવે એ સ્વરૂપે હું નથી, તે મારા નથી. ફક્ત હું એ સંબંધીનું જ્ઞાન એ તો મારું છે, તે જ્ઞાનવાળો છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..! સંતોએ કરુણાથી એવી (વાત) કરી છે કે સામાને ગળે ઉતારી નાખે. ગરભલો કરીને ... ગરભલો સમજો છો? બાજરાનો લોટ આમ ... એવું મૂક્યું છે. ભાઈ! તું આ છો ને. તું તો આત્મા છો ને, નાથ! સર્વજ્ઞ સ્વભાવી આત્મા છો ને. એ વસ્તુ તું નથી, એ તારી નથી. આહા..હા..!

હવે ભૂતકાળ. '**આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...**' અરે..! મારું પહેલું શરીર હતું. એ તો હમણાં બગડી ગયું, હોં! એમ કહે છે ને? કહે છે. બધા ગાંડા ઘણા છે. આહા..હા..! એક જણો વળી એમ કહેતો હતો કે આ બાયડી એવા પગલાની મળીને આવ્યા ત્યારથી લક્ષ્મી બધી વઈ ગઈ મારી. છપ્પરપગી. આ જુઓને ગાંડા તે કાંઈ. વળી એક જણો એમ કહેતો હતો. બધાની ખબર છે હોં! કોણ ક્યાં હતું એ નામ ન અપાય. નામની પણ ખબર છે. એ કહેતો હતો, જ્યારથી આ નવી બાઈ આવી મારા ઘરે ત્યારથી મારા પૈસાનું નખોદ વળી ગયું. એક જણો એમ કહેતો હતો કે આ કંકુને પગલે મારી ઘરે આવી બાઈ. ત્યારથી હું અઢળક પૈસાવાળો થઈ ગયો છું. એય..! પોપટભાઈ!

**શ્રોતા :-** આપના પગલા કરાવે તો ધનના ઢગલા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી કાંઈ સાંભળને. પગલા કે દિ' હતા આત્માના? આહા..હા..!

**શ્રોતા :-** લોકો માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને છે, એ કહે છે ને, ખબર છે ને બધી. નાટક તો બધું જોયું છે અમે. નાચ્યા નથી પણ જોયા છે નાચનારને. આહા..હા..! ઘણા વખતથી. સંસારમાં પણ ઘણાંને જોયા છે. આહા..હા..!

'**આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...**' ભાઈ! એ નોકર પહેલા હતો એ હતો, હવે કોણ જાણે ફરી ગયો મારો. આ છોકરા મારા પહેલાં કહ્યાગરા હતા. આહા..હા..! સમજાણું કાંઈ? હવે કોણ જાણે શું થયું, માનતો નથી મારું. પરણાવ્યા પછી બાયડીના થઈ ગયા, એમ કહે છે. આ પારકી જણી આવી તો એનો થઈ ગયો, એમ વળી વાતું કરે કેટલાક. અરે..! સાંભળને બાપા! શું કહે છે તું આ? અહીં તો કહે છે, પહેલાં મારું કોઈ હતું જ

નહિ. કોઈ હતું નહિ અને મારું તો હતું તે સર્વજ્ઞસ્વરૂપી હું છું. આહા..હા..!

**'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,'** આહા..હા..! સમજાણું કાંઈ? ડાંગે માર્યા પાણી કાંઈ જુદાં પડે? એમ કહે છે કેટલાક. પાણી હોય ને જાડું પાણી? આમ ડાંગ મારે તો પાણી તો ભેગું થઈ જાય. એમ કે ભાઈઓ કાંઈ ભેગા હોય એ જુદાં પડે? પણ ભાઈઓ જુદાં જ છે, ભેગા કે દિ' હતા! એ પણ કહેવાય છે. વાતું છે ખોટી. આહા..હા..! અહીં તો એ કહે છે, આહા..હા..! **'આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** છે? **'એનો હું ભવિષ્યમાં થઈશ નહિ,...'** એ રાગનો હું થઈશ નહિ, શરીરનો હું થઈશ નહિ, દેશનો હું થઈશ નહિ. આહા..હા..! કો'કનો દીકરો હું થઈશ નહિ, કો'કનો બાપ હું ભવિષ્યમાં થઈશ નહિ. **'હું મારો જ ભવિષ્યમાં થઈશ,...'** અસ્તિ-નાસ્તિ કરે છે ને. **'આ(પરદ્રવ્ય)નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.'**

**'આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે...'** જુઓ ભાષા! જ્ઞાયકભાવ સર્વજ્ઞસ્વભાવી આત્મા તે જ હું છું. **'સત્યાર્થ આત્મવિકલ્પ...'** જોયું! સત્યાર્થ-ભૂતાર્થ. આહા..હા..! **'તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે,...'** તે જ જ્ઞાનીનું-સમકિતીનું લક્ષણ છે. આહા..હા..! **'તેનાથી તે ઓળખાય છે.'** એનાથી ઓળખાય છે કે આ જ્ઞાની છે અને આ મારા અને મેં કર્યા અને મેં આમ કર્યું હતું, ફલાણું કર્યું, તમે ઉપકાર ભૂલી જાવ છો. બધા આવા ને આવા!

**'ભાવાર્થ :- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે—એમ અગ્નિ-ઇંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.'** એનો કળશ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૨, સોમવાર, તા. ૦૨-૦૨-૧૯૭૬, શ્લોક-૨૨, ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન નં. ૬૪

૨૨ કળશ, જીવ-અજીવ અધિકાર.

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्मानात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

'**શ્લોકાર્થ** :- જગતના જીવો...' એમ સંબોધન કર્યું છે. હે જગતના જીવો! '**आजन्मलीढं मोहम्**' '**અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને...**' કેમકે અનાદિકાળથી ભગવાન આત્મા આનંદ અને શાંતસ્વભાવ હોવા છતાં એણે અનાદિથી રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવને જ વેદ્યા છે. સમજાય છે કાંઈ? અનાદિકાળથી પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજા, કામ, ક્રોધભાવ એ મોહ છે, એ પરમાં સાવધાની છે, એ અધર્મ છે. આહા..હા..! એને અનાદિ કાળથી વેદ્યું છે. સમજાણું કાંઈ? પોતાની જાત આનંદ અને અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિયજ્ઞાન અને આનંદસ્વરૂપ છે એનો સ્વાદ ન લેતાં વર્તમાનમાં અનાદિકાળથી શુભ અને અશુભ વિકલ્પની લાગણીઓ અને એ મારા એવા મિથ્યાત્વભાવનું એણે વેદન કર્યું છે. આહા..હા..! ખાવા-પીવામાં કે વેપારમાં જે ક્રિયા થાય એ એણે કરી નથી. એ કાળે તો રાગ અને દ્વેષના ભાવ થાય એને એણે કર્યા અને એને એણે અનુભવ્યા અને વેદ્યા છે. સમજાણું કાંઈ? ચોવીસે કલાકમાં ધંધાપાણીમાં રોકાય છે ને? એ કાંઈ પરનું કરતો નથી અને કરી શકતો જ નથી. પોપટભાઈ!

**શ્રોતા** :- તો શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગ અને દ્વેષ.

શુભ અને અશુભભાવ, એ વિકૃત વિભાવ એનું '**आजन्मलीढं मोहम्**' અનદિકાળથી કર્યું હોય તો તે વેદ્યું અને દુઃખને જાણ્યું છે. આહા..હા..! છે ને? આજન્મ. '**અનાદિ સંસારથી માંડીને આજ સુધી...**' સ્વરૂપના સ્વાદ અને સ્વરૂપના સ્વભાવથી વિરૂદ્ધ જે ભાવ એને તે વેદ્યો છે, અનુભવ્યો છે. આહા..હા..! નથી એણે જડને-પરને અનુભવ્યો, નથી એણે આત્માને અનુભવ્યો. આહા..હા..! એણે વેદ્યો છે આ. પોતાના સ્વભાવનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે એ ભૂલી અને પુણ્ય અને પાપ મારા, આ શરીર મારા, લક્ષ્મી મારી, સ્ત્રી, કુટુંબ મારા એવી માન્યતામાં કરેલો મિથ્યાત્વભાવ અને અનુકૂળ-પ્રતિકૂળમાં કરેલો રાગ અને દ્વેષ એવો એણે અનુભવ અનાદિથી અનંતવાર કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જગતના જીવો અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને...**' જ અનુભવ્યો છે. આહા..હા..! '**इदानीं त्यजतु**' બસ! એટલી વાત કરીને કહે છે '**હવે તો છોડો...**' '**इदानीं**' અત્યારે. આહા..હા..! ભગવાન આત્માના આનંદને વિષય કરીને, (પરના વિષયને ધ્યેયને) ભૂલી, પરપદાર્થને ધ્યેય બનાવી અને જે રાગ અને દ્વેષભાવનું વેદન છે '**इदानीं**' હવે વિષયને ફેરવને, ભાઈ! '**इदानीं**' છે ને? '**હવે તો છોડ...**' એટલે? પર તરફના ધ્યેયને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પરપદાર્થ એ મારા એવા ધ્યેયને બનાવી અને રાગ-દ્વેષ અને મોહને વેદ્યો, પ્રભુ! દુઃખને વેદે છે, કહે છે. આહા..હા..! એ શેઠાઈમાં ને રાજમાં ને દેવમાં પણ દુઃખને વેદ્યું છે એમ કહે છે, મોહને વેદે છે. આહા..હા..! '**હવે તો છોડ...**'

'इदानीं' હવે વિષય બનાવ ચૈતન્યને એમ કહે છે. ધ્યેયને ફેરવ, ધ્યાનનો વિષય જ્ઞાયકભાવને બનાવ. આહા..હા..! જે તારા ધ્યાનનો વિષય પરને બનાવ્યો છે એ ધ્યાન વિષય કુરુ. ધ્યાનમાં વિષય આત્માને-ભગવાનને બનાવ. આહા..હા..! બહુ ટૂંકું! આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો, એને ભૂલીને તેં પરદ્રવ્ય મારા અનાદિ સંસારથી, નિગોદથી માંડીને, આહા..હા..! એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિયના ભવ કર્યા—નારકીના, મનુષ્યના, દેવના, પશુના; એ ભવમાં તેનું લક્ષ કરી આ મારા છે, મારા છે તેને ભૂલ્યો અને નથી એને પોતાના માન્યા. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાને સાચવવાની ચીજ પોતાની છે, એને ઠેકાણે પરને સાચવવામાં રોકાઈ ગયો. આહા..હા..! પોતાની ચીજને સંભાળ કરવાની છે, એને ભૂલીને પરદ્રવ્યની સંભાળ કરવા રોકાઈ ગયો, તેથી તે દુઃખી છે, એ દુઃખના વેદનવાળો છે. આહા..હા..! પોપટભાઈ! આ પૈસાવાળા પણ દુઃખના વેદનવાળા હશે? આહા..હા..! આ તો .. લક્ષ આ કરું, આ કરું આને આ કરું, આ નોકરને રાખું. કર્યું છે એ ક્રિયા નથી કરી એણે, પણ એ વખતે રાગ ને દ્વેષની આકુળતા, આહા..હા..! ભાઈ! તેં અનંતવાર વેદી છે. 'હવે તો છોડો...' એટલા શબ્દમાં તો એમ કહે છે કે ગુલાંટ ખાને હવે. આહા..હા..! અત્યારે 'इदानीं' વર્તમાન તરત, હોં! એમ કહે છે. આહા..હા..! 'इदानीं' છોડ. ગ્રહ્યું હતું જે રાગ ને દ્વેષને મારા માનીને વેદ્યા હતા, આહા..હા..! એના લક્ષને છોડને અને ભગવાન આનંદનો નાથ પ્રભુ છે તેને લક્ષમાં લાવને. આહા..હા..! આ ધર્મ! ધર્મની રીત તો જુઓ! આહા..હા..! દયા પાળવી, વ્રત પાળવા, ફલાણું (કરવું) એ કોઈ ધર્મ નથી, એ તો વિકલ્પ છે, એ તો રાગનું વેદન છે. આહા..હા..!

'इदानीं' વર્તમાન ગુલાંટ ખા, એમ કહે છે. આહા..હા..! જે તેં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપને ધ્યેય બનાવીને તેનું વેદન કર્યું છે, તે હું છું એમ માનીને વેદન કર્યું છે (તેને છોડીને), તે હું છું એ નહિ. હું તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય છું. આહા..હા..! એમ અંતર્મુખ પર્યાયમાં ધ્યાનમાં ત્રિકાળીને ધ્યાનમાં લે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મ ભાઈ, આવો! આટલા દેરાસર કરવા કે આટલા અપવાસ કરવા એમ કહે તો તો સમજાય. એ અપવાસ કરવાનો વિકલ્પ એ દુઃખ-રાગ (છે). આહા..હા..! એ રાગ કરવા ને... કરે કોણ, ભાઈ? એ વખતમાં તને રાગ થાય. એ રાગનું વેદન પરના લક્ષે, પરના ધ્યેયે, સ્વનું લક્ષ છૂટી, પોતાના ધ્યેયને ભૂલી આ કર્યા છે તેં, ભાઈ! અનંતકાળમાં એક સમય પણ એ રાગ અને દ્વેષને વેદ્યા વિનાનો ગયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયકે ગયો સાધુ થઈને, દિગંબર જૈન સાધુ થઈને ગયો, તો પણ તેણે રાગ અને દ્વેષને જ વેદ્યા છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. ત્યાં એ ફક્ત દયા, દાન, વ્રતના, પરિણામ જે રાગ એને વેદી તેં દુઃખને વેદ્યા છે. આહા..હા..! 'इदानीं' હવે તો છોડ. ભાષા તો જુઓ! 'त्यजतु'

છોડ એમ એનો અર્થ. હવે તો છોડ. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ બિરાજે છે ને! એનો તેં અનાદર કરી પરના પ્રેમમાં જોડાઈને તેં અનાદર કરીને રાગનો આદર કર્યો. આહા..હા..! **'इदानीं'** ભાષા જુઓને. હવે તો અત્યારે વર્તમાનકાળમાં. આહા..હા..! ભૂતને ભૂલીને વર્તમાનકાળમાં. આહા..હા..! **'इदानीं त्यजतु'** હવે તો છોડ એમ અર્થ કર્યો છે.

છોડીને શું કરવું? શું થાય ત્યાં? **'रसिकानां रोचनं'** આહા..હા..! જ્ઞાનીઓને રસિકપણાનો આનંદના સ્વાદના રસિયા. આહા..હા..! **'रसिकानां'** નામ **'રસિક જનો...'** સમ્યગ્દૃષ્ટિ એને **'રુચિકર,...'** એવો જે ભગવાન આત્મા આનંદ. આહા..હા..! સમજાણું કાંઈ? શબ્દ .. **'रोचनं'** ઓલું આમ રુચતું હતું ને, એ મિથ્યાદષ્ટિને રુચતું હતું પુણ્ય ને પાપ ને રાગ. સમ્યગ્દૃષ્ટિને રુચિકર એવો સ્વાદ જે આત્માનો આનંદનો તે રુચિકર સમ્યગ્દૃષ્ટિને છે. **'रसिकानां'** નામ **'રસિક જનોને...'** **'रसिकानां'** છે ને? રસિકજનોને **'रोचनं'**. આહા..હા..! શુદ્ધ અનુભવી સમ્યગ્દૃષ્ટિને રુચ્યું એવો જે આત્માનો અનુભવ. આહા..હા..! એનો અર્થ એ કર્યો કે જ્ઞાનીને રુચિ હોય તો અતીન્દ્રિય આનંદની છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા! કાંઈક વ્રત કરવા કે અપવાસ કરવા.. ભાઈ! એ તો બધા વિકલ્પો છે, બાપુ! એ તો તેં કર્યા, અનંતવાર કર્યા છે. આહા..હા..! છ-છ મહિનાના અપવાસ ને બબ્બે મહિનાના સંથારા. આહા..હા..! જારની દાળ પડી રહે એમ પડ્યો રહે બબ્બે મહિના સુધી, પણ ધ્યેય ન બદલાવ્યું તેં. વર્તમાનમાં રાગ ને દ્વેષને કરીને તેનું વેદન કર્યું એ કાળે. આહા..હા..!

**'રસિક જનોને રુચિકર,...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને, શુદ્ધનો અનુભવ કરનારને રુચિકર. **'उद्यत् ज्ञानम्'** એવું **'ઉદય થઈ રહેલું જે જ્ઞાન...'** જોયું! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનમાં અનુભવમાં આવે એવો જે આત્મા એવું જે **'उद्यत्'** પ્રગટ થયેલું જે જ્ઞાન. શક્તિરૂપે છે એ જુદું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિએ દ્રવ્યની રુચિ કરીને શક્તિમાં જે રસ હતો તે પર્યાયમાં રસ લાવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? **'રસિક જનોને રુચિકર,...'** જુઓ, **'रोचनं'** રુચિકર. ધર્મીને રુચિકર તો આત્માના આનંદનો સ્વાદ છે. આહા..હા..! એને નથી પુણ્ય અને પાપની રુચિ, નથી પુણ્ય-પાપના બંધ થયા ભાવની રુચિ, નથી એના ફળ આવ્યા એની રુચિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ઝીણી ને તે માણસને .. અહીં તો સીધી વાત કરી છે, પહેલો વ્યવહાર કરજે અને આમ કરજે એમ નથી કીધું. વ્યવહાર તો રાગ છે એ તો કર્યો છે, એની રુચિ તો અનાદિની છે. આહા..હા..! આહા..હા..! **'इदानीं त्यजतु'** હવે તો છોડ. એટલે તેના લક્ષને છોડ અને ત્રિકાળી ભગવાન બિરાજે છે એનું લક્ષ કરને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'રસિક જનોને રુચિકર,...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ અનુભવીને રુચિકર એવો જે ભગવાન આત્મા એટલે જ્ઞાન, જ્ઞાન કહો કે આત્મા કહો, ત્રિકાળી જ્ઞાન. ઓલું રાગનું વેદન હતું એ રાગની રુચિ કરનારો મિથ્યાદષ્ટિ હતો અને જ્ઞાનસ્વભાવ ભગવાન આનંદ જ્ઞાનસ્વભાવ એના

સ્વાદનો રુચિકર એ સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'रसिकानां रोचनं उद्यत् ज्ञानम्' ધર્મીને જ્ઞાનનો ઉદય પ્રગટ દશા તેનો રસિકજનો સ્વાદ લે છે. આહા..હા..! એને 'આસ્વાદો;...' એટલે કે રાગ અને દ્વેષનો સ્વાદ હતો એ પરલક્ષના ધ્યેયે હતો. રસિકજનોનું ધ્યેય તો તત્ત્વ ચૈતન્ય ધ્યેય છે. આહા..હા..! એનાથી પ્રગટ થતું જ્ઞાન, જ્ઞાન સ્વભાવરૂપ છે એ પર્યાયમાં પ્રગટ થતું જ્ઞાન, ઓલો જે રાગ પ્રગટ થતો એ છોડ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ એટલે માણસને (એકાંત લાગે)! વસ્તુ આવી છે.

'આસ્વાદો;...' આહા..હા..! એ પુણ્ય અને પાપના રાગના રસિયા, એનો રોચન કરનારો તે દુઃખને વેદે છે. આહા..હા..! ધર્મીને રુચિકર—રસિકજનોને રુચિકર એવો ભગવાન આત્મા, જેને એ આત્મા શક્તિરૂપ છે એની રુચિ કરીને જેણે જ્ઞાનની પર્યાયને, આનંદની પર્યાયને ઉદ્યત નામ પ્રગટ કરી છે, આહા..હા..! એને આસ્વાદો, એનો આસ્વાદ લ્યો કહે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! એટલા શબ્દોમાં તો ઘણું (ભરી દીધું છે). આહા..હા..!

શુભભાવ એ પણ જ્ઞાતા-જ્ઞાનનું જ્ઞેય છે અને એનું બંધન થાય પુણ્ય એ પણ જ્ઞાતાનું જ્ઞેય છે અને એના ફળ તરીકે અનુકૂળ સંયોગો સ્વર્ગાદિના મળે એ પણ જ્ઞાતાનું જ્ઞેય છે, સ્વજ્ઞેય નહિ. આહા..હા..! એમ પાપના પરિણામ છે એ જ્ઞાતાનું જ્ઞેય છે, એનાથી બંધન અશાતાનું (થાય) એ પણ જ્ઞાતનું જ્ઞેય છે, એનાથી પ્રતિકૂળ સંયોગ મળે એ પણ જ્ઞાતાનું જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા...! સવારમાં કહ્યું હતું ને? એ વ્રતના પરિણામી જીવને સ્વર્ગમાં સ્ત્રીઓ મળે, સુખ મળે એનો અર્થ ઈ કે એને ધર્મીને તો આત્મા રુચ્યો છે, એને શુભભાવ થયા એની રુચિ નથી, એ વ્રતની રુચિ નથી, વ્રત તો જ્ઞાતાનું જ્ઞેય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ શુભભાવ પણ જ્ઞાતાનું પરજ્ઞેય તરીકે છે ઈ. એથી એનું બંધન થાય એ પણ પરજ્ઞેય તરીકે છે અને એનું ફળ આવે એ પણ પરજ્ઞેય તરીકે છે. એટલે કે જ્ઞાનીને શુભભાવ થતાં એ સંયોગીભાવથી એને સંયોગ મળે એને એ જ્ઞેય કરે છે. આહા..હા..! એ મારા મને સંયોગ મળ્યો એમ નથી માનતો. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે જ્યાં.. જુઓને! અધિકાર ચરણાનુયોગનો વર્ણવતા પણ કેટલું વર્ણન કર્યું છે! વ્રતથી એને આ સ્વર્ગના સુખો મળે, પણ એનો અર્થ શું કર્યો? ભાઈ! તારો નાથ આનંદનો પ્રભુ એને ભૂલીને અથવા અસ્થિર થઈને. ભૂલીને મિથ્યાદૃષ્ટિને. અસ્થિર થઈને પણ જે શુભવિકલ્પ ઊઠ્યો વ્રતનો એ વર્તમાન પણ તે જ્ઞાતાનું જ્ઞેય છે, જ્ઞાતાનું મારું છે એમ છે નહિ. આહા..હા..! અને એના તરીકે બંધન પડ્યું પુણ્યના રજકણો... એ છ બોલ લીધા છે ને આગળ. છ બોલ નહિ? ભાવ, બંધન અને સંયોગ. છ બોલ છે. છે ને? નિયમસારમાં છે. એ બધું સ્વરૂપ ભગવાન આત્મા રસિકજનોને રુચિકર. એ આવ્યું ને? રસિકજનને-સમ્યગ્દૃષ્ટિ જીવને- રસકિજનોને- એ રસિકજન છે એને રુચિકર. આહા..હા..! એ ત્રિકાળી જ્ઞાયકભાવની રુચિ છે એથી જ્ઞાયકભાવની

રુચિ થતાં જ્ઞાન પર્યાયમાં પ્રગટ થયું. જે શક્તિરૂપે જ્ઞાયક હતું એ પર્યાયપણે પર્યાયમાં પ્રગટ આનંદના સ્વાદસહિત પ્રગટ થયું. આહા..હા..!

અહીં કહે છે કે રસિકજનોને '**रसिकानां**' એનો સ્વાદ લ્યો તમે. આહા..હા..! અજ્ઞાનીઓને જે રુચિકર પુણ્ય અને પાપ એને છોડ હવે. '**इदानीं त्यजतु**' ભાષા તો કેવી! આહા..હા..! ભાઈ! તેં એવું અનંતવાર કર્યું છે, બાપુ! આહા..હા..! એ દુઃખના વેદન તો પરના ધ્યેયને પોતાના માનીને અનંતવાર વેદ્યા છે. હવે તો રસિકજનોને '**रोचनं**'. આહા..હા..! શુદ્ધ અનુભવી સમ્યગ્દષ્ટિને '**रोचनं**' તો આનંદનો સ્વાદ રુચે છે. આહા..હા..! છ ખંડના રાજ મળે ચક્રવર્તીને તો પણ એ તો સમ્યગ્દષ્ટિ છે, તેથી એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે, મારા તરીકે જાણતો નથી, તે પરજ્ઞેય તરીકે (જાણે છે). 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ ભેદ ભ્રમ ભારી, નિજરૂપા નિજશક્તિ પરરૂપા પરભાસી' નિજરૂપા નિજશક્તિ. પરરૂપા પર. આહા..હા..! એટલે? કે પંચમહાવ્રત અને પાંચ અણુવ્રત વગેરે શુભભાવ એ પણ મારા છે એમ તો જ્ઞાનીએ માન્યું નથી. આહા..હા..! એ પણ એક પરજ્ઞેય તરીકે છે. આહા..હા..! સ્વજ્ઞેયમાં નહિ. એથી એના ફળ તરીકે બંધન પડ્યું ત્યાં પરમાણુનું એ પણ પરજ્ઞેય તરીકે છે. મને બંધન છે, હું બંધાણો એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એના ફળ તરીકે સંયોગ મળે. સંયોગીભાવનું ફળ સંયોગ હોય. સ્વભાવભાવનું ફળ શાંતિ ને આનંદ હોય અંદર. આહા..હા..! વસ્તુ તો જુઓ! પણ એ સંયોગને જ્ઞાતા સમ્યગ્દષ્ટિ જ્ઞેય તરીકે જાણે છે, મને મળ્યા ને આ મારા એમ માનતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે ભગવાન તો આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. કહ્યું ને તેથી? શું કીધું? '**उद्यत् ज्ञानम्**' આહા..હા..! જે રાગ અને દ્વેષનો ઉદય પ્રગટ થતો અને તેનું વેદન હતું. હવે ગુલાંટ ખા.

'**રસિક જનોને રુચિકર,...**' એવો ભગવાન આત્મા, એની રુચિમાંથી પર્યાય જે પ્રગટી રુચિને લઈને આનંદ ને જ્ઞાન (પ્રગટ થયા), અહીં જ્ઞાન લીધું છે. જ્ઞાન કહો કે આત્મા કહો. એ આત્માનું જે જ્ઞાન તેને આસ્વાદો. '**उद्यत् ज्ञानम्**' એમ કીધું ને? ઉદય થઈ રહેલું જ્ઞાન. આ શબ્દ છે. આહા..હા..! એટલું જ્ઞાનસ્વરૂપ છે એ તો. હવે એની રુચિ કરી છે એથી પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં શક્તિ જ્ઞાનની અને આનંદની પ્રગટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા જુઓ, '**उद्यत् ज्ञानम्**' એકલું જ્ઞાન ત્રિકાળી પડ્યું એ તો જ્ઞાયક છે. એ તો એની રુચિ કરી એટલે પર્યાયમાં જ્ઞાન અને આનંદ પ્રગટ્યો. આહા..હા..! રાગ અને પુણ્ય-પાપની રુચિ હતી ત્યાં દુઃખ ઉદય થયું હતું, ત્યાં જ્ઞાન ઉદય નહોતું આવ્યું. આહા..હા..! એની રુચિ છોડી '**इदानीं त्यजतु**' અને રસિકજનોને—આનંદના રસિકજનો એવા સમકિતી એને રુચે એવું જે આત્મા-જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈ એને આસ્વાદ. આહા..હા..! ધ્યાન વિષય કુરુ. તારા ધ્યાનનો વિષય રાગ અને દ્વેષ ને પર બનાવ્યો છે એ તો અનંતકાળથી કર્યું, એ કાંઈ નવી ચીજ છે નહિ. આહા..હા..! એ તો દુઃખના વેદનનું ધ્યેય બનાવ્યું છે.

હવે ધ્યેય ફરી જા. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યની શૈલી તો જુઓ! 'इदानीं त्यजतु रसिकानां रोचनं उद्यत् ज्ञानम्' આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ત્યાં આવ્યું હતું ને, છે ને. પંડિતજી! આહા..હા..!

મુનિઓની વાણી એ તો અધ્યાત્મથી ભરેલી છે. આ તો સંતો છે. આ કાંઈ વક્તા ને કહેનારા એકલા નથી. આહા..હા..! એક શબ્દમાં તો ગુલાંટ ખાઈ ગયો કે આમ રુચિકર જે અજ્ઞાનીને પુણ્ય ને પાપના ભાવ રુચિકર છે એ પ્રગટ થઈને (આવ્યા) એ તો દુઃખનું વેદન છે. એ તો તે 'आजन्मलीढं' અનાદિથી કર્યું છે એ તો કર્યું છે, એ તો અમે જાણીએ છીએ. હવે ગુલાંટ ખા. હવે ધ્યાનના વિષયમાં ધ્યેય આત્માને બનાવ. જે ધ્યાનના વિષયમાં આમ બનાવ્યું હતું એને આમ બનાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મુનિઓની અધ્યાત્મ વાણી છે, બાપા! આ કાંઈ વાર્તા કથા નથી. આહા..હા..! દિગંબર સંત એટલે પરમેશ્વર—પરમેષ્ઠીમાં ભળેલા અને એની જે વાણી નીકળી, વાણી તો વાણીને કારણે નીકળી, પણ એમાં એનો વિકલ્પ નિમિત્ત હતો અને જ્ઞાન હતું નિમિત્ત. આહા..હા..! એ નિમિત્તનો અર્થ એનાથી થયું નથી ભાષા, પણ ભાષાને આ નિમિત્ત એવી જ ભાષા સ્વપરને પ્રકાશવાની શક્તિવાળી ભાષા નીકળે છે. આત્મા-સ્વપરનો પ્રકાશક છે. વાણી સ્વપરને કથન કરનારી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક કળશમાં તો કેટલું ભર્યું છે! આહા..હા..!

'रसिकानां रोचनं' એનો અર્થ કર્યો કે સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપના ભાવ રુચિકર નથી અને એનાથી બંધ પડ્યો એ પણ રુચિકર નથી અને એના ફળ તરીકે ચક્રવર્તીનું રાજ મળે એ પણ રુચિકર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં કહ્યું ને આવું કરે ને આ મળે એથી કરીને લલચાવ્યા છે એમ નહિ, એ તો એ રીતે થાય છે તેને જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! પરજ્ઞેય તરીકે. જ્ઞેય તો સ્વ પણ છે. આવે છે ને 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી, નિજરૂપા પરરૂપા ભાસી' 'નિજરૂપા પરરૂપા ભાસી.' નિજ એટલે સ્વ, પરરૂપા-રાગાદિ. એ શ્લોક છે બનારસીદાસનો. 'નિજરૂપા પરરૂપા ભાસી.' જ્ઞેય 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી' આ જાણે કે આને જાણે છે ને આને જાણે છે. એ તો મારી શક્તિ છે. સ્વને સ્વશક્તિ તરીકે જાણું અને પરને પરજ્ઞેય તરીકે જાણું એ મારા સ્વભાવનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એ પુણ્યના પરિણામ થાય એ પણ પરજ્ઞેય તરીકે છે એમ જ્ઞાની જાણે છે. આહા..હા..! એના ફળ તરીકે સ્વર્ગમાં સ્ત્રીઓ આદિનું કહ્યું એ પણ જ્ઞાની તો તેને જાણે છે, આહા..હા..! મને મળ્યા એમ એ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે કે '**રસિક જનોને રુચિકર,...**' સમ્યગ્દૃષ્ટિને એ પુણ્યના ફળ મળે એ રુચિકર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માના રસિયા એવા રસિક એને રુચિકર.

ત્રિકાળી આનંદને જ્યાં ધ્યેયમાં લીધો એટલે જ્ઞાન અને આનંદ પ્રગટ્યો એ રુચિવાળાની પરિણતિ છે, એને આસ્વાદ. આહા..હા..! સમજાણું કાંઈ? રુચિ થઈ એનો અર્થ? આનંદનો સ્વાદ આવ્યો. રુચિ, શ્રદ્ધા, પ્રતીતિની વ્યાખ્યા આ છે કે એને આનંદનો સ્વાદ આવ્યો પ્રત્યક્ષ એને શ્રદ્ધા, રુચિ અને પ્રતીત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, વિશ્વદર્શન વસ્તુનું દર્શન છે. ઓલા કહે ને વિશ્વધર્મ-વિશ્વધર્મ. બધા ધર્મ ભેગા થાય એ વિશ્વધર્મ છે નહિ. આહા..હા..! ભગવાન સર્વજ્ઞએ કહેલો એક જ માર્ગ વિશ્વધર્મ-જૈનધર્મ છે, બીજા કોઈ ધર્મ સાથે મિલાન છે નહિ, ભાઈ! બીજાને ઠીક લાગે ન લાગે એની વાત જુદી છે. અલૌકિક વાત છે!

તેથી કહે છે, અમે કહીએ છીએ કે પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપની રુચિકર સમકિતીને એ રુચિકર આત્માનો સ્વાદ છે. એને રાગ રુચિકર નથી, પુણ્ય રુચિકર નથી, એના ફળ રુચિકર નથી. એને હે જગત! '**इदानीं त्यजतु**' હવે તો પરના સ્વાદને છોડ. આહા..હા..! અને આત્મા અંદર '**ज्ञानमुद्यत्**' જ્ઞાયકભાવની દૃષ્ટિ થતાં, રુચિ થતાં એ પર્યાયમાં જ્ઞાન આવ્યું, આનંદ આવ્યો, શાંતિ આવી એને આસ્વાદ. આહા..હા..! આવું છે. બહુ ઝીણું પડે માણસને, પણ શું થાય? માર્ગની આ રીત છે, બીજી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? .. કુંદકુંદાચાર્ય કહ્યું છે, સમકિત, ત્રિલોકમાં બધી ચીજમાં કલ્યાણકારી ચીજ હોય તો એ છે. પંડિતજી! રત્નકરંડ શ્રાવકાચારમાં એક ગાથા છે. સમકિત જેવી કોઈ કલ્યાણિક જગતમાં ચીજ નથી અને મિથ્યાત્વ જેવી અકલ્યાણક કોઈ ચીજ નથી.. હા એ. આહા..હા..!

'**આસ્વાદો; કારણ કે આ લોકમાં આત્મા છે તે ખરેખર કોઈ પ્રકારે...**' '**कथम् अपि अनात्मना साकम्**' અનાત્મા એટલે રાગથી માંડીને બધી ચીજો અનાત્મા છે. આ આત્માની અપેક્ષાએ સિદ્ધ ભગવાન પણ અનાત્મા છે. આહા..હા..! '**કોઈ પ્રકારે અનાત્મા સાથે...**' '**અનાત્મા (પરદ્રવ્ય) સાથે કોઈ કાળે પણ...**' આહા..હા..! '**क्व अपि काले तादात्म्यवृत्तिम्**' પર સાથે અનુભવ કદી થયો નથી. '**कलयति**' પરદ્રવ્ય સાથે એનો આત્માનો-જ્ઞાયકભાવનો કદી અનુભવ થયો નથી. આહા..હા..! અનુભવ થયો નથી, પરને અવલોકન (કરી) મારું કરીને માન્યું નથી એવો એનો સ્વભાવ છે જીવનો. '**तादात्म्यवृत्तिम् कलयति न**' એકપણું પામતો નથી. આહા..હા..! ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ એ ગુણ-ગુણીના ભેદ ને વિકલ્પથી માંડીને બીજા બધાય એ અનાત્મા સાથે આ આત્મા એકત્વપણાને પામતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ... એ કહે કે દયા પાળવી, વ્રત કરવા એ તો કહેતા નથી. સાંભળને, બાપા! એ દયા ને વ્રતનો જે વિકલ્પ છે એમાં તારી દયા નથી. આહા..હા..! પરની દયા પાળવાનો વિકલ્પ છે એ હિંસા છે. આહા..હા..! માર્ગ બાપુ, સ્વના આશ્રયનો માર્ગ અલૌકિક છે. આહા..હા..! સ્વનો આશ્રય. પરનો આશ્રય છોડ અને સ્વનો આશ્રય કર એમ કહે છે. આહા..હા..!

એને પર સાથે 'तादात्म्यवृत्तिम् कलयति न' એકપણું કદી પણ આત્મા રાગ અને પર સાથે એકપણું પામતો નથી. આહા..હા..! **'કેમકે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એક્તારૂપ થતો નથી.'** 'एकः' છે ને છેલ્લો શબ્દ! એક જ્ઞાયકભાવ એકરૂપે જ્ઞાયકભાવ (છે) એ કદાપિ પણ પુણ્યના વિકલ્પ અને રાગાદિ સાથે એકપણું પામતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને, એક કળશમાં કેટલું નાખ્યું! આહા..હા..! 'અમારી આંખ પહેલાં સારી હતી, હમણા જરી બગડી છે. અમારા શરીર અત્યાર સુધી નિરોગ અમારું શરીર રહ્યું છે. કોઈ દિવસ સૂંઠ ચોપડી નથી' એમ કરીને અમારું-અમારું કરીને મરી ગયો. કે દિ' તારું હતું શરીર? ગયા કાળમાં કે દિ' હતું? અત્યારે કે દિ' છે? અને (ભવિષ્યમાં) કે દિ' છે? એમ કહે છે. કોઈ કાળે પણ પરવસ્તુ તું માન તો એક થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ સર્વવિશુદ્ધમાં પહેલું લીધું છે કે રાગ અને ભગવાન આત્મા વચ્ચે તડ છે—સંધિ છે, એક નિઃસંધિ થયા નથી એવો પાઠ છે. આહા..હા..! ફક્ત તેં માન્યું છે કે આ રાગ મારો, પુણ્ય-વિકલ્પ મારા. એ તારી માન્યતાએ સંધિ છે તેને એકત્વ-નિઃસંધિ તરીકે તેં માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કોઈ પ્રકારે ખરેખર આ લોકમાં આત્મા કે અનાત્મા સાથે કોઈ કાળે પણ એકપણું પામતો નથી. કારણ કે આત્મા એક છે તે દ્રવ્ય બે થતો નથી. એકડે એક અને બગડે બે. એકપણે છે તે રાગ બીજી ચીજ છે એની સાથે એકપણું પામતો નથી અને એકપણું પામે તો એ આત્મા બગડી ગયો. બગડે બે થઈ ગયો. ... 'तादात्म्यवृत्तिम् कलयति न' **'કેમકે આત્મા એક છે...'** આહા..હા..! સમજાણું કાંઈ? **'તે અન્ય દ્રવ્ય સાથે...'** અન્ય દ્રવ્ય સાથે (અર્થાત્) વિકલ્પ રાગાદિ બધા **'એકતારૂપ થતો નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મની રીત છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે...'** આત્મા રાગ સાથે, શરીર સાથે, કર્મ સાથે, વાણી સાથે, દેશ સાથે, જડ ઇન્દ્રિયો સાથે, અરે..! ખંડ-ખંડ ભાવેન્દ્રિય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે **'એકતા ભાવને પામતો નથી.'** આહા..હા..! **'એ રીતે આચાર્યે, અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ...'** પર રાગ પ્રત્યે, પર પ્રત્યે મોહ તે પરમાં થયેલી સાવધાની... આહા..હા..! **'તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે...'** આહા..હા..! **'અને પ્રેરણા કરી છે કે એ એકપણારૂપ મોહને હવે છોડો...'** આહા..હા..! એટલે? રાગાદિના એકપણાને હવે છોડો અને એકપણું આત્મા છે એને પ્રાપ્ત કરો. સમજાણું કાંઈ? એકપણું તો પ્રાપ્ત કરવું છે, પણ રાગ સાથે એકપણું છોડ, સ્વભાવ સાથે એકપણાને પ્રગટ કર. આહા..હા..! પહેલાં એક શબ્દ હતો ને!

આ તો અમૃતચંદ્રાચાર્યના કળશો ઘણા ગંભીર છે, એની ટીકા પણ ઘણી ગંભીર. શાસ્ત્રમાં ભાવ ભર્યા છે એને દોહીને કાઢ્યા છે. દોહીને સમજો છો? આ ભેંસ હોય ને દૂધ-દૂધ.

અંગુઠો મારીને કાઢે. આમ ન કાઢે હોં એ. ભેંસના આંચળમાં આમ રાખીને ન કાઢે. કારણ કે એનું ચાંદુ પડી જાય. અહીં ખાડો હોય ને એમાં અંગુઠો ભરાવે. આ તો જોયું છે ને બધું. અમારે બહેન હતા ત્યાં ભેંસ રાખતા ને. નાની ઉંમરની વાત છે, ૧૨-૧૩ વર્ષની. એ દોહવા બેસે ત્યારે. એમ આ શબ્દોમાં જે ભાવ ભર્યા છે એને તર્કની ભીંસ દઈને ભાવ કાઢ્યા છે. આહા..હા..! ... આહા..હા..!

અનાદિથી પર સાથે લાગેલો મોહ એટલે એકપણાનો મોહ હવે તો છોડ '**અને જ્ઞાનને આસ્વાદો;...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, રાગભાવ તો અચેતનસ્વરૂપ છે. ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ હો કે ગુણ-ગુણી ભેદનો વિકલ્પ હો, પણ એ વિકલ્પ છે અચેતન, તેમાં જ્ઞાનસ્વભાવનું કિરણ નથી આવ્યું. રાગમાં જ્ઞાનસ્વભાવનું કિરણ નથી આવ્યું. આહા..હા..! માટે, આહા..હા..! જ્ઞાનને આસ્વાદો. એ રાગને અચેતનને આસ્વાદવું છોડી અને આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને આસ્વાદો. આહા..હા..! આ વાત તો થોડી. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એના આનંદનો આસ્વાદ લે. એનાથી વિરૂદ્ધ રાગનો આસ્વાદ લીધો એ તો દુઃખનો આસ્વાદ છે, એ તો આ જન્મનો નહીં, અનાદિકાળથી તેં કર્યું, હવે એ કાંઈ નવું નથી. હવે નવું કરવું હોય તો આ કર ને. આહા..હા..!

'**મોહ છે તે વૃથા છે,...**' ભાષા દેખો. મોહ એટલે વૃથા, અમોહ એટલે સફળ. મોહ એટલે પરમાં સાવધાની, અમોહ એટલે સાવધાની નહિ. આહા..હા..! કહ્યું હતું, પ્રવચનસારમાં આવે છે કે પુણ્ય અને પાપના ભાવથી સફળપણું છે. જે ગતિ મળે છે તે મળશે અને ધાર્મિક ક્રિયાથી અફળપણું છે, એવો શ્લોક છે. ધાર્મિક ક્રિયા જે આત્માના સ્વાદની એનું ફળ અફળ છે એટલે કે એનું ફળ સંસાર પ્રાપ્તિ ફરી નહિ મળે હવે, એવો પાઠ છે. આ તો અમારે સંપ્રદાયમાં આવતું. ... અબુધા મહાભાગા.. અબુધા મહાભાગા ... વીર છે. સમ્યગ્દર્શન વિનાના મિથ્યાદષ્ટિઓ વીર છે પુરુષાર્થ કરવામાં આ વ્રત અને નિયમમાં. પણ જે અબુધા અજ્ઞાની છે તે મહાભાગ્યવાન, લોકો માને, લાખો-કરોડો માને કે ઓહોહો..! જે અબુધા મહાભાગા જીવો પુરુષાર્થ કરે છે અપવાસ આદિનો ક્રિયાનો મોટો જબ્બર. પણ છે ... સફળ .. જે એની ક્રિયા કરે છે એ સફળ થશે. હે અબુધા મહભાગા ... એનું જેટલું પરાક્રમ છે તેનું ફળ સફળ છે. સફળ એટલે જે ગતિ મળે છે તે મળ્યા કરશે એને. એવો શબ્દ આપણે પ્રવચનસારમાં છે. સમજાણું કંઈ? જે અબુધા મહાભાગા ધર્મીની ક્રિયા નિષ્ફળ છે એટલે કે સંસાર ફળશે નહિ. આહા..હા..! એય.. શાંતિભાઈ! આવો માર્ગ છે આ. અરે..! એને ખ્યાલમાં પણ ન આવે, એની પીછાણમાં ન આવે, એનો આદર કે દિ' કરે અને એમાં રમે કે દિ'? આહા..હા..! સમજાય છે કાંઈ?

'**મોહ છે તે વૃથા છે,...**' 'અમોહ' એમ આવે છે ને? અમોહ સફળ, મોહ નિષ્ફળ. અમોઘબાણ નથી કહેતા? અમોઘબાણ નથી કહેતા? જેનું બાળ સફળ થયું એ અમોઘ કહેવાય.

મોહ એટલે વૃથા. આહા..હા..! 'જૂઠો છે,...' આહા..હા..! રાગનો સ્વાદ તે સ્વરૂપનો નહિ, તે જૂઠો વૃથા છે, 'દુઃખનું કારણ છે.' આહા..હા..! એ ૨૨ કળશ થયો.

'**હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :-**' કેટલાક એમ કહે છે કે આ સમયસાર તો મુનિને માટે છે. અહીં કહે છે કે '**અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે.**' કુંદકુંદાચાર્ય એમ કહે છે. છે? આ તો અપ્રતિબુદ્ધના.. પેલા કહે કે મુનિઓને સમયસાર વાંચવું. અહીં કહે છે અમૃતચંદ્રાચાર્ય અમે અપ્રતિબુદ્ધ અજ્ઞાની મિથ્યાદષ્ટિ (એને સમજાવીએ છીએ). આહા..હા..! માણસને પ્રેમ નથી લાગતો ને સમયસાર ઉપર એટલે પછી કહે કે મુનિઓ માટે છે આ. અહીં તો કહે છે કે જે રાગને-પુણ્યને પોતાના માને છે એવા અપ્રતિબુદ્ધ-જેને સમ્યગ્દર્શન નથી એવા અજ્ઞાનીઓને સમજાવવા માટે પ્રયત્ન કરે છે. પાઠ છે? '**अथाप्रतिबुद्धबोधनाय व्यवसायः क्रियतेः**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. આ સમયસાર બહુ ચાલ્યું ને વંચાય છે. લોકો બધા નિંદા કરે છે. સમયસાર તો મુનિઓ જે દ્રવ્યલિંગી હોય એને ભાવલિંગી થવું હોય એને સમજાવવું છે. અહીં કહે છે કે અમે તો અજ્ઞાની જે અનાદિના અપ્રતિબુદ્ધ છે જેને આત્મજ્ઞાન નથી અને અજ્ઞાની છે, રાગને પોતાનો માને છે, પરવસ્તુ પોતાની માને છે, એમાં હજી લીન છે એવા અજ્ઞાનીને અમે સમજાવવાનો પ્રયત્ન કરીએ છીએ.

પાઠ જુઓ! કુંદકુંદાચાર્ય પોતે કહે છે.

अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।
सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वी भूदो जं भणसि मज्झमिणं।।२४।।
जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।

હરિગીત.

**અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,**
**'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.**
**સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**
**તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.**
**જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહી શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.**

'**ટીકા :- એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી...**' આહા..હા..! કર્મનો બંધ છે ને. '**વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે...**'

આહા..હા..! વિકારીભાવ વેગપણે વહેતા અસ્વભાવભાવો એના સંયોગવશે.. સંયોગને તાબે થઈ ગયો. '**(અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' આહા..! સ્ફટિકપાષાણ .. પણ એને કાળા લાલ આદિ ફૂલ હો તો એમાં એનું પ્રતિબિંબ પડે એ સ્ફટિકની પોતાની યોગ્યતાથી પડે છે, એ લાલ ફૂલને લઈને પડે છે એમ નહિ. જો લાલ ફૂલને લઈને પડે તો લાકડુ મૂકો એમાં, એમાં પડવું જોઈએ. એ સ્ફટિકની પર્યાયની યોગ્યતાથી તેમાં લાલ-પીળા દેખાય છે અને કેટલાક એમ કહે છે કે જુઓ! સ્ફટિકને લાલ-પીળા ફૂલને લઈને અંદર પ્રતિબિંબ પડ્યું એ આને લઈને પડ્યું. એ તો નિમિત્ત છે. એની નૈમિત્તિકમાં લાલ પીળા થવાની યોગ્યતા પોતાની પર્યાયની છે. આહા..હા..!

સ્ફટિકમણિનો દાખલો આવે છે ને. ... ગાથા. જુઓ! સ્ફટિકમણિ ... કર્મના રંગને લઈને અંદર રાગ-દ્વેષનો રંગ ઊઠે છે, એમ નથી. લાલ-પીળા ફૂલ, સમજાણું? આની નીચે મૂકો જોઈ. નહિ થાય. એની પોતાની યોગ્યતા નથી. લાલ-પીળા ફૂલ... એ સ્ફટિકની પોતાની યોગ્યતા છે. સમજાણું કાંઈ? એથી અહીં કહ્યું. એ દાખલો આપે છે ઘણા.

'**અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની...**' જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ... '**નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' આહા..! જે વાસણમાં સ્ફટિક મૂક્યું, તે વાસણ જેવા રંગનું હોય એવું અંદર દેખાય. એ સ્ફટિકની પર્યાયની વર્તમાન યોગ્યતાનું કારણ છે. આહા..હા..! રાત્રે ચાલ્યું હતું ઘણું. છે ને .. એ પડછાયાના પરમાણુ જે પરિણમ્યા એ વખતે પરમાણુની પોતાની કાળીપણે પરિણમવાની યોગ્યતાથી પરિણમ્યા છે, આને લઈને નહિ. સમજાણું કાંઈ? આ દીવા વખતે છે ને, દીવા? .. આમ દોરી હોય ને દોરી લાંબી? આમ ભીંત ઉપર એની .. જેવી થાય. પ્રકાશમાં લાંબી દોરી હોય તો ભીંતમાં દોરી હલે તો ભીંતમાં કાળુ હલે આમ કાળું. કાળું હલે. એ જેમ દોરી હલે એમ અહીં કાળું હલે એ દોરીને લઈને નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતી એની એ દોરી ... એ ભીંત ઉપર બરાબર કાળું આમ પડતું હતું અને ઓલી હલે એમાં આમ પડતું હતું. દૃષ્ટ-ઈષ્ટ. છે ને? .. એમ કહે, આ પ્રત્યક્ષ દેખાય છે એનો તમે વિરોધ કરો. નિમિત્તથી થાય છે. એ ભાઈ કહેતા હતા તે દિ' જુગલકિશોર, દિલ્હીવાળા. પ્રત્યક્ષ થાય છે. અગ્નિનું નિમિત્ત અને છાણું ઊનું પ્રત્યક્ષ અગ્નિને લઈને થાય છે. ભાઈ! પરિણમ્યું છે કોણ? ઉષ્ણપણે કોણ પરિણમ્યું છે? અગ્નિ પરિણમી છે? નહોતું બેસતું. દિલ્હીવાળા નહિ? ગુજરી ગયા. પછી કહે ના .. અહીં ચર્ચા થઈ .. મકાન નહોતું. અહીં બેસતા. એક સમયની પર્યાય વિકારી હોય કે અવિકારી હોય એ સ્વતંત્ર તે સમયના કાળે તે કાળે ઉત્પન્ન થવાની યોગ્યતાથી (થાય છે). રાતે કહ્યું નહોતું? ઘણું કહ્યું હતું. પર્યાયનું

વીર્ય પર્યાયને લઈને. આહા..હા..! એક સમયની પર્યાય છે, ચાહે તો રાગ કે ચાહે તો અરાગી, એ પર્યાયનું વીર્ય પર્યાયથી છે, એ ગુણના વીર્યને લઈને પર્યાયનું વીર્ય છે એમ નથી. આહા..હા..! રાત્રે કાઢ્યું હતું, ચિદ્‌વિલાસ.

પર્યાયની સૂક્ષ્મતાનું કારણ પર્યાય છે, દ્રવ્ય-ગુણનું કારણ એ પર્યાય નહિ. આહા..હા..! પોતે સ્વતંત્ર છે. એ પર્યાય એટલે આ નિર્મળની વાત નથી ત્યાં. મલિન અને નિર્મળ પર્યાય સ્વતઃ પોતાને કારણે થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો આ દાખલો આવ્યો ને? એની મોટી ચર્ચા થઈ હતી, ૨૦૦૬ની સાલમાં રાજકોટમાં. એક ભાઈ હતા ને? ચુનીલાલ. જુઓ આ પ્રમાણે રંગ થાય છે. હરિગીત બોલ્યા હતા હરિગીત. સ્ફટિકમણિને લઈને થાય છે. અહીં કહે છે કે સ્ફટિકમણિની પર્યાય, નિમિત્તનો યોગ છે અને આશ્રય કર્યો એથી પોતાને કારણે તે રંગરૂપે થાય છે. પછી શું કહ્યું એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

## મહા સુદ-૩, મંગળવાર, તા. ૦૩-૦૨-૧૯૭૬,
## ગાથા-૨૩ થી ૨૫,
## પ્રવચન નં. ૬૫

૨૩થી ૨૫ ગાથા, સમયસાર, ટીકા. આ જીવ-અજીવ અધિકાર (ચાલે છે). આ જીવ જે છે એ જ્ઞાનાનંદ અને ઉપયોગસ્વરૂપ છે એને જીવ કહીએ અને એને અનાદિથી **'એકી સાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી...'** એવી ચીજ છે વસ્તુ પોતે સ્વતઃ પણ એને અનાદિથી અનેક પ્રકાર એટલે આઠ પ્રકાર. એકસાથે આઠ પ્રકારના બંધનની ઉપાધિ સંયોગની **'અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના...'** એટલે કે નિમિત્તને વશે થતાં અસ્વભાવભાવ, શુભ અને અશુભ પુણ્ય-પાપના ભાવ એને વશે રહેતો. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા...'** કારણ કે પર્યાય કર્મના ઉદયના નિમિત્તના વશે અનેક પ્રકારના અસ્વભાવભાવો થાય છે એને વશ દૃષ્ટિ છે અનાદિની. અજ્ઞાનીની દૃષ્ટિ એ અસ્વભાવભાવ, ચૈતન્યના ઉપયોગસ્વભાવ સિવાય જે કર્મના નિકટપણાના વશે થયેલા અસ્વભાવભાવ એને વશે અપ્રતિબુદ્ધ જીવ-અજ્ઞાની જીવ **'અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...'** જેમ સ્ફટિક, સ્ફટિકરતન છે એ જે કાંઈ વાસણમાં મૂક્યો હોય તે કોઈ લાલ ફૂલ આદિ સંયોગ હોય તો એવા અંદર પ્રતિબિંબ પડે એ તો એની સ્ફટિકની પોતાની યોગ્યતા છે.

એમ ચૈતન્ય ઉપયોગ ભગવાન સ્ફટિક જેવો છે એ. એમાં કર્મના નિકટના વશે જે પુણ્ય અને પાપના ભાવ (થાય) એ ઉપયોગમાં જણાય, પણ જણાતા 'એ જ હું છું' એમ એ માને છે. આ ઝીણી વાત છે. સમજાણું કાંઈ? અસ્વભાવભાવ એટલે જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય ઉપયોગસ્વભાવ એ સિવાય રાગ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ તે બધા વિકલ્પો છે એ અસ્વભાવભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ અસ્વભાવભાવ એને સંયોગ છે, એ સંયોગી ચીજ છે. વિકારીભાવ ખરેખર તો એ અજીવ છે. જીવ અધિકાર છે ને. આહા..હા..! જીવ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય ઉપયોગમય આગળ કહેશે... સર્વજ્ઞે તો આત્માને ઉપયોગમય દીઠો છે. એવો ભગવાન આત્મા ઉપયોગમય એ પુણ્ય અને પાપના ભાવ તે અન-ઉપયોગરૂપ છે, અસ્વભાવભાવ છે. એ રૂપે એ કેમ થાય? ઉપયોગસ્વરૂપ ચૈતન્ય. અન-ઉપયોગ સ્વભાવભાવ પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એવા જે વિકલ્પો છે એ અસ્વભાવભાવ છે. એ સ્વભાવ જે જ્ઞાન ઉપયોગ છે તે અસ્વભાવભાવપણે કેમ થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત ઘણી, ભાઈ! પર્યાયબુદ્ધિમાં એને જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છે એ આત્મતત્ત્વ તો ઉપયોગ ચૈતન્ય જ્ઞાયકભાવ એ આત્મા છે, પણ એને કર્મના નિકટના સંબંધથી જે અસ્વભાવભાવ ઉત્પન્ન થયા એની ઉપર દૃષ્ટિ હોવાથી 'તે હું છું', આહા..હા..! એટલે કે 'એ અજીવભાવ છે તે હું છું, અસ્વભાવભાવ જે અન-ઉપયોગભાવ છે તે હું છું' એમ અનાદિથી અજ્ઞાની માને છે. આહા..હા..!

**શ્રોતા :-** અસ્વભાવભાવ છે એ ખબર જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર નથી માટે જ કહે છે ભાન નથી. એ તો કહે છે શિષ્ય કે અપ્રતિબુદ્ધ છે. આહા..હા..!

ચૈતન્યરત્ન ભગવાન જ્ઞાયકસ્વરૂપ ઉપયોગસ્વરૂપ... કહેશે પછી કે જેમ મીઠું ઓગળીને પાણી થઈ જાય અને પાણી કઠણ થઈને મીઠું થઈ જાય, થાય ને? એમ આત્મા જ્ઞાયકસ્વરૂપ ઉપયોગસ્વરૂપ છે એ ઓગળીને પુણ્ય-પાપના ભાવરૂપ થઈ જાય? અને પુણ્ય-પાપના ભાવ છે તે ચૈતન્ય ઉપયોગ થઈ જાય? આહા..હા..! સમજાણું કાંઈ? જીવ-અજીવ અધિકાર છે ને? જીવ અજીવને પોતાનું માને છે એમ કહે છે. આહા..હા..! આ વ્યવહારરત્નત્રયના વિકલ્પ ઊઠે છે ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર તરફ જ્ઞાન ઝુકવાનો ભાવ વ્યભિચાર. આહા..હા..! એ ભાવો બધા ચૈતન્ય ઉપયોગના સ્વભાવથી ભિન્ન છે, છતાં અનાદિ અજ્ઞાની કર્મના નિકટથી ઉત્પન્ન થયેલા સ્વભાવભાવને પોતાના માની અને 'તે હું છું' એમ એ માને છે. સમજાણું કાંઈ?

**'અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...'** શું કહે છે? જેમ સ્ફટિકમાં એ લાલ-પીળી જે ઝળક ઊઠે એને લઈને એની સફેદાઈ ઢંકાઈ ગઈ છે, તિરોભૂત થઈ ગઈ છે, એમ ચૈતન્ય જ્ઞાન ઉપયોગમય વસ્તુ એ અસ્વભાવભાવને વશે એનો સ્વભાવભાવ ઢંકાઈ

ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ સૂક્ષ્મ છે, ભાઈ! એણે અનંતકાળમાં એ સંધિ તોડી નથી. એ કહે છે કે ભાઈ! બધું કર્યું વ્રત, તપ, ભક્તિ, પૂજા એ અનંતવાર કર્યું, પણ એ તો બધો ભાવ રાગ છે, એ તો કર્મના નિમિત્તના વશે થયેલો ભાવ અસ્વભાવભાવ છે. આહા..હા..! એ અસ્વભાવભાવને વશ થયેલો 'તે જ હું છું' એમ માનીને ચૈતન્ય ઉપયોગ જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. ચૈતન્યરતન નિર્મળાનંદ પ્રભુ, આહા..હા..! મલિન ભાવના અસ્તિત્વને સ્વીકારીને ઉપયોગરૂપ નિર્મળાનંદનો નાથ પ્રભુ, તે ઢંકાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્રત કરું ને તપ કરું એવો જે વિકલ્પ છે ને એ બધો અસ્વભાવભાવ છે, પણ અસ્વભાવભાવને વશ થઈ ગયો હોઈ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ છૂટી ગઈ છે અનાદિથી. આહા..હા..! એને વશ થયો એથી જ્ઞાયકભાવ ચૈતન્ય નિર્મળ સ્વરૂપ તે રાગના પ્રેમમાં, રાગના વશ પડ્યો એને આ ઢંકાઈ ગઈ વાત. આહા..હા..! ઝીણું છે ભાઈ થોડું. સમજાણું કાંઈ? ક્યાં ગયા રમેશભાઈ નથી? સમજાણું કાંઈ? આહા..હા..!

જેમ સ્ફટિકમાં લાલ, પીળા વાસણ મૂકવાથી એની ઝાંય પડી એમાં એ સંબંધી યોગ્યતા પોતાની થઈ, એ યોગ્યતાથી સ્વચ્છતા ઢંકાઈ ગઈ. સમજાણું કાંઈ? એ તો દૃષ્ટાંત છે. એમ ચૈતન્ય સ્ફટિકરત્ન જેવો ભગવાન આત્મા એકલો જ્ઞાનમય, ઉપયોગમય સ્વરૂપ છે. એને એ અસ્વભાવભાવ જે પુણ્ય-પાપના ભાવો એને વશ પડ્યો 'એ હું છું' એમ માનીને જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન ઢંકાઈ ગયો. સમજાણું કાંઈ?

'**અત્યંત તિરોભૂત...**' આહા..હા..! એટલે કે જાણે એ છે જ નહિ, જ્ઞાયક ચૈતન્ય વસ્તુ જે આખું તત્ત્વ છે એ છે જ નહિ. આહા..હા..! અને 'શુભ-અશુભભાવમાં કૃત્રિમતા જે વિકાર તે જ હું છું' એમ માનીને ભગવાન ઢંકાઈ ગયો અંદર, આહા..હા..! તિરોભૂત થઈ ગયો. સમજાણું કાંઈ? '**અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે...**' આહા..હા..! ઢંકાઈ ગયો છે પોતાના સ્વભાવભાવપણાથી. આહા..હા..! સ્વભાવભાવ જે જ્ઞાયકભાવ, જાણકભાવ, ઉપયોગભાવ, નિર્મળ શુદ્ધ ઉપયોગસ્વભાવભાવ એ રાગ ને પુણ્ય ને પાપના પરિણામમાં વશ થયેલો નિર્મળ જ્ઞાનસ્વભાવભાવ ત્યાં ઢંકાઈ ગયો છે. એથી એ '**સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે...**' એટલે કે એ રાગ હું નહિ એવી જે ભેદજ્ઞાનજ્યોતિ, હું તો ચૈતન્ય છું. એ વિકલ્પ ઊઠે સૂક્ષ્મમાં સૂક્ષ્મ એ હું નહિ. કેમકે એ તો અજીવ છે. એ વિકલ્પ ઊઠે છે ને, એ અજીવ છે, અચેતન છે, અન-ઉપયોગ છે, પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ હવે આ સમજે નહિ માણસને. શું કહે છે આ? એ કરતા દયા પાળવી, વ્રત કરવા સાવ સહેલુંસટ હતું લ્યો, રખડવાનું. એ તો રખડતો હતો રખડનાર છે. રખડે છે એ. આહા..હા..!

ભગવાન ચૈતન્ય નિર્મળ જ્યોત જે આત્મતત્ત્વ સ્વભાવભાવ જે ધ્રુવ સ્વભાવભાવ અનાદિ

અનંત નિત્યભાવ એને, કર્મના નિકટથી ઉત્પન્ન થયેલા અસ્વભાવભાવ એના ઉપર દૃષ્ટિ હોવાથી એ પર્યાયબુદ્ધિ, આખો જ્ઞાયકભાવ જેને રાગ અને જ્ઞાયકભાવનું ભેદજ્ઞાન ઢંકાઈ ગયું છે. ભેદજ્ઞાનરૂપી જ્યોતિ અસ્ત થઈ ગઈ છે. આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો છે? ભાઈ! માર્ગ એ છે.

કહે છે કે ચૈતન્ય ઉપયોગસ્વરૂપ ભગવાન એમાં કર્મના નજીકપણાથી, નજીક એકક્ષેત્રાવગાહ છે ને? આહા..! જેને નિકટ અનુપચરિત અસદ્ભુત કહ્યો હતો ને? નિકટ અનુપચરિત અસદ્ભુત વ્યવહારનય. ૧૮માં. નિયમસાર. ૧૮મી ગાથામાં કહ્યું છે. આ નિકટ કીધો ને? ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ છે, તેનામાં તે જ ક્ષેત્રે અતિ નિકટ છે કર્મના જડ રજકણો માટી અજીવ ધૂળ, પણ નિકટપણાથી વેગપૂર્વક.. આહા..! ઓલામાં આવે છે ને? દોડતાં. પ્રવચનસારમાં આવે છે, દોડતાં. પુણ્ય અને પાપ... પુણ્ય અને પાપ... પુણ્ય અને પાપ.. દોડતાં એક પછી એક ગતિ કરતાં ચાલ્યા જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દોડતાં એમ છે ને ત્યાં? વેગપૂર્વક વહેતા. આહા..હા..! વિકારના ભાવ પુણ્ય અને પાપ વેગપૂર્વક વહેતા. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા સ્વભાવભાવ જે આત્માનો ભાવ એને આ રાગ અને પુણ્ય-પાપથી ભિન્ન પાડવાની શક્તિ અસ્ત થઈ ગઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણું છે, પોપટભાઈ! આહા..હા..! વીતરાગસ્વભાવ આત્મા, વીતરાગસ્વભાવ આત્મા એને કર્મના નિકટપણાથી થતાં રાગભાવ.. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગસ્વભાવ આત્મા એ જીવ, એને કર્મના નિકટના સંબંધે થતાં પુણ્ય અને પાપના ભાવ એ અસ્વભાવભાવ છે. એ અસ્વભાવભાવમાં વેગે ચાલે છે ક્ષણે-ક્ષણે નિરંતર. પુણ્ય-પાપ.. પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... વિકારીભાવ. એને સ્ફટિકમણિમાં જેમ રંગની ઝળકથી પર્યાયમાં લાલ-કાળી દેખાય છે એથી સ્ફટિકમણિ એનાથી ઢંકાઈ ગયું. આહા..હા..! એમ પુણ્ય અને પાપના ભાવના વેગથી ગતિએ આમ પર્યાયમાં એક પછી એક પછી એક થાતાં, આહા..હા..! સ્વભાવભાવ જેનો જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવ ઢંકાઈ ગયો. એને લઈને સ્વભાવભાવ અને અસ્વભાવભાવ એને ભિન્ન કરવાની શક્તિ આથમી ગઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ઝીણું છે.

**શ્રોતા** :- પોતે પોતાને ભૂલી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ કહેશે હમણાં. આહા..હા..!

એ ભગવાન આત્મા તો ઉપયોગ જાણન-દેખનસ્વભાવસ્વરૂપ છે, ત્રિકાળી વસ્તુ તો એ છે. એવા સ્વભાવભાવના ભાવપણાને અને અસ્વભાવભાવપણાને ભિન્ન પાડવાની અશક્તી હોવાથી ભેદજ્ઞાન જેને આથમી ગયું છે, એકપણું થઈ ગયું એને. આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ભેદજ્ઞાન હતું જ નહિ, આથમી ક્યાંથી ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આથમી એટલે એનો અર્થ જ ઈ થયો. કર્તા-કર્મમાં એમ

આવે છેને, કર્તા-કર્મમાં. એને નિર્વિકારી ઉત્પન્ન થવું જોઈએ એ ન થતાં વિકાર ઉત્પન્ન થયો. કર્તા-કર્મમાં ૬૯-૭૦ (ગાથા). બહુ બધી વાત ઘણી આવી છે, ભાઈ! આહા..હા..!

એમ કહે છે કે જે વસ્તુસ્વભાવ ચૈતન્યતત્ત્વ ઉપયોગનું દળ છે. જ્ઞાન ઉપયોગનું દળ છે એ આત્મા. એને કર્મના અતિ નજીક.. એથી આવ્યું હતું ને ૧૮મી ગાથા. નિકટ અસદ્ભુત અનુપચાર વ્યવહારનયે કર્મનો-જડનો કર્તા કહેવામાં આવે છે. જે રાગનો કર્તા થાય છે એ જીવને અસદ્ભુત વ્યવહારનયે અનુપચારે કર્મનો નિકટનો કર્તા થાય છે. આહા..હા..! એ શબ્દ અહીં છે, જુઓ! ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપી દળ છે, એની નિકટમાં આઠ કર્મના રજકણોનો અનેક પ્રકારનો સંબંધ છે. એ સંબંધ ઉપર દૃષ્ટિ હોવાથી એને રાગ અને દ્વેષ અને વિકારી ભાવનો વેગ વહે છે. આહા..હા..! અને એ વેગના ભાવમાં રમતો, વેગનો ભાવ છે તે જ મારો એમાં રમતો ચૈતન્ય જ્ઞાયકભાવ ત્યાં ઢંકાઈ ગયો છે એને. આહા..હા..! આ તો અધ્યાત્મ વાત છે, ભાઈ! આ ટીકા છે એ તો અલૌકિક ટીકા છે. સમજાણું કાંઈ?

**'પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે...'** અનાદિની અસ્ત છે. આહા..હા..! આ જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાતાદૃષ્ટા એને આ રાગની એકતામાં સ્વભાવભાવપણું જેને ઢંકાઈ ગયું છે. એથી જેની ભેદ નામ જુદી પાડવાની શક્તિ આથમી ગઈ છે. અરે..! એકતાબુદ્ધિ થઈ ગઈ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવો છે,...'** છે? **'સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે,...'** આહા..હા..! એની દૃષ્ટિમાં તો સ્વભાવભાવનો અભાવ થયો છે અને અસ્વભાવભાવનો સત્કાર અને સ્વીકાર થયો છે. આહા..હા..! એથી બેને ભિન્ન પાડવાની શક્તિ આથમી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી તે અધર્મની દૃષ્ટિ છે એની એમ કહે છે. આહા..હા..!

**'અને મહા અજ્ઞાનથી જેનું હૃદય...'** જુઓ હવે. વસ્તુનો સ્વભાવ જ્ઞાયકભાવ છે તેનું તેને અજ્ઞાન છે. આહા..હા..! **'મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે'** પાછું એમ નહિ કે કર્મને કારણે તે મૂર્છાઈ ગયો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પર્યાયમાં અસ્વભાવભાવની ઉત્પત્તિ પોતાના અજ્ઞાનને કારણે થઈ છે, કર્મને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે'** નિર્મળાનંદ પ્રભુ ઉપયોગસ્વરૂપી ભગવાન એને ભૂલીને મહા અજ્ઞાનથી એ રાગના વિકલ્પની દશાને અજીવ છે તેને.. એ અજીવ છે. ચાહે તો દયા, દાનનો, વ્રતનો શુભભાવ હોય પણ છે એ અજીવ, એ જીવસ્વરૂપ નથી. જીવસ્વરૂપ તો ઉપયોગ ચૈતન્યમય તે સ્વરૂપ છે. રાગ છે તે જીવના સ્વરૂપથી અસ્વભાવભાવ ભિન્ન છે, એ અજીવસ્વભાવ છે. અજીવ સ્વભાવ કહો, અન-ઉપયોગ સ્વભાવ કહો, સમજાણું કાંઈ? અથવા એ દયા, દાનનો વિકલ્પ આદિ છે એ અચેતન સ્વભાવ છે. આહા..હા..! એ અચેતન ને ચૈતન્યને ભિન્ન પાડવાની શક્તિ

અજ્ઞાનથી બિડાઈ ગઈ છે. આવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે—એવો અપ્રતિબુદ્ધ જીવ...'** એવો અજ્ઞાની જીવ. આહા..હા..! જેને જ્ઞાનમાં વસ્તુ આવવી જોઈએ એ ન આવતા, જ્ઞાનમાં રાગ આવીને મારો માન્યો એ અપ્રતિબુદ્ધ છે. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો બાપુ! સૂક્ષ્મ ઘણો, ભાઈ! બહારથી માની બેસે છે એવો ધર્મ નથી. આહા..હા..! **'પોતે પોતાથી જ વિમોહિત છે—એવો અપ્રતિબુદ્ધ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને,...'** છે? સ્વ જ્ઞાયકભાવ અને રાગ પર, સ્વ ચૈતન્યભાવ ઉપયોગ અને રાગ અનુપયોગ. ભગવાન જ્ઞાન ઉપયોગ તે પવિત્ર અને રાગ તે અપવિત્ર. આહા..હા..! સમજાણું? જ્ઞાયકભાવ તે જીવ અને રાગભાવ તે અજીવ. એવા **'સ્વપરનો ભેદ નહિ કરીને, પેલા અસ્વભાવભાવોને જ...'** જોયું! જે વિકારી ભાવ પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ એ વિભાવભાવ અસ્વભાવભાવ.. **'પેલા અસ્વભાવભાવોને જ (પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ) પોતાના કરતો,...'** જોયું! આહા..હા..!

ચૈતન્ય ઉપયોગસ્વરૂપ અથવા જ્ઞાનસ્વભાવી વસ્તુ એ જ્ઞાનની પર્યાયમાં તેનું પ્રતિબુદ્ધપણું તેનું જ્ઞાન આવવું જોઈએ, એમ ન આવતા જ્ઞાનની પર્યાય પર તરફ ઝુકવાથી અસ્વભાવભાવ જે પુણ્ય અને પાપના વિકલ્પ ઊઠ્યા એને વશ થઈ ગયો. તેથી સ્વપરની જુદાઈ ન કરતાં અસ્વભાવભાવને પોતાના કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો એકેન્દ્રિયને શુભભાવ તો છે ને? એકેન્દ્રિયમાં પણ શુભભાવ છે અને નવમી ગ્રૈવેયક ગયો મુનિ થઈને એને પણ શુભભાવ છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો સાધુ થઈ, બાહ્ય ત્યાગી. એ બધાને શુભભાવ છે, પણ એ શુભભાવ અસ્વભાવભાવ છે અને એ શુભભાવથી ભિન્ન ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપી છે. આહા..હા..! એ બેની એકતા કરતો, બેનું ભેદજ્ઞાન નહિ કરતો એ સ્વભાવભાવ નથી તેને અસ્વભાવભાવને પોતાના કરતો. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ-અજીવ અધિકાર છે ને? નિશ્ચયથી તો રાગની ઉત્પત્તિ તે અજીવ છે.

**શ્રોતા :-** પુદ્ગલ દ્રવ્ય જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પુદ્ગલ પછી અજીવ કહો, અચેતન કહો, વિભાવ કહો, અસ્વભાવભાવ કહો કે પુદ્ગલ કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કેટલાક એમ કહે કે એ શુભભાવ સાધન છે અને નિશ્ચય વસ્તુ સાધ્ય છે, તો એનો અર્થ એવો થયો કે અચેતન સાધન છે અને ચૈતન્ય સ્વભાવ તેનું સાધ્ય એટલે તેનાથી પ્રગટે છે. બીજી રીતે કહીએ તો રાગ તે અજીવ છે, એ અજીવ સાધન છે અને એનાથી જીવસ્વરૂપ પ્રગટે છે. ત્રીજી રીતે એમ કહીએ કે રાગ જે અચેતન પણ દુઃખરૂપ છે, એ દુઃખરૂપ સાધન છે અને આનંદ તેનાથી કાર્ય થાય તે સાધ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ ઝીણી બહુ, બાપુ! આહા..હા..! વીતરાગ પરમેશ્વર..

**શ્રોતા :-** .. ઝીણી કહેતા હતા, હવે ઝીણી બહુ ઝીણી કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણી એટલે ધ્યાન રાખવું જોઈએ એણે એમ. ઝીણી બહુ છે. બહુ .. અંદરના ઉપયોગને અને રાગને ભિન્ન પાડવો.. આહા..હા..! જાણક... જાણક... જાણક... સત્ત્વ પ્રભુ એને અજાણક એવું જે રાગાદિ અચેતન દુ:ખરૂપ એને ભિન્ન પાડવો સૂક્ષ્મ છે. એ કળશટીકામાં કહ્યું છે એક ઠેકાણે, નહિ? કળશટીકામાં કહ્યું છે. કઠણ છે, પણ કઠણ થઈ શકે છે, અશક્ય નથી. લખ્યું છે ને. આહા..હા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યરસ, ચૈતન્યકંદ એવો આત્મા અને આ પુણ્ય અને પાપના ભાવ થાય એ આત્માના સ્વભાવથી ભિન્ન અસ્વભાવભાવ. અસ્વભાવભાવ કહો, અચેતન કહો, અજીવ કહો, દુ:ખરૂપ કહો. આનંદસ્વરૂપ ભગવાનથી વિરૂદ્ધ જે રાગ તે દુ:ખરૂપ છે. એ અસ્વભાવભાવને પોતાના કરે છે અજ્ઞાની. આહા..હા..! બહુ ઝીણું એટલે માણસને.. આ સંપ્રદાય એમ ચાલે છે, વ્રત કરો, તપસ્યા કરો અને જાવ ધર્મ થઈ ગયો. બાહ્ય ત્યાગ કરો, પંચમહાવ્રત પાળો, નગ્ન થઈ જાવ. આહા..હા..! અરે.. ભગવાન બાપુ! નગ્ન તો રાગ વિનાની દશા છે તેને અનુભવ તો નગ્ન થયો. અંતર નગ્ન થયો. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે... કેટલું સરસ કહ્યું છે! ઓહોહો..! પોતાનો જે સ્વભાવભાવ જ્ઞાયક છે અને જે પર્યાયમાં નિમિત્તને વશ થયેલા ભાવો જે અસ્વભાવભાવ પુણ્ય અને પાપના છે એ અસ્વભાવભાવ અને સ્વભાવભાવની ભેદશક્તિ જેને આથમી ગઈ છે, પણ કહે છે, થયું છે શું ત્યારે? 'તે મારા છે' તે દશા ઉત્પન્ન થઈ છે. આ આથમી ગયું છે જુદાપણાનું અને એકપણાની બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. આહા..હા..! કરવાનું આ છે ભેદ પાડવાનું, એ વાત છે અહીં તો. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતાના કરતો, પુદ્‌ગલદ્રવ્યને આ મારું છે એમ અનુભવે છે.**' ભાષા દેખો! પુદ્‌ગલ કહી દીધા અંતે. રાગ છે એ પુદ્‌ગલ છે. આહા..હા..! અજીવ કહો, અચેતન કહો, દુ:ખ કહો, પુદ્‌ગલ કહો, અસ્વભાવભાવ કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અસ્વભાવને પોતાના કરતો, પુદ્‌ગલદ્રવ્યને આ મારું છે એમ અનુભવે છે. એ દયા, દાનના વિકલ્પ એ રાગ છે, વિભાવ છે, અસ્વભાવભાવ છે એને પોતાના કરીને, આહા..હા..! 'પુદ્‌ગલ એ મારું છે, રાગ એ મારો' એમ અનુભવે છે. જડને તો અનુભવવું નથી. રાગ તે પુદ્‌ગલ તેને અનુભવે છે એમ કહેવું છે અહીં. અનુભવમાં કાંઈ અજીવની દશા આવતી નથી જીવને. અનુભવમાં એની વિકારી દશા આવે છે. આહા..હા..! તેથી અહીં વિકારીને પુદ્‌ગલ કહી દીધા છે. ભગવાન ચૈતન્યનો અનુભવ નહિ અને રાગનો અનુભવ એ પુદ્‌ગલનો અનુભવ છે. આહા..હા..! આવું છે ઝીણું, ભાઈ! માણસ તો કહે એ..! એ તો નિશ્ચયની એકલી વાત કરે છે, પણ આ નિશ્ચય એટલે સાચું જ આ છે. સમજાણું કાંઈ? એમ કે વ્યવહાર રાગ કરતાં-કરતાં થાય, શુભ કરતાં-કરતાં શુદ્ધ થાય. સવારમાં આવ્યું હતું. શુદ્ધનો

હેતુ શુભ અને શુદ્ધ મોક્ષનો હેતુ. એ તો આરોપથી કથન છે. આહા..હા..! ભાઈ! શુભરાગ છે એ નિશ્ચયથી તો અચેતન છે. એ છઠ્ઠી ગાથામાં આવી ગયું. શુભ અને અશુભભાવે જીવ પરિણમ્યો નથી, જો પરિણમે તો જીવ જડ થઈ જાય. આ તો જ્ઞાનસ્વરૂપી પ્રકાશની મૂર્તિ છે. ઉપયોગસ્વરૂપ જે ભગવાન એ રાગરૂપે જો થઈ જાય, રાગરૂપે પરિણમે તો તો અચેતન થઈ ગયો, જડ થઈ ગયો એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

અનુભવે છે. શું કીધું એ? કેટલા શબ્દો વાપર્યા! સમજાણું? એક તો ઉપાધિને વશ અસ્વભાવભાવ કહ્યો. એથી અનેક પ્રકારના ભાવસ્વભાવમાં ઢંકાઈ ગયો અને સ્વભાવભાવ અને અસ્વભાવની ભેદજ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ જુદી પાડવાની. તેથી અજ્ઞાની રાગને જ પોતાનો માનીને રાગને અનુભવે છે એ રાગરૂપ પુદ્‌ગલ છે, જીવ નહિ. આહા..હા..!

**'સ્વપરનો ભેદ નહિ કરીને,..'** રાગની ઉત્પત્તિનો ભાવ તે મારો છે અને રાગથી ભિન્ન ભગવાન ચૈતન્ય છે તેનું ભેદજ્ઞાન ન કરીને **'પેલા અસ્વભાવભાવોને જ...'** આહા..હા..! જે એનો સ્વભાવ નથી એવા વિભાવને. જોયું! એવા વિભાવને જ. જોયું! વિભાવને જ **'પોતાના કરતો, પુદ્‌ગલદ્રવ્યને અનુભવે છે.'** આહા..હા..! ખરેખર વિભાવ તે પુદ્‌ગલના નિમિત્તથી થયેલો પુદ્‌ગલ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું પણ પરમસત્ય હોવું જોઈએ ને. મોટી લાંબી-લાંબી વાતું કરે અને સત્ એમાં હાથ આવે નહિ. સમજાણું કાંઈ? આ તો મૂળની વાત છે. આહા..હા..! એ પુદ્‌ગલને અનુભવે છે.

**'(જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેક વર્ણરૂપ દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી, તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે'** કર્મની ઉપાધિ એટલે વિકારી પરિણામ થયા તેનાથી ઢંકાઈ ગયો. જડ તો જડ છે, જડથી કાંઈ ઢંકાતો નથી. આહા..હા..! **'કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ...'** અસ્વભાવભાવના પ્રેમથી ઢંકાઈ ગયો છે **'તેથી પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.)'** તેથી ચૈતન્ય ઉપયોગ છે, જ્ઞાનભાવ છે એને ન માનતા રાગભાવ જે પુદ્‌ગલની જાત છે અથવા અચેતન અને અજીવ છે અથવા દુઃખરૂપ છે એને આનંદરૂપી ભગવાન દુઃખરૂપને પોતાનો માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આનું નામ મિથ્યાત્વ છે.

**'એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :-'** દેખો! કોઈ કહે કે આ સમયસાર મુનિને માટે જ છે. આવા અપ્રતિબુદ્ધને સમજાવવામાં આવે છે.

**શ્રોતા :—** એને અપ્રતિબુદ્ધ મુનિ કહો તો શું વાંધો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મુનિ હોય જ નહિ, આહા..હા..! જેને આત્મજ્ઞાન નથી. આત્મજ્ઞાન નથી જેને અનુભવની સ્થિરતા નથી એ મુનિ કેવા? આહા..હા..! સમજાણું કાંઈ? **'એવા અપ્રતિબુદ્ધને...'** એવો કોણ અપ્રતિબુદ્ધ? કે જેને કર્મના નિમિત્તના વશ થયેલા અસ્વભાવભાવ

ઉત્પન્ન થયા, એ અસ્વભાવભાવને જે પોતાના માને છે તે પુદ્‌ગલને પોતાના માને છે. '**એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે...**' આહા..હા..!

'**એ દુરાત્મન્!**' આહા..હા..! દુઃઆત્મન. આનંદનો નાથ ભગવાન તેને તેં રાગરૂપે માન્યો, હે દુરાત્મન્! આહા..હા..! વ્યવહાર ક્રિયાકાંડનો જે રાગ છે એને તેં પોતાનો માન્યો. હે દુરાત્મન્! કરુણાનો શબ્દ છે, હોં! હે આત્મન્ ન કહેતા દુરાત્મન્ (કહે છે). આહા..હા..! રાગના ભાવને પોતાનો માની અથવા રાગથી મને લાભ થશે એ પુદ્‌ગલથી મને ચૈતન્ય લાવશે એવો માનનાર, હે દુરાત્મન્! કહો, શાંતિભાઈ! આવી વાત છે. આહા..હા..! એ નવમી ગ્રૈવેયકે જૈનનો સાધુ થઈને ગયો એ પણ રાગથી લાભ માનનારો હતો અને 'રાગ તે મારું સ્વરૂપ છે' એમ માનનારો હતો. એને રાગથી ભિન્ન માનવાની .. દશા હતી નહિ, એટલે એને પણ અહીં દુરાત્મન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કરુણા છે આચાર્યની. આહા..હા..! ભાઈ! તું જ્ઞાનસ્વરૂપી પ્રભુ છો ને! તારું સત્‌નું સત્ત્વ તો જ્ઞાનસત્ત્વ છે. સત્ તું છો તો એનું સત્ત્વ તો જ્ઞાન છે, એનું સત્ત્વ કોઈ રાગ અને પુણ્ય એનું સત્ત્વ નથી. આહા..હા..! ભાઈ! તું ભૂલી ગયો. તારા આત્મસ્વભાવને ભૂલી તેં રાગને પોતાનો માન્યો. રાગ તે પુદ્‌ગલ છે, અચેતન છે એને પોતાનો માન્યો, એ આત્માની જાતને તું ભૂલીને કજાતને પોતાની માની. આહા..હા..! '**એ દુરાત્મન્!**' આહા..હા..! હવે આવાને આ સમયસાર સમજાવે છે. ઓલા કહે કે એ સમયસાર તો મુનિ માટે હોય. અરે.. ભાઈ! હજી મુનિપણું સમ્યગ્દર્શન વિના આવ્યું ક્યાંથી? હજી સમ્યગ્દર્શન કેમ થાય કેવી રીતે એની ખબરું ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એ દુરાત્મન!**' એટલે કે ખરાબ આત્મન્. '**આત્માનો ઘાત કરનાર!**' અરેરે..! તેં રાગના વિકલ્પને પોતાનો માન્યો એ અસ્વભાવભાવને સ્વનો માન્યો, અચેતનભાવને ચૈતન્યનો કલ્પ્યો, એ દુઃખભાવને આત્મા સુખરૂપનો માન્યો. આહા..હા..! એ આત્માનો ઘાત કરનાર છે. એ આનંદનો નાથ જ્ઞાયકભાવને રાગથી લાભ થાય અને રાગ મારો માન્યો, આત્માનો ઘાત કર્યો તેં, આહા..હા..! હિંસા કરી. પરની હિંસા કોણ કરી શકે છે? પરની દયા કોણ પાળી શકે છે? આહા..હા..! સમજાણું કાંઈ? તેં તારી હિંસા કરી, પ્રભુ! આહા..હા..! એટલે? જીવતી જ્યોત ચૈતન્ય ઉપયોગે બિરાજમાન ભગવાન એનો તેં અનાદર કરીને 'હું તો રાગ છું' એમ માન્યું, પ્રભુ! તેં આત્માના સ્વભાવનો ઘાત કર્યો. તે હિંસા કરી છે આત્માની. જે જીવતી જ્યોત છે એ નહિ અને 'હું રાગ છું' એનું નામ હિંસા. આહા..હા..! સમજાણું કાંઈ? કીધું ને? આત્માનો ઘાત કરનાર કીધું ને? આહા..હા..!

ચૈતન્ય જ્યોત જાગૃત જીવન જેના. જાગૃત જ્ઞાનજીવન જેનું. એવો જે ભગવાન એને તું રાગ મારું સ્વરૂપ અને એ અચેતન મારી જાતનો એમ તેં માન્યું તે તારી જાતનો તેં ઘાત કર્યો છે. આહા..હા..! જેને 'પુણ્ય-પાપથી મને લાભ થાય અને પુણ્ય-પાપ મારા' એ

આત્માનો ઘાત કર્યો છે. જેનાથી લાભ માને એને પોતાનો માન્યા વિના લાભ માની શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! શું શૈલી! હે દુરાત્મન્! આહા..હા..! વસ્તુ તો વસ્તુ છે. એ વસ્તુ અવસ્તુ થઈ નથી, પણ વસ્તુને ન સ્વીકારતા, વસ્તુમાં નથી એવા વિકલ્પને સ્વીકારતા સ્વના સ્વીકારનો અભાવ થયો, એ તેં આત્માનો ઘાત કર્યો. આહા..હા..! છે આવું, તો કહે ના. આવો જ્ઞાયકજ્યોતિ છે, આ કહે ના, 'રાગ છે તે હું છું' આવી જીવતી જ્યોતનો તેં નકાર કરીને તારો ઘાત કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આહા..હા..! હવે આની ખબરું ન મળે ને બહારની દયા પાળી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી, આહા..હા..! મંદિર બનાવ્યા ને આટલી મૂર્તિ સ્થાપી. આ શું કરે છે ભગવાન તું? સાંભળને, ભાઈ! આહા..હા..! એ પરને કોણ કરે? એની વાત તો અહીં છે પણ નહિ. આહા..હા..! અહીં તો પરના કરવા કાળમાં તને જે રાગ થાય એ રાગ મને લાભદાયક છે અને એ રાગ તે હું છું. આહા..હા..! એ લાખો મંદિર બનાવ્યા અને કરોડો રૂપિયા ખર્ચે તો કહે છે કે આત્મઘાતિ છો. સમજાણું કાંઈ?

**'એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણસહિત ખાઈ જાય છે...'** હાથીને ચુરમુ આપ્યું હોય અને સાથે પુળા ઘાસના (આપ્યા હોય) તો એ ઘાસના પુળામાં વીંટીને ખાય, ભેદ પાડે નહિ કે આ ચુરમુ છે અને આ ઘાસ છે. ચુરમાને શું કહે છે? **'પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ...'** કળશ આવશે આગળ. **'પશુઓ સુંદર આહારને તૃણસહિત...'** આહા..હા..! ઢોર સુંદર આહાર ને ઘાસને પણ ચુરમાને બદલે ઘાસ ખાય છે. **'તૃણસહિત ખાઈ જાય છે...'** જોયું! સાકર કે લાડવા તૃણસહિત ખાય. આહા..હા..! **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ,...'** આહા..હા..! ભગવાન! તું આનંદ અને રાગથી લાભ માને અને રાગ મારી ચીજ છે એ રાગનો અનુભવ એ ઘાસનો અનુભવ છે. આહા..હા..! હાથી જેમ ઘાસનો અનુભવ કરે છે, ઓલી સારી ચીજને મૂકીને અથવા સારી ચીજને ઘાસ માનીને ખાય છે, એમ રાગને આત્માનો માનીને અનુભવે છે, આહા..હા..! એ ખાવાના સ્વભાવને છોડ, છોડ. આહા..હા..! અનુભવને છોડ એમ કહે છે. રાગના અનુભવને છોડ, પ્રભુ! આહા..હા..! દુનિયા માને, ન માને એની સાથે સંબંધ નથી કાંઈ. આહા..હા..!

અંતરમાં રાગના વિકલ્પના ભાવને નિર્વિકલ્પ ચીજ સાથે એકપણે અનુભવે, બસ! તે આત્મઘાતી છે. એ આત્માનો આનંદનો અનુભવ ન કરનારા રાગ અને દુઃખનો અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મી નથી. આહા..હા..! રાગનો અનુભવ કરનારો એ ધર્મી નથી. આહા..હા..! ભલે એ દિગંબર સાધુ હોય, પંચમહાવ્રત પાળતો હોય, જંગલમાં રહેતો હોય, હજારો રાણીને છોડી હોય પણ અંદરના શુભવિકલ્પને પોતાનો માનીને અનુભવે છે 'એ જ હું છે અને એ મને લાભ કરશે', દુરાત્મન્! એ અનુભવ રાગનો છોડ રે, છોડ

પ્રભુ! આહા..હા..! આત્મઘાતિ, આહા..હા..! ભાઈ! તારી જીવતી જ્યોત અનાદિઅનંત સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે. એ છે એની તેં ના પાડી અને રાગ નથી એનામાં તેં હા પાડી એ જ આત્મઘાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

સ્ત્રીના વિષયમાં, આબરૂમાં, પૈસામાં 'મને ઠીક પડે છે' એમ માને છે એ આત્માનો ઘાત છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મને પૈસાથી, આબરૂથી, કીર્તિથી, સ્ત્રી આદિના અનુકૂળ સંયોગથી મને મીઠાશ આવે છે, મજા પડે છે, ભગવાન! તને રાગની મીઠાશ ઝેરની આવી. અમૃતના સાગરને તેં નકાર કરી નાખ્યો. આહા..હા..! અમૃતનો સાગર ભગવાન અંદર છલોછલ ભરેલો છે, એને તું પરના સંયોગથી વિશેષતા દેખીને અંદર આશ્રય આવ્યો રાગનો. આહા...! આહા..! ભાઈ! એ રાગનો અનુભવ એ આત્માનો ઘાત કરે છે, અતીન્દ્રિય આનંદનો ઘાત કરે છે. આહા..હા..!

સમકિતી ચક્રવર્તી તીર્થંકર ભોગવે છે ને છન્નું હજારી સ્ત્રી? ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ ભોગવતા નથી, એને વિકલ્પ આવે છે એને એ ઝેર માને છે. કાળો નાગ દેખીને જેમ ત્રાસ થાય, એમ ઉપસર્ગ આવે છે. આહા..હા..! એમાં એને રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચક્રવર્તીને તો હજારો રાજા હોય એ ચામર ઢાળે, ખમ્મા-ખમ્મા (કરતાં હોય). હીરાના પલંગ ઉપર બેઠા હોય. રાજા મોટા .. ચામર ઢાળે અને સમકિતી છે. આહા..હા..! એમાં ક્યાંય એને આનંદ ભાસતો નથી. રાગ આવે છે, આસક્તિ છે, પણ એમાં સુખ ભાસતું નથી. આહા..હા..! સમજાય છે? એ અનાત્મામાં આત્મા માનતો નથી. આહા..હા..! માર્ગ બહુ અલૌકિક છે, પ્રભુ! આહા..હા..!

શું કહે છે? આ અનુભવની વાત લીધી છે, હોં! હાથી જેમ સુંદર આહારને ઘાસમાં ભેળવીને ખાય છે, એમ ભગવાન આનંદનો નાથ પ્રભુ અનાકુળ શાંતિનો સાગર એને રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ આકુળતા અને દુઃખ, અચેતન અને અસ્વભાવભાવ એનો તને અનુભવ છે એ છોડ.. છોડ હવે. આહા..હા..! તારો નાથ બિરાજે છે આનંદનો નાથ પ્રભુ, એનો અનુભવ કરને. સમજાણું કાંઈ? આહા..હા..!

**'હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણસહિત ખાઈ જાય છે...'** આહા..હા..! એમ ભગવાન આત્માને રાગસહિત તું અનુભવ કરે છો, ઢોર જેવો છો કહે છે. આહા..હા..! અને મિથ્યાત્વનું ફળ તો પશુ કીધા છે ને? ચૌદ બોલ છે એકાંતના, નહિ? સમયસારમાં છેલ્લે ચૌદ બોલ છે. નીચે નીચે એક એક ચૌદ. એના ફળ તરીકે પશુ જ બોલાવ્યા છે એને. આહા..હા..! જેને સ્વભાવનું ભાન નથી અને એકાંત દૃષ્ટિએ 'રાગ તે હું છું, રાગ તે હું છું' આદિ જે માન્યતા છે એ એકાંતિક પશુ છે અને જેના ફળમાં પણ પશુ છે એટલે કે નિગોદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો અનુભવનો .. લીધો છે. પોતાનો માની, પોતાપણાનો સ્વભાવ જ્ઞાયકનો અનાદર

કરી અને રાગને પોતાનો માની અને રાગનો અનુભવ પશુની જેમ સુંદર આહારને ઘાસમાં ભેળવીને ખાય, એમ ભગવાનને ભૂલી આત્માને રાગ સાથે ભેળવીને રાગને ખાઈ છે. આહા..હા..! કેટલું ભર્યું છે! '**એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.**' આહા..હા..! હવે કહે છે, '**જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે...**' ભગવાને. ભગવાનના જ્ઞાનમાંથી સંદેહ નીકળી ગયો છે, વિપરીતતા નીકળી ગઈ છે, અનધ્યવસાય-અચોક્કસતા નીકળી ગઈ છે. '**અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે...**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતદેવ. આહા..હા..! '**સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે...**' આહા..! નિઃસંદેહ, અવિપરીત અને ચોક્કસ જેને જ્ઞાન પ્રગટ થયું છે. આહા..હા..! '**અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે...**' આહા..હા..! એક ચૈતન્યસૂર્ય ભગવાન સર્વજ્ઞ પ્રગટ થયા. અરિહંત પરમેશ્વરે જે લોકાલોકને જોયા, આહા..હા..! એવા '**સર્વજ્ઞજ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ...**' એવા સર્વજ્ઞ ભગવાનથી.. ઉપયોગ સ્વરૂપ સિદ્ધ કરવો છે ને? ઉપયોગ જેને પૂર્ણ પ્રગટ થઈ ગયો છે. સર્વજ્ઞ સ્વભાવથી.. આહા..હા..!

'**(પ્રગટ) કરવામાં આવેલ જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...**' લ્યો, આ સિદ્ધાંત આખો. આહા..હા..! ભગવાન તો ઉપયોગસ્વભાવ જીવદ્રવ્ય છે. આહા..હા..! ભાઈ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે, તીર્થંકરદેવે આમ કહ્યું. આહા..હા..! એણે એમ કહ્યું કે એ જીવ કોને કહેવો? એ તો ઉપયોગ જાણક-દેખન ઉપયોગસ્વભાવ તે જીવ. આહા..હા..! છે? '**નિત્ય ઉપયોગસ્વભાવરૂપ...**' ત્રિકાળીની વાત છે હોં આ. આહા..હા..! જેને સર્વજ્ઞ ઉપયોગપણે પ્રગટ થયું એણે આત્માને નિત્ય ઉપયોગસ્વરૂપ જોયો છે. એ રાગ ને પુણ્ય ને આમાં છે નહિ. આહા..હા..! '**તે કેવી રીતે પુદ્ગલદ્રવ્યરૂપ થઈ ગયું...**' ભગવાન એ ચૈતન્ય ઉપયોગ ભગવાને કીધો છે એમાં રાગમય કેમ થઈ ગયો એ? રાગ તો અચેતન પુદ્ગલ છે. આહા..હા..! આનું વિશેષ વર્ણન કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૪, બુધવાર, તા. ૦૪-૦૨-૧૯૭૬, ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન નં. ૬૬

૨૩, ૨૪, ૨૫ સમયસારની ટીકા ચાલે છે. આમાં એમ કહ્યું કે જેમ સ્ફટિકરતન જે વાસણમાં મૂકવામાં આવે જેવા પ્રકારમાં એવો અંદર રંગ સ્ફટિકની પર્યાયમાં ભાસે, એથી સ્ફટિકની સ્વચ્છતા તેનાથી ઢંકાઈ જાય. બરાબર છે? સ્વચ્છતા જે ત્રિકાળી છે એ રંગમાં

જોતાં ઢંકાઈ જાય છે, એમ ચૈતન્ય ઉપયોગસ્વરૂપ જીવ એની પર્યાયમાં પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધ એવા શુભાશુભ વિકલ્પો, કર્મના નિમિત્તનો ત્યાં ઉપાધિભાવ ઉત્પન્ન થાય છે, એને જો રુચિમાં દેખે તો તારો આત્મા ઢંકાઈ જાય છે. સમજાય છે કાંઈ?

દ્રવ્ય અને પર્યાય બે વસ્તુ. દ્રવ્ય નામ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ પ્રભુ અને પર્યાય વર્તમાન અવસ્થા હાલત. એ પર્યાય પર્યાયને દેખે કે એ પર્યાય પુણ્ય-પાપના વિકલ્પને દેખે તો એ મિથ્યાદષ્ટિ છે. એ પર્યાયમાં પુણ્ય અને પાપનું જ્ઞાન હો, પણ પુણ્ય-પાપના વિકલ્પો જે અજીવ છે, અચેતન છે, સ્વભાવભાવથી વિરૂદ્ધ એ અસ્વભાવભાવ છે, આહા..હા..! એને પોતાના માને તો એ તો વિકાર ને રાગનો અનુભવ કરે છે, એ તો મિથ્યાદષ્ટિ દુઃખી છે. સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે કે '**એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર!**' આહા..હા..! નિત્યાનંદ પ્રભુ જેની પર્યાય છે તે પર્યાય એનો વિષય ન કરતાં તે પર્યાય રાગને વિષય કરીને પોતાનો માને એ તો આત્માનો ઘાત છે. આવી વાત ઝીણી. સમજાય છે કાંઈ? જે જ્ઞાનની પર્યાય જ્ઞાયકભાવની છે એ પર્યાય રાગને માને, પુણ્ય-પાપના વિકલ્પને માને તો એ તો આત્માનો ત્રિકાળી સ્વભાવનો અનાદર થયો, એનો ઘાત થયો, એ નથી એમ થયું અને શુભ-અશુભભાવ છે એમ થયું. સમજાણું કાંઈ?

કહે છે કે ઘાસમાં સારા આહારને ભેળવીને ખાનાર હાથીની જેમ, પશુની જેમ હે જીવ! તું આનંદનો નાથ ભગવાન અંદર પૂર્ણાનંદસ્વરૂપ એનો ખોરાક-અનુભવ છોડી અને આ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના વિકલ્પો જે ઘાસ સમાન, ઘાસપુસ છે એ, એનો તું અનુભવ કરે છો એ પશુ જેવો છો, કહે છે. આહા..હા..! પશુ જેવો છે. હવે છોડ, છોડ. આવ્યું ને. એવા ખાવાના સ્વભાવને છોડ, છોડ. બે વાર કહ્યું છે. આહા..હા..!

'**જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીયજ્યોતિ છે...**' સૂર્ય. કેવળજ્ઞાની પરમાત્મા જિનેશ્વરદેવ અરિહંત અદ્વિતીય અજોડ ચૈતન્યજ્યોતિ છે, જેને કેવળજ્ઞાન પ્રગટ્યું છે. આહા..હા..! '**એવા સર્વજ્ઞજ્ઞાનથી સ્ફુટ કરવામાં આવેલ...**' સર્વજ્ઞના. સર્વજ્ઞ, જ્ઞ-સ્વભાવ એનો છે એવું સર્વજ્ઞપણું પર્યાયમાં જેને પ્રગટ થયું છે એવા સર્વજ્ઞ ભગવાને તો '**સ્ફુટ કરવામાં આવે જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...**' એ તો જ્ઞાયકભાવ ઉપયોગરૂપ સ્વભાવભાવ જાણક-દેખન એવો ઉપયોગ એ ભાવ તે જીવ છે. સમજાણું કાંઈ? આહા..!

'**તે કેવી રીતે પુદ્ગલદ્રવ્યરૂપ થઈ ગયું...**' એ કઈ રીતે વિકલ્પરૂપે, રાગરૂપે થઈ ગયું? સમજાય છે કાંઈ? જેની પર્યાયમાં ધ્રુવના દર્શન જોઈએ, પર્યાયને ધ્રુવમાં વાળીને ધ્રુવને જોવું એવી પર્યાયની તાકાત છે એવી ન માનતા, પર્યાય અને રાગના વિકલ્પવાળી માનવી અને એ આત્મા છું એમ માનવો અને અનુભવવો, આહા..હા..! એ પુદ્ગલદ્રવ્યને પોતાનું

માન્યું છે એણે. ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ જોયું કે આ વસ્તુ છે એ તો ઉપયોગમય છે. જાણક-દેખન સ્વભાવમય આત્મા છે. એવા આત્માને તે પર્યાય નામ વર્તમાન દશામાં નજરમાં ન લેતાં તારી નજરું રાગમાં ગઈ. આહા..હા..! પર્યાયબુદ્ધિ. અને 'એ રાગ તે મારું અને પુદ્ગલ તે મારું' એ રાગ એ જ પુદ્ગલ છે ખરેખર. આહા..હા..! ઝીણો માર્ગ બહુ, ભાઈ! સમજાણું કાંઈ? ઝીણો એટલે પુરુષાર્થ ઘણો માગે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ પુદ્ગલદ્રવ્ય કઈ રીતે તારું થઈ ગયું? આહા..હા..! ભગવાને તો ઉપયોગ જાણવા-દેખવાના સ્વભાવરૂપ ભગવાન આત્મા છે એમ જોયો હતો, અને તું કહે છો કે 'રાગ તે હું' એ ઉપયોગથી વિરૂદ્ધભાવ, ઉપયોગસ્વરૂપ તે ચૈતન્ય અને રાગ સ્વરૂપ તે અચેતન, આહા..હા..! એવો અચેતન કેમ થઈ ગયો આત્મા? તું માન માટે થઈ ગયો છે? સમજાણું કાંઈ? આહા..હા..! '**કે જેથી તું 'આ પુદ્ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે?**' આહા..હા..! પર્યાયમાં રાગનો અનુભવ એ તો પુદ્ગલનો અનુભવ છે. પુદ્ગલ એટલે એ જડ નહિ પણ પુદ્ગલસ્વભાવ છે એનો રાગનો અનુભવ છે. આહા..હા..! ચાહે તો પંચમહાવ્રત પાળતો હોય મુનિ હોય, પણ જ્યાં સુધી એ રાગનો અનુભવ કરે છે દૃષ્ટિમાં રાગને લઈને, ત્યાં સુધી સ્વભાવનો ઘાતક છે. આહા..હા..! પરની દયા પાળવામાં તત્પર હોય, સમજાણું કાંઈ? પંચમહાવ્રતના ભાવમાં નિરતિચાર ભાવ હોય, પણ એ તો રાગ છે, એ ઉપયોગ ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન ચીજ છે. તેથી કહે છે, આહા..હા..! ભગવાને તો તને ઉપયોગરૂપ જોયો છે ને જીવને. એમાં વળી 'આ રાગરૂપ હું છું' એવી માન્યતા તે ક્યાંથી લાવ્યો તું આ? આહા..હા..! ઝીણી વાત, બાપુ!

સંપ્રદાયમાં તો બહારથી આ દયા પાળવી, વ્રત પાળવા એ છે. લાલજીભાઈ! એવું કર્યું હતું ત્યાં તમે અગ્રેસર હતા ને. આહા..હા..! ભાઈ! વસ્તુ દ્રવ્ય અને એની પર્યાય એ પર્યાય જેની છે તેનો એણે વિષય ન બનાવ્યો-ધ્રુવનો. આહા..હા..! કારણ કે નિત્ય ઉપયોગરૂપ વસ્તુ એ વર્તમાન પર્યાય નિત્ય ઉપયોગમાં એણે લક્ષ ન કર્યું અને એ પર્યાયે વર્તમાનમાં રાગ ને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એના ઉપર લક્ષ રાખ્યું અને એ અસ્તિત્વ છે એમ માન્યું તો એ પુદ્ગલનો અનુભવ થયો તને. ભગવાન આત્માનો અનુભવ રહી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેવી રીતે પુદ્ગલદ્રવ્યરૂપ થઈ ગયું કે જેથી તું 'આ પુદ્ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે?**' આહા..હા..! '**કારણ કે જો કોઈપણ પ્રકારે...**' આહા..હા..! '**જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્યરૂપ થાય...**' ભગવાન જ્ઞાન ઉપયોગસ્વરૂપ ચૈતન્યમૂર્તિ એ જો રાગરૂપે થાય, '**તો જ મીઠાનું પાણી એવા અનુભવની જેમ મારું આ પુદ્ગલદ્રવ્ય એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...**' શું કહે છે? મીઠું છે ને મીઠું, આ લવણ. મીઠું વરસાદમાં ઓગળી

જાય, આમ ગળી જાય અને વળી બીજી મોસમમાં એ પાણીનું ઢીમ થઈને લવણ-મીઠું થઈ જાય. મીઠું થઈ જાય અને પાણી થઈ જાય એ તો એનું સ્વરૂપ છે કહે છે. પાણી મીઠું થાય અને મીઠું પાણી થાય. એ રીતે મીઠાનું પાણી જેમ અનુભવાય, એમ આ વસ્તુ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ,... સમજાય છે કાંઈ? એને આ રાગરૂપે શું થઈ ગયો તું? મીઠું જેમ પાણીરૂપે થયું એમ તું રાગરૂપે થયો? આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...**' જેમ મીઠું ઓગળીને પાણી થાય એમ ભગવાન ચૈતન્યમૂર્તિ પોતાની ઉપયોગની સત્તા છોડીને રાગરૂપે, અચેતનરૂપે થાય તો તારી અનુભૂતિ વ્યાજબી કહેવાય, પણ એ તો થતું નથી. સમજાણું કાંઈ? '**પણ એમ તો કોઈ રીતે બનતું નથી.**' આહા..હા..! ભગવાન જ્ઞાનરસકંદ એ ઓગળીને અથવા દ્રવીને રાગના વિકલ્પના વિકારરૂપે થાય તો તો તારો 'પુદ્‌ગલ દ્રવ્ય મારું છે' એ અનુભવ વ્યાજબી છે, પણ એમ તો કોઈ દિ' થતું નથી. આહા..હા..! જોયું! 'રાગ છે એ મારો' વિકલ્પ, દયા, દાન, સૂક્ષ્મ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, આહા..હા..! 'એ પણ મારો છે, એ હું છું' એવો અનુભવ તારો ક્યારે વ્યાજબી કહેવાય? કે એ મીઠાનું પાણી થઈને રહે, એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છોડીને રાગરૂપે થાય. એમ તો બનતું નથી કોઈ દિ'. આહા..હા..! ભગવાન તો જ્ઞાયકભાવસ્વરૂપ ચૈનત્યરૂપ કાયમ અનાદિઅનંત એ તો જ્ઞાયકભાવરૂપે રહ્યો છે. સમજાણું કાંઈ? '**પણ એમ તો કોઈ રીતે બનતું નથી.**' આહા..હા..! '**એ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છે :**'

'**જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ...**' ખારાપણું જેનું લક્ષણ છે એવું મીઠું '**પાણીરૂપ થતું દેખાય છે...**' પાણી ઓગળી જાય છે ને? '**અને દ્રવત્વ (પ્રવાહીપણું) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે...**' દરિયાના પાણી ખારા મીઠા થઈ જાય છે ને? લવણ થઈ જાય છે. '**કારણ કે ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે...**' એ કાંઈ વિરોધ નથી. આહા..હા..! ખારાપણું અને પ્રવાહીપણું એ વિરોધ નથી. '**તેમાં કોઈ બાધા નથી, તેવી રીતે...**' આહા..હા..! શું દૃષ્ટાંત આપીને!

'**નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય...**' નિત્ય ઉપયોગ જાણકસ્વભાવ એવો જે '**જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...**' આહા..હા..! એ રાગરૂપે થતું જોવામાં આવતું નથી. આહા..હા..! આવી વાત છે. માણસને મૂળ તત્ત્વની ખબર ન મળે અને પછી આ દયા ને વ્રત ને તપ ને અપવાસ કર્યા એ ધર્મ. મરી ગયો કરી કરીને, એ તો રાગ છે. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ જ્ઞાનસ્વરૂપ સમજણનો જ્ઞાયકનો પિંડ પ્રભુ એ તો નિત્ય ઉપયોગસ્વરૂપ છે. એને પર્યાયમાં લક્ષમાં-દૃષ્ટિમાં લીધા વિના તે પર્યાયને રાગમાં લક્ષમાં વાળીને અનુભવ્યું તો શું આત્મા રાગરૂપ થઈ ગયો છે? મીઠાનું પાણી થાય એમ આ આત્મા રાગરૂપ થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહારરત્નત્રય છે ને? નિયમસારમાં આવ્યું

છે. કહેવામાત્ર-કથનમાત્ર એવા વ્યવહારનયરત્નત્રયનો રાગ એ તો અનંતવાર કર્યો. કળશમાં છે ને? આહા..હા..! કળશમાં છે, નિયમસાર. એ તો રાગનો વિકલ્પ છે. એ વિકલ્પરૂપે નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપ થયું છે કે જેથી તું એને ધર્મ માને છો? એનાથી કલ્યાણ માને છો? આહા..હા..! સમજાણું કાંઈ?

ખારાપણું અને દ્રવત્વમાં વિરોધ નથી, **'તેવી રીતે નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય...'** રાગ, બે વિરોધ છે, બે એક થતા નથી. આહા..હા..! મીઠું છે એ ઓગળીને પાણી થઈ જાય એ તો અવિરોધ છે, એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ ઉપયોગરૂપ એ રાગના વિકલ્પ ભાવરૂપે થઈ જાય તો તો તું માન કે 'રાગ હું છું અને પુદ્‌ગલ હું છું', પણ એમ તો થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ આવો ધર્મ હવે માણસને. ભગવાનભાઈ! ઝીણું ભારે. એ કરતાં બિચારા વ્રત કરે, તપ કરે, અપવાસ કરે અને માને ધર્મ. મરી ગયો હવે સાંભળને. એ તો રાગની ક્રિયાને લોકો ધર્મ માને. આહા..હા..! એ પુદ્‌ગલ છે તેને ધર્મ માને છે. આહા..હા..!

કારણ કે એનાથી બંધાય તો પુદ્‌ગલ અને એનાથી મળે તો પુદ્‌ગલ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન ઉપયોગ, ઉપયોગ એટલે જાણવા-દેખવાના સ્વભાવવાળું તત્ત્વ એ કાંઈ રાગરૂપે થયું કોઈ દિ' જોયું છે તે? આહા..હા..! મીઠાનું પાણી થાય એ તો જોયું છે, એમ આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય વસ્તુ રાગ જે અચેતન પુદ્‌ગલ એ રૂપે થયું જોયું છે, તેં? શેનો તેં 'રાગ તે હું છું' એમ માન્યું છે? આહા..હા..! આહા..હા..!

**શ્રોતા :-** કર્તવ્યની સમજણ પડે તો દરકાર કરે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો પૈસા માટે કેમ દરકાર છે કે વઢવાણ છોડીને ત્યાં ગયા? એમ દરકાર કરવી જોઈએ સાંભળવાની.

**શ્રોતા :-** એટલે જ તો આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી, એથી આવ્યા છે ને. નથી કહેતા ભાઈ? શું કરવા છોડીને આવ્યા છો? આવો માર્ગ (છે), બાપા! આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવે કહ્યું, ભાઈ! તારી જાત તે તો ઉપયોગરૂપ જાત છે, જ્ઞાન-દર્શનના સ્વભાવરૂપી જાત છે. રાગ છે એ તો કજાત છે. આહા..હા..! એ દયાના રાગ પર ઉપર લક્ષ જાય છે ને? દયા પાળું ને વ્રત કરું, અપવાસ કરું એ બધો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! મીઠું ઓગળીને પાણી થવું, એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ ઓગળીને રાગ થયો? અચેતન થયો? આહા..હા..! ચેતનનો પ્રવાહ રાગરૂપે થયો? આહા..હા..! ઝીણી વાત, ભગવાન! આહા..હા..! વીતરાગનો માર્ગ સુખી થવાનો જુદી જાત છે. એ રાગને પોતાનો માને છે એ રાગરૂપ નિશ્ચયથી પુદ્‌ગલની દશા છે, ચૈતન્યના જ્ઞાનના કણનો અંદર અંશ નથી. રાગમાં જ્ઞાનસ્વરૂપનો કણ (ન હોય). સૂર્યના કિરણમાં પ્રકાશ હોય છે, એમ ભગવાનના કિરણમાં

પ્રકાશ હોય છે, એમાં રાગ હોતો નથી. રાગ તો અંધારું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અંધકાર કાંઈ સૂર્યનું કિરણ કહેવાય? એમ રાગ અંધકાર એ ચૈતન્યનો અંશ કહેવાય? આહા..હા..! આહા..હા..!

**શ્રોતા :-** આવી સમજણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી, વાત સાચી, ભાઈ! આ વસ્તુ બધી ગોટે ચડી ગઈ છે અને અહીં વાતને પછી કહે, એય..! નિશ્ચયાભાસી છે. ભાઈ છે એ છે. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્ય એની પર્યાયનું કિરણ તો નિર્મળ હોય, જ્ઞાન હોય. આ વિકલ્પ ઊઠે એ રાગ એનું કિરણ છે? એ તો પુદ્‌ગલ છે, જડ છે, અચેતન છે. આહા..હા..! ભાઈ! તેં બેને એક માન્યા. પુદ્‌ગલને અને ચૈતન્યને તેં બેને એક માન્યા. આહા..હા..! એ મિથ્યાત્વભાવ છે. જે પર્યાયે સ્વનું જ્ઞેય ન કરતાં તે પર્યાય જે એનામાં નથી એને જ્ઞેય બનાવીને માન્યું એ પર્યાય મિથ્યાપર્યાય છે. આહા..હા..! એને મિથ્યાદૃષ્ટિ કહ્યો. જે પર્યાયે જ્ઞેય પૂર્ણાનંદનો નાથ ધ્રુવ એને દૃષ્ટિમાં લઈને એનો સ્વીકાર કર્યો એ પર્યાય સત્‌ને સ્વીકાર કરતાં પર્યાય સત્ થઈ. આહા..હા..! સત્ થઈ એટલે સમ્યગ્દર્શન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આહા..હા..!

દાખલો જુઓને કેવો આપ્યો છે! આહા..હા..! આચાર્યોએ કરુણા (કરી છે). દિગંબર સંતો તો જંગલમાં વસતા હતા. આહા..! એને કાંઈ પડી નહોતી. આ તાડપત્ર ઉપર અક્ષર લખાતા હતા ત્યારે એ લખતા હતા એ નહિ, એ તો જાણતા હતા અને લખીને પણ એ તાડપત્રો કો'ક આવે તો કો'કને સોંપવા એમ વાટ નહોતા જોતા. આહા..હા..! ત્યાં અમે ગયા હતા ને ત્યાં.

અંકલેશ્વર નહિ, આની કોરનું ગામ. સજોદ-સજોદ બહુ જૂનું છે. ભગવાનની પ્રતિમા બહુ જૂની છે. સજોદમાં ગયા હતા ને. ત્યાં આસપાસ નદીને કાંઠે હજારો તાડપત્ર તાડ છે. હજારો તાડ છે, ત્યાં ગયા હતા જોવા. એ મુનિઓ ત્યાં રહેતા અને તાડના પડ્યા હોય પત્રો, એમાં લખતા અને એ પત્ર ત્યાં મૂકી દેતા. કોઈ આવે તો સોંપીએ એ પણ એને ક્યાં પડી છે! આહા..હા..! એ બીજા ગૃહસ્થોને ખબર હોય કે મુનિરાજ કાંઈક તાડપત્ર ઉપર લખે છે, લાવ જોઈએ તો. પડ્યા હોય તાડપત્ર તો ઉપાડી લે. એમ કરીને સંગ્રહ થઈને આ શાસ્ત્ર બન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં આ કહ્યું ભગવાન કુંદકુંદાચાર્યે અને અમૃતચંદ્રાચાર્યે.

ભગવાન! એકવાર સાંભળને, પ્રભુ! તારી પ્રભુતા તો ઉપયોગમય તારી પ્રભુતા છે. આહા..હા..! તારી ઈશ્વરતા, તારી સમર્થાઈ, તારી અધિકતા રાગથી અધિક '**णाणसहावाधियं मुणदि**' ૩૧ ગાથામાં '**णाणसहावाधियं मुणदि**' રાગથી અધિક ભિન્ન તારું જ્ઞાનતત્ત્વ અંદર પડ્યું છે. એવું જ્ઞાનતત્ત્વ ધ્રુવ અને એનો આખો સ્વભાવ પૂર્ણાનંદથી ભરેલો. આહા..હા..!

એને એની પર્યાયે એનો વિષય ન કર્યો અને એ પર્યાયે રાગને ત્રિકાળી જ્ઞાયકનો અનાદર કરી, ઘાત કરી, તું નહિ આ છું એમ માન્યું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. ચાહે તો દિગંબર સાધુ હોય, નવમી ગ્રૈવેયકે ગયો પણ આ માન્યતા છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ...**' એટલે મીઠું '**પાણીરૂપ થતું દેખાય છે...**' ભાષા જુઓને! આમ દ્રવે છે તો પાણી દ્રવે છે. '**અને દ્રવત્વ જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે કારણ કે ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે...**' એવી રીતે નિત્ય ઉપયોગ ભગવાન જ્ઞાનઘન એ રાગરૂપે દ્રવીને રાગરૂપે થાય છે? આહા..હા..! દ્રવ્ય છે ને? મીઠું જેમ દ્રવીને, ઠરીને પ્રવાહરૂપે થાય છે એમ ભગવાન જ્ઞાનઘન પ્રભુ નિત્ય ઉપયોગસ્વરૂપ એ વિકલ્પના રાગરૂપે પ્રવહીને-દ્રવીને થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત મળવી મુશ્કેલ છે, ભાઈ! આહા..હા..! લોકો બહારમાં-બહારમાં ઘુંચાઈ ગયા. આહા..હા..! અંદર ભગવાન એકલો વિકલ્પ વિનાનો, રાગ વિનાનો પડ્યો છે મોટો પ્રભુ, એને તો એણે પર્યાયને એનો સ્વામી એને ન બનાવ્યો. પર્યાયનો સ્વામી એ છે, આહા..હા..! એને ઠેકાણે રાગનો સ્વામી બનાવીને (રખડે છે). આહા..હા..! ભગવાન! તું રાગરૂપે ભગવાન થાય છે કોઈ દિ'? મીઠું જેમ ઓગળીને પાણી થાય એમ જ્ઞાનનો ઘન ઓગળીને રાગરૂપ થાય છે? ઓગળીને શું કહે છે હિન્દીમાં? પીગળીને. આહા..હા..! ચૈતન્યઘન પ્રભુ પડ્યો છે ને અંદર.

જેમ ઠંડીના દિવસોમાં પહેલાં ઘી થતા ને. અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો છે. ઠંડીના દિવસમાં ઘી એવા હતા કે જેમાં આંગળી તો પ્રવેશ ન કરે પણ તાવેથો-ખુરપો પ્રવેશ ન કરી શકે, વળી જાય એટલું ઘી કઠણ હતું. એમ આ ભગવાન જ્ઞાનઘન એવો છે કે જેમાં શરીર, વાણી, મન અને કર્મ તો ન જાય પણ જેમાં વિકલ્પનો પ્રવેશ નથી અંદરમાં. નિત્ય ઉપયોગ ભગવાનમાં વિકલ્પનો પ્રવેશ નથી. આહા..હા..! અરે..! તું એ છો એમ કહે છે. આહા..હા..! તેવી રીતે ઓલા ખારાપણું અને ઢીલા દ્રવપણું-પ્રવાહપણું એ તો અવિરૂદ્ધરૂ છે, એમ ભગવાન નિત્ય ઉપયોગસ્વરૂપ, જાણગસ્વભાવ સ્વરૂપ એ રાગસ્વરૂપે દ્રવીને પ્રવાહરૂપે થઈને ઘનમાંથી ઓગળીને રાગરૂપે થાય? આહા..હા..! જુઓ, આ ભગવાન ત્રિલોકનાથની વાણી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા તો બોલે મા હણો.. મા હણો.. વ્યાખ્યાન શરૂ થાય ને બોલે. બોલતા હતા ને, અમે પણ બોલતા હતા ને. મા હણો.. મા હણો જીવને એવો ભગવાનનો વેશ છે. કોણ હણી શકે છે તે મા હણો (બોલે છે). આ તું રાગને પોતાનો માનીને સ્વભાવની હિંસા કરે છો એ ઘાત છે તારો. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

'**નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને નિત્ય અનુપયોગ...**' ભાષા જુઓ! શું કીધું? કે રાગ છે ને પુણ્ય-પાપનો વિકલ્પ તે નિત્ય

અનુપયોગ છે. આહા..હા..! ચૈતન્ય ઉપયોગ સ્વરૂપ ભગવાન અને રાગ ચાહે તો દયા, દાન, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, પણ એ અનુપયોગસ્વરૂપ છે. આહા..હા..! '**નિત્ય અનુપયોગ (જડ) લક્ષણવાળું પુદ્ગલદ્રવ્ય...**' આહા..હા..! એ રાગ જડ લક્ષણવાળો છે. આહા..હા..! એ રાગ અજીવ છે, જીવ નહિ. રાગ જડ છે, ચેતન નહિ. પુદ્ગલ સ્વભાવ છે રાગ, એ ચૈતન્યસ્વભાવ નહિ. એ અસ્વભાવભાવ છે, એ સ્વભાવભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં દરકાર કરી છે? આ બધું બહારમાં રળવું, ખાવું, જો કલાક-બલાક મળે અને સાંભળવા જાય અને કુગુર લૂંટી લે, એ શ્રીમદ્ કહે છે ને. કાં દયા પાળો, વ્રત કરો, જાવ તમારું કલ્યાણ થશે. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! ભાઈ! તને વીતરાગ સર્વજ્ઞનો કહેલો માર્ગ અને ઉપયોગસ્વરૂપ આત્મા કોણ છે એની તને ખબર નથી. આહા..હા..! એ તો રાગનો રાગને લઈને ન જાણનારો, રાગને-રાગને લઈને નહિ જાણનારો ચૈતન્ય તે જ્ઞાયકસ્વરૂપ છે. એવા જ્ઞાયકને તેં રાગરૂપે, મીઠું દ્રવીને પ્રવહીને જેમ પાણી થયું, એમ ઘન જ્ઞાન પ્રવહીને રાગ થયો? આહા..હા..! જુઓને, શૈલી તો જુઓ! સમયસારની શૈલી.. આહા..હા..! ગજબ શૈલી છે. માંગીલાલજી! આહા..હા..!

આ શરીરાદિ જડ એ તો માટીના આકાર બધા છે. એ કાંઈ આત્માના નથી, આત્મામાં નથી, એમાં આત્મા નથી. આહા..હા..! અરે..! એવા શરીરની આકૃતિને સુંદર દેખીને તને શેનો ઉત્સાહ અને હોંશ આવે છે? એમ કહે છે. એ રાગનો ઉત્સાહ, પુદ્ગલનો ઉત્સાહ. આહા..હા..! ભાઈ! તારો આત્મા ઘાત પામે છે. તારા આનંદનો નાથ ભગવાન તેને તેં ન કબુલતા.. આહા..હા..! પરમાંથી કાંઈક મને મઝા પડે, આનંદ આવે એવું તેં માન્યું, પ્રભુ! આનંદની ખાણમાંથી આનંદ આવે છે એ તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ગોળના રવા હોય છે ને? ગોળના રવા નહિ? ... એ પછી બહુ તડકો હોય ને તો ઓગળે. ઓગળે તો ગળપણનો પ્રવાહ નીકળે એમાંથી. ચાચુ હોય ને ચાચીયા આડા. કપડાના. તો પણ બહુ ગરમી હોય એટલે ઓગળે તો ગરમ પાણી નીકળે, ગરમ રસ નીકળે. ગોળનો નીકળે રસ. કાળીજીરીનો નીકળતો હશે? કાળીજીરી સમજો છો? કાળીજીરી નહિ? કડવી. શું કહે છે? એ છોકરાઓ છે નાના એને ન ખબર હોય. કાળીજીરી હોય કડવી. એમાં કડવો રસ હોય છે. આહા..હા..! એમ ભગવાન જ્ઞાન ઉપયોગ ધ્રુવ, એમાં એકાગ્ર થતાં આનંદ અને જ્ઞાનનો પ્રવાહ અંદરથી નીકળે. આહા..હા..! એ ઓગળે તો ગળપણે ઓગળે ગોળ, એમ ભગવાન પરિણમે તો એ આનંદ અને જ્ઞાનની પર્યાયપણે પરિણમે એ આત્મા કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! ગાથાઓ કેવી છે, જુઓને! આહા..હા..! એક-એક ગાથાએ ન્યાલ કરી નાખે એવું છે. આહા..હા..! એની દૃષ્ટિને ગુલાંટ ખવરાવે છે. આમ જાને, ભાઈ! આમ ક્યાં જા છો? આહા..હા..! તને શેના વિકલ્પના અને વિકલ્પના નિમિત્તની શરીરની ક્રિયા અપવાસ આદિ જીર્ણ થાય, મોળું થાય એ બધી ક્રિયા ઉપર તને કેમ માહાત્મ્ય જાય

છે? આહા..હા..! સમજાણું કાંઈ? તારો નાથ અંદર અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ઠરેલો ધ્રુવ બિંબ જ પોતે જ્ઞાન ને આનંદનો રવો છે એ તો. આહા..હા..! એમાં એકાગ્રતાનું ધ્યાન થાય તો ઓગળે તો જ્ઞાન અને આનંદ આવે એમાંથી. આહા..હા..!

અહીં કહે છે, '**નિત્ય ઉપયોગલક્ષણવાળું...**' એવો ભગવાન આત્મા. આહા..હા..! એવો '**નિત્ય અનુપયોગ...**' જે દ્રવ્ય રાગાદિ એ '**જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે પ્રકાશ અને અંધકારની માફક...**' ભાષા દેખો! ઓહોહો..! '**ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...**' આહા..હા..! સાથે એટલે? એકપણું થવામાં વિરોધ છે. '**કારણ કે પ્રકાશ અને અંધકાર...**' એ બે એકરૂપે, ઉપયોગ અને અનુપયોગ એકરૂપે રહેવાનો વિરોધ છે. આહા..હા..! ચૈતન્યપ્રકાશ છે ત્યાં અંધકાર ન હોય, અંધકાર છે ત્યાં પ્રકાશ ન હોય. એમ ભગવાન ચૈતન્ય પ્રકાશમાં જ્યારે છે, ત્યારે રાગ અંધકાર ન હોય અને રાગ અંધકારમાં જ્યારે આવે, ત્યારે એને ચૈતન્યનો પ્રકાશ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એમ અંદર બેસવું જોઈએ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**કારણ કે પ્રકાશ અને અંધકાર...**' કેવી શૈલી કરી છે, જુઓને! અસ્વભાવભાવ કહ્યું હતું રાગને, અહીંયાં હવે અંધકાર કહ્યો. રાગ અંધકાર છે. રાગ નથી જાણતું પોતાને. ૭૨ ગાથામાં કહ્યું હતું ને, ૭૨. કર્તાકર્મ ૭૨. રાગ જડ છે. ૭૨ ગાથામાં કર્તાકર્મમાં કહ્યું. રાગ અશુચિ છે, રાગ જડ છે, રાગ દુઃખરૂપ છે. જડ કેમ છે? એ પોતે પોતાને જાણતો નથી, પોતે પરને જાણતો નથી, પણ પોતે પર વડે જણાય છે માટે જડ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**પ્રકાશ અને અંધકાર...**' ઉપયોગ અને અનુપયોગ, સ્વભાવભાવ અને અસ્વભાવભાવ, ચેતન અને અચેતનભાવ, જીવભાવ અને અજીવભાવ, આનંદભાવ અને ઝેરભાવ, આહા..હા..! એ બેમાં એકરૂપે રહેવાનો વિરોધ છે. એકરૂપે રહેવાનો વિરોધ છે. આમ તો અનુભવ થઈને.. રાગ.. મોક્ષ અધિકારમાં આવે છે, રાગ આવે છે, પણ એ રાગ વિષકુંભ છે. આહા..હા..! પંડિતજી! વિષકુંભ. એ સાથે એટલે એકપણે રહેવાનો વિરોધ છે. સાથે આમ જોડે ભિન્ન ચીજ હોય ભલે. એકરૂપે રહેવાનો (વિરોધ છે), બસ એ. સમજાણું કાંઈ? નહિતર અહીં સાથે રહેવાનો વિરૂદ્ધનો અર્થ એમ જાય કે જ્યાં આનંદ છે ત્યાં રાગ નથી, તો તે મુનિઓને રાગ પણ છે, પણ એ ભિન્નપણે રહ્યા છે, બે એકપણે નથી રહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? આ મુનિને કહ્યું છે ને? પંચમહાવ્રતના પરિણામ એ શુભભાવ છે એ બધો વિષકુંભ છે, ઝેરનો ઘડો છે. કેમ? ભગવાન આત્મા તો અમૃતનો ઘડો છે, અમૃતનો કુંભ છે. એની તો પરિણતિને અમૃતનો કુંભ કીધો છે. શુદ્ધ પરિણતિને અમૃતનો કુંભ કહ્યો છે. રાગ પરિણતિને ઝેરનો ઘડો કહ્યો છે. આહા..હા..! અહીં એમ લેવું કે ઉપયોગ અને અનુપયોગને સાથે એટલે એકપણે રહેવામાં વિરોધ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એકપણે થવામાં વિરોધ છે. રાગ રાગરૂપે હો, જ્ઞાતા પોતે પોતામાં રહીને રાગને જાણે, રાગ છે માટે જાણે એમ પણ નહિ, પોતાની શક્તિથી જાણે એમ હો. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રકાશ ને અંધકારની માફક ઉપયોગ તે પ્રકાશસ્વરૂપ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ શુભભાવ તે અંધકારસ્વરૂપ છે. આહા..હા..! ભારે આકરી વાત! અહીં તો અત્યારે લોકો એને એય..! અપવાસ કર્યા, આઠ અપવાસ કરે અને એક અઠ્ઠમ કરે અને એક પોરસી લગાવી દે તો પચ્ચીસ અપવાસનું પાપ. પાપ શું? વાત તો સાચી છે. આહા..હા..! મિથ્યાત્વનું પાપ છે. અપવાસ છે, ઉપવાસ ક્યાં છે ત્યાં? અપ-માઠો વાસ છે, રાગમાં વસેલો છે. ઉપ નામ આનંદનો નાથ ભગવાન એના સમીપમાં વસ્યો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ બબ્બે મહિનાના સંથારા કર્યા. ગયા હતા ને ત્યાં ઝવેર.. ગયા હતા ત્યાં. રાજગૃહી. શું કેવું કહેવાય? સાંભળ્યું હતું. શેઠિયા .. એ બધા સંથારા નહોતા, લાંઘણું હતી. મિથ્યાત્વભાવની લાંઘણું. આહા..હા..! શું થાય? સત્ય છે એ બહુ કઠણ વસ્તુ છે, છતાં અશક્ય નથી. કઠણ હોવા છતાં અશક્ય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- અણ-અભ્યાસે બધું કઠણ લાગે, અભ્યાસે સહેલું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધું કઠણ લાગે. આહા..હા..!

સ્વભાવભાવ અને રાગ અસ્વભાવભાવ, આત્મા ચૈતન્યપ્રકાશભાવ, રાગ અંધકારભાવ બેને એકપણે રહેવું વિરૂદ્ધ છે. બે એકપણે કોઈ દિ' થાય નહિ. આહા..હા..! એટલે રાગ પુદ્ગલ છે, ભગવાન ચૈતન્ય છે આત્મા. બે એકપણે કોઈ દિ' થાય નહિ. આહા..હા..! કળશટીકામાં લખ્યું છે કે બે વચ્ચે સાંધ છે. નિઃસંધિ એટલે જ્ઞાયકભાવ અને રાગ બે નિઃસંધિ-એક થયા નથી. પાઠ છે સર્વવિશુદ્ધમાં. ભગવાન જ્ઞાન ચૈતન્યજ્યોત, જ્ઞાનપ્રકાશની મૂર્તિ પ્રભુ અને રાગ-અંધકાર બેની વચ્ચે એકતા થઈ નથી, બેની વચ્ચે સાંધ છે, તડ છે, બે જુદાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે માણસને. અજાણ્યા માણસને એવું લાગે આ કઈ જાતનો ઉપદેશ? આપણે તો ભાઈ આટલા વર્ષમાં સાંભળ્યું નથી. એય.. રમણીકભાઈ! અજાણ્યાને એમ લાગે. માર્ગ વીતરાગનો, બાપુ! એ અંધકારમાં ચાલ્યો જાય જગતમાં અત્યારે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે કે પ્રભુ! તું તો ઉપયોગમય છો ને. જાણન-દેખન સ્વભાવમય છો ને. આ કરું ને ન કરું અને છોડું એવો વિકલ્પ એ તારી જાત છે? આહા..હા..! આને છોડું એ તિરસ્કાર કરનાર છે, તિરસ્કારીણીય છે. આહા..હા..!

'**સાથે રહેવામાં વિરોધ છે; જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ.**' આહા..હા..! ભગવાન! તું ચૈતન્યસ્વરૂપ પ્રભુ છો. શરીરને ન જો, વાણીને ન જો, કર્મને ન જો, એ રાગ થાય એને ન જો. આહા..હા..! આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન! જડ-ચેતન કદી પણ એક થઈ શકે? રાગ અને ચૈતન્યપ્રકાશ, અંધકાર અને પ્રકાશ બે એક થઈ શકે? આહા..હા..! ૨૦૦ ગાથામાં કહ્યું હતુંને, પ્રવચનસાર. જ્ઞાયક તો જ્ઞાયકપણે જ રહ્યો છે. એને

અનધ્યવસિત કર્યો છે, રાગપણે છું એ માન્યતા કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેમ જેની અસ્તિ મોટી, પ્રભુનું અસ્તિત્વ છે મહાપ્રભુનું એવું અસ્તિની સત્તાનું હોવાપણું ભાસ્યું નહિ, સમજાણું કાંઈ? અને રાગનું અસ્તિપણું આમ દેખે, મલિનતા દેખાય છે કહે છે, એનું અસ્તિપણું તેં માન્યું. આહા..હા..! પણ એ બે કોઈ દિ' એક થયા છે? અધ્યવસાય અનેરો કર્યો, એમ છે પાઠ. છે? અધ્યવસિત. અન્યથા અધ્યવસિત તેં કર્યો છે. વસ્તુ તો વસ્તુ જ્ઞાયકપણે જ રહી છે. આહા..હા..! આવી વસ્તુ છે. તું માન માટે એકરૂપ થયું છે? તારી માન્યતામાં ગોટાળો ઊભો કર્યો તેં.

જ્ઞાયક ચૈતન્ય ચૈતન્યપ્રકાશની મૂર્તિ એકલો ચૈતન્યસૂર્ય શીતળ સૂર્ય. આહા..હા..! ઓલા સૂર્યમાં જરી પ્રકાશ શાતા, આ તો શાંત ઠંડો રસ, ઉપશમરસ. આહા..હા..! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયમાં.' આહા..હા..! એ ઉપશમરસનો દરિયો આત્મા છે. આહા..હા..! એટલે અકષાયસ્વભાવની મૂર્તિ છે, અકષાયસ્વભાવ એટલે વીતરાગસ્વરૂપી છે, વીતરાગસ્વરૂપ એટલે કે ઉપશમરસનો કંદ છે એ તો. એ કોઈ દિ' રાગરૂપે થાય? આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રતના રાગરૂપે કોઈ દિ' થાય?

**'એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** આહા..હા..! કેમકે પ્રકાશ અને અંધકાર કોઈ દિ' એક થાય નહિ, એમ ભગવાન ચૈતન્યની જ્યોત અને રાગ બે એક થાય નહિ. આહા..હા..! માટે એકવાર પ્રસન્ન થા. આહા..હા..! મારો નાથ અંદર પડ્યો છે શુદ્ધ ચૈનત્યઘન. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા કેવી કરી! સ્વભાવભાવ વસ્તુ છે, એ રાગ સ્વભાવભાવરૂપે કોઈ દિ' થાય છે? પ્રકાશ તે અંધકારરૂપે થાય છે? એમ ચૈતન્યની જ્યોત ચૈતન્યપ્રકાશનું સત્તાસ્વરૂપ એ રાગના અંધકારસ્વરૂપે થાય છે? માટે જ્ઞાનપ્રકાશની મૂર્તિ એવી ને એવી રહી છે. પ્રસન્ન થા, એકવાર હા પાડ કહે છે. કહો, રતિભાઈ! આવું છે આ. આહા..હા..! એકવાર. **'સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** **'તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** ગુલાંટ ખા. આહા..હા..! ચૈતન્યજ્યોત પડી છે ને મેં આદર કર્યો નહિ! આહા..હા..! એકલી વીતરાગમૂર્તિ જિનસ્વરૂપે ભગવાન છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજ લે જિનવચન કા મર્મ.' આહા..હા..! ભાઈ! આ તો સ્વભાવભાવની વાતું બહુ ઝીણી, ભાઈ!

સ્વભાવ ચૈતન્ય.. અને જ્ઞાયકભાવ, ચૈતન્ય પ્રકાશભાવ અસ્તિ છે એ કોઈ દિ' રાગરૂપે થાય છે? સમજાણું કાંઈ? તો થયો નથી માટે પ્રસન્ન થા. એકવાર આદર કર એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ટીકા તે કેવી ટીકા! જુઓ, આવી ક્યાંય (નથી). આહા..હા..! ભરતખંડમાં આવી ટીકા સમયસારની! આહા..હા..! અમૃત વેર્યા છે એકલા. .. સ્પષ્ટ દીવાની જ્યોત પ્રભુ! ચૈતન્ય પ્રકાશની ઝળહળ જ્યોતિ, ચૈતન્ય પ્રકાશની ઝળહળ જ્યોતિ ભગવાન તો એવો ને એવો રહ્યો છે. કોઈ દિ' અંધકારરૂપે પ્રકાશ ન થાય, એમ ભગવાન કોઈ દિ'

રાગરૂપે ન થાય. આહા..હા..! માટે પ્રસન્ન થા, રાગરહિત થઈને દૃષ્ટિ કર અંદરમાં, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનની વાણી નીકળતી હશે અને શ્રુતકેવળીઓ એને કથન કરતાં હશે એ કઈ શૈલી! આહા..હા..! ગજબ શૈલી! કુંદકુંદાચાર્ય ભગવાનની વાણી સાંભળી શ્રુતકેવળીઓ સાથે કેટલીક ચર્ચા કરી, આહા..હા..! મહાવિદેહમાં. ત્યાંથી આવીને ભગવાને આ રચ્યા શાસ્ત્ર. સમજાણું કાંઈ?

'**તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...**' આનંદના અનુભવમાં આવી જા, કહે છે. રાગના અનુભવમાં પડ્યો છે એ આની કોર આવી જા. એવી ને એવી ચીજ પડી છે ત્યાં આવી જા હવે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! ઓહોહો..! અરે..! કરવાનું તો આ છે, ભાઈ! આ કર્યું નહિ એણે કાંઈ કર્યું નહિ. આહા..હા..! '**તેથી તું...**' આહા..હા..! '**સર્વ પ્રકારે પ્રસન્ન થા,...**' આનંદસ્વરૂપી ભગવાન કોઈ દિ' દુઃખરૂપે થયો જ નથી એમ કહે છે. આહા..હા..! ચૈતન્યપ્રકાશ સ્વરૂપી પ્રભુ રાગના અંધકારરૂપે થયો જ નથી. એ જીવસ્વરૂપ પોતે રાગરૂપે, અજીવરૂપે કોઈ દિ' થયો જ નથી. જીવતત્ત્વ અને અજીવની વ્યાખ્યા છે ને? આહા..હા..! ભગવાન જીવસ્વરૂપે બિરાજે છે ચૈતન્યપ્રકાશ એ કોઈ દિ' રાગરૂપ-અજીવરૂપ થયો નથી. આહા..હા..!

'**સર્વ પ્રકારે પ્રસન્ન થા,...**' વીર્યને ઉછાળ અમૃતમાં જવા માટે, કહે છે, તને આનંદ આવશે. આહા..હા..! આ દુઃખના વેદનમાં પડ્યો પ્રભુ તને આનંદ આવશે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! દુનિયા.. આહા..હા..! આવી વાતું .. વાદવિવાદ ને ઝઘડા અરે..! ભગવાન! આમાં ક્યાં? ભાષા કેવી છે! આહા..હા..! '**सहवृत्तिविरोधादनुभूयते। तत्सर्वथा प्रसीद**' '**तत्सर्वथा प्रसीद**' છે ને? પ્રસિદ્ધ પ્રસાદમાં આવી જા, આનંદમાં આવી જા. આહા..હા..! આવીને આવી વસ્તુ? અનંતવાર નરકમાં ગયો, નિગોદમાં ગયો, આર્તધ્યાન, .. રૌદ્રધ્યાન કર્યા, ગૃહીત મિથ્યાત્વ સેવ્યા, પણ વસ્તુ તો એવી ને એવી રહી છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે, લ્યો! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો તો માર્ગ આ છે. આહા..હા..! તું વીતરાગસ્વરૂપે છો, પ્રભુ! એ રાગરૂપે કોઈ દિ' થયો છે? વીતરાગમૂર્તિ પોતે રાગરૂપે થાય? પ્રસન્ન થા, વીતરાગમૂર્તિપણે હું ત્રિકાળ છું. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સોમચંદભાઈ! આહા..હા..!

'**તારું ચિત્ત ઉજ્વળ કરી સાવધાન થા...**' આહા..હા..! તે જ્ઞાનની પરિણતિને નિર્મળ કરીને અંદર સાવધાન થા, એમ કહે છે. જે જ્ઞાનની પરિણતિ રાગને લક્ષ કરીને ત્યાં પડી છે એ કાયમી ચીજ નથી અને એ રૂપે થયો નથી આત્મા. જે રૂપે રહ્યો છે તેમાં પ્રસન્નચિત્ત ને નિર્મળ પરિણતિ કરીને ત્યાં જા. છે ને? જ્ઞાનની પરિણતિ, ચિત્ત એટલે જ્ઞાનપરિણતિ '**ઉજ્જ્વળ કરી...**' આહા..હા..! '**સાવધાન થા...**' 'સમય વર્તે સાવધાન' નથી કહેતા આ પરણે ત્યારે? ટાઈમ થઈ ગયો કન્યાને લાવો. અહીં ટાઈમ થઈ ગયો અંતરમાં જા. આહા..હા..!

એય..! ભગવાનજીભાઈ! આહા..હા..!

'**ઉજ્જવળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ આ મારું છે...**' આહા..હા..! આ જ્ઞાયકભાવ તે ચિદાનંદસ્વરૂપ તે હું છું. આહા..હા..! '**એમ અનુભવ.**' આહા..હા..! જુઓને, કઈ શૈલીએ વાત કરી! તદ્દન સાદી ભાષા અને તદ્દન ઊંચામાં ઊંચું તત્ત્વ!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## મહા સુદ-૫, ગુરુવાર, તા. ૦૫-૦૨-૧૯૭૬, ગાથા-૨૩ થી ૨૬, શ્લોક-૨૩-૨૪, પ્રવચન નં. ૬૭

૨૩, ૨૪, ૨૫.

'**ભાવાર્થ :- આ અજ્ઞાની જીવ...**' એટલે શું કહ્યું? આ દેહમાં ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્, શાશ્વત અને જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે, એનું જેને જ્ઞાન નથી એ અજ્ઞાનીઓ. આહા..હા..! પોતે કોણ છે આત્મા? અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા છે અને અતીન્દ્રિય જ્ઞાનના સ્વરૂપથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એવું જેને વસ્તુના વાસ્તવિક સત્તાના સ્વભાવનું જ્ઞાન નથી એવા જે અજ્ઞાની '**પુદ્ગલ દ્રવ્યને પોતાનું માને છે...**' એટલે ક્યાંક (તો પોતાપણું) માનવું પડે... વસ્તુ છે, એ વસ્તુ જેવી છે તેવી ખ્યાલમાં તો આવી નહિ અનાદિથી. તત્ત્વ છે આત્મજ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવો જેને ખ્યાલ નથી એટલે એના અસ્તિત્વનું ભાન નથી એ ક્યાંક પોતાને અસ્તિત્વ તરીકે માનશે. એટલે કે પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી આદિ વિકલ્પના ભાવ એ પુદ્ગલ છે, નિશ્ચયથી આત્મસ્વભાવ નથી, આહા..હા..! એમાં પોતાને માને છે એ. અનાદિ પોતાની હયાતીનું સ્વરૂપ શું છે? એની મોજૂદગીનું તત્ત્વ શું છે? એવા તત્ત્વના ભાન વિના અનાદિનો એ પોતાની ચીજથી વિપરીત જે પુણ્ય-પાપના વિકલ્પો અને રાગ એને પોતાના માને છે. આહા..હા..!

'**તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે...**' તેને અહીંયાં આચાર્યોએ, સંતોએ ઉપદેશ કરી સાવધાન કર્યો (છે), ભાઈ! તું પ્રભુ છે. એ પુણ્ય અને પાપના વિકલ્પો-રાગ એ તો ખરેખર અચેતન છે. અચેતનને તું તારું સ્વરૂપ માને છો. એ '**જડ અને ચેતનદ્રવ્ય એ બન્ને સર્વથા જુદાં-જુદાં છે,...**' આહા..હા..! બહુ તત્ત્વ ભિન્ન. અત્યારે તો જૈન ગેજેટમાં એવું આવે છે કે આ વ્યવહારરત્નત્રય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એને પુણ્ય

કહીને હેય કહે છે, પણ એનાથી તો પદવી મળે છે. સાત સ્થાન... તીર્થંકપણું, ચક્રવર્તીપણું, બળદેવપણું, ઈન્દ્રપણું, એમ. એને હેય કેમ કહેવાય? ખુબ લખ્યું છે આજે ભાઈએ 'વર્ધમાનપારસનાથ.' પહેલાં પણ આવ્યું હતું. આજે પણ ખુબ લખ્યું છે. સાત સ્થાન છે ને ઉત્તમ, એ ઉત્તમ સ્થાન બધા ધર્મથી મળે છે. ધર્મ ક્યો? આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, પૂજા એનાથી મળે અને એના પછી મોક્ષ થાય જેનો અને તમે એને હેય કહો છો. અજ્ઞાન છે, એમ કહે છે. વાત ઝીણી છે ને, ભાઈ! આહા..હા..! એ પદવીના પુણ્યો પણ કોને હોય છે? જેને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનંત આનંદનો કંદ અનુભવમાં-સમ્યગ્દર્શનમાં આવ્યો છે. આહા..હા..! જેને આત્માનો સ્વભાવ સાક્ષાત્કાર ચૈતન્યસ્વરૂપાનંદ છે એવો થયો છે એને રાગ કાંઈક હોય છે પુણ્યનો, એના ફળમાં આ ઈન્દ્રપદ કે તીર્થંકર, બળદેવ, વાસુદેવ થાય. એ સાતસ્થાન કીધા ને? સાતસ્થાન, એમ. એ તો એને હોય, ભાઈ! અજ્ઞાનીને એ પદ હોય જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આપ ફરમાવો છો એવી વસ્તુનું સ્વરૂપ શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ પણ આવી છે. આ લખે છે એ સાંભળવું જોઈએ ને. સુમનભાઈ! બીજાની દલીલ તો જરીક સાંભળવી તો જોઈએ આપણે. આહા..હા..!

અહીંયાં કહે છે, અજ્ઞાનીને જે કાંઈ પુણ્યાદિના ભાવ થાય એનાથી એને તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ પદ ન મળે. સમજાણું કાંઈ? એ તો જેને આત્મજ્ઞાન-સમ્યગ્દર્શન થયું છે (તેને એ બધા પદ મળે છે). ભગવાન આત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો સ્વામી છે એની એને ખબર નથી. એ તો આ શરીર મારું, બાયડી મારી, કુટુંબ મારા, ધૂળ મારી. ધૂળ એટલે આ પૈસા. પોપટભાઈ! ધૂળ એટલે પૈસા.

**શ્રોતા** :- ધૂળ લઈને દુકાને જઈએ તો ન આપે લાદી અને પૈસા દઈએ તો આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૈસા દઈને આપે તો શું આપે? ધૂળ આપે કે આત્મા આપે? આહા..હા..!

આ વસ્તુ પોતે અંદર... આ દેહ છે એ તો માટી જડ ધૂળ છે. અંદર કર્મ છે આઠ કર્મ જેનાથી પુણ્ય-પાપના ફળ (મળે છે). પુણ્ય છે ને? આ પુણ્ય હોય તો આ પૈસા, નિરોગતા આદિ મળે, પાપ હોય તો નિર્ધનતા આદિ (થાય) એ પણ જડ છે અને અંદર કાંઈક ભાવ થાય દયાના, દાનના, વ્રતના, તપના ભાવ એ રાગ છે, એ તો પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? બહુ લખાણ આવ્યું છે ઘણું. પણ ભાઈ! એ એમ કહે છે, ઊંચા પદ મળે એને ભગવાને ધર્મ કીધો છે અને એનાથી આ ઊંચા પદ મળે અને પછી મોક્ષ જશે. અરે.. ભાઈ! તને ખબર નથી, બાપુ! એમ રહેવા દે. આહા..હા..! જેને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત વસ્તુ છે આ. આ કાંઈ નવી નથી, કોઈએ કરી નથી. અનાદિનો ભવગાન છે આત્મા. આહા..હા..! અને

અનંતકાળ રહેનાર છે એ તો. એ અવિનાશી છે, એ કાંઈ નાશ થાય એવો નથી. આહા..હા..! એ અવિનાશીમાં અવિનાશી શક્તિઓ પડી છે. આહા..હા..! આનંદ.. સવારમાં કહ્યું હતું બધું, નહિ? ઉત્પાદ-વ્યયનું કહ્યું હતું એ અનિત્ય ગુણ છે, ભાઈ! એમ નથી હોં! અનિત્ય ગુણ નથી. ઉત્પાદ-વ્યય ગુણ કહ્યો હતો ને? એમ કે ઉત્પાદ-વ્યય અનિત્ય ગુણ, ગુણ અનિત્ય હોય નહિ. ઉત્પાદ-વ્યયની શક્તિ જે છે એ તો ગુણરૂપ ધ્રુવ છે. સમજાણું કાંઈ? વાત તો ઘણી કરી હતી અંદર. આત્મામાં ઉત્પાદ-વ્યય થાય એવો એ ગુણ છે. એ ગુણ છે એ અનિત્ય નથી, એ નિત્ય છે. આહા..હા..! એ નિત્યાનંદ પ્રભુમાં જેટલી શક્તિઓ છે એ બધી ધ્રુવ છે, નિત્ય છે, અવિનાશી છે. આહા..હા..! અરે..! પોતાના ઘરને મૂકીને બધી પરની (માંડી). આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે જે અજ્ઞાની છે અને આ આત્મા શું ચીજ છે એના જેને માહાત્મ્ય આવ્યા નથી, જેને ખ્યાલમાં-જ્ઞાનમાં એ ચીજ ભાસી નથી, એ પુણ્ય ને પાપના વિકલ્પો રાગ છે તેને પોતાનો માની અને એ અજીવને પોતાનું માને છે. આહા..હા..! શરીર, લક્ષ્મી, વસ્તુ ધૂળ ક્યાંય રહી ગઈ બહાર, એ તો માટી છે. આહા..હા..! આ માટી છે. આહા..હા..! ખીલો આદિ વાગે તો નથી કહેતા? લોઢું વાગે ત્યારે બોલે છે એમ કે મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ. મારી માટી, આ માટી પાકણી છે એમ કહે. પાછો માને કે એ શરીર મારું છે, વળી કહે કે માટી છે આ. પાગલને.. એય..! જ્યારે ખીલો વાગેને (ત્યારે એમ બોલે), પાણી ન અડવા દેશો, મારી માટી પાકણી છે, આ માટી. આ તો ધૂળ છે, આ ક્યાં આત્મા છે? ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપી શક્તિ એ આત્મા ભિન્ન છે. આહા..હા..! અરે..! એ તો છે પણ પુણ્યના દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એના ભાવ થાય એનાથી પણ આત્મા ભિન્ન છે, એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને પોતાનું માનીને.. આહા..હા..! એને સાવધાન કર્યો છે, ભાઈ! તું સાવધાન થા.

**'જડ અને ચેતનદ્રવ્ય એ બન્ને સર્વથા જુદાં-જુદાં છે,...'** આહા..હા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ચૈતન્ય જુદો છે અને એ પુણ્ય અને પાપના વિકલ્પ-રાગ ઊઠે તે જડ છે, અચેતન એટલે તે ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? હવે આ તો શરીર ને બાયડી ને છોકરી ને દેશ ને ગામ પર ક્યાંય (રહી ગયા), હવે એને મારા માને. મૂર્ખાઈનો પાર છે કાંઈ? આહા..હા..! પ્રભુ! તું ભૂલ્યો, તારા મૂળમાંથી ભૂલ્યો. આહા..હા..! અહીં તો સૂક્ષ્મ વાત કરે છે. જીવ-અજીવ અધિકાર છે ને. એટલે વ્રત કરું ને તપ કરું ને અપવાસ કરું એ બધો વિકલ્પ એ અજીવ છે, જીવ નહિ. આહા..હા..! જીવ હોય તો જુદો પડે નહિ. આ તો જુદો પડી જાય છે, રાગ જુદો પડી જાય છે.

**'એ બન્ને સર્વથા જુદાં-જુદાં છે,...'** કથંચિત્ એક છે એમ નહિ. આહા..હા..! છે સર્વથા? જૈનશાસનમાં 'સર્વથા' તો હોય નહિ એમ કેટલાક કહે છે. . નહિ કહે છે. .. છે

ને .. 'સર્વથા' જૈનમાં હોય નહિ, તો આ શું કહે છે? આત્મા અને રાગ સર્વથા જુદાં છે. આ શરીર માટી અને ભગવાન આત્મા સર્વથા ભિન્ન છે. એ ચૈતન્યબિંબ છે અને આ તો જડ માટી ધૂળ છે. આહા..હા..! નવરાશ ક્યાં છે પણ આવું નક્કી કરવાને! આહા..હા..! અને એ ભાન વિનાના પછી જે દયા, દાન, વ્રત આદિ કરે એના પુણ્ય તરીકે ફળે સ્વર્ગાદિ અથવા આ શેઠાઈ ધૂળની કહેવાય. પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડના શેઠિયા એવા ધૂળના શેઠિયા થાય. એ મરીને પાછા વૈભવના મદમાં નીચે ચાલ્યા જાય. પરમાત્મપ્રકાશમાં લખ્યું છે. પરમાત્મપ્રકાશમાં લખ્યું છે. આહા..હા..!

અહીં કહે છે, **'કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ નથી થતાં...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ, સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા અને રાગ ને શરીર એ તદ્દન જુદી ચીજ છે. એ કોઈ રીતે એક નથી થતાં. આહા..હા..! **'એમ સર્વજ્ઞે દીઠું છે;...'** એમ સર્વજ્ઞ પરમેશ્વર એમણે દીઠું છે. આહા..હા..! **'માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે;...'** આહા..હા..! હવે આ પહેલી ચીજ છે એ એને આકરી પડી છે ને. એટલે એને આ કરતાં-કરતાં થશે, પદવી સારી મળશે અને પછી મોક્ષ થશે. ધૂળેય નહિ મળે, સાંભળને! આહા..હા..! અજ્ઞાનીને પદવી કેવી એ તીર્થંકર અને ચક્રવર્તીની!

**શ્રોતા :-** પહેલાં ભૂમિકા તૈયાર કરવી જોઈએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂમિકા તૈયાર કરવી એ રાગથી ભિન્ન પડે તે, તે ભૂમિકા છે. આહા..હા..! જ્ઞાનપ્રકાશના નૂરનું પૂર પ્રભુ છે. ચૈતન્યના નૂર, ચૈતન્યના તેજનો ભગવાન આત્મા.. પણ કોઈ દિ' ખબર જ ક્યાં છે! એ જોવાની દરકાર પણ ક્યાં છે એને. એ તો આમ બધા હા.. હો.. બાયડી, છોકરા, રળવું, કુટુંબ પૂરું થઈને મરવું અને મરીને જાવ પછી રખડવા ચાર ગતિમાં. આહા..હા..! ન હોય એને પછી કો'કના છોકરા લેવા. કાંઈક રાખવું તો ખરું કે નહિ? આહા..હા..! ભાઈ! તું કોણ છો, ભાઈ? તું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી જ્ઞાતાદ્દષ્ટા છો. તારું સ્વરૂપ તો જ્ઞાન અને દર્શન, જ્ઞાતા-દ્દષ્ટા, જાણવું અને દેખવું એ તારું સ્વરૂપ છે. આહા..હા..! એ ત્રિકાળી તારું સ્વરૂપ છે. એવી ચીજના ભાન વિના પુણ્ય ને દયા, દાનના વિકલ્પો છે એનાથી ધર્મ થાય એમ માનીને એ કરે છે એ મિથ્યાત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** પુણ્ય કોઈ કરશે નહિ આમ કહેશો તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરશે જ, થયા વિના રહેશે નહિ. એને કાળે શુભભાવ આવ્યા વિના રહેશે જ નહિ. ક્રમમાં એને શુદ્ધતા નહિ થાય ત્યાં સુધી, પુર્ણ શુદ્ધતા ન હોય ત્યાં સુધી, શુભભાવ આવશે જ, વ્યવહાર આવશે જ, આહા..હા..! પણ એ હેય છે. આહા..હા..! આવું સ્વરૂપ છે, ભાઈ! શું થાય?

એ જ કહે છે, **'તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે;...'** આહા..હા..! **'વૃથા માન્યતાથી બસ થાઓ.'** 'अलम्' એ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એને અનુભવીને એને

માન હું આ છું, પણ રાગ અને હું બે એક છું એ વૃથા-માન્યતા છોડી દે. આહા..હા..! **'વૃથા માન્યતાથી બસ થાઓ.'** આહા..હા..!

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** ૨૩-૨૩.

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

આહા..હા..!

**'अयि' 'એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે.'** હે જીવ! હે ભગવાન! એમ કરીને સંબોધે છે. આહા..હા..! **'આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું કોઈ પણ રીતે મહાકષ્ટે...'** આહા..હા..! ભગવાન આનંદનો નાથ છે એને રાગ ને શરીરથી એકવાર ભિન્ન પાડીને જો. આહા..હા..! તારું સ્વરૂપ ચિદાનંદસ્વરૂપ અનાદિઅનંત એમ ને એમ બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહાકષ્ટે એટલે? કષ્ટ કરીને એમ નહિ, મહાપુરુષાર્થે. **'કોઈ પણ રીતે મહાકષ્ટે...'** આહા..હા..! એટલે કે મરણતુલ્ય પ્રસંગ બને તો પણ તું **'તત્ત્વોનો કૌતૂહલી થઈ...'** આ શું છે પણ આ ચીજ? આ આત્મા-આત્મા કરે છે એ છે શું? કોઈ દિ' જોયું નથી, એ ચીજ શું છે? કુતૂહલ તો કર એકવાર. આહા..હા..! આચાર્ય મહારાજ કહે છે, પ્રભુ! એકવાર તું કોણ છો અંદર એને જોવાને કુતૂહલ તો કર! નવી ચીજ જોવાને કુતૂહલતા કરે છે કે નહિ? આહા..હા..!

ભાવનગરની રાણી હતી પહેલી ઓજલમાં હતી. પછી જ્યારે બહાર નીકળ્યા.. આ તો ઘણા વર્ષની વાત છે હોં! ભાવસિંહજીના વખતની. તખ્તસિંહજી હતા ત્યારે. અમને તો ખબર છે ને. એને ભાવસિંહજીની રાણી હતી એ ઓજલમાં હતી. પછી બહાર નીકળે તો લોકો જોવા નીકળે. ઓહોહો..! રાણી સાહેબ નીકળ્યા... રાણી સાહેબ નીકળ્યા.. હોય તો સમજવા જેવું. લોકો ઓલી ઓજલમાં હતી ને.. અહીં ગયા હતા ને અમે કીધું ને. વડીયા. ભાઈ હતા રામજીભાઈ. વડીયા ગયા હતા. (સંવત) ૧૯૯૬ની સાલ. લખુભાઈ હતા. દરબાર આવ્યા હતા વ્યાખ્યાનમાં. દરબાર હુશિયાર બહુ હતા. એની પાસે બીજા દરબારના દીકરાઓ ભણવા આવતા. બધા વ્યાખ્યાનમાં આવ્યા હતા. પછી દરબારે કહ્યું, મહારાજ! મારા રસોડે આપ આહાર વહોરવા આવો ને. પધારો એમ દરબારે કહ્યું. એનું રસોડું તો ગરાસિયાનું હતું. માંસાહારી હોય તો ન જમીએ, ભાઈ! એ કહે, મહારાજ અમારે બ્રાહ્મણનું રસોડું છે. બ્રાહ્મણનું રસોડું છે ત્યાં પધારોને અને રાણીને દર્શન થાય. રાણી બહાર નીકળતા નથી. આ ૯૬ની સાલની વાત છે. ૪ ને ૩૨, ૩૬ વર્ષ થયા. ગયા વહોરવા. વહોર્યું. દરબાર હતા. પછી રાણી અંદર હતા. એ રાણી અંદર ગયા. લોકોને એમ હશે કે રાણી તો કેવા હશે! કોઠી જેવી

હતી. આ બધું.. રાણી ખરીને? આમ ખૂબ શરીર લઠપઠ થઈ ગયેલું. લબડવા માંડ્યું. કોઠી જેવી લાગે. દરબાર હુશિયાર હતો લૌકિક રાજ કાયદામાં. રાણી જોઈ તો સાધારણ. એક છોડી હતી અંદર. દર્શન કર્યા. આ લોકો કહે, રાણીસાહેબ કેવા હશે?

એમ નથી આમાં. અહીં તો ચૈતન્ય હીરલો અંદર પડ્યો છે, કહે છે. ભગવાન જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય પ્રકાશ છે આ અંદર. એને અંદર રાગ અને શરીરથી ભિન્ન પાડીને જુઓ. આહા..હા..! કુતૂહલ તો કર, કહે છે. આ જોનાર કોણ છે આ તે? શરીરને જાણે, રાગને જાણે, આને જાણે, આને જાણે એ જાણનારમાં શું છે? જાણનાર રાગને અને શરીરને જાણે એ શરીર-રાગ એમાં નથી, તેમ રાગ અને શરીર જ્ઞાનમાં નથી અને જ્ઞાન રાગ ને શરીરમાં નથી. આહા..હા..! એવો ચૈતન્યનો નૂર ભગવાન આત્મા કોણ છે આ? આહા..હા..! કુતૂહલ તો કર, કહે છે. અંતર જોવાને વિસ્મયતા તો કર. આહા..હા..!

મરીને એટલે? મરીને એટલે, મરીને પછી કોણ જોતું હતું? પણ મરણ સુધીનું કષ્ટ હોય તો પણ અંદરમાં જોવાને કુતૂહલ કર. બહારમાં ગમે તેવા અનુકૂળ, પ્રતિકૂળ પરિષહ હોય તેની દરકાર છોડી દઈને એમ કહે છે. આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અંદર છે. આહા..હા..! એ પરમાત્મસ્વરૂપે પ્રભુ આત્મા છે, એની ખબર ક્યાં છે? પરમ સ્વરૂપે ભગવાન અંદર છે. આહા..હા..! એને '**મરીને પણ...**' અધ્યાત્મ તરંગિણીમાં એમ કહ્યું '**च्युत्वा**'. અહીંને મરીને કહ્યું ને '**मृत्वा**' છે ને '**मृत्वा**'? એ અધ્યાત્મ તરંગિણીમાં '**च्युत्वा**' મોહથી છૂટીને. રાગ-દ્વેષ-મોહથી છૂટીને એમ કહ્યું. અહીં '**मृत्वा**' એમ કે મરીને પછી ક્યાં જોવું છે? એમ કરીને એણે.. અધ્યાત્મ તરંગિણી. આહા..હા..!

એકવાર જાગતી જ્યોત ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે, પ્રભુ! તું એવો છો. આહા..હા..! એને કોઈ મહાકષ્ટે એટલે મહાપુરુષાર્થે. આહા..હા..! '**मृत्वा**' એટલે મરણ સુધીના પ્રસંગ બને તોપણ અથવા '**च्युत्वा**'-મોહથી છૂટીને અંદર જો કોણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કાલે કહ્યું નહોતું? જ્ઞાયકસ્વભાવ તો એવો ને એવો રહ્યો છે, અનાદિથી એવો છે. ગમે તેટલા મિથ્યાત્વભાવ સેવ્યા, ગમે તેટલા નરક-નિગોદમાં નરકમાં ગયો, પશુમાં ગયો, ઢોર પશુ આદિના અવતાર અનંતવાર કર્યા, કીડા, કાગડા, કૂતરાના અનંતભવ કર્યા ચોર્યાસીમાં, પણ એ ભગવાન વસ્તુ છે તો વસ્તુ તરીકે રહી ત્રિકાળ. સમજાણું કાંઈ? આહા..હા..! આ મૂળ વસ્તુને પામ, એમ કહે છે. પછી બીજું ભલે આવે રાગાદિ વ્યવહાર હો, પણ એ વસ્તુ અને જ્ઞાનના ભાન વિના તારા વ્યવહારને એ વ્યવહાર કહેવાતો નથી. આહા..હા..! લોકોને એ ખટકે છે બહુ. આ વ્યવહાર, પણ વ્યવહાર ક્યારે? ભાઈ! જ્યાં અંતરમાં આનંદનો અનુભવ થાય એને પછી સ્વરૂપમાં પૂર્ણ સ્થિર થઈ શકે નહિ, ત્યાં સુધી એને એવો રાગાદિ, ભક્તિ, પૂજા, દાન આવે, હોય પણ એ પુણ્યબંધનું કારણ છે, એનાથી આ પદવીઓ મળે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ આદિ એ પદવી એને મળે. અજ્ઞાની એકલા દયા, દાન અને પુણ્ય

કરે તો મિથ્યાત્વ સહિત કરે એ તો નીચે જાશે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'तत्त्वकौतूहली सन्'** આહા..હા..! **'તત્ત્વોનો કૌતૂહલી થઈ...'** આહા..હા..! આ ચૈતન્ય તત્ત્વ કહેવાય છે, આત્મતત્ત્વ કહેવાય છે એ શું છે ભાઈ આ? કે આંખ મીંચીને અંધારું દેખાય છે ને, પણ એ અંધારાને દેખનાર કોણ? અંધારું છે. એક છોકરાએ પ્રશ્ન પૂછ્યો હતો ઘણા વખત પહેલાં. નહિ? ત્યાં જામનગર. નાનો છોકરો હતો. હવે તો ઘણો મોટો થઈ ગયો. ૨૦ વર્ષ પહેલાંની વાત છે. નાનો હતો, પરેશ. પરેશ-પરેશ. ૯-૧૦ વર્ષનો હતો. એના ઘરમાં .. છે. એનો કાકો તો મોટો વકીલ છે. કેવું નામ? જયસુખ. વકીલ છે મોટો જામનગરમાં. એ કહે કે મહારાજ! ઊભો થયો ચર્ચામાં. તમે આત્મા-આત્મા કહો છો પણ અંદર આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. પોપટભાઈ! ભાઈ! આ અંધારું છે એ કોણે જોયું? એ જ્ઞાનપ્રકાશે જોયું કે અંધારે અંધારું જોયું? એ અંધારાને જોનારું જે જ્ઞાન છે તે આત્મા છે. આહા..હા..! પણ ક્યાં એ પડી છે અત્યારે! આ સંસાર ને.. ભગવાનજીભાઈ! આ પૈસા કાંઈક મળે પાંચ-પચાસ લાખ ને ધૂળ મળે ને કાંઈક આબરૂ મળે. મોટા થઈ ગયા. જાય મરીને નીચે પછી. આહા..હા..!

**શ્રોતા :-** શેઠ... વધે ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠ કેદી ધૂળમાં હતો? એય..! અમારે કુંવરજીભાઈ હતા ને શેઠ? રામજીભાઈએ પૂછ્યું હતું એકવાર, અમારે કુંવરજીભાઈને પાલેજ, કે કુંવરજીભાઈ તમને શેઠ કેટલી વાર કહે? હજારવાર કહે? હજાર નહિ, પાંચસો વાર કહે. હવે એમાં .. શું થયું? આહા..હા..! મરતા બે લાખની પેદાશ વર્ષની. ૧૧ વર્ષ થયા ગુજરી ગયા. ૨૧ની સાલમાં ગુજરી ગયા. કુંવરજીભાઈને ઓળખો છો ભાઈ? તમારી સામે હતા. ઉમરાળા. મગન-પોપટ ને નહિ? હા, એ જગજીવનભાઈ, એના બાપ જગજીવનભાઈ હતા બ્રાહ્મણ. અમે સાથે ભણતા. આ તો ૭૦ વર્ષની વાત. એ કુંવરજીભાઈ ત્યાં રહેતા. મકાન છે એનું ડેલામાં આ બાજુ. કાંઈ ભાન ન મળે. આહા..હા..! બેંકમાં પગાર હતો મહિને. એમાં શેઠ થઈ ગયા બે લાખની પેદાશ. દસ લાખની મૂડી. આ તો ૧૧ વર્ષ પહેલાંની વાત છે હોં! મરતાં (બોલે), દુકાને લઈ જાવ, દુકાને લઈ જાવ, નહિતર મરીશ. કહો, હવે શું છે હોળી? ઓલા છોકરા કહે, પણ બાપા કોના માટે રળો છો? અમે ના પાડી રહેવા દો. અમારે ઘણું છે. બે લાખની તો વર્ષની પેદાશ. ૨૧ની સાલની વાત છે હોં! અત્યારે તો વધી ગઈ. અત્યારે ત્રણ લાખની પેદાશ છે. ૩૦ લાખ રૂપિયા છે.

**શ્રોતા :-** આપ વધી ગઈ કહો છો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધી ગઈ એટલે આ ઢગલાની ગણતરી વધી ગઈ. જાદવજીભાઈ! આહા..હા..! આ વધી ગયેલી નથી પડી પોપટભાઈ પાસે? બે કરોડ પડ્યા છે એમ કહે છે. કો'ક તો વળી ઘણા કહે છે. ધૂળ છે બધી ત્યાં. ધૂળ તે મારી માને, રાગ મારો માને

તો મૂઢ છે. અજીવ મારું માને, પોપટભાઈ! અહીં તો ચોખ્ખી વાત છે. અહીં કાંઈ માખણ-બાખણ નથી. આહા..હા..!

અહીં કહે છે, હે ભાઈ! આહા..હા..! આચાર્યની કરુણા તો જુઓ! વિકલ્પ ઊઠ્યો છે ટીકાનો, પણ કરુણા! આહા..હા..! ભગવાન! એકવાર તું કોણ છો એ કુતૂહલ તો કર. અંતર જોવાને તું કુતૂહલ તો કર. આ બહારથી જોયું આ.. આ.. આ.. ધૂળ ને... એ જોનારો કોણ છે એને તો જો. આહા..હા..! તત્ત્વકૌતૂહલી '**તત્ત્વનો કૌતૂહલી થઈ...**' '**भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**' આહા..હા..! '**આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત...**' આહા..હા..! શરીરાદિ, રાગાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત '**(બે ઘડી) પાડોશી થઈ...**' આહા..હા..! પાડોશી સમજો છો? તમારે શું કહે? પડોસી. આહા..હા..! શરીર ને રાગાદિ પુણ્યાદિ ભાવ ભિન્ન, તારી ચીજ અંદર જ્ઞાનસ્વરૂપ ભિન્ન. આહા..હા..! શરીરાદિ શબ્દ છે ને? એ બધા મૂર્તદ્રવ્ય. એ પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામ પણ મૂર્તદ્રવ્ય છે. આહા..હા..! એક બે ઘડી પાડોશી થા. આહા..હા..! એ જ્ઞાયકસ્વરૂપ તરફ જુકાવ, તો તને રાગ અને શરીરથી ભગવાન જુદો દેખાશે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું અનાદિથી કર્યું નથી કે સાંભળ્યું પણ નથી, સાંભળવા પણ મળતું નથી. આ કરો ને આ કરો. હોળી કર્યા કરે આખો દિ'. ધર્મને નામે પણ આ વ્રત ને તપ ને અપવાસ કરો, સામાયિક ને પોષા ને પડિક્કમણા. રામજીભાઈ! આહા..હા..! એવો વૃત્તિવાળો કોઈ વિકલ્પ છે. આ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. ચૈતન્યસૂર્ય છે એ. અરે..! કેમ બેસે? આહા..હા..!

'**શરીરાદિ...**' છે ને? રાગ, પુણ્ય, વિકલ્પ વગેરે '**એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર...**' રાગ ને પુણ્યના ભાવને જેમ વેદે છે અને અનુભવ કરે છો એ તો અજીવનો અનુભવ છે. રાગ એ ચૈતન્ય નથી, આહા..હા..! ચૈતન્યની જ્યોત નથી. જેમ અગ્નિમાં શું કહેવાય ઉપર? કાગળી-કાગળી. આહા..હા..! અગ્નિમાં કાગળી હોય ને ઝીણી-ઝીણી? રાખ-રાખ ઝીણી. એ ઝીણી રાખ એ કાગળી છે, એ કાંઈ અગ્નિ નથી. આહા..હા..! એમ ચૈતન્ય ભગવાન એમાં પુણ્ય-પાપના વિકલ્પ કાગળી સમાન છે, એ અગ્નિ નથી, એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરવાનું આ છે. જન્મ-મરણ મટાડવા હોય તો કરવાનું આ છે. બાકી મરી ગયો જન્મ-મરણ કરી કરીને. શેઠ પણ અનંતવાર થયો અને ગરીબ પણ અનંતવાર થયો. કીડા-કાગડાના ભવ અનંતવાર કર્યા. આહા..હા..!

જુઓને! એકવાર પ્રભુ તું જોને! આત્માને રાગ અને શરીરના લક્ષથી છૂટી અને અંતર લક્ષમાં જા, તને પાડોશીપણું થશે. ક્ષણમાત્રમાં ભગવાન આત્મા રાગથી જુદો પડી જશે. આહા..હા..! એને કોઈ વાર લાગશે નહિ. આહા..હા..! એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. એનું નામ સમ્યગ્દર્શન. જેવું સત્ છે તેવી પ્રતીતિ થઈને અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! હવે આ ચીજ વિના મરી જાય કરી કરીને વ્રત ને તપ ને. કોઈ હોય

બહુ (તો) શુભભાવ થાય. 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેવીએ.' આહા..હા..! આ તો ભાઈ પોતાના કામની વાત છે. આહા..હા..! વિકલ્પ છે તે આગ છે. આહા..હા..! શાંતિનો સાગર ભગવાન, જે રાગના વિકલ્પની અગ્નિ છે. આહા..હા..! કષાય-અગ્નિ છે. કષ સંસારનો લાભ આપનારી છે. રાગદ્વેષ સંસારનો લાભ આપનારી, કષાય છે ને? કસ-આય (અર્થાત્) સંસારનો લાભ છે એમાં. આહા..હા..! એમાંથી ભિન્ન પડીને એકવાર ચૈતન્યનો અનુભવ કર. આહા..હા..! ભાષા તો સહેલી છે પણ ભાવ તો ભાઈ જેમ છે એમ છે. આહા..હા..! ત્યારે તને સમ્યગ્દર્શન થશે, ત્યારે તને આત્મજ્ઞાન-આત્મજ્ઞાન, આત્મા જેવો છે તેવું જ્ઞાન (થશે), આહા..હા..! તેથી તને નિજપદની પ્રાપ્તિ થશે અને તેથી તું આગળ વધીને મોક્ષની પદવી તને મળશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિના બધી ધમાધમ, લાખો-કરોડો ખર્ચે અને મંદિરમાં ધમાધમ ને આ બધું કરવાનું છે ને પોપટભાઈને હજી હવે. છાપામાં આવ્યું છાપામાં. શું કીધું?

**શ્રોતા :-** આપ પણ પધારવાના જ છો ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છાપામાં આવ્યું છે છાપામાં. આજે છાપું જોયું એમાં. આમાં એમ છે. આમાં એમ છે ભાઈ, હિન્દી-હિન્દી. જતીષભાઈનું છે ને હિન્દી એમાં પણ આવ્યું છે. આ જોયું આજે. આ ને. આ? આમાં આવ્યું જુઓ. થોડું જોયું થોડું. ક્યાંનું આવ્યું છે? તમારું શું કહેવાય મહારાષ્ટ્ર. આ સોલાપુર. પંદર દિ'ની શિક્ષણ શિબિર. એનું આવ્યું છે લખાણ એમાં. પંદર દિ'માં એમ કે આમ થયું, તેમ થયું. બધામાં વાત એક વાત છે કે રાગથી ભિન્ન પડીને જ્ઞાન કેટલું થયું. આહા..હા..! બાકી બધી ધમાલ ગમે તેટલી થઈ.

આત્માનો એક બે ઘડી તો અનુભવ કર. આહાહા.. '**કે જેથી...**' '**स्वं विलसन्तं**' '**પોતાના આત્માને વિલાસરૂપ,...**' આનંદના ધામરૂપ પ્રભુ તને દેખાય છે અંદર. આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. આ ઇન્દ્રિયોથી જણાય એવો નથી, ઇન્દ્રિયોના વિષયથી પાર છે, અતીન્દ્રિય છે ભગવાન તો. આહા..હા..! કેમ બેસે? '**જેથી પોતાના આત્માને વિલાસરૂપ,...**' એમ. આનંદના વિલાસરૂપી રમતું તને દેખાય છે. આહા..હા..! આત્મરામ. નિજપદ રમે સો રામ કહીએ. આનંદનો નાથ ભગવાન એના પદમાં રમે તેને આત્મરામ કહીએ, આ રાગમાં રમે તે હરામ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! આહા..હા..! ધર્મ ચીજ તો એવી છે કે જેનાથી જન્મ-મરણના અંત આવે. એ વિના ધર્મ શું? ચોર્યાસીના અવતાર માથે પડ્યા અને ધર્મ કરીએ છીએ. આહા..હા..!

અનંતા જન્મ-મરણ. માથે બોજો પડ્યો છે એને. એમાં રખડવું છે ને અમે કાંઈક ધર્મ કરીએ છીએ. અરે.. ધર્મ કેવા, બાપુ! જેના સંસારના અંત આવી જાય અને હવે '**अथ**' કરીને આત્માની દશા સાધકની નવી પ્રગટે. '**अथ**' આવ્યું છે ને પહેલાં ટીકામાં? શરૂઆતમાં મંગળને અર્થે. હવે એમ કહીને શરૂ કર્યું છે. સાધકપણું હવે શરૂ થાય છે. આહા..હા..!

'**આત્માનો અનુભવ કર કે જેથી...**' '**स्वं विलसन्तं**' જે રાગ ને પુણ્ય-પાપના વિકલ્પનો વિસ્તાર હતો અને જે અનુભવતો એ સ્વનો વિલાસ નહોતો. આહા..હા..! આ તો જ્ઞાનાનંદ પ્રભુ, એનો વિલાસ તને દેખાય છે. '**વિલાસરૂપ સર્વ પરદ્રવ્યોથી જુદો...**' રાગાદિ વિકલ્પથી નિર્વિકલ્પ ભગવાન ભિન્ન. આહા..હા..! '**पृथक्**' '**સર્વ પરદ્રવ્યોથી જુદો...**' '**समालोक्य**' પ્રત્યક્ષ અનુભવીને. આહા..હા..! પ્રત્યક્ષ સાક્ષાત્ આત્માના આનંદનું વેદન કરીને. આહા..હા..! '**समालोक्य**' સમ્યક્ પ્રકારે અવલોકન-અનુભવ કરીને. આહા..હા..! આવો માર્ગ છે. '**समालोक्य**' પ્રત્યક્ષ અનુભવીને '**આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને...**' મિથ્યાત્વને. આહા..હા..! રાગ અને ભગવાન એક છે એવો જે મોહ-મિથ્યાત્વભાવ-ભ્રમણા એને તું છોડ કહે છે. સમજાણું કાંઈ? એક-એક કળશે ગજબ કર્યા છે! આહા..હા..! અમૃતનો સાગર પ્રભુ તું. આહા..હા..! એ ઝેરના વિકલ્પથી જુદો પડીને અમૃતના સાગરનું અવલોકન-અનુભવ-પ્રત્યક્ષ વેદ, આહા..હા..! તો એકપણાનો જે રાગ અને વિભાવની એકતાનો મિથ્યાત્વભાવ એ છૂટી જશે. આહા..હા..!

'**ભાવાર્થ :- જો આ આત્મા બે ઘડી પુદ્ગલદ્રવ્યથી ભિન્ન...**' એ તો શરીર કર્મથી લક્ષ છૂટતા રાગથી લક્ષ છૂટી ગયું. સમજાણું કાંઈ? જેમાં અસ્તિત્વ પોતાનું નથી એવા અસ્તિત્વમાં લક્ષ રાખવું (એ મિથ્યાત્વ છે). એ લક્ષ છોડ્યું એટલે પોતાનું અસ્તિત્વ રહ્યું. '**જો આ આત્મા બે ઘડી પુદ્ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...**' એને '**झगिति**' એટલે તરત સ્વભાવનો અનુભવ થતાં તે ક્ષણે તરત જ મિથ્યાત્વનો વ્યય થઈ જશે. સમજાણું કાંઈ? '**झगिति त्यजसि**' તે છોડશે. એનો અર્થ એ છૂટી જશે. આહા..હા..! આનંદના ધામના સ્વાદમાં આવ્યો (એટલે) મિથ્યાત્વ ઉત્પન્ન નહિ થાય. નહિ થાય તે છોડશે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો આ આત્મા બે ઘડી પુદ્ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...**' શુદ્ધ સ્વરૂપનો, જોયું! અશુદ્ધ રાગાદિનો અનુભવ તો અનાદિથી કરે છે. સ્વરૂપનો—પોતાના આનંદના રૂપનો અનુભવ કરે, આનંદમાં લીન થાય.. આહા..હા..! આ મલિનની વ્યાખ્યા કરે છે હવે. '**પરિષહ આવ્યે પણ ડગે નહિ,...**' પ્રતિકૂળતાના સંયોગો આવે. અંતરમાં આત્માને ધ્યાનમાં વિષય બનાવીને.. સર્પ કરડે, વીંછી કરડે, વાઘ, સિંહ આવીને ભખે પણ અંદરમાં જા તો તને રાગની એક્તા તૂટી જશે, એ પરિષહની દરકાર કરીશ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરિષહ નામ પ્રતિકૂળતાનો.. પરિષહ શબ્દે અનુકૂળ અને પ્રતિકૂળ બેય છે. એવું આવ્યે ડગે નહિ. આહા..હા..!

'**ઘાતિકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય.**' આહા..હા..! રામચંદ્રજી ધ્યાનમાં હતા, સીતાજીનો દેહ સ્વર્ગમાં છે. રામચંદ્રજી એ તો મહાપુરુષ-પુરુષોત્તમ પુરુષ હતા, ધ્યાનમાં હતા. સીતાજી સ્વર્ગમાં હતા ત્યાંથી આવીને ડગાવે છે. અરે..! આ

તમે જુદા પડી ગયા. એકવાર તમે સ્વર્ગમાં જઈને આપણે ભેગા રહીએ. પોતે ધ્યાનમાં અંદર આનંદમાં મસ્ત થઈ કેવળજ્ઞાન લીધું. દેહ છૂટીને મોક્ષ પધાર્યા. આહા..હા..! સીતાજી જેવા. એ સમકિતી છે એ. આહા..હા..! સીતાનું રૂપ લઈને આવ્યા. સ્વર્ગમાં દેવ છે. સીતાજી અત્યારે સ્વર્ગમાં દેવ છે, પુરુષ છે અને પૂર્વનું રૂપ લઈને આવ્યા અને રામચંદ્રજી ધ્યાનમાં હતા, ડગાવવા માટે. સ્થિર થઈ કેવળજ્ઞાન લઈ દેહ છૂટી ગયો. બે ઘડી... આહા..હા..!

**'આત્માનુભવનું એવું માહાત્મ્ય છે...'** આહા..હા..! ભગવાન આત્માનો અનુભવ, એનું વેદન,

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

એવો જે આનંદનો નાથ એને અનુભવતા... આહા..હા..! એવું એનું માહાત્મ્ય છે કે ક્ષણમાં એ મોક્ષને પ્રાપ્ત કરે, સિદ્ધપદને પ્રાપ્ત કરે. આહા..હા..! બે ઘડી ઘણી છે ને? આહા..હા..! **'તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે;...'** જયચંદ્ર પંડિતે અર્થ કર્યો છે. આહા..હા..! બે ઘડીની અંદર—૪૮ મિનિટની અંદરમાં ધ્યાનમાં કેવળ પામી જાય છે. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકને જાણનાર કેવળજ્ઞાની પરમાત્મા થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પાંડવો અહીં ક્ષેત્રુંજય (પર્વત ઉપર) ધ્યાનમાં મસ્ત થઈ ગયા મુનિ થઈને પાંચેય અંતરના ધ્યાનમાં (ઊભા છે). બહારના પરિષહ એવા આવ્યા કે લોઢાના દાગીના ઊના-ઊના કરીને પહેરાવ્યા દુર્યોધનના ભાણેજે, મુગટો પહેરાવ્યા લોઢાના અને કડા લોઢાના, પગમાં લોઢાના ધગધગતા કરીને પહેરાવ્યા. સ્થિર થયા, કેવળજ્ઞાન પામી મોક્ષ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ચોથા કાળમાં પણ એવા અશુભભાવ થતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ચોથા કાળમાં નીકળ્યાને? એવાય પાપી હોય છે. મહાધર્માત્મા ધ્યાનમાં હતા એને લોઢાના દાગીના પહેરાવ્યા. તમારે રાજ જોઈતું હતું ને? એમ કહે છે. પાંડવો અને કૌરવોને વિરોધ હતો ને, દુર્યોધનને. આ તો પછી મુનિ થઈ ગયા આત્મધ્યાનમાં. એટલે ઓલા કહે, રાજ જોવે છે ને? એને લોઢાના ધગધગતા (દાગીના) પહેરાવીને. આહા..હા..! કેવો કાળ હતો! હવે અહીં અંતર્મુહૂર્તે કેવળ લેવું છે એને ઉપસર્ગ દેવાનો ભાવ આવ્યો. એ તો ભાઈ સંસારી છે, પાપી પ્રાણી. આહા..હા..! નહિતર જેને દેખે ઉપશમરસ દેખાતો હોય. રાજકુમાર હતા. ઢળીને આત્માના શાંતરસમાં ઢળી ગયા હતા અંદર. દેખે જેને શાંતિ આવે, એને દેખી વેરભાવ ઉપડ્યો, આહા..હા..! અને આને થઈ ગયું કેવળ. આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' આહા..હા..! સિદ્ધપદ અભૂતપૂર્વ પર્યાય કદી નહિ થઈ એવી થઈ ગઈ. આહા..હા..! રાજા મોટા યોદ્ધાઓ. એ વીર્ય અંદરમાં ફોર્યું, બહારમાં છોડી દઈને. આહા..હા..! આનંદના નાથને અંદર નિહાળી..

કહે છે કે મોક્ષ પામવું તો અંતર્મુહૂર્તમાં થઈ શકે છે, એમ. એવું આત્માના અનુભવનું માહાત્મ્ય છે. આહા..હા..! '**તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે;...**' એ તો સહેલી જ વાત છે. આહા..હા..! '**માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.**' મુખ્યતાથી આ ઉપદેશ કર્યો છે. આહા..હા..!

'**હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છે :-**' અજ્ઞાની હવે કહે છે. તમે બધી આવી વાતું કરો છો પણ.. શરીર તે આત્મા છે. તીર્થંકરની સ્તુતિ કરાય છે એ કોની કરાય છે? શરીરની ને. માટે વ્યવહાર શરીર તે આત્મા છે. તમે આત્મા બધો શરીરરહિત શરીરરહિતનો પોકાર કરો છો. છે ને એ? અપ્રતિબુદ્ધ એટલે અજ્ઞાનીજીવ સામી દલીલ કરે છે.

जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।
सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।

**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.**

'**ટીકા :- જે આત્મા છે તે જ પુદ્ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે.**' એ શરીર અને આત્મા બે એક જ છે. વળી તમે જુદાં-જુદાં કરો છો એ અમને તો બેસતું નથી. આહા..હા..! '**જો એમ હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય.**' શરીર અને આત્મા જુદાં છે એમ તમે કહો તો જો એમ હોય તો આ તીર્થંકરની સ્તુતિ બધી મિથ્યા થાય. '**તે સ્તુતિ આ પ્રમાણે છે :-**' કાઢ્યું એણે શાસ્ત્રમાંથી.

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

મહારાજ! તમે કહો છો કે શરીર અને આત્મા જુદાં છે, પણ તમારા શાસ્ત્રમાં જ શરીરની સ્તુતિ એ ભગવાનની સ્તુતિ કીધી છે. શિષ્યે દલીલ કરી. આહા..હા..! આ દલીલ કરે ને? આ શાસ્ત્રમાં કુંદકુંદાચાર્યે પુણ્યને ધર્મ કીધો છે, પણ એ તો વ્યવહારધર્મ. આહા..હા..! અને વ્યવહારને સાધન કહ્યું છે. પુણ્યફળા અર્હંતા કાઢે છે. એ તદ્દન ખોટી દલીલ છે. પુણ્યનું ફળ અરિહંત છે જ નહિ. પુણ્યના ફળ તો બહાર અતિશયની વાત લીધી છે. અરિહંતપદ એ પુણ્યનું ફળ છે જ નહિ. સમજાણું કાંઈ? છે ને? આહા..હા..! (પ્રવચનસાર, ગાથા-) ૪૫. જુઓ, '**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर**' એમ અહીં તો છે. પુણ્યનો વિપાક ભગવાનના જ્ઞાનને અકિંચિત્કર છે. વાત તો આ છે અને '**पुण्यफला अर्हंत**'. એ '**पुण्यफला अर्हंत**' તે ક્રિયાની વાત કરી છે. બોલવાનું, ચાલવાનું જે છે એ પુણ્યનું ફળ છે એમ કહ્યું છે.

આહા..હા..! શું થાય પણ? આ ટીકા જુઓને! છે? તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. આ સંસ્કૃત પડ્યું છે. એના આત્માને પુણ્યનું ફળ કાંઈ કામ કરતું નથી. આહા..હા..! પુણ્યનું ફળ તો દેહાદિની વાણી નીકળવી, ચાલવું એ પુણ્યનું ફળ, એ ક્રિયા છે અને તે ઔદયિકીક્રિયા ક્ષય થઈ જાય છે ક્ષણે-ક્ષણે એમ વાત છે. એના બદલે બધા નાખે '**पुण्यफला अर्हंता**' પુણ્યના ફળરૂપે અરિહંત થાય છે. અરે..! ભગવાન! શું કરે છે તું? આમ ને આમ દાખલા આપે. આ બધા આપે છે ને.

ગાથા છે દેખો! '**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति**' પુણ્યના ફળ ભગવાનને કાંઈ કરતાં નથી. ઓલા કહે કે પુણ્યના ફળમાં અરિહંતપદ મળે છે. આવા અર્થ કરે. શું થાય? વિકૃત છે. ભાઈ! એ તો એમ કહે છે, ભગવાન તો પોતાના પુરુષાર્થથી કેવળજ્ઞાન પામ્યા છે. એને જે પુણ્ય રહ્યું બાકી એ પુણ્યને લઈને વાણી નીકળે, વિહાર થાય, એ બધા પુણ્યને લઈને છે અને તે ઉદયની ક્રિયા છે અને ઉદયની ક્રિયા ક્ષણે-ક્ષણે નાશ પામે તેને ક્ષાયિક કહેવામાં આવે છે. એમ કહ્યું છે એમાં. શું થાય પણ? અર્થ જ ઊંધા કરવા છે ત્યાં.

અહીં એ કહે છે, જુઓ, તમારા શાસ્ત્રમાં નથી તીર્થંકરની સ્તુતિ? '**ते तीर्थेश्वराः सूरयः वन्द्याः**' '**તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે? પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે...**' જુઓ, આ શરીરની સ્તુતિ છે કે કોની? ભગવાન અને આત્મા બે એક છે. એની સ્તુતિ કરો તમે એને આત્માની સ્તુતિ કરી એમ કહે છે. '**નિર્મળ કરે છે, પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...**' ભગવાનનું શરીર એવું હોય છે કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરનું (કે) સૂર્યના તેજથી પણ તેજ, સૂર્યના રજકણો પલટી જાય છે. અંદર સર્વજ્ઞદશા થાય છે તીર્થંકરની. પરમઔદારિક શરીર તો પહેલેથી હોય છે, પણ કેવળ પામે ત્યારે એને ઔદારિક શરીર વિશેષ હોય છે.

'**સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...**' આહા..હા..! લ્યો, આ સ્તુતિ તમે કરો છો એ શેની કરો છો? '**रूपेण जनमनः**' '**પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...**' તીર્થંકરનું રૂપ એવું હોય છે કે સાધારણ પ્રાણી તેનું મન હરી જાય છે એટલું તો એનું સુંદર શરીરનું રૂપ હોય છે. આ શેના વખાણ તમે કર્યા? શિષ્ય કહે છે. '**दिव्येन ध्वनिना श्रवणयोः**' '**દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે...**' લ્યો! એની વાણી શું જડ છે? સ્તુતિ તમે એની કરી. શિષ્ય એમ કહે છે. આવું જવાબ... આહા..હા..! '**એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,-એવા છે.**' લ્યો! એક હજાર ને આઠ લક્ષણ તો શરીરમાં છે, એ તમે ભગવાનની સ્તુતિ કરો છો.

'**ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે.**' જો શરીર અને આત્મા જુદાં હોય તો આ સ્તુતિ કરી આત્માની એ જુદી ઠરે. '**તેથી અમારો તો**

એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્‌ગલદ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.' એનો જવાબ આપે છે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**મહા સુદ-૬, શુક્રવાર, તા. ૦૬-૦૨-૧૯૭૬,**
**ગાથા-૨૭-૨૮,**
**પ્રવચન નં. ૬૮**

સમયસાર ૨૭ ગાથા. કળશ થઈ ગયો ૨૪. શિષ્યનો પ્રશ્ન છે કે શરીર અને આત્મા તદ્દન જુદાં છે એમ તમે કહો છો એ વાત અમને બેસતી નથી. શરીર અને આત્મા એક છે. કેમ? કે તમે તીર્થંકરની સ્તુતિ કરો છો ત્યારે એમાં શરીરની અને વાણીની સ્તુતિ કરો છો. ૧૦૦૮ લક્ષણ ને દિવ્યધ્વનિ, અતિશય ને જેના સુંદર રૂપના પ્રકાશમાં સૂર્યના તેજ પણ ઢંકાઈ જાય, એ બધી શેની સ્તુતિ તમે કરો છો? શરીરની સ્તુતિથી .. સ્તુતિ તમે જ કરો છો, એમ કહે છે શિષ્ય. આહા..હા..! એમ નથી, ભાઈ! કહે છે. આહા..હા..!

**'ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે.'** શિષ્ય પ્રશ્ન કરે છે. આ રીતે શાસ્ત્રમાં તીર્થંકરની, આચાર્યોની સ્તુતિ ચાલે છે તે બધી મિથ્યા ઠરે, દેહ અને આત્મા જુદાં હોય તો. **'તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્‌ગલદ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.'** આજે મોટો લેખ આવ્યો કીધું ને, જૈન જગતમાં. મગનભાઈ રામજી વિરાણી સ્થાનકવાસી. મોટો લેખ. આત્મા અને શરીર એક ન હોય તો શરીરનું દુઃખ આત્મા કેમ વેદે? શરીરમાં રોગ આવે તો આત્મા વેદે છે કે નહિ? અરે..! ભાઈ! માને નહિ, એ શરીરને વેદતો જ નથી, રાગનું લક્ષ, શરીરનું લક્ષ કરીને રાગને વેદે છે. આહા..હા..! મોટો લેખ છે. એ લોકોમાં ચોખવટ નથી ને એટલે શું કરે? આ તો જાણનારા કહે છે કે તમે તીર્થંકરની સ્તુતિ કરો છો ને શરીરની? જો આત્મા અને શરીર એક ન હોય તો શરીરની સ્તુતિ કરતાં ભગવાનની સ્તુતિ કેમ તમે માનો છો? એમ કે શરીરને રોગ આવે, દુઃખ થાય ઈ કોણ સહન કરે છે એ? જડને સહન કોણ કરે છે? એ આત્મા સહન કરે છે. એમ સંયમની ક્રિયા, હાલવાની, ચાલવાની જે કરવાની એ કોણ કરે છે? એ ક્રિયા તો જડની છે, એમાં શુભરાગ હોય એ એનો પુણ્યનો ભાવ છે, હાલવા-ચાલવા એ આદિનો. સમજાય છે કાંઈ? આહા..હા..! અને કર્મનો પણ

અનુભવ કરે છે એમ કહે છે. કર્મનો અનુભવ છે જડનો? જડ અને ચૈતન્ય વચ્ચે તો અત્યંત અભાવ છે. જડનો અનુભવ છે નહિ. એને ત્યાં થતાં મિથ્યાત્વ અને રાગદ્વેષનો અનુભવ છે એને, કર્મનો અનુભવ નથી, જડનો એ તો અજીવ છે. આહા..હા..! આ ભારે લોકોએ.. આમાં પણ સ્તુતિમાં એમ કહે છે, અમે તો એકાંત માનીએ છીએ કે આત્મા અને શરીર એક છે. કેમકે તમે પણ શરીરની સ્તુતિ અને આત્માની સ્તુતિ કહો છો. આચાર્ય કહે છે કે એમ નથી. તું નય વિભાગને જાણતો નથી. એ લોકોમાં એ લખાણ નથી. એવી શૈલી જ નથી.

અમારે હીરાજી મહારાજ હતા બિચારા કેટલી ક્રિયા કરનારા વ્યવહારની, બ્રહ્મચર્યની, પણ એ કહે એમ કે આપણે સંયમ પાળીએને એ શરીરની ક્રિયા આપણે કરીએ છીએ. પર જીવને બચાવવું છે એ આપણે આત્મા કરે છે, એમ કહે. ત્યાં સુધી કહે, અમે તો .. ૪૬ વર્ષની તો દીક્ષા હતી. ૧૨ વર્ષની ઉંમરેથી. બહુ છાપ. હીરા એટલે હીર બાપુ, બાકી સુતરના ફાલ. એય..! પણ એ વસ્તુ નહોતી ત્યાં ખબર નથી. એમ કહેતા 'અહિંસા સમયંતે .. જ્ઞાન' શાંતિથી બોલે હજારો માણસમાં. પરજીવને ન મારવો એટલે એવી જે અહિંસા આખા સિદ્ધાંતનો સાર છે, એમ કહે. એ જેણે જાણ્યું એણે બધું જાણ્યું, એમ કહે છે. કહો હવે. અહીં કહે છે કે એ પરની હિંસા અને અહિંસા જીવ કરી શકે જ નહિ. આહા..હા..! પરને હું મારી શકું છું એ માન્યતા મિથ્યાદષ્ટિની (છે), બંધ અધિકારમાં આવે છે. પરને હું જીવાડું છું, જીવાડી શકું છું, બચાવી શકું છું એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહા..હા..! બીજાને હું સુખ-દુઃખ દઈ શકું છું, સંયોગ-વિયોગ આહાર-પાણી આદિ વસ્તુ હું દઈ શકું છું. એ તો જડ છે, જડને કોણ દે? મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહા..હા..!

પરથી હું જીવું છું. પર બધા રક્ષા કરનારા છે એથી હું આવું જીવું છું. કહે છે કે તારું જીવતર આયુષ્ય એણે આપ્યું? આહા..હા..! અને આ પણ બહારમાં એમ બોલે છે દિગંબરોમાં પણ, રથ નીકળે, ભગવાનનો સંદેશ જીવો અને જીવવા દ્યો. એય..! તદ્દન જૂઠી વાત છે. આયુષ્યથી જીવવું અને આયુષ્ય પૂરે મરણ એ તો કર્મને આધીન છે. જીવો અને જીવવા દ્યો જેવી વાત નથી એમાં. ભગવાને તો એમ કહ્યું છે અલિંગગ્રહિણમાં, મન અને ઇન્દ્રિયોથી જીવન જેનું નથી, એવો પાઠ છે. અલિંગગ્રહણમાં, ૧૩મો બોલ છે એ. ૨૦ બોલ છે ને ૨૦? ૧૩મો બોલ છે એ. મન અને ઇન્દ્રિય એટલે પાંચ ઇન્દ્રિય અને મન, વચન, કાયા દસ પ્રાણ એ દસ પ્રાણથી આત્માનું જીવન છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એનું જીવન તો અંતર જીવતરમાં જ્ઞાન-દર્શનચેતના પ્રાણ એવા સત્તા આદિના પ્રાણથી જીવન જેનું છે નિશ્ચયથી તો! અશુદ્ધનિશ્ચયથી કહો તો એ ભાવઇન્દ્રિય આદિ એની પર્યાયપણે જીવે છે એ અશુદ્ધથી. જડથી જીવે છે દસ પ્રાણથી એ તો અસદ્ભૂત વ્યવહારનયથી કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક-એક રજકણ છે આ એમાં અનંત શક્તિ છે-ગુણ છે અને એમાં ક્રિયાવર્તી નામનો એક ગુણ છે. એને લઈને આ કંપન્ન આમ થાય એ ક્રિયાવર્તી શક્તિને લઈને છે, આત્માને લઈને નહિ. આહા..હા..! આત્મા આંગળી હલાવે તો હલે છે એમ ત્રણકાળમાં નથી.

**શ્રોતા :-** આપે હમણાં જ હલાવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે હલાવી? એ તો એ હલે છે, હલે છે એ. એમાં અસ્તિત્વનું એનું જડનું અસ્તિત્વ એમાં આ હલન થાય છે. ચૈતન્યના અસ્તિત્વથી આમાં હલન થાય છે? આહા..હા..! ઝીણી વાત. મૂળ વાત આ તો હજી 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' આહા..હા..!

અહીં તો રાગનો, દયા, દાનનો વિકલ્પ જે ઊઠે એનો એ કર્તા થાય તો જ્ઞાનસ્વરૂપ વિકારને કેમ કરે? આહા..હા..! એ તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાતા-દ્રષ્ટાના ભાવથી ભરેલો એ પરને શી રીતે મારે કે જીવાડે? એ રાગને શી રીતે કરે? એમ વાત છે. કારણ કે આત્મામાં કોઈ વિકાર કરવાની શક્તિ નથી, ગુણ નથી કે વિકાર કરે. આહા..હા..! વિકાર જે પર્યાયમાં થાય છે એ તો પર્યાયની યોગ્યતાથી પર્યાયમાં થાય છે, એ કર્મથી નહિ અને દ્રવ્ય-ગુણથી નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! બહુ માર્ગ.. વીતરાગમાર્ગને અનંતકાળમાં એ સમજ્યો નથી. આહા..હા..!

એમ કહે, દેહના દુઃખ ભોગવે. કોણ દેહના દુઃખ ભોગવે? દેહ નથી .. આવે છે. દસવૈકાલિકમાં આવે છે. એ તો જડની દશા છે. જડની પર્યાય અને ચેતનની પર્યાય વચ્ચે તો અત્યંત-અભાવ છે. અભાવને વેદે અને કરે શી રીતે એ? આહા..હા..! એ અહીં કહે છે. ગાથામાં કહે છે.

**ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।**
**ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।**

આ જ આ લખાણ છે અને આ જ આ લખાણ આવ્યું ટાકણે. શીવલાલજી લાવ્યા છે ગાંધી. મોટું લખાણ છે. ગેજેટ, જૈન-ગેજેટમાં. જૈન-જગત નામનું લખાણ. માથે જૈન-જગત. આહા..હા..!

**જીવ-દેહ બન્ને એક છે---વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.**

'**ટીકા :- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...**' સોનું અને ચાંદી. ધોળું સોનું એમ કહે છે ને? સોનું તો પીળું છે, પણ સોનાને અને ચાંદીને ગાળવાથી એક કરીને એને ધોળું સોનું એમ કહેવામાં આવે છે. ધોળું સોનું નથી, ધોળું તો રૂપું છે. સોનું તો સોનું છે. '**આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...**' એક જગ્યાએ રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો

વ્યવહાર કહેવાય છે. આહા..હા..! કર્મના રજકણો પણ કર્મની પર્યાયને કરે, એ આત્મા એને ન કરે અને કર્મની પર્યાય આત્માને રાગ ન કરાવે. આહા..હા..! સ્વતંત્ર પરમાણુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અસ્તિત્વથી રહેલ છે. એ પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પ્રવેશ કર્યા વિના એનું કરે શી રીતે? આહા..હા..! સમજાય છે કાંઈ? એથી કહે છે કે એ આત્મા અને શરીર એક છે એ તો વ્યવહારના કથનમાત્ર છે. આહા..હા..!

**'આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે,...'** એક જગ્યાએ રહે છે એ અપેક્ષાએ અસદ્ભુત વ્યવહારનયથી એક છે એમ કહે છે, જૂઠાં નયથી. આહા..હા..! **'પરંતુ નિશ્ચયથી એકપણું નથી; કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે...'** સોનાનો પીળો સ્વભાવ છે, ચાંદીનો સફેદ સ્વભાવ છે. **'એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી...'** સોનું અને ચાંદી તદ્દન જુદાં છે. આહા..હા..! **'એકપદાર્થપણાની અસિદ્ધિ છે...'** સોનું અને ચાંદી એક છે નહિ. આહા..હા..! અરે..! સોનાનો એક-એક રજકણ બીજા રજકણનો સંબંધ નથી, એક નથી. આહા..હા..!

ત્યાં કહ્યું છે, નહિ? ૮૭માં. સ્કંધમાં પણ રજકણ સ્વતંત્ર છે, પંચાસ્તિકાય. સ્કંધના રજકણો એમાં પણ રજકણ સ્વચતુષ્ટયથી સ્વતંત્ર છે. આહા..હા..! પરમાણુ એકલો હોય તોપણ પોતાના સ્વચતુષ્ટયમાં છે અને સ્કંધમાં દેખાય તોપણ એ પોતે સ્વચતુષ્ટયમાં છે, એ પરસ્કંધમાં રજકણની સાથે અભેદ નથી. આહા..હા..! બહુ ઝીણું, બાપુ! અનંત તત્ત્વ છે તે અનંતપણે રહે, સ્વપણે રહે અને પરપણે ન રહે તો અનંત અનંતપણે રહી શકે. આહા..હા..! અનંતની અનંતતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા જાઓ તો પ્રત્યેક પોતામાં છે અને પરમાં નથી તો અનંતની અનંતતા સત્તા એની સિદ્ધ થશે. આહા..હા..! પરથી આમાં થાય અને આનાથી પરમાં (થાય) તો પરસત્તા અનંતની ભિન્ન સત્તા સિદ્ધ નહિ થાય. આહા..હા..!

**શ્રોતા :-** કોઈનું કરવું જ નહિને અમારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? પૈસા દીધા મફતના ઓલા સુમનભાઈને ભણાવવાના. રાગ કર્યો રાગ. બીજું શું કર્યું? દે છે, કોઈ કરી શકે છે? છોકરાને કેળવણી આપી શકે છે? માણસો તો એમ કહે છે કે લ્યો, રામજીભાઈ હુશિયાર છે તો સુમનભાઈને કેળવીને બધા આવા ડાહ્યા કર્યા, એમ કહે છે માણસો. સાચી વાત હશે? રજકણ કોણ આપી શકે? ભાઈ! તને ખબર નથી, બાપુ! એક રજકણ ક્ષેત્રાંતર થાય એ ક્રિયાવર્તી શક્તિને કારણે પોતાના અસ્તિત્વથી થાય છે, બીજા રજકણને લઈને નહિ અને આત્માને લઈને તો (બિલકુલ) નહિ. આહા..હા..! અરે..! આવું તત્ત્વ છે ને. ભેદ વસ્તુ છે. આહા..હા..!

અહીં એ કહે છે. **'સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે, તેથી અનેકપણું જ છે,...'** જોયું! અનેકપણું જ છે. અનંત અનંતપણે

છે, માટે એકબીજા સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! સોનું અને ચાંદી બે છે ને? તો બે પોતાપણે છે. બે એક નથી થયા માટે અનેક છે. એમ દરેક રજકણ, દરેક આત્મા એક શરીરમાં નિગોદના જીવ અનંત છે, છતાં એ અનંત અનંતપણે રહ્યા છે, પોતાના સ્વચતુષ્ટયથી બીજા ચતુષ્ટયમાં જાય છે એમ છે નહિ. આહા..હા..! એવું છે, ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ. આ તો કહે, દયા પાળે, શરીરથી દયા પાળે, શરીરથી સંયમ થાય અને શરીરનું દુઃખ તે આત્માને વેદાય માટે શરીર અને આત્મા એક અને શરીરની ક્રિયા... આહા..હા..! શરીર હોય તો અપવાસ થાય, માલ કાઢવો શરીરમાંથી અપવાસ કરી-કરીને. શું ધૂળ થાય? સાંભળને. કહો, પોપટભાઈ! વર્ષીતપ કર્યા હતા કે નહિ કોઈ દિ'? નથી કર્યા? ઠીક. .. વાતું છે. અહીં તો બાબુભાઈએ કર્યું છે. બાબુભાઈ નહિ, બલુભાઈએ કર્યું છે. મોટો ડોક્ટર. બલુભાઈ છે ને ડોક્ટર? દવાઓ બનાવે મોટા. ૭૦ લાખ રૂપિયાનું હમણા વેચી નાખી. દવાખાનું બંધ કર્યું. ૭૦ લાખ. એના કેટલાક દેણાના હતા. ધૂળેય કરતો નથી આ. આહા..હા..! કોણ કરે? એણે વર્ષીતપ કર્યું હતું પારણું કર્યું હતું એને ઘરે. બાપુ! વર્ષીતપ એટલે શું કીધું?

**શ્રોતા** :- એના પારણા વખતે આપ આહાર લેવા પધાર્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગયા હતા ને એને ઘરે ગયા હતા. એના બાપ હતા. રાજકોટ કર્યું. એને કહ્યું હતું કે ભાઈ! જુઓ આ તપ-બપ નથી. આ તો રાગ મંદ હોય અને શુભક્રિયા થઈ હોય તો ભલે પુણ્ય થાય, પણ એ શરીરની ક્રિયાથી 'આહાર મેં છોડ્યો અને આહાર મેં ન લીધો માટે છોડ્યો' એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આત્મામાં પરવસ્તુના ગ્રહણ-ત્યાગની શક્તિ જ નથી. આહા..હા..! ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ભગવાન આત્મામાં એવી એક શક્તિ છે કે પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એ કરી શકે જ નહિ. આહા..હા..! પરદ્રવ્યને શી રીતે ગ્રહે અને છોડે શી રીતે? આહા..હા..! ઝીણી વાતું ભારે બહુ. સંપ્રદાયમાં તો આ વાત મળતી નથી બિચારાને શું કરે? સાધુને મળતી નથી. બિચારા નામ ધરાવે સાધુ. નામ ધરાવે. સાધુ છે ક્યાં? આહા..હા..! હીરાજી મહારાજ જેવા અમારા કેટલાક જોઈને અપાસરામાં પણ ચાલે તો રજોળું પૂજી ને પગ મૂકે. અપાસરામાં હોં! એવું એ .. બિચારા. કાંઈ ખબર નહિ તત્ત્વની. આહા..હા..!

એક આત્મા બીજા આત્માના ચતુષ્ટયથી તદ્દન ભિન્ન છે, એમ એક રજકણ બીજા રજકણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ.. સપ્તભંગી છે કે નહિ? તો પહેલી ભંગી એ છે કે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી દરેક અસ્તિ છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી દરેક નાસ્તિ છે. આહા..હા..!

**શ્રોતા** :- અનેકાંત છેને, નિશ્ચયે ન કરે અને વ્યવહારે કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય ન કરે, એ તો બોલાય. નિશ્ચયથી અને વ્યવહારથી કોઈ રીતે કરી શકે નહિ. વ્યવહારથી બોલાય કે અમારું વઢવાણ, પોપટભાઈ! તો વઢવાણ થઈ જાય?

**શ્રોતા :-** એક ધૂળની કટકીયે ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કટકોય નહિ. પાઠ છે સર્વવિશુદ્ધમાં. અમારો દેશ અને અમારું ગામ એમ બોલાય. એથી ગામ અને દેશ એનો થઈ ગયો? વ્યવહારથી કથન (કરે) એટલે કાંઈ વસ્તુ એની થઈ ગઈ? આહા..હા..! શ્રીમદ્ તો એમ બોલતા, અમારો કોટ; તો લોકો કહે કે અમારો કોટ કેમ બોલે છે? સમજાણું કાંઈ? અમારી ટોપી, અમારું ઘર, અમારો દીકરો. અ-મારો એટલે નહિ મારો, એમ બોલતા શ્રીમદ્. લોકો ન સમજે કે આ શું કહેવા માગે છે. આહા..હા..! આ કોને પડી છે? આહા..હા..! અરે..! અનંતકાળથી રખડે છે પરને પોતાનું માનીને પોતાને પોતે ભૂલી. શ્રીમદ્ કહે છે ને? તારા દોષથી તને રખડવું થયું છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનીને પોતાને ભૂલ્યો. આહા..હા..! એ ટૂંકી ભાષા છે. આહા..હા..! કર્મે ભૂલાવ્યો નથી, કર્મે તને રખડાવ્યો નથી. આહા..હા..!

**શ્રોતા :-** જૈનને તો કર્મ જ રખડાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! રખડાવ્યા. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' લોહનો સંગ કરે અગ્નિ તો ઘણ પડે. એટલે પરનો સંગ પોતે કરે તો રાગાદિ થાય. આહા..હા..! પરને લઈને થાય, બિલકુલ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. સોનું અને ચાંદીના રજકણો ભિન્ન-ભિન્ન છે તે અનેકપણે છે. એને સોનાને ધોળું કહેવું એ તો કથનમાત્ર છે, વસ્તુ એમ છે નહિ. આહા..હા..! '**તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે...**' આહા..હા..! આવ્યું પાછું એ. નિત્ય ઉપયોગ પ્રભુ આત્મતત્ત્વ એટલે જ્ઞાયકસ્વભાવરૂપ ઉપયોગનું તત્ત્વ છે એ. આહા..હા..! તત્ત્વ છે ને? અસ્તિ છે ને? અનાદિઅનંત છે ને? તો શું છે એ? આહા..હા..! પર્યાયમાત્ર જેટલો નથી. પર્યાય તો એક સમયની છે. વસ્તુ જે છે એ તો અનાદિઅનંત અસ્તિ, તત્ત્વ, વસ્તુ, પદાર્થ, પરમાર્થ. આહા..હા..! એ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા એવા અનંત ગુણોના અસ્તિત્વના સ્વભાવથી સ્વભાવવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની.. પરને પોતાનું માનવું એ તો મિથ્યાભ્રમ અજ્ઞાન છે, પણ આત્માને એક સમયની પર્યાય જેટલો માનવો એ પર્યાયમૂઢ જીવ છે. આહા..હા..!

આખી વસ્તુ તો એ જ છે. એક સમયની પર્યાય તો અનંતમાં ભાગનો એક અંશ વ્યક્ત છે, વસ્તુ તો આખી અંદર પડી રસકંદ. સત્‌નું સત્ત્વ જે ત્રિકાળી એ તો પડ્યું છે આખું. આહા..હા..! સ્વભાવનો સ્વભાવવાનનો સ્વભાવપણું-પણું એનું ગુણપણું, સત્ત્વપણું, આહા..હા..! એક સમયમાં નથી આવતું એ. આહા..હા..! આવો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એને પરપણે માનવો કે પરથી હું છું એમ માનવું એ તો મિથ્યાભ્રમ અજ્ઞાન અને ભવભ્રમણનું

મૂળિયું છે. આહા..હા..! ચોર્યાસી લાખના અવતારનું એ જડ છે. સંયોગી ચીજ અને સંયોગીભાવ, સંયોગી ચીજ એટલે પરદ્રવ્ય, સંયોગીભાવ એટલે પુણ્ય-પાપના વિકાર. આહા..હા..! એને સ્વભાવવાન ભગવાનના પોતાના માનવા, આહા..હા..! એ ભવભ્રમણનું જડ છે. આહા..હા..! શું થાય?

સહજાનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ! પણ એની નજર ગઈ નહિ, સાંભળવા મળ્યું નહિ. આ બહારને બહાર જોયા કર્યું. જોનારો કેવડો ક્યાં છે અંદર એને નહિ જોનારે જ્ઞેયને જોયું. બહુ તો એક સમયની પર્યાયને જોનારે જોયું. આહા..હા..! પણ વસ્તુ જે છે આખી મૂળ ચીજ, જેને આત્મતત્ત્વ કહીએ, આત્મભાવ કહીએ, ચૈતન્યસ્વભાવ જ્ઞાયકરસ કહીએ એવું જે જીવનું વાસ્તવિક સ્વરૂપ એ તો એને નજરે ન પડ્યું, એથી એણે માન્યું નહિ. આહા..હા..! પર્યાયે પરને જોવાનો પુરુષાર્થ કર્યો, છતાં એ પર જોતો નથી, એ પર્યાયને જોવે છે એમ પણ ન માન્યું અને પર્યાય ત્રિકાળીને આશ્રયે છે એને ન માન્યું. આહા..હા..! જેમાંથી પર્યાય ઊભી થાય છે એ ધ્રુવ ચીજ છે, સમજાણું કાંઈ? એ આત્મા છે એમ ન માનતા આ કહે કે શરીરની ક્રિયા હું કરું, સંયમ પળે એ શરીરથી પળે. અરે..! ભગવાન! ક્યાં ગયો તું? માન્યતામાં હોં! ક્યાંય જાતો નથી, માન્યતામાં આ કરું...આ કરું.. એમ માને છે. આહા..! દુનિયાનો ઉદ્ધાર કરી દઉં, ગામને સુધારી દઉં, સગા-વ્હાલાનો ઉદ્ધાર કરી દઉં, આહા..હા..! શિષ્યોને સમજાવીને એને તારી દઉં.. અરે.. ભગવાન! શું છે તને આ? આહા..હા..! ભાઈ! તારામાં ચીજ એ છે નહિ. પરને તારે કે મારે એ ચીજ જ તારામાં નથી. આહા..હા..! એ તો વિકલ્પથી માન્યું છે. આહા..હા..!

અહીં તો કહે છે કે '**ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે...**' આહા..હા..! એ રાગ એ અનુપયોગ છે. શરીર તો અનુપયોગસ્વરૂપે છે જ. શરીર, કર્મ, અજીવ એ તો અનુપયોગસ્વરૂપે છે જ, એ તો સિદ્ધાંત જડ સિદ્ધાંત છે, પણ પુણ્ય અને પાપનો વિકલ્પ જે પરને લક્ષે ઉત્પન્ન થાય એ પણ અનુપયોગ-અચેતનસ્વરૂપ છે. આહા..હા..! છઠ્ઠી ગાથામાં એ કહ્યું હતું, જ્ઞાયકભાવ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ, નિત્ય જ્ઞાયકભાવ એ કદી શુભ-અશુભભાવરૂપે થયો નથી. પર્યાયમાં છે, પણ વસ્તુ તરીકે થયો નથી. આહા..હા..! અને તેથી શુભ-અશુભભાવરૂપે જ્ઞાયકરૂપ અચેતનભાવ, ચૈતન્યના રસકંદવાળો જ્ઞાયકના ઉપયોગના ભાવસ્વભાવવાળો ભગવાન એ અચેતન જેમાં જ્ઞાનનો અંશ નથી, દર્શનનો અંશ નથી, ચૈતન્યની કોઈ જાતનો એમાં અંશ છે નહિ. આહા..હા..! એવો રાગ દયા, દાન અને ભક્તિનો રાગ એ પણ અનુપયોગે રહેલો છે તો શરીરની શું વાત કરવી? સમજાણું કાંઈ? આ તો ધીરાના કામ છે, બાપુ!

૧૭-૧૮માં તો એમ પણ કહ્યું કે આબાળ-ગોપાળને જ્ઞાન જ અનુભવમાં આવે છે. ૧૭-૧૮. આહા..હા..! રાગ અને જ્ઞાન, જ્ઞાન જ જાણવામાં આવે છે. શરીર સંબંધીનું જ્ઞાન એ જ્ઞાન જાણવામાં આવે છે. એ જાણવામાં આવે છે એમ ન માનતા, હું રાગને જાણું,

શરીરને જાણું છું એટલે તેનું લક્ષ પર ઉપર જાય છે એ મિથ્યાભ્રમ છે. આહા..હા..! પણ આ જાણનાર જાણે છે એ જ જણાય છે, એ જણાય છે તે જ્ઞાન ત્રિકાળી દ્રવ્યનું છે એમ એ દૃષ્ટિ કરતો નથી. આહા..હા..! એ રાગનું જ્ઞાન નથી, શરીરનું નથી. જાણવામાં જે જ્ઞાન આવે છે એ રાગનું જ્ઞાન નથી, શરીરનું નથી. ભલે રાગ અને શરીરની જેવી ક્રિયા થાય એવું જ્ઞાન જાણે, છતાં એ રાગ અને શરીરની પર્યાયનું જ્ઞાન નથી, આહા..હા..! એ જ્ઞાનનું જ્ઞાન છે, ત્રિકાળી ભગવાનનું એ જ્ઞાન છે. આહા..હા..! મૂળ વસ્તુની દૃષ્ટિ વિના બધું અનંતવાર વ્રત ને નિયમ ને તપ કરીને મરી ગયો બિચારો. કહ્યું છે ને સિદ્ધાંતમાં, અજ્ઞાનભાવે વ્રતાદિ કરે એ બાળતપ અને બાળવ્રત છે. આહા..હા..! છ-છ મહિનાના અપવાસ કરે, બબ્બે મહિનાના સંથારા કરે. ઝાડની ડાળની જેમ પડ્યો રહે, પણ એ બધા બાળવ્રત અને બાળતપ છે. જાતને જાણ્યા વિના ભગવાન જ્ઞાનની મૂર્તિ છે એની પર્યાયમાં જે જાણવાનું થાય છે એ પર્યાય આત્માની છે, એ આત્માની પર્યાય છે એ આત્માને ખરેખર જાણે છે એમ ન માનતા આને જાણે છે એમ પર ઉપર એનું લક્ષ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉપયોગ અને અનુપયોગ...'** આહા..હા..! ગજબ કર્યો છે ને બેમાં! લક્ષણ છે ને મુખ્ય. ઉપયોગ એનું લક્ષણ છે. સ્યાદ્વાદ-મંજરીમાં તો સ્યાત્ ઉપયોગ, સ્યાત્ અનુપયોગ. અનુપયોગ એટલે? કે ઓલા દર્શન-જ્ઞાન-ચારિત્ર અનુપયોગ એમ, રાગાદિ નહિ. એની સપ્તભંગી ચાલી છે. શું? ભગવાન જ્ઞાન-દર્શનના ઉપયોગસ્વરૂપ છે અને તે અનુપયોગ એવા જે દર્શન-જ્ઞાન-ચારિત્ર બીજા છે એ રૂપે નથી. સ્યાત્ ઉપયોગસ્વરૂપે છે, સ્યાત્ અનુપયોગસ્વરૂપે નથી. બીજા અનુપયોગ સ્વરૂપે છે, ઉપયોગસ્વરૂપે નથી. આહા..હા..! પંડિતજી! આહા..હા..! સ્યાદ્વાદ મંજરી વાંચી છે. બધું જોયું છે. શ્વેતાંબરમાં બધું જોયું છે ને. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગ અનુપયોગ અને શરીર એની તો અહીંયાં વાત પણ નથી. અંદર ને અંદર જે ગુણો અનંત છે (એની વાત છે). આહા..હા..! શ્રીમદ્દે કહ્યું છે કે આ વીર્ય આદિ ગુણ એ જીવ ચૈતન્ય છે કે શું છે? એવો પ્રશ્ન થયો છે એનેય. ચેતન જેને જાણવું-દેખવું એવું ચૈતન્ય તો પછી આ વીર્ય અને એ તે ચેતન? નિશ્ચયથી ચૈતન્યનો ઉપયોગનો એમાં અભાવ છે, પણ ચૈતન્યની અવિનાભાવી છે માટે એને ચૈતન્ય કહેવામાં આવે છે. આહા..હા..! પંચાધ્યાયીમાં તો લીધું છે કે કોઈપણ શ્રદ્ધા કે ચારિત્રની વાત કરવી હોય તો જ્ઞાન એને જાણે તો જ્ઞાનથી વાત થાય, શ્રદ્ધાથી શી રીતે થાય? શ્રદ્ધા તો જાણતી નથી. પંચાધ્યાયીમાં (છે), પંડિતજી!

**શ્રોતા :-** બધી વાત ધ્યાનથી નક્કી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્યાનથી નક્કી. પંચાધ્યાયીમાં લીધું છે. શ્રદ્ધાની વાત કરવી હોય, ચારિત્રની પણ એ શ્રદ્ધા-ચારિત્ર તો જાણતા નથી. જ્ઞાન જાણે કે આ શ્રદ્ધા, જ્ઞાન જાણે કે ચારિત્ર, ત્યારે એ જ્ઞાન વાત કરે બધાને. આહા..હા..! આવો માર્ગ એટલે માણસને,

સોનગઢવાળા એકાંત કરે છે એમ કરે બિચારા. ઓહોહો..! ખબર નથી એને ખબર નથી. આહા..હા..!

એક સ્ટેશન હતું. સ્ટેશને એનો બાપ છોકરાને સામો લેવા આવેલો. છોકરો વિલાયતથી આવતો હતો, પણ એ છોકરો અહીં આવી ગયો છે સ્ટેશનમાં એની ખબર નહિ. એટલે રાતના એક ઓરડામાં ઉતર્યો એનો બાપ અને ઓલો છોકરો પૈસા લઈને આવેલો પેદા કરીને ઘણું. પણ એને કાંઈક રોગ થયો તો રાડ પાડે ને દુઃખે અને માણસની આવ-જા થાય. ઓલો એનો બાપ ઓરડામાં કહે કે આ કોણ મૂર્ખો આવેલો છે તે સૂવા નથી દેતો? આવ્યો છે બાપ એના છોકરાને લેવા, પણ છોકરો ઉતરી ગયો છે સ્ટેશને એની ખબર નહિ. આહા..હા..! કોણ છે આ કે સખ આવવા દેતો નથી? આ તો બહાર બેઠો છે. આ જોવા જાય ત્યાં કહે આ ફલાણો એટલે કોણ છે? કે આ ફલાણા બાપ એનો લેવા આવ્યો છે ને અહીં. તો કહે, એ તો હું. આ તારો છોકરો રાડ પાડે છે. એય..! આખી વાત ઊડી ગઈ. એના માટે ખેદ કરતો હતો કે અરેરે..! વાત ઊડી ગઈ.

એમ ભગવાન આત્માને મળવા જાય છે પણ એની ખબર નથી કે આ જ્ઞાનાનંદ તે આત્મા. રાગ ને પુણ્યને મળવા જઈને આત્મા-આત્મા માને છે એ; પણ જ્યારે ખબર પડે કે અરે..! આ તો જાણનાર, રાગનો જાણનાર, શરીરનો જાણનાર, જાણનાર હું છું. આહા..હા..! કોને પડી પણ આ બધી લહેર કરવી આ દુનિયામાં. પાંચ-પચાસ લાખ મળે, ધૂળ મળે. એય.. ભગવાનજીભાઈ! આ કરોડપતિ બેઠા જુઓને. ધૂળપતિ કહેવાય? શું કહેવાય એ? લક્ષ એટલે લાખ. લાખના પતિ. ..લક્ષપતિ એટલે આત્મા સ્વરૂપ છે એનો લક્ષનો પતિ એ આત્મા. એ આવે છે ને નાટકમાં? અજાતિ લક્ષપતિ છે. બનારસીદાસમાં આવે છે. 'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે, સાચે સાચે વહેણ કહે સાચે જિનમતિ હૈ, કાહુ કે વિરોધી નાહી પર્યાયબુદ્ધિ નાહિ આતમ ગવેખી ન ... રિદ્ધિ-સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા, અંતર કી લક્ષી સો અજાતિ લક્ષપતિ હૈ.' આત્મા લક્ષપતિ છે. પોતાના આનંદના નાથનો લક્ષનો એ પતિ થવાનો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

હમણા જરી વાંચ્યું હતું થોડું. રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે ને. આ ધનની વ્યાખ્યા આવે છે, ભાઈ! પેલાએ ઘણું લખાણ લખ્યું છે હોં. કે સમ્યગ્દૃષ્ટિ ધનવંત હોય પૈસા આદિ હોય તો એને રાગની મંદતા કરીને બીજે વાપરવું, એનો ઉપયોગ કરું, ગરીબોને આમ કરું, ઘરના માટે આમ કરું, દેરાસર એ બહુ લખ્યું. દાનમાં ખરચવું રાગ ઘટાડીને. તો એ પુણ્યનું કારણ છે, એને રાખીને રાખવા એ તો પાપનું કારણ છે. બહુ લખ્યું. .. અંદર પડ્યું છે. ઓલું જાડું નથી આવતું? નાનું જાડું. બધું વાંચ્યું છે ને, બધું આખું વાંચ્યું છે. ચિહ્ન કર્યું છે. એ તો જ્યારે ઉપદેશ રાગનો ચાલતો હોય ત્યારે તો એ રાગની મંદતા કરવાની વાત કરે. આહા..હા..!

દાનના અધિકારમાં નથી આવતું? પરમાર્થ શું કહેવાય? પંચવિંશતિ. ભાઈ! તને પૂર્વના પુણ્યને લઈને પુણ્ય એ દાઝ્યા હતા. તારી શાંતિ દાઝી હતી ત્યારે એ શુભભાવ થયો હતો. આહા..હા..! એ ભાવથી પુણ્ય બંધાણું અને પુણ્યબંધથી આ તને કાંઈક ધૂળ મળી દેખાય છે, ભાઈ! એકલો ખાઈશ નહિ, એ કાગડામાંથી જાઈશ. વાત જ્યારે મંદતાની વાત કરવી હોય ત્યારે તો.. કાગ હોય ને કૌઆ? અમારે ત્યાં પાલેજમાં દુકાનની પાછળ એક મુસલમાન હતા. લીંબડો હતો ત્યાં પથ્થરની ઓલી રાખતા કુંડી. એટલે વધ્યું-ઘટ્યું હોય ને ત્યાં નાખે. નીચે નાખે તો ધૂળમાં ઓલું થઈ જાય. (એટલે કુંડીમાં) નાખે. પાલેજમાં ઘણા માણસો. અમારે રસોડે ૩૦ માણસ હતા. અમારે રસોડે ૩૦. બે દુકાન મોટી-મોટી. બધું ભેગું હતું પહેલાં. વધે-ઘટે તો નાખે ઓલામાં. એ કાગડો એકલો ન ખાય. કૌ.. કૌ.. કૌ.. કરીને બે-પાંચ-દસ બોલાવીને ખાય.

એમ આચાર્ય કહે છે.. જ્યારે ઉપદેશ.. દાનનો, ભક્તિનો, પૂજાનો આવે ત્યારે શુભભાવની વાત તો આવે ને. ભાઈ! તને પૂર્વના પુણ્યને લઈને આ મળ્યું છે. એ તારા પુણ્ય જે હતા એ તો દાઝેલી ચીજ હતી. ઉકડીયા જેમ.. ઉકડીયાને શું કહે? .. ખુરજન. એ અહીં ઉકડીયા કહે. ખીચડી અને ચોખા હોય ને એ ખાઈ જાય પછી ઓલું ચોંટેલું હોય ને એને તવેથાથી ઉખેડીને (કાઢે એને) ઉકડીયા કહે. એમ આ પુણ્ય છે એ ઉકડીયા છે, ખુરજન છે. કારણ કે અંદરમાં શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગતા દાઝવાથી તો એ શુભભાવ થયા હતા. આહા..હા..! પદ્મનંદી પંચવિંશતિમાં છે. પાનું નીકળ્યું હતું હમણા આ રતનચંદજીનું. દાનનો અધિકાર બહુ. બહુ વિસ્તાર કર્યો છે ને. દરેક વાતનો બહુ વિસ્તાર કર્યો છે. આહા..હા..!

ત્યાં તો ત્યાં સુધી લીધું કે અન્યમતિના પત્થરમાં દેવ માનીને મંદિર આદિ કર્યા હોય એનો ધર્મી અનાદર-તિરસ્કાર ન કરે. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે ઉપયોગ અને અનુપયોગ બે ચીજ તદ્દન ભિન્ન છે. આહા..હા..! કાલે તો સવારે ઘણું આવ્યું હતું ઉપયોગ. ભગવાન આત્મા જીવતરશક્તિ નિત્યરૂપે છે એનામાં. બધું નીચે આવ્યું હતું. આહા..હા..! બે બોલ રહી ગયા છે. એક, ષટ્કારકથી પરિણતિ જે થાય એ ભાવ એને કહેવામાં આવે છે અને ષટ્કારકની પરિણતિ જે વિકારી એનાથી રહિત થાય એને ક્રિયા કહેવામાં આવે છે. બે છે અંદર. ષટ્કારક છે ને અંદર? આ તો ષટ્કારક શક્તિ છે ને અનાદિ? એનું નિર્મળ પરિણમન થાય એ તો એની અવસ્થા છે અને એ ષટ્કારકમાં મલિન પરિણામ થાય એનાથી રહિત એ આત્માની ક્રિયા છે ધર્મની. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન એમ કહે છે કે તું કોણ અને તું નહિ એ કોણ? તું કોણ અને તું નહિ એ કોણ? તું જ્ઞાન ઉપયોગમય સ્વરૂપ છો. આહા..હા..! અને રાગાદિ, વિકલ્પાદિ આ શરીર માટી એ બધા અનુપયોગ-ઉપયોગથી ખાલી એવી ચીજ છે એ. આહા..હા..! અરે.. કેમ બેસે? એકમેક કરી નાખ્યું છે ને આમ. શરીર ને વાણી ને. આહા..હા..! 'ઉપયોગ

**અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવાં આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી...'** આહા..હા..! શરીર માટી એમાં ઉપયોગ નામ જાણવા-દેખવાના સ્વભાવનો અભાવ છે અને ભગવાન આત્મા જાણવા-દેખવાના સ્વભાવથી ભરેલો છે. ઉપયોગ જાણવું-દેખવું અને અનુપયોગ જાણવા-દેખવાનો અભાવ બે તદ્દન જુદી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી...'** શરીર, માટી, જડ અજીવ અને આત્મા જીવ જ્ઞાનસ્વરૂપ બે એક પદાર્થ નથી, બે એક વસ્તુ નથી. આહા..હા..! લાકડું ગરી ગયું છે પણ એવું ને. આ શરીરના રજકણ, આ હું અને એનાથી ક્રિયા થાય એ મારાથી, મૂઢ છે. ભલે એ પૈસાવાળા હોય કે મોટા રાજા હોય, મોટા મૂરખ છે. પોપટભાઈ! આવું હશે આ? આહા..હા..! આ શરીર, વાણી, મન અજીવ અનુપયોગ અને ભગવાન આત્મા જ્ઞાનના વેપારવાળો શક્તિરૂપે. શક્તિ જ્ઞાનના ઉપયોગરૂપ શક્તિરૂપ આત્મા, બે ચીજ તદ્દન ભિન્ન છે. આહા..હા..! બેને એક માને એ મોટો મૂર્ખ છે. પારકી ચીજને પોતાની માને તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે. આવો આ પ્રગટ નયવિભાગ છે.'** વ્યવહારથી એક જગ્યાએ આત્મા અને શરીર રહેવાથી એક વ્યવહારથી અસદ્ભૂતથી કહેવામાં આવે છે. બાકી ભગવાન અંદર આત્માનો નાથ ચૈતન્યમૂર્તિ પ્રભુ અને આ શરીર જડ એ તદ્દન ભિન્ન છે, એને એકતા ત્રણકાળમાં નથી. જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. આ હાલવા-ચાલવાની, બોલવાની ક્રિયા જડની છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવો જે ઉપયોગ સ્વભાવ તે આત્મા છે. આહા..હા..! **'માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન...'** કરતાં ભગવાન શરીરે બહુ સૂર્યના તેજથી અધિકવાળા, વાણી, દિવ્યધ્વનિ એવું બધું કહ્યું એ તો શરીરની સ્તુતિ છે, એ શરીરનું સ્તવન છે, એ આત્માનું નથી. આહા..હા..! **'વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.'** પરમાર્થે છે નહિ.

**'ભાવાર્થ :- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે છે...'** આહા..હા..! નિશ્ચય સત્યાર્થદૃષ્ટિ ભિન્ન કહે છે. **'તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.'** વ્યવહારે માનવામાં આવે છે. શરીર, માટી, ધૂળ, જડ, હાડકા, ચામડા. ભગવાન આનંદનો નાથ પ્રભુ ભિન્ન છે. જાણનાર... જાણનાર... જાણનાર સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. કેમ બેસે? કોઈ દિ' જોવાની નજરું કરી નથી. કોઈ દિ' બહારની મજૂરી આદિ (કરવા આડે) અંદરમાં જોવા નવરો થયો નથી. આહા..હા..! મજૂરી કરી છે આખી. આ રળનારા એ રાગની મજૂરી કરનારા, પણ રાગથી ભિન્ન મારી ચીજ છે, રાગની આડમાં પ્રભુ દેખાતો નથી એને. આહા..હા..!

લાપસી રંધાતી હોય ને લાપસી? લાપસી સમજો છો? તપેલામાં લાપસી હોય અને નીચે લાકડા લીલા હોય અને અગ્નિ, એટલે ધૂમાડો નીકળે ધૂમાડો. એટલો ધૂમાડો નીકળે કે એ તપેલું દેખાય નહિ, તપેલીમાં લાપસી થાય તોપણ દેખાય નહિ. આહા..હા..! એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પનો ધૂમાડો દેખે છે, એમાં ધૂમાડાની પાછળ ભગવાન બિરાજે છે એને દેખતો નથી. આહા..હા..! શરીર એ તપેલું છે અને ધૂમાડો ઉડે એ પુણ્ય અને પાપ છે. આહા..હા..! તપેલું સમજો છો? શું કહે છે? બર્તન-બર્તન. તપેલું કહે છે. આહા..હા..! એમાં લાપસી રંધાતી હોય. એ લાપસી ન દેખે અને ધૂમાડો અને તપેલું દેખે. તપેલું ન દેખાય એને પછી. શરીર ભિન્ન છે એ દેખાતું નથી. આહા..હા..! પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના ભાવ બધા વિકારી ભાવ એને દેખાય. પણ દેખનારો જુદો છે એ અજ્ઞાનીને અનાદિકાળથી એની ખબર નથી. એથી ભવભ્રમણ કરી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'આ જ વાત હવેની ગાથામાં કહે છે :-'** ૨૮.

**इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।**
**मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।**
**જીવથી જુદાં પુદ્ગલમયી આ દેહને સ્તવીને મુનિ**
**માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.**

'**ટીકા :- જેમ, પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં...**' સોનું અને ચાંદી ગાળીને લઠ્ઠો કરે તો સોનાને ધોળું સોનું એમ કહેવામાં આવે છે, પણ ધોળું સોનું નથી, સોનું તો પીળું છે. આહા..હા..! ચાંદીનો લઠ્ઠો અને સોનાનો બેય રસ કરીને ભેગું કરે તો ધોળું દેખાય. સોનું ધોળું નથી, ધોળું તો રૂપુ છે. સોનું તો પીળું અને ચીકાશથી અભિન્ન છે. એમ '**પરમાર્થથી શ્વેતપણું...**' એ ચાંદીનું '**સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં...**' જોયું! ધોળાપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવાથી. આહા..હા..!

'**છતાં પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે...**' ધોળું સોનું લાવજો એમ કહેવાય. '**તે વ્યવહારમાત્રથી કહેવામાં આવે છે; તેવી રીતે, પરમાર્થથી શુક્લ-રક્તપણું...**' ભગવાન ધોળા હતા અને ભગવાન રાતા હતા. એ '**તીર્થંકરકેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ,...**' આહા..હા..! સોળ તીર્થંકર સોનાવર્ણી નથી આવતું? સોળ તીર્થંકર સોનાવર્ણી. સોનું-વર્ણ તો આ જડ શરીરની વાત છે. ભગવાન છે સોનાવર્ણી? આવે છે. બે રાતા રમે, બે લીલા રમે, બે.. સોળ સોનાવર્ણી એ તો વ્યવહારની વાતું શરીર છે, એ આત્માની નહિ. આહા..હા..!

'**સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુક્લ-રક્તપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું 'શુક્લ-રક્ત તીર્થંકર-કેવળીપુરુષ' એવું સ્તવન કરવામાં**

**આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે.'** આહા..હા..! ચોખાનો કોથળો હોય ને ચોખાનો કોથળો? એ ચોખા હોય ચાર મણ અને કોથળો હોય અઢી શેર. ભેગો તોળાય. ચાર મણ અને અઢી શેર. એ ચાર મણ અઢી શેર ચોખા છે? ચોખા તો ચાર મણ છે અને અઢી શેર તો કોથળો. કોથળો સમજો છો? શું કહે? બોરી-બોરી. તો અઢી શેર ખૂટે તો બોરી રાંધવામાં આવે? એમ આ શરીર તો બોરી છે, કોથળો-કોથળો. અંદર ભગવાન આત્મા આનંદકંદ એ ચોખા છે. આહા..હા..! બેનું એકપણું ત્રણકાળમાં નથી, કહે છે. એ તો વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે...'** હવે જરી.. વ્યવહારનયને તો જૂઠો કહ્યો છે અને શરીર જડ છે '**તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તર :- વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે,...'** ભગવાનનું. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જ્યારે આ કેવળજ્ઞાન પામે ત્યારે એનું કેવળજ્ઞાન દેખાતું નથી, શરીર દેખાય. પણ છદ્મસ્થને '**તેની શાંતરૂપ મુદ્રાને દેખી...'** શાંત... શાંત... શાંત... વીતરાગતા ભરી છે ને. નિર્મળ પૂર્ણ કેવળજ્ઞાન થયું છે. નમો અરિહંતાણં એ સર્વજ્ઞપદ જ્યાં પ્રગટ્યું છે તેથી શરીરમાં પણ શાંત દેખાય. એ શાંતિને દેખીને કહે છે.

'**શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે.'** નિમિત્તપણે જો વિચાર કરે તો. ભગવાન શાંત આમ મૂર્તિ લ્યોને, ઠરી ગઈ છે જાણે. એમ વિચારીને અંદર જોવે કે ભગવાન એકલો ઠરી ગયેલો શાંત છે, વાણીમાં આવતો નથી, શરીરમાં આવતો નથી, કર્મમાં આવતો નથી, રાગમાં આવતો નથી, આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો નિમિત્તથી કથન છે. જો વીતરાગ મુદ્રાને દેખી તે સર્વજ્ઞ પરમાત્માને સમવસરણમાં દેખી શાંત શાંત થઈ ગયા. જેટલા પરમાણુ ઉપશમના હતા એટલા શરીરમાં આવ્યા. નથી આવતું? ભક્તામરમાં આવે છે. શાંતરસના પરમાણુ હે નાથ! આપના શરીરમાં બિરાજે છે. કારણ કે ભગવાન આત્મા અંતર વીતરાગ સ્વભાવ પ્રગટ થઈ ગયો શાંત.. શાંત.. શાંત... શરીરના રજકણો પણ ઉપસમરસ જેવા શાંત દેખાય. એને દેખીને જોનારો, ઓહો..! અવિકારી સ્વરૂપ આનું શાંત છે, એમ જો વિચાર કરે તો અંદરમાં શાંતિ એને થાય; પણ એ જો એ વિચાર કરે તો, ત્યાં ને ત્યાં ઊભો રહે કે આ .. વિકલ્પ કરે તો એમાં કાંઈ નહિ, પુણ્ય બંધન થાય. આહા..હા..!

'**આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...'** આ એની વાત છે. એકલી શાંત મુદ્રા તો એવી અનંતવાર કરી છે, અનંતવાર ભગવાનની મૂર્તિ દેખીને પૂજા અનંતવાર

કરી છે, સમવસરણમાં અનંતવાર ગયો, પણ આ ભગવાન આત્મા અંદર શાંત... શાંત... શાંત... રાગના વિકલ્પની અશાંતિથી અંદર ભિન્ન સ્વરૂપ પડ્યું છે, ઉપશમરસનો કંદ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! શક્કરકંદ જેમ છે એ શક્કરકંદની છાલ ન જુઓ લાલ, તો આખો મીઠો આનંદકંદ શક્કરકંદ શક્કર એટલે સાકરની મીઠાશ પડી છે. આહા..હા..! આકરું કામ, ભાઈ! એમ આ ભગવાન આત્માને શાંતરસ ભગવાનને દેખીને અંદરમાં જોવે તો પુણ્ય-પાપના વિકલ્પની છાલ વિનાનો શાંતરસથી ભરેલો ભગવાન છે. આવું નવરાશ ક્યાં છે હવે. એક તો આખી દુનિયામાં રખડપટ્ટી કરી રહ્યો છે અનાદિથી. આહા..હા..! શાંત.. શાંત.. અકષાયસ્વભાવસ્વરૂપ વીતરાગસ્વરૂપે ભગવાન બિરાજે છે.

બનારસીદાસમાં નથી આવતું? આ જિનવર્ણનમાં એમ આવે છે. 'જિનવર્ણન કુછ ઔર હૈ. એ જિનવર્ણન નહિ.' શરીરનું વર્ણન એ જિન નહિ. જિનવર્ણન અંદર વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એ વર્ણન તો બીજું છે. એવું જ્ઞાન જો યથાર્થ કરે તો એને સમ્યગ્દર્શન થાય, નહિતર ત્યાં રોકાઈને પુણ્યબંધ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ